No Pages to Display

गांधी स्मृति ग्रंथालय
भावनगर

ईकेए
SH1-22

23000

GANDHI SMRITI LIBRARY
BHAVNAGAR

આ પુસ્તક

23000

ન...ય.


આ પુસ્તક તા.છેલ્લા સાખી થઇ ગયું

24 MAY 1987

25 MAY 2005

નૂતન બાલશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા


23000

વર્ષ ૨૨ મું] જાનેવારી ૧૯૪૭ [અંક પહેલો

આદ્યતંત્રી : સદ્‌ગત ગિજુભાઇ બધેકા
સંપાદક : શ્રી. તારાબેન મોડક

ઇન્દોર સંમેલન વિશેષાંક

સહ સંપાદક : શ્રી. ગોપાળરાવ કુલકર્ણી
શ્રી. રામલાલ પાઠક.

વાર્ષિક લવાજમ:
દેશમાં રૂા. ૩)
પરદેશમાં શિ. ૭॥

: બાલક, પાલક, અને શિક્ષકનું માસિક પત્ર :

શિક્ષણ પત્રિકા

છૂટક નકલ
૬ આના

આપણા વ્યક્તિના અને સમાજના જીવનમાં એવુ કંઇક દર્દ છે, એવી કંઇક વિષમતા આવી રહી છે, કે જે આપણા જીવનને કટુ અને પુરુષાર્થને પંગુ બનાવી રહ્યાં છે. જ્યાં નજર કરીએ ત્યાં દંભ, હિંસક સ્પર્ધા અને કોમી ઝેર દેખા દે છે. પણ સપાટીથી જરા નીચે ઊતરીને જોઇશું અને પ્રામાણિકતાથી વિચાર કરીશું તો આ સર્વનું મૂળગત કારણ આપણી અત્યારની કેળવણીની ખામીઓમાં અને જીવનનાં ખોટાં મૂલ્યોમાં છુપાયેલું સમજાશે. આ સર્વ દર્દને મૂળમાંથી દૂર કરવાનો એક માત્ર ઉપાય કેળવણી છે. અને તે કેળવણી ચાલુ કક્ષાની નહિ, પણ નૂતન બાલકેળવણી.

સરલાદેવી સારાભાઇ.

સાં ક ળિ યું

	લેખ	લેખક	પૃષ્ઠ
૧	ઇન્દોરનું સફળ સંમેલન	સંપાદક	૨
૨	બાળશિક્ષણ વિષે શ્રી. રાજીજી	શ્રી. રાજગોપાલાચારી	૪
૩	પ્રમુખના પ્રવચનમાંથી	,, સરલાદેવી	૭
૪	કેટલીએક વ્યક્તિઓ	,, ગો. રા. કુલકર્ણી	૯
૫	બાળકના વ્યક્તિત્વનો વિકાસ	,, ભામરા	૧૧
૬	વિનોબાજીની વિચાર કળીઓ	,, વિનોબાજી	૧૩
૭	બીજી મહત્વની પરિષદો	,, સંપાદક	કવર પેજ ૩
૮	ઓ મહાભિનિષ્ક્રમણ!	,, ગો. રા. કુ.	,, ૪

બાળમંદિરો માટે સાધનો

બાળમંદિર માટે સાધનો ખરીદતાં પહેલાં અમારું સૂચિપત્ર મગાવો.

દરેક સાધનો શાસ્ત્રીય પદ્ધતિથી બનાવવામાં આવે છે અને તે બધાં નિષ્ણાતોની દેખરેખ નીચે તૈયાર કરાવામાં આવે છે.

સૂચિપત્રમાં જણાવેલ ભાવ ઉપર બાળમંદિરોને જ ૬ ૧/૪ ટકા કમિશન આપવામાં આવે છે.

તમારી જરૂરિયાત માટે લખો:

બનાવનાર: નૂતન શિક્ષણ સાધનાલય એન્ડ આર્ટ વર્કર્સ લિમિટેડ.

વઢવાણ કેમ્પ (કાઠિયાવાડ).

ઈન્દોરનું સફળ સંમેલન

પહેલાં જાહેર કર્યા મુજબ ઇન્દોર મુકામે તા. ૨૧ ૨૨, ૨૩ ડિસેમ્બરને દિવસોએ હિંદુસ્તાની ભાષા વિભાગનું પહેલું નૂતન બાલશિક્ષણ સંમેલન ખૂબજ સફળતાથી પાર ઊતર્યું. સંમેલનની સફળતામાં કોનો ફાળો વધારે હતો તે કહેવું મુશ્કેલ છે. સંમેલનના સંચાલકોએ શ્રી. તાત્યાસાહેબ સરવટેની આગેવાની નીચે જે અથાગ મહેનત કરી તેને લીધેજ સંમેલન થઇ શકયું. સંમેલન માટે ઇન્દોરના ગુજરાતી સમાજે પોતાની શાળા બે દિવસ અગાઉ બંધ કરીને હાઇસ્કૂલની આખી ઇમારત સંમેલન માટે આપી સંમેલનની સફળતામાં સારો ફાળો આપ્યો. ઇન્દોર રાજ્યે આર્થિક મદદ આપી અને બીજી સગવડો આપી. ઇન્દોરના મુખ્ય સચિવ અને શિક્ષણ સચિવ બંનેએ સંમેલનમાં હાજરી આપી. આસપાસના દેશી રાજ્યોએ પણ પ્રતિનિધિઓ મોકલી અને આર્થિક મદદ કરી પોતાનો ફાળો આપ્યો. ઇન્દોરની જનતાએ સારો સહકાર આપ્યો. નૂતન બાલશિક્ષણ- સંઘનાં કાર્યકર્તાઓએ સંમેલનમાં વ્યાખ્યાનો, ચર્ચાઓ વગેરે કાર્યક્રમની સફળતામાં મદદ કરી અને આ રીતે બધી દિશાઓથી સારો સહકાર મળવાથી સંમેલન સફળ થઇ શકયું. સંમેલનની સફળતા માટે આ બધાંને અમે અભિનંદન આપીએ છીએ. પણ અમારા ખાસ અભિનંદન તો ઇંદોરની જનતા અને સંમેલનના સ્થાનિક કાર્યકર્તાઓને છે.

સંમેલનનું ઉદ્‌ઘાટન હિંદના મધ્યસ્થ સરકારના શિક્ષણ સચિવ અને દેશના એક પ્રખર વિચારક નેતા શ્રી. રાજગોપાલાચારીને હસ્તે થયું, એ એક વિશેષ નોંધવા જેવી હકીકત છે. શ્રી. રાજીજીનું ભાષણ સાંભળવા ઇંદોરની જનતા મોટી સંખ્યામાં હાજર હતી અને તેમાં, ઇંદોરના મુખ્ય પ્રધાન અને શિક્ષણ પ્રધાન પણ હાજર હતા. શ્રી. રાજીજીનું ઉદ્‌બોધક પ્રવચન અન્યત્ર આપ્યું છે, તે વાંચી જવા વાંચકોને ભલામણ છે.

સંમેલનમાં અનેક શૈક્ષણિક પ્રશ્નો પર વ્યાખ્યાનો થયાં, તેમાં

શ્રી. તારાબેન મોડક	બાલપ્રવાસ
	પૂર્વ પ્રાથમિક શિક્ષણ
શ્રી. શેષ નામલે	વિજ્ઞાન શિક્ષણ
	બાળકો કેવી રીતે શીખે છે?
શ્રી. ભામરા	વ્યક્તિત્વનો વિકાસ
શ્રી. ગો. કુલકર્ણી	આક્ષેપોનુ નિરસન, હસ્તવ્યવસાય
શ્રી. તાત્યાસાહેબ સરવટે	પૂર્વ પ્રાથમિક
	શિક્ષણની આવશ્યકતા
શ્રી. સ. આ. કેળકર	ગામડામાં પૂર્વ પ્રાથ. શિક્ષણ
શ્રી. કમિલિની દામલે	ભાષાવિકાસ
શ્રી. બસીધરજી	સજા અને ભય
પ્રો. બોરડીયા	ઘરનું વાતાવરણ
શ્રી. તારાબેન પ્રેમચંદ	માતા અને બાલક
શ્રી. નાગર	નવી દુનિયાનું સર્જન

વગેરે વિવિધ વ્યાખ્યાતાઓ અને વિવિધ વિષયો હતા. વ્યાખ્યાનો સાંભળવા પ્રતિનિધિઓ ઉપરાંત સ્થાનિક શ્રોતાજનોની પણ ઘણી જ સારી હાજરી રહેતી. વ્યાખ્યાનોમાં ઘણીખરાં ઊંચી બૌદ્ધિક કક્ષાનાં હતાં. શ્રી. બંસીધરજીએ સજાની ઘાતક પ્રથા સામે બોલતાં પોતાના અનુભવમાંથી સચોટ દાખલા આપી શ્રોતાજનોની લાગણીઓ હલાવી મૂકી. એમના ભાષણની એવી ભારે અસર થઇ કે શ્રોતાઓમાંથી એ વિષયની સાંગોપાંગ ચર્ચાની માગણી થઇ અને તે પ્રમાણે બીજે દિવસે સાધક બાધક પ્રમાણો સાથે ચર્ચા થઇ હતી. તે ચર્ચા ઘણી જ સંરસ નીવડી. આજ પ્રશ્ન ઉપર મુખ્ય પરિષદ વખતે વાદવિવાદ થયો હતો તે વાંચકોને યાદ હશે જ.

આ રીતે ઇન્દોરની અને માળવાની જનતા માટે આ પરિષદ એક જ્ઞાનસત્ર થઇ હતી. પરિષદને અગે એકત્ર આવેલા હિંદી ભાષાભાષી કાર્યકર્તાઓની એક અવિધિસરની સભા મળી હતી, જેમાં નૂ. બા. શિ. સંઘની શાખાઓ હિંદી પ્રાંતોમાં બોલાવાની યોજના વિચારાઇ હતી. ઇન્દોરમાં નૂતન શિક્ષણની પ્રથાને અનુસરીને બાળમંદિરો બોલાવાની ઇચ્છા પણ ઇન્દોરની જનતાએ બતાવી હતી, જેમાં એક હિંદુસ્તાની ભાષાનું અને બીજું ગુજરાતી ભાષાનું બાળમંદિર થાય એવો વિચાર થયો.

સંમેલનને અંગે શહેરના મધ્ય ભાગમાં જે પ્રદર્શન યોજાયું હતું, તે આખા શહેરના કુતૂહલનો વિષય થયું

હતું. પ્રદર્શન માટે ટિકીટ રાખી નહતી, તેથી ઇન્દોરની જનતા પ્રદર્શન જોવા માટે ભારે સંખ્યામાં દરરોજ આવતી હતી. કેટલીક વખત એટલો ભારે ધસારો થતો કે લોકોને રોકી રાખવા માટે સ્વયંસેવકોને ભારે મુસીબત વેઠવી પડતી. પ્રદર્શનમાં શ્રી. રાજાજીએ ખૂબ રસ લીધો હતો અને ઇન્દોરના મુખ્ય પ્રધાન અને અન્ય અધિકારીઓએ પણ પ્રદર્શન જોઇ પોતાનો સંતોષ જાહેર કર્યો હતો.

પ્રદર્શનમાં પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક શિક્ષણને લગતાં સાધનો, સજ્જા, શિક્ષણ પદ્ધતિઓ વગેરેને લગતા ચાર્ટસ, પુસ્તકાઓ અને વસ્તુઓ ગોઠવી હતી. એક બાજુએ અમદાવાદવાળા શ્રી. નાયકનો વૈજ્ઞાનિક વિભાગ હતો, જેમાં વિજ્ઞાન, ભાષા, ભૂગોળ, ગણિત વગેરે વિષયોના શિક્ષણને લગતાં નવાં સાધનો મૂકયાં હતાં, બીજી બાજુએ મુંબઇના શિશુવિહારમાં તૈયાર કરેલાં ચાર્ટસ અને સાધનો હતાં. સંમેલનના વ્યાખ્યાનો સાંભળ્યા પછી આ પ્રદર્શન જોનાર માણસોમાં નૂતન શિક્ષણની બાબતમાં પૂરતો વિશ્વાસ પેદા થયો હતો એમ સ્પષ્ટતાથી દેખાતું હતું.

સંમેલન માટે બહારથી જેટલાં મહેમાનો આવ્યાં હતાં તે બધાંની ખાવાપીવાની અને ઉતારાની સગવડ ગુજરાતી હાઇસ્કુલના આલેશાન મકાનમાં ઘણીજ સારી રીતે કરવામાં આવી હતી. દરરોજ લગભગ સો માણસોની જમવા કરવાની સુંદર વ્યવસ્થા શ્રી સરવટેની મંડળીએ કરી હતી, અને એ માટે મહેમાનો પાસેથી કશોજ બદલો લેવામાં નહતો આવ્યો. એટલે પરિષદમાં આવેલાં ભાઇ બહેનો સાચા અર્થમાં શ્રી સરવટેના મહેમાનો હતાં!

સંમેલનમાં જે જ્ઞાનસત્ર થયું તેમાં અનેક સારા વિચારો મૂકવામાં આવ્યા. તે બધાનો અહેવાલ આ એકજ અંકમાં ન આપતાં જુદા જુદા વિષયોપરના લેખના સ્વરૂપમાં પત્રિકાના આવતા અંકોમાં આપવાનું અમે ઠરાવ્યું છે. એકજ અંકમાં એ બધી સામગ્રી આપવા જતાં વિષયોનું વિવરણ અધૂરું થાય એવો પૂરો સંભવ હોવાથી આ વખતે આ નવી રીત અજમાવવાનું ઠરાવ્યુ છે.

જનતામાં નૂતન શિક્ષણના સિદ્ધાન્તોનો પ્રચાર કરવાની દૃષ્ટિએ આવાં સંમેલનો જરૂરી છે જ; પણ તે ઉપરાંત આ સંમેલનોને લીધે બીજું પણ એક મહત્વનું કાર્ય થાય છે. નૂતન શિક્ષણના કાર્યમાં કામ કરતા જુદા જુદા કાર્યકર્તાઓ એકત્ર આવે છે તેથી અરસ પરસ વિચારોની આપલે થાય છે અને કાર્યકર્તાઓની વિચાર સમૃદ્ધિ સંપન્ન થઇ ભવિષ્યના કાર્યને વેગ મળે છે. ઇન્દોરના સંમેલનને પરિણામે મુંબઇ પ્રાન્ત હિંદના રાજસ્થાની પ્રાન્તો સાથે નિકટનું જોડાણ થયું છે અને ભવિષ્યમાં બન્ને પ્રાન્તોની નૂતન શિક્ષણની કાર્યવાહી વધારે સંકળાયેલી રહેશે એમ સ્પષ્ટ રીતે જણાય છે.

એજ દૃષ્ટિએ અમે આવાં સંમેલનોને આવકારીએ છીએ. નૂતન શિક્ષણ સંમેલનો દરેક પ્રાંતમાં દર વર્ષે થવાંજ જોઇએ એ અમારી માન્યતા ઇન્દોરનું સંમેલન જોયા પછી વધારે દૃઢ થઇ છે. અમે સાંભળ્યું છે કે ટુંક મુદ્દતમાં ગુજરાત વિભાગનું સંમેલન કાઠિયાવાડમાં અમરેલી પાસે કયાંક થવાનું છે. અમે એ કલ્પનાને સહર્ષ વધાવીએ છીએ. કાઠિયાવાડ નૂતન શિક્ષણની જન્મભૂમિ છે. એ રીતે હિંદ ભરમાં નૂતન શિક્ષણના ક્ષેત્રમાં સૌથી મોખરે રહેવાની જવાબદારી કાઠિયાવાડને માથે છે. અમે આશા રાખીએ છીએ કે કાઠિયાવાડ પોતાનુ નેતૃત્વ જાળવી રાખશે.

ઇંદોરના સફળ સંમેલન માટે સંમેલનના સંચાલકોને, ઇંદોરની જનતાને અને નૂતન બાલશિક્ષણ સંઘને અમે અભિનંદન આપીએ છીએ. ખાસ કરીને ન. બા. શિ. સંઘના હિંદી ભાષામંત્રી શ્રી. કાશીનાથજી ત્રિવેદીએ સંમેલનનુ સંચાલન સફળ કરવામાં જે અથાગ મહેનત લીધી તે બદલ તેઓ બધાંના અભિનંદનને પાત્ર છે.

—સંપાદક.

બાળશિક્ષણ વિષે શ્રી રાજાજી

(ઇન્દોરના નૂ. બા. શિક્ષણ સંમેલન વખતે આપેલું ઉદ્ઘાટન પ્રવચન.)

શિક્ષણનું મહત્વ

મને આ સંમેલનનું ઉદ્ઘાટન કરવાનું માન આપ્યું તે બદલ હું આપનો અત્યંત આભારી છું આપ એમ નહીં માનશો કે રાજકારણ જ મહત્વની વસ્તુ છે અને શિક્ષણ એટલી મહત્વની બાબત નથી. શિક્ષણનું મહત્વ ઘણું જ મોટું છે. જેવી રીતે જમીનમાં વાવેલું બીજ વૃક્ષની દૃષ્ટિએ મહત્વનું હોય છે, તેવીજ રીતે શિક્ષણનું છે. બીજની પસંદગીમાં ભૂલ થાય તો વૃક્ષની અભિવૃદ્ધિ સારી નહીં થાય. કેળવણીમાં કરેલી ભૂલના પરિણામ અત્યંત ગંભીર આવે છે. તેથી કેળવણીની બાબતના સાચા આદર્શનો પ્રચાર કરવા માટે આવાં સંમેલનો યોગ્ય છે. આ સંમેલન ખાસ કરીને માતાઓને આદેશ આપવા માટે છે. તેથી આજે અહીં એકલી માતાઓજ હોત તો વધારે સારૂં થાત. ઘરમાં

બાળકોનો બધો ભાર માતાઓને માથે જ હોવો જોઇએ, જ્યારે પુરુષોને માત્ર ધીરજ રાખવાનુ કામ કરવાનું રહે છે. પણ હમણાં આ બધુ ઊલટું થયું છે. બાળકોની સભાળનો બોજો આપણે પુરુષોને સોંપી દીધો છે. ખરું જોતાં માતા એજ શિક્ષક થવી જોઇએ અને ઘર એજ શાળા પણ હમણાં માતાઓ અજ્ઞાની છે અને ઘરમાં અરાજકતા હોય છે. એટલે નૂતન શિક્ષણનું આપણું કાર્ય એ આપણાં ઘર નવેસરથી બનાવવાનું કાર્ય છે. જ્યારે તૂટવા આવેલા મકાનનું સમારકામ ચાલે છે, ત્યારે બધે અવ્યવસ્થા અને ગોટાળો દેખાય છે. એક બાજુએ ઇંટો પડી છે, બીજી બાજુએ માટીના ઢગલા છે; સામાન આડો અવળો પડેલો હોય છે; જુદી જુદી જાતના અવાજ સંભળાય છે; માણસો અવ્યવસ્થિત રીતે દોડતા હોય છે. આવું દૃષ્ય જોઇને કદાચ નાનાં બાળકોને મજા પડે. પણ મોટી ઉમરના માણસોને આ જોઇને કંટાળો આવશે.

વિષમ પરિસ્થિતિ

આજે આખા હિંદુસ્તાનની અને ખાસ કરીને શિક્ષણની એવી જ સ્થિતિ થઇ છે. જેવી રીતે નાનાં બાળકોને નવા બંધાતા ઘરની અવ્યવસ્થા જોઇ આનંદ થાય છે તેવી જ રીતે ઇતિહાસ વેત્તાઓ અને પરદેશી પ્રવાસીઓને આપણા દેશની આજની અવ્યવસ્થા જોઇને આનંદ થાય છે. આપણે આજે ઘણી જ વિષમ પરિસ્થિતિમાં છીએ. માનવવંશ સંશોધકો અને માનવશરીર સંશોધકોને હિંદુસ્તાનની આ વિષમ પરિસ્થિતિ જોઇને આનંદ થાય છે, પણ આપણે એ આનંદના ભાગીદાર નથી થઇ શકતાં. આપણામાં જેટલી વધારે જાતિઓ અને જેટલા વધારે પક્ષ હશે, તેટલા પ્રમાણમાં ઉપરનાં સંશોધકોને વધારે આનંદ થશે. પણ આ લોકોનું આનંદભાજન થવાને બદલે આપણે બધા પક્ષો અને ભેદોને મટાડીને એક રાષ્ટ્ર થવું છે.

આનંદદ્વારા શિક્ષણ

કોઇ માણસ તદ્દન જૂની ઢબની પાઘડી પહેરશે તો જોનાર માણસોને તેમાંથી આનંદ થશે. પણ પાઘડી પહેરનારને તેમાંથી ખૂબ તકલીફ થશે. આપણા દેશની આજે એવીજ સ્થિતિ છે અને શિક્ષણના ક્ષેત્રમાં પણ તે તેવીજ છે. પહેલાંના વખતમાં બાળકોને સજા કરવી અને તેમની ક્રિયાશીલતાને અટકાવવી એમાંજ શિક્ષણ રહેલું છે એમ મનાતું હતું. બેસી રહે, હલીશ નહીં, બોલીશ નહી, વગેરે નિયંત્રણોદ્વારા શિક્ષણ આપી શકાય છે એમ મનાતું હતું. એના મૂળમાં એ કલ્પના હતી કે બાળક સ્વભાવત: દુષ્ટ પ્રાણી હોઇ તેને સજા કરતા રહેવાથીજ તે સારું થઇ રહે છે. પણ શિક્ષણનો નવો આદર્શ આપણને કહે છે કે બાળકોને આનંદદ્વારા જ કેળવી શકાય છે. આજની પરિષદ જે તત્ત્વોનો પ્રચાર કરવા માગે છે તેનો આટલો જ સાર છે. **આનંદ એજ કેળવણીનું પ્રાણદાયી આધ્યમ છે.** મોટી ઉમરના માણસમાં જે ગુણ વિકસેલા દેખાય છે તે બધાજ બીજરૂપે બાળકમાં હોય છે. જેવી રીતે વૃક્ષના બીજમાં તેના પાંદડાં, શાખાઓ, રંગ, ફલ, પુષ્પ વગેરે પ્રચ્છન્ન હોય છે, તેવીજ રીતે બાળકમાં મોટા માણસોની બધી શક્તિઓ પ્રચ્છન્ન હોય છે. જેવી રીતે બીજને જમીન, પાણી, ખાતર, હવા અને સૂર્યપ્રકાશની જરૂર હોય છે, તેવીજ રીતે અંદરની પ્રચ્છન્ન શક્તિઓને બહાર લાવવા માટે બાળકને પણ અનુકૂળ પરિસ્થિતિની જરૂર હોય છે. જૂની શિક્ષણ પદ્ધતિમાં બાળકોને એક ઓરડીમાં બેસાડીને તેમનું ધ્યાન આમ તેમ ન જાય એવો પ્રયત્ન કરવામાં આવતો; પણ શિક્ષકોનું આટલું ભારે નિયંત્રણ હોવા છતાં બાળકો આમતેમ જોઇને બનતું જ્ઞાન મેળવી લેતાં હતાં. બાળક આજકાલ ઘરમાંથી નીકળીને શાળામાં જાય છે ત્યારે તેને જે શિક્ષણ મળે છે તે રસ્તા પર મળે છે, શાળાની ઓરડીમાં નહી. એટલે તેની શાળા રસ્તા પર હોય છે અને શાળાનો ઓરડો એ એની જેલ હોય છે. આ શિક્ષણની જૂની પદ્ધતિ છે. હવે આપણે આમાં સુધારો કરવા માંગીએ છીએ.

પ્રેમથી જ શીખવાય

બાળકોને મા, બાપ અને સગાંવહાલાં લાડ લડાવે છે અને શિક્ષકો તેને ધમકાવે છે. બાળકોપર જે પ્રેમ કરે છે તેની પાસેથી જ બાળકો શીખે છે, શિક્ષક પાસેથી નહીં. હું હવે વૃદ્ધ થયો છું, તો પણ મારા બાળપણને સભારીને હુ આપને કહી શકું છું કે હું જે કાંઇ શીખ્યો તે મારી ઉપર પ્રેમ કરનાર લોકો પાસેથી, મને બીવરાવનાર લોકો પાસેથી નહીં. મને જે ધાકધમકીઓ બતાવવામાં આવી તેનાથી મારો વિકાસક્રમ અવરુદ્ધ થયો હતો. તેથી હું માતાઓને એકજ સંદેશ આપું

છુ કે તમારાથી બને તેટલી ઉત્કટતાથી તમારા બાળકો પર પ્રેમ કરજો. પિતાઓને હું કહીશ કે બાળકોને ધમકાવશો નહીં, તેમની સાથે પ્રેમથી વર્તજો.

શિસ્ત અને શિક્ષણ

અક્ષરજ્ઞાન લેતી વખતે આપણે પેન્સિલથી સીધી લીટી દોરીએ છીએ. એ સીધી લીટી આપણને અક્ષર નથી શીખવતી, પણ અક્ષરોના વાંકાચૂંકા આકારજ આપણને અક્ષરનું જ્ઞાન આપે છે. તેવીજ રીતે શિક્ષણ લેવામાં શિસ્ત જરૂરી છે, પણ સાચું શિક્ષણ શિસ્તમાં નથી. શિસ્ત એ પેલી સીધી લીટી જેવી છે અને રમત ગમત, તોફાન વગેરે જટિલ ક્રિયાઓમાં સાચું શિક્ષણ રહેલું છે. જ્યારે બાળક હાથમાં કાગળ કે ચોપડી લઈને તેને ફાડવા માંડે છે, ત્યારે તેને અટકાવશો નહીં. ચોપડી કેવી રીતે ફાડવી એ બાળક શીખી જશે તો તેમાં ચોપડીની કિંમત વસૂલ થઈ જશે. જ્યારે બાળક કાગળ ફાડે છે ત્યારે તેમાં તે ગતિશાસ્ત્ર, સ્થિતિશાસ્ત્ર, પદાર્થવિજ્ઞાન વગેરેનું જ્ઞાન મેળવે છે. કાગળને અમુકજ જગાએથી, અમુકજ તાકદથી, અમુકજ દિશામાં ખેંચવાથી કાગળ અમુકજ રીતે ફાટે છે, એ અનુભવ બાળકને માટે પદાર્થ વિજ્ઞાનના કોઈ મહાન પ્રયોગ જેટલો મહત્ત્વનો છે. પુસ્તક ફાડવાથી પુસ્તક વાંચવા કરતાં બાળકને વધારે જ્ઞાન મળે છે.

અસલ ને નકલ

બાળકોને આપણે રમકડાં આપીએ છીએ. પણ બાળકો રમકડાં નહીં પણ તેના અસલનો પરિચય માંગે છે. ઘરમાં ચીજોના ભાંગેલા ટુકડા પડયા હોય તે બાળકની દૃષ્ટિએ રમકડાં કરતાં વધારે મહત્ત્વના છે. ચિત્રો અને પ્રતીકો મોટાં માણસો માટે કામનાં છે, પણ બાળકો તો અસલ વસ્તુઓ જ માંગે છે. બાળકને માના ફોટાથી સંતોષ થશે કે પ્રત્યક્ષ માથી? તેવીજ રીતે બાળકો સાચી વસ્તુ માંગે છે, તેની નકલ નહીં. અસલ વસ્તુઓ વાપરીને તેનો પરિચય મેળવ્યા પછીજ બાળકો નકલની મજા માણી શકે છે. બાળકોને નાનાં નાનાં રમતનાં વાસણો, ચમચા વગેરે ત્યારેજ ગમે છે જ્યારે સાચાં વાસણો અને ચમચા તેમણે વાપરી લીધા હોય. તેથી બાળકોને રોકશો નહીં! વસ્તુઓ તૂટે ફૂટે તો પણ બાળકોને તેની સાથે રમવા દો.

બાળશાળા

બાળશાળા એ આદર્શ ઘરની ગરજ સારવાનો એક સાધારણ પ્રયત્ન છે. તેથી નૂતન શિક્ષણની યોજના એક કામચલાઉ યોજના છે. અંતે તો માતાઓએ પોતાના ઘરોને જ બાળમંદિર બનાવવાનાં છે. પણ આ સંદેશો માતાઓ પાસે આવા સમેલનો વગર શી રીતે લઈ જવાય? ડો. મોન્ટેસરીનું નામ વારંવાર બોલાય છે. પણ મોન્ટેસરી કોઈ મંત્ર નથી. તે તો એક વૃદ્ધ સ્ત્રી છે. પણ આનંદદ્વારા શિક્ષણ આપવાના સિદ્ધાંતનો પ્રચાર તેમણે કર્યો, કારણ કે બધાં એ સિદ્ધાંત ભૂલી ગયાં હતાં. આધુનિક સુધારો આવ્યો તે પહેલાં બાળકોને સાચું શિક્ષણ મળતું હતું. પણ આજકાલ માબાપ પોતાનાં કામોમાં એટલાં બધાં વ્યસ્ત રહે છે કે તેમને બાળકોને અજ્ઞાની શિક્ષકોને સોંપવા પડે છે.

જીવનનો ઉદ્દેશ

જીવનનો ઉદ્દેશ સારાં બાળકોને ઉછેરવાં એ છે, પૈસા કમાવવા એ નથી. આપણે આપણી આવકના દશમા ભાગના પૈસા શિક્ષકને આપીએ છીએ અને બાળકોને એમના નસીબ પર મૂકી દઈએ છીએ. બિચારો શાળામાસ્તર બીજાંનાં બાળકોને ભણાવતી વેળાએ પોતાનાં બાળકોનો વિચાર કરે છે. તેથી બન્ને બાળકોની અવગણના થાય છે–બીજાંનાં તેમજ માસ્તરનાં પોતાનાં!

સાચી કેળવણી

સાચી કેળવણી આ પરિસ્થિતિ બદલવા માંગે છે. જો દરેક માતા બાળકોને આનંદદ્વારા શિક્ષણ આપવાની કળા શીખશે તો આપણા દેશની પ્રગતિ જોતજોતાંમાં થશે. આ પરિષદ માતાઓમાં આ જ્ઞાનનો ફેલાવો કરવા માટે છે. શિક્ષણનો પ્રારંભ બાળકના જન્મકાળથી થાય છે, બાળક ૬/૭ વર્ષનું થયા પછી નહિ. જન્મથીજ આસપાસની પરિસ્થિતિના સંસ્કાર બાળક પર પડે છે. જો ઘરમાં પત્ની પતિપર ગુસ્સે થાય તો તેમાંથી બાળક સસ્કાર મેળવે છે. જો પતિ પત્નીપર જુલમ કરે તો તેના સસ્કાર પણ બાળક પર પડે છે. ઘરમાં પ્રેમનું સામ્રાજ્ય હોય તો બાળકો પણ પ્રેમના સંસ્કાર મેળવે છે. આ સભામાં બસોથી વધુ બહેનો છે. એ બધી બહેનોએ આ સદેશ બીજી બહેનોને આપવો જોઇએ. એ રીતે આ બસો બહેનો બસો વ્યાખ્યાત્રીઓ થશે. એમાંથી

વળી બીજી બહેનો એ સ દેશ આગળ લઇ જાય અને આ રીતે આ સંદેશ ઘરેઘર પહોંચે. પુરૂષોએ આનંદથી ભરેલા ઘરને આવકારવું જોઇએ અને બહેનોએ ઘર આનંદથી ભરી દેવું જોઇએ.

આનંદી જીવન

આપણે વિપન્ન દશામાં છીએ તે છતાં આપણે આનંદમાં રહી શકીએ. કોઇ બિલાડી પોતાના બચ્ચાંને કેવી રીતે સાચવે છે તે જુઓ. આખો વખત તેને કૂતરાનો ડર હોય છે, તે છતાં બિલાડી પોતાના બચ્ચાં સાથે રમતી દેખાય છે. આમાંથી આપણે પાઠ લેવાનો છે. આપણે કે આપણો દેશ ગમે તેવા સંકટ કાળમાં હોઇએ તોપણ આપણે આપણાં બાળકો પર પ્રેમ કરવો જોઇએ. તેમની સાથે આપણે આનંદથી રમવું જોઇએ. કોઇ રાજા મહારાજા હોય કે કોઇ ગરીબ ખેડુત, ધારે તો તેના ઘરમાં આનંદનું સામ્રાજ્ય તે વસાવી શકે છે. ભયની વચ્ચે પણ આપણાં બાળકો સાથે આપણે આનંદમાં રહેતાં શીખવું જોઇએ. આમ થશે તો જ બાળકનો વિકાસ થશે. નૂતન શિક્ષણનો બાપાયો મહે આજ સંદેશ છે.

પ્રમુખના પ્રવચનમાંથી

(ઇદોર સંમેલનના પ્રમુખ શ્રી સરલાદેવી સારાભાઇનું પ્રેરક પ્રવચન આખુંએ પત્રિકામાં આપવા જેટલો સ્થલાવકાશ ન હોવાથી, તેમાંથી અગત્યના ફકરા નીચે આપ્યા છે. આખું પ્રવચન છપાયેલું હોઈ જીજ્ઞાસુ વાંચક સમેલનના સચાલકો પાસેથી મેળવી શકશે. —સંપાદક.)

(૧)

રાષ્ટ્રના જીવનમાં પણ સંવેદન કાળ આવે છે. બાળકના જીવનમાં સંવેદન કાળમાં જેમ તેના સર્વગ્રાહી વિકાસના બીજ વ્યવસ્થિત રીતે વાવી શકાય છે અને જો કદી તે સમય મૂકાય તો પછી જેમ તેનો વિકાસ અધુરો જ નહિ પણ કુંઠિત બને છે, તેમ રાષ્ટ્રને વિષે પણ બને છે. આજે આપણા રાષ્ટ્રના જીવનમાં એવો સંવેદન કાળ આવેલો સ્પષ્ટ દેખાય છે. રાષ્ટ્રના સર્વગ્રાહી વિકાસનાં બીજ પદ્ધતિસર અને વ્યવસ્થિત રીતે વાવવાનો સમય આવી લાગ્યો છે. આ તક જો પ્રમાદ કે અજ્ઞાનથી જતી કરીશું તો પછી જે નવી શકિતનો સંચાર થયેલો આપણે જોઇએ છીએ તેનો લાભ લેવાનું ગુમાવીશું અને જેથી કરીને વિચારપૂર્વક અને પદ્ધતિસરનું નિયોજન કરવા આપણે અશકર્ત નીવડીશું. રાષ્ટ્રની જે શકિત ક્ષીણ અને હતવીર્ય બની રહી હતી, તે આજે કેટલાંક વર્ષોથી અસાધારણ મુશ્કેલીઓ અને નિરાશાઓનો સામનો કરી પોતાનો પુરુષાર્થ પ્રકટ કરવા તલસી રહી છે. ગાંધીજીના નેતૃત્વ નીચે પ્રજાનાં ત્યાગ અને સાધનાના પ્રમાણમાં દેશ સ્વતંત્રતાની કંઇક ઝાંખી કરતો થયો છે, અને મોડો વહેલો તે પૂર્ણ સ્વતંત્રતા પ્રાપ્ત કરશે, એ ચોકકસ છે.

એક બાજુ જેમ રાજકારણમાં, તેમ બીજી બાજુ કેળવણીના ક્ષેત્રમાં રાષ્ટ્રનો વિરાટ પ્રાણ જાગ્યો છે. આ ક્ષેત્રમાં પ્રવર્તી રહેલા ક્ષુદ્ર આદર્શો અને યંત્રવત પદ્ધતિઓના પાશમાંથી છૂટવાનો તે પ્રયત્ન કરી રહ્યો છે, જીવનદાયી અને સર્જક નવીન મૂલ્યોની ઝાંખી થઇ રહી છે. વ્યકિતગત મનુષ્યને તેમજ આખા સમાજને, અલગ અલગ વિભાગો અને વર્ગોમાં વહેંચાઇ ગયેલા ન સમજતાં, તેમને સળંગ અને એક રૂપે નિહાળવાની દૃષ્ટિ આદર પામતી જાય છે. તે સાથે સાથે, આખું વિશ્વ પરસ્પરાવલંબી અને સહકારી છે, તે સત્ય પણ સમજાતું જાય છે. કેળવણી અને જીવન વિષેની આ નવીન દૃષ્ટિને વ્યવહારમાં સિદ્ધ કરવાના પ્રયોગો પણ થઇ રહ્યા છે. મૅડમ મૉન્ટેસોરીના નવીન બાલદર્શનની પ્રેરણા પામીને સ્વ. ગિજુભાઇ અને શ્રી. તારાબહેન મોડકે શરૂ કરેલા પ્રયોગો ગુજરાત કાઠિયાવાડનાં શહેરો અને મુંબઇમાં ઉત્તરોત્તર વિસ્તરતા ગયા છે, અને આપણું એ પરમ સૌભાગ્યજ કહેવાય, કે આ નવીન બાલદર્શનના આદિ દ્રષ્ટા ડૉ. મૉન્ટેસોરી સ્વયં હિન્દમાં છએક વર્ષો રહ્યાં, અને તે દરમ્યાન તેમણે મોન્ટેસોરી પદ્ધતિના આઠ તાલીમ વર્ગો જુદાં જુદાં સ્થળોએ ચલાવ્યા. હિન્દના બધા પ્રાન્તોમાંથી લગભગ પંદરસો જેટલાં સ્ત્રી પુરુષ વિદ્યાર્થીઓએ આનો લાભ લીધો છે, અને આ રીતે

પ્રત્યક્ષ મેડમ દ્વારા બાલ શિક્ષણનો પયગામ પામવાનું સદ્‌ભાગ્ય આપણને પ્રાપ્ત થયેલું છે.

આ બધાં વર્ષો દરમ્યાન, ગાંધીજીની વિરલ પ્રતિભાને બળે, આપણા દેશની નાની મોટી બધી પ્રવૃત્તિઓના આદર્શો એક નવીન જીવનદૃષ્ટિથી સ્ફુરવા લાગ્યા. તેમની ક્રાન્તિકારી પણ સૌમ્ય અને સર્જનાત્મક વિચારસરણિમાંથી આપણા રાષ્ટ્રને નયી તાલીમની એક અનન્ય ભેટ મળી છે.

આખા મનુષ્ય જીવનને આવરી લેતી આ સળંગ તાલીમનું માધ્યમ પણ એવા વિરલ પ્રકારનું છે, કે જેને કારણે આ તાલીમમાં સહકારમૂલક એક નવી સંસ્કૃતિ નિર્માણ કરવાની શકયતા રહેલી છે. નયી તાલીમની ભાવના અનુસાર, બુનિયાદી કક્ષાનાં એટલે કે ૭ થી ૧૪ વર્ષની વયનાં બાળકો માટે પ્રયોગો પ્રથમ શરૂ થયા, એ બરૂં છે. તથાપિ, પૂર્વ–બુનિયાદી વયનાં એટલે કે ૨॥/૩ થી ૭ વર્ષની અત્યંત સંસ્કારક્ષમ વયના મહત્ત્વની કદર નયી તાલીમના વિધાયકોને નથી, એમ તો નથી જ. આ વયનું મહત્વ તેમાં સ્વીકારવામાં આવ્યું છે, અને એ અતિ નાજુક વયને યોગ્ય પ્રવૃત્તિઓ યોજવાના પ્રયત્નોની શરૂઆત પણ થઇ ગઇ છે.

(૨)

વળી, આટલું પણ બરાબર સમજી લેવું આવશ્યક છે, કે કોઇ બાલમન્દિર ગમે તેવું સારૂં હોય, છતાં તેમાં આપણાં બાળકોને મોકલી આપવાથીજ, તેમની કેળવણી પ્રત્યેની આપણી જવાબદારી પૂરી થતી નથી. બાલકેળવણી વિષેના આદર્શો કેવળ બાલમન્દિરની અંદરની પ્રવૃત્તિઓથી સિદ્ધ થઇ શકે એમ નથી. બાલમન્દિરની ભાવનાઓને પૂર્ણ અંશે કૃતાર્થ કરવા બીજી એક અનિવાર્ય સહકારની જરૂર હમેશ રહે છે—બાલમન્દિરની આખી યોજનાની સફળતાને માટે એ સહકારને પૂરક અને આવશ્યક માનવામાં આવે છે. એ સહકાર છે, તે બાળકના ગૃહનો, કુટુમ્બનો. આપણામાંનાં જેઓ બાલ-શિક્ષણની વાતો કરે છે તેમાંના ઘણાંના ધ્યાનમાં આ હકીકત પૂરી આવેલી હોતી નથી. આપણને બરાબર સમજવું જોઇએ છે કે નાનાં કે મોટાં કોઇનાયે માનસના, ચેતનના કોઇ રીતે વિભાગો થઇ શકતા નથી, કે જેથી બાળકની ચેતનનો અમુક ભાગ બાલમન્દિરમાં કામ કરે, એક બીજો ભાગ રમત ગમતમાં કામ કરે, અને વળી એક ત્રીજો ભાગ ઘેર ભાઇબાંડુ સાથે હળતાં મળતાં કામ કરે. ચેતના, કે જેના ઉપર દર ક્ષણે આઘાત–પ્રત્યાઘાત થઇ રહે છે, તે એક અને અખંડ છે. ઘરમાં, શાળામાં કે બહાર, બાળક જ્યાં હોય ત્યાં, તે તેની સમગ્ર ચેતનાથી જ સર્વ પ્રકારના સંવેદનો કરતું હોય છે. તેને મન ઘર અને બાલમંદિર એવો ભેદ રહે તો આપણે નકકી જાણવું કે આપણા વાતાવરણની કૃત્રિમતાને લીધે તેના માનસમાં વિકૃતિ આવી છે. આથી બાલમંદિરની સફળતા માટે બાળકો પ્રત્યેના આપણા દૃષ્ટિકોણ અને વર્તનમાં, સુસંગતતા અને સહયોગ રહેવાં જોઇએ છે. ઘરમાં આપણા જીવનમાં આપણે નિયમન વિનાનાં, દંભી ડરપોક અને અસહિષ્ણુ હોઇએ, નોકર ચાકર ઉપર આધાર રાખનારાં અને તેમના ઉપર દોર ચલાવનારાં હોઇએ, તો કેવળ બાલમંદિરમાં ગયે આપણા બાળકોમાં નિયમન, સચ્ચાઇ નીડરતા, સ્વાવલંબન અને સમાનતાનો ભાવ કેવી રીતે ખીલે? ખરેખર, આમ જો ગંભીરતાથી જોઇએ તો નૂતન બાલશિક્ષણની પદ્ધતિનો પ્રચાર થાય તે પહેલાં નૂતન બાલ દર્શનનો વિચાર અને પ્રચાર કુટુંબોમાં થવો જોઇએ. દેશની અત્યારની આર્થિક સ્થિતિ જોતાં આપણાં લાખો બાળકો માટે હાલ તુરત બાલમંદિરોની યોજના કરવી અશકય દેખાય છે. પણ આટલું તો તદ્દન શકય છે અને તે સત્વર કરવું જ જોઇએ કે આ નવીન બાલદર્શનની ભાવનાઓ પૂરી જિજ્ઞાસાથી આપણાં માતાપિતાઓ સમજવા યત્ન કરે, અને બાળકો સાથેના તેમના વર્તનમાં તેનો અમલ કરવો શરૂ કરે. એક વખત આવો સમજણપૂર્વકનો પ્રયત્ન શરૂ થશે, ત્યારે તેમને ખાત્રી થશે, કે નૂતનબાળ શિક્ષણ તે કંઇ બચ્ચાંઓ ને વાતો કહી ને, કે ખેલકૂદ થી પટાવીને, રાજી રાખવાની રીત નથી, પણ તે કોઇ પરમ આદરપાત્ર અને ગંભીર દર્શન છે. થોડાજ અનુભવથી તેમને પ્રતીત થશે, કે આ પદ્ધતિ સાચેજ વિરલ છે, કારણ કે એથી બાળકોને કેળવવાના પ્રયત્ન કરતાં માબાપો પોતે પણ આપોઆપ કેળવાતાં જાય છે–સર્જનની એટલી બધી અમાપ શકિત તેમાં ગૂઢ રહેલી છે.

વળી, આ કેળવણીદર્શન એકલાં નાનાં બાળકો માટે છે, અને મોટાં બાળકો માટે કોઇ નવતર વિચારોના

પાયા પર રચાયેલી પદ્ધતિની જરૂર રહે છે, એમ રખે કોઇ ક્ષણવાર પણ માને. પૂર્વગ્રહો છોડી દઇને, નિખાલસ ભાવથી કરેલા તેના થોડા પણ અનુભવથી એ સમજાવા લાગશે, કે એ તો મનુષ્યના સમગ્ર જીવન માટેનું સર્વ-ગ્રાહી તત્ત્વજ્ઞાન છે, અને એ તત્ત્વજ્ઞાન તે નવી ઘાટીના શહેરી જીવનને કે શ્રીમંતોને જ લાયક છે, એમ નથી. એ બાળક માત્ર માટે તો શું, પણ નાનાં મોટાં બધાંને માટે છે; અમુક એક વર્ગ; જાતિ કે દેશને માટે નહિ, પણ સમસ્ત માનવ જાત માટે છે. જે દર્શનના પાયામાં સળંગ જીવનના મૂળભૂત અને સનાતન સિદ્ધાંતો રહેલા છે, તે અમુકને જ માટે કેમ હોઇ શકે? જે પદ્ધતિમાં તદ્દન નાજુક વયે બાળકની પ્રત્યક્ષ પરિસ્થિતિના મધ્યબિન્દુથી શરૂ કરી, વ્યાપક આદર્શોએ પહોંચવાનું છે, ત્યાં શહેર કે ગામડાનો, શ્રીમન્ત કે ગરીબનો, પૂર્વનો કે પશ્ચિમનો, એવો ભેદ કેમ પાડી શકાય? શું સ્વનિયમન, સ્વાથ્ય, નીડરતા અને સ્વયંસ્ફૂર્તિ શહેરી બાળકોને આવશ્યક છે, અને ગામડાંનાં બાળકોમાં આવશ્યક નથી?—જો, આપણે આમ પૂર્વગ્રહો વિના, ગંભીરતાથી વિચાર કરીશું, તો સમજાશે કે આ પદ્ધતિ બાળક સમસ્ત માટે છે, અને તેની પછવાડે રહેલું દર્શન જીવનદર્શન છે, અને તે જીવનદર્શન જેટલું વ્યક્તિગત જીવનને આવશ્યક છે, તેટલું જ તે કૌટુમ્બિક અને સામાજિક જીવનને આવશ્યક છે.

(૩)

બાલશિક્ષકોને મારે વિશેષે કરીને કહેવાનું કે હવે કામ કરી બતાવીને સંગીન પરિણામો દેને ધરવાનો સમય આવી લાગ્યો છે. જ્યાં અનુકૂળ લાગે ત્યાં ઓછાવત્તા જે કંઇ સાધનો મળે તેનાથી, કામ શરૂ કરી લેવું જોઇએ. આપણાં ગામડાંમાં બાલશિક્ષકો માટે અનંત ક્ષેત્ર પડેલું છે. નૂતન બાલશિક્ષણના સિદ્ધાંતોનું રહસ્ય જો બરાબર પચાવેલું હશે તો પરિસ્થિતિને યોગ્ય સાધનો ધીમે ધીમે ઉપજાવી શકાશે, એ વિષે શંકા નથી. તેમ છતાં હું જાણું છું, કે એકલે હાથે આ કામ બહુ શકય નથી. એમાં પ્રજાના સક્રિય સહકારની ખાસ આવશ્યકતા રહે છે. તેથી રાષ્ટ્રનિયોજનના પાયામાં જ રહેલા બાલનિયોજનની અગત્ય પ્રત્યે બધાંનું ધ્યાન હું ફરીથી દોરું છું, અને આગ્રહપૂર્વક અપીલ કરું છું, કે આ પ્રશ્નની વાસ્તવિકતા તેના યથાર્થ સ્વરૂપમાં સમજીને, આપણે આપણાં પ્રિય બાળકોનાં, આપણા અને આખા સમાજના કલ્યાણ અર્થે આ દિશામાં પ્રવૃત્ત થઇએ. આ નૂતન યુગના બાલદર્શનનો પયગામ એવો તો પરમ ગંભીર અને શ્રેયસ્કર છે કે આ સૃષ્ટિનો મહાન્ નિયોજક આપણને તે પારખવાની દૃષ્ટિ, અને પોતાના નાના મોટા ક્ષેત્રમાં તેના પયગંબર બનીને રહેવાનું બળ આપે.

—સરલાદેવી સારાભાઇ.

કેટલીએક વ્યક્તિઓ

(ધંધાર સંમેલનમાં મધ્ય અને ઉત્તર ભારતના કાર્યકર્તાઓ સાથે સહેજે પરિચય થયો. તેમાં કેટલીએક વ્યક્તિઓ ખાસ ધ્યાન ખેંચે એવી હતી. ગુજરાતની શિક્ષણ પ્રેમી જનતાને એ વ્યક્તિઓનાં આછાં દર્શન કરાવવાના હેતુથી નીચેનાં રેખાચિત્રો આપ્યાં છે. સંમેલનની ધાંધલમાં થયેલો આછો પરિચય આથી વધારે સ્પષ્ટ ચિત્ર નહીં આપી શકે. તેથી પરિચયની અસ્પષ્ટતા માટે વાંચક વર્ગ ક્ષમા કરે—લેખક.)

શ્રી. કાશીનાથજી

સંમેલનની આખી કાર્યવાહીના પ્રાણસમા શ્રી. કાશીનાથજી ત્રિવેદી સૌનું ધ્યાન ખેંચતા હતા. ગૌરવર્ણ કાયા, ભવ્ય કપાળ, બુદ્ધિશાળી મુદ્રા, મોઢા ઉપર શાંત નિર્વ્યાજ હાસ્ય અને અમાપ નમ્રતા એ બધાંનો સમુચ્ચય એટલે કાશીનાથજી. શ્રી. સરલાદેવી હિંદુસ્તાનીમાં છૂટથી ન હતબોલી શકતાં, તેથી સભાના સંચાલનમાં તેમના દુભાષિયા તરીકે કાર્યક્રમોનો અને વ્યક્તિઓનો પરિચય આપવાનું કામ શ્રી. કાશીનાથજીને સોંપાયું હતું. કાશીનાથજી માયક્રોફોન આગળ ઊભા થતા ત્યારે શ્રોતાગણ ઉત્સુક થતો. તેમના કોમળ કંઠમાંથી હિંદુસ્તાની ભાષાનો અસ્ખલિત પ્રવાહ વહેતો ત્યારે બધાંને અકથ્ય સંવેદના થતી. કાશીનાથજીની વાણી એટલે કોઇ મધુર સંગીત! એક પછી એક શબ્દ બહાર આવે અને સાંભળનારને એમનું ભાષા પ્રભુત્વ જોઇ કેટલો આનંદ થાય. બોલવામાં એક પણ અંગ્રેજી શબ્દ આવે નહીં. શાસ્ત્રીય પરિભાષા હોય કે સાહિત્યની

અલંકારિક ભાષા હોય, કાશીનાથજીને માટે 'देवी वाक् वश्येव अनुवर्तते' એવી બધાંની ખાતરી થતી હતી. પૂ. ગાંધીજીના હરિજનની હિંદુસ્તાની આવૃત્તિનું સમગ્ર સંચાલન ગાંધીજીએ કાશીનાથજીને સોંપ્યું એની પાછળનું રહસ્ય આ સંમેલને બધાંને સમજાવ્યું.

શ્રી. કાશીનાથજી નૂ. બા. શિ. સંઘના હિંદુસ્તાની વિભાગના ભાષા–મંત્રી છે. તેઓ સારા શિક્ષણશાસ્ત્રી છે. વર્ધાના પ્રસિદ્ધ મહિલાશ્રમના તેઓ આચાર્ય હતા, ખૂબજ ભારે વ્યક્તિત્વ હોવા છતાં તેમની નમ્રતા ભારે છે. કીર્તિની અભિલાષા તેમને સ્પર્શી શકતી નથી. મતાગ્રહી હોવા છતાં બીજાની દૃષ્ટિ સમજવાની તેમની વૃત્તિ અપૂર્વ છે.

આવા ભાષામંત્રી નૂ. બા. શિ. સંઘને લાધ્યા છે તે સંઘનું ભાગ્ય છે. ઇન્દોરના સંમેલનની યશસ્વિતામાં શ્રી. કાશીનાથજીનો ફાળો ભારે છે.

શ્રી. સરવટેજી

તાત્યાસાહેબ સરવટે સંમેલનના પ્રમુખ સંચાલક. લગ્નના સમારંભમાં કન્યાનાં પિતાનું જે સ્થાન તેજ તાત્યાસાહેબનું આ સંમેલનમાં સ્થાન હતું. અને કન્યાનો પિતા જેમ બધી સગવડો આપતાં છતાં, બધાંની સેવા કરતાં છતાં, બધાંના મનરાજી રાખતાં છતાં, નમ્રતાથી પોતાની જાતને બધાંની નજર બહાર રાખે છે, તેમ તાત્યાસાહેબ સંમેલનના કર્તાહર્તા હોવા છતાં બધાંની નજરથી બહાર રહેતા હતા. તેમને કદી સભામંચ પર બેઠેલા કોઇએ દીઠા નથી. સંમેલનના પ્રતિનિધિઓની મોટી જાન જાણે તેમને ઘેર આવી હતી! તે બધાંનો ઉતારો, બધાં માટે ચા પાણી, ઇન્દોરની કડકડતી ઠંડીમાં બધાં માટે નહાવાનું ગરમ પાણી, બંને વખત જમવાની સુંદર વ્યવસ્થા એ બધી વસ્તુઓ એટલી સરળતાથી થતી હતી કે એની પાછળ રહેલી વ્યવસ્થા શક્તિ કેટલી ભારે હશે તેનો ખ્યાલ દરેકને ડગલે ને પગલે આવતો હતો.

વૃદ્ધ અવસ્થા છતાં ટટ્ટાર એકવડું શરીર, પગમાં તંગ સુરવાળ અને શરીર પર લાંબો કોટ, લાંબી લાંબી મૂછો–આ એમનું દર્શન! સરવટે આ ક્ષણે અહીં હોય તો બીજે ક્ષણે બીજે દેખાય. હમણાં સંમેલનના મંચ પર જણાય, તો બીજી જ ક્ષણે રસોડાના ભોજનાલયમાં હોય; હમણાં સંમેલનથી દૂર દોઢ માઇલ પર પ્રદર્શનમાં હોય તો થોડીવારમાં પ્રતિનિધિઓના વાસમાં દેખાય. અને આવેલાં મહેમાનોની સગવડ સાચવવામાં કેટલી જાગરૂકતા! અમદાવાદવાળા શ્રી. નામલે એમના ઘરના મહેમાન થઇ એમને ત્યાં ઊતર્યા હતા. તેઓ સંમેલનના દિવસોમાં પ્રતિનિધિ નિવાસમાં રહેવા આવ્યા. તેમની પછવાડે તેમનો તાત્યા સાહેબને ઘેર રહી ગયેલો ઓવરકોટ સાંજ પહેલાં આવી ગયો! શ્રી. નામલે આશ્ચર્યમાં ગરકાવ થઇને વિચારવા લાગ્યા–આ તે કેવું વ્યક્તિત્વ!

તાત્યાસાહેબ ઇન્દોરના જાહેર જીવનના પ્રાણસમા છે. સરકાર દરબારમાં એમને ભારે માન છે. લોકો પર એમની ભારે છાપ છે. તેઓ સારા વકતા છે. પૂર્વ પ્રાથમિક શિક્ષણની આવશ્યકતા તેમણે પોતાની અસ્ખલિત વાગ્ધારાથી શ્રોતાઓને સમજાવી હતી. તેમની ભાષણ શૈલી હોંશિયાર વકીલની છે. આર્યધર્મ અને તત્ત્વજ્ઞાનનું તેમનું જ્ઞાન તેમના ભાષણમાં નીતરતું હતું.

ઇન્દોરનું ભાગ્ય કે આવા કાર્યકર્તા ત્યાં છે. નૂ. બા. શિ. સંઘનું ભાગ્ય કે આવા સહકારી તેને લાધ્યા છે.

શ્રી. બંસીધરજી

બંસીધરજી એટલે રાખના ઢગલા નીચે સંતાયેલી આગ! જોવામાં એવા શાંત જણાય કે પસાર થતાં કોઇનું ધ્યાન પણ નહીં ખેંચાય; પણ ઉપલું આવરણ દૂર કરીને જ્યારે તેઓ બોલવા માંડે ત્યારે અંદરની આગ ભભૂકે અને સાંભળનારને સળગાવે.

બંસીધરજીએ પોતાનો ગૃહસ્થાશ્રમ આવરી લઇને વાનપ્રસ્થ લીધું છે; પણ ભારતના બાળકોના પિતા થઇને તેમણે નવો ગૃહસ્થાશ્રમ માંડયો છે. જોધપુરના બાલનિકેતનના તેઓ આચાર્ય છે. શિક્ષણશાસ્ત્રના પ્રખર અભ્યાસી છે, છતાં તેમનું પોતાનું શિક્ષણશાસ્ત્ર તો પ્રત્યક્ષ બાળકોના સંસર્ગમાંથી જન્મેલું છે. પુસ્તકોમાં વાંચેલા સિદ્ધાન્તો પર રચેલા વિચારો તેઓ નથી બોલતા; પણ બાળકો સાથેના પ્રત્યક્ષ વ્યવહારમાંથી મેળવેલા અનુભવ પરથી તારવેલા શિક્ષણશાસ્ત્રના સિદ્ધાન્તો તેઓ બોલે છે. શિક્ષણશાસ્ત્ર એ જીવનશાસ્ત્રનો એક ભાગ છે એ એમનો મૂલભૂત સિદ્ધાન્ત છે અને એને અનુલક્ષીનેજ તેઓ હમેશાં પોતાનુ પ્રતિપાદન કરે છે.

બંસીધરજી તપસ્વી છે. તેઓ વ્યાઘ્રચર્મ પર સૂવે છે. લુખી રોટલી, કાચા ટમેટા અને એક પાવ દૂધ એ

એમનો ખોરાક છે. સિદ્ધાન્તો પરની એમની શ્રદ્ધા અડગ છે. એ બોલે છે ત્યારે આત્મવિશ્વાસ બોલે છે. બોલવામાં બુદ્ધિવાદ કે દલીલો કરતાં ભાવનાવશતા વધારે હોય છે. પણ એ ભાવનાવશતા પ્રત્યક્ષ ક્રિયાત્મક અનુભવમાંથી જન્મેલી હોઇ બુદ્ધિ તેની પાછળ ચાલી આવે છે. શ્રોતાઓને ખેંચીને પોતાની પાછળ લઇ જવાની અમોઘ શક્તિ બંસીધરજીની ભાવનામાં છે. તેમણે સભાની વિરુદ્ધ જે મુદ્દો ઉઠાવી, તેથી સંમેલનમાં ખળભળાટ પેદા થયો. વિષયની ચર્ચા લંબાઇ અને બંસીધરજીએ ચર્ચાનો જવાબ આપતાં પોતાના બાળકને પાતે કરેલી ઘાતકી સજાનો ચિતાર રજુ કર્યો, ત્યારે તેમનો કંઠ ગળગળો થયો, તેમની આંખોમાં આંસુ આવ્યાં.

બંસીધરજી જેવા એકનિષ્ઠ, તત્વનિષ્ઠ સેવકે હવે હિંદી શિક્ષણ પત્રિકાનો ભાર ફરી ઉઠાવી લીધો છે એ વાંચકોનું ભાગ્ય છે. બંસીધરજી નૂ. બા. શિ. સંઘના એક જબરા ચોકીદાર છે. સંઘ તેમને માટે મગરૂર રહેશે.

પ્રો. બોરડીયા

ઉદેપૂર કોલેજના એ પ્રાધ્યાપક છે. મીઠી એમની બોલી છે. સર્વ શ્રોતાઓ એમની ખાસીયત છે. જુવાન છતાં અનુભવી લાગ્યા. સિધ્ધાંતોનું પ્રતિપાદન કરતાં છતાં પ્રતિપક્ષને માઠું ન લાગે એવી સંભાળથી તે બોલે છે. નૌજવાનોમાં પ્રેરણા આપવાની શક્તિ એમનામાં છે. નૂતન શિક્ષણના તેઓ નવદીક્ષિત છે. મધ્ય ભારતના રાજસ્થાનોમાં નૂતન શિક્ષણનો પ્રચાર જોસભેર થાય એવી એમને ઝંખના છે, અને તેની પરિપૂર્તિ માટે તેઓ પોતાનાથી બનતું બધું કરવા કટિબદ્ધ છે. પ્રો. બોરડીયાનો વધતો સહકાર સંઘની શક્તિ જરૂર વધારશે.

પ્રો. ભામરા

એ ગુજરાતના કાર્યકર્તા છતાં ગુજરાત હજી એમને ઓળખતું નથી. તે નૌજવાન છે. સિંધ એમની માતૃ-ભૂમિ છે. તેઓ એમ. એ. છે અને સુરતના કોલેજમાં ફ્રેંચ ભાષાના પ્રાધ્યાપક છે. સુરતમાં તેઓ બાલમંદિર ચલાવે છે.

મોન્ટેસરી સિદ્ધાન્ત તેઓ ઘોળીને પી ગયા હોય એમ જણાય છે. તેમના વાકયે વાકયમાં મોન્ટેસરીનું તત્વજ્ઞાન નીતરે છે. એ તત્વજ્ઞાનની માનસશાસ્ત્રીય ભૂમિકા તેમણે બરાબર પકડી લીધી છે. તેઓ પ્રખર અભ્યાસી છે અને મોન્ટેસરી પદ્ધતિ વિષેની તેમની દૃષ્ટિ એક મિશનરીની દૃષ્ટિ છે. મેડમ મોન્ટેસરી વિષેની એમની શ્રદ્ધા અતુલ છે. 'એક તુંજ છે, બીજું કોઇ જ નથી' એવી શ્રદ્ધાથી તેઓ મોન્ટેસરી તરફ જુએ છે. જે મોન્ટેસરીના સિદ્ધાંતમાં નહીં બેસી શકે તે બધુ અર્થ-હીન એવી ધગશથી તેઓ એ તત્વ-પ્રણાલીનો પ્રચાર કરે છે. મોન્ટેસરીના તેઓ અંગત શિષ્ય છે. વાકયે વાકયમાં તેઓ મોન્ટેસરીનુ નામ લેતાં જણાય છે. મોન્ટેસરી પોતે એમના વિષે અત્યંત શ્રદ્ધા રાખતાં હોય એમ જણાય છે. મોન્ટેસરીએ હિંદુસ્તાનમાં જે શિષ્યો તૈયાર કર્યા તેમાં પ્રો. ભામરા પ્રથમ પંકિતમાંના મોન્ટેસરીના અત્યંત વિશ્વસ્ત શિષ્ય છે.

ગુજરાતનું ભાગ્ય છે કે એવા બુદ્ધિશાળી કાર્યકર્તા તેને આંગણે કાર્ય કરે છે. સંઘનું ગૌરવ વધે એવું પ્રો. ભામરાનુ વ્યકિતત્વ છે.

ગો. ર. કુલકર્ણી.

બાળકના વ્યકિતત્વનો વિકાસ

વ્યકિતત્વ શબ્દ આપણી ભાષાઓમાં બે અર્થમાં વપરાય છે. એક જેને અંગ્રેજીમાં Personality કહે છે તે અને બીજું જેને Individuality કહે છે તે. એ શબ્દનો ઉપયોગ અહીં પહેલા અર્થમા કરવામાં આવ્યો છે. Personality અને Individualityમાં ઘણો ફરક છે. Personality એટલે માણસનું સમગ્ર જીવન, માણસના જીવનનું સાકલ્ય, માણસના આત્માનું સમગ્ર ચિત્ર. Indivibuality એટલે દરેક વ્યકિતનું વિશિષ્ટત્વ. માણસ તરીકે દરેક માણસમાં સમાનતા હોય છે, તેમ છતાં દરેક માણસ એક બીજાથી જુદો હોય છે. એ જુદાપણું એટલે જ વ્યકિતવિશિષ્ટત્વ-Individuality. આજે આપણે જે વિષયનો વિચાર કરવાનો છે તે છે વ્યકિત્વ એટલે Personaliiy, વ્યકિત વિશિષ્ટત્વ એટલે Individuality નહીં.

વ્યકિતત્વ એટલે સમષ્ટિ સાથે સંબંધમાં આવતું માણસનું સમગ્ર વિકસિત જીવન. એટલે બાળકના જન્મ

સાથે વ્યકિતત્વનો વિકાસ થયેલો નથી હોતો. જન્મથી તે વિકાસનો પ્રારંભ થાય છે અને વ્યવસ્થિત ક્રમથી માણસ પુખ્ત ઉમરે પહોંચે ત્યાંસુધી એ વિકાસ ચાલુ રહે છે. આ વિકાસક્રમમાં બાળકના જીવનના પહેલાં પાંચ વર્ષો ઘણાંજ અગત્યનાં છે, કારણ કે એ સમયમાં બાળકના વ્યકિતત્વની રૂપરેખા અંકાય છે. તે પછીના વિકાસમાં એ રૂપરેખાની અંદરનાં રંગો પૂરાય છે અને પછી એ ચિત્ર સંપૂર્ણ થાય છે.

આ પ્રશ્ન વિચારતાં માણસ અને બીજા પ્રાણીઓ વચ્ચે શો તફાવત છે તે આપણે જોવું જોઇએ. સહેજ વિચારતાં આપણને જણાય છે કે કુદરત માણસને જાણે અન્યાય કરે છે. માણસનું બાળક જન્મ સાથે બધી રીતે અણવિકસેલું હોય છે, અપૂર્ણ હોય છે ; જ્યારે બીજા પ્રાણીઓનાં બચ્ચાં લગભગ સંપૂર્ણ જન્મે છે. Microbes (જંતુઓ) સંપૂર્ણ સ્વરૂપમાં જન્મે છે, તેમાં વિકાસને અવકાશ નથી હોતો. આથી ઊંચી કક્ષાનાં પ્રાણીઓ પણ ઓછા વત્તા પ્રમાણમાં સંપૂર્ણ સ્વરૂપમાં જન્મે છે. પણ માણસની વાત જુદી છે. બાળક અસહાય હોય છે. તેને આપણે તેના નસીબપરજ છોડી દઇએ તો તે મરી જશે. જીવનને આવશ્યક એવી બધીજ ક્રિયાઓ માણસને શીખવી પડે છે. આ શિક્ષણનું કાર્ય લગભગ ૨૫ વર્ષ ચાલે છે, અને તે પછી પણ ચાલુજ હોય છે. એવી એક પણ ક્રિયા નથી કે શીખ્યા વગર બાળકને આવડે. હાલવું, ચાલવું, પકડવું, દોડવું, તરવું, ખાવું, પીવું, ચઢવું, ઉતરવું, બોલવું બધુંજ શીખવું પડે છે. આ ક્રિયામાંજ માણસના વ્યકિતત્વનો વિકાસ થાય છે.

આ વિકાસનો વ્યવસ્થિત ક્રમ હોય છે. જીવનમાં પહેલા પાંચ વર્ષ એ વિકાસમાં અત્યંત મહત્વનાં છે. એ સમય અત્યંત સંવેદનક્ષમ (period of sensitivity) હોય છે. આ સંવેદનક્ષમતા અનેક વસ્તુઓ વિષેની હોય છે. જેમાં ઇન્દ્રિયોના બધા વિષયોનો સમાવેશ થાય છે. શબ્દ, રૂપ, રસ, સ્પર્શ ગંધ એ બધા વિષયો વિષેની સંવેદનક્ષમતા આ સમયમાં વિકસે છે. આ વિકાસમાં ત્રણ શકિતઓ કામ કરે છે. (૧) અંતર્ગત શકિતઓ (૨) પરિસ્થિતિ (૩) આનુવંશિકતા. આ ત્રણેની સામૂહિક અસરથી બાળકના વ્યકિતત્વનો વિકાસ થાય છે.

આ વિકાસક્રમના અનેક અંગો છે. તે બધાંનો સાકલ્યથી વિચાર કરવાનો અવકાશ અહીં નથી. તેથી આપણે માત્ર ભાષાનોજ પ્રશ્ન વિચારીએ. બાળક ભાષા પોતાની મેળે શીખે છે. આપણે તેને ભાષા શીખવતાં નથી. બાળકને કાને અનેક અવાજ હંમેશા આવે છે. પણ બીજા બધા અવાજોનું અનુકરણ કરવાનો પ્રયત્ન એ કરતું નથી. પણ માણસનો અવાજ, તે ગમે તેટલો ઝીણો કે સૂક્ષ્મ હોય, સાંભળતાંની સાથે તે તેના પર પોતાનું ચિત્ત એકાગ્ર કરે છે અને તેનું અનુકરણ કરવાનો પ્રયત્ન કરે છે. ઘરમાં દાદીમા નાના બાળક સાથે વાતો કરે છે, ત્યારે બાળક તે વાતો કેટલી એકાગ્રતાથી સાંભળે છે ! તે વાતોનો જાણે જવાબ આપતું હોય એવા ભાવ તેના મોઢા પર દેખાય છે. તે વાતોનો જવાબ આપવાનો પ્રયત્ન કરતું હોય એવા અવાજ બાળક પોતે કાઢે છે. આ ક્રિયા પણ મેં ઉપર બતાવેલી સંવેદન ક્ષમતાનું જ પરિણામ છે. આ રીતે પ્રયત્ન કરતાં લગભગ ત્રણ વર્ષમાં બાળક સંપૂર્ણ રીતે શીખી લે છે.

વ્યકિતત્વ વિકાસનાં બીજાં અનેક અંગો છે. તેમાં સંગ્રાહકતા, નિશ્ચયશકિત, અનુકરણ, તર્કશકિત વગેરે શકિતઓનો સમાવેશ થાય છે. આ બધી શકિતઓ બીજ રૂપે દરેક બાળકમાં હોયજ છે. ક્રમશઃ તેનો વિકાસ થતો જાય છે અને તેમાં આંતરિક શકિત, વાતાવરણ અને આનુવંશિક સંસ્કાર એ બધાંના સ્વરૂપ પ્રમાણે ઓછાવત્તાનો ફેર પડે છે.

બાળકના પહેલાં પાંચ વર્ષ વ્યકિતત્વ વિકાસની દૃષ્ટિએ અત્યંત મહત્વનાં છે. આમાં જે સંસ્કારો પડે તેજ જીવનભર ટકે છે. તેથી આ સમયમાં મા–બાપોએ ખૂબ સંભાળ રાખવાની છે. ઉપર બતાવેલ ત્રણ અંગોમાં આંતરિક શકિત અને આનુવંશિકતા એ બાળકની પોતાની શકિતઓ છે. પણ વાતાવરણ સર્જવાનું કામ મા–બાપોનું છે. મા–બાપોએ અનુકૂળ વાતાવરણ ઊભું કરી દેવું જોઇએ. અનુકૂળ વાતાવરણ મળે તો બાળક પોતાનો વિકાસ ઝપાટાભેર કરી લે છે.

(ઇદોર સંમેલન વખતે આપેલ વ્યાખ્યાનમાંથી)

–ગો. ભા.ભરા.

વિનોબાજી ની વિચાર કળીઓ

[શ્રી. વિયોગી હરિએ 'વિનોબાકે વિચાર' નામની એક સુંદર પુસ્તિકા હિંદીમાં સંપાદિત કરી છે. શ્રી. વિનોબાજી મહારાષ્ટ્રના એક સુપ્રસિદ્ધ વિચારક છે. શિક્ષણ વિષે તેમના વિચારો મૌલિક છે. પોતાના વિચારો પ્રગટ કરવાની તેમની શૈલી અનુપમ છે. શિક્ષણ પત્રિકાના વાંચકોને માટે એમના કેટલાક વિચારો અમે અહીં ઉતારીએ છીએ. શ્રી. વિયોગી હરી, શ્રી. વિનોબાજી અને સસ્તા સાહિત્ય મંડળના એ માટે અમે આભારી છીએ.—સંપાદક.]

તતઃ કિમ્ તતઃ કિમ્?

મેટ્રિકના એક વિદ્યાર્થીને પૂછ્યું: 'કેમ ભાઇ, તમે આગળ ઉપર શું કરવાના?'

'કૉલેજમાં જઇશ.'

ઠીક છે. કૉલેજમાં તો જશોજ. પણ ત્યાર પછી?'

એ પ્રશ્ન છે.'

પ્રશ્ન તો છેજ. પણ એનો વિચાર અત્યારથીજ કરવો જોઇએ.'

'શા માટે? આગળ ઉપર જોયું જશે.'

ફરી ત્રણ વરસ બાદ એજ વિદ્યાર્થીને એજ સવાલ પૂછ્યો. જવાબ મળ્યો.

'હજી કશો વિચાર નથી કર્યો.'

'વિચાર નથી કર્યો એટલે? પણ વિચાર કર્યો હતો ખરો?'

'નાજી. વિચાર કર્યોજ નથી. શું વિચાર કરવો કશું સૂઝતું નથી. પણ હજી દોઢ વરસ બાકી છે. આગળ જોયું જશે.'

'આગળ જોયું જશે' એ એજ શબ્દ છે જે ત્રણ વર્ષ પહેલાં કહેલા હતા. પણ પહેલાંના જવાબમાં ચિંતાની ઝલક ન હતી.

ફરી દોઢ વર્ષ પછી એજ પ્રશ્નકારે, એજ વિદ્યાર્થીને અથવા કહો હવે ગૃહસ્થને એજ પ્રશ્ન પૂછ્યો. આ વખતે ચહેરો ચિંતાતુર હતો, અવાજની બેફિકરાઇ તદ્દન ચાલી ગઇ હતી. 'તતઃ કિમ્? તતઃ કિમ્? તતઃ કિમ્'? એ શંકરાચાર્યનો પૂછેલો સનાતન સવાલ આજ મગજમાં ઘૂમતો હતો. પણ પાસે જવાબ ન હતો.

જીવન જીવવા દો

અર્જુનની સામે પ્રત્યક્ષ કાર્ય કરતાં કરતાં પ્રશ્ન પેદા થયો. એનો જવાબ આપવા માટે ગીતા નિર્માણ થઇ. એનું જ નામ શિક્ષણ છે. બાળકોને ખેતરમાં કામ કરવા દો. ત્યાં કોઇ પ્રશ્ન ઉત્પન્ન થાય તો એનો ઉત્તર આપવા માટે સૃષ્ટિશાસ્ત્ર અથવા પદાર્થ વિજ્ઞાન અથવા કોઇ બીજી વસ્તુની જરૂર પડે તો તેનું જ્ઞાન આપો. એ સાચું શિક્ષણ થશે. બાળકોને રસોઇ બનાવવા દો. એમાં જ્યાં જરૂર પડે ત્યાં રસાયણશાસ્ત્ર શીખવો. પણ અસલ વાત એ છે કે એને જીવન જીવવા દો. પ્રત્યક્ષ કામ કરનારા માણસને હમેશા જ્ઞાન મળતુ જ રહે છે. તેજ પ્રમાણે નાનાં બાળકોને પણ મળે છે. ફેર એટલો જ કે બાળકની આસપાસ જરૂર પ્રમાણે માર્ગદર્શક મનુષ્ય હાજર રહેવો જોઇએ. એ માણસ પણ 'શીખવી દેનાર' બનીને 'નીમાયેલો' ન જોઇએ. એ પણ 'જીવન જીવનાર' હોવો જોઇએ—જેવી રીતે માણસ જીવન જીવે છે. એ બનેમાં અંતર એટલું જ છે કે આ શિક્ષક કહેવડાવનારાઓનું જીવન વિચારમય હશે. એ વિચારો બાળકોને સમજાવવાની યોગ્યતા એમનામાં હશે. પણ 'શિક્ષક' નામના કોઇ સ્વતંત્ર ધંધાની જરૂર નથી. તેમ 'વિદ્યાર્થી' નામના મનુષ્ય કોટિથી બહારના કોઇ પ્રાણીની જરૂર નથી. અને 'શું કરો છો' એ પ્રશ્નના જવાબમાં 'ભણું છું' કે 'ભણાવું છું' એમ કહેવાની જરૂર નથી. 'ખેતી કરું છું' કે 'વણું છું' એવો શુદ્ધ ધંધો કરવાનો જવાબ એજ વ્યવહારૂ ગણાય. પણ આ જવાબ જીવનમાંથી આવવો જોઇએ. એને માટે વિદ્યાર્થીઓએ રામ લક્ષ્મણ અને ગુરુ વિશ્વામિત્રનું ઉદાહરણ લેવું જોઇએ. વિશ્વામિત્ર યજ્ઞ કરતા હતા. એનું રક્ષણ કરવા માટે એમણે દશરથ રાજા પાસે તેના પુત્રોની માગણી કરી. એજ કામને માટે દશરથે પુત્રોને મોકલ્યા. દીકરાઓમાં પણ જવાબદારીની એ ભાવના હતી કે અમે યજ્ઞનું રક્ષણ કરવા માટે જઇએ છીએ. એમાં અમને અપૂર્વ કેળવણી મળશે. પણ રામ લક્ષ્મણે શું કર્યું એમ કોઇ પૂછે તો જવાબ મળે કે 'યજ્ઞનું રક્ષણ કર્યું.' 'શિક્ષણ મેળવ્યું' એમ નહીં કહી શકાય પણ એમને જે મળવું જોઇએ તે શિક્ષણ તો મળ્યું જ.

શિક્ષણ તો કર્તવ્ય કર્મનું આનુષંગિક ફળ છે. જે કોઇ કર્તવ્ય કરે છે તેને જાણ્યે અજાણ્યે એ મળેજ છે. બાળકોને પણ એ એજ રીતે મળવું જોઇએ. બીજાને

એ ઠોકરો ખાઇને મળે છે. નાનાં બાળકોમાં આજ એટલી શક્તિ નથી આવી. એથી એની આસપાસ એવું વાતાવરણ રચવું જોઇએ કે એ ઘણી ઠોકરો ન ખાય. પણ ધીમે ધીમે તે સ્વાવલંબી બને. એવી અપેક્ષા અને યોજના થવી જોઇએ.

(૩)

કેવળ શિક્ષણ

એક દેશસેવાભિલાષીને કોઇએ પૂછ્યું. 'કહો જોઇએ તમારી માન્યતા પ્રમાણે તમે કયું કામ સારૂં કરી શકો?'

એણે જવાબ આપ્યો : ' મને લાગે છે હું કેવળ શિક્ષણનું કામ કરી શકું અને મને એનો શોખ છે.'

'એ તો બરાબર છે. મોટે ભાગે માણસને જે આવડે તેનોજ શોખ હોય છે. પણ તમે બીજું કશું કામ કરી શકો ખરા?'

' જી ના. બીજું કંઇ કામ તો નથી આવડતું. માત્ર ભણાવી શકીશ. અને એ કામ બરાબર કરી શકીશ એવો મને વિશ્વાસ છે.'

' સારૂં શીખવશો એની તો ખાત્રીજ છે. પણ સારૂં શું શીખવી શકશો? કાંતતાં, પીંજતાં, વણતાં સારૂં શીખવી શકશો?'

' ના જી. એ તો નહીં શીખવી શકું.'

' તો શિવણ કામ, રંગાટ, સુથારી કામ?'

' ના, એમાંનું કશું નહી.'

' રસોઇ કરવી, દળવું વગેરે ઘરકામ શીખવી શકો ખરા?'

' નહીં. કામ તો મેં કશું કર્યું નથી. હું 'કેવળ' શિક્ષણનું ...'

'ભાઇ, તમને પૂછવામાં આવે છે તેમાં તો 'ના' કહો છો અને પાછા કહો છો કેવળ શિક્ષણનુ કામ કરી શકું છું. એનો અર્થ શો? બાગકામ શીખવી શકશો?'

દેશસેવાભિલાષીએ જરા ચીડાઇને કહ્યું, "આ શું પૂછી રહ્યા છો. મેં પહેલાં જ કહી દીધું. મને બીજું કશું કામ કરતાં નથી આવડતું. હું સાહિત્ય ભણાવી શકું." પ્રશ્નકારે જરા મર્મકમાં કહ્યું, 'ઠીક, ઠીક હવે તમારી વાત થોડી સમજાય છે. આપ રામચરિત્ર-માનસ જેવું પુસ્તક લખતાં શીખવી શકો ખરા?'

' હવે તો દેશસેવાભિલાષી. મહાશયનો પારો ગરમ થઇ ગયો. મોઢામાંથી કાંઇ આડો અવળો શબ્દ નીકળવાની તૈયારી હતી તેવામાં પ્રશ્નકાર વચ્ચેજ બોલી ઊઠ્યા: 'શાંતિ ક્ષમા, તિતિક્ષા રાખવાનું શીખવી શકશો?'

હવે તો હદ થઇ ગઇ. આગમાં જાણે તેલ રેડ્યું. આ સંવાદ ખૂબ જોરથી ભડકી ઊઠત પણ પ્રશ્નકારે તરત એની ઉપર પાણી નાંખી આગ ઠારી દીધી. 'હું તમારી બધી વાત સમજ્યો. તમે લખતાં વાંચતાં વગેરે શીખવી શકો અને એનું પણ જીવનમાં થોડું ઘણું સ્થાન છે, બિલકુલ નથી એમ નહીં. ખેર. તમે વણાટકામ શીખવા તૈયાર છો?'

'હવે કોઇ નવી વસ્તુ શીખવાની હોંશ મારામાં રહી નથી અને ખાસ કરીને વણાટકામ તો મને આવડશેજ નહીં. કારણ કે આજ સુધી હાથને એવી ટેવ પડીજ નથી.'

'ટેવ નં હોય તો શીખતાં થોડી વાર લાગે; પણ એમાં ન આવડવા જેવું શું છે?'

'મને તો લાગે છે નહીંજ આવડે. પણ ધારો કે ઘણી મહેનતે આવડ્યું તો પણ મને એમાં માથાકૂટ લાગે છે. એથી એ મારાથી નહીં બને એમજ માનો.'

'ઠીક જેમ લખતાં શીખવવાને તૈયાર છો તેમ તમે પોતે લખવાનું કામ કરી શકો છો?'

' હા. જરૂર કરી શકું. પણ માત્ર બેઠાં બેઠાં લખ્યા કરવાનું કામ પણ છે તો કંટાળા ભરેલું. છતાં એ કરવામાં કશી હરકત નથી.' આ વાતચીત ત્યાંજ પૂરી થઇ એનું છેવટ શું આવ્યું તે જાણવાની આપણને જરૂર નથી.

શિક્ષકોની મનોવૃત્તિ સમજવા માટે આટલી વાતચીત પૂરતી છે. શિક્ષક એટલે :

(૧) કોઇ પણ પ્રકારની જીવનોપયોગી ક્રિયાશીલતા વિનાનો.

(૨) કોઇ નવું કામ શીખવા માટે સ્વભાવથીજ અસમર્થ બનેલો.

(૩) ક્રિયાશીલતાથી હમેશા થાકી ગયેલો. 'કેવળ શિક્ષણ'નું ધમંડ રાખનારો. પુસ્તકોમાં દટાયેલો આળસુ જીવ.

'માત્ર શિક્ષણ'નો અર્થ જીવનથી વિખુટું પડેલું મુડદાલ શિક્ષણ અને કેવળ શિક્ષક એટલે 'મૃતજીવી' મનુષ્ય.

—વિનોબાજી ભાવે

નૂતન બાલશિક્ષણ સંઘની


શિક્ષણ પત્રિકા

બાલ વિભાગ

જાનેવારી ૧૯૪૭

[વર્ષ પહેલું] [અંક ૧ લો

અમારી સુંદર




સુંદર અમારી બરેજ સુંદર!
ઘણુણ! ઘણુણ! ઘણુણ!
ઠણુણ! ઠણુણ! ઠણુણ!
ડોક હલે છે.
ડોક પરના શીંગડાં હલે છે,
ડોક પરની ઘંટડી વાગે છે,
મોઢેથી નસ્તો ચાલે છે,
ચરરર, ચરરર, ચરરર,
લીલું લીલું ઘાસ!
લીસું ને બરડ,
દાંતવતી તોડીને ચાવી જવાનું!
અહા! કેવું મીઠું મીઠું!
વળી ઝરમર ઝરમર
ઝીણો ઝીણો મેહ વરસે છે.

વાહ, વાહ, વાહ! કેટલું ઠંડું અને સુંદર!
કાળી ભસ્મર જેવી ને પહોળી પહોળી પીઠ
વરસાદથી ધોવાય, તડકામાં ચળકે,
કેવી સરસ લાગે!
બારીમાંથી હું જોતી હતી.
સુંદર અમારી બરેજ સુંદર!
ઠીંગણી ને નમણી!
વાંકાં એનાં શીંગડાં ને પાટલા જેવી પીઠ.
સ ર્ ર્ ર્! સ ર્ ર્ ર્!
ધ ળ્ ળ્! ધ ળ્ ળ્!
દૂધની શેડો—અમૃતની શેડો!
સુંદર અમારી બરેજ સુંદર!

તારાબેન મોડક.

અમારા ફળીયામાં



બતક ને બતકી, ચકલો ને ચકલી;
કૂતરો ને કૂતરી, કાગડા ભાઇ ભાઇ;
કૂકડો ને કૂકડી, બિલાડોને બિલ્લી;
બાવાનું શોધવાને, આવ્યાં ઉતાવળાં.
ઘરને ફળિયે, કચરાના ડબા પાસે,
ઝગડે છે બધાં એક બીજા સાથે.
જોઇને લખ્યું આ બાળુડાંને માટે.
ગમશે ના તમને? બધુંય સાચું છે.

× × × ×

પહેલો કાગડોઃ કા કાવ કાવ,
અલ્યા પાંગળા દોડ, દોડ, દોડ!
પાંગળો કાગડોઃ કૉં કૉં કૉંવ
અલ્યા કેમ પાડે છે રાડ?
બીજો કાગડોઃ અલ્યા જો તો!
કેટલો મોટો પડયો છે પાંવ.
ચોથો કાગડોઃ ચાલો રે ચાલો બાવા પાંવ
આવો, બધા આવો, કાવ્ કાવ કાવ.
મામાજી કૂકડોઃ કુકુ કૂક કુકુ કુક....
જાવરે કાવ્ કાવ્, નિકલ જાવ.
આવ અલી ભુરકી, આવ અલી.
પક્ પક્ પકૉક પક્!
ધોંચો-પાંવ, તોકો લચકો, કક્, કક્, કક!
સફેદ કૂકડીઃ પક્, પક્, પક્, પક્ હું!
હું જ પાંવ બાઇશ, પક્, પક્, પક્!
પીળી કૂકડીઃ પૉક્, પક્! મારો છે પાંવ,
નારે ના, તને નહીં આપું!
લાલો કૂકડોઃ આવ અલી સુંદર, આવ અલી ચંદર,
ટપ્ ટપ્, વીણો કણ ને કણ!
સુંદર, ચુંદરઃ પક્, પક્, કોક, કોક,
કરીએ ઉજાણી, પક્, પક્, પક્,!
લૂલું બતકઃ પ્યક, પ્યંક, છુત છુત,
આજે છે અમારો વારો!
લટકી બતકીઃ પૉંક, પૉંક, હૉં. હૉં
નથી જોઇતાં ઇયળ ને કીડા!
ચકલીઃ ચિંવ, ચિંવ, ચિંવ, ચિંવ, બસી જાવ દૂર.
વારા ફરતી પાંવ અમે જ બાઇશું.
ચકલોઃ ભર્રર્રર્, ભુર્રર્રર્, હટ જાવ દૂર.
ચાંચ મારીને હાંકી દઉં?
શંભૂ બિલાડોઃ મ્યાંવ, મ્યાંવ, ગુરર, ગુરર, શું છે રે ગડબડ?
ચિંગી બિલાડીઃ ચકલડી, ચકલડા, બસ તમારી ફડફડ!
ચકલીઃ ચિંવ, ચિંવ, મુવા બિલાડા!
બડમડ બંધ કર તારી!
ચકલોઃ શંભૂ બિલ્લા, કૂટેલ આંખના,
તૂટેલ પૂંછડી તો સંભાળ!


ચકલો ચકલીઃ અમને પકડવ ની તારી શી મગદૂર ?
ચિંગી બિલ્લીઃ ગુર્રર્રર્ર, હૉવ ગુર્રર્રર્ર
નીચે નાંખી ચણાડીશ માટી!
મોતી કૂતરોઃ ભુ· ભુઃ વાંવ, ભ્વાંવ ભુ!
ભાગો યહાંસે સારે! સભી ભાગો.
ચંપી કૂતરી : ફળિયું અમારૂં, પૅાવ પણ અમારો.
આલું તમારૂં ગળું ?

(એક કાગડો ભર્રકન નીચે ઊતરીને ચાંચમાં પૅાવ લઇને ઊડી જાય છે)

બીજો કાગડોઃ અચ્છા મોતીજી, કાવ્ કાવ્
જોયો દોસ્તો ચમત્કાર ?
બધા કાગડા : બેસો હવે રોવા, બધાં મૂકી પોક,
અમે હવે જઇએ, મળશું ફરી કયાંક.

—શાલિનીબાઇ રાનડે

મોટરમાં જતી હતી



મોટરમાં હું જતી હતી.
આસપાસ જોતી હતી.
લીલાં લીલાં ખેતર હતાં
ખેતરમાં ઊંચા મોલ હતા.
ખેતરમાં ડાંગર હતી
લીલીછમ ડોલતી હતી.
ખેતરમાં જ્વારી હતી
ડૂંડાંથી શોભતી હતી.
ખેતરમાં જવારી હતી
ડૂંડાંથી ઝૂકી હતી.
કેટલાંક ખેતર પીળાં પીળાં,
કપાસનાં ફૂલ હતાં.
કેટલાંક ખેતર જાંબુડા રંગનાં
જવાસાનાં ફૂલ હતાં.

× × × ×

મોટર આગળ દોડતી હતી
ભારે શોભા દેખાતી હતી
ટેકરીઓ આવી, ખડક આવ્યા,
ટેકરી પરની ઝાડી આવી,
ઝાડીમાંનાં ઝરણાં આવ્યાં,
ઝરણાંનાં નીર આવ્યાં.
નાના નાના ધોધ આવ્યા,
ઝરણાં કાંઠે ઘાસ આવ્યું.
કેટલાય રંગનાં, ને કેટલીય જાતનાં,
મોટાં મોટાં ઝાડ આવ્યાં.
ભારે ગાઢ જંગલ આવ્યું.
મોટા મોટા ડુંગરા આવ્યા.
ડુંગરા પરનો ઘાટ આવ્યો.
આમ વળ્યાં તેમ વળ્યાં,
વળતાં વળતાં ઘાટ ચઢ્યાં.

વાર્ષિક લવાજમ:
દેશમાં રૂ. ૩)
પરદેશમાં શિ. ૭।।

: બાલક, પાલક, અને શિક્ષકનું માસિક પત્ર :

શિક્ષણ પત્રિકા

છૂટક નકલ
૬ આના

જીવન આખુંય પવિત્ર છે, એકે એક ધંધો પવિત્ર છે. એકલા શિક્ષણના ધંધાને જ ત્યાગ, સેવા, પવિત્રતા અને પ્રમાણિકતા વગેરે સોંપવામાં આવે તો બાકીનું સમાજજીવન કચરા જેવું થઇ જશે. બધા જ ધંધા જ્યાં પવિત્રતા ગુમાવી બેઠા છે ત્યાં શિક્ષણ માટે તેથી વિરુદ્ધ ધારવું એ ભૂલ છે. ભિખારી ભિક્ષક અને ગમતો નથી. આવો શિક્ષક માયકાંગલો હશે. શિક્ષકનું માનસ મુડીવાદી પણ ન બને અને સંગ્રહવૃત્તિને પણ એ નહિ પોષે. સાથે સાથે એટલું જરૂર કહીશ કે શિક્ષક ગરીબાઇમાં પણ ન સબડે. સમાજની અંદર ઊંચું માથું રાખી શકે અને સ્વમાન સાથે જીવી શકે એજ શિક્ષક બાળકોને સાચી કેળવણી આપી શકે.

—હરભાઇ ત્રિવેદી

સામેલ

લેખ	લેખક	પૃષ્ઠ
૧ બાળશિક્ષણની શાસ્ત્રીય ભૂમિકા	શે. ના. નામલે	૧૯
૨ બુનિયાદી તાલીમ એજ પાયાશુદ્ધ શિક્ષણ	તારાબેન મોડક	૨૦
૩ માબાપોના પ્રશ્નો	ગો. રા. કુલકર્ણી	૨૩
૪ જતાં આવતાં	તારાબેન મોડક	૨૫
૫ ચિડિયાંપણું	ગો. રા. કુલકર્ણી	૨૬
૬ લાડોલમાં બાળશિક્ષણ સંમેલન		૨૮
૭ શ્રી હરભાઇની વિચારકણિકાઓ	હરભાઇ ત્રિવેદી	૨૮
૮ વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને કેળવણી	સર એસ. રાધાકૃષ્ણન	૨૯
૯ બાળકોનું શહેર	ગો. રા. કુલકર્ણી	કવર પેજ ૩
૧૦ નાનાભાની દૃષ્ટિ	,,	કવર પેજ ૪
૧૧ કાઠિયાવાડનું વિભાગીય સંમેલન.	—અખબારપત્ર પરથી	કવર પેજ ૪

બાળમંદિરો માટે સાધનો

બાળમંદિર માટે સાધનો ખરીદતાં પહેલાં અમારું સૂચિપત્ર મગાવો.
દરેક સાધનો શાસ્ત્રીય પદ્ધતિથી બનાવવામાં આવે છે અને તે
બધાં નિષ્ણાતોની દેખરેખ નીચે તૈયાર કરવામાં આવે છે.

સૂચિપત્રમાં જણાવેલ ભાવ ઉપર બાળમંદિરોને જ ૬ ૧/૪ ટકા કમિશન આપવામાં આવે છે.

તમારી જરૂરિયાત માટે લખો:

બનાવનાર: નૂતન શિક્ષણ સાધનાલય એન્ડ આર્ટ વર્કર્સ લિમિટેડ.
વઢવાણ કેમ્પ (કાઠિયાવાડ).

બાલશિક્ષણની શાસ્ત્રીય ભૂમિકા

ગયા ૫૦/૬૦ વર્ષમાં મનોવિજ્ઞાનના ક્ષેત્રમાં મહત્ત્વની શોધો થયેલી છે, અને માનવી મનના સ્વરૂપ બાબત આપણું જ્ઞાન વધ્યું હશે તો પણ એ દૃષ્ટિએ આપણા વૈયક્તિક અને સામાજીક જીવનમાં, તે જ પ્રમાણે શિક્ષણ ક્ષેત્રમાં આપણી પ્રગતિ ઘણી થોડી થઇ છે એમ કહેવું પડશે. જીવનનાં ઘણાં ક્ષેત્રોમાં વ્યવહારમાં જૂના માનસની પકડ હજી કાયમ છે.

પહેલાંના માનશાસ્ત્રની મન સંબંધી કલ્પના ઘણીજ મર્યાદિત હતી. તેમાં મનના કેવળ જાગૃત (conscious) વ્યવહારને જ સર્વથા મહત્ત્વ આપવામાં આવતું હતું. તેથી આપણાં નીતિ નિયમ, કાયદા–રિક્ષણ અને વ્યવહારમાં જાગૃત મનની પ્રવૃત્તિઓને જ મહત્ત્વ અપાતું. આજે પણ વિદ્યાલયોમાં, ન્યાયાલયોમાં અને આપણા સમગ્ર વ્યવહારમાં જાગૃત મનની પ્રવૃત્તિઓને કારણે થનારી મનની અજાગૃત (Sup-conscions) પ્રવૃત્તિ ધ્યાનમાં લેવામાં આવતી નથી જાગૃત મનનો વ્યાપાર, એટલે સમુદ્ર ઉપર તરતા બરફના પર્વતની પેઠે તેનો બહાર દેખાતો ભાગ, અતિ થોડો હોય છે. તેમ મનના અજ્ઞાત (unconscious) અને અજાગૃત (Sub-conscious) ભાગનો વ્યાપાર મુખ્યત્વે અંદર જ વધારે હોય છે. એ વાત સિદ્ધ થયાને અનેક વરસો વીત્યાં છતાં આપણા સમાજમાં મૂળગામી ફેરફાર હજી થયો નથી. પોતાની ભૂલને પરિણામે, આરોગ્યના નિયમો તોડીને તબિયત બગાડનારા માટે આપણે દવાખાનાં બાંધીએ છીએ, તેમની સેવાશુશ્રૂષાની વ્યવસ્થા આપણે કરીએ છીએ. પરંતુ પરિસ્થિતિ અથવા બીજાની ભૂલને લીધે, જેમનું જીવન અવળે માર્ગે વળીને જેઓ ગુન્હેગાર બન્યાં છે, તેમની બાજુ જોતાં ભૂલ ન હોવા છતાં તેને માટે તેમને જવાબદાર સમજીને તેમને મોટા મોટા લોખંડના સળિયાવાળી કાળી કોટડીઓમાં પૂરી દેવાની સજા સુણાવવમાં આવે છે. જેલમાં Reformatories આવેલ છે પણ તે શિક્ષણના વિભાગ તરીકે શુશ્રૂષા ગણીને નહીં. સમાજના દરેક અંગોમાં સુધારણા થઇ છે પણ તે આવી Reformatory જેવી ઉપર ઉપરની.

સમાજમાં પરંપરાથી ચાલ્યા આવતા રૂઢ થયેલા વ્યવહાર એકદમ બદલવા મુશ્કેલ છે એમ એકવાર માની લઇએ તો પણ શિક્ષણના ક્ષેત્રમાં, જ્યાં નવી પેઢીને સંબંધ છે ત્યાં, નવીન માનસશાસ્ત્રનો પાયો નાખીને નવા જ્ઞાનનો લાભ મેળવવો એટલો અઘરો નથી. પ્રગતિ–સમાજની પ્રગતિ–નવી પેઢીના પગ પર જ થઇ શકે છે, એ સામાજિક જીવનવિકાસનું રહસ્ય આપણને સમજાયું હોય તો નવીન મનોવિજ્ઞાનની દૃષ્ટિએ આપણું શૈક્ષણિક જીવન તપાસવું જોઇએ. ખાસ કરીને પૂર્વ પ્રાથમિક શિક્ષણનું આ દૃષ્ટિએ અત્યંત મહત્ત્વ છે તે સમજવું જોઇએ.

પ્રાથમિક શિક્ષણની શરૂઆત પાંચમા છઠ્ઠા અથવા સાતમા વર્ષથી કરવાનો રિવાજ સામાન્ય રીતે બધે છે. માનસશાસ્ત્રની દૃષ્ટિએ આ ઉંમરે બાળકનું મન સ્પષ્ટપણે બહિર્મુખ બનીને આજુબાજુના વ્યવહાર જાગૃત મનથી સમજવાનો પ્રયત્ન કરવા લાગે છે. પહેલાંની શિક્ષણ પ્રણાલિકા બાળકોના જાગૃત મનનો અનુભવ એજ શિક્ષણનું એક માત્ર માધ્યમ ગણીને ચાલતી હતી, તેથી શિક્ષણની શરૂઆતની વય મર્યાદા પાંચ વર્ષની માની હતી. કાયદાએ પણ એજ મર્યાદા સ્વીકારી હતી. નવીન મનોવિજ્ઞાને મનના આ જાગૃત વ્યાપાર પાછળનો પડદો ઊંચકયો તેવો જ મનના અજાગૃત અજ્ઞાત વ્યાપારોનો અતિ વ્યાપક પ્રદેશ દેખાડયો અને તેથી શિક્ષણનો અર્થ પણ તેટલો જ વ્યાપક બન્યો. કેવળ જન્મથી જ નહી, પણ માતાના પેટમાંથી અજ્ઞાત મનની પ્રેરણાથી પોતાના વ્યકિતત્વનો પિંડ (Psychic & Physical) ઘડાય છે એમ આપણે કહેવા લાગ્યાં. જન્મ પછી આજુબાજુના વાતાવરણના નાના મોટા સંસ્કાર અજાણપણે (Snbconsciously) મન ઉપર જ્ઞાનેંદ્રિયોના દ્વાર વડે અને સતત થયા કરે છે. અને તેને લીધે જીવનપ્રવૃત્તિઓના પાયારૂપ ગણાતી સ્મૃતિ (Mneme) વધારે ને વધારે સમૃદ્ધ બનતી જાય છે. સંસ્કાર ગ્રહણ કરવાની આ વખતની મનની ગતિ વિલક્ષણ હોય છે. આ સમયના સંસ્કારથી જ બાળક ગર્ભાધાનથી ગર્ભાધાનને પ્રેરનાર એવી પોતાના જાગૃત મનની ઇષ્ટાનિષ્ટ હિલચાલ, અજાગૃત અને અજ્ઞાત મનના મૂલ્યવાન ભંડારમાં સંગ્રહ કરે છે. ત્રણ ચાર વર્ષના બાળકને એની માતૃભાષા કોણ શીખવે છે? કોઇ પણ શાળામાં પ્રવેશ કરતાં પહેલાં જ માત્ર પોતાના


વળતાં વળતાં ઘાટ ઊતર્યાં.
નદીઓ આવી, પૂલ આવ્યા.
પૂલ ગયા, બંધ ગયા.

× × × ×

નાનાં નાનાં ગામ આવ્યાં
આઠ દશ ઝૂંપડાં પસાર થયાં,
સહેજ મોટાં ગામ આવ્યાં,
ઝૂંપડાં, ઘરો દેખાવા લાગ્યાં.
મોટરનું સ્ટેશન આવ્યું.
નથી ફલાટ, નથી કશું!
આવા પીવાની દુકાનો
ફળફળાદિ વાનીઓ,
શેરડીનો રસ પીલાય.
લોક બધા ઊતરી ગયા
આમ તેમ ફરવા લાગ્યા.
પોમ, પોમ, પોં.... પોં....
ચાલો બધાં અંદર ચઢો.
ગામ જશું પાંચની અંદર.
મોટર લાગી ચાલવા,
માંડો કોટ પહેરવા.
મોટર ચાલે ઘરઘર
બેતર ઘૂમે ગરગર!

તારાબેન મોડક

બે બતક



અમારી વાડીમાં બે બતક છે,
તે ગોવિંદે પાળેલાં છે.
સફેદ ઊજળાં એનાં શરીર,
ને પીળી પીળી એની ચાંચ.
જોડીમાંજ ફરે ને જોડીમાં ફરે
એક પગ–બીજો પગ હળવે ઉપાડે.
ચાલ એમની મજાની,
જાણે ડોલતી ડોલતી હોડીઓ જાય:
કયારેક એમના દોસ્ત આવે,
અને પછી બધાં મળી ફરવા નીકળે.
એક પછી એક, લાઇન બંધ ચાલે.
તદ્દન એક કતાર! કયાં શીખ્યા હશે?
કબ્યાક, કબ્યાક, કબ્યાક!
અમારા છોકરા દાણા નાખે
કબ્યાક કબ્યાક કરતા તેઓ આવે.
છોકરા આનંદથી નાચવા માંડે
અને બતક દાણા વીણવા માંડે

તારાબેન શોડક

બીજી મહત્વની પરિષદો

મહિલા પરિષદ

ઇંદોરમાં નૂ. બા. શિક્ષણ સંમેલન તદ્દન નાનાં બાળકોની કેળવણી વિષે વિચાર કરવા ભરાયું તેજ અરસામાં, એટલે નાતાલની રજાઓમાં, બીજી ત્રણ જગાએ શિક્ષણનાં પક્ષો પર વિચારણા થઇ. અકોલામાં અખિલ ભારત મહિલા પરિષદ લેડી રામરાવના પ્રમુખપણા નીચે થઇ. આ પરિષદમાં રાજકીય, સામાજીક, ધાર્મિક વગેરે અનેક પ્રશ્નો પર વિચાર થયો અને તેમાં મહિલાઓએ પોતાનાં નિર્ણયો જાહેર કર્યાં. પણ નૂતન શિક્ષણની બાબતમાં આ પરિષદમાં બહેનોએ જે નિર્ણય કર્યો તે ખૂબજ મહત્વનો છે. ૭ વર્ષથી નીચેનાં બાળકોની કેળવણીનો પ્રશ્ન બહેનોએ હાથમાં લેવો જોઇએ એવો ઠરાવ પરિષદમાં થયો અને મહિલા પરિષદની બધી શાખાઓએ, (૧) શહેરોમાં અને ગામડાંઓમાં પૂર્વ બુનિયાદી શાળાઓ ચલાવવી, (૨) બાળકોના પ્રશ્નો માટે માનસશાસ્ત્ર મંદિરો ચલાવવાં, (૩) શિક્ષકો માટે અધ્યાપન મંદિર ચલાવવાં, (૪) શિક્ષકોને ચાલુ અધ્યાપન મંદિરોમાં તાલીમ માટે મોકલવાં, (૫) માતાઓને બાળ-ઉછેરની તાલીમ આપવા માટે વર્ગો ચલાવવાં–એ જાતનો કાર્યક્રમ પરિષદે નક્કી કરી આપ્યો. આ જાતનું કામ બહેનોએ પાંચ વર્ષ સુધી ચલાવવું અને તે પછી સરકારે અને મ્યુનિસિપાલિટીઓએ પૂર્વ બુનિયાદી શિક્ષણનો આખો પ્રશ્ન પોતાના કેળવણીના તંત્ર નીચે લઇ લેવો, એવો અભિપ્રાય મહિલા પરિષદે બતાવ્યો.

મહિલા પરિષદનું આ ઓગણીસમું અધિવેશન હતું; પણ આ અધિવેશનમાં મહિલાઓએ કેળવણીની બાબતમાં જે સ્પષ્ટ દિશા–સૂચન કર્યું છે અને તે સાથે પોતાને માથે જે પ્રત્યક્ષ જવાબદારી લીધી છે, તે માટે મહિલા પરિષદને ધન્યવાદ ઘટે છે. ૦ થી ૬ વર્ષ સુધીનાં બાળકોનો પ્રશ્ન દુનિયાભરમાં બહેનોના જ હાથમાં છે. હિંદુસ્તાન જ એવો કમેનસીબ દેશ છે કે જ્યાં બહેનો બાળવિકાસમાં પોતાનો મહત્વનો ભાગ નથી ભજવી શકતી. મહિલા પરિષદનો આ નિર્ણય ગંભીરતાથી દેશભરમાં અમલમાં આવશે એવી આશા અમે રાખીએ છીએ. હિંદુસ્તાન આખું આજે જાગી ઊઠ્યું છે. જીવનના દરેક ક્ષેત્રમાં પુનર્રચના માટે દરેક વ્યક્તિ, મંડળ, સમાજ, તંત્ર પ્રયત્ન કરે છે. ભારતની જાગૃત બહેનોએ પણ બાળશિક્ષણની જવાબદારી પોતાને માથે લેવાનું ઠરાવી પુનર્રચનાના કાર્યને સારો વેગ આપ્યો છે. ભારતની બહેનોને પોતાની જવાબદારી અદા કરવાની શક્તિ, તક અને સાધનસામગ્રી ઉપલબ્ધ થાઓ, એજ અમારી શુભેચ્છા છે.

શિક્ષણ પરિષદ

નાતાલના સપ્તાહમાં ત્રિવેન્દ્રમ મુકામે બીજી પરિષદ થઇ. તે અખિલ ભારત શિક્ષણ પરિષદ હતી. એમાં શિક્ષણના બધાં પાસાં પર સાંગોપાંગ વિચાર થયા અને મહત્વના નિર્ણયો પણ લેવાયા. (૧) દ્વેષ ઉપજાવનારાં પુસ્તકોનો બહિષ્કાર, (૨) શિક્ષકો માટે પૂરતું વેતન, (૩) રાજકારણ સાથે વિદ્યાર્થીઓનો સંબંધ, (૪) કન્યાઓ માટે આત્મરક્ષણની તાલીમની આવશ્યકતા, (૫) ઔદ્યોગિક શિક્ષણની યોજના, (૬) શારીરિક શિક્ષણ, (૭) ધાર્મિક શિક્ષણ, (૮) સંસ્કૃતનું અભ્યાસ-ક્રમમાં સ્થાન, (૯) આદિવાસીઓનું શિક્ષણ, (૧૦) પ્રૌઢશિક્ષણ, (૧૧) બાલશિક્ષણ, (૧૨) બાળકોના હકોનું જાહેરનામું, વગેરે પ્રશ્નો પર પરિષદમાં વિચારણા થઇને ઠરાવ પસાર થયા. અખિલ ભારત શિક્ષણ પરિષદનું આ ૨૨ મું અધિવેશન હતું અને આ પહેલાનાં અધિવેશનો કરતાં આ અધિવેશનમાં શૈક્ષણિક પુનર્રચનાની ધગશ વધારે સ્પષ્ટતાથી જણાઇ આવી.

બાલકન-જી-બારી

મુંબઇમાં આજ અરસામાં બાલકન-જી-બારીના કાર્યકર્તાઓનું સંમેલન થયું. બાલકન-જી-બારી આજે દેશભરમાં કીમતી કાર્ય કરી રહી છે. જેમ મોટી ઉમરનાં બાળકો માટે સ્કાઉટિંગની ચળવળ ચારિત્ર્ય શિક્ષણની દૃષ્ટીએ એક અજોડ પ્રવૃત્તિ છે, તેમ નાની ઉમરના બાળકો માટે બાલકન-જી-બારી એક અજોડ પ્રવૃત્તિ છે. શાલેય શિક્ષણની પૂર્તિરૂપે આ પ્રવૃત્તિએ ઘણું સુંદર સંગઠન અને કાર્ય કર્યું છે. આ વર્ષની પરિષદ પણ એ દિશામાં પ્રગતિરૂપ હતી. બાલકન–જી–બારીના મુંબઇ શાખાના પ્રમુખ પંત-સચિવ બાળાસાહેબ ખેર છે, એ વળી વિશેષ સૌભાગ્યની વાત છે. પરિષદનું ઉદ્‌ઘાટન શ્રી. બાળાસાહેબે કર્યું હતું અને શ્રી મોરારજી દેસાઇએ પણ પરિષદના બીજા એક અંગનું ઉદ્‌ઘાટન કરીને બાળશિક્ષણ વિષેનો પોતાનો પ્રેમ બતાવ્યો હતો.

આ ત્રણે પરિષદો અને ઇન્દોરનું સંમેલન એ બધાંનો સાકલ્યથી વિચાર કરીએ તો આપણને જણાય છે, કે હિંદ ભરમાં નૂતન શિક્ષણની વિચાર–નદીનાં પૂરનાં પાણી ફરી વળ્યાં છે. ભારતના ઉજ્જ્વલ ભાવિની આ સચોટ નિશાની નથી શું?

ગો. ર. કુલકર્ણી.

Regd. No. B. 2241

ઓ મહાભિનિષ્ક્રમણ !

બે હજાર વર્ષ પહેલાં એક નૌજવાન રાજપુત્રે પોતાની સુંદર સ્ત્રી, પ્રાણસમું પ્યારું બાળક અને સસગ્ર રાજ્યપાટનો ત્યાગ કરીને મહાભિનિષ્ક્રમણ કર્યું હતું. તે હતો રાજપુત્ર સિદ્ધાર્થ, જે પાછળથી પોતાની પ્રખર તપસ્યાથી ભગવાન બુદ્ધ થયો. દુનિયાના દુઃખ જોઇ તેનું હૃદય વ્યથિત થયું અને તેથી તેણે બધું તજીને મહાભિનિષ્ક્રમણ કર્યું.

આજે એક નૌજવાન નહીં, પણ એક વૃદ્ધ મહાત્માએ એવું જ મહાભિનિષ્ક્રમણ આદર્યું છે. સ્ત્રી પુત્રાદિનો મોહ તો તેને છે જ નહિ; પણ પોતાનાં બધાં સ્વકીયોને તજીને, પોતાની વૃદ્ધાવસ્થાને ગણકાર્યા વગર, એ મહાપુરુષે જગતના દુઃખને દૂર કરવા માટે મહાભિનિષ્ક્રમણ આદર્યું છે.

જેઓ એમ માને છે કે ગાંધીજીનો આ ઉપક્રમ એક રાજકીય પ્રવૃત્તિ છે, તેઓ નથી ગાંધીજીને સમજતાં, કે નથી રાજકારણને.

ગાંધીજીનું આ મહાભિનિષ્ક્રમણ માનવ જાતિના સનાતન કલ્યાણ માટેનો મહાયજ્ઞ છે.

હિંસાની પ્રલય જ્વાળાઓથી ઘેરાયેલી દુનિયા પર અહિંસાનો અમીરસ સીંચી તેને બચાવી લેવા માટેનો એ મહાપ્રયત્ન છે.

પચાસથી વધુ વર્ષ અડગ શ્રદ્ધાથી જીવનમાં વણેલા આદર્શની એ કપરી કસોટી છે.

સ્વાતંત્ર્ય પિપાસુ ભારતની સ્વાતંત્ર્ય યાત્રાની નૌકા અશાંતિના વમળમાં સપડાઈ છે તેને તારવા માટેનો એ ભગીરથ પ્રયત્ન છે.

ધર્માંધ જાતિદ્વેષની રક્તપિપાસાને શાન્ત કરવા માટેનું એ અમૃત સિંચન છે.

જીવનના સકલ્યનો એ માર્ગ છે.

એ માર્ગના યાત્રીને અમારા શતશઃ પ્રણામ હો!

ઘણું જીવો યુગપાવક ગાંધીજી!

—ગો. ર. કુ.

નૂતન બાલશિક્ષણ સંઘ

કાઠિયાવાડ

બાળશિક્ષણ સંમેલન

: સ્થળ :

અગાસરા

તારીખ

જાન્યુઆરી ૧૯ તથા ૨૦ : રવિ, સોમ

: ઉદ્‌ઘાટન :

શ્રીમતી સરલાદેવી સારાભાઇ

: પ્રમુખ :

શ્રી નાનાભાઇ ભટ્ટ

: સ્વાગત પ્રમુખ :

દરબારશ્રી વાજસૂરવાળા

જમવા રહેવાની સગવડ છે. જરૂર પ્રમાણે પાગરણ સાથે લાવજો. સંમેલનનું કામ ૧૯ મી તારીખે બપોરે બે વાગ્યા પછી શરૂ થશે. આવવાના બબર અગાઉથી બાલમંદિર બગસરાને સરનામે સ્વાગત મંત્રી શ્રી. લાલચંદ વહોરાને આપશો.

બગસરા જવા માટે ધોળા ઢસા થઇને ગોંડલ રેલ્વેના કુંકાવાવ સ્ટેશને ઉતરવાનુ છે. ત્યાંથી બગસરા લઇ જશે.

શિક્ષણ પત્રિકાનું નવું વર્ષ આ અંકથી શરૂ થાય છે.

વાર્ષિક લવાજમ રૂા. ૩)

જેમનું લવાજમ આ મહિના આખર નહીં આવે તેમને ફેબ્રુવારીનો અંક વી. પી. થી મોકલી આપવામાં આવશે.


આ અંકથી બધાંને નવું લવાજમ ભરવાનું રહેશે.

લા. કે —લવાજમ મોકલનારે પોતાનો ગ્રાહક નંબર અવશ્ય લખવો.

મુદ્રક–પ્રકાશક:–ગો. ર. કુલકર્ણી, ૧૧૭, હિંદુ કોલોની દાદર–મુંબઇ ૧૪, મુદ્રણ સ્થાન:–સ્ટેટ્સ પીપલ પ્રેસ, ૧૩૮, મેડોઝ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ.

મૂલ્ય આઠશિલિંગ ટપાલ ખર્ચ

શિક્ષણ પત્રિકા



વર્ષ ૨૨ મું] ફેબ્રુઆરી ૧૯૪૭ [અંક ૨ જો

આદ્યતંત્રી : સદ્‌ગત ગિજુભાઇ બધેકા
સંપાદક : શ્રી. તારાબેન મોડક

સહસંપાદક: શ્રી. ગોપાળરાવ કુલકર્ણી
શ્રી. રામલાલ પાઠક.

વાર્ષિક લવાજમ:
દેશમાં રૂા. ૩)
પરદેશમાં શિ. ૭।।

: બાલકે, પાલકે, અને શિક્ષકનું માસિક પત્ર :

શિક્ષણ પત્રિકા

છૂટક નકલ
૬ આના

જીવન આખુંય પવિત્ર છે, એકે એક ધંધો પવિત્ર છે. એકલા શિક્ષણના ધંધાને જ ત્યાગ, સેવા, પવિત્રતા અને પ્રમાણિકતા વગેરે સોંપવામાં આવે તો બાકીનું સમાજજીવન કચરા જેવું થઇ જશે. બધા જ ધંધા જ્યાં પવિત્રતા ગુમાવી બેઠા છે ત્યાં શિક્ષણ માટે તેથી વિરુદ્ધ ધારવું એ ભૂલ છે. બિચારો શિક્ષક મને ગમતો નથી. આવો શિક્ષક માયકાંગલો હશે. શિક્ષકનું માનસ મુડીવાદી પણ ન બને અને સંગ્રહવૃત્તિને પણ એ નહિ પોષે. સાથે સાથે એટલું જરૂર કહીશ કે શિક્ષક ગરીબાઇમાં પણ ન સબડે. સમાજની અંદર ઊંચું માથું રાખી શકે અને સ્વમાન સાથે જીવી શકે એજ શિક્ષક બાળકોને સાચી કેળવણી આપી શકે.

—હરભાઇ ત્રિવેદી

સાંકળિયું

લેખ	લેખક	પૃષ્ઠ
૧ બાળશિક્ષણની શાસ્ત્રીય ભૂમિકા	શે. ના. નામલે	૧૯
૨ બુનિયાદી તાલીમ એજ પાયાશુદ્ધ શિક્ષણ	તારાબેન મોડક	૨૦
૩ માબાપોના પ્રશ્નો	ગો. રા. કુલકર્ણી	૨૩
૪ જતાં આવતાં	તારાબેન મોડક	૨૫
૫ ચિડિયાંપણું	ગો. રા. કુલકર્ણી	૨૬
૬ લાડોલમાં બાળશિક્ષણ સંમેલન		૨૮
૭ શ્રી હરભાઇની વિચારકણિકાઓ	હરભાઇ ત્રિવેદી	૨૮
૮ વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને કેળવણી	સર એસ. રાધાકૃષ્ણન	૨૯
૯ બાળકોનું શહેર	ગો. રા. કુલકર્ણી	કવર પેજ ૩
૧૦ નાનાભાની દૃષ્ટિ	,,	કવર પેજ ૪
૧૧ કાઠિયાવાડનું વિભાગીય સંમેલન.	—અખબારપત્ર પરથી	કવર પેજ ૪

બાળમંદિરો માટે સાધનો

બાળમંદિર માટે સાધનો ખરીદતાં પહેલાં અમારું સૂચિપત્ર મગાવો.

દરેક સાધનો શાસ્ત્રીય પદ્ધતિથી બનાવવામાં આવે છે અને તે
બધાં નિષ્ણાતોની દેખરેખ નીચે તૈયાર કરવામાં આવે છે.

સૂચિપત્રમાં જણાવેલ ભાવ ઉપર બાળમંદિરોને જ ૬ ૧/૪ ટકા કમિશન આપવામાં આવે છે.

તમારી જરૂરિયાત માટે લખો :

બનાવનાર: નૂતન શિક્ષણ સાધનાલય એન્ડ આર્ટ વર્કર્સ લિમિટેડ.
વઢવાણ કેમ્પ (કાઠિયાવાડ).

બાલશિક્ષણની શાસ્ત્રીય ભૂમિકા

ગયા ૫૦/૬૦ વર્ષમાં મનોવિજ્ઞાનના ક્ષેત્રમાં મહત્ત્વની શોધો થયેલી છે, અને માનવી મનના સ્વરૂપ બાબત આપણું જ્ઞાન વધ્યું હશે તો પણ એ દૃષ્ટિએ આપણા વૈયક્તિક અને સામાજીક જીવનમાં, તે જ પ્રમાણે શિક્ષણ ક્ષેત્રમાં આપણી પ્રગતિ ઘણી થોડી થઇ છે એમ કહેવું પડશે. જીવનનાં ઘણાં ક્ષેત્રોમાં વ્યવહારમાં જૂના માનસની પકડ હજી કાયમ છે.

પહેલાંના માનશાસ્ત્રની મન સંબંધી કલ્પના ઘણીજ મર્યાદિત હતી. તેમાં મનના કેવળ જાગૃત (conscious) વ્યવહારને જ સર્વથા મહત્ત્વ આપવામાં આવતું હતું. તેથી આપણાં નીતિ નિયમ, કાયદા-રિક્ષણ અને વ્યવહારમાં જાગૃત મનની પ્રવૃત્તિઓને જ મહત્ત્વ અપાતું. આજે પણ વિદ્યાલયોમાં, ન્યાયાલયોમાં અને આપણા સમગ્ર વ્યવહારમાં જાગૃત મનની પ્રવૃત્તિઓને કારણે થનારી મનની અજાગૃત (Sup-conscions) પ્રવૃત્તિ ધ્યાનમાં લેવામાં આવતી નથી. જાગૃત મનનો વ્યાપાર, એટલે સમુદ્ર ઉપર તરતા બરફના પર્વતની પેઠે તેનો બહાર દેખાતો ભાગ, અતિ થોડો હોય છે. તેમ મનના અજ્ઞાત (unconscious) અને અજાગૃત (Sub-conscious) ભાગનો વ્યાપાર મુખ્યત્વે અંદર જ વધારે હોય છે. એ વાત સિદ્ધ-થયાને અનેક વરસો વીત્યાં છતાં આપણા સમાજમાં મૂળગામી ફેરફાર હજી થયો નથી. પોતાની ભૂલને પરિણામે, આરોગ્યના નિયમો તોડીને તબિયત બગાડનારા માટે આપણે દવાખાનાં બાંધીએ છીએ, તેમની સેવાશુશ્રૂષાની વ્યવસ્થા આપણે કરીએ છીએ. પરંતુ પરિસ્થિતિ અથવા બીજાની ભૂલને લીધે, જેમનું જીવન અવળે માર્ગે વળીને જેઓ ગુન્હેગાર બન્યાં છે, તેમની બાજુ જોતાં ભૂલ ન હોવા છતાં તેને માટે તેમને જવાબદાર સમજીને તેમને મોટા મોટા લોખંડના સળિયાવાળી કાળી કોટડીઓમાં પૂરી દેવાની સજા સુણાવવમાં આવે છે. જેલમાં Reformatories આવેલ છે પણ તે શિક્ષણના વિભાગ તરીકે શુશ્રૂષા ગણીને નહીં. સમાજના દરેક અંગોમાં સુધારણા થઇ છે પણ તે આવી Reformatory જેવી ઉપર ઉપરની.

સમાજમાં પરંપરાથી ચાલ્યા આવતા રૂઢ થયેલા વ્યવહાર એકદમ બદલવા મુશ્કેલ છે એમ એકવાર માની લઇએ તો પણ શિક્ષણના ક્ષેત્રમાં, જ્યાં નવી પેઢીને સબંધ છે ત્યાં, નવીન માનસશાસ્ત્રનો પાયો નાખીને નવા જ્ઞાનનો લાભ મેળવવો એટલો અઘરો નથી. પ્રગતિ—સમાજની પ્રગતિ—નવી પેઢીના પગ પર જ થઇ શકે છે, એ સામાજિક જીવનવિકાસનું રહસ્ય આપણને સમજાયું હોય તો નવીન મનોવિજ્ઞાનની દૃષ્ટિએ આપણું રૌક્ષણિક જીવન તપાસવું જોઇએ. ખાસ કરીને પૂર્વ પ્રાથમિક રિક્ષણનું આ દૃષ્ટિએ અત્યંત મહત્ત્વ છે તે સમજવું જોઇએ.

પ્રાથમિક શિક્ષણની શરૂઆત પાંચમા છઠ્ઠા અથવા સાતમા વર્ષથી કરવાનો રિવાજ સામાન્ય રીતે બધે છે. માનસશાસ્ત્રની દૃષ્ટિએ આ ઉંમરે બાળકનું મન સ્પષ્ટપણે બહિર્મુખ બનીને આજુબાજુના વ્યવહાર જાગૃત મનથી સમજવાનો પ્રયત્ન કરવા લાગે છે. પહેલાંની શિક્ષણ પ્રણાલિકા બાળકોના જાગૃત મનનો અનુભવ એજ શિક્ષણનું એક માત્ર માધ્યમ ગણીને ચાલતી હતી, તેથી શિક્ષણની શરૂઆતની વય મર્યાદા પાંચ વર્ષની માની હતી. કાયદાએ પણ એજ મર્યાદા સ્વીકારી હતી. નવીન મનોવિજ્ઞાને મનના આ જાગૃત વ્યાપાર પાછળનો પડદો ઊંચકયો તેવો જ મનના અજાગૃત અજ્ઞાત વ્યાપારોનો અતિ વ્યાપક પ્રદેશ દેખાડયો અને તેથી શિક્ષણનો અર્થ પણ તેટલો જ વ્યાપક બન્યો. કેવળ જન્મથી જ નહી, પણ માતાના પેટમાંથી અજ્ઞાત મનની પ્રેરણાથી પોતાના વ્યકિતત્વનો પિંડ (Psychic & Physical) ઘડાય છે એમ આપણે કહેવા લાગ્યાં. જન્મ પછી આજુબાજુના વાતાવરણના નાના મોટા સંસ્કાર અજાણપણે (Snbconsciously) મન ઉપર જ્ઞાનેંદ્રિયોના દ્વાર વડે અને સતત થયા કરે છે. અને તેને લીધે જીવનપ્રવૃત્તિઓના પાયારૂપ ગણાતી સ્મૃતિ (Mneme) વધારે ને વધારે સમૃદ્ધ બનતી જાય છે. સંસ્કાર ગ્રહણ કરવાની આ વખતની મનની ગતિ વિલક્ષણ હોય છે. આ સમયના સંસ્કારથી જ બાળક ગર્ભાધાનથી ગર્ભાધાનને પ્રેરનાર એવી પોતાના જાગૃત મનની ઇષ્ટાનિષ્ટ હિલચાલ, અજાગૃત અને અજ્ઞાત મનના મૂલ્યવાન ભંડારમાં સંગ્રહ કરે છે. ત્રણ ચાર વર્ષના બાળકને એની માતૃભાષા કોણ શીખવે છે? કોઇ પણ શાળામાં પ્રવેશ કરતાં પહેલાં જ માત્ર પોતાના

અજ્ઞાત પ્રયત્નથી બાળક પોતાની માતૃભાષા આત્મસાત્ કરે છે. નવીન માનસશાસ્ત્રે આ બાબત ઉપર પ્રકાશ પાડ્યાથી શિક્ષણની શક્યતા મનના કેવળ જ્ઞાત અનુભવ પૂરતી જ મર્યાદિત ન રહેતાં મનના અજ્ઞાત અને અજ્ઞાત પ્રદેશને પણ શિક્ષણના ક્ષેત્રમાં લઇ લીધો છે. આથી મનોવિજ્ઞાનવેત્તાઓ પૂર્વ પ્રાથમિક વયંતને શિક્ષણની દૃષ્ટિએ વધારે મહત્વનો ગણવા લાગ્યા છે. તો પણ બાળશાળાના શિક્ષણનું સંયોજન મનોવિજ્ઞાનના શુદ્ધ શાસ્ત્રીય પાયા ઉપર લઇ જવાનો પ્રયત્ન કવચિતજ થાય છે. તેથી જ પૂર્વ પ્રાથમિક વયના શિક્ષણનું શાસ્ત્રીય મહત્ત્વ સમજાવતાં આ વર્ષે લંડનમાં શરૂ થયેલા મોન્ટીસોરી કોર્સના પ્રારંભિક વ્યાખ્યાનમાં ડો. મોન્ટીસોરી બોલ્યાં:

The construction of each man has many stages. It occurs through the experiences of an individual. A science must be created to study this work of construction in all its phases. It will be a scientific study; not a cold one; but one which must attract the whole of humanity. ગયાં ૧૫/૨૦ વર્ષમાં આપણા દેશમાં ક્યાંય ક્યાંય ઠેકાણે પૂર્વ પ્રાથમિક શાળાઓ નીકળી છે, યુરોપ અમેરિકામાં પણ આ ૪૦/૫૦ વર્ષમાં નીકળી છે. તો પણ આ શાળાઓ નીકળી તે નવા મનોવિજ્ઞાનની પ્રયોગશાળા તરીકે નીકળી નથી. વધતા જતા ઔદ્યોગીકરણને કારણે પાંચ વર્ષ નીચેનાં બાળકોને તેનાં માતપિતાથી દૂર રાખવાની જરૂર પડી તેથી તેમને સાચવવા પૂરતી જ બાલશાળાઓ (Nursary schools) સ્થપાઇ. આગળ જતાં બાલશાળાના પ્રચારકોએ મનોવિજ્ઞાનના નામ ઉપર આ શાળાઓનો પ્રચાર કર્યો એટલું જ. કેવળ શાસ્ત્રીય ભૂમિકા ઉપર બાલશાળાના શિક્ષણનો વિચાર હજી થવાનો બાકી છે. આજ સુધી શિક્ષણને આપણે એક સામાજિક પ્રશ્ન તરીકે મહત્ત્વ આપતાં હતાં. હવે તે અખિલ માનવી સંસ્કૃતિના સંજીવનની આશાનું એક માત્ર ક્ષેત્ર બની બેઠો છે. તેથીજ બાલશિક્ષણનો વિચાર શાસ્ત્રીય ભૂમિકા ઉપર જ થવો જોઇએ.

પૂર્વ પ્રાથમિક શાળા એટલે હસતાં રમતાં જે જે શીખવી શકાય તે શીખવવું અને તેમાંથી ચાલુ પ્રાથમિક શાળાની સર્વ તૈયારી કરતાં આવડે એટલે બાલશાળાનું કામ સફળ થયું એવી કલ્પના અનેક શિક્ષણશાસ્ત્રી કહેવરાવનારાઓની હોય એમ લાગે છે. માત્ર હસવું, ખેલવું એ મનોવિકાસનું લક્ષણ બની શકે નહિ, તેથી અત્યારનું પ્રાથમિક શિક્ષણ જીવનના સર્વાંગી વિકાસની દૃષ્ટિએ યોગ્ય અને શાસ્ત્રીય નથી. અજ્ઞાત મનના શિક્ષણતંત્રને હજી કવચિત જ મહત્તા અપાય છે. કારણ બાળકોના ખરા વ્યક્તિત્વનું સ્થાન હજી આપણને સમજાયું નથી.

"The children are the key-stone to the better civilisation; they are not merely people who must be helped"

બાલશિક્ષણ એ રમત ગમતથી શીખવવાનો પ્રશ્ન નથી: ભાવી સમાજના પુનર્જન્મની એ જવાબદારી છે, એ દૃષ્ટિએ એની યોજના થવી જોઇએ. (અપૂર્ણ)

મરાઠી ઉપરથી શે. ના. નામલે

બુનિયાદી તાલીમ એજ પાયાશુદ્ધ શિક્ષણ

આપણા પ્રાંતમાં સર્વ પ્રાથમિક શિક્ષણ બુનિયાદી અથવા વર્ધા યોજના અનુસાર થવાનું છે. તેનો અર્થ શો છે, તેના લાભાલાભ શા છે, એવો પ્રશ્ન સામાન્ય જનતાના મનમાં ઉત્પન્ન થતો હશે. મને લાગે છે કે આ બાબતમાં ઘણી જગ્યાએ પૂર્વદૂષિત મત અને તેનો દુરાગ્રહ હોવાનો સંભવ છે. કારણ "વર્ધાયોજના એટલે તેમાં સૂતર કાંતવાનું આવશે. સૂતર કાંતવું એટલે ગાંધીનો એક તરંગ અને લોકોને તેની સૂગ છે."

આવી મનોદશા ઘણી જગ્યાએ દેખાય છે. સાધારણ બસ અને રેલગાડીમાં જતાં આવતાં આવા વિચારો કાને અથડાય છે.

આ નવો તરંગ શું છે તેની થોડી વિસ્તૃત માહિતી મેળવી હોય અને શાંતપણે સમજી લીધી હોય તો મને લાગે છે કે-આ શિક્ષણ સુધારણા બાબત કોઇને કશો દુરાગ્રહ રહેવાનું કારણ નથી.

આ નવી એટલે નવ દસ વર્ષ જૂની યોજના શું છે? તે બાબત ટૂંક વિવેચન અહીં આપું છું. જેથી તે બાબતમાં વિના કારણ થનાર ગેરસમજ દૂર

થશે એવી મને આશા છે.

ઉદ્યોગનું માધ્યમ

આ યોજનાની મુખ્ય વિશેષતા તે "ઉદ્યોગ એ શિક્ષણનું માધ્યમ" હોવું જોઇએ એ તત્ત્વ આ યોજનોમાં સૌથી પ્રથમ આગળ આણ્યું, એ છે.

ચાલુ સમયમાં પ્રાથમિક અને બાકીના સર્વ શિક્ષણનું માધ્યમ પુસ્તક અને ભાષા છે. તેથી ઓછામાં ઓછું પ્રાથમિક શાળામાં તો પુસ્તક અથવા ભાષા એ માધ્યમ ન રાખતાં ઉદ્યોગ એ માધ્યમ રાખવું જોઇએ એવી આ યોજનામાં વ્યવસ્થા છે.

એનો અર્થ એ કે બાળક જે કંઇ ઉદ્યોગ કરે પછી તે સૂતર કાંતવાનો હોય, ખેતીકામ હોય કે ગમે તે હોય, તેમાં તેને અનેક વસ્તુઓનો પ્રત્યક્ષ પરિચય, પ્રત્યક્ષ અનુભવ મળે છે. પુષ્કળ વિચારો સૂઝે છે. અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય છે. અને તેને લીધે જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે. વાંચેલી ને સાંભળેલી એવી અનેક વાતો પ્રત્યક્ષ વ્યવહારમાં ઉદ્યોગ દ્વારા તે જાણી શકે છે. સારાંશ જે જ્ઞાન મળે છે તે મેળવવાની જિજ્ઞાસાનું ઉગમ સ્થાન તે ઉદ્યોગમાં હોય છે અને તે અજમાવી જોવાનું અથવા પ્રયોગ કરીને જોવાનું તે ઉદ્યોગ મારફત થઇ શકે છે. અને જ્ઞાનનો તથા પ્રત્યક્ષ જીવનનો એ રીતે જીવંત સંબંધ જોડી શકાય છે.

તેથી ઊલટું પુસ્તકીય જ્ઞાનમાં પ્રત્યક્ષ સાથે સંબંધ નથી હોતો. જિજ્ઞાસા ઉત્પન્ન થઇ હોતી નથી. અને લખેલું જ્ઞાન જે માથામાં ભરવામાં આવે છે તે પ્રત્યક્ષ અનુભવી જોયું હોતું નથી. તેથી શીખેલી સર્વ વિદ્યા ફક્ત પુસ્તકિયા વિદ્યા રહે છે.

વ્યવહારથી જુદાઇ ન જોઇએ

દિવસે દિવસે વ્યવહાર અને પ્રત્યક્ષ અનુભવ તથા વિદ્યા વચ્ચે અંતર વધતું જાય છે અને તેથી ભણેલા લોકો વ્યવહારમાં અથવા પ્રત્યક્ષ જીવન જીવવામાં અયોગ્ય બનતા જાય છે.

ઉદાહરણ તરીકે અમુક પ્રદેશમાં અમુક વસ્તુ પાકે છે, અમુક જીલ્લાઓમાં દુકાળ છે વગેરે બધું ભૂગોળમાં વિદ્યાર્થીએ ગોખેલું હોય છે. પરંતુ વેપારીની દુકાને ગોખા, દાળ કે કંઇપણ આણવાનું હોય તેની કિંમત, સારી નરસી વસ્તુની પરખ, તેનો હિસાબ વગેરે તરત સમજાતું નથી. વેપારી પૂછે કે ઘી બેલગામનું, બાનદેશનું કે પોરબંદરી આપું? તો તેમાં તે કંઇ સમજતાં નથી. 'સારું આપો' એટલોજ જવાબ તેઓ આપે છે. એક-દરે ગાય, ભેંસ, બેતીવાડી, ઉદ્યોગ ધંધા, વાહન વ્યવહાર વગેરે સઘળી મનુષ્ય જીવનમાં, વ્યવહારમાં અત્યંત જરૂરી વાતો જીવનમાં ઉપયોગી થશે એ રીતે મેળવેલું જ્ઞાન બાળક પાસે નથી હોતું. એનાં બે કારણો છે. એક તો તેને જીજ્ઞાસા નથી હોતી અથવા આ બધું શા માટે શીખવાય છે તેની બબર નથી હોતી. કેવળ પરીક્ષા માટે માથામાં ભર્યું હોય છે. અને બીજું એ કે જ્ઞાનના પ્રત્યક્ષ વ્યવહાર સાથે સબંધ નથી હોતો. તેથી જ્ઞાનનું માધ્યમ ઉદ્યોગ થવાથી પુસ્તકીય જ્ઞાનને બદલે જીવન સાથે જોડાયેલી વિદ્યા બાળક શીખશે.

ઉદ્યોગ ઉપરાંત સામાજીક જીવન સાથે અને દેશકાલ પરિસ્થિતિ સાથે જ્ઞાનના વિષયો જોડવા જોઇએ એમ આ યોજના કહે છે, અને એ વાત ઘણી જ મહત્ત્વની છે. દાખલા તરીકે જે દિવસે કરા પડે અથવા વાવાઝોડું થાય અથવા વરસાદ બેંચાવે તેથી મોલ સૂકાવા માંડે, ત્યારે તેમ થવાનાં કારણો કહેવાં જોઇએ. તે જ પ્રમાણે ગામમાં લગ્ન, મરણ, રોગચાળો, ધાર્મિક ઉત્સવો વગેરે થતાં હોય તે જ વખતે તેને વિષે સઘળી માહિતી બાળકને થોડામાં કહેવી જોઇએ. મતલબ કે અભ્યાસના વિષયોનો પ્રત્યક્ષ જીવન સાથે સંબંધ જોડવો જોઇએ.

બેઠાડુ શિક્ષણ અને બુનિયાદી તાલીમ

ઉદ્યોગથી બીજો મહત્વનો લાભ બાળકોને હાથપગ વાપરવાની તક મળે છે એ છે. અત્યારની શિક્ષણ પદ્ધતિથી બેઠાડુ શિક્ષણ મળે છે. જલ્દી ઊભા થઇને કંઇ કરવાનો કંટાળો આવે છે. આરામ ખુરશી પર બેસી રહીને પડ્યા પડ્યા વાંચવાનું વધારે ગમે છે. એનો દોષ વિદ્યાર્થી ઉપર નથી પણ જે પદ્ધતિથી તેઓ ભણ્યા છે તે પદ્ધતિનો છે. દિવસના પાંચ પાંચ કલાક એક જગ્યાયે બેસી રહેવાનું શારીરિક શિક્ષણ એમને ઉંમરના પાંચમા વર્ષથી સતત દસ પંદર વર્ષ સુધી મળ્યા કર્યું છે. તો તેની શારીરિક હિલચાલ ઓછી થઇ જાય અને તેને બેસી રહેવું એજ સ્વાભાવિક લાગે તેમાં શી નવાઇ?

આચાર્ય કાકાસાહેબ કાલેલકરે એક જગ્યાએ આ વસ્તુ બહુ માર્મિક ભાષામાં લખી છે. પગ અને શીંગડાં એવું એ લેખનું મથાળું છે. સાબરને પાણીમાં પોતાનું

રૂપ જોવાથી પોતાનાં શીંગડાં માટે અભિમાન થાય છે. પણ પગ સામે જોતાં બહુ દિલગીરી ઉપજે છે. પરંતુ વખત આવ્યે પગ ઉપયોગી નીવડે છે અને શીંગડાં તેનો જીવ લે છે. આ ઇસપનીતિની વાર્તામાંથી આપણે એ સાર કાઢવો જોઇએ કે :—

ચાલુ શિક્ષણથી આપણાં શીંગડાં વધારે ને વધારે સુશોભિત બનતાં ગયાં છે, પણ માત્ર પગ કમજોર થતા ગયા છે. તેથી જ્યારે આપણી પાછળ જીવનસંગ્રામનાં કુતરા પડે છે ત્યારે આપણા પગમાં શક્તિ ન હોવાથી ચાપણે આગળ જઇ શકતાં નથી અને વિદ્યાનાં શીંગડાં, કયાંક ડાળામાં ભરાઇ જાય છે. એટલે કે મૃત્યુ એજ એનું પરિણામ આવે છે. તેથી આ શીંગડાં વધારનારૂં શિક્ષણ છોડીને આપણે પગ મજબુત કરનારૂં એવું શિક્ષણ બાળકને આપવું જોઇએ.

હાથ સાથે માથું પણ ચાલે છે

ઉદ્યોગ મારફત હાથને જેમ જેમ કસબ આવડે છે તેમ તેમ બુદ્ધિ પણ કામ કરતી જાય છે. મનુષ્યનો આજ સુધીનો બધો બુદ્ધિ વિકાસ તેના હાથના વિકાસના સંયોગથી જ થયો છે. હાથ આળસુ રહે તો માથું પણ ચાલશે નહિ. માત્ર તે ઉદ્યોગ હસ્ત કૌશલ્યનો હોવો જોઇએ. માત્ર બે કલાક માટી ઉપાડવાનું અથવા ઇટો સારવાનું કામ કરીએ તો તે બુદ્ધિવિકાસને પોષક નહીં થાય. પણ તેમાં વધારેને વધારે પ્રવીણતા મેળવવી, હાથની અને આંગળાંની કુશળતા પ્રાપ્ત કરવી અને નવસર્જન કરતા રહેવું એ ગુણ હોવો જોઇએ. તેમાં એકાગ્રતા અને સતત પ્રયત્નને અવકાશ મળવો જોઇએ. તેજ પ્રમાણે ઉદ્યોગ મારફત બાળક હાથ વાપરવામાં અને તે વાપરતાં મગજ વાપરવામાં કુશળ બનશે.

આ ઉદ્યોગ તે બાળશિક્ષણનું માધ્યમ હશે. તે તેના જીવન વ્યવહાર ચલાવવા માટેના દ્રવ્યોપાર્જનના ધંધાની દૃષ્ટિએ કદાચ ઉપયોગી થશે, પરંતુ શિક્ષણમાં જે ઉદ્યોગને સ્થાન આપવાનું છે તે ધંધાની દૃષ્ટિએ નથી, પણ કેવળ એક શિક્ષણના માધ્યમ તરીકે છે. ઉદ્યોગદ્વારા બાળકના હાથ, પગ, મગજ વાપરવાની શક્તિ ખીલે છે અને આગળ જતાં બાળક એ શક્તિ જે કંઇ સર્જન કરવું હોય તેમાં વાપરી શકશે. તેના જીવનમાં અને આગળના શિક્ષણમાં તેનું શરીર, મન અને બુદ્ધિ કામ આપશે. ટૂંકામાં મૂળ ઉદ્યોગ માધ્યમવાળી શાળા તે ઉદ્યોગ શાળા નથી, પણ પ્રાથમિક અથવા બુનિયાદી શિક્ષણ આપનારી પાઠશાળા છે.

અર્થોત્પાદનનો પ્રશ્ન

મહાત્મા ગાંધીજીએ પહેલાં કહેલું હતું કે બાળકોના ઉદ્યોગમાંથી શાળાનું બધું પણ નીકળશે. તેની ઉપર લોકોએ બૂબ ટીકા કરી હતી. કાચાં કુમળાં બાળકોની સુકુમાર વયમાં શિક્ષણનો બધું તેની ઉપર લાદવામાં જનતાની વત્સલતા અને પિતૃકર્તવ્યનિષ્ઠાને ધક્કો લાગ્યો હતો. પણ આ વસ્તુ તરફ જૂદી દૃષ્ટિએ જોઇએ તો તેમાં ગભરાવા જેવું કશું નથી. જ્યારે એકસો હાથ રોજ બે ત્રણ કલાક કામ કરે ત્યારે તે કંઇ ને કંઇ ઉત્પાદન કરશેજ. અને તે કામની કેટલી કિંમત થઇ તે પણ ગણી શકાશે. સમજો કે પચાસ બાળકો રોજ એક બેતરમાં બે ત્રણ કલાક કામ કરે છે અથવા બે કલાક સૂતર કાંતે છે તો વર્ષ આખરે એ બેતરમાં કંઇક તો પાકશેજ અથવા સૂતરની કેટલીક આંટીઓ તૈયાર થશેજ. જો કિંમત કઢવામાં આવે તો એટલો હિસ્સો બાળકોએ આપ્યો તેમ કહેવાય અને એમ કહેવું એમાં નાનમ નથી, પણ અભિમાન છે. એથી ઊલટું શાળાનું બધું ઉપાડવા માટે શાળાનું જેટલું બધું હોય એટલા પૈસા પેદા કરવા માટે બાળકો પાસે મજુરી કરાવવામાં આવે તો તે વાત નિંદ્ય છે.

કયા ઉદ્યોગ આપવા?

હવે પછી એ રહે છે કે બાળકોને કયા ઉદ્યોગો આપવા ?

(૧) સઘળી પ્રાથમિક શાળાનાં લાભો બાળકોને આપી શકાય એવો એ ઉદ્યોગ હોવો જોઇએ

(૨) ઉદ્યોગમાં જરૂરી એવાં સાધનો, ઇતર પ્રાથમિક બધું અને ચાલુ બધું સમાજ, અથવા સરકાર ઉપાડી શકે તેવાં હોવાં જોઇએ,

(૩) તેમાંથી જે કંઇ ઉત્પાદન થાય તેની યોગ્ય વ્યવસ્થા સહેલાઇથી કરી શકાય તેમ તેવો ઉદ્યોગ હોવો જોઇએ.

(૪) તે ઉદ્યોગ શિક્ષણનું માધ્યમ થઇ શકે તેવો હોવો જોઇએ. એટલે કે કૌશલ્ય અને સર્જનને તેમાં અવકાશ હોવો જોઇએ. ઉપરાંત તેમાંથી અનેકવિધ જ્ઞાન મળે તેવા વિષયો સાથે સબંધ ધરાવતો હોવો જોઇએ.

(૫) જેમાં શિક્ષક સહેલાઇથી તૈયાર થઇ શકે એવો ઉદ્યોગ હોવો જોઇએ.

(૬) મનુષ્ય સમાજને ઉપયોગી મૂળભૂત ઉદ્યોગો માંહેનો તે એક ઉદ્યોગ હોવો જોઇએ.

(૭) શીખાઉ અને નવા શીખેલાના હાથે થતી નુકસાનનું પ્રમાણ ખમી શકાય એવો ઉદ્યોગ હોવો જોઇએ. અને

(૮) સૌથી મહત્વની વાત એ કે બાળકોની સ્વાભાવિક વૃત્તિને ગમે તેવો એ ઉદ્યોગ હોવો જોઇએ.

કાંતણ ઉદ્યોગ શા માટે ?

આ સઘળી શરતો ઉત્તમ રીતે પૂરી કરી શકે તેવો એક જ ઉદ્યોગ છે અને તે કાંતણકામ. ઓછા ખર્ચે તે થઇ શકે છે. કપડાં એ માણસની અનાજ પછી તરતની જરૂરિયાત છે. સુતરનું શું કરવું એ પ્રશ્ન બહુ મુશ્કેલ નથી. દરેક બાળક પોતાનું સુતર કાંતી લઇને વાપરી શકે. શિક્ષક બે ત્રણ મહિનામાં જ આ શાસ્ત્રમાં પ્રવીણ થઇ શકે. તેમાં કૌશલ્ય અને નવસર્જન છે. ગણિત, ભૂગોળ, ઇતિહાસ, ભાષા વગેરે સઘળા વિષયો સાથે આ ઉદ્યોગ જોડાયેલો છે. ખેતી, કપાસ ઉગાડવો, સુતારીકામ એ બાજુના ઉદ્યોગ તરીકે થઇ શકે છે. એ બધી શાળાઓમાં સહેલાઇથી શરૂ કરી શકાય તેવો છે. ખર્ચની દૃષ્ટિએ બધા કરતાં ઓછા ખર્ચે થઇ શકે છે. સૌથી મહત્વનો છે એટલે કે ચક્ર અને ગતિ એજ નાના બાળકને રમતમાં સૌથી વધુ આકર્ષક વાત છે, તે આ ઉદ્યોગમાં હોવાથી આ ઉદ્યોગ બાળકોને ગમે છે. ભમરડો અથવા ચકરડી ફેરવવા જેવો જ આનંદ લેવાની સાથે આમાંથી મજાનું સુતર નીકળતું જાય છે એ એક મોટું આકર્ષક તત્વ છે. વળી તદ્દન નાનાં, ચાર પાંચ વર્ષનાં બાળકોથી પણ એની શરૂઆત થઇ શકે છે.

એકંદરે આ બુનિયાદી તાલીમ એટલે પાયાનું શિક્ષણ, મજબુત પાયા ઉપર શરૂ કરવું જોઇએ એ અતિશય જરૂરી છે. અને સરકાર આ વિના વિલંબે હાથ ધરે તો તે બદલ તેને જેટલાં અભિનંદન આપીએ તેટલાં થોડાં છે.

(મરાઠી ઉપરથી) —તારાબેન મોડક

☆

માબાપોના પ્રશ્નો

[આ વિભાગમાં માબાપોને બાળ ઉછેરની બાબતમાં આવતી મુશ્કેલીઓ અથવા શંકાની ચર્ચા કરવાનો અમારો ઇરાદો છે. માબાપોને એવા અનેક પ્રશ્નો હંમેશા ઊઠે છે. તેઓ કોઇ પ્રશ્નો અમને મોકલી આપશે તો અમે તેનો યથામતિ ઉત્તર આપવાનો પ્રયત્ન કરીશું —સંપાદક]

પ્રશ્ન: મારો પાંચ વર્ષનો બાળક મને હંમેશા વળગેલો રહે છે. તેનાં બીજાં ભાંડુઓ અથવા તેના પિતા મારો થોડો પણ સમય લે તે તેને ગમતું નથી. મને ભય છે એ ભાવડીઓ થઇ જશે. એને માટે શું કરવું ?

ઉત્તર: આપણને અત્યારે જે માનસશાસ્ત્રનું જ્ઞાન ઉપલબ્ધ છે તે દૃષ્ટિએ વિચાર કરીએ તો આપણને જણાશે કે બાળપણમાં દીકરો માને અને દીકરી બાપને વળગી રહે છે એ સ્વભાવિક છે. તેમાં ગભરાવા જેવું કશું નથી. મનમાં રહેલી જાતીય ભાવનાનું એ બાલ્યાવસ્થામાં સ્વાભાવિક આકર્ષણ હોય છે.

આજે તમારા બાળકના મનમાં બીજાં ભાંડુ અને તેના પિતા માટે જે ઇર્ષ્યાવૃત્તિ દેખાય છે તે ધીમે ધીમે ચાલી જશે. તેને બદલે પિતા માટે લાડ કરવાની વૃત્તિ આપોઆપ આવશે. અને હું પણ પિતા જેવો થાઉં એમ એને લાગશે. પણ આને માટે પિતાએ પુત્ર પ્રત્યેની પોતાની ફરજ બરાબર બજાવવી જોઇએ. માતા અને પિતા બંનેનું બાળકના વિકાસમાં સ્થાન છે. માતા બાળકની કોમળ બાજુ સમૃદ્ધ કરી શકે જ્યારે પિતા તેની કઠોર-કાર્યક્ષમ પુરુષાર્થ વૃત્તિને પોષણ આપી શકે. પિતા આ કર્તવ્યમાંથી ચ્યુત થાય તો બધીજ જવાબદારી માતા ઉપર આવી પડે છે. છત્રપતિ શિવાજી મહારાજને તેમના બાળપણમાં પિતાનાં દર્શન પણ દુર્લભ હતાં. પિતા અને માતા બનેની જગ્યાએ તેમને જીજાબાઇજ હતાં. તેથી શિવાજી મહારાજના મનમાં અસાધારણ માતૃભક્તિ ઉત્પન્ન થઇ અને તે છેવટ પર્યંત ટકી. માતાએ પોતાનું કર્તવ્ય બજાવતાં પિતાનું પણ બજાવ્યું. શિવાજી મહારાજનું સ્વધર્માભિમાન, સ્વદેશભક્તિ, શૌર્ય, પવિત્રતા, નિરલસતા, એ સર્વ ગુણ

તેમની માતાની કર્તવ્યનિષ્ઠામાંથી તેમનામાં આવ્યા.

આ દૃષ્ટિએ જોઇએ તો પિતાએ પોતાનું કર્તવ્ય બજાવવુ કેટલુ જરૂરી છે તે જણાઇ આવશે. પિતાએ બાળક ઉપર પ્રેમ કરવો જોઇએ એટલું જ બસ નથી. પણ બાળકોના જીવનમાં રસ લેવો જોઇએ. એટલે બાળકને પૌરુષવૃત્તિની તાલીમ આપવી જોઇએ. તેને જુદાં જુદાં સાહસનાં કામો કરવા માટે ઉ-તેજન આપવું જોઇએ. તેને દૂર દૂર પ્રવાસમાં લઇ જવાં જોઇએ. તેને અનેક મર્દાની રમતો જાતે શીખવવી જોઇએ. પિતા આ પ્રમાણે કરશે તો બાળક યોગ્ય ઉમરે આપોઆપ માતા પાસેથી પિતા તરફ વળશે.

તમારો બાળક તમનેજ વળગી રહે છે એટલે તમારો પ્રેમ તેને વધારે જોઇએ છીએ એમ સમજશો નહીં. તેને તેના પિતાનો પ્રેમ વધારે જોઇએ છીએ. આ બાબતમાં બાળકના પિતા સાથે વાતચીત કરીને તેમને પણ આ વાત સમજાવવી જોઇએ.

જ્યાં માત પિતાનો સંબધ એકદમ સ્વાભાવિક છે, જ્યાં બન્નેનુ જીવન સંયમિત છે, જ્યાં બન્ને જણ બાળકો પ્રત્યેનું પોતાનું કર્તવ્ય બરાબર બજાવે છે, ત્યાં માવડિયાપણાનું અનિષ્ટ સ્વરૂપ કદી દેખાશે નહી. ઉપર આપેલા શિવાજી મહારાજના દૃષ્ટાંતમાં પિતા પોતાનું કર્તવ્ય તદ્દન વીસરી ગયા હતા. એ પરિસ્થિતિમાં શિવાજી મહારાજમાં બાયલાપણુ ઉત્પન્ન થવાની ભીતિ સ્વાભાવિક હતી. પણ તેમની માતાએ ડહાપણુ ભરી રીતે અને ધીરજપૂર્વક પોતાનું કર્તવ્ય એટલું સ્પષ્ટ બજાવ્યુ કે શિવાજીના મનમાં 'માતૃગંડ' (Mother fixation) ઉત્પન્ન ન થતાં સમગ્ર સ્ત્રી જાતિ માટે માતાસમાન ગણવાની વૃત્તિ તેમનામાં દૃઢ થઇ. એક માતા પોતાના પ્રયત્નથી એટલું કરી શકી તો પછી માતા પિતા બન્ને પોતાના જીવનની મર્યાદા સંભાળીને વર્તે તો બાળકના વિકાસમાં કોઇપણ પ્રકારની વિકૃત ગ્રંથી ઉત્પન્ન થશે નહીં.

પ્રશ્ન : મારા પાંચ અને સાત વર્ષનાં બાળકો, દીકરો અને દીકરી પોતાની વસ્તુઓની બાબતમાં અને પોતાના હકક બાબત હમેશાં લડે છે. આ બાબતમાં તેમને લડવા દેવાં કે વચ્ચે પડવું ? આ વૃત્તિ ક્ષણજીવી છે કે દીર્ઘજીવી એ કેમ કરીને નક્કી કરવું ? ભાઇબહેનમાં સ્વાભાવિક પ્રેમ સંબધ શી રીતે સ્થાપવો ?

ઉત્તર : વસ્તુ માટે લડવાડ થવી એ બાળકો માટે અમુક મર્યાદા સુધી સ્વાભાવિક સમજવી જોઇએ. એની પાછળ તેનામાં રહેલી સંગ્રહવૃત્તિ હોય છે. જે કંઇ સારૂં દેખાય તે પોતાનું કરવાની વૃત્તિ બાળકોમાં હોય છે, તેથી તેઓ લડે છે. પણ બાળકો પોતાના અધિકાર માટે લડે છે એમાં તેનાં માબાપ જવાબદાર ગણાય. બાળકો સાથેના વર્તાવમાં માબાપ એક માટે પક્ષપાતની વૃત્તિ બતાવે છે. માતા નાનાં બાળક તરફ પક્ષપાત બતાવે છે, તો પિતા મોટા બાળક તરફ, એવું જોવામાં આવે છે. આ કારણે બાળકો પોતાના હકક માટે અંદરો અંદર લડે છે. અને આ લડવાડને પરિણામે એક પ્રકારની ઇર્ષ્યા પેદા નથી થતી તો ઉદાસીનતા તો જરૂર આવે છે.

આ બધું ટાળવાનો એકજ ઉપાય છે અને તે એ કે માબાપોએ બાળકો માટે સમાન ભાવ રાખવો જોઇએ. પણ આવી સમાનતા કવચિતજ દેખાય છે. એટલે મોટે ભાગે ચારેકોર બાળકોની લડવાડ જોવામાં આવે છે. છોકરા છોકરીમાં પણ 'આ ભાઇ છે. તું છોકરી છે. છોકરા જેમ છોકરી વર્તે તે કેમ ચાલે ?' એમ કહીને ક્રિયા સ્વાતંત્ર્યની બાબતમાં છોકરીને દબાવી દઇને છોકરા તરફ પક્ષપાત કરવામાં આવે છે. એથી ઊલટું છોકરી માટે કપડાં, દાગીના વગેરે લાવી આપવામાં આવે છે, છોકરીના દેખાવ તરફ વધારે ધ્યાન આપવામાં આવે છે, અને છોકરાંના કપડાં ગમે તેવા હોય તોયે ચાલે એવી વૃત્તિ જોવામાં આવે છે. આનું પરિણામ છોકરાના મન ઉપર થાય છે. અને પહેલી વૃત્તિનું પરિણામ છોકરીના મન ઉપર થાય છે. આવા અસંગત વર્તનથી બાળકોના મનમાં એક બીજા માટે સ્પર્ધા અને ઇર્ષ્યા એ બે ભાવના ઉત્પન્ન થાય છે. અને તેને લીધે જ લડાઇ થાય છે.

ભાંડુઓમાં પ્રેમ ઉત્પન્ન કરવા માટે એક માત્ર ઉપાય એ છે કે માબાપોએ દરેક બાબતમાં સરખી વૃત્તિ અને વર્તન રાખવાનો પૂરો પ્રયત્ન કરવો જોઇએ. માંદગીને લીધે અથવા નાના હોવાને કારણે બાળક તરફ વધારે ધ્યાન આપવું પડે તેમાં પક્ષપાતની વૃત્તિ નથી. તે કારણે બાળકોમાં આડાઇ આવતી નથી. પણ જ્યાં દેખીતો પક્ષપાત છે ત્યાં બાળકોમાં સ્પર્ધા, ઇર્ષ્યા, મત્સર વગેરે ભાવ ઉત્પન્ન થયા સિવાય રહેતા નથી.

'નિષ્પક્ષપાત પ્રેમ' એજ આ પ્રશ્નનો એક માત્ર જવાબ છે.

(મરાઠી ઉપરથી) ગો. વા. કુલકર્ણી

જતાં આવતાં

જતાં આવતાં હંમેશાં એક કરુણ દૃષ્ય વારંવાર આપણને જોવા મળે છે.

ગાડી સ્ટેશનમાં ઊભી રહે કે તરત બાળકો નીચે ઊતરવાની ઇચ્છા બતાવે છે. મોટેરાં તેને છાનાંમાનાં બેસી રહેવાનું કહે છે.

ઓછામાં ડબામાં તો એ હંમેશાં બને છે. 'ગાડીમાંથી નીચે ઊતરવાનું નથી, હોં કે?' કોઇ કહે છે. તો વળી બીજી કહે છે 'ગાડી ચાલતી થશે અને તું નીચેજ રહીશ?' પણ મોટે ભાગે કારણ ન કહેતાં 'નહિ, નહિ નીચે ઊતરવાનું નથી' એટલું જ તેને કહેવામાં આવે છે.

આનું કારણ મોટેરાનું આળસ અગર વિનાકારણ બીક એજ હોય છે. બારણું ઉઘાડવું, નીચે ઉતારવું, ફરી પાછું ચડાવવું, આ બધી તકલીફ શા માટે? એવી તેમની વૃત્તિ હોય છે.

કેટલાંક બાળકો તો ગાડીમાં બેસે ત્યારથી તે ઊતરીને ઘેર પહોંચે ત્યાં સુધી એક પ્રકારની બીકમાંજ રહ્યા કરે છે. તે ગભરાયેલાં અને અતિશય વ્યગ્ર સ્થિતિમાં રહે છે. તેથી વચલા સ્ટેશને ઊતરવાનું તેમને માટે શકય જ નથી હોતું.

બરૂં જોતાં મોટેરાંએ એવો વિચાર કરવો જોઇએ. ટ્રેનમાં પ્રવાસ કરવો એટલે કેટલાક કલાકની કેદ જ હોય છે. તેમાં કેટલાક પ્રવાસ તો આખો દિવસ અને આખી રાત કરવાના હોય છે. તેમાં મોટાં માણસો પણ કંટાળી જાય છે. ઉપરાંત આ બાજુ એટલી બધી ગરદી હોય છે કે અંદરને અંદર પગ મોકળા થઇ શકતા નથી. તેથી શરીર અકડાઇ જાય છે. મોટાં માણસો પણ કંટાળી જાય છે. તો પછી નાનાં બાળકો કંટાળે તેમાં શી નવાઇ? તે શરીરે પણ અકડાઇ જાય છે અને મનથી કંટાળે છે.

તેથી બાળકો અંદરને અંદર કંઇક કામ મેળવી શરીરને જરા મોકળું કરવાનો ઉપાય શોધે છે.

ધડીકમાં બાંકડા ઉપર ચડે ને થોડી વારે નીચે ઊતરે. એકવાર બારી પાસે બેસે તો ફરી બાંકડા પર સુઇ જાય. આમ કરીને તે મનનો કંટાળો ઓછો કરવાનો અને શરીર મોકળું કરવાનો પ્રયત્ન કરે છે. પણ બાળકોની આ વાત મોટેરાંને ઘણે ભાગે પસંદ પડતી નથી.

ઉપર ચડાવ્યું તો ત્યાં તેણે છ કલાક બેસી રહેવું એમ એમને લાગે છે. 'આ શું વારંવાર ચડ ઉતર કરે છે'? એમ કહીને તે બાળક ઉપર ખીજાય છે.

પણ બાળકો શા માટે ચડ ઊતર કરે છે તે તેમના ખ્યાલમાં આવતું નથી. એક નાનીશી જગ્યામાં સંકોડાઇને બેઠા પછી હાથ પગ મોકળા કરવા શી રીતે? તે બિચારાં ત્યાં જરા મોકળાં થવાની યુકિત શોધી કાઢે છે. તેને માટે એમને ધન્યવાદ આપવા જોઇએ. ઊલટું સ્વમાન એક બાજુ કરીને તેમને ચડ ઉતર કરવાની સગવડ કરી દેવી જોઇએ. એને બદલે બાળકો ઉપર ખીજવું એ ખરેખર અયોગ્ય છે.

પહેલાં કહ્યું તેમ મોટા સ્ટેશન ઉપર ગાડી કેટલી મિનિટ ઊભી રહેવાની છે તે પહેલેથી જાણી લઇ બાળકોને નીચે ઉતારી દેવાં જોઇએ. બીજું કોઇ સાથે ન હોય અને પોતે એકલીજ હોય તો દૂર ન જતાં ડબા પાસે ઊભા રહેવું અને એટલામાં જ ફરવું અઘરૂં નથી.

બાળકને પહેલેથી કહી મૂકવું કે ડબા પાસેથી દૂર જવાનું નથી. અને તાળી પાડુ કે તરત આવી જજે. અથવા સ્ટેશનના ડંકા પડે કે ગાર્ડ સીટી મારે તે ધ્યાનમાં રાખી આવી જજે. આમ કહીએ તો બાળક બરાબર ખ્યાલ રાખીને તેમ કરે છે. પણ મોટેરાં બાળકોને તદ્દન મૂરખ માને છે. બાળક નીચે ઊતરે કે તરત તે રહી જશે, ગાડી ઊપડી જશે એમજ લાગ્યા કરે છે. પણ ઊતરીને ચડતાં એક બે મિનિટ જ લાગે છે. અને મોટા સ્ટેશન પર જ્યાં ૧૦/૧૫ મિનિટ ગાડી ઊભી રહે છે ત્યાં નીચે ઊતરીને આખા પ્લેટફોર્મ ઉપર ફરીને પાછા આવતાં માંડ પાંચ મિનિટ લાગે છે. આનો હિસાબજ કોઇ કરતું નથી.

નીચે ઊતરવાથી હાથ પગ મોકળા થાય છે, જરા ખુલ્લી હવા મળે છે. લોકો નીચે ઊતરે છે તે જોવા મળે છે. એકંદરે શરીર અને મન તાજાં કરીને બાળક અંદર આવે છે. તદ્દન નાના દોઢ વરસના બાળકને નીચે ઊતારીને કેડમાં બેસાડી ફેરવવું અથવા આંગળીએ વળગાડી થોડું ચલાવવું. જેથી તેની ગાડીમાંની કટકટ થોડી ઓછી થશે.

ગાડીમાં જતાં આવતાં બાળકોની આવી કરુણ સ્થિતિ દેખાય છે. અને તેનો ઉપાય આટલો સાદો-

હોવા છતાં લોકો તે કેમ અજમાવતા નથી, તેની નવાઇ લાગે છે.

આ સાદો અને મન તથા શરીરને આહ્લાદ આપનારો ઉપાય કરવાને બદલે બાળકને જે વેચાવા આવે તે લઇ દેવું અથવા ભાતાના ડબ્બામાંથી પુરી, લાડુ, પીપરમીટ વગેરે કાઢીને ખાવા આપવું અને એ રીતે તેની કટકટ બંધ કરવી એવા રસ્તા ઘણા લોકો લે છે. પરંતુ તેને લીધે પેટમાં અસ્વસ્થતા વધે છે અને બાળક વધારે રાડો પાડે છે તે તેમના ધ્યાનમાં આવતું નથી. તેથી મોટેરાંઓને આ નાની બાબતમાં બરાબર યોગ્ય વિચાર કરીને બાળકોનું અવલોકન કરી તેની અસ્વસ્થતાનાં કારણો શોધી તેનો ઉપાય કરવાની ભલામણ છે.

બાળકોને સ્ટેશન ઉપર નીચે ઉતારી ફરવા દેવાં અથવા પોતે ફેરવી લાવવાં એ અત્યંત જરૂરી છે, એ બાબત તરફ મોટેરાઓનું લક્ષ ખેંચીએ છીએ.

(મરાઠી ઉપરથી) **તારાબેન.**

ચિડિયા પણ*

નાનાં બાળકો અને મોટાં માણસો ઘણીવાર ચિડિયાં થઇ જાય છે એમ આપણે જોઇએ છીએ. પોતાની ઇચ્છા વિરુદ્ધ કંઇ પણ બન્યું તે સહન ન કરતાં ઊંચા નીચા થવું, રાડો પાડવી, માથાં પછાડવાં, હાથમાં આવ્યુ તે ઉપાડીને મારવું, ગાળો ભાંડવી, રડવું, આળોટી પડવું, વાળ ખેંચવા વગેરે બાબતો મોટા વિચારી ગણાતા માણસો પણ કરતા જોવામાં આવે છે. આવે વખતે તેઓ પોતાના અસ્સલ સ્વરૂપમાં ન હોતાં તેમનામાં કોઇ ભૂત ભરાયુ હોય અથવા તો તેમને કાંઇ વળગાડ હોય એવું જણાય છે. મોટાં માણસોમાં જણાતાં આ દોષનાં બીજ નાનપણમાં નંખાયાં હોય છે. તેથી મોટા માણસમાં જણાતું ચિડિયાપણું અથવા ભૂત ભરાયુ હોય તેવો વર્તાવ દેખાય ત્યારે તેનું મૂળ તેમના બાળપણમાં શોધવું જોઇએ. અને નાનાં બાળકોમાં આવું ચિડિયાપણું દેખાય ત્યારે તેનું કારણ શોધીને તેનો ઉપાય તત્કાળ કરવો જોઇએ અને તેમાંથી તેમને મુકત કરવાં જોઇએ.

ચિડિયાપણું કેટલીકવાર જન્મથી જ હોય છે. એકાદ પ્રસૂતિગૃહમાં આપણે જોઇએ અને ત્યાં ટેબલ પર એક બીજાની પાસે સુવાડેલાં બાળકોનું નિરીક્ષણ કરીએ તો આપણને આ ચિડિયાપણાનુ એકાદ ઉદાહરણ મળી આવશે.

ભૂખ લાગી હોય ત્યારે એક બાળક માત્ર મોહું બાજુએ કરીને થોડો અવાજ કરતું આપણને જણાઇ આવશે. બીજું બાળક એટલા જોરથી રડશે – કે તેનું માથું અને મોં લાલચોળ થઇ જશે અને તેના પેટમાં આંકડી આવતી હશે કે શુ, એવી બીક આપણને લાગશે. ત્રીજું બાળક આ બે અતિરેકની વચલી અવસ્થામાં માત્ર રડીને પોતાની ભૂખ જાહેર કરશે.

બાળકની સ્વતંત્ર હિલચાલમાં અડચણ આવે એટલે તેનો વિરોધ કરવાની વૃત્તિ દરેક બાળકમાં હોય છે. શરૂઆતમાં તેનુ સ્વરૂપ ઘણું ખરૂં બહાર દેખાતું નથી. પણ બાળક જેવુ મોટુ થતું જાય છે તેમ તેમ તેની વૃત્તિ વધારે સ્પષ્ટ થતી જાય છે અને તેને ક્રોધ એવું નામ આપણે આપીએ છીએ અને આ વૃત્તિ જેનામાં હોય છે તે બાળકને આપણે 'ક્રોધી' કહીએ છીએ. આ વૃત્તિ દરેક બાળકમાં એકસરખી બળવાન હોતી નથી. કોઇમાં ક્રોધનું પ્રમાણ ઓછું હોય છે, કોઇમાં વધારે હોય છે. વિરોધ કરવાના પ્રસંગો જીવનમાં હમેશાં આવે છે. એકદમ લાડમાં ઊછરેલાં બાળકોમાં વિરોધ કરવાના પ્રસંગ વધારે આવે છે. વાતાવરણ અથવા તેનો જેની ઊપર કાબુ ન હોય એવી વ્યકિત સાથે બાળકની ઇચ્છાનો વિરોધ થાય છે. આ વિરોધમાંથી કલહ, ઝગડો ઉત્પન્ન છે. આ કલહ કોઇ કોઇવાર ચારિત્ર ઘડતરમાં પ્રત્યક્ષ મદદ કરનાર થાય છે. તો કોઇ કોઇવાર પરોક્ષ રીતે મદદ કરે છે. એનો અર્થ એવો નથી કે ચારિત્ર ઘડવા માટે કૃત્રિમ રીતે ઝગડા ઊભા કરવા જોઇએ. બાળકના જીવનમાં કુદરતજ એવા પ્રકારના પ્રસંગ લાવે છે. ભાંખડભરિયા ચાલનારા બાળકના રસ્તામાં આડી આવતી વસ્તુ તેના જીવનમાં કલહ ઉત્પન્ન કરે છે. અને તેની વિરોધ કરવાની શકિત વધારે છે. વિરોધ કરીને સંકટમાંથી સુરક્ષિત પણે પાર નીકળી જવાની શકિત આજ માર્ગે વિકસે છે. ક્રોધ એ પણ વિરોધ વૃત્તિનું એક

* શ્રી. માર્થા મે રેનોલ્ડસના લેખને આધારે—લેખક.

સ્વરૂપ છે. ક્રોધ સિવાય વિરોધ હોઇ શકે છે. આપણા ખોળામાં મંકોડો ચડે તેને આપણે હાથથી નીચે પાડી દઇએ છીએ એમાં ક્રોધ ચડતો નથી. પણ કેટલીક જગ્યાએ સરળતાથી વિરોધ થઇ શકતો નથી. જે પરિસ્થિતિનો સામનો કરવાનો હોય છે તે ઘણી વાર વધારે બળવાન હોય છે. એવે વખતે ક્રોધ આવે છે. મારવું, રડવું, બટકું ભરવુ એ બધા પ્રકાર વિરોધની ક્રિયામાં આવે છે. અને પછી એ સઘળા મળીને ચિડિયાપણાનો પ્રકાર બને છે.

'સમાજને ન ખપે એવું વિરોધનું અસંયમિત સ્વરૂપ' એવી વ્યાખ્યા આવા ચિડિયા સ્વભાવ માટે આપણે કરી શકીએ.

બાળકમાં વિરોધની વૃત્તિ અને શક્તિ બન્ને હોવી જ જોઇએ. તે ન હોય તો બાળકનો વિકાસ થઇ શકે નહી. પણ આ વૃત્તિને ઉપર કહ્યા પ્રમાણે 'સમાજને અગ્રાહ્ય' અને 'અસંયમિત' સ્વરૂપ આવે તો તે જીવનવિકાસને ઘાતક બને છે.

તો પછી ચિડિયાપણાનો ઉપાય શો ? ઉપાય જોવા માટે આપણે તેનું મૂળ શોધવું પડશે. બાળકના જીવનમાં તદ્દન નાનપણમાં પણ એકાદ હઠાગ્રહીપણાનો પ્રસંગ આપણને મળી શકે. તે વખતે એને એવા હઠાગ્રહીપણાથી ઇચ્છિત વસ્તુ મળી હોય છે. પછી ઇચ્છિત વસ્તુ મેળવવા માટે એ ઇલાજનો ઉપયોગ વારંવાર બાળક કરે છે. અને પછી એનો એ સ્વભાવજ બની જાય છે, અને પછી એ મોટપણે પણ માણસને છોડતો નથી. વાઇનો રોગ આવ્યો હોય તે પ્રમાણે માણસો કેટલીક વાર વર્તે છે તેનું કારણ આ જ હોય છે.

પણ આટલાથી જ ચિડિયાપણાની સંપૂર્ણ મીમાંસા થતી નથી. ઘણીવાર મનમાં ઉદ્ભવતા એવા અનેક પ્રશ્નો હોય છે, જેનો નિકાલ થઇ શકતો નથી. માબાપના પક્ષપાતથી ઉત્પન્ન થનારી એક બીજા પ્રત્યેની ઇર્ષ્યા, પોતાના પ્રત્યેનો ન્યૂન ભાવ, કૌટુંબિક સંબંધોમાં અસમાનતા વગેરે કારણોને લીધે પણ કજીયાળો સ્વભાવ થઇ જાય છે. તેથી કજીયાખોરપણું શાને લીધે આવ્યું તે શોધવામાં બાળકના માબાપનું બાળકો તરફનું વર્તન અને તેનું કૌટુંબિક વાતાવરણ તેનો પણ વિચાર આપણે કરવો જોઇએ.

ઘણી વાર બાળકો સાથે કેવી રીતે વર્તવું તે બાબતમાં માબાપનો એકમત હોતો નથી. તેથી બાળકો સાથેના વર્તાવમાં બન્ને વિચિત્ર પ્રકારની વૃત્તિ રાખે છે. કોઇ કોઇવાર બન્નેનું વર્તન એક બીજાથી વિરોધી હોય છે. આને લીધે પણ બાળક કજીયાખોર અને હઠાગ્રહી થઇ જાય છે. કોઇ કોઇવાર માતાનું જીવન અત્યંત કાર્યવ્યગ્ર હોવાથી બાળકની અવગણના થાય છે તેથી બાળક કજીયાખોર થાય છે. કેટલીકવાર પોતાને નાનપણમાં ન મળેલું બધું જ સુખ પિતા બાળક ઉપર લાદવાનો પ્રયત્ન કરે છે. તેથી બાળક કજીયાળાં થાય છે. સારાંશ એટલો જ કે બાળકને પરિસ્થિતિ સાથે સમરસ થવું ફાવતું નથી તેથી તે પોતાનું સમતોલપણું ગુમાવી બેસે છે.

પણ તેનો ઉપાય શો ?

માબાપોએ આ પ્રશ્નને બે રીતે વિચારવો જોઇએ. એક તો એ કે માબાપોએ આવા ચિડિયાપણાને મહત્ત્વ આપવું ન જોઇએ અને આવા હઠાગ્રહી સ્વભાવનું મૂળ શોધી કાઢવું જોઇએ.

તેમાંની પહેલી વાત એ કે કજીયાળાં છોકરાં તરફ બિલકુલ લક્ષ ન આપવું જોઇએ. બાળક અત્યંત હદબહાર કજીયા કરવા લાગે કે સૌએ ત્યાંથી ચાલ્યા જવું એ ઉત્તમ ઉપાય છે. તેમ કરવું શકય નહિ હોય તો બાળકને સૌનાથી દૂર કરવું જોઇએ. પણ એમ કરવામાં જે સ્થળે આપણે બાળકને મૂકી જઇએ તે જગ્યા અત્યંત સુરક્ષિત હોવી જોઇએ. ચોથા માળ પરનું અંધારૂં કાતરિયું એને માટે કામનું નથી. બાળક કૂદકા મારીને નીચે પડે એવું સ્થળ પણ ન હોવું જોઇએ. લબ્ધ કે પોતાની મેળે રડી રડીને શાંત થઇ જાય તેવી સુરક્ષિત જગ્યા હોવી જોઇએ. એ જગ્યાએ અગ્નિ અથવા સળગતો દીવો હોવો ન જોઇએ. તીક્ષ્ણ હથિયાર ન હોવું જોઇએ. ઝેરી પદાર્થ કે ઝેરી દવા ન હોવી જોઇએ. એક વાકયમાં એનો નિયમ કહેવો હોય તો **"ચિડિયું બાળક જે વખતે હઠના આવેશમાં આવે ત્યારે એને એકદમ પ્રેમથી, યુકિતપૂર્વક, અત્યંત સુરક્ષિત જગ્યાએ, એકલું રહી શકે તે રીતે, છોડી જવું જોઇએ."**

આમાં 'એકદમ' એ ક્રિયાવિશેષણ મહત્ત્વનું છે. કારણ કે વખત ગયા પછી આવેશ વધે છે. પ્રેમથી કરવું જોઇએ, કારણ કે પ્રેમથી બાળકના ક્રોધનો ડંખ નીકળી જાય છે; યુકિત વાપરવી જોઇએ કારણ કે બધી

જગ્યાએ એકજ પ્રકાર ઉપયોગી થતો નથી. જગ્યા સુરક્ષિત જોઇએ કેમકે બાળકના જીવનને અથવા શરીરને નુકશાન ન થવું જોઇએ એ જોવાનું આપણું કર્તવ્ય છે. આ ઉપચારથી બાળકના કજીયાખોરપણાના પુનરાવર્તનને ઉ-તેજન મળતું નથી. અને ધીમે ધીમે બાળક આ દોષમાંથી મુકત થાય છે.

હવે મૂળ કારણ કેવી રીતે શોધવું તે. જોઇએ. એને માટે એકજ માર્ગ નથી. દરેક બાળકની કૌટુંબિક પરિસ્થિતિ ઉપર એ માર્ગ અવલંબે છે. જે બાળકને બોલતાં આવડતું નથી તે તેના ચિડિયા સ્વભાવનું કારણ શોધવામાં મદદરૂપ થતું નથી. પરંતુ જરા મોટી ઉંમરના બાળકો મદદ કરી શકે છે. તેથી મોટી ઉંમરના બાળકો સાથે તેના ચિડિયાપણા વિષે વાત કરવી લાભકારક નીવડે છે. પરંતુ આ વાતચીત કરતી વખતે મુરબ્બીઓએ બાળક તરફ ગુન્હેગારની દષ્ટિએ જોવાથી કામ નહિ સરે. પરંતુ તેની તરફ રોગીની નજરે જોવુ જોઇએ, એટલે કે પ્રેમ અને સહાનુભૂતિથી ચર્ચા કરવી જોઇએ. બાળકને લાગવું જોઇએ કે મને મદદ કરવાની ઇચ્છાથી મોટેરાંઓ મને કહે છે.

એકવાર કારણ અથવા કારણો મળ્યા પછી ચિડિયાપણુ ફરી દેખાય જ નહીં એવા ઉપાયો લેવા જોઇએ. આમાં બાળકની શકિતને સર્જનાત્મક માર્ગે વાળવી એ ઉપાય વધારે પરિણામકારક દેખાય છે. પણ એક વાત ધ્યાનમાં રાખવી જોઇએ કે ચિડિયાપણું એકદમ જતું નથી. તે જેટલું જૂનું તેટલું વધારે વખત લે છે. આ દોષના ઉપાયની યોજના કરતી વખતે માબાપની અખંડ જાગૃતિ, મનની દૃઢતા, પ્રેમવૃત્તિ, બાળક પ્રત્યેની સહાનુભૂતિ વગેરે વૃત્તિઓનો ઉપયોગ કરવો જોઇએ. તોજ તે બાળકને આ અનિષ્ટ દોષમાંથી છોડાવી શકશે.

[મરાઠી ઉપરથી] **ગો. રા. કુલકર્ણી.**

લાડોલમાં બાળશિક્ષણ સંમેલન

નૂતન બાલશિક્ષણ સંઘની ઉત્તર ગુજરાત શાખા તરફથી લાડોલ, તાલુકે વિજાપુર મુકામે તા. ૧૦, ૧૧ જાનેવારીના રોજ જાણીતા શિક્ષણશાસ્ત્રી શ્રી હરભાઇના પ્રમુખપણા નીચે બાળશિક્ષણ સમેલન થયું. કાર્યક્રમ ભરચક હતો અને શિક્ષકોએ તેમજ જનતાએ શ્રી હરભાઇના જ્ઞાન અને અનુભવનો સારો લાભ લીધો. સમેલનમાં "આપણાં બાળમંદિરો વધારે શાસ્ત્રીય અને સમાજ ઉપયોગી કેમ બને?" એ વિષય પર ચર્ચા થઇ હતી. સંમેલનમાં નીચેની બાબતોમાં ઠરાવો થયા હતા. (૧) બધાં બાળમંદિરો નૂ. બા. શિ. સંઘ સાથે જોડાય (૨) બાળમંદિરો પ્રાથમિક શિક્ષણનો વિભાગ શરૂ કરે (૩) દરેક બાળમંદિર માસિક સમાચાર પત્ર મોકલી આપે (૪) સરકારી પ્રાથમિક શાળાઓ વડોદરા રાજ્ય પાસેથી માગી લઇ જ્યાં શકય હોય ત્યાં બાળમંદિરોના અનુસંધાનમાં ચલાવવી (૫) બાળમંદિરોના શિક્ષકોનું પગાર ધોરણ ૩૫ – ૫/૨ – ૫૫ અને મોંઘવારીભથ્થુ રૂા. ૨૦) રાખી, રૂા. ૨૦૦૦) વીમો ઊતરાવવો અથવા પ્રોવિડેટ ફંડની પદ્ધતિ દાખલ કરવી. (૬) બાલકન–જી–બારીએ રચેલ બાળકોના હકકપત્રનો સ્વીકાર (૭) શૈક્ષણિક પુનર્રચનાની યોજના માટે વડોદરા રાજ્યને ધન્યવાદ (૮) અધ્યાપન મંદિરો ઓછા ખર્ચાળ અને વધારે સગીન થવાં જોઇએ (૯) મહેસાણા પ્રાંતની નૂતન બાળશિક્ષણની સંસ્થાઓ ઉ. ગુ.ની શાખા સાથે જોડાઇ તેને બહાલી.

આ સંમેલનમાં બહારથી આવેલા મહેમાનોનો ખર્ચ ગામલોકોએ ઉઠાવ્યો હતો એ વખાણવાલાયક છે.

લાડોલના આ સમેલને ઉત્તર ગુજરાતની નૂતન શિક્ષણની પ્રવૃત્તિને ઠીકઠીક વેગ આપ્યો છે.

(–સંમેલનના અહેવાલ પરથી)

શ્રી હરભાઈની વિચારકણિકાઓ

[નૂ. બા. શિ. સંઘની ઉત્તર ગુજરાતની શાખાનું બાલ શિક્ષણ સંમેલન, લાડોલ, (તા. વિજાપુર) મુકામે તા. ૧૦–૧૧ જાનેવારીને રોજ ભરાયું હતું. તેમાં પ્રમુખસ્થાનેથી તેમજ વાલીઓની સભામાં શ્રી. હરભાઇએ જે ભાષણો આપ્યાં તેમાંના અગત્યના વિચારો નીચે આપ્યા છે. —સંપાદક]

૧ ધનની પ્રતિષ્ઠા અને સત્તાની પ્રતિષ્ઠા ધન અને સત્તાનો નાશ થતાં ચાલી જાય છે; પણ વિદ્યાની પ્રતિષ્ઠા અમર છે.

૨ બાળક આવતી કાલનો થાંભલો છે અને એ માટેજ એનું મહત્ત્વ છે. બાળકની પૂજામાં સુંદર દેહ, રૂપલાવણ્ય કે શારીરિક શકિતની પૂજા નથી, પણ

આવતી કાલની દુનિયાની પૂજા છે.

૩ તમામ જગ્યાએ ત્યાગ અને સેવાને અવકાશ છે. ત્યાગની ગણતરી માણસ કેટલું ઓછું વેતન લે છે, કેટલું દાન કરે છે એ પર ન થવી જોઇએ. પણ એ પોતાના ધંધામાં કેટલો પ્રામાણિક છે એમાં જ મપાવી જોઇએ. કાળા બજારમાં પાંચ લાખ રૂપીયા કમાઇ પાંચ હજારનું દાન કરનાર માણસ સમાજમાં દાનેશ્વરી અને ત્યાગી ગણાય છે તે સાચેજ આપણું કમભાગ્ય છે.

૪ સમાજ આજે ચારે બાજુથી સડી ગયો છે. એમાંથી ક્રાંતિની જ્યોત જગાવાનું કામ શિક્ષણનું છે.

૫ સેવા અને પવિત્રતાની વ્યાખ્યાઓ પણ આજે વિકૃત બની છે. જે ધંધામાં આપણે પડ્યાં એમાં માણસાઇ લાવવી તેજ સાચી સેવા છે.

૬ બાળક રડીને વિરોધ નોંધાવે છે, તો તેને મારવાથી કે અપમાનિત કરવાથી શું વળશે? આમ કરવાથી ગ્રંથીઓ બંધાશે અને એ સાચો નાગરિક નહીં થઇ શકે.

૭ આપણું ઘર સુશોભિત કરવાની જેમ આપણી ફરજ છે તેવીજ રીતે આવતી કાલની દુનિયા સર્જવા માટે બાળકોને સન્માનવાની આપણી ફરજ છે.

(લાડોલ સંમેલનના અધ્યક્ષીય
વ્યાખ્યાનમાંથી) —હરભાઇ ત્રિવેદી

વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન, અને કેળવણી

[શ્રી રાધાકૃષ્ણને યુનેસ્કો પરિષદમાં આપેલા વ્યાખ્યાન પરથી—સંપાદક.]

નિરક્ષરતાની સામે આપણે ઝુંબેશ ઉઠાવવાનું ઠરાવ્યું છે તે યોગ્ય છે. લિંગ, વંશ કે રાષ્ટ્રનો ભેદ રાખ્યા વગર બધા જ માનવીઓને કેળવણીની એક સરખી તક મળવી જોઇએ એવી આપણી અભિલાષા છે. નિરક્ષરતા એ માનવી વિકાસનો મોટામાં મોટો દુશ્મન છે. પણ માત્ર સાક્ષરતાથી જ કામ નહીં સરે. જે રાષ્ટ્રો માટે ભાગે નિરક્ષર છે તેમણે લડાઇઓ જગાવી નથી, પણ જેઓ સારી પેઠે સાક્ષર છે એવાં રાષ્ટ્રોજ યુદ્ધોના પ્રવર્તક છે. દુનિયાના સુધરેલા દેશોમાં પ્રાથમિક શિક્ષણ સારી પેઠે પ્રસર્યું છે, પણ એજ સુધરેલા દેશોએ દુનિયાને યુદ્ધમાં ધુબાડી દીધું છે. લોકોને માત્ર લખતાં વાંચતાં શીખવીને આપણું કામ નહીં સરે; આપણે તેમને યોગ્ય અને અયોગ્ય વચ્ચેનો તફાવત પારખતાં પણ શીખવવું જોઇએ. શાળાઓ, કોલેજો યુનિવર્સિટીઓ, રેડિયો, છાપખાનાં અને ચિત્રપટો – આ આપણાં જ્ઞાન પ્રચારનાં સાધનો છે; પણ અસત્ય જ્ઞાન એ અજ્ઞાન કરતાં ઘણુંજ વધારે ખરાબ છે. બર્નાર્ડશોએ કહ્યું કે વાંચનથી ડોન ક્વિક્ઝોટ સદ્‌ગૃહસ્થ થયો, પણ જે વાંચ્યું તે પર વિશ્વાસ રાખવાથી તે ગાંડો થયો! આપણી શિક્ષણ સંસ્થાઓ આપણાં જુવાનોને સ્વતંત્ર વિચાર કરતાં નથી શીખવતી, પણ ઠોકી બેસાડેલા સિદ્ધાંતોને સ્વીકારતાં શીખવે છીએ. ડિક્ટેટરોએ મોટામાં મોટો ગુન્હો કોઇ કર્યો હોય તો તે એ છે, કે તેમણે જવાબદાર સ્વાતંત્ર્યની ભાવનાને મારી નાંખી. દુનિયામાં શિક્ષણની માત્રા (Quantity) વધે એના કરતાં શિક્ષણની ગુણવત્તા (Quality) વધે એ વધારે મહત્વનું છે.

આપણી પાસે બુદ્ધિબળ છે, વૈજ્ઞાનિક શોધખોળ છે, ઔદ્યોગિક સંઘટના છે, તેમજ વફાદારી, શિસ્ત, સ્વાર્થ ત્યાગ જેવાં નૈતિક સદ્‌ગુણો છે, તેમ છતાં આપણે નિષ્ફળ નીવડ્યા છીએ કારણ કે આ બધી સંપત્તિનો આપણે અવળા કામોમાં ઉપયોગ કર્યો છે. આપણી પેઢીનું દરદ બૌદ્ધિક સ્ખલન એ નથી પણ આધ્યાત્મિક અંધાપો એ છે. જે શિસ્ત જીવનના શ્રેયસ્કર ઉદ્દિષ્ટોને સ્પર્શે છે તે તત્ત્વજ્ઞાનની શિસ્ત છે.

ગયે વર્ષે પ્રાથમિક પરિષદે આપણી આ સંસ્થાના મુખ્ય ઉદ્દેશોમાં વિજ્ઞાનને સ્થાન આપ્યું એ યોગ્યજ કર્યું છે. યુદ્ધનાં મૂળ કારણો આર્થિક હોય છે, તેથી વિજ્ઞાનની શોધખોળોનો ઉપયોગ કરી આપણે દુનિયાના અસંખ્ય લોકોને અન્ન, વસ્ત્ર, મકાન અને કેળવણીની સગવડ કરી દઇ શકીએ, તો યુદ્ધનું એક જબરદસ્ત કારણ દૂર થશે. આપણે જાણીએ છીએ કે વિજ્ઞાનનો ઉપયોગ શાંતિ કે યુદ્ધ બન્ને માટે થઇ શકે છે. તેથી વિજ્ઞાન આપણા હાથમાં સાધનો આપે છે, પણ એ

સાધનોનો કયા સાધ્ય માટે ઉપયોગ કરવાનો છે તેની દિશા બતાવતું નથી. અહીં પણ આપણે તત્ત્વજ્ઞાનનો આશ્રય લેવો પડે છે.

હમણાંજ આપણે વિચાર અને વ્યવહારની લેવડ-દેવડના સ્વાતંત્ર્યની વાતો સાંભળી. જે રીતે અણુશક્તિનાં રહસ્યો જળવાય છે તે જોતાં વિચારોની અનિર્બદ્ધ આપલેનો અવરોધ થાય છે. આ પરિષદમાં રશિયાની હાજરી નથી તે પરથી દુનિયાના ભાગલા કેવી રીતે પડ્યા છે તેનો ખ્યાલ આપણને આવે છે. રશિયાનો ભય આપણે દૂર કરવો હોય તો વૈજ્ઞાનિક શોધખોળોની સાચી આપલે આપણે કરવી જોઇએ. આ વ્યાસપીઠ પરથી માત્ર જાહેરાતો કરીએ તેટલુ બસ નથી. આપણી કસોટી આપણાં કાર્યોથીજ થશે.

તત્ત્વજ્ઞાનનો અભ્યાસ એ વૈજ્ઞાનિક અભ્યાસ કરતાં કલાના અભ્યાસ સાથે વધારે મળતો છે. વિજ્ઞાનોમાં આપણે નિરીક્ષણ કરીએ છીએ, પછી શોધખોળ કરીએ છીએ, પછી સામાન્ય સિદ્ધાન્ત તારવીએ છીએ. આમાં આપણા પોતાના ભાવાભાવોને સ્થાન આપતાં સત્ય જે સ્વરૂપમાં દેખાય તેજ સ્વરૂપમાં આપણે તેને રજુ કરીએ છીએ. વાસ્તવિકતાનું દબાણ અને પરોક્ષિતાની જોહુકમી એ વિજ્ઞાનના આવશ્યક સિદ્ધાન્તો છે. જ્યારે કળામાં મન વસ્તુ સાથે એકરૂપ થઇ જાય છે; મન વસ્તુમાં પ્રવેશે છે, મન તે વસ્તુનાજ શ્વાસે શ્વાસ લે છે, તેનો ફરી કબજો કરે છે. વૈજ્ઞાનિક સત્યો સૃજનાત્મક દર્શનોથી જુદાં હોય છે. વૈજ્ઞાનિક શોધખોળોની જગ્યા બીજી શોધખોળોથી ભરી કાઢી શકાય, પણ સાહિત્યનાં રસસર્જનો અને કળાનાં અદ્‌ભુત આવિષ્કરણોની જગ્યા ભરી કાઢવી શકય નથી. કારણ કે એ સર્જનો અને આવિષ્કરણો તેના સર્જકોના આત્મા સાથે વિશ્વનું ઐકય થવાથીજ પેદા થાય છે. વૈજ્ઞાનિક શોધખોળોમાટે આપણે સસ્થાઓ ખોલી શકીએ છીએ પણ કવિઓ કે તત્ત્વજ્ઞોને કેળવવા માટે સંસ્થાઓ નહીં હોઇ શકે. વિજ્ઞાન એ સહકાર પર રચેલું સર્જન હોઇ તેમાં ઘણાના વિચારોનો સમન્વય હોય છે. પણ કલા એ તો એકજ વિભૂતિનું સર્જન હોય છે.

તત્ત્વજ્ઞાન અનુભવના જગત વિષે વિચાર કરે છે અને એમાંથી એવી પદ્ધતિ ઉત્પન્ન કરે છે કે જે વસ્તુસ્થિતિ સાથે મનનો સંયોગ કરાવે છે. તત્ત્વજ્ઞાનની પદ્ધતિઓ એ વૈયક્તિક દર્શનો છે. પ્લેટોનું રિપબ્લિક, સ્પાયનોઝાનું એથિકસ, શંકરનું મેટાફિજીકસ, કાંટનું ક્રિટીક, એ બધાં આપણને જીવનનાં વિભિન્ન દર્શનો આપે છે, જીવનનો જુદો જુદો અર્થ આપે છે. પહેલા આર્ટિકલની ત્રીજી કલમમાં સંસ્કૃતિના વૈવિધ્યને પોષવાનો આદેશ આપણને આપવામાં આવ્યો છે. તેથી ડાયલેકિટક મટીરીયેાલિઝમ, સાયન્ટિફિક હ્યુમેનિઝમ અને આયડિએલિસ્ટિક વ્યૂ ઓફ લાઇફ, જેવી વિભિન્ન વિચારસરણીઓનો વિચાર આપણે કરવો જોઇએ. તેથી જીવનના એકજ વિશિષ્ટ તત્ત્વદૃષ્ટિ સાથે આપણે સંલગ્ન નહીં થઇ શકીએ. તેમ છતાં આ બધી વિચારસરણીઓના મૂળમાં આત્માનું જે અમર તત્ત્વજ્ઞાન રહેલું છે તેના પરજ યુનેસ્કોનાં આદર્શો અને યોજનાઓ રચાયાં છે. એમાંથી આપણને એ સત્યનું દર્શન થાય છે, જેના વિના રાષ્ટ્ર નાશ પામે છે. સસ્કૃતિની બે બાજુઓ છે, ઉત્પાદન અને વપરાશ. આપણે સંસ્કૃતિના ઉત્પાદકોને ઉત્તેજન આપવું જોઇએ અને સંસ્કૃતિનો વપરાશ કરનારાને કેળવવા જોઇએ.

સર્જનાત્મક વિચારસરણી, જે તત્ત્વજ્ઞાનની પદ્ધતિ છે, વૈજ્ઞાનિક વિચારસરણીથી તદ્દન જુદી છે. પ્રકાશિત વિચાર દ્વારા આંતરિક દર્શન પ્રકટ કરવાની એ સરણી છે, તેથી તેને વિજ્ઞાનની હરોળમાં બેસાડવામાં આવી છે એ કમનસીબ બનાવ છે. મને આશા છે કે સમવાય સમિતિ (Coordinating Committee) મારી સૂચનાઓ ધ્યાનમાં લેશે અને તત્ત્વજ્ઞાન વિષયક અભ્યાસને તેનું યોગ્ય સ્થાન આપશે.

('ન્યૂ ઇરા' માસિકમાંથી) —સર એસ. રાધાકૃષ્ણન્.

એક ભૂલનો સુધારો.

જાનેવારીના 'ઇન્દોર સમેલન અંકમાં' મેં લખેલા સંપાદકીય લેખમાં શિક્ષણ સાહિત્યના પ્રદર્શન વિષે લખતાં પ્રદર્શનનો એક વિભાગ શ્રી. નામલેનો હતો એમ મેં લખ્યું. ખરૂં જોતાં એ કિંમતી સાહિત્ય અમદાવાદનાં શ્રી. મનોરમાબેન સારાભાઇના સૌજન્યથી મળી શકયું હતું. તે સાધનો બનાવવામાં પણ તેમનો અમુક ફાળો છે. અને મુખ્યતઃ તેમનાં બાળકો માટે મેડમ અને મિ. મોંટીસોરીની પ્રેરણાથી તે બનાવવામાં આવ્યાં છે. શ્રી. મનોરમાબેન હમેશા નૂતન બાળશિક્ષણ સંઘના સંમેલનોનાં પ્રદર્શનો માટે તેમનો સામાન મોકલે છે અને શ્રી. નામલેને પણ સંમેલનોમાં ભાગ લેવાની રજા ઔદાર્યથી આપે છે. તે માટે તેમને ધન્યવાદ ઘટે છે.

ગો. શા. કું.


નૂતન બાલશિક્ષણ ગ્રંથની

શિક્ષણ પત્રિકા

બાલ વિભાગ

વર્ષ પહેલું] ફેબ્રુઆરી ૧૯૪૭ [અંક બીજો

આવ ગાવડી



આવ ગાવડી, કપિલા! આવ,
ચારો ખાવા જલદી આવ!

લીલું લીલું ઘાસ,
ખેાળ આણી ખાસ,

પેટ ભરીને તું ખાજે
દૂધ બાળુડાને દેજે ॥૧॥

સાંજ થઈ, અંધારી રાત,
વાછરડો દેખે છે વાટ!

જલ્દી જલ્દી આવ,
દોડી દોડી આવ!

પેટ ભરી ધાવીને દૂધ
આંખ ભરીને લેશે નીંદ ॥૨॥

કાળી કાળી તું કપિલા
દૂધ ઊજળી ચંદ્રકળા

મીઠું ને રૂપાળું
બધાંને છે વ્હાલું!

ધાર નીકળે ઝર્ર ઝર્ર
ભરાય હાંડો સર્ર સર્ર ॥૩॥

માતા તું છે દુનયાની
દેવી નાનાં મોટાંની

વાછડો આ તારો
થઈને બળદ સારો

કરાવશે ખેતીવાડી
જીવાડશે દુનિયા સારી ॥૪॥

બાળ તને બેાલાવે છે
તારું દૂધ જ માંગે છે

આવીને તું વે'લી
ભરજે દૂધ કટોરી

અમૃત તારું મીઠું દૂધ
પીને બાળ થશે સંતુષ્ટ ॥૫॥

ગે. ર. કુલકર્ણી

આઉં, આઉં, ચિઉંને છોડ!



એક હતી છોકરી. તેનું નામ સુધા. સુધા બહુજ સારી છોકરી હતી. બધાં સાથે તેની દોસ્તી. બધાંને તે બાવાનું આપે, પક્ષીઓને દાણા આપતી. કૂતરાને રોટલો આપતી. બિલાડીને દૂધ પાતી.

એકવાર સવાર થયું. સુધા જાગીને બારીમાંથી બહાર જોવા લાગી. બહાર પંખી ગાતાં હતાં.

સુધાને બહુ આનંદ થયો. તે ઊઠી અને બહાર ગઇ. તેને જોતાંજ બધાંને આનંદ થયો. મોતી કૂતરો પૂછડું હલાવતો આગળ આવ્યો. પંખી આમતેમ ઊડવા લાગ્યાં, મિની બાશી બ્યાઉં, બ્યાંઉં કરતી તેના પગ સાથે શરીર ઘસવા લાગી.

સુધાને બહુ આનંદ થયો. તે ઘરમાં ગઇ, તેણે રોટલો લાવી મોતીને આપ્યો. દાણા લાવી પંખીઓને આપ્યા.

બધેથી પંખી ઊડીને આવ્યા. ટપ ટપ દાણા બાવા લાગ્યા.

મિની બાશીને બીજ ચઢી. મોતીને રોટલો આપ્યો. પંખીઓને દાણા આપ્યા. તો મને જ શા માટે કંઇ નહીં?

મિની રીસાઇને બેઠી. સુધાએ તેની તરફ જોયું પણ નહીં. તે ચકલીઓ ટપ ટપ દાણા બાતી હતી તે જોતી હતી.

એટલામાં શું થયું, કે મિનીબાશીએ બાર્યો કૂદકો અને પકડી એક ચકલી. ચકલી ચીં, ચીં, ચીં, કરીને રોવા માંડી. બધાં પંખી ઊડી ગયાં.

સુધાને દુઃખ થયું. તેને મિની પર ગુસ્સો થયો. તેણે કહ્યું "બાઉં, બાઉં, બિચારીને છોડ."

મિનીએ કહ્યું. "હું નહીં છોડું, જા! હું બાઇ જઇશ તેને!"

"ના રે બા! છોડી દે એને. એને દૂખશે ને!"

"ભલે ને દૂખતું. મને ભૂખ લાગી છે."

"ભૂખ લાગી છે તો દૂધ પી. ચિઉંને શા માટે મારે છે?"

"કયાં છે દૂધ?"

"લાઉં છું દૂધ. પણ ચિઉંને છોડી દે."

"પહેલાં દૂધ લાવ, પછી છોડી દઇશ."

સુધા દોડતી જ અંદર ગઈ. તે વાટકીમાં દૂધ લઈ આવી. દૂધ મિની આગળ મૂકયું.

પછી મિનીએ ચિઉંને છોડી દીધી અને તે

દૂધ પીવા લાગી.

ચિઉ બિચારી! ગભરાઇને ઢગલો થઇ હતી. મિનીના નખ વાગવાથી તેના શરીરમાંથી લોહી નીકળ્યું હતું. તે આંખો બંધ કરીને પડી રહી. સુધા તેની પાસે ગઇ. તેને ઊંચકીને અંદર લઇ ગઇ.

મિની દૂધ પીને આંખો મીંચીને બેઠી હતી. સુધાએ ચિઉને બચરાવ્યું, પાણી પિવરાવ્યું. ચિઉને હવે ઠીક લાગ્યું. તે ભુર્રકન ઊડીને સામેના ઝાડ પર જઇ બેઠી.

સુધાને આનંદ થયો. તેણે કહ્યું, "માઉ! તને દરરોજ દૂધ આપીશ હોં કે, પણ ફરી કોઇવાર ચિઉને પકડી છે તો તારી વાત!"

મિનીએ આંખો બોલી અને કહ્યું, "વારૂ, પણ આજની જેમ ભૂખી નહીં જતી દૂધ લાવવાનું."

ગો. રા. કુલકર્ણી.

સાચી મદદ



વસંત ઉતાવળે શાળામાં જતો હતો. આજે તેને રહેજ મોડું થયું હતું. શાળાનો પહેલો ઘંટ તેણે સાંભળ્યો અને તે દોડવા માંડ્યો.

શાળાના દરવાજા પાસે એક છોકરો ઊભો હતો. તેનાં કપડાં ફાટ્યાં હતાં. તેની આંખોમાં આંસુ હતાં. વસંત તેને જોઇને ક્ષણમાત્ર અટક્યો. તે છોકરાએ કહ્યું. "ભાઇ, બે દિવસથી મેં કશું ખાધું નથી. મને બૂબજ ભૂખ લાગી છે."

વસંતને દુઃખ થયું. શું કરવું? તે વિચાર કરવા લાગ્યો. થોડી વારે તેણે કહ્યું. "થોભ જરા. હું અંદર જઇને આવું."

વસંત અંદર ગયો. તેણે દફતર વર્ગમાં મૂક્યું. અંદર માસ્તર પાસે જઇને પૂછ્યું. "બહાર એક ગરીબ છોકરો ઊભો છે. તેણે બે દિવસથી કશું ખાધું નથી. હું તેને ઘેર લઇ જઇ જમાડી આવું?"

માસ્તરે કહ્યું. "હા. જરૂર જજે!" માસ્તરે વસંતને ઉત્તેજીત અવાજથી કહ્યું.

વસંત દોડતો જ બહાર આવ્યો. તે ગરીબ છોકરો ત્યાંજ ઊભો હતો.

વસંતે કહ્યું, "ચાલ મારી સાથે." વસંત આગળ અને તે છોકરો પાછળ એ રીતે તેઓ ચાલ્યા. વસંત તેને જમાડીને બહેલાસર પાછો

નિશાળમાં આવવા માંગતો હતો. તેથી તે ઉતાવળે ચાલતો હતો. પણ પેલો છોકરો ખૂબ જ નબળો થયો હતો. તેનાથી ઉતાવળે ચલાતું પણ ન હતું.

વસંત અટક્યો. તેણે તે બાળકનો હાથ પકડ્યો અને તેની સાથે તે ધીરે ધીરે ચાલવા માંડ્યો. અંતે વસંતનું મકાન આવ્યું. છોકરાને ઓટલા પર બેસાડી વસંત અંદર ગયો. તેના પિતા જમીને હાથ ધોવા ઊઠ્યા હતા. વસંતને પાછો આવેલો જોઇ તેમને આશ્ચર્ય થયું. તેમણે કહ્યું, "આ શું? પાછો કેમ આવ્યો?

વસંતે બધી હકીકત કહી. પિતાજી બહાર આવ્યા. તેમણે છોકરા તરફ જોયું. તેને અંદર બોલાવી હાથ પગ ધોવા કહ્યું અને પછી તેને માટે જમવાનું કઢાવ્યું. તે છોકરાથી વધારે બવાયું પણ નહીં. તેનામાં બાવાની પણ શક્તિ ન હતી.

વસંતે કહ્યું, " બાપા, મારાં બે કપડાં આને આપું?"

પિતાએ કહ્યું. "હા આપજે ને!"

વસંતે એક શર્ટ, એક પેંટ અને એક ટોપી લાવીને પેલા છોકરાને આપી અને કહ્યું. "પહેરી લે. થશે ને તને?"

છોકરાની આંખોમાં આંસુ આવ્યાં. આ વખતે તે આંસુ આનંદનાં હતાં.

તેણે નવાં કપડાં પહેર્યાં. કેવો સુંદર દેખાવા લાગ્યો તે હવે!

વસંતે કહ્યું. "આને અહીં રહેવા દેશો ને?"

પિતાએ કહ્યું. "જોઇએ. વિચારી જોઇશ શું કરવું તે. તું તારે નિશાળે જજે!"

વસંત નિશાળે ગયો.

સાંજે વસંત પાછો આવ્યો, ત્યારે એ છોકરો બોસરીમાં બેઠો હતો અને વસંતના પિતા રેંટિયા પર કાંતતા હતા. તે જોતો હતો.

વસંતને નવાઇ લાગી. પિતાએ તેને કહ્યું, "વસંત બોપડીઓ મૂકીને અહીં આવજે."

વસંત આવ્યો. પિતાએ ફરી કહ્યું, "કહે જોઇએ, આને હું શું આપવાનો છું."

"શું આપવાના છો?" વસંતે ઉત્કંઠાથી પૂછ્યું.

"તું જ કહે ને!"

"રૂપિયા આપવાના હશો."

"ના."

"તો પછી નથી ખ્યાલમાં આવતું."

"આ રેંટિયો આપવાનો છું હું એને. આજ સાચી મદદ છે. એ દરરોજ રેંટિયા પર સૂત કાંતીને લાવે, દરરોજ સુતરની મજૂરી હું એને આપીશ. તે તેની કમાણી થશે. તેમાંથી તે પોતાના ભોજનનો ખર્ચ કાઢશે. પડોશની બીશીમાં મેં કહી દીધું છે."

"આના કરતાં આપણે ઘરે જ એને કેમ નથી રાખી લેતા? આપણે એને નહીં જમાડી શકીએ?"

"જમાડી શકીશું. પણ તે અન્નમાં તેને મીઠાશ નહીં જણાય. ભિક્ષાનું અન્ન હશે તે. ભિક્ષા માંગવી તે શરમની વાત છે અને હું આપી આપીને તેને કેટલું આપી શકીશ? અને તેથી તેને ફાયદો પણ શું? એના કરતાં તે પોતાના પગ પર ઊભો રહે તો તેની જીંદગી સુધરશે."

વસંતને આ સાંભળી ખૂબ આનંદ થયો. તેણે હવે સમજાયું કે ભિક્ષા આપવી એ સાચી મદદ નથી, પણ ગરીબોને કામ મેળવી આપવું એજ સાચી મદદ છે.

ગો. ર. કુલકર્ણી.

બાળકોનું શહેર

પંદર વર્ષ પહેલાંની વાત છે: કેલિફોર્નિયાના એક જંગલની પાડોશમાં લોસ એંજેલીસથી લગભગ સો માઇલ દૂર એક સેંટા મારિયા નામનું નાનકડું શહેર છે. તે શહેર પાસે માત્ર વીસ હજાર ચોરસ ફીટ ક્ષેત્રફળ વાળું બ્લોકમેન શહેર સ્થપાયું હતું. આજે તે શહેર કેળવણીના એક નવા પ્રયોગની સફળતા બતાવતું દુનિયાને માટે માર્ગદર્શક થઇ ગયું છે.

મિસીસ બીના પુલર શિક્ષિકા છે. પણ શિક્ષિકાના સામુલી અર્થમાં તે શિક્ષિકા નથી. શિક્ષણનો સાચો આદેશ તેમણે પચાવ્યો છે. પ્રખ્યાત કેળવણીકાર જોન ડયુઇએ શિક્ષણકારોને એક સૂત્ર આપ્યું, "શાળા એજ જીવન થઇ જવી જોઇએ."

મિસીસ પુલરને આ મંત્રે મુગ્ધ કર્યાં. તેઓ અક્ષરશઃ મંત્રમુગ્ધ થયાં. તે મંત્રને જીવનમાં ઉતારવા તેઓ કટિબદ્ધ થયાં અને એ મંત્રનું પ્રત્યક્ષ, વ્યાવહારિક, મૂર્ત સ્વરૂપ એટલેજ આ "બ્લોકમેન શહર!"

કેટલું નાનકડું, છતાં કેટલુ સંપૂર્ણ! નાનાં મકાનો, નાંની બજારો, નાના રસ્તાઓ, નાનું છતાં બધુંએ સંપૂર્ણ, આદર્શ.

આ શહેરની વહીવટ બાળકો કરે છે. તેઓ મેયરની અને શહેર સમિતિની ચૂંટણી કરે છે. બેંક અને સ્ટોરના નોકરોને પગાર આપવા માટે બાળકોએ પોતાનું સ્વતંત્ર નાણાંખાતું રાખ્યું છે, જેમાં તેમનાં પોતાનાંજ નાણાં બને છે. દર્દોની સારવાર માટે બાળકોની પોતાની ઇસ્પિતાલો છે. બાળકો ઘરો બનાવતાં, વેપાર કરતાં, હિસાબ રાખતાં, તેમજ સુથારી કામ, ખેતીવાડી અને બીજા એવા ધંધાઓ અહીં શીખે છે અને ચલાવે છે.

આ શહેર બંધાયું તેનો ઇતિહાસ રોમાંચક છે. શરૂઆતમાં એક ડુબલરૂમમાં તેલની ખાણના કામદારોના બાળકો મિસીસ પુલર પાસે શીખતાં હતાં. તે છોકરાંઓની મદદથી મિસીસ પુલરે આ બાળનગર ઊભું કર્યું. બાળકોએ ઉત્સાહથી કામ કર્યું. છોકરા છોકરીઓએ પ્લાન બનાવ્યા. વેપારી પેઢીઓને કાગળો લખી બાંધકામને જરૂરી સામાનની માગણી બાળકોએ કરી. આ અવનવી માગણીઓનો જવાબ પણ અપૂર્વ ઉત્સાહથી મળ્યો. ઓઇલ કંપનીના પ્રેમુખે જમીન ભેટ આપી. બીજા વેપારીઓએ રેતી, મુરમ, લાકડાં, સીમેટ અને રંગ આપ્યાં. બીજાઓએ ઉદારતાથી યાંત્રિક અને ધંધાદારી બાબતોમાં મદદ કરી. અને જોતંજોતાંમાં આ અવનવું બાલનગર ઊભું થયું!

બાળકો માટે આ એક અત્યંત પ્રક્ષોભક સાહસ હતું. આ નવું જીવનજ એવું હતું કે તેમાંથી જ્ઞાન-સરિતા વહી વહીને તેમના જીવનમાં ભળી જતી હતી. ગણિત વર્ગના ઓરડામાં નહીં, પણ પોતાની ચીજોની દુકાન ચલાવીને અથવા તો પોતાનીજ બેંકના વ્યવહાર ચલાવીને તેઓ મેળવવા લાગ્યાં. તેમનું ભૂગોળનું જ્ઞાન વર્ગના ઓરડામાં લાંબા લાંબા જડબાતોડ ભૌગોલિક નામો ગોખીને નહીં, પણ પોતાની પોસ્ટ ઓફીસો ચલાવીને ફ્રાન્સ, બેલજીયમ, ઇગ્લંડ કે મેકિસકો જેવા દેશો સાથેનો સંબંધ મેળવીને તેઓ મેળવતાં થયાં. એસ્કિમોના પ્રદેશમાંથી તેમજ સાઉથ સી ટાપુના ગામડાંઓથી તેમને જે હેતભર્યા કાગળો આવતા તે ભૂગોળના જ્ઞાનમાં એક અવનવી ભાવના રેડી દેતા. મિસીસ પુલર તો એ અનુભવને એવી રીતે વર્ણવે છે કે 'આ વ્યવહારમાંથી સહિષ્ણુતા, હૃદયની મૃદુતા, સાચી મિત્રતા અને પરસ્પર સમજાવટનાં અણમોલ બીજો બાળકોમાં નંખાય છે.'

ગયા દાયકામાં બ્લોકમેન શહેર બીજી જગ્યાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે તીર્થસ્થાન બન્યું છે. આ બધા નિરીક્ષકો એકે અવાજે કબૂલ કરે છે કે આ શહેરનાં બાળકોની બૌદ્ધિક કક્ષા ઘણી ઊંચી છે, આ શહેરમાં બાલગુન્હા જેવી ચીજજ નથી અને આ શિક્ષણક્રમ એટલે અનાયાસે જીવનમાં પ્રવેશવાનું બારણુંજ છે.

આ બ્લોકમેન શહેરનો પહેલો ગાંધી આજે સાન્ટા મારિયામાં પોતાની માલીકીની બારકીટ જમાવીને બેઠો છે. તેના બે મદદનીસો બીજાં બે શહેરોમાં તેવીજ રીતે જવાબદાર વેપારીઓ છે. બ્લોકમેન હેલ્થ સેન્ટર ચલાવનાર બાળાઓ આજે મોટા હોસ્પિટલોમાં રજીસ્ટર્ડ નર્સીજ છે. બ્લોકમેનનો પહેલો બેંક કેશિયર આજે પડોશના શહેરમાં યશસ્વી બેંકર છે. ત્યાંનો પહેલો મેયર આજે પોતાનો બુકસ્ટોર ચલાવે છે.

આ શહેરના યાત્રીઓ આ બધું કામ જોઇને આશ્ચર્યમાં ગરકાવ થઇ જાય છે. અને બધેથી આ પ્રયોગને માટે મિસીસ પુલર પર અભિનંદનનો વર્ષાવ થાય છે. ઘણાં માણસો પત્રો લખી આ પ્રયોગ વિષે પૂછે છે, ત્યારે બ્લોકમેનનાં બાળકો તેમને માહિતીથી ભરેલા જવાબ મોકલે છે! મિસીસ પુલર પોતાના આ પ્રયોગમાં એવા તો મશગુલ છે કે તેઓ પોતાની જાતને કૃતકૃત્ય ગણે છે અને જગતને માટે આથી વધારે મહત્વનું કાર્ય બીજું છેજ નહીં એવી અલમસ્ત લાગણી અનુભવે છે.

— ગો. ર. કુલકર્ણી

Regd. No. B. 2241

કાઠિયાવાડનું વિભાગીય સંમેલન.

જાનેવારીની તા. ૧૬ ને ૨૦ મી એ સગવરા મુકામે નૂતન બાલશિક્ષણનું સંમેલન સરસ રીતે પાર પડયું. પ્રમુખસ્થાને મુ. શ્રી નાનાભાઇ ભટ્ટ હતા. સંઘના પ્રમુખ શ્રી. સરલાબેન સારાભાઇએ સંમેલનનું ઉદ્‌ઘાટન કરતાં ઘણાજ ઉદ્‌બોધક વિચારો દર્શાવ્યા હતા. સ્વાગત-પ્રમુખ સ્થાનેથી દરબારશ્રી એ સૌનું હાર્દિક સ્વાગત કર્યું હતું અને શ્રી લાલચંદભાઇ ઝવેરાએ પણ સ્વાગત કરી બગસરા બાલમંદિરનો ઇતિહાસ કહ્યો હતો. શ્રી તારાબેન મોડકે સંઘનો ટૂંકો ઇતિહાસ અને હાલની પ્રવૃત્તિઓ વિષે માહિતી આપી હતી.

સંમેલન માટે ૧૦૦/૧૨૫ જેટલા મહેમાનો બહાર-ગામથી આવ્યા હતા. તેમાં શ્રી વ્હી. પી. શાહ, ગોંડળના શ્રી. ચંદુભાઇ પટેલ, અમદાવાદના શ્રી વજુભાઇ દવે, ઉ. ગુજરાતથી શ્રી ઇશ્વરાચાર્ય ને તેમના મિત્રો અને કાઠિયાવાડનાં બધાં બાલશિક્ષણરસિકો હતાં. જાહેર બેઠકો તથા પ્રદર્શન ઉત્તમ રીતે પાર પડયું. સવાર સાંજ જે મુ. નાનાભાઇ ને શ્રી. તારાબેન સાથે શિક્ષકોએ ચર્ચા કરી તે ઘણી લાભદાયી લાગી. આ સંમેલનમાં નીચેના મહત્ત્વના ઠરાવો થયા.

ઠરાવ ૧. કસ્તુરબા ગાંધી રાષ્ટ્રિય સ્મારક ટ્રસ્ટે અઢીથી સાત વર્ષનાં બાળકોનું શિક્ષણ નર્યા તાલીમના સિદ્ધાંત ઉપર હાથ ધર્યું છે. અને એ રીતે બાળકેળવણીને ગ્રામ પુનરુત્થાનમાં અગત્યનું સ્થાન આપ્યું છે, તેને આ સંમેલન સહર્ષ વધાવે છે.

ઠરાવ ૨. મનુષ્ય જીવનના ઘડતરમાં ૨।। થી ૭ વર્ષની ઉંમર એ સૌથી મહત્ત્વની ગણાય છે. તેથી પ્રાથમિક કેળવણીની જેમ જ આ ઉંમરે શરૂ થતી પૂર્વ પ્રાથમિક (બાલવાડી તથા બાલ મંદિરની) કેળવણી પણ કાઠિયાવાડને ગામે ગામ શરૂ કરવા માટે આ સંમેલન રાજ્યોઓ તથા પ્રજાના અગ્રણીઓને આગ્રહ કરે છે.

ઠરાવ ૩. સ્વ. ગિજુભાઇએ દક્ષિણામૂર્તિના જે બાલમંદિરમાં રહીને નૂ. બા. શિ. નો પયગામ આપ્યો છે, તે બાલમંદિરનું સંચાલન સંઘે હાથ ધરવું જોઇએ તેમ આ સંમેલન માને છે. આ વિચારને સત્વર મૂર્ત સ્વરૂપ આપવા અને તેને અંગે આવશ્યક પગલાં લેવા નીચેની એક સમિતિ નીમવામાં આવે છેઃ

૧ શ્રી સગ્લાદેવી સારાભાઇ ૨ શ્રી તારાબેન પ્રેમચંદ ૩ શ્રી તારાબેન મોડક (નિમંત્રક)

આ સિવાય કાઠિયાવાડના કાર્યકુર્તાઓની બેઠક મળી હતી. તેમાંના નીચેના મતલબના ઠરાવો બીજા વિભાગો માટે માર્ગદર્શક થાય તેમ છેઃ

૧ કાઠિ૦ માં બાળ શિક્ષણના પ્રચાર માટે એક ગ્રીષ્મવર્ગ મેની ૨૦ થી ૩૧ સુધી રાખવો. તેનું સંચાલન મુ. શ્રી. તારાબેન કરશે. ૨ શ્રી. નરેંદ્ર બધેકા બાલગીતોનું તથા શામજીભાઇ બાલરમતનું સંપાદન કરશે. ૩. બાલમંદિરોના શિક્ષકોએ રોજ એક કલાક યજ્ઞાર્થે પછાત વર્ગનાં બાળકોને આપવો. આ વિનતિ દરેક શિક્ષક અને વિભાગીય મંત્રીને કરવી.

નોંધઃ— આ કામ માટે જો કોઇ શિક્ષકને આર્થિક સહાય કરવાની જરૂર સંઘને જણાય તે માટે સગવડ કરી આપવી.

—બબલભાઇ પરથી

શ્રી નાનાભાઈની દૃષ્ટિ*

બગસરામાં બાળશિક્ષણ સંમેલન નૂ. બા. શિ. સંઘના કાઠિયાવાડ વિભાગ તરફથી હમણાંજ ભરાયું. તેના પ્રમુખ સ્થાનેથી શ્રી. નાનાભાઇ ભટે જે પ્રવચન કર્યું તે અનેક રીતે અનોખું છે. સામાન્ય રીતે અધ્યક્ષીય પ્રવચનોમાં હોય છે તેવું શિક્ષણશાસ્ત્રના સિદ્ધાન્તોનું વિદ્વત્તાભર્યું આલોડન તેમના ભાષણમાં નથી. તેમના પ્રવચનના શબ્દે શબ્દમાં અંગત અનુભવમાંથી તારવેલું વ્યાવહારિક માર્ગદર્શન છે. રાષ્ટ્રીય કેળવણી અને શાસ્ત્રીય કેળવણીના એક વખતના વિરોધનું ચિત્ર તેમણે આબેહૂબ ચીતર્યું છે અને રાષ્ટ્રીયતા અને શાસ્ત્રીયતાનો સુમેળ જેમાં હોય તેજ સાચું શિક્ષણ એવો પોતાનો અભિપ્રાય તેમણે ખૂબ દૃઢતાથી સમજાવ્યો છે. નવી કેળવણીના સ્વરૂપનું વિવરણ કરતાં ગાંધીજી અને મોંટેસરી બન્નેની દૃષ્ટિઓમાં રહેલું સામ્ય તેમણે બતાવ્યું અને મોંટેસરીના સાધનો ગામડાંની દૃષ્ટિએ કેટલાં ઉપયોગી છે તેની પણ ચર્ચા તેમણે કરી. જે સાધનો ગામડાંમાંજ બનાવી શકાય તેજ ગામડાનાં શિક્ષણ માટે ગ્રાહ્ય છે એ ગાંધીજીના વિચાર સાથે પોતાનું ઐકમત્ય બતાવી, મારાં સાધનો જેવાં ને તેવાંજ સ્વીકારવાં જોઇએ એ મોંટેસરીના આગ્રહની બાબતમાં તેમણે પોતાની નાપસંદગી સ્પષ્ટ શબ્દોમાં જાહેર કરી. બાલમંદિરોમાં કલાને નામે ચાલતાં વેવલાવેડાની સખત ઝાટકણી તેમણે કાઢી.


આજનો નૂતન શિક્ષક જૂની પ્રથા, નવા સિદ્ધાન્તો અને સમાજનું વાતાવરણ એ ત્રણ તાકદોની વચ્ચે કેવી રીતે ભીંસાય છે તેનો તાદૃશ ચિતાર તેમણે શ્રોતાઓ આગળ રજુ કર્યો અને શિક્ષકના જીવનમાં એકરૂપતા લાવવાની અગત્ય પર તેમણે ભાર મૂક્યો. શિક્ષકના જીવનમાં વિસંવાદ કેવી રીતે આવે છે તે તેમણે સ્પષ્ટ કર્યું અને જે શિક્ષકને જીવનદર્શન થતું નથી, તેને કેળવણીનું દર્શન પણ નજ થઇ શકે એ વાત તેમણે શિક્ષકો પર બરાબર ઠસાવી. અન્તે નૂ. બા. શિ. સંઘની કાર્યવ્યાપૃતિ અને ભવિષ્યની જવાબદારીનો નિર્દેશ કરી તેમણે પોતાનું રસભર્યું પ્રવચન પૂરૂં કર્યું. ગો. રા. કુ.

* શ્રી. નાનાભાઇનું આખું વ્યાખ્યાન ફેબ્રુઆરીના 'કોડિયા'માં છપાયું છે. તે લેખ જરૂર વાંચકોને ભલામણ છે—સંપાદક.

મુદ્રક-પ્રકાશકઃ—ગો. રા. કુલકર્ણી, ૧૧૭, ઠિંગ કોલોની દાદર—મુંબઇ ૧૪, મુદ્રણ સ્થાનઃ—સ્ટેટ્સમેન પબ્લિસિટી પ્રેસ, ૧૩૮, એડીઝ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ.

નૂતન બાલશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા



વર્ષ ૨૨ મું] આર્ય ૧૯૪૭ [અંક ૩ જો

આદ્યતંત્રી : સદ્‌ગત ગિજુભાઇ બધેકા

સંપાદક : શ્રી. તારાબેન મોડક

સહસંપાદક : શ્રી. ગોપાળરાવ કુલકર્ણી
શ્રી. રામભાઈ પાઠક.

બાળમંદિરો સાથે ગૃહમંદિરો*

નાનાં બાળકોની કેળવણી મા બાપો દ્વારા અને ભાઇ ભાંડુ વચ્ચે થવી જોઇએ એવી કુદરતની વ્યવસ્થા છે. જૂના અવિભકત કુટુંબોમાં જે બાળકેળવણીના નવા સિદ્ધાંતો પ્રમાણે આપણે અખતરા કરી શકયા હોત તો આપણે નવી જ દુનિયા સરજી શકયા હોત. જૂના મોટા ઘરોમાં બાળકોને ભાઇ ભાંડુ ગમે તેટલા મળે છે, અને એ બધાને સામટા ભણાવવાની આવડત અને નવરાશવાળી બેનો પણ ઘરમાં જે ઘરમાં જ મળી શકે છે.

પણ હવે એ જમાનો ગયો. કુટુંબો નાનાં થવાં લાગ્યાં છે. પરિણામે માબાપ ઉપરનો આર્થિક અને સામાજીક બોજો વધતો જાય છે. માબાપ પૈસે ટકે સધન હોય, તોયે નવરાશ કાઢવાની બાબતમાં વધુ ને વધુ દરિદ્રી થતાં જાય છે. આ સમય દારિદ્રય સૌથી પહેલવહેલું નડે છે ઘરનાં બાળકોને. અને તેથી એમને ઘરના એમના હકકના વાતાવરણમાંથી હાંકી કાઢી નિશાળે મોકલવાં પડે છે.

આ વસ્તુ હવે ટાળી શકાય એમ નથી એટલે એનું દુઃખ કર્યે લાભ શો? માબાપોને પોતાના માબાપપણાનો અને એની જવાબદારીનો અમુક હિસ્સો બાસ કેળવાયેલા બાળશિક્ષકોને અથવા બાળ શિક્ષિકાઓને આપવો પડે છે.

તેથી આપણે ઉદ્‌ઘોષ ચલાવીએ છીએ કે બાળમંદિરોમાં ઘરના જેવું વાતાવરણ હોવું જોઇએ. શિક્ષક શિક્ષિકાઓમાં સંસ્કારી અને જ્ઞાની માબાપોની ધીરજ, એમનું પ્રસન્નપણું અને એમનો પ્રેમ હોવો જોઇએ.

આ બધું બરાબર છે. બાળમંદિરમાં ઘરના જેવું વાતાવરણ હોવું જ જોઇએ. પણ એટલેથી સમાજ સુધરવાનો નથી. એની સાથે સાથે દરેક ઘરમાં પણ બાળમંદિર જેવું વાતાવરણ ઊભું કરવાનું કામ લોકશિક્ષકોનું છે.

બાળમંદિરનું રાચરચીલું કુટુંબમાં આણવું મુશ્કેલ છે. બાળ કેળવણીનાં સાધનો પણ ઘેર ઘેર ન મળે. પણ બાળકોનાં મા બાપોને બાળ-કેળવણીના સંસ્કારો મળેલા હોવા જ જોઇએ.

એટલું થાય તો દેશમાં ચાલતા નાનામોટા ગૃહઉદ્યોગોને જ આપણે બાળકેળવણીનાં સાધનો બનાવી શકીએ છીએ.

કુટુંબ અને સંસ્થા એ બે વચ્ચે આજે હરીફાઇ ચાલે છે. કુટુંબનું ક્ષેત્ર વધતું જાય છે તેથી કૌટુંબિક વાતાવરણ બધી રીતે ક્ષીણ થતું જાય છે. અને તેથી કુટુંબના અધિકારો અને સેવાની તકો સંસ્થાઓને આપવી પડે છે. કુદ-રતની મૂળ વ્યવસ્થા આવી ન હતી, માટે સમાજના હિતચિંતકોએ બાળમંદિરોની ખીલવણી સાથે ગૃહમંદિરો કેળવવા તરફ પણ ધ્યાન આપવું જોઇએ.

કાકા કાલેલકર

*મંદિર એટલે ચિત્ત પ્રસન્ન થાય-એવું શુભ વાતાવરણ-વાળું રહેવાનું સ્થાન.

પૂર્વ પ્રાથમિક શિક્ષણની વ્યાવહારિક બાજુ

પૂર્વ પ્રાથમિક શિક્ષણનો પ્રચાર હવે થવા લાગ્યો છે અને અનેક જગ્યાએ હવે બાળમંદિરો નીકળે છે. પૂર્વ પ્રાથમિક શિક્ષક તૈયાર કરવા માટે બાલઅધ્યાપન મંદિરો નીકળ્યાં છે અને અવારનવાર મોંટેસરી પદ્ધતિના વર્ગો પણ ચાલે છે. એટલે હવે પૂર્વ–પ્રાથમિક શિક્ષણની વ્યાવહારિક–આર્થિક–બાજુનો વિચાર કરવો ક્રમપ્રાપ્ત છે.

કોઈ પણ પ્રવૃત્તિના પ્રારંભમાં પ્રયોગાવસ્થામાં પ્રચાર કરવા માટે સ્વાર્થત્યાગથી વગર પગારે કામ કરવાવાળાં માણસો મળે તો પણ આગળ જતાં તે પ્રવૃત્તિ હંમેશની જરૂરિયાતની થઈ જતાં એવા કાર્યકર્તાઓ સતત મેળવવા અશક્ય થઈ જાય છે. પૂર્વ-પ્રાથમિક શિક્ષકનો ધંધો સ્વીકાર્યા પછી તેમાંથી જીવનવેતન મેળવવાની અપેક્ષા ઘણાખરાને હોય જ. એટલે બાળમંદિરોનું અંદાજપત્રક આજે નહીં તો કાલે આર્થિક દૃષ્ટિએ સ્વાવલંબી કરવું જ જોઈએ, એ સ્પષ્ટ છે.

સરકાર તરફથી હમણાં તો પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે ઝાઝી મદદ મળી શકશે એમ જણાતું નથી. તેવીજ રીતે ધમારતો જેવા ભારે ખર્ચ માટે દાન મળી જાય તો પણ હંમેશના ચાલુ ખર્ચ માટે જનતા પાસેથી મદદ મળવાની ઝાઝી શકયતા નથી. ગરીબ બાળકો માટે મફત ચાલતાં બાળમંદિરોને માટે આવી મદદ માગવાની હિંમતે થાય; પણ ધનિકોના બાળકો માટે પૂરતી ફી લઈને ચલાવાતાં બાળમંદિરો માટે દાન માગવા એ યોગ્ય નહીં જ થાય.

તેથી કારખાનાંઓના માલેકો કામગારોનાં બાળકો માટે જે બાળમંદિરો ચલાવે છે; તેમનો અપવાદ છોડી દેતાં, બીજાં બાળમંદિરોનો ખર્ચ ફીની આવકમાંથી જ પૂરો થવો જોઈએ એ સ્પષ્ટ છે.

બાળમંદિરોના ચાલુ ખર્ચમાં મુખ્ય બાબત શિક્ષકોના પગારની છે. આનો વિચાર કરતાં બાળમંદિરના શિક્ષકોની સંખ્યા અને એક શિક્ષકની દેખરેખ નીચે કેટલાં બાળકો રાખવાં તે સંખ્યા નકકી કરવી જોઈએ. એક શિક્ષક આશરે ૨૦ બાળકોનું ધ્યાન રાખી શકશે એમ ગણી આ હિસાબ કેવો થાય છે તે જોઈએ.

આજની પરિસ્થિતિમાં પ્રાથમિક શિક્ષકોને મળતા પગારનું ધોરણ તો પૂર્વ પ્રાથમિક શિક્ષકને મળવું જ જોઈએ. સાર્જંટ યોજનાનુસાર ૪૦–૨–૮૦ નું ધોરણ અને ચાલુ મોંઘવારી ભથ્થું રૂા. ૨૦) ગણીએ તો શિક્ષકનો ઓછામાં ઓછો માસિક પગાર રૂા. ૬૦) થાય છે. તેને ૨૦ બાળકોમાં વહેંચી આપતાં બાળક દીઠ રૂા. ૩) આવે છે. જગ્યાનું ભાડું અને બીજાં ખર્ચના એટલા જ રૂપીયા ગણતાં બાળમંદિરની માસિક ફી બાળક દીઠ ઓછામાં ઓછી રૂા. ૬–૭ તો રાખવી જ પડશે.

આટલી ફી આપીને આવનારાં બાળકો કેટલાં મળશે? આટલો ખર્ચ કરવાની તાકાતવાળા પાલકો કેટલા છે? આ પ્રશ્ન બાળમંદિરના ચાલકોને વિચારવો પડશે. પૂર્વ પ્રાથમિક શિક્ષણ ખૂબ જ ખર્ચાળ છે એવો આક્ષેપ એની સામે કરવામાં આવે છે, તેનો શો જવાબ આપવો એ પણ પ્રશ્ન છે.

પૂર્વ પ્રાથમિક શિક્ષણનો બોજો સરકાર કે મ્યુનિસિપાલિટી ઉપાડી લે તો જ પૂર્વ પ્રાથમિક શિક્ષણ આના કરતાં વધુ સસ્તું થશે. પણ હમણાં એ શકય નથી દેખાતું.

બીજા પણ ૧/૨ રસ્તા સૂઝે છે. ખૂબ ખુલ્લી જગ્યા લઈને એક શિક્ષક વધુમાં વધુ કેટલાં બાળકોને સાચવી શકશે તે ઠેરાવવું જોઈએ. જેટલા પ્રમાણમાં વધારે બાળકો લઈ શકાય તેટલા પ્રમાણમાં ફી ઓછી કરી શકાય એ દેખીતું છે. પાલકોની સગવડ પ્રમાણે સવારના ૮–૩૦ થી ૧૧–૩૦ અને બપોરના ૨–૦ થી ૫–૩૦ આમ બન્ને વખત જુદાં જુદાં બાળકો શાળામાં આવે અને એક જ શિક્ષક બન્ને વર્ગ સંભાળી લે તો ફી અધી કરી શકાશે. નહીં તો બાળમંદિરની શિક્ષિકાને બીજા ધંધાઓ કરતાં ઓછો સમય કામ કરવાનું હોય છે એ દેખીતું છે. તેથી ઓછા કામ માટે પગાર ઓછો લેવો જોઈએ અથવા પૂરો પગાર જોઈએ તો પૂરતું કામ કરવું જોઈએ, એ સહેજે સમજી શકાય.

બાળમંદિરોનો લાભ વધુમાં વધુ બાળકોને મળે એ દૃષ્ટિએ બીજી પણ એક સૂચના કરવી જરૂરી છે. તે એ કે ફી વાલીઓની આવકના પ્રમાણમાં ઓછીવત્તી

ઠરાવવી. દા. ત. ધનિક પાલક રૂા. ૭) ને બદલે ૧૦) આપે જેથી તેના બદલામાં બીજા કોઇ ગરીબ વાલીને અર્ધી છૂટ આપી શકાય. કોઇ સધન ગૃહસ્થ રૂા. ૧૫) આપે તો વળી કોઇ ગરીબ બાળકને તદ્દન મફત પણ દાખલ કરી શકાય. આ શરૂઆતમાં વિચિત્ર લાગશે. પણ વિચારી ધનવાનો શરૂઆત કરે તો આ પદ્ધતિ રૂઢ થવામાં વાંધો નહીં આવે. કોણ કેટલી ફી આપે છે તે જાહેર કરવાની જરૂર નથી. ચાલક યોગ્ય હિસાબ રાખીને ગરજુ પાલકોને તેનો લાભ આપે. આ બાબતમાં જુદા જુદા કાર્યકર્તાઓના અનુભવ અને સૂચનાઓ આવે તો તે માર્ગદર્શન માટે ખૂબ ઉપયોગી થશે, તેથી આ વિચારો ટુંકામાં અહીં રજુ કર્યા છે. આથી વિચારવિનિમયને ચાલના મળશે એવી આશા છે. કેટલાંક બાળમંદિરોના હિસાબ પ્રસિદ્ધ થાય તો તેનો પણ ઉપયોગ થશે.

(મરાઠી પરથી) લા. ઘો. કર્વે.

તો "ફા ની" સુ ધા

ઘણે દિવસે વિમળાબેન કમળાબેનને ત્યાં બેસવા આવ્યાં. કમળાબેનની સુધા તેમની સોડમાં બેઠી હતી. મા દીકરીને બોધ આપતી હતી:

"કોઇપણ બહાર જવા નીકળે ત્યારે 'હું' કહીને એનો પીછો નહીં પકડવાનો! સમજી?"

"શું ચાલે છે, કમળા?" વિમળાબેને હસતાં હસતાં પૂછ્યું.

"આ છોકરીને સહેજ બોધ આપું છું. પણ કશું સમજે તો ને!"

"નાની છે હજી. કેટલામું બેઠું?"

"આવતી પૂનમે ત્રણ પૂરાં થશે." કમળાબેને જવાબ આપ્યો.

"પણ એ જવા દે. તું બે મહિના કયાં અલોપ થઇ ગઇ હતી?" કમળાબેને ઉમેર્યું.

"તે પૂછીશ જ નહીં. બાણુ કયાંય જવા દે ત્યારેને! કેવો જીદ્દી છોકરો! આજે તેના પિતા સાથે ચોકલેટની આશાએ મોકલી આપ્યો, ત્યારે જ તારી પાસે આવી શકી."

"શું કરવું આ છોકરાઓનું, તે જ નથી સમજાતું." કમળાબેને પોતાની કેફિયત રજુ કરી.

આ કેફિયત વિમળાબાઇના પક્ષમાં જ હતી. પછી પૂછવું જ શું? બાળકો વિષેની ફરિયાદોનું મહાપૂર ઊલટયું. આમાં સુધાએ ધીરે રહીને મા પાસેથી પોતાનો છૂટકારો મેળવ્યો. પાસેજ પડેલી, તૂટેલ હાથની, ચીબા નાકની ઢિંગલી પર વહાલ કરવામાં દસ બાર મિનીટ નીકળી ગઇ, તે બન્ને બહેનોને સમજાયું નહી. સુધાના વર્તન વિષે અને બાબુના સ્વભાવ વિષે બન્ને માવડીઓ સ્વૈર વિચાર રજુ કરતી હતી. ત્યાં બળૂબળૂ કરતું કંઇ ફૂટી ગયાનો અવાજ કમળાબેનને કાને આવ્યો. ભમ્મર ચઢાવીને જ બન્ને બહેનો ઉતાવળે અંદરના ઓરડામાં ગઇ. ત્યાં સુધાનો દીદાર વળી જોવા જેવો હતો.

પિતાના ટેબલ પરનો શાહીનો બડિયો સુધાએ ફોડી નાખ્યો હતો. શાહી સાથે તેણે સારી પેઠે પ્રેમની વાતો કરી હતી. ગુલાબી ગાલ પર ભૂરી છટાઓ વિલસતી હતી. આંગળીઓ ભરાઇ હતી. ભૂરા–લાલ હોઠોની વિરોધી જોડી ખૂબજ મોહક દેખાતી હતી. સફેદ ઊજળા ફ્રોક પર અર્ધી દુનિયાનો નકશો ચીતર્યો હતો. ઓસ્ટ્રેલિયા અમેરિકા સાથે વાતો કરતો હતો. બિચારૂ ઇગ્લંડ પગ ઊંચા કરીને છેક ખૂણામાં જઇને પડયું હતું!

શાહીનો બડિયો ફૂટયો એથી દુઃખ થવાથી જ જાણે સુધા કાચના મોટા મોટા કટકામાં શાહી ભરતી હતી. કાચના ટુકડા પણ ભેગા કરવા લાગી. નાનકડી આંગળીમાં કાચ ઘૂસ્યો. સુધાએ એકદમ ચીસ પાડી દીધી.

પાછી ફરીને તેણે જોયું તો મા! તેને વધારે રોવું આવ્યું. ટેબલમાંની ચોપડી અને કેટલાક કાગળ બગડયા હતા એમ કમળાબેનને દેખાયું. સુધાએ ચીસ પાડી હતી તે છતાં તેમણે તેની ઉપર આંખો કાઢી અને તેઓ ગાજી ઊઠયા," અટકચાળી મુઇ! મરતી કેમ નથી!" કાચ અને માનો ક્રોધ એ બેમાંથી શાનો ડર એને વધારે લાગ્યો તે કહેવુ મુશ્કેલ હતું. તેમજ સુધા નાની હતી તેથી કે પાસે વિમળાબેન હતાં તેથી, કમળાબેને પોતાના હાથને કાબુમાં રાખ્યો તે કહેવું પણ મુશ્કેલ હતું. સુધાનું આ દૃષ્ય જોઇને વિમળાબેનને પોતાના

બાણુની લીલાઓ સાંભરી. તરતજ તેમની સ્ફૂર્તિ વધુ જોસથી કામ કરવા લાગી.

સુધા બડિઓ ફોડે છે, બાબુ હઠ કરે છે, મધુ માટીમાં બાળોટે છે, તારા પગ ઘસે છે, કૃષ્ણા ચોપડી ફાડે છે, ગોવિંદ દાદર પરથી ગબડે છે, પ્રભા ચોખા વેરે છે, પ્રકાશ ચપ્પુથી આંગળી કાપી લે છે, શંકર સંડાસમાં ભરાય છે, નંદા પાવડર બગાડે છે—અરે એક નહિ પણ હજારો ફરિયાદો હોય છે. બાળકો વિષે ફરિયાદ નહીં કરનાર મા બાપ આંગળાને વેઢે જ ગણાય.

બાળકો તોફાન કરતાં નથી, હઠ પકડતાં નથી, મસ્તી કરતાં નથી, એમ હું નથી કહેવા માંગતો. ભૂમિગત લોકોએ સરકારને હેરાન નહિ કર્યા હોય તેવી હેરાનગતિ બાળકો માબાપોને કરાવે છે, એ હું જાણું છું. પણ બાલકોની આ ફરિયાદો છીછરા પાણીના બળબળાટ જેવી જ હોય છે. ભૂમિગતોનો નાશ કરવા માટે સરકારે નહી યોજ્યા હોય એવા જલીમ ઉપાયોની યોજના બાળ લીલાઓને દાબી દેવા માટે કરવામાં આવે છે, એ કેવું નામોશીભર્યું છે! જેઓ પોતાના બાળકોને માટે નિંદાનો એક પણ શબ્દ કોઇ બોલે તે સહી શકતાં નથી, તેઓ જ પોતાના લાડીલાના પરાક્રમોની જાહેરાત કરે એ કેવું કહેવાય? બાવા માટે બોરાક, પીવા માટે પાણી, પહેરવા માટે કપડાં જોઇએ, તેવી જ રીતે બાળકોને પ્રવૃત્તિ માટે કંઇક સાધનો તો જોઇએ જ. તે પૂરાં પાડવાં એજ આપણું કામ છે. નવા નાનકડા બાલ જગતની આજે ઘેર ઘેર જરૂર છે. તેના વગર બાળકોની કેળવણી થઇ જ નહીં શકે, તેમનાં મન અને શરીર સ્વાવલંબી નહી થઇ શકે.

આ નાનું જગત આપણે ઊભું ન કરીએ તો બાળકો તે માટે રાહ જોઇ નથી બેસતાં. આંખે દેખાય અને હાથે આવે તે વસ્તુ પર તેઓ પ્રયોગ શરૂ કરે છે. તેમને વઢીએ, ડર બતાવીએ, મારીએ તો પણ ડુસકાંના ડુંગર અને આંસુઓના સમુદ્ર ઓળંગીને એમનો જીવનરથ ઝપાટાભેર આગળ વધે છે.

જૂના વખતમાં દેવો અને દાનવો વચ્ચે યુદ્ધ થયું, એમ કહે છે. તેમાં દેવોનો વિજય થયો. બાલજીવનના રણક્ષેત્રમાં આજે માણસોએ દેવો સામે મોર્ચા માંડ્યા છે. આપણાં બાળકો મનથી આપણાથી દૂર થઇને દેવ પ્રત્યે વફાદાર રહે છે એ આપણે ઓળખવું જોઇએ. બાળકોની ગરજ મુજબ નવું બાલજગત આપણે નહી સર્જીએ તો માણસ દેવ કરતાં દાનવ સાથે વધારે મળતો આવે છે એમ કોઇ કહે તો તેમાં અયોગ્ય શુ છે? 'ફરી યત્ન કરો' વાળી કરોળિયાની વાત પ્રસિદ્ધ છે. પણ ઇચ્છિત ધ્યેયને પહોંચવા માટે જે ચીવટ અને લડાયક વૃત્તિ બાળકો બતાવે છે તે જોતાં ક્રાંતિકારક દેશભક્તને પણ શરમથી મોં નીચું કરવું પડે છે.

ઉદ્યોગદ્વારા વિકાસ એ બાળકોને જીવનક્ષમ કરવાનો કુદરતનો મૂળભૂત સિદ્ધાન્ત છે. **—રા. વા. શેવડે.**

વિનોબાજીની વિચાર વાનગીઓ

૧

સ્ત્રી અને પુરુષ સમાન છે

સામાજીક દરજ્જો, આર્થિક હક, નાગરિક અધિકાર, કુટુંબમાંનું સ્થાન, નૈતિક યોગ્યતા, શિક્ષણક્ષમતા, માનસિક ભાવ, ગુણોત્કર્ષ એ બધી બાબો સ્ત્રી અને પુરુષને માટે સમાન છે, હોવી જોઇએ. સ્થૂલ શિક્ષણમાં કેટલેક અંશે ફરક રહેશે, પણ તેથી આ સિદ્ધાન્તમાં વિરોધ નથી આવતો. પુરુષ પુરુષમાં પણ વિશિષ્ટ શિક્ષણનો તફાવત રહે છે, તેવો જ સ્ત્રી અને પુરુષમાં રહે, એ વાત જુદી છે. સંતાન વિષયક વિશેષ જ્ઞાન સ્ત્રીને માટે જ જરૂરી છે અને પુરુષને માટે મુદ્દલે નહીં જોઇએ એમ નથી. સંતાન વિષયક જવાબદારી સહેજ જુદી જુદી રીતે પણ બન્નેની છે.

પણ મુખ્ય વિચારણીય વિષય એ છે કે બન્નેનું જીવનઉદ્દિષ્ટ ભિન્ન છે કે એક? હું કહું છું કે તે એક જ છે. પૂર્ણતા પ્રાપ્ત કરવી એ માનવ જીવનનું ઉદ્દિષ્ટ છે. તેમાં કામો જુદી જુદી જાતનાં ભલે આવતાં. કાર્યો જુદાં હોય તો તેમના મૂળમાં મનોવિકાસનો એક જ સમાન પાયો રહેશે. પાયો એક, શિખર એક, વચલી ઇમારતનો આકાર એક. એટલું નિશ્ચિત સમજીને પછી બારી બારણાંનો કે રંગરોગાણનો જે ફેરફાર રહેશે તેને શિક્ષણની ભાષામાં કઇ રીતે બેસાડી શકાય તેનો વિચાર પાછળથી થશે.

આજે છોકરા છોકરીઓની અભિરુચિમાં અને શાળાના વિષયોની પસંદગીમાં જે ભિન્નતા દેખાય છે

તે સામાજીક ઉપાધિને આભારી છે. રસોઇ, સીવણ વગેરે વિષય કન્યાઓ વધારે પસંદ કરે છે, એમ કહેવું બરાબર નથી. ગણિત ગમે છે એવી છોકરીઓ મેં જોઇ છે. અને રસોઇ ગમે છે તેવો પુરુષ તો હું જ પોતે છું. મને ગણિત પણ ગમે છે. નહિ ગમતો વિષય મને હજી સુધી સોંપાયો જ નથી. આજનું કૃત્રિમ સામાજીક વાતાવરણ કાઢી નાખીએ અને બૌદ્ધિક વિષય નિષ્ક્રિય અને નિષ્કારણ શીખવવાની પદ્ધતિ મૂકી દઇએ તો, મારી જેમ બધાંને જ જીવનના બધા વિષયો ગમશે અને તેમાં સ્ત્રી પુરુષ એવો ભેદ નહીં રહે, એમ મારું માનવું છે.

૨

આરતી બાની

પ્રશ્ન:—અમારી અઢી વર્ષની ભાણી છે. ખૂબ જ હઠીલી અને રોતલ છે. એકવાર રડવા માંડે એટલે ગમે તેટલું સમઝાવીએ તો પણ છાની રહેતી નથી. કલાકના કલાક રડ્યા જ કરે છે...અન્તે તેને ખૂબ ખીજાઇને કે કયારેક મારીને પણ છાની રાખવી પડે છે.

પછી ડરથી થરથર કાંપતી તે છાની રહે છે. આ છોકરી બીકણ થવાની. આપણા સમાજનો એક ઘટક બીકણ ન થવો જોઇએ. પણ આ વાત વ્યવહારમાં શી રીતે લાવવી?

જવાબ: નિર્ભયતા બધા સદ્‌ગુણોનો આધાર છે. તેને ગુમાવીને કશું પણ કમાવું કરંટ—લક્ષણ છે, એ મનમાં વસ્યા પછી પ્રશ્નમાં મનોરંજન સિવાય બીજું કશું જ રહેતું નથી. એનો સામાજીક જવાબ આપવો હોય તો પૂર્વ—મૌલિક (Pre—Basic) શિક્ષણની યોજના, જેને બાલવાડી કહે છે, તે જ છે. કૌટુંબિક જવાબ એ છે કે બાળકો કુટુંબની આનુષંગિક વસ્તુઓ ન હોઇ મુખ્ય વસ્તુ છે એ સમઝીને જ ગૃહસ્થ જીવન નિયંત્રિત થવું જોઇએ. પ્રત્યક્ષ ઉપાય એ છે કે જેમ છોકરી સાચો સાચ રડી શકે છે તેમ તેની મામીને સાચોસાચ હસતાં આવડવું જોઇએ. આ ઉપાય અજમાવા જેવો છે. હસવા આગળ રડવું ટકી જ શકતું નથી. શરત એટલી જ છે કે રડવું જેટલું કુદરતી તેટલું જ હસવું કુદરતી હોવું જોઇએ. મારો એવો અનુભવ છે કે નાનાં બાળકો જેટલાં સમજદાર હોય છે તેટલાં મોટાં માણસો નથી હોતાં. અને તેથી જ 'નાનાં બાળકની જેમ વર્તો' એવું જ્ઞાની પુરુષોએ આચારસૂત્ર બનાવ્યું છે.

એક ઊડતો કાગડો રડતા બાળકને હસાવી શકે છે. એક અબોધ બાળક મા પર પૂર્ણ વિશ્વાસ રાખીને તેને પેટે જન્મ લે છે. તે કહે તેને ચંદ્ર અને તે કહે તેને સૂર્ય માની લે છે. એવા બાળક વિષે બાપ કયે મોઢે ફરિયાદ કરી શકશે? તો પણ પ્રશ્નકાર લખે છે તેવી રીતે મારવાની વૃત્તિ જો મામીમાં ઉત્પન્ન થાય તો તે ક્રિયાનું કર્મૃત્વ તે પોતા પર જ વહોરી લઇ શકે.

૩

સત્તા અને સેવા

મા બાળક પર સત્તા ચાલે છે, કારણ કે બાળક અસમર્થ છે, અનન્યગતિક છે. પણ બાળકની પણ મા પર સત્તા ચાલે છે. કારણ કે એ સત્તા ચલાવી લેવાનું તેને ગમે છે. મા અસમર્થ નથી હોતી.

મા બાળક પર સત્તા ચાલે છે તે બાળકને ગમે છે પણ બળવાન દુર્બલ પર સત્તા ચલાવે છે તે દુર્બળને નથી ગમતી. તે લાચારીની હોય છે. લાચારીની સત્તા અને મનગમતી સત્તા તદ્દન જુદી જુદી હોય છે. અને તે બેને દર્શાવવા માટે આપણી પાસે જુદા જુદા શબ્દો જોઇએ.

તેવા શબ્દો આપણી પાસે નથી. તેથી આપણે પહેલીને બળની સત્તા કહીશું અને બીજીને સેવાની સત્તા એવું નામ આપીશું. સેવાની સત્તા ઘેરે ઘેર ચાલે છે પણ સમાજમાં કેવળ બળની જ સત્તા શિરજોર થઇને આજે રહી છે. તેને લોકોએ દેવી બનાવી છે અને શકિતને નામે તે પૂજાય છે. તે થોડી ઘણી સેવા કરે છે, પણ શકિત તરીકે જ રાચે છે.

સેવાની દેવતા હજી સુધી કોઇએ ઘડી હોય એમ દેખાતું નથી. ઘરની બહાર, સમાજમાં સેવા નથી થતી એમ નથી. પણ દેવતા તરીકે તેને પ્રતિષ્ઠા નથી અપાઇ. કારણ દેખીતું છે. સેવા પોતે જ દેવતા થાય તો એની સેવા કોણ કરશે?

વસ્તુસ્થિતિ એવી છે કે વિદ્યા, શકિત, લક્ષ્મી જે દેવીઓ બનીને બેઠી છે, તે બધી ખરું જોતાં સેવિકા થવાને યોગ્ય છે. અને સેવા એ જ સાચી દેવી છે. વિદ્યા, શકિત, લક્ષ્મી ત્રણે સેવાને માટે સમર્પિત હોવી

જોઇએ. સેવાની દાસી થવામાં જ તેમનું દેવીત્વ સમાયેલું છે. તે દાસીત્વ તેઓ છોડી દેશે તો તેઓ દેવી ન રહેતાં રાક્ષસીઓ થઇ જશે. આજે તે તેવી જ બની છે.

આજે લક્ષ્મી કમળને પગ નીચે દબાવીને ફરે છે, સરસ્વતી સિતાર વગાડે છે, ચોપડી વાંચે છે કે મોર સાથે ગેલ કરે છે. શકિત હથિયારો વડે દુર્બળોનો ભોગ લે છે. આવી દેવીઓનાં મંદિરો આજ સુધી દુનિયામાં ચાલ્યા છે.

૪

બોધ કણિકાઓ

૧ બધી બાબતોમાં ખૂબ જ નમ્રતાથી વર્તવું. પણ નમ્રતા કૃત્રિમ ન હોવી જોઇએ. સહજ જોઇએ.

૨ જનતાની સેવા કરીને સજ્જનોને સંતોષ આપવો. જનસેવાથી જ સજ્જનોને સંતોષ થાય છે.

૩ કોઇને કોઇ સારી પ્રવૃત્તિમાં દેહને લગાડીને તેનું સાર્થક કરવું. દેહને આળસમાં કદી રોળવો નહીં,

૪ ઇશ્વરની આદરથી ભકિત કરવી. તેના શુભ ગુણોનું હંમેશા ચિંતન કરવું. તેથી તે ગુણોનો અંશ આપણામાં ધીરે ધીરે ઊતરશે.

(મરાઠી 'હરિજન' પરથી) —વિનોબાજી ભાવે.

પાયાની કેળવણીનું સિદ્ધિનું ધોરણ

[હિન્દુસ્તાની તાલીમ સંઘના સાત વર્ષના કામનો હેવાલ સેવાગ્રામથી પ્રસિદ્ધ થયો છે. તેમાંથી આ ઉતારો લીધો છે. અંગ્રેજી પરથી ગુજરાતી ભાષાંતર માટે અમે હરિજન બંધુના આભારી છીએ. સંપાદક]

પાયાની કેળવણીના અભ્યાસક્રમમાં કેળવણીનું સાધન એકાદ હાથકામનો હુન્નર હોય છે. એ પાયાના હાથકામના હુન્નરની સાથે સંબંધમાં આવતો જાય તેમ તેમ વિદ્યાર્થીઓને જુદા જુદા વિષયો શીખવવામાં આવે છે. એટલે મુકરર કરવામાં આવેલા અભ્યાસક્રમને કડકાઇથી વળગી રહેવાની જરૂર પડતી નથી. તેનો ઉપયોગ કેવળ દિશા સૂચવવા પૂરતો હોય છે. વિદ્યાર્થી જે કંઇ શીખે છે તે કેવળ શિક્ષકના બોલ સાંભળીને નહીં પણ પોતાના અવલોકન ને અનુભવ દ્વારા શીખે છે. એક ધોરણમાંથી બીજા ઉપલામાં ચડાવવાને માટે પદ્ધતિસરની પરીક્ષાઓ પણ લેવાની હોતી નથી. વિદ્યાર્થીને નીચેના વર્ગમાંથી ઉપરના વર્ગમાં લેવામાં તેના કરેલા કામના ગુણદોષ, તેણે તેમજ તેના શિક્ષકે રાખેલી તેના રોજેરોજના કામની નોંધ, તેની હાજરીની નિયમિતતા અને તેના શિક્ષકનો તેને વિષેનો અભિપ્રાય, એ બધાં પરથી નિર્ણય થાય છે. પાયાની કેળવણી શરૂ થાય તે પહેલાં નાનાં બાળકોને માટે ચલાવવામાં આવતા બાળવર્ગની સાથેના પાયાની કેળવણીના આઠ વર્ષના અભ્યાસક્રમનો આશય એક નૂતન સામાજિક વ્યવસ્થાને અર્થે નીચેના ગુણો તેમજ આવડતોવાળા નાગરિક કેળવવાનો છે.

૧. સર્વ અંગોના સુમેળથી વિકસેલું તંદુરસ્ત ને ચપળ તેમજ સખ્ત શ્રમ કરવાને સમર્થ હોય તેવું શરીર.

૨. સહકારી સામાજિક વ્યવસ્થાની વિચારસરણીની અને ગામડાંની અર્થવ્યવસ્થામાં ગૃહઉદ્યોગોના સ્થાનની પાકી સ્પષ્ટ સમજ.

૩. જરૂર પડે ત્યારે પોતાના યુકતાહારને માટે અને કપડાંને માટે પાયાના હુન્નરમાંથી જરૂરી કમાણી કરી લેવાની શકિત.

૪. કપાસમાંથી કાપડ તૈયાર કરવાની શકિત ને આવડત.

૫. પોતાના વપરાશ પૂરતાં શાકભાજી ઉગાડી લેવાની શકિત ને આવડત.

૬. ભોજન રાંધવાની શકિત અને એક કુટુંબના અથવા સમૂહના રસોડાના ખર્ચનો અંદાજ બાંધવાની તેમજ તેનો હિસાબ રાખવાની આવડત સાથે તેને માટે દાણોપાણી સંઘરવાને લગતી, રાંધવાને લગતી તેમજ પીરસવાને લગતી ક્રિયાઓની આવડત.

૭. આહાર ને પોષણના શાસ્ત્રનાં મૂળતત્ત્વો તેમજ તંદુરસ્તીના પાયાના નિયમોનું જ્ઞાન.

૮. અંગત તેમજ ગામડાંની સફાઇના પાયાના નિયમોનું જ્ઞાન.

૯. અકસ્માત વેળાએ શરૂઆતની મદદની કળાનું તેમજ બીમારી વખતે દરદીની માવજતની કળાનું જ્ઞાન.

૧૦. સહકારી ધોરણે ચાલતા ભંડારો ચલાવવા અને તેમના હિસાબ રાખવાને જરૂરી સહકારના સિદ્ધાંતોનું જ્ઞાન.

૧૧. જાહેર સભામાં સ્પષ્ટતાથી અને સરળતાથી

એકધારું બોલવાની શકિત ને આવડત.

૧૨. લખીને સ્પષ્ટતાથી વિચારો રજૂ કરવાની તેમજ હેવાલો તૈયાર કરવાની શકિત ને આવડત.

૧૩. માતૃભાષાનો સાહિત્યનો રસ અનુભવવાની શકિત અને હિંદુસ્તાનીનું બપ પૂરતું જ્ઞાન.

૧૪. નાગરી અને ઉર્દૂ બંને લિપિમાં સરળ હિંદુસ્તાની વાંચવાની તેમ જ લખવાની શકિત.

૧૫. ભજનો તેમ જ રાષ્ટ્રિય ગીતો સમૂહમાં ગાવાની આવડત.

૧૬. ચિત્રો તેમ જ છબીઓમાં રહેલી ખુબીઓને ઓળખવાની ને સમજવાની તેમ જ જાતે પેન્સિલથી ને પીંછીથી ચિત્રો કાઢવાની શકિત.

૧૭. સાયકલ તેમ જ ઘોડા પર સવારી કરવાની અને ગાડું હાંકવાની આવડત.

૧૮. નિશાળમાં તેમજ ગામમાં ઉત્સવોની ઉજવણી ગોઠવવામાં મદદ કરવાની શકિત.

૧૯. છાપાંઓમાં આવતા ચાલુ બનાવોના હેવાલો પરથી તેમનો અભ્યાસ કરી મેળવેલું દુનિયાના આર્થિક, સામાજિક અને રાજકીય સવાલોનું પ્રારંભિક જ્ઞાન.

૨૦. પોતાના હુન્નરમાં કામમાં લેવાતાં સાધનો તેમજ તેની જુદી જુદી પ્રક્રિયાઓને લગતા યંત્રશાસ્ત્રના સિદ્ધાંતોનું પ્રારંભિક જ્ઞાન.

૨૧. કપાસ તેમ જ અનાજ ઉગાડવાને લગતા, રસોઇ અને તેને લગતી બીજી ક્રિયાઓને લગતા, પોતાના હુન્નરની પ્રક્રિયાઓને લગતા તેમ જ અંગત અને સમાજની તંદુરસ્તી તથા ગામડાંની સફાઇને લગતા પોતાના શાસ્ત્રીય સિદ્ધાંતોનો પરિચય.

૨૨. અનાજ અને કાપડની જરૂરિયાત પૂરી પડે તે મારફતે હિંદુસ્તાનની તેમ જ દુનિયાની ભૂગોળનું જ્ઞાન.

૨૩. છાપાંઓ તેમ જ સામયિકો સમજીને વાંચી તેમનો ઉપયોગ કરવાની શકિત ને આવડત.

૨૪. હિંદની મુકિતની લડતના ઇતિહાસ તેમ જ વિકાસનું જ્ઞાન.

૨૫. હિંદુસ્તાનમાં પ્રચલિત જુદા જુદા ધર્મો વિષે આદર અને કોમી એકતાની ભાવના.

૨૬. ન્યાતજાતનાં બંધનો અને તેને લગતા વહેમોમાંથી મુકિત.

૨૭. પોતાના ગામને માટે અને તેની આજુબાજુના પ્રદેશોને માટે પ્રેમ; ગામડાંમાં રહીને કામ કરવાની તૈયારી; ગામડાંને ખ્યાલમાં રાખવાની વૃત્તિ.

(તાલીમી સંઘના હેવાલ પરથી)

પ્રાથમિક શાળાના શિક્ષકોને

[બગસરામાં તાલુકા શિક્ષક સમાજમાં શ્રી. તારાબેન મોડકે આપેલ વ્યાખ્યાનમાંથી.]

શિક્ષકોનો દરજ્જો

અહીં તમે જે કેટલીક વાતો કહી તેમાં શિક્ષકનો દરજ્જો વધારવા સારૂ પગાર વધારાની પણ વાત કરી. અત્યારની ભારે મોંઘવારીમાં પ્રાથમિક શાળાના શિક્ષકોનો પગાર વધવો જ જોઇએ એ હું સ્વીકારૂં છું. પરંતુ સાથોસાથ મારે કહેવું જોઇએ કે માત્ર પગાર વધારવાથી દરજ્જો નહિ વધે. દરજ્જો, પ્રતિષ્ઠા વધારવા માટે તમારે ખુશામત છોડવી પડશે. મીઠી ભાષા વાપરવાની ટેવ છોડવી પડશે. બીજાને સારૂં લગાડવાના હેતુથી વાપરેલી મીઠી વાણી બન્નેને પાડે છે. શિક્ષકોએ પોતાનું તેજ વધારવાની જરૂર છે. વિદ્યાનું તેજ વાણીમાં પ્રગટ થાય, તેમજ વર્તનમાં પણ પ્રગટે તો શિક્ષકોની પ્રતિષ્ઠા પગાર વધ્યા વિના પણ વધશે. પગાર વધારાના પ્રયત્નમાં પણ તમારૂં સાચું સંગઠન હશે, સ્વમાનની ભાવના હશે તો શિક્ષકનો દરજ્જો પણ સાથો સાથ વધશે. આપણી વિદ્યાની કિંમત આપણને પોતાને હોવી જોઇએ. તો પછી સમાજ જરૂર એ વસ્તુની કિંમત સમજશે.

અસ્વચ્છતા કાઢો

શાળાઓમાં તમે અભ્યાસક્રમમાં ભલે ધીમે ધીમે ફેરફાર કરો. એ પણ બને તેટલો જલદી થવાની જરૂર તો છે જ; પરંતુ શાળાની ગંદકી તો એક પળવાર પણ નભાવી લેવાય તેવી નથી. હું જ્યારે કોઇ શાળાની મુલાકાતે જાઉં છું ત્યારે સૌ પહેલાં બાળકોનાં કપડાં, હાથ પગ, મોં, કાન, વાળ, શાળાના ઓરડા, બારીબારણાંની સ્વચ્છતા જોઉં છું. કોઇ વિદ્યાર્થી મને ગણિત બતાવવા આવે તેના નખ જોઉં અને પછી

શિક્ષકનું ધ્યાન શાળાની સંસ્કારિતા તરફ દોરૂં છું. સંસ્કારિતા, સ્વચ્છતા એ શાળાનું પ્રથમ ભૂષણ છે. દરેક શિક્ષક એટલું તો જરૂર કરી શકે તેમ છે. એને માટે મોટાં સાધનો વસાવવાની જરૂર નથી. એકાદ સાવરણી, એકાદ પીપ અને પ્યાલો, અથવા માટલું ને લોટકો, ડોલને દોરડું, હાથ લૂછવાનો ખાદીનો ટૂકડો એટલુ બસ થઇ પડે. તમે એકવાર આને માટે પ્રયાસ શરૂ કરો પછી જોજો કે બાળકો કેટલી હોંશથી સ્વચ્છતાના કામમાં મગ્ન થાય છે. તમને પણ આનંદ થશે. બીજી જોડ કપડાં ન હોય, સાબુ ન હોય તો બે ચાર દિવસે કપડાંને ગરમ પાણીમાં ઉકાળી, ધોવડાવી, સૂકવી દેવરાવો, અર્ધો દિવસ લંગોટી પહેરાવીને બાળકોને ભણાવો. પ્રાચીનકાળમાં લંગોટી પહેરીને ભણતા વિદ્યાર્થીઓ સ્વચ્છ અને સંસ્કારી હતા તો તેમની વિદ્યા તેજસ્વી બનતી. સભ્યતા કપડામાં નથી, સ્વચ્છતામાં છે. આપણી શાળાની સ્વચ્છતા એ આપણી સભ્યતાની પ્રથમ કસોટી હોવી જોઇએ.

નિસર્ગનો લાભ લો

શહેરનાં બાળકો કરતાં ગામડાના વિદ્યાર્થીઓને ઘણી તક હોય છે. શહેરનાં બાળકોને ચાર દિવાલમાં પૂરાઇને ભણવું પડે છે. જ્યારે ગામડાના વિદ્યાર્થીઓને કુદરતને ખોળે અભ્યાસ કરવાનો છે. મુંબઇના બાળકને ઘેટાંનાં બચ્ચાં જોવા માટે રાણીબાગમાં જવું પડે, એને ચંદ્રનાં દર્શન તો ભાગ્યે જ થાય. ખુલ્લા આકાશની ભવ્યતા અને તારાઓની શોભા એને જોવા કયાંથી મળે? લીલા હરિયાળાં તરોમાં આપણી ગામડાની શાળાઓને વારંવાર લઇ જવી જોઇએ અને પાક તથા વનસ્પતિ-સાસ્ત્રના પાઠો ત્યાં આપવા જોઇએ. પક્ષુપક્ષીઓનો સીધો પરિચય તેમને કરાવવો જોઇએ. નાનાં મોટાં પર્યટનો દ્વારા પહાડ, નદીઓ અને કારીગરોનો પરિચય કરાવવો જોઇએ. પુસ્તકો અને નિશાળની દિવાલોમાં એમને પૂરી રાખવાથી તો ઊલટું જે કુદરત તેમને જીવનનું ભણતર ભણાવવા પોતાનો વહાલસોયો ખોળો પાથરીને બેઠી છે, તેનાથી વિખૂટા પાડયા જેવું થાય.

બાળકોને શાળાના આંગણામાં પોતાને હાથે નાનકડો સુદર બાગ કરવા દો. એમાંથી બાળકને આનંદ, કસરત અમે નિસર્ગનુ જ્ઞાન પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને ચોપડીઓની ગુલામીમાંથી મુકત કરી પ્રત્યક્ષ જ્ઞાનને માર્ગે તમે વાળશો તો તમે શિક્ષક તરીકે સમાજની ઘણી કીમતી સેવા કરી ગણાશે અને તેમાં તેમને પોતાને પણ જીવનનો આનંદ અને ધન્યતા પ્રાપ્ત થશે.

—તારાબેન મોડક

વ્યાપક દૃષ્ટિ કેળવો

આપણાં બાળમંદિરોનું આજનું લક્ષ પ્રધાનતઃ બાળકના બૌદ્ધિક વિકાસ તરફ કેન્દ્રિત થયેલું દેખાય છે. માનવીનો ઇન્દ્રિય વિકાસ તો એના જીવન વિકાસનું પગથિયું માત્ર છે, આ આપણે ભૂલવું ન જોઇએ. આવતી કાલના સમાજ માટે જે પ્રકારની સ્વર્ગીય સૃષ્ટિની આપણે કલ્પના કરી રહ્યા છીએ તેની નાની મોટી અનેક બાબતોને પણ આપણે નજર સમક્ષ રાખવી પડશે. બાળકનો ઇન્દ્રિયવિકાસ એને એના હૃદય અને મનના વિકાસમાં બાધક ન નીવડે પરંતુ જરૂર પડે ત્યાં ઉપકારક થઇ પડે એવી તકેદારી હમેશાં આપણે રાખવી પડશે. મનુષ્ય—બાળ નિસર્ગનું સંતાન છે તેટલે જ અંશે મનુષ્ય નિર્મિત વિજ્ઞાનોનું પણ સર્જન છે. માનવીના જીવનને નૈસર્ગિક બાજુ છે એટલીજ મહત્વની બાજુ પ્રાપ્ત સદ્‌ગુણોની પણ છે. નિસર્ગનો પૂરેપૂરો લાભ મેળવતો માનવી પોતાના જીવનને પોતે પ્રાપ્ત કરેલી એવી સિદ્ધિઓ વડે સમૃદ્ધ બનાવતો જાય છે. બાળશિક્ષણની બાબતમાં જ્યાં જ્યાં આ વાતને વિસારી દેવામાં આવે છે ત્યાં ત્યાં પરિણામ એકપક્ષી આવે છે. કાં તો બાળક નિસર્ગ ઉપર આધીન થઇને બેસી રહે અને તેટલે અંશે પ્રાથમિક વૃત્તિઓના પૂરમાં તણાયાં કરે અને કાં તો બાળક મેળવેલી ટેવોના પોટલા જેવો બની જાય અને જીવનના અન્ય પ્રવાહોને અવગણે. આપણાં બાળમંદિરોની પ્રવૃત્તિ આ બને પક્ષોનો સમન્વય કરનારી અને બાળકને સાચા અર્થમાં માનવી બનાવનારી છે. આવો આપણો દાવો હોય તો આજના નાના વર્તુળમાંથી બહાર આવીને આપણે સૌએ વ્યાપક દૃષ્ટિએ આપણા કાર્યને જોવું જોઇએ તેમાં શંકા નથી.

આજે બાળશિક્ષણની મર્યાદામાં રહીને આપણે જે કામ કરી રહ્યા છીએ તેમાંયે વધારે પ્રમાણિક અને વધારે આત્મસંશોધનવાળા બનવાની જરૂર છે. આપણાં શૈક્ષણિક સાધનો તેમજ સામાજિક તાલીમની આપણી યોજનાઓ આપણા રાષ્ટ્રિય જીવનને અને આપણી મૌલિક સંસ્કૃતિને વધારેને વધારે ઉપયોગી કેમ બનાવી શકાય એનો વિચાર પણ કરવો ઘટે છે. **હરકાંત ત્રિવેદી**

(બગસરા સંમેલન પર મોકલેલા સંદેશામાંથી)

બાલમંદિરોમાં કાતરકામ

બાલમંદિરોમાં અનેકવિધ પ્રવૃત્તિઓને સ્થાન આપવામાં આવે છે, તેમાં કાતરકામ વિષે જ આપણે અહીં થોડું વિચારીશું. બાળકોને સાદાં સાદાં ચિત્રો કાતરવામાં મજા આવે છે. પ્રથમ તો બાળકની આંખ કેળવાય છે. દાખલા તરીકે આપણે હંસનું ચિત્ર બાળકને બતાવીએ, ચિત્ર જોવાની કુતૂહલ વૃત્તિમાં બાળક થોડો સમય આનંદ અનુભવે છે. જિજ્ઞાસાવૃત્તિ એને પ્રશ્ન પૂછવા મજબૂર કરે છે અને તે શિક્ષકદ્વારા જાણે છે કે તેના હાથમાંનું ચિત્ર હંસનું જ છે. ચક્ષુ ઇન્દ્રિય અને શિક્ષકના સહકારથી બાળ માનસ હંસને ઓળખીને, હાથમાં રહેલી કાતર તરફ જુએ છે, અને ચિત્ર કાતરવાની શરૂઆત કરે છે.

ચિત્રો કાપવાનો પ્રારંભિક ક્રમ બહુ જ સરળ અને સાદી રીતે થવો જોઇએ. ગોળ, ચોરસ, ત્રિકોણ ઇત્યાદિ આકૃતિઓની સાદી શરૂઆત કાતરકામમાં રસ પેદા કરે છે.અને તેમાં પ્રગતિ સાધતા બાળકને સાદાં ચિત્રો કાપવામાં મજા આવે છે. પછી તો જેમ જેમ બાળક ચિત્ર કાપવામાં પાવરધું બને છે, તેમ તેમ અઘરામાં અઘરી અને અટપટી આકૃતિઓ તેમજ ડિઝાઇનો પણ બાળક કાપી શકે છે.

કાતર કામથી બાળકની એકાગ્રવૃત્તિ, ચિત્રોની પારખ, અને એવાં જ ચિત્રો કાગળ પર દોરવાની વૃત્તિ જાગે છે. કાતર પકડવાથી અને તેનાથી કામ લેવાથી બાળકની હસ્તગત સ્નાયવીય શક્તિઓ વિકાસ પામે છે, જેથી સ્નાયુઓ સુસબદ્ધ અને સુડોળ બની શકે છે.

એક પ્રયોગ

આપણા સમાજમાં કાતર દરજીનો સંબધ છે. મને યાદ છે કે અમારા શાસ્ત્રીજી જ્યારે જ્યારે તર્કસંગ્રહ ભણાવતા ત્યારે ત્યારે એમ કહેતા કે– જ્યાં જ્યાં ધુમાડો હોય ત્યાં ત્યાં અગ્નિ હોવો જ જોઇએ. આ વ્યાપ્તિ અનુસાર જ્યાં જ્યાં દરજી હોય ત્યાં ત્યાં કાતર હોયજ. મેં એક બાળકને કાતરકામ માટે કાતર આપી. બાળક બાસ્સી સાડા ચાર વર્ષની ઉમ્મરનું હતું. ચિત્રોનું ખૂબ શોખીન, પણ જ્યારે તેને એક ચિત્ર કાપવા માટે કાતર આપી ત્યારે તે બાળકે બાલાનાં રોદનં બલમ્ ના હિસાબે ચિત્ર કાતરવાનો સાફ ઇન્કાર કર્યો. આ ઉપરથી મને આશ્ચર્ય થયું. અને આશંકા થઇ કે ચિત્રપ્રેમી બાળક કાતર જોતાંની સાથે જ શાને ડરી ગયું? મેં આ પ્રશ્નનો ઉકેલ શોધવાનું નક્કી કર્યું.

બાળક ધનાઢય વર્ગમાંથી આવતું હતું. મારે એ ઘેર જવાનો પ્રસંગ અવારનવાર આવતો. એક વાર બાળકની ગેરહાજરીને લીધે મારે તેને ઘેર જવાનુ થયું. બારણામાં પેસતાંની સાથે જ આપણા પુરાણા મિત્ર દરજીભાઇનાં દર્શન થયાં. બાળકની મોટી બેન બાળકને હાથમાં કાતર લઇ ડર બતાવી રહી હતી. "પુંજભાઇ આનું નાક કાપી લેજો.' બાળક ભયને વશ થઇ એક ખુંણામાં લપાઇ ગયું હતું. આ પ્રસંગે મને ઘણી વસ્તુઓ જાણવાની મળી. આ પ્રસંગે બાળક પાસે જઇ મેં તેને પ્રેમપૂર્વક બોલાવ્યું. "કેમ! દીકુભાઇ! આવોને આપણે આ કાતરથી રમીએ. પુંજભાઇની કાતર પણ કમાલ છે ને? પુંજભાઇ! આ કાતરથી તમો દીનુભાઇની લેંઘી કાપશોને?" દીનુભાઇ મારા બોળામાં ચુપચાપ બેઠા રહ્યા. તેમના બેન બોલી ઊઠ્યાં "ભાસ્તર! તમારે જે ખરી લેવી હોય તે લેજો પણ આ દીનિયાને ચોવીસ કલાક તમારે ત્યાં જ રાખજો." મેં તો માત્ર આનો જવાબ સ્મિતથી જ આપ્યો, અને તેમને સમજાવ્યાં કે "હોય, બેન! બાળકો તો દેવનાં દીધેલ છે ને! આપણે તેમને સાચવવાં જ પડશે. અમારી ને તમારી બંનેની ફરજો સરખી જ છે. લ્યો ત્યારે બાબાને કાલે ઠીક હોય તો બાળમંદિરે મોકલજો." એમ કહી મેં રજા લીધી.

બીજે દિવસે એ બાળક આવ્યું, ત્યારે અમે તેના પર પ્રાયોગિક કામ શરૂ કર્યું. કાતર કામના સમયે એ બાળક શરૂઆતમાં તો ચિત્રો તરફ જોઇ રહ્યું. અમે તેના હાથમાં કાપેલાં ચિત્રો મૂક્યાં. ચિત્રોમાં પડતા નાના બાંચા બાળકને ખૂબ જ ગમ્યાં. તેથી તે બાળક ચિત્ર પરના બાંચા પર આંગળી ફેરવવા લાગ્યું. મારી સાથેના શિક્ષક ભાઇએ હાથમાં કાતર લઇ દીનુભાઇની નજર સમક્ષ ચોરસ ગોળ વિગેરે અનેક આકૃતિઓ કાપી. તેમાં એક કાગળની કાતર જેવી આકૃતિ પણ કાપી. બાળકે કાગળની કાતર હાથમાં લીધી. અને તેના

વડે અન્ય આકૃતિઓ કાપવા પ્રયત્નો કર્યો. ત્યાર બાદ અમે દીનુભાઇને સમજાવ્યા કે "દીનુભાઇ! લો આ સારી કાતર છે. આનાથી કાગળ કતરાશે." બાળકે કુતૂહલથી મારા હાથમાંની અસલી કાતર લીધી ને તેને આવડયું તેવું કાતરકામ શરૂ કર્યું. અને આ રીતે બાળકનો કાતર પ્રત્યેનો કાતરભાવ (ભય) દૂર કર્યો. અને અમો તેના વાલીને પણ સારી રીતે સમજાવી શકયા કે બાળકને ભયજનક તત્ત્વોમાં ન ઉછેરતાં તેને સ્વતંત્ર રીતે ખૂબજ વિકસવા દેવું જોઇએ.

વસિષ્ઠદેવ કાવ્યતીર્થ

એક નવી રમત

સાધનો: કેરોસીનનો પંપ, બાટલી, ફનેલ, સ્ટૂલ, મીણિયું કપડું, નાની ખુરસી, પાણી ભરેલી ડોલ.

રીત: બાળક ખુરસી પર બેસે. આગળ સ્ટૂલની નીચે મીણિયું કપડું, તેના પર બાટલી અને તેમાં ફનેલ મૂકવું. પાસે એક નાની ડોલ પાણીથી ભરીને મૂકી તેમાં પંપ રાખવો. ડાબા હાથે પંપની નળી બંધ કરીને જમણે હાથે પંપનો હાથો ઊંચો નીચો કરવો. તરતજ પાણી પડવા માંડશે. બાટલી ભરવા આવે કે તેને ઉપાડીને પાણી ઢોળયા વગર બાળકે ડોલમાં ખાલી કરવી. આ રમત બાળકને ગમે ત્યાં સુધી કરાવવી.

—ગંગૂભાઇ બ્રહ્મભટ્ટ, સાંગલી.

બાળકની નિખાલસતા

[આ લેખના લેખક સેન્ટ્રલ સ્ટેશન પાસે આવેલા સેવામંદિરના એક શિક્ષક છે. સેવામંદિર હરિજન બાળકો માટેની ગામડાને અનુકૂળ ઢબે ચાલતી પૂર્વ પ્રાથમિક શાળા છે. શ્રી. તારાબેન મોડકે આ શાળામાંજ પહેલાં ગ્રામીણ શિક્ષણનો પ્રયોગ કર્યો. એક રીતે કહીએ તો બોરડીનો પ્રયોગ આનાજ અનુસંધાનમાં છે. સેવામંદિરનાં બાળકો ગરીબ વર્ગનાં છે, એ ખ્યાલમાં રાખવાથી આ લેખનું મહત્ત્વ બરાબર સમજાશે.—સંપાદક]

સંગીત પુરૂં થતાં, નિયમ પ્રમાણે બધાં બાળકો રૂમાલના કટકા લઇ જમણ માટે ઘેરથી રોટલા લેવા ગયાં. ફકત એક રામુભાઇ જ ન ગયા. રામુભાઇને મેં પૂછયું: "કેમ રામુભાઇ જમવું નથી"? રામુભાઇએ બેધડક જવાબ આપ્યો. "કટકો તો દયો. અમને નથી દીધો," મેં કહ્યું "કમળાબહેને તમને કેમ ન આપ્યો?" રામુભાઇએ જવાબ આપ્યો, "એવો સડેલો કટકો અમારે નથી જોઇતો, સારો આપો તો લઇએ ને?" આટલું કહી, "ભલે અમે કાગળમાં રોટલો લાવીશું." એમ બોલતા બોલતા રાતીપીળી આંખો સાથે ઘેર ગયા, અને તરતજ કાગળમાં રોટલો લઇ પાછા આવ્યા.

ટેવાયા પ્રમાણે બધાં બાળકો હાથ ધોવા ગયાં. રામુભાઇ પણ ગયેલા. બાથરૂમમાંથી 'ઓ બારે'નો રડતો અવાજ આવ્યો. તરત જ હું ત્યાં દોડી ગયો. જોતાં માલમ પડયું કે રામુભાઇ બધાંને દમ દઇ, પહેલાં હાથ ધોવા નળ ઉપર ઊભા છે. અને તેમ કરતાં રોકવા બદલ એક નાનકડી છોકરીને પોતાના હાથનો પરચો બતાવ્યો હતો. આવ્યા ત્યારથીજ રામુભાઇ બોર મિજાજમાં દેખાતા હતા.

પ્રાર્થના શરૂ થઇ, બધાં બાળકો શાંત બેસી પ્રાર્થના કરવા લાગ્યાં, ત્યારે રામુભાઇ પોતાની થાળી ઉછાળવા લાગ્યા. પ્રાર્થના પૂરી થતાં બાળકોએ જમવાનું શરૂ કર્યું. રામુભાઇએ શાકના પીરસેલા વાટકા ઉપર પોતાની થાળી મૂકી અને જમવાનું શરૂ કર્યું. કમળાબહેને થાળી નીચે મૂકવાનું કહ્યું, એટલે રામુભાઇ ઘુરકયા "નથી મૂકતાં" એટલે કમળાબહેન પોતાને હાથે થાળી નીચે મૂકવા ગયાં, ત્યાં તો રાતીપીળી આંખો સાથે રામુભાઇ કૂદયા અને ગુસ્સામાં કહેવા લાગ્યા "જો બેન, મારૂ નામ ન લેતાં. મેં આજે દારૂ પીધો છે." તરત જ કમળાબહેને રામુભાઇનો ગુસ્સો જોઇ પોતાનું કાર્ય પડતું મૂકયું, અને ઓરડામાં આવી મને વાત કરી.

હું રામુભાઇ પાસે ગયો, "કેમ રામુભાઇ જમી રહ્યા?" "હા. હું સે?" "મારે તમારી સાથે વાતો કરવી છે." આ સાંભળી રામુભાઇ પોતાના હાથ ધોઇ મારી પાસે આવ્યા. હું અને રામુભાઇ એકાંતમાં બેઠા. રામુભાઇના મોઢામાંથી દારૂની વાસ તો આવતી જ હતી, એટલે મેં રામુભાઇને પૂછયું, "આજે તમારે ત્યાં શું શું આણ્યું છે?" રામુભાઇ એકદમ બોલી ઊઠયા, "દારૂ." મેં પૂછયું

તમારે ત્યાં દારૂ કોણ લાવે છે?" "મારી મા લાવે સે" "તમે આજે દારૂ પીધો છે?" "હા મારી માએ મને પાયો સે." આ વખતે દારૂનું વેન વધતું જતું હોઇ, મેં રામુભાઇને સુવાડી દીધા. તરત જ હું રામુભાઇની માને મળવા દોડી ગયો. પણ તે હાજર નહિ હોવાથી તેમની બહેનને બોલાવી લાવ્યો, અને પરિસ્થિતિ બતાવી. બહેન રામુભાઇને બોટા ઠરાવવા પ્રયત્ન કરવા લાગી અને કહેવા લાગી, "અમારે ઘેર દારૂ લાવતા જ નથી." આ સાંભળી પાસે ઊભેલા રામુભાઇના નાના ભાઇ જીકાભાઇ બોલી ઊઠયા "બાપાનો પગાર આવ્યો ત્યારે મા લેવા જોતી ગઇ, જૂઠું બોલે સે.!"

થોડા સમયમાં રામુભાઇનો નશો ઊતરતાં, રસોડાનું સાફસુફીનું કામ કરવા લાગી ગયા. મેં "કહ્યું રામુભાઇ તમારી તબીયત સારી નથી, તો આજે સૂઇ જાવ." પણ રામુભાઇ એકના બે ન થયા. ફકત એકજ બાળકની મદદથી, જે કામ લગભગ સાતેક બાળકો રોજ કરતાં, તે કામ રામુભાઇના દારૂના નશાએ આજે પાર પાડયું. પણ રામુભાઇ એવા તો થાકીને લોથ થઇ ગયા, કે નશો કયાં ચાલ્યો ગયો, તેની ખબર જ પડી નહિ. ટાઇમ થતાં બધાં બાળકો વિદાય થયાં. રામુભાઇને બેસાડી મેં પૂછયું "તમને આજે દારૂ કોણે પાયો?" "મારી માએ" "તમારી માને દોઢીઆ કોણ આપે છે?" "મારા બાપા" "દારૂ લેવા કોણ જાય છે." "મારી મા જાય સે" "કયાં જાય છે?" "લાઇનમાં ઊભા રહેવાનું સે ને ત્યાં બાટલો લઇને જાય સે." "તમારી બાને તમે દારૂ પીવાની ના નથી પાડતા?" "હું ના તો કહું સું, પણ સમસા ભરીને પાય છે." આમ પછાત બાળકોની બરબાદીનું મૂળ મને સમજાયું. પણ બાળકની નિખાલસતાનો પરચો મને અજબ થયો. રામુભાઇ આજે બાળમંદિરમાંજ સૂઇ ગયા.

આ એક બેદજનક પ્રસંગ તો છેજ, પણ આમ હવે પછી ન થાય, તે માટે સેવામંદિરના પ્રમુખ શ્રી. જયશ્રીબેન દ્વારા અમારા પ્રયાસ ચાલુ છે.

રામુભાઇ સેવામંદિરનું એક રત્ન છે. બાળકોમાં શ્રેષ્ઠ, કળાકાર, માટીકામમાં મૂર્તિકાર, બાગબગીચાના શોખીન, ખૂબજ મહેનતુ, નીડર અને દરેક કામમાં આગળ પડતો ભાગ ભજવનાર, શરીરે સશકત બાળક છે. તેમની ઉંમર લગભગ સાતથી આઠ વર્ષની છે.

આ પ્રસંગથી રામુભાઇએ પોતાની નિખાલસતા બતાવી. બાળક કેટલું નિર્દોષ અને નિખાલસ હોય છે તે પૂરવાર કરી બતાવ્યું છે.

જયંત શુકલ
સેવામંદિર

મજૂરનાં બાળકોની કેળવણી

બધાં બાળકોને કેળવણી આપવામાં મોન્ટીસોરી પદ્ધતિ અનુસાર સુંદર કીમતી રમકડાં, સંગીત અને નૃત્ય વગેરેનો સમાવેશ થાય છે, એવો ઘણાનો બોટો ખ્યાલ છે. પણ બાળકોની સામાજીક, નૈતિક અને માનસિક સ્થિતિ જાણ્યા પછી એને માટેની કેળવણીની પદ્ધતિ દોરી શકાય.

મજૂરોનાં બાળકોનો ઉછેર તો એટલા બધા નાદુરસ્ત વાતાવરણમાં થાય છે કે તેમને માટે પ્રાથમિક ભૂમિકા તૈયાર કરવા તેમને માટે સાત્વિક બોરાકની સગવડતા બાલમંદિરમાં થવી જોઇએ. તેમને શારીરિક શ્રમ મળે છે પણ અનુકૂળ, પ્રમાણસર, સાત્વિક પોષણ નથી મળતું, અને પરિણામે શારીરિક વિકાસ બચપણથીજ રૂંધાય છે. મજૂરોનાં બાળકોના શિક્ષકોએ બાળકોના યોગ્ય અને પૂરતા પોષણ માટે વ્યવસ્થા કરવી ઘટે.

બીજું, તેમની સ્વચ્છતા. સોએ એંસી બાળકો બસ, ગુમડાં અને આવાં ચામડીનાં ચેપી દર્દોથી પીડાતાં જોવામાં આવે છે. તેમને સ્વચ્છતાની પ્રત્યક્ષ કેળવણી અને તેના લાભો બતાવીને તેમને કોઇ પણ ભોગે બાલ મંદિરમાં બીજા પાઠો શીખવતાં પહેલાં આવા સ્વચ્છતાના પાઠો પ્રયોગથી પ્રત્યક્ષ શીખવવા જોઇએ. અને તેમને નાનાં અને રોજનાં પણ ભયંકર દર્દોમાંથી બચાવી લેવાં જોઇએ.

મજૂર માબાપોને બાળકને કંઇ શીખવવા કે કેળવણી આપવા અપાવવા સમય અને સમજ નથી હોતી. પણ તેમને એકજ ખ્યાલ હોય છે કે " કયારે આ

બાળકો કામ કરવા લાયક થાય અને તેને કામમાં જોડી દઉં ?" આવા સંજોગોએ કેળવણી તરફ અભિરુચિ ઊભી કરી છે. અભણની કિંમત લડાઇના સમયમાં વધુ આંકવામાં આવી અને લોકો સંચા તરફ વળ્યા. માનવી માનવી મટી યંત્ર બન્યા. ચેતન મટી જડ બન્યા. જડતાના ખ્યાલમાંથી નીકળવા પુનઃ રચનાનો પવન મદદ કરે તો પણ એકાદ દાયકો તો નીકળી જશેજ. આધુનિક તબકકે કેળવણીકારોએ આ મજૂરોનાં બાળકોની શારીરિક માનસિક અને નૈતિક કેળવણીનો પ્રશ્ન સરકારની મદદથી ઉપાડી લેવો જોઇએ અને તેમનું સ્વાસ્થ્ય સુધરે એવી વ્યવસ્થા કરી અને યોગ્ય કેળવણીની અને ભવિષ્યમાં આદર્શ કામદાર યા કારીગર બની શકે એવી વ્યવસ્થા કરવી ઘટે; કેમ કે કોંગ્રેસનો છેવટનો આદર્શ મજૂર-કિસાન-પ્રજા-રાજ્યનો છે.

એચ. એન. ત્રિવેદી

બુદ્ધિની અને શરીરની મજૂરી

[પૂ. ગાંધીજીને શારીરિક મજૂરી વિષે એક સજ્જને સવાલ પૂછ્યો. તેનો ગાંધીજીએ આપેલો જવાબ કેળવણીની દૃષ્ટિએ અગત્યનો હોઇ પ્રશ્ન સાથે નીચે આપ્યો છે. આ ઉતારો હરિજન બંધુમાંથી લીધો છે. —**સંપાદક**]

પ્ર૦—રવિન્દ્રનાથ અથવા રામન જેવા પણ પોતાની રોટી શરીરશ્રમ વડે જ કમાય એવો આગ્રહ શાને રાખવો? મગજ વડે પોતાનું કામ કરનારને શરીર વડે પોતાનું કામ કરનાર મજૂરના જેવો જ કેમ ન ગણવો? બન્ને ઉપયોગી સામાજિક કામગીરી નથી બજાવતા?

ઉ૦—બુદ્ધિનું કામ શરીરની મજૂરીના કામ જેટલું જ મહત્ત્વનું ને જરૂરી છે અને જીવનની સળંગ યોજનામાં બેશક તેનું સ્થાન છે. પણ મારો આગ્રહ હરેક માણસે પોતાના શરીરવડે મજૂરી કરવી જોઇએ એવો છે. મારો દાવો છે કે કોઇ પણ માણસ શારીરિક શ્રમ કરવાની ફરજમાંથી મુકત ન હોય. શરીરની મજૂરી કરવાથી બુદ્ધિનું કામ કરનાર માણસ પણ વધારે સારું કામ આપી શકશે. હું સૂચવવાની હિંમત કરું છું કે પ્રાચીન કાળમાં બ્રાહ્મણો તનની ને મનની બંને જાતની મજૂરી કરતા. પણ તે તેમ ન કરતા એવું માનીયે તોયે આજના જમાનામાં હરેક માણસે શરીરશ્રમ કરવાની જરૂર પૂરવાર થઇ ચૂકી છે. આને અંગે હું ટોલ્સ્ટોયના જીવનનો અભ્યાસ કરવાનું સૂચવું છું. તેમના મુલકમાં બોન્ડારેફ નામના એક બેડૂતે 'બ્રેડ-લેબર' એટલે કે 'રોટીને માટે શારીરિક શ્રમ'નો સિદ્ધાંત સ્થાપ્યો હતો અને ટોલ્સ્ટોયે તેને કેવી રીતે જગજાહેર કર્યો હતો. તે દરેક માણસે સમજવા જેવો છે.

ધર્મપુર (નોઆખાલી) ૬-૨-૪૭

મોહનદાસ કરમચંદ ગાંધી

બાળકો માટે રમકડાંની પસંદગી

ઉંમર ૬ મહિનાથી ૧ વરસ... બાળક ગળી ન જાય એવી, રંગવાળી અને સહેલાઇથી પકડી શકાય તેમજ અવાજ કરે, બખડે એવી, તેમજ મોઢામાં ઘાલી ચૂસી શકે એવી વસ્તુ પસંદ કરવી જેમકે લાકડાના રંગીન ઘુઘરા, રબ્બરની ચકલી કે બતક. જ્યાં સુધી બાળક ઓળખી શકે નહિ ત્યાં સુધી તેને એવાં નરમ રમકડાં આપવાં નહિ. કેટલાંક એકલવાયાં બાળકોને નવ મહિના પછી નરમ રમકડાં આપી શકાય

ઉંમર ૧ વરસ થી ૨ વરસ... આ ઉમરે જે કોઈ વસ્તુ બંધ થાય ને ઊઘડે અને જ્યાં બીજી નાની વસ્તુઓ મૂકી શકાય એવાં નાનાં રમકડાં જોઇએ, તેમજ પૈડાંવાળાં રમકડાં કે જેને ખેંચી શકાય, ધકેલી શકાય અને મરજી મુજબ વાપરી શકાય, જેમકે નરમ ઢીંગલીઓ, પ્રાણીઓ, લાકડાના બ્લોક કે જેને ગોઠવીને જુદા જુદા આકાર બને,

ઉંમર ૨ થી ૩ વરસ .. જેમાં પાણી રહી શકે તેવું રમકડું. નાની ડોલ, પ્યાલો, ઘડો. શારીરિક વિકાસને માટે સરકણું, દાદર, ઢીંગલીઓ, પ્રાણીઓ, ચિત્રપુસ્તકો, રેતીનો બાડો

અને રેતીમાં વાપરી શકાય, રમી શકાય એવાં સાદાં લાકડાનાં રમકડાં તેમજ મોટા મણકા, ચિત્રના ચોરસ, રંગીન પેન્સીલો મોટા કદની, અને કાગળના મોટા કકડા.

ઉંમર વરસ ૩॥ થી ૫... ઉપલા વર્ગમાં ગણાવેલાં બધાં રમકડાં. બાળક તેને વધારે સારી રીતે સમજપૂર્વક વાપરશે, તે ઉપરાંત રંગવાનાં સાધનો, સામાન્ય ડ્રોઇંગ બુક કરતાં મોટા કાગળો અને રંગની પેટીને બદલે પોસ્ટર કવર વાપરવા આપવા. પ્લેસ્ટેસીન માટી, સ્કેપ બુક, ફાડવાના અને કાપવાના કાગળો, અને બુઠી કાતર, સીવવા માટે કેનવાસ, રંગીત દોરા બિલ્ડીંગ બ્રીકસ, કે જેનાથી દરવાજો, કિલ્લો બને. ઢીંગલી ને તેનો સરંજામ, કપડાં, ઘરેણાં, (કેટલાંક બાળકો ઢીંગલીની રમતની કક્ષા બાંથી નીકળી જાય છે.) ઢીંગલીનું ઘર, લાકડાની આગગાડી, અને ચાવી આપતાં ચાલે તેવાં રમકડાં. સાદો મીકેનો, ચિત્ર સરખાવવા. બીલા ઠોકવાનું, ગુંદરવાળો કાગળ.

ઉંમર વરસ ૫ થી ૭ સુધી... મોટી ઉંમરના બાળકો માટે યોગ્ય વસ્તુઓ તેમજ બરોબર રાંધીને સાફ કરી શકાય એવાં સાધનો. ત્રાજવાં અને કાટલાં, ટોય ટેલિફોન, બેટ, સ્કિપિંગ રોપ, માટી, બાગકામ માટે રમકડાં નહીં પણ માટી બોદાય, પાણી છોડને પવાય એવી વસ્તુઓ. સાદું વણી શકાય તેવી શાળ; બીલા, હથોડી, અને વધારે અક્કલ વાપરી ગોઠવી શકાય એવાં રમકડાં. પેટર્ન અને ચિત્રો, ઉપલા વર્ગો કરતાં વધારે બુદ્ધિ વાપરવી પડે એવી જાતનાં સાધનો. પ્રોજેક્ટ ટોયઝ, સીપાઇને કિલ્લો.

ઉંમર વરસ ૭ થી બસુધી... મેકેનો, ફ્રેટવર્ક, બરી વસ્તુઓની ચોપડીઓ, પતંગ, સાદું કેમીકલ, અને વીજળીનાં સાધનો, જુદી જુદી વસ્તુઓ બનાવી શકાય એવાં રમકડાં, પહેરાય એવાં કપડાં બનાવવાનાં સાધનો, સુથારી કામની પેટી, લખવાની પેન, મોડેલ્સ, એરોપ્લેન્સ, ગ્લાઈડર્સ માછલી રાખી શકાય એવી પેટી, બીયાં, કુંડાં વગેરે. ચંદુલાલ વ્યાસ

બેદુજનક અવસાન

વડોદરામાં મોન્ટીસોરી પદ્ધતિના બાલમંદિરની શરૂઆત કરનારા પૈકી એક શ્રી વસંત બાલમંદિરના સંચાલક શ્રી મણિબેન કેશવલાલ પટેલ એક ધારી મૂક નિઃસ્વાર્થ સેવા તેર વર્ષ કરી ૨૬-૧-૪૭ ના રોજ સાડત્રીસ વર્ષની વયે સ્વર્ગસ્થ થયાં છે. સદ્‌ગત બહેને શ્રી. ગિજુભાઇ પાસે તાલીમ લીધી હતી. સદ્‌ગતનાં સંબંધીઓના દુઃખમાં નૂ. બા. શિ. સઘ સહભાગી છે. ઇશ્વર મૃતાત્માને શાંતિ આપો. —સંપાદક.

બાલઅધ્યાપન વર્ગની પ્રવેશ પરીક્ષા

પૂનાની પૂર્વ પ્રાથમિક નિયંત્રણ સમિતિના મંત્રી લખી જણાવે છે કેઃ—

બાલ અધ્યાપન મંદિરમાં દાખલ થવા માટેની પ્રવેશ પરીક્ષાના નીચેના નિયમો પૂર્વ પ્રાથમિક નિયંત્રણ સમિતિએ ઘડયા છે.

૧ અંગ્રેજી પાંચમી કે પ્રાયમરી સ્કૂલ સર્ટિફિકેટ પરીક્ષા જેમણે પાસ કરી હશે તેમને આ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે.

૨ પ્રવેશ પરીક્ષાની ફી ૫) રૂપિયા છે.

૩ બબ્બે કલાકના કુલ ચાર પ્રશ્નપત્રો રહેશે. દરેક પ્રશ્નપત્રના ૭૫ માર્ક શેઃ—

(૧) સામાન્ય જ્ઞાન (બાળકેળવણીને ખાસ ઉદ્દેશીને)

(૨) ભાષા (માતૃભાષા), વિચાર દર્શાવવાની શકિત (નિબંધ) અને ગ્રહણશકિત (આપેલ ફકરાપરના પ્રશ્નો.)

(૩) ગણિત (અંક ગણિત અને કૃત્યભૂમિતિ)

(૪) સામાન્ય વિજ્ઞાન

૪ પરીક્ષાનું માધ્યમ દરેક ઉમેદવારની માતૃભાષા અથવા પ્રાન્તીય ભાષા રહેશે.

૫ પાસ થવા માટે સેંકડે ૩૫ ટકા માર્ક વિષયવાર અને સેંકડે ૪૦ ટકા માર્ક ટોટલમાં મેળવવાના રહેશે.

૬ પરીક્ષાના સમય દરમ્યાન અધ્યાપન મંદિરના આચાર્ય દરેક ઉમેદવારની મુલાકાત લેશે અને તેનો રિપોર્ટ પરીક્ષક મંડળ પર મોકલી આપશે.

ગણિત અને વિજ્ઞાનનો વિગતવાર અભ્યાસક્રમ પાછળથી જણાવાશે. પરીક્ષા જૂનના પહેલા પખવાડિયામાં થશે. તેની ચોક્કસ તારીખ હવે પછી જાહેર કરાશે.

મંત્રી

પૂ. પ્રા. નિયંત્રણ સમિતિ

નૂતન બાલશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

બાલ વિભાગ

વર્ષ પહેલું] માર્ચ ૧૯૪૭ [અંક ત્રીજો

સાધુને ખીજ ન ચઢે!



તુકારામ મહારાજ મોટા સાધુ હતા. હમેશા ભગવાનનું ભજન કરતા! ઘરની ચિંતા નહીં, પોતે જમવાની પણ ચિંતા નહીં. લોક એમને "ગાંડો તુકારામ" કહીને બોલાવતા. પણ તુકારામને તેનું કશું જ લાગતું નહતું. તેમ છતાં લોકોને તેમના પર બૂબજ પ્રેમ હતો.

એક વખત તુકારામ મહારાજ ડુંગર પર ગયા. ત્યાં બેસીને તેમણે આખો દિવસ ભજન કર્યું. સાંજ થવા આવી ત્યારે પાછા ઘેર આવવા નીકળ્યા.

રસ્તામાં એક વાડીમાં શેરડીનું કોલું ચાલતું હતું. શેરડીમાંથી રસ નીકળતો હતો અને એક ભારે મોટી કઢઈમાં તે રસને તપાવીને તેમાંથી ગોળ બનાવાતો હતો.

વાડીના માલેકે તુકારામને જતા જોયા. દોડતો જઈને તે તેમને પગે લાગ્યો. અને તેમને કોલુમાં લઇ ગયો. તેણે બૂબ તાણ કરીને તુકારામને રસ પાયો, ગોળ બવરાવ્યો અને શેરડીનો એક ભારો બાંધી આપ્યો.

મહારાજ તે ભારો બભે મૂકીને ઘર ભણી ચાલ્યા. રસ્તામાં છોકરાં મળ્યાં. "ગાંડો તુકારામ શેરડી લઇને જાય છે. ચાલો રે ચાલો!" એમ કહી બધાં તેમની પછવાડે લાગ્યાં. બધાં 'મને શેરડી આપ,' એમ કહીને માંગવા લાગ્યાં. તુકારામે દરેકને એક એક શેરડીનો સાંઠો આપ્યો. સાંઠા ઘટતાં ઘટતાં આખરે એકજ સાંઠો વધ્યો. તે લઇને મહારાજ ઘેર આવ્યા.

શેરડીની વહેંચણીનો આ પ્રકાર મહારાજની સ્ત્રીએ બારીથી જોયો. તે બીજાયાં. મહારાજે સાંઠો તેના હાથમાં આપ્યો ત્યારે તે બોલ્યાં, "એક પણ શા માટે લાવ્યા? આપવો હતોને

રસ્તાના વાંદરાંને!"


આમ કહી બીજમાં ને બીજમાં તેણે સાંઠેા મહારાજની પીઠ પર માર્યેા. તેથી તેના ત્રણ કટકા થયા. મહારાજ બીન્યા તેા નહીંજ, ઊલટું હસતાં બેાલ્યા, "ઠીક થયું! એની સેળે ત્રણ ભાગ થયા. હવે ઝગડાનું કારણ નહીં. ત્રણે ભાગ વહેંચી લેવાશે. એક તમને એક મને અને એક આપણા બાબાને!"

આ સાંભળી બિચારી જીજાઇ (મહારાજની સ્ત્રી) લમણે હાથ દઇને બેસી જ ગયી. તેની બીજ કયાંને કયાં નાસી ગઇ, અને મહારાજને વાગ્યું હશે ત્યાં તેલ લગાડવા માટે તે ઘરમાં જઇને તેલની વાટકી લઇ આવી.

સાધુ આવા શાંત હેાય છે. બીજા એક સાધુની વાત આવતે મહિને કહીશ.

ગેા. રા. કુલકર્ણી

સૂર્યદેવ, નમસ્કાર



નમસ્કાર નમસ્કાર
સૂર્યદેવ નમસ્કાર!

રાતે હતેા અંધકાર
દીવાબત્તી ઘેરે ઘેર;
સ્હવાર થઇ આવ્યા તમે
અજવાળું ફેલાયું બધે

નમસ્કાર નમસ્કાર

સવારનેા આ કુમળેા તાપ
થાયે ઠંડી કયાંય અલેાપ,
પંખી ગાન કરે સાનંદ
નાચે વૃક્ષવેલિનાં પર્ણ

નમસ્કાર નમસ્કાર

ગાયેા ચરવા માટે જાય
બેડુત બેતર માંહી જાય
બાલબાલિકા કરીને સ્નાન
કરવા બેસે પ્રભુનું ધ્યાન

નમસ્કાર નમસ્કાર

તમેજ દુનિયાના છેા પ્રાણ
તમ વિના સૌનું થાય મરણ
ઝાડ, પાન, પશુ, પક્ષી, જન
સૌનું તમે કરેા રક્ષણ


નમસ્કાર નમસ્કાર

અમ પર કૃપા કરી ભગવાન
આપેા તેજ શક્તિનું દાન
બધેથી અંધકાર કરી દૂર
પ્રસારેા પ્રકાશ જીવનભર

નમસ્કાર નમસ્કાર.

ગેા. રા. કુલકર્ણી

અપૂર્વ જલસો !



"મફત ! મફત !! મફત !!! ત્રણ પ્રખ્યાત ગવૈયા (૧) તાનસેન ગર્દભ મહારાજ, (૨) સ્વર કિન્નર કૂતરા મહાશય, (૩) કોયલકંઠ શિયાળણાંનો જલસો. દિવસ ઠંડીના, સ્થળ ગામડું, સમય રાતના નવ પછી ગમે ત્યારે. પોત પોતાના ઘરમાં સૂતા, ભારે ભારે જાડા જાડા કંબળ ઓઢી લેા અને સાંભળેા !"

છોકરાઓ, વાંચી આ જાહેરખબર? કોણ કોણ આવશે આ જલસામાં ? ગવૈયાઓએ જલસો કેવી રીતે ગોઠવ્યો જાણો છો તમે?

તે આ પ્રમાણે બન્યું :

ઠંડીના દિવસો હતા. ધાંઊં-ધાંઊં-ધાંઊં હો....હો....હો, કરતા સંપ્ત સૂરમાં ગધેડા મહારાજ ઊકરડા પાસે ગાયન ગાતા હતા. ત્યાં એક કૂતરો આવ્યો.

કૂતરો— અહાહા ! કેવા સુંદર આલાપ લેા છો તમે ગધેડાભાઇ ! તદ્દન તાનસેન જેવાજ.

(ગધેડો ધાંઊં-ધાંઊં-ધાંઊં-કરીને ફરી આલાપ લે છે.)

ગધેડો-તમારો રાગ પણ કયાં ખરાબ છે? તમે પણ એકાદ ગીત ગાલેા ને!

કૂતરો—તમારા અવાજ આગળ મારો તદ્દન નજીવો લાગે. તમારો તદ્દન મર્દાની અવાજ છે.

ગધેડો—ભાઇ દરેકને પોતાનો અવાજ ખરાબ લાગે એટલું જ! બાકી તમારો અવાજ એકદમ બંસરી જેવો ઝીણો છે. ગાલેા તો એકાદ ગાયન.

(કૂતરો ગાય છે ભૂ...ભૂ...ભૂ....ઊ....ઉં... ભૂ...ઉ....ભૂ....ઉ! ગધેડો ખુશ થઇને ડોક હલાવતો કહે છે અહાહાહા! ભલે!! શાબાશ!!! બંને ગાયનના આલાપ લેતા લેતા આગળ

વધે છે. ત્યાં રસ્તામાં શિયાળ ભાઇનો ભેટો થાય છે.)

શિયાળ—ઓહો, ગવૈયાઓ! કયાં ચાલ્યા તમે? બંનેના અવાજનો કેવો પણ મેળ થયો છે? આહા! હું તો તદ્દન ખુશ થયો છું તમારું સંગીત સાંભળીને!

ગધેડો આવો, આવો! તમે મૃણુ આવોને અમારી સાથે. (શિયાળભાઈ પણ સાથ આપે છે. કુઇ, કુઇ, કુઇ! કુઇ, કુઇ, કુઈ!! કુઈ, કુઇ, કુઇ!!! ત્રણે જણા એક જગ્યાએ બેસે છે, અને એક બીજાના અવાજની તારીફ કરે છે.)

શિયાળ—જુઓ ગધેડાભાઇ, કૂતરાભાઇ! આપણા ત્રણેના અવાજ ભેગા થાય એટલે ખૂબ સુંદર અવાજ નીકળે છે. જાણે કે જલતરંગજ વાગે છે અને તેની સાથમાં કોઈ ગાય છે! તેથી આપણા સંગીતની મોજ બધા લૂંટી શકે એટલા ખાતર આપણે આમ કરીએ. તમે રોજ રાતના ગામમાં આવતા જાઓ, અને હું સીમમાંથી સાથ દઇશ. એટલે બધાં આપણું સંગીત સાંભળી શકશે.

"પણ આપણે ગાવાના છીએ એ લોકોને શી રીતે સમજાય" કૂતરાભાઇએ શંકા કાઢી.

"હા, એ સાચું!"

"ત્યારે આપણે જાહેર અખબર વહેંચીએ!" ગધેડાએ કહ્યું.

"હા, હા! કબૂલ. એમજ કરીએ." શિયાળ અને કૂતરાએ સંમતિ આપી.

પછી તેમણે ઘણી જાહેરખબરો વહેંચી તેમાંની એક મને મળી છે તે તમે પણ વાંચો અને મને કહો, કોણ કોણ આવશો આ જલસામાં.

—ઇ. લુંગારે

પાણી આવ્યાં! પાણી આવ્યાં!!

પાણી આવ્યાં! પાણી આવ્યાં!!
સર–સર–સર–ધારા આવે,
ચમ–ચમ–ચમ–વિજળી ચમકે
વાદળ ગડ–ગડ–ગડ–ગડ બોલે ॥પા૦॥

ટપ–ટપ–ટપ–ટપ કરા પડે છે
ફૂલ દેવની વાડીના એ
ચાલો ચાલો વીણી લઈએ ॥પા૦॥

પાણી, પાણી, ચારે બાજુ
નહેર નાળામાં ઊભરાયું
મોટું પૂર નદીમાં આવ્યું ॥પા૦॥

માઇ કાગળની લઇ હોડી
દઇએ પાણીમાં તે છોડી
ભિર ભિર તરતી જાશે હોડી ॥પા૦॥

બહેન ભાઇ જલદી ચાલો
તમે હોડીમાં બેસી જાઓ
ચલાવીશ હું હોડીવાળો ॥પા૦॥

—શાન્તા સ્નેહી

લોકશિક્ષક મેઘાણીનો સ્વર્ગવાસ !

અચાનક હૃદયક્રિયા બંધ પડીને શ્રી. ઝવેરચંદ એટલું જ નહીં પણ મુંબઇ વિદ્યાપીઠના વ્યાસપીઠેથી મેઘાણીનો દેહાન્ત થયાના દુઃખદાયક સમાચારે ગુજરાતના હૃદયને વ્યથિત કર્યું છે. સ્વ. મેઘાણી ગુજરાતના પ્રથમ કોટીના અજોડ સાહિત્યકાર હતા. અજોડ હતા, કારણ કે સાહિત્યના જે ક્ષેત્રમાં એમણે સેવા કરી હતી તેમાં તેઓ એકલાજ હતા. ગુજરાતનું સમૃદ્ધ લોકસાહિત્ય લોકહૃદયમાં છુપાયેલું હતું ત્યાંથી તેને બહાર લાવીને ગુજરાતના શિક્ષિત વર્ગની સામે ધરવાનું મહાન કાર્ય શ્રી મેઘાણીએ કર્યું. અચાનક કોઇ હીરાના ખાણની શોધ કરીને તેમાંથી અથાગ મહેનત ઉઠાવીને એકથી એક ચડિયાતા અણમોલ હીરા બહાર કાઢનાર શ્રી. ઝવેરચંદ મેઘાણી હતા. ખનિજ પદાર્થોમાં જેમ હીરા સૌથી વધુ મૂલ્યવાન છે, તેવીજ રીતે સાહિત્યમાં લોકસાહિત્ય સૌથી શ્રેષ્ટ છે. એ સાહિત્યના ભંડાર મેઘાણીએ ગુજરાતની જનતા આગળ ખુલ્લા કરીને મૂકયા, એ એમની અજોડ સેવા ગુજરાત કદી પણ નહીં ભૂલે. સ્વ. મેઘાણીનું નામ ગુજરાતમાં જ નહીં, હિંદના સમગ્ર સાહિત્ય ક્ષેત્રમાં અમર થઇ ગયું છે.

તેઓ જેમ સાહિત્યકાર હતા તેમ લોકશિક્ષક પણ હતા. કાઠીયાવાડની બાનદાની તેમણે જનતા આગળ ધરી. ચારણી શૈલીની વાર્તાઓ કહેનાર અને લોકગીતો ગાનાર તરીકેજ સ્વ. મેઘાણી પહેલ વહેલા જનતાની નજર આગળ આવ્યા. પોતાના બુલંદ અવાજે મેઘાણી લોકગીતો લલકારે અથવા તો કાઠિયાવાડના શૂરાતનની, ત્યાગની, દેશ ભક્તિની, પાવિત્ર્યની લોક વાર્તાઓ કહે, ત્યારે હજારોનો જનસમાજ ચિત્રની જેમ સ્તબ્ધ બની જતો. ગુજરાત કાઠિયાવાડના ખૂણેખૂણામાં મેઘાણી ભાઇએ લોકસાહિત્યનો અવાજ સંભળાવ્યો, પણ તેમણે મુંબઇની રસિક વિદ્વત્તાને ઝુલાવી !

સ્વ. મેઘાણીના સાહિત્યનો પ્રમુખ સૂર હતો પૌરુષભરી દેશભક્તિ. તેમની વાર્તાઓ, નવલિકાઓ તેમજ તેમના નિબંધો એ બધાંમાં એ એક જ વસ્તુ આપણને જણાય છે. એક સફળ પત્રકાર (Journalist) તરીકે પણ ગુજરાતની જનતામાં તેમણે સારી નામના મેળવી હતી.

દરેક સાહિત્યકાર લોકશિક્ષક હોય છે, હોવો તો જોઇએજ. પણ સ્વ. મેઘાણી સાચા અર્થમાં લોકશિક્ષક હતા. ગુજરાતને બારણે બારણે એમણે સંસ્કૃતિનો પેગામ પહોંચાડયો. બાળ શિક્ષણમાં કામ કરતા શિક્ષકોના કામ કરતાં લોક શિક્ષકનું કામ ઘણું જ અઘરૂં છે. બાળકોને સંસ્કાર નવેસરથી આપવાના હોય છે, ત્યારે જનતાના રૂઢ સંસ્કાર ભૂસી નાખીને ત્યાં નવા સંસ્કાર નાખવાના હોય છે. તેથીજ લોકશિક્ષકનું કાર્ય ઘણું કઠણ છે અને બાળશિક્ષકો સંખ્યાબંધ મળી આવે છે, પણ લોકશિક્ષક જવલ્લેજ જણાય છે.

સ્વ. મેઘાણી ભાઇ આ અર્થમાં એકે અજોડ લોકશિક્ષક હતા. તેમના અવસાનથી ગુજરાતે ઘણું ખોયું છે. સ્વ. મેઘાણી ભાઇનો અંગત પરિવાર આજે દુઃખમાં ડૂબી ગયો છે, પણ તેમનો સાહિત્ય પરિવાર એ દુઃખમાં સહભાગી છે. અમે પણ સ્વ. મેઘાણીના અવસાનના એ દુઃખમાં સહભાગી છીએ ઇશ્વર સ્વર્ગસ્થના આત્માને શાન્તિ આપો !

ગો. ર. કુલકર્ણી

Regd. No. B. 2241

વાર્ષિક લવાજમ:
દેશમાં રૂા. ૩)
પરદેશમાં શિ. ૭।।

: બાલક, પાલક, અને શિક્ષકનું આત્મક પત્ર :

શિક્ષણ પત્રિકા

છૂટક નકલ
૬ આના

કુટુંબ અને સંસ્થા એ બે વચ્ચે આજે હરીફાઈ ચાલે છે. કુટુંબનું ક્ષેત્ર વધતું જાય છે તેથી કૌટુંબિક વાતાવરણ બધી રીતે ક્ષીણ થતું જાય છે. અને તેથી કુટુંબના અધિકારો અને સેવાની તકો સંસ્થાઓને આપવી પડે છે. કુદરતની મૂળ વ્યવસ્થા આવી ન હતી, માટે સમાજના હિત-ચિંતકોએ બાળમંદિરોની બીલવણી સાથે ગૃહમંદિરો કેળવવા તરફ પણ ધ્યાન આપવું જોઈએ.

કાકા કાલેલકર

અનુક્રમણિકા

	લેખ	લેખક	પૃષ્ઠ
૧	પૂર્વ પ્રાથમિક શિક્ષણની વ્યાવહારિક બાજુ	ભા. ઘો. કર્વે	૩૫
૨	તોફાની સુધા	રા. વા. શેવડે	૩૬
૩	વિનોબાજીની વિચાર વાનગીઓ	વિનોબાજી ભાવે	૩૭
૪	પાયાની કેળવણીની સિદ્ધિનું ધોરણ	સંપાદક	૩૯
૫	પ્રાથમિક શાળાના શિક્ષકો	તારાબેન મોડક	૪૦
૬	વ્યાપક દ્રષ્ટિ કેળવો	હરભાઈ ત્રિવેદી	૪૧
૭	બાલમંદિરમાં કાતરકામ	વસિષ્ઠદેવ કાવ્યતીર્થ	૪૨
૮	એક નવી રમત	ગંગૂબાઈ બ્રહ્મનાળકર	૪૩
૯	બાળકની નિખાલસતા	જયંત શુકલ	૪૩
૧૦	મજૂરનાં બાળકોની કેળવણી	એચ. એન. ત્રિવેદી	૪૪
૧૧	બુદ્ધિની અને શરીરની મજૂરી	મોહનદાસ કરમચંદ ગાંધી	૪૫
૧૨	બાળકો માટે રમકડાંની પસંદગી	ચંદુલાલ વ્યાસ	૪૫
૧૩	બાલ અધ્યાપક વર્ગની પ્રવેશ પરીક્ષા	પ્રૂ. પ્રા. નિયંત્રણ સમિતિ	૪૬
૧૪	બાળમંદિરો સાથે ગૃહમંદિરો	કાકા કાલેલકર	કવર પેજ ૨
૧૫	લોકશિક્ષક મેઘાણીનો સ્વર્ગવાસ	ગો. રા. કુલકર્ણી	કવર પેજ ૩

બાળમંદિરો માટે સાધનો

બાળમંદિર માટે સાધનો ખરીદતાં પહેલાં અમારું સૂચિપત્ર મંગાવો.

દરેક સાધનો શાસ્ત્રીય પદ્ધતિથી બનાવવામાં આવે છે અને તે બધાં નિષ્ણાતોની દેખરેખ નીચે તૈયાર કરવામાં આવે છે.

સૂચિપત્રમાં જણાવેલ ભાવ ઉપર બાળમંદિરોને જ ૬ ૧/૪ ટકા કમિશન આપવામાં આવે છે.

તમારી જરૂરિયાત માટે લખો:


બનાવનાર: **નૂતન શિક્ષણ સાધનાલય એન્ડ આર્ટ વર્કર્સ લિમિટેડ.**

વઢવાણ કેમ્પ (કાઠિયાવાડ).

મુદ્રક-પ્રકાશક:-ગો. રા. કુલકર્ણી, ૧૧૭, હિંદુ કોલોની દાદર-મુંબઇ ૧૪, મુદ્રણસ્થાન:-સ્ટેટસ પીપલ પ્રેસ, ૧૩૮, મેડોઝ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ.

નૂતન બાલશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા



વર્ષ ૨૨ મું] એપ્રિલ ૧૯૪૭ [અંક ચોથો

આધતંત્રી : સદ્‌ગત ગિજુભાઇ બધેકા

સંપાદક : શ્રી. તારાબેન મોડક

સહસંપાદકઃ શ્રી. ગોપાળરાવ કુલકર્ણી
શ્રી. રામભાઈ પાઠક.

શાળામાં ધર્મશિક્ષણ

શ્રી આપ્ટે ગુરુજી લખે છે : "નાનાં બાળકો માટે શાળામાં ધાર્મિક શિક્ષણ કેવી રીતે આપવું એ પ્રશ્ન વારંવાર પૂછવામાં આવે છે. અનેક લોકોને આની બરાબર કલ્પના નથી હોતી. કેટલાક સંતોનાં વચનો યાદ કરવાં જોઇએ એ બાબતમાં મતૈક્ય છે. પણ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ધર્મ શિક્ષણની પદ્ધતિ કેવી હોવી જોઇએ એ બાબતમાં ખુલાસો થવો જોઇએ. સૂત્રરૂપે તે લખાય તો પણ ચાલે."

ધાર્મિક શિક્ષણ એ નિઃસંશય મહત્ત્વનો વિષય છે. પણ ધર્મ શબ્દનો અર્થ આજે ખૂબજ સંકુચિત અને સમાજભંજક થયો છે. તેથી ધર્મશિક્ષણ શાળામાં આપવું જ નહીં જોઇએ, એમ માનવા તરફ વિચારી માણસોનું વલણ જણાય છે. મારો અભિપ્રાય એવો છે કે સાચું ધર્મશિક્ષણ સાહિત્યનો વિષય નથી. ચારિત્ર્યનિષ્ઠા, ઇશ્વર વિષયક શ્રદ્ધા, અને દેહાત્મિન્નાત્મ્યનું ભાન એ ધર્મનો સાર છે, અને સત્પુરુષની સંગતિથી જ તે પ્રાપ્ત થઇ શકે છે. તેથી શીલવાન શિક્ષકોની યોજના એજ મારી ધર્મશિક્ષણની યોજના છે.

સંતોનાં વચન મુખોદ્‌ગત થાય એમાં લાભ તો છેજ. પણ તેને હું ધર્મ શિક્ષણ નહીં ગણું. તેને વિશુદ્ધ સાહિત્યનું શિક્ષણ હું ગણીશ. તેમાં પણ પસંદગી કરવામાં વ્યાપક વિવેકની જરૂર રહેશે. 'પ્રાર્થનામાંનો વિવેક' કેવો હોય તે મેં આ પહેલાં લખ્યું હતું તે અહીં પણ લાગુ થાય છે.

સર્વ-ધર્મ-સમ-ભાવની ભૂમિકા લઇને જુદાજુદા ધર્મના સત્પુરુષોનાં ચરિત્રો કે વ્રતો, ઉત્સવ વગેરે ચિત્તશુદ્ધિસાધક યોજના, એ બધા માટે માહિતી આપી શકાય. છતાં આને પણ હું ધર્મશિક્ષણ નહીં ગણું. આને ઇતિહાસનું કે સમાજનું અધ્યયન એમ કહી શકાય. ચિત્તશુદ્ધિનો ખ્યાલ ન રાખતાં કેટલાક તાંત્રિક આચાર અને ક્રિયાકલાપો વડે પુણ્ય મેળવવાની કલ્પનાઓ બધા જ ધર્મપંથોમાં રૂઢ છે. પણ તે કલ્પનાઓ નીકળી જવી જોઇએ. દરેક વાત અનુભવની કસોટી પર ઘસીને જ લેવી એવી ટેવ વિદ્યાર્થીઓમાં આવવી જોઇએ. આટલી વાત સાધી શકાય તો મારે માટે બધું ધર્મશિક્ષણ આવી ગયું.

(મરાઠી હરિજન પરથી) —વિનોબાજી.

બાળકોની કેળવણી

આપણો પ્રયત્ન એ હોવો જોઇએ કે જેટલાં બાળકો છે તેમને, આપણે ખેંચી લઇએ. બાળકોને તો આવવાની તમન્નાજ હોવી જોઇએ. જેટલાં બાળકો આપણી પાસે આવે તેમને પોતાનાં બાળકો ગણીને આપણે ચાલવું છે. તેમનાં શરીર તનદુરસ્ત થાય, મન તનદુરસ્ત થાય, તેમનામાં સામાન્ય સભ્યતા આવી જાય તો આપણું કામ થઇ ગયું એમ સમજવું.

હું નથી માનતો કે બાળકો તોડતાં શીખે. મેં ઘણાં બાળકોને શિક્ષણ આપ્યું છે—પણ કોઇને તોફાન કરવા નથી દીધું. તેઓ મારા હાથમાં રહે તો હું તેમને એવી કેળવણી આપું કે નાનપણથીજ "તોફાન કરવું નહીં, વિધ્વંસ કરવો નહીં" એ પાઠ શીખી લે. તેઓ જે કાંઇ કામ કરશે તે બધું સૃજનાત્મક (Creative) જ હશે. આમાંજ કળા રહેલી છે.

હું એ નથી માનતો કે બાળકો જન્મથી જ સારાં યા નરસાં હોય છે. કંઇક વલણ જેવું હોય છે, પણ તેનું રૂપ બનાવવું એ આપણું કામ છે. આનો અર્થ એ કે બાળક માના પેટમાં હોય છે ત્યારથીજ તેની કેળવણી શરૂ થાય છે. પણ તે વખતે શિક્ષણ મા ને આપવાનું હોય. આ પ્રૌઢ શિક્ષણનો વિષય થઇ જાય છે. બાળકોના સંસ્કાર ત્યારથીજ શરૂ થાય છે. આવતી પેઢીને આજ રીતે આપણે ઘડવી છે. જ્યાં સુધી બાળક માના પેટમાંથી બહાર નથી આવતો ત્યાં સુધી આપણે માને જ શીખવશું.

બાળકના હાથ પગ તો ચાલે છે અને તેઓ કંઇક તો કરીજ લે છે. બે અઢી સાલનાં બાળકો આપણા હાથમાં શરૂઆતથી આવી જાય અને પોતાના હાથ પગ આપણે બતાવીએ તે રીતે વાપરે તો તેઓ કયાં સુધી પહોંચશે તેની હદ હું તો નથી બાંધી શકતો. તેમને આપણે જે કાંઇ શીખવશું તે રચનાત્મક હશે, ક્રિયાત્મક હશે. વિધ્વંસક નહીં.

('નઇ તાલીમ' માંથી) —ગાંધીજી

બધી બદીઓનું મૂળ—સજા !

જાણ્યે અજાણ્યે બાળક પર આપણે અનેક પ્રકારના અત્યાચાર કરીએ છીએ. આપણે તેમની ઇચ્છાઓ, આકાંક્ષા, ભાવાભાવ, સગવડ અગવડ, વગેરેનો વિચાર જ કરતાં નથી. તેમને નાનાં ગણીને દરેક બાબતમાં આપણે પોતાનું જ ધાર્યું કરીએ છીએ. આપણી ઇચ્છાઓના ચોકઠામાં જ આપણે બાળકને બેસાડવા મથીએ છીએ. આપણે એમને આપણી મહત્ત્વાકાંક્ષાની પૂર્તિનું સાધન ગણીએ છીએ. આપણે તેમના શરીરની જોઇતી સંભાળ લઇને તેમનું પોષણ કરીએ છીએ, પણ તેમના આત્માને ભૂખ્યો રાખીએ છીએ. બાળક પોતાનું કામ પોતે જ કરવા મથે છે, પણ આપણે તેને રોકીએ છીએ. તેનું કામ આપણે જાતે કરીએ છીએ અથવા નોકર પાસે કરાવીએ છીએ. બાળક રમવા માટે તલસે છે, આપણે તેને રમવા દેતાં નથી. બાળક ઝાડ પર ચઢવા માગે છે, તરવા ઊતરે છે, પણ આપણે તેને પડવાનો, ડૂબવાનો ડર બતાવી તેના ઉત્સાહને ઠંડો પાડીએ છીએ. આ રીતે ચોવીસે કલાક આપણે તેનાં પર અનેક પ્રકારના અત્યાચાર કરીએ છીએ. આ બધા અત્યાચારોમાં સૌથી વધારે ભયંકર અને પ્રાણઘાતક અત્યાચાર છે સજા !

સજા પર આપણી એટલી બધી શ્રદ્ધા છે કે તેના વગર આપણે એક ડગલું પણ ભરતાં નથી. આપણે માનીએ છીએ કે સજા નીકળી જાય તો પ્રલય થશે, અરાજકતા જામશે. ૧૯૩૭માં કેટલાક કોંગ્રેસના શિક્ષણ-મંત્રીઓએ હેડમાસ્તરોના સજા આપવાના જન્મસિદ્ધ હક્ક પર નિયંત્રણ નાખ્યું ત્યારે બધાએ બૂમરાણ કરી દીધી. હેડમાસ્તરોએ મંત્રીઓના આ અનધિકૃત પ્રયત્નનો સખ્ત વિરોધ કર્યો. તેમનું વેદવાક્ય એ હતું કે સજા વિના શાળામાં શિસ્ત ન જ આવી શકે. સજા બંધ થશે તો છોકરાં બગડી જશે, સ્વચ્છંદી થશે, ઉદ્દંડ થશે. શિક્ષક માટેનો તેમનો આદર નષ્ટ થશે અને તેઓ બેલગામ થઇ જશે.

નૂતન બાલ શિક્ષણ સંઘના ઇન્દોર અધિવેશનમાં જ્યારે હું સજાનું ભયાનક ચિત્ર બતાવવા લાગ્યો ત્યારે સજાના પક્ષપાતી લોકોના હોજાં ગગડી ગયાં. સજા બંધ થશે તો આજ્ઞા ન માનનાર અને કામ ન કરનાર વિદ્યાર્થીઓને સીધા શી રીતે કરી શકાય? પરીક્ષાનાં પરિણામ સારાં કેવી રીતે આવશે? વગેરે વિચાર તેમની મુદ્રા પર જાણે ચિત્રિત થયેલા દેખાયા.

જ્યારે જ્યારે હું મારા મિત્રોને, સહકારીઓને, સગાંઓને સજા બંધ કરવા માટે મારા વિચારો કહું છું, ત્યારે ત્યારે તેઓ મારા મોઢા તરફ વિચિત્ર નજરથી જોવા માંડે છે. તેમને લાગવા માંડે છે કે હું ગાંડો તો નથી થયો! કેવી અસંબદ્ધ, અશકય વાત કરે છે આ! હું તેમની અડચણો જાણું છું, તેમની વિવશતા અનુભવું છું. આજે દુનિયામાં બધે સજાનો જ પ્રભાવ જણાય છે. આવા સંજોગોમાં સજાની પરંપરા કાયમ છે. આજે પણ ઘેર ઘેર અને શાળાઓમાં સજાનું જ રાજ્ય ચાલે છે. ત્યારે સજાને તદ્દન નાબૂદ કરવાની વાત જે કરે છે તેની સામે સજાના પક્ષપાતીઓ એકે અવાજે પોકાર કરે છે. તેમને સમજાતું જ નથી કે સજા વિના પણ શિસ્ત રહી શકે છે અને ચારિત્ર્ય સરસ રીતે ઘડાય છે, તેમજ જ્ઞાન પણ મેળવી શકાય છે.

નવી શિક્ષણ પ્રણાલીને લીધે કેટલાંક ઘરોમાંથી અને શાળાઓમાંથી બાળકોને સજા કરવાની પ્રથા નીકળી ગઇ છે એ આનંદની વાત છે. પણ બાકી બધે તો આજે પણ સજાનું સામ્રાજ્ય ચાલુ છે. બાળક સાથેનો વ્યવહાર ક્રૂરતાભર્યો અને કઠોર જ હોય છે. આજ-કાલના સુધરેલ ગણાતા લોકોએ 'પશુ ક્રૂરતા નિવારક' કાયદાઓ ઘડયા છે. પણ બાળકો પર અહર્નિશ જે અત્યાચાર થાય છે તે માટે કોઇ પણ કાયદો ઘડયો નથી. જનતા આંખ મીચીને બાળકો પરના અત્યાચાર સહી લે છે. આને શું કહેવું? નાનકડો, નબળો, નિર્દોષ બાળક વિરોધ કરી શકતો નથી, આરોપ મૂકી શકતો નથી, આવા કોમળ અર્ભક પર જુલમ કરવો, તેમની સામે પોતાની તાકદનું પ્રદર્શન કરવું, એમાં તદ્દન નિર્દયતા અને ક્રૂરતા નથી એમ કોણ કહેશે? આપણાથી મોટાઓની સામે આપણે રાંક બની જઇએ છીએ, તેમની હા માં હા ભેળવીએ છીએ, અને દિવસને રાત અને રાતને દિવસ કહેતાં પણ શરમાતાં નથી. તેજ આપણે બાળકો સાથે વર્તવામાં તિસ્મારખાં બનીને નથમાં તીર મારતાં પણ અચકાતાં નથી! આપણું કામ કરાવવું

હોય ત્યારે આપણે ગમે તેની સામે નાક ઘસીએ છીએ, પણ બાળકની સામે સહેજ પણ નમવાની આપણી તૈયારી નથી હોતી. તેમની સાથે વર્તવામાં આપણે આપણી જાતને શું ય ગણીએ છીએ કોણ જાણે! આપણી ઇચ્છા વિરુદ્ધ બાળકો કંઇ પણ કરે કે આપણે તેને સજાજ કરી બેસીએ છીએ. કારણ સજા એજ આપણી પાસેનું અમોઘ હથિયાર છે.

પણ હવે જમાનો બદલાતો જાય છે. જૂની, સડેલી, ગંધાતી સમાજવ્યવસ્થા ભાંગવા લાગી છે. ભયંકર અપરાધીઓને પણ સજા ન થાય એવી યોજનાઓ ઘડાતી જાય છે. જેલો સુધારગૃહોમાં ફેરવાતી જાય છે. આવે વખતે ઘરમાં કે શાળામાં બાળકને મારવું એ કેટલું શરમભર્યું છે તે આપણે બની શકે તેટલું જલદી સમજી લેવું જોઇએ. ઘર કે શાળાને જેલનું સ્વરૂપ આપવું આપણને શોભતું નથી. બાળક માનવી જગતનો નિર્માતા છે, ભાવી સમાજનો નેતા છે. તેનું અપમાન કરીએ તો આપણે કેવી અધોગતિએ પહોંચીએ!!

આપણે સજાના અનેક પ્રકાર શોધ્યા છે. જેવી રીતે જેલોમા જુદી જુદી જાતની સજાઓ અપાય છે તેવીજ રીતે ઘરમાં અને શાળામાં જુદી જુદી સજાઓ ચાલુ છે. સોટીનો માર, લાતો કે મુક્કાથી માર, તમાચા, બોરડીમાં પૂરી દેવું, એક પગે ઊભો રાખવો, અગૂઠા પકડાવવા, ભૂખ્યો રાખવો, વગેરે સજાના અનેક સ્થૂળ પ્રકાર છે.

ગામડાંઓમાં તો આ સજા ભયંકર સ્વરૂપમાં દેખા દે છે. થોડા દિવસો પહેલાંની વાત છે. એક ગામડાના બાળકે મને કહ્યું કે પાઠ ન કર્યો હોય અથવા ચોરી કરી હોય તો બળતા અંગાર હાથપર રાખીને સજા કરે છે, કપડાં ઊતરાવી ઝાડ સાથે બાંધી, નેતરથી માર મારે છે. બાળક રડે છે, ચીસો પાડે છે, બેભાન થાય છે, છતાંય પત્થરના હૃદય વાળા માસ્તરનું અંતઃકરણ પીગળતું નથી. ઊલટું એવી ધમકી અપાય છે કે રડીશ તો વધારે માર પડશે. આશ્ચર્યની અને દુઃખની વાત એ છે કે માબાપ આ બધું જાણ્યા છતાં કશું કરતાં નથી, સજાનો વિરોધ બતાવતાં નથી. વળી વિરોધ કરેય કયાંથી? તેઓ પોતે તેજ કક્ષાનાં હોય છે. બાળકોને સજા કરતાં તેઓ કદી અચકાતાં નથી. પછી સજાની સામે ફરીયાદ કેવી રીતે કરે?

આ બધું તો ઠીક. પણ પ્રેમની સાક્ષાત્ મૂર્તિ ગણાતી માતા પણ સજા આપવામાં કોઇનાથી ઓછી નથી હોતી. સજાનું ભૂત શિર પર સવાર થઇ જાય એટલે માતા માસ્ટર સાહેબથી પણ ચઢી જાય છે. મારા એક મિત્રે મને હમણાંજ કહ્યું કે એક દિવસ તેની સ્ત્રીએ પોતાના બાળકને દોરીથી બાંધીને ખીંટીએ ટિંગાડયો અને બહારથી દરવાજો બધ કર્યો. મેં એ બાળકને જોયો છે. બૂબ ચપળ છે. કયારેય પણ આળસમાં નહીં બેસી રહે. કંઇક કરતો રહેશે. આવા બુદ્ધિમાન બાળકની સાથે પણ આટલી ઘાતકી રીતે અત્યાચાર થાય છે, તો પછી સાધારણ બાળકોની શી સ્થિતિ થતી હશે તેની કલ્પના જ કરવાની રહી. કયારેક કયારેક બાળકને એટલી નિર્દય રીતે પીટવામાં આવે છે કે તે પછી કલાકો સુધી એ ભાનપર નથી આવતો. મારી મારીને એનાં હાડકાં ઢીલાં કરાય છે. આવા હૃદયવિદારક પ્રસંગો મેં મારી આંખે જોયા છે. એક વાર નહીં પણ અનેક વાર. એક સાલ થયું, એક જુવાને પોતાના બાળપણનું એક દુઃખમય સ્મરણ મને કહ્યું ત્યારે તો મારું હૈયું ડરથી કંપી ઊઠયું. નાનપણમાં તેને એટલો બધો માર મારવામાં આવ્યો હતો કે તેની મુદ્રા તદ્દન બદલાઇ જ ગઇ હતી. તેનું મોઢું જોતાં જ આપણને ડર લાગે! તેને પોતાની જીંદગી અસહ્ય થઇ. આખી દુનિયા માટે તેના મનમાં ઘૃણા જાગી. તે ગાંડા જેવો થઇ ગયો. વીસ સાલથી વધારે ઉમર ગઇ તો પણ તેનું બોલવું અટકાતું હતું. તેનાથી પોતાના વિચારો સરળતાથી કહેવાતા જ ન હતા. તેના હાથ પર એટલી બધી લાકડીઓ પડી હતી કે તેનું મગજ તદ્દન બગડી ગયું હતું.

માત્ર હાથ, પગ, અને સોટીથીજ સજા કરી શકાય છે એમ નથી. જીભ અને આંખો વડે પણ સજા અપાય છે. આને માનસિક સજા કહી શકાય. લાલ આંખ કરીને જોવું, ફજેતી કરવી, ટીકા કરવી, સરખામણી કરવી, વગેરે માનસિક સજાનાં રૂપો છે. આ જાતની સજા મારપીટ કરતાં પણ ભયંકર છે. શારીરિક સજા કેવળ શરીરને જ નુકશાન કરે છે ત્યારે માનસિક સજા આત્માનો નાશ કરે છે. શારીરિક સજા ભૂલી શકાય પણ માનસિક સજાનું પરિણામ બાળકની નસેનસમાં વ્યાપી જાય છે. આથી બાળકને અપરિમિત નુકશાન થાય છે. બાળક પર તેનુ બૂબ અનિષ્ટ પરિણામ થાય છે. મેં આ વાતનો સારી પેઠે અનુભવ કર્યો

છે. ૧૯૩૦ સાલની વાત છે. હું એક ગુરુકુલનો આચાર્ય હતો. સજા ન કરવાનો કાયદો ત્યાં હતો. ચોરીછૂપીથી કોઇ શિક્ષક એકાદ લપરાક લગાવીને પોતાની ચળ શાન્ત કરતો, એટલું જ. વિદ્યાર્થીઓનું એક ડેપ્યુટેશન મારી પાસે આવ્યું. તેમણે હૃદય ખોલીને બધી વાતો કરી. વાતચીત દરમ્યાન એક જણાએ કહ્યું કે "શિક્ષક આંખો કાઢીને અને મોઢું મારીને જે સજા કરે છે તે અમને ખૂબ સાલે છે. તમે એકાદ લપરાક લગાવો કે સોટી મારો તો અમે તેને હસતે મ્હોંએ વધાવી લઇશું, પણ આવાં વચનોની સજા અમને અસહ્ય થાય છે."

વિદ્યાર્થીઓની વાતો સાંભળીને હું ઠંડોજ થઇ ગયો. મને પોતનીજ શરમ લાગવા માંડી. મારી આંખો ખુલી. મને માનસિક સજાની ભયાનકતા આજ સુધી ન હતી સમજાઇ. સજાનો આથી પણ એક સૂક્ષ્મ પ્રકાર હોય છે. તે એ કે નજીવી ભૂલનો મોટો હાઉ કરીને બાળકો આગળ રજુ કરવો અને તેમના કુળની મહત્તા તેમની સામે લાવીને મૂકી દેવી. આમ કરવાથી બાળકને પોતાની ભૂલ સુધારવાની જબ્બરદસ્ત પ્રેરણા મળે છે, એ વાત સાચી. પણ તેમના કુમળા મન પર એનો સખ્ત આઘાત પણ થાય છે. બાળક ઉદાસ, નિરાશ અસંતુષ્ટ થઇ જાય છે. મનમાં ને મનમાં ધૂંધવાય છે. તેના મનમાં એવો ભય હમેશાં રહે છે કે કદાચ મારાથી ભૂલ થાય ને મારા કુળની કે કુટુંબની આબરૂને કલંક લાગે તો?

એક દાખલો લઇએ. રજની ત્રણ વર્ષની હતી. તે પોતાની માતા સાથે બાળમંદિરમાં આવતી. એક દિવસ તેણે બાગનું એક ફૂલ તોડ્યું. તેને ફૂલ તોડતી જોઇને તેની શિક્ષિકાએ તેને કહ્યું, "રજની, ફૂલ નથી તોડવાનું. ફરી તોડ્યું છે તો હું તારી સાથે બોલીશ જ નહીં." આ વાકય સાંભળતાંજ રજનીને વજ્રાઘાત થયો. તે ડુસકે ડુસકે રડવા લાગી. એક કલાક સુધી તે રડી. કોઇ ન જાણી શકયું તેને શું થયું હતું. માએ પૂછ્યું, ત્યારે ડુસકા ખાતી ખાતી તેણે જવાબ આપ્યો: "બ્હેન મારી પર ખીજાયાં છે. મારી સાથે બોલવાનાં નથી. તો હું શું કરું? કયાં રમું?" આટલું જેમ તેમ બોલીને તે ફરી રડવા માંડી. ગમે તેટલી સમજાવી છતાં તેનું રડવું અટકયુંજ નહીં. બાળકના મન પર આવું ભયંકર પરિણામ થાય છે માનસિક સજાનું!

માણસ જે માનસિક કે શારીરિક સજા કરે છે તે ઉપરાંત સજાનો વળી એક ત્રીજો પ્રકાર છે. તે છે કુદરતની સજા. કુદરતનો કાનૂન જે તોડે છે તેને તે સજા થાય છે. બાળક આંખ બંધ કરીને ચાલે તો તે અથડાશેજ. દેવતામાં આંગળાં નાખે તો તે દઝાશેજ. બાળક બાબા કરે તો તેને અપચન થવાનુંજ. એટલે અર્થ એ કે ભૂલ થાય એટલે તરતજ સજા થવાનીજ. કુદરતના નિયમ અટલ છે. બધાંને એક સરખા લાગુ થાય છે. કુદરત ગરીબ શ્રીમંત, નાનો મોટો એ ભેદ જાણતી નથી. કુદરત ક્રોધ પણ કરતી નથી. વેર વાળવાની વૃત્તિ કુદરત પાસે નથી હોતી. તેથીજ કુદરતની સજા બાળક મૂંગે મોંએ સહી લે છે. પણ કેટલીક વાર ભૂલ ન થાય તો પણ કુદરત ભારે સજા કરે છે. બાળક કોઇ ઝાડ પર ચઢે છે, જોસભેર પવન ફૂંકાય છે અને બાળક લપસીને નીચે પડે છે, તેને ભારે ઇજા થાય છે કે તે પોતાના પ્રાણ પણ ગુમાવે છે. આથી નિસર્ગની સજાને સજા તરીકેનું ઉદાહરણ ન ગણી શકાય. એટલું ખરૂ કે કુદરતની સજામાં વેરબુદ્ધિ કે દ્વેષ નથી હોતો. પણ માણસે દીધેલ સજામાં ક્રોધની ભાવના હોય છે, ઘણીવાર વેરની વૃત્તિ પણ હોય છે. તેથી તે સજા ખૂબ સાલે છે. હૃદયને તે ઘાયલ કરે છે. કોઇ વાર એવો ઊંડો જખમ થાય છે કે મૃત્યુ સુધી તે રૂઝાતો જ નથી. સજાને લીધે શી શી હાનિ થાય છે એ બાબતમાં આવતા લેખમાં આપણે વિચાર કરીશું. (અપૂર્ણ)

(હિન્દી શિ. પ. પરથી) **બન્સીધરજી**

સેવાગ્રામનો બાતરીલાયક પુરાવો

પાયાની કેળવણીની કલ્પના ગાંધીજીએ રાષ્ટ્રની સામને મૂકી તે વખતે તે કેળવણી સ્વાવલંબી થઇ શકશે એવો આત્મવિશ્વાસ એમણે પ્રગટ કર્યો હતો. આ વાત તે વખતે શિક્ષણના ક્ષેત્રમાં કામ કરતા બધા જ લોકોને અશકય અને અનાકર્ષક જણાઇ. ઘણાએ તેનો સખ્ત વિરોધ પણ કર્યો. શિક્ષણ સંસ્થામાં બાળકોની કમાણી પર ધ્યાન આપવામાં આવે તો તેમની પાસે વધુમાં વધુ કામ કેવી રીતે લેવું તે જોવાની વૃત્તિ,

શિક્ષકોમાં પેદા થશે અને બૌદ્ધિક વિકાસ ગૌણ સ્થાને મુકાઈને શાળા કારખાનાંનું રૂપ પામશે એવો ડર ઘણાએ બતાવ્યો હતો.

આ વાતને હવે સાત વર્ષ થયાં છે. પાયાની કેળવણીનો અભ્યાક્રમ સાત વર્ષનો હોય છે. એટલે સાત વર્ષના પ્રયોગ પછી પાયાની કેળવણી માટે સતત શાસ્ત્રીય પ્રયોગ કરતા હિંદુસ્તાની તાલીમી સંઘે પોતાના હમણાંજ પ્રસિદ્ધ કરેલા ૧૨પોર્ટમાં જે આંકડા આપ્યા છે તે ખૂબ જ ઉદ્બોધક છે. તેઓ એટલા બધા પ્રભાવી છે કે કેળવણી સ્વાવલંબી નહીં થઈ શકે આ શંકા બધાના જ મનમાંથી સદંતર દૂર થશે. આ રહ્યા તે આંકડાઓ :

સેવાગ્રામની પાયાની શાળામાં ૧૯૪૫-૪૬ માં સરેરાશ હાજરી ૮૫, કામના દિવસ ૨૦૦ અને દરરોજના બંધા શિક્ષણના બે કલાક, એવી પરિસ્થિતિ હતી. બાળકોએ કુલ ૨૮૧૮ આંટીઓ સૂતર કાંત્યું. આ સૂતરમાંથી ૫૫૫ વાર કપડું ઉપરનાં વર્ગનાં બાળકોએ જાતે વણ્યું. અધી એકર જમીનમાં ૪૦૪૨ શેર શાકભાજી પેદા કરી. સૂતર કાંતવામાંથી બાળકોએ કુલ રૂપીયા ૭૨૯ આના ૫ પાઈ ૯ કમાણી કરી. વણાટકામ અને બાગકામમાંથી રૂા. ૫૪૬-૧૪-૯ મેળવ્યા. એટલે બાળકોની આખા વર્ષની કુલ આવક રૂા ૧૨૭૬-૪-૬ થઈ. ત્રીસ બાળકો માટે એક શિક્ષક એ હિસાબે આ શાળા માટે ત્રણ શિક્ષકોની જરૂર રહી. દરેક શિક્ષકનો સરેરાશ પગાર રૂા. ૩૫) ગણી હિસાબ કરતાં આખા વર્ષના પગારની રકમ રૂા. ૧૨૬૦) થાય છે. એટલે આખા વર્ષના કામમાંથી બધા શિક્ષકોના પગારની રકમ બાળકોએ મેળવી લીધી. આનું જ નામ ગાંધીજીની કલ્પના પ્રમાણેનું સ્વાવલંબી શિક્ષણ.''

પાયાની કેળવણીનો પ્રયોગ હજી બાલ્યાવસ્થામાં છે અને અનેક અડચણોમાંથી માર્ગ કાઢવો પડે છે. આમ છતાં સેવાગ્રામનો પ્રયોગ આટલે સુધી યશસ્વી થઈ શક્યો એ પરથી આપણે સહેજે અનુમાન કાઢી શકીએ છીએ કે ગાંધીજીની કલ્પના મુજબ પાયાની કેળવણી સ્વાવલંબી થઈ શકશે.

અને આમ થશે તોજ હિંદુસ્તાનની કેળવણીનો પ્રશ્ન સહેલાઈથી ઉકેલાશે. સેવાગ્રામના આ આંકડાઓને લીધે વિરોધકોના મોઢાં એની મેળ બંધ થશે. અને શંકાખોરોની શંકાઓ દૂર થઈને તેઓ નવા ઉત્સાહથી કામે લાગશે.

ગો. ર. કુલકર્ણી

આવી સંસ્થા આપણા દેશમાં જોઈએ

"ઉચ્છૃંખલતાનો શાસ્ત્રીય ઇલાજ કરવાની સંસ્થા (Institute for the Scientific Treatment of Delinquency)" નામની એક સંસ્થા લંડનમાં છે. તેના સંચાલકોમાં ડો. ડેનીસ કેરોલ અને ડો. એડવર્ડ ગોવર છે. તેમણે એક મુલાકાતમાં જાહેર કર્યું છે કે પચાસ વર્ષની અંદર એવો સમય આવશે કે દરેક ગુન્હેગારની વૈદ્યકીય અને સામાજીક તપાસ થશે.

આ સંસ્થા લંડનના કોર્ટોમાં ચાલતા કેસોમાંથી લગભગ ૧૦ ટકા કેસો પોતાના હાથમાં લે છે. એમાં ઘણે ભાગે કુમારો અને યુવકો હોય છે. સંસ્થામાં ડોકટરો, માનસ ચિકિત્સકો અને સામાજીક કાર્યકર્તાઓ હોય છે. તેઓ આ ગુન્હેગારોમાં વિશ્વાસ ઉત્પન્ન કરાવીને તેમની વાર્તા તેમની જ પાસે કહેવરાવે છે. પૂછપરછમાંથી નીચેની વિગતો મેળવી લેવાય છે.

(૧) ગુન્હેગાર ખરાબ ઘરમાંથી આવે છે? (૨) એના માબાપનું લગ્ન જીવન દુઃખમય છે? (૩) પેલો જુવાન પોતાને ગમે એવા કામમાં રોકાયેલો છે? (૪) તેની મા તેને બરાબર સમજી શકે છે?

આવી વિગતો મેળવ્યા પછી એ યુવાનોનું મુલ્યાંકન કરવામાં આવે છે અને પછી જીવનમાં કંઈક સર્જનાત્મક કરવાની કળા તેમને શીખવવામાં આવે છે.

આવા ગુન્હેગારો માટે જે ઉપાયો યોજવામાં આવે છે તેમની સંખ્યા દશથી સિત્તેરની છે અને તેનો કાલાવધિ ત્રણ મહિનાથી બે વર્ષનો છે. અને આનંદની વાત એ છે કે આમાંના ઘણા ખરા ગુન્હેગારો રોગમુકત થઈને પોતપોતાને ઘેર જાય છે.

આ કામ ઉપરાંત સંસ્થા સામાજીક કાર્યકર્તાઓ

અને માનસિક ચિકિત્સકોને તાલીમ આપવાનું કામ પણ કરે છે.

ડો. ગોવરે પોતાની મુલાકાતમાં કહ્યું કે "શિક્ષકોની તાલીમમાં માનસ ચિકિત્સાશાસ્ત્રને પણ સ્થાન આપવામાં આવશે. કારણ કે ગુન્હાઓ થયા પછી તેના ઉપચાર કરવા એ સાચો માર્ગ નથી, પણ ગુન્હાઓ નજ થાય એવી કેળવણી આપવી એજ સાચો ઉપાય છે."

હિંદુસ્તાનમાં રાષ્ટ્રીય સરકાર શૈક્ષણિક પુનર્રચનાનો વિચાર ચલાવે છે, તેમાં આવી એકાદ સંસ્થા સ્થાપવાનો પણ નિર્ણય કરે તો કેટલું સારૂં!

ગો. ર. કુલકર્ણી

"સુરેન્દ્ર ઈતિહાસમાં પાસ નહીં થાય"

આમ જોઈએ તો સુરેન્દ્રકુમાર હોશિયાર છોકરો હતો. તેના હોઠ પર હંમેશા હાસ્ય વિલસતું. પણ ઈતિહાસના સમયમાં એ હાસ્ય કયાં ન કયાંય અલોપ થઈ જતું! ઈતિહાસના શિક્ષક હમેશા તેની બાબતમાં ફરિયાદ કરતા. તેમનું કહેવું એમ હતું કે સુરેન્દ્ર જેવો ઠોઠ છોકરો ઈતિહાસમાં કદી પાસ થવાનો જ નથી. પણ તેમનું કહેવું મને ન હતું ગળે ઊતરતું. બાકીના બધા વિષયોમાં સુરેન્દ્રની હોશિયારી દેખાઈ આવતી. તેથી ઈતિહાસમાં એની બુદ્ધિ નથી ચાલતી એ વાતથી મને આશ્ચર્ય થતું. ચૂપકીથી આ વાતની તપાસ કરવાનો મેં વિચાર કર્યો. બૂબ પ્રયત્ન કર્યો, છતાં મને સફળતા ન મળી. પણ એક દિવસે અચાનક બધું રહસ્ય ઉકેલાયું.

તેના જ વર્ગમાં હું એક દિવસ અંગ્રેજી ભણાવતો હતો. બધા બાળકો પાઠમાં એકાગ્ર હતા. એટલામાં ઘંટ વાગ્યો અને હું જવા માટે ઊઠયો. તે દિવસે ઈતિહાસના અધ્યાપક રજા પર હતા. મે જતાં જતાં કહ્યું "જુઓ, આજે ઈતિહાસના શિક્ષક નથી આવવાના. તમે શાંતિથી કંઈક કામ કરો." મારા મોઢામાંથી આ શબ્દ નીકળ્યા ન નીકળ્યા ત્યાં ઘંટ સાંભળીને દુઃખી થયેલી સુરેન્દ્રની મુદ્રા એકદમ ખીલી ઉઠી અને હર્ષભેર તે મોટેથી હસી પડયો. મને ઘણી નવાઈ લાગી. તેણે ઉત્સુકતાથી પૂછ્યું, "માસ્તર સાહેબ કેટલા દિવસ નથી આવવાના?" મેં તેના તરફ અર્થપૂર્ણ નજરથી જોયું અને તેના મનમાં શું છે તે જાણવાના હેતુથી કહ્યું, "માસ્તરની તબીયત સારી નથી. તેમણે ત્રણ દિવસની રજા લીધી છે." આ સાંભળતાંજ સુરેન્દ્રનો હર્ષ ખીલી ઉઠયો. મારો સંશય દૃઢ થયો. હું પાછો ખુરસી પર જઈ બેઠો. તેજ વિષય આગળ ચલાવીને મેં કહ્યું, 'માસ્તર ન આવવાથી સુરેન્દ્ર બૂબજ ખુશ જણાય છે. વાત શી છે?" બીજા એક છોકરાએ ઊભો થઈને કહ્યું કે, "માસ્તરે એને એકવાર બૂબ જોસથી તમાચો માર્યો હતો, ત્યારથી એ માસ્તરથી બૂબ ડરે છે. અને કહે છે માસ્તર શીખવે છે તેમાંનું કશુંજ મગજમાં ઉતરતું નથી." બીજા એક છોકરાએ કહ્યું, "સુરેન્દ્ર કહેતો હતો કે બીજા માસ્તરો તો માંદાય પડે છે, પણ ઈતિહાસના માસ્તરને તો કશુંય થતું નથી."

આ વાતો સાંભળીને મને નવાઈ લાગી. સુરેન્દ્ર જેવો છોકરો એક શિક્ષક માટે આવા વિચારો ધરાવે એજ મને ન સમજાયું. અધ્યાપકની અસફલતાનું આવું સ્પષ્ટ ચિત્ર મને ભાગ્યેજ જોવા મળ્યુ હતુ.

મેં સુરેન્દ્ર તરફ હસતાં હસતાં હસતાં જોયું. તેની આંખોમાં આંસુ હતાં. હું તરતજ વર્ગની બહાર ગયો.

ચોથે દહાડે ઈતિહાસના માસ્તર આવ્યા ત્યારે મેં તેમને કહ્યું, "સુરેન્દ્રના ઠોઠપણાનો ઉકેલ આવી ગયો છે. આ બધાના મૂળમાં તમારી એક નાનીશી ગણાતી ભૂલ છે." માસ્તર ગભરાયા. તેમણે પૂછ્યું, "હું સમજ્યો નહી આપની વાત." મેં તેમને બનેલી આખી બીના સંભળાવી અને કહ્યું, આપણું પહેલું કામ સુરેન્દ્રના મનનો ડર કાઢી નાખવો એ છે. પછી ઈતિહાસના વર્ગમાં તે ધ્યાન આપે છે કે નહીં આપણને જણાશે." અધ્યાપક સમજદાર હતા. તેમણે કુશળતાથી યોજના કરી અને હવે સુરેન્દ્ર ઈતિહાસનો એક રસીલો વિદ્યાર્થી થઈ ગયો છે. છ માસિક પરીક્ષામાં તેને બધા કરતા વધારે માર્ક મળ્યા છે.

આવા આન્તરિક ડરથી ઈતિહાસના કેટલાય સુરેન્દ્ર પીડિત છે! માસ્તર માંદા થાય તો વિદ્યાર્થી ખુશ થાય છે. આવા માસ્તરો પર કોઈ આફત આવે તો તેથી સૌથી વધુ ખુશ થનાર તેમના કેટલાક પ્રિય શિષ્યો જ હોય છે. પણ આજ કાલના શિક્ષકોને તેની કેશી જ પડી નથી હોતી. આવી વાતોમાં માથાફોડ કરવાની તકલીફ તેઓ લેતા જ નથી તે માટે તેમને ફુરસદ જ કયાં છે? આજના શિક્ષકોની પહેલી ફરજ છે કે તેમણે પોતાના વિદ્યાર્થીઓના મનમાંથી બધો ડર કાઢી નાખવો જોઈએ. જ્યારે વિદ્યાર્થી ઉલ્લસિત વૃત્તિથી અધ્યાપકની રાહ જોતા થશે ત્યારેજ અધ્યાપક સફળ થયો છે, એમ સમજવું જોઈએ.

(હિન્દી પરથી) ત્રિપાઠી

ચિત્રો નો જાદુ*

જોઇતાં સાધનો

૧ સમચોરસ અથવા લંબચોરસ ૨"×૩" અર્ધા દોરાનો જાડો અથવા પાતળો કાચ, કલાઇ વગરનો.
૨ લઇ, ગુંદર, અથવા સરસ.
૩ કાપેલા ચિત્રો અથવા ફોટા.
૪ કાચના માપથી મોટા બે સમચોરસ અથવા લંબચોરસ ૬"×૪"ના બે કાગળ રંગીન અથવા સાદા ચાલશે. ન મળે તો વર્તમાનપત્રોના કાગળને લાલ અથવા ભુરી સાહીથી રંગીને કામમાં લેવો.

શરૂઆત :–

પહેલાં બંને બાજુ કાગળને કાચ ઉપર ગોઠવી કાચ ઉપર જેટલો ભાગ હોય તેટલા કાગળને બ્લેડવતી વચમાંથી કાપી નાંખવો. અને આકૃતિ નં. ૧ પ્રમાણે વચમાંની ચારે ધારો ઉપર રંગીન અથવા ડીઝાઇનવાળી ૦॥ ઇંચની પટી ચારે તરફ ચોંટાડી દેવી.


આગળ વધો

હવે આકૃતિ નં. ૨ માં બતાવ્યા પ્રમાણે જ્યાં જ્યાં ચિત્ર લખ્યું છે, ત્યાં ત્યાં તે બાનામાં માય શકે તેવાં ચિત્રો અગર ફોટા કાપીને ચોટાડી દેવા. ચિત્રોમાં આકૃતિ નં. ૨ માં લખ્યા પ્રમાણે ચિત્રો મળે તો ચોંટાડવાં નહી તો તમને મળે તે ચિત્રો ચોંટાડવાની રજા છે.


ચિત્રોમાં, પશુ પક્ષી, આગગાડી, વિમાન, મોટર, વિ. લઇ શકાય. પણ એટલું યાદ રાખવું કે કાગળના બાનાના માપ પ્રમાણે જ ચિત્ર ચોડવું જોઇએ. વાકુંચુકું ચોંટાડાશો તો કાચ ઉપર બરાબર ચિત્ર દેખાશે નહીં.

ચાલો ત્યારે :–

એક બાજુ ચારે ચિત્રો ચોંટાડી રહ્યા બરાબર? હવે આકૃતિ નં. ૩ પ્રમાણે બીજી બાજુ ફેરવી નાખી ચારે બાનામાં જુદાં જુદાં ચિત્રો ચોંટાડ્યાં તેનાથી જુદાં ચિત્રો બીજી બાજુ હોવાં જોઇએ.



*આ લેખ બાળકો માટે છે. પણ મોટાઓની મદદ આ હસ્તકામમાં લેવી પડશે તેથી મોટાઓ બાળકોની દૃષ્ટિએ આ લેખ સમજી લે એ દૃષ્ટિએ બાળવિભાગમાં ન આપતાં અહીં આપ્યો છે. —સંપાદક



જાદુની શરૂઆત :–

જુઓ હવે તમારા જાદુની શરૂઆત થઇ હોં ! હવે આકૃતિ નં. ૩ માં બતાવ્યા પ્રમાણે તીરનાં નિશાન કર્યાં છે. તે બાજુથી ગડી વાળવા માંડો. ગમે તે બાજુથી ગડી વાળશો તો ચાલશે. ચિત્ર એવી રીતે ચોંટાડજો કે ગમે તે બાજુથી ગડી વાળો ત્યારે ચિત્ર કાચ પર બરાબર આવવું જોઇએ. હવે બંને બાજુએ ગડી વાળી દો, અને એક બાજુની ગડી ખોલી નાંખો. અહાહા ! કેવું સરસ ચિત્ર ! તમે તમારા મનથી જે ચિત્ર ચોંટાડયું હશે તે તરત દેખાશે. હવે ફરી પાછી ખોલેલી ગડી વાળી દો અને ફેરવી નાખો, અને ધીમે ધીમે ખોલો. અહાહા કયા જાદુ ! તમે જોયુ હશે એના કરતાં બીજું ચિત્ર આવશે. તમારા મિત્રોમાં આ રમતનાં ચિત્રોને આઠ વખત તમે બતાવી શકશો. ભેગા થાવ ત્યારે આ રમતમાં ખૂબ મઝા આવશે અને બતાવી શકશો કે ચાલો ભાઇ જુઓ આ હાથી છે તેનો ઘોડો બનાવી દઉં ? આગગાડીની મોટર બનાવી દઉં ? વિ.

આ ચિત્રોનો કંટાળો આવે તો બીજાં ચિત્રો કાપીને ચોટાડી દેવા. દરેક વખતે નવાં ચિત્રો ચોટાડી શકાય ! ચાલો ત્યારે આજથી જ પ્રયોગ કરવાનો શરૂ કરી દો. ન સમજણ પડે તો મને પૂછજો. નમસ્તે

—નટુભાઇ બરાનપુરીયા

☆

*શિક્ષકને આદર્શના મહેણાં મારતા નહિ !

(સ્વ. મેઘાણીએ તા. ૮ મીએ ભોટાદ ખાતે આપેલું છેલ્લું વ્યાખ્યાન)

મારાં બાળકો અહીંની પ્રાથમિક શાળામાં ભણે છે એટલે તમારા આ સંઘ સ્થાપનાના વિચારમાં હું મનથી મારો મોટો હિસ્સો સમજીને અહીં આવ્યો છું.

તમારાં દુઃખોને માટે કલ્પનાની જરૂર નથી. આ જમાનો, મોંઘવારી અને આ ચારે તરફ લાગેલી આગની વચ્ચે અહીં જે આંકડા અને હકીકતો રજુ થઇ એ પછી એમ લાગે કે, આપણે કાંઇ નવી દુનિયાનું દર્શન કરીએ છીએ.

અમને એક ખ્યાલ છે કે, તમે એક રાજ્યના પગારદાર નોકરો છો એ કારણે રાજ્યની શિસ્ત નીચે રહેવા બંધાયેલા છો. એટલે તમારી પાસે ગમે તે વાત કરવી એ બરાબર નથી. તમારી પરીસ્થિતિની મર્યાદા સમજીને જ બોલાય.

શિક્ષકોને માનવ હકકો મળવા જોઇએ.

નોકરો હોવા છતાં તમે મનુષ્યો તો છો જ. મનુષ્ય સિવાય માત્ર બેજ કોટી છે, દેવ અને પશુ. જ્યારે તમે દેવ કે પશુ તો નથી. સેન્સસમાં પણ તમારી ગણત્રી એવા કોઇ વર્ગમાં નથી થતી. એટલે માણસ હોવાથી મનુષ્ય તરીકેના તમારા પ્રાથમિક અધિકારોનું પાલન આ રાજ્ય કે કોઇપણ રાજ્ય કરવાને બંધાયેલ છે. આજે આ પ્રશ્ન માત્ર ભાવનગરનો નથી કે તેને 'ખટપટ' કે એવું બીજું કોઇ નામ આપી શકાય. કાંગ્રેસ તંત્ર

*એ બુલંદ અવાજ હવે ફરી નહીં સંભળાય એ કેવી દુઃખદ ઘટના છે !—સંપાદક.

નીચેના પ્રાંતોમાં પણ આ પ્રશ્ન સળગ્યો છે. મજૂરો તો આગેલી સરકાર સામે પણ બોલેલા. મજૂરો, રેલ્વેવાળાઓ, તાર ટપાલવાળાઓ બંદુકો ભરીને કહેતા કે, અમુક તારીખ પહેલાં અમારી માગણી નહી સંતોષો તો કામ છોડી દઇશું. જ્યારે તમારૂં ખાતું તો રાંક છે. તેનું કારણ એ છે કે બીજા ક્ષેત્રોમાં જેને આવડત અને હોશિયારી કહેવામાં આવે છે, તે તમારામાં નથી. તમે એવી આવડત અને હોશિયારીને તિલાંજલિ આપીને એક જ લાયકાત પ્રાપ્ત કરી છે. અને તે નાનાં બાળકોને ભણાવવાની. નાનાં બાળકો સાથેની અનેક ફરજો તમને બીજાં ધંધાદારી ક્ષેત્રો માટે નાલાયક બનાવી દે છે. તમે જો સાંજે કોઇ વેપાર કે કોઇ નોકરી કરો તો પછી તમે સારા શિક્ષક બની ન શકો. તમને જો આજે કાઢી મૂકવામાં આવે તો કયાં જવું તેનો વિચાર થઇ પડે. તમે વિદ્યાદાન આપવા ખાતર એવા સંસ્કારો કેળવ્યા છે કે જેના પરિણામે તમે બીજે ન ચાલો. અહીં દૂધની વાત થઇ, પરંતુ દૂધ તો કયાં? રાબ મળે તોય બસ છે.

તમારો વર્ગ ઊંચું માથું નહોતો કરી શકતો. એટલું જ નહીં પણ દુઃખ સુદ્ધાં ન ગાઇ શકતો. કેમ કે અમલદારોને ચાલુ રસમમાં ફેરફાર થાય તે વિદ્રોહ જેવું લાગે છે. એટલે તરત જ તે ઊગતાને ડામે છે. આ સવાઇલાલના પિતાએ ફેર બદલી પ્રસંગોના ભાડા-ભથ્થા સૌને મળે તે માટે લડત કરેલ. જેથી તેને તાલુકા માસ્તરીમાંથી જ પેન્શન લેવું પડેલ. એને ભલે નુકશાન થયું, પણ આજે એ લાભ તો સૌને મળે છે ને! માટે નુકશાનના ભયથી ન ડરશો. શિક્ષકોને થયું કે આગલી સરકારોએ આપણને ન સંતોષ્યા, કોંગ્રેસ તો સંતોષશે જ. માટે ત્યાં માથું ઊંચકવું. પણ બદલામાં ત્યાંય ટપલા પડયા! શ્રી મોરારજીભાઇ જેવા એવું બોલ્યા કે જેને રસ્તાનો ચાલનાર પણ સહન ન કરી શકે. જો કે એ મેણાં-ટોળાંના જવાબ પણ આપેલ છે. વિશ્વાસપાત્ર સાધન દ્વારા મને જાણવા મળ્યું છે એટલે ખોટું તો નહીં જ હોય. ગુજરાત પ્રાંતિક કોંગ્રેસ સમિતિની કચેરીમાંથી હુકમ નીકળ્યો છે કે કોઇ કોંગ્રેસવાળાએ શિક્ષકોની પ્રવૃત્તિમાં ભાગ ન લેવો. એટલે આવું પણ કાંઇ થાય તો મુંઝાશો નહીં.

રાજ્યો પરાણે શિક્ષણ સંસ્થા નભાવે છે

રાજ્યોને કેળવણી પ્રિય નથી. કોઇક જ રાજ્યને એ ખાતું ગમે છે. બાકીનાને તો એ નભાવવાં પડે છે. સાર્વભૌમ સરકારે તે ખાતું સ્વીકારેલ છે માટે નભાવી રહ્યા છે. કોઇ ગવર્નર કે પોલિટિકલ એજન્ટ આવે તો નાચગાન, સંવાદ, દાંડિયા વગેરે બતાવીને ખુશ કરી શકાય, એ નિશાળોનો એના મનથી હેતુ છે. વળી માસ્તરો પણ સેન્સસ જેવા કામમાં ઉપયોગી થાય છે. એવા કારણે એ ખાતું નભાવાય છે. બાકી જો એને કોઇ કહે કે આ નકામું છે, એવું પહેલાં હતું જ નહીં રાજા રામ કે પાંડવોના હસ્તિનાપુરમાં કેળવણીખાતાં નહોતાં, તો તેઓ પણ ઉપાડી લે. કારણ કે એની કોઇને પડી નથી. વળી માસ્તરોના દંડ સિવાય બીજી કોઇ આવક નથી, અને દંડમાં આવક કેટલી થાય? આવક વિના નિભાવવું પણ શું? નિશાળની ખુરશી તૂટે તો રિપેર માટે બજેટમાં પણ માંડ સમાસ થાય. કેમ કે એ કેળવણી ખાતાની ખુરશી! શિક્ષકોને આજે જે હાડમારી છે તેનું મૂળ આ છે કે કોઇને એ ખાતાની પડી નથી.

શિક્ષક સ્વમાની હોય એમ સૌ કહે છે, પણ આજે તમારે સહ્ય રચવા પડે છે. આ વાત લાખો માણસોના દિમાગમાં નથી ઊતરી, નહિતર બોલવાની ફરજ તો એમની છે. ઢોર દોવું હોય તો પણ તેના મોં પાસે બાણ મુકવું પડે છે: તો પછી, શિક્ષકના ભેજામાંથી અમારા બાળકો માટે દૂધ દોવું હોય તો બાણ કેમ નહિ? પછી દૂધ આવે પણ શી રીતે! પણ દુઃખની વાત છે કે એ કોઇ બોલતું નથી. શાળાઓમાં પાણી માટે સગવડ નથી, કડકડતે શિયાળે બાળકો શાળાની ઠંડી છો પર બેસે તેની કોઇને પડી નથી. વિદ્યાદાતાઓ કે જેઓ પુરાતન ઋષિમુનિઓના અંશો છે, તેમને જર, તેલપળી અને છાંટા દૂધની વાતો કરતા કરવા પડયા છે, તેનું અમને દુઃખ છે. બોટાદે અહીં પોતાની પ્રજાના પ્રતિનિધિ મોકલવા જોઇતા હતા અને આ અવાજ પ્રજામાંથી જ ઊઠવો જોઇતો હતો.

સદ્‌ભાગ્યે શ્રી. જાદવજીભાઇ મોદી તમને મળ્યા છે. તેઓ તમારે માટે લોકમત કેળવશે. બીજા પણ ઘણા પબ્લિક સ્પિરિટવાળા માણસો છે. તેઓ આ તમારા પ્રશ્નને ધારાસભા સુધી લઇ જઇને નિકાલ લાવે. વિષમતાઓ કાઢી નાખીને તમારો જે ચોખ્ખો અવાજ છે

તેને કાયદેસરના યોગ્ય સ્વરૂપે શ્રી. જાદવજીભાઇ અને તેના સાથીઓ લઇ જશે.

હિંમત રાખજો. તમને કોઇ મોટું નુકશાન થઇ જવાનું નથી. આ તો વિરાટનો પડઘો છે. અહીં 'રામ-રાજ્ય' શબ્દ વપરાયો. પણ ભાઇ! રામરાજ્યમાં તો ધોબીનેય બોલવાની છૂટ હતી, પછી માસ્તર તો બોલે જ ને! તમે શિક્ષકો અંદર અંદરના કશાય ભેદ-ભાવ વિના એકજ જાતના સંતાપથી પીડાઓ છો.

આ દુનિયા આદર્શ નથી

બાકી તમારી પાસે હું આદર્શોની વાત કરવા આવ્યો નથી. એવું કહેવાનો અમને હકક પણ નથી. અમે કયાં એ ઋષિ મુનિઓના યુગના પ્રજાજન છીએ, કે તમને એ ઋષિ મુનિઓના આદર્શની વાતો કહી શકીએ. તમે ટ્યુશનો કરો છો. આ હું તમને મેણું-ટોણું નથી મારતો. તમે આડકતરા માર્ગ પણ લેતા હશો. મારે ત્યાં મહિને ચાલીસ રૂપિયાનું તો દૂધ વપરાય છે, ત્યારે મને થાય છે કે આ બિચારાઓનું શું થતું હશે! આ માણસો ૩૦ કે ૨૫ રૂપિયામાં કઇ રીતે ચલાવતા હશે? માગતા હશે? ચોરતા હશે? લૂંટતા હશે? મને આ ભેદ કોઇ રીતે સમજાતો નથી. કોઇ શિક્ષક લૂંટ કરે તો હું તેને દોષિત ન માનું.

જેઓ આદર્શ વાતો કરે છે તે બધાને હું આ સ્થાનેથી વિનંતિ કરું છું કે, તમે એ વાત છોડી દો. આ દુનિયા આદર્શ નથી. કાળા બજારીયા અને ગળાં કાપનારાઓને ખુરસીઓ પર બેસાડો છો, તો આ બિચારાને આદર્શનાં મેણાં ટોણાં કોઇ મારશો નહિ!

('પ્રવાસી'માંથી) **સ્વ. ઝવેરચંદ મેઘાણી**

નાનાં બાળકો માટે

ચિત્ર પુસ્તકો

[નીચેની યાદી ન્યૂ ઇરા સ્કૂલના શ્રી ચન્દુલાલ વ્યાસે શિક્ષકો અને બાળકોની જાણ માટે મોકલી છે—સંપાદક]

(૧) ઇન ધી કન્ટ્રી	In the Country
(૨) અવર પીકચર બુક	Our picture book
(૩) ઇન ધી સનશાઇન	In the Sunshine
(૪) વન્ડર ફુલ એનીમલ બુક	Wonderful animals
(૫) એ ડે એટ ધી ઝુ	A day at the zoo
(૬) પીકચર સાઉન્ડીંગ રીધમ	Picture sounding rhythm
(૭) ટાઇની ટોટસ ઓબ્જેકટ બુક	Tiny Tot's object book
(૮) લોટસ ઓફ પીકચર્સ	Lots of pictures
(૯) ડાઉન ઓન ધી ફાર્મ	Down on the farm
(૧૦) હોમ ફ્રેન્ડસ	Home friends
(૧૧) પીટર રેબીટ	Peter Rabbit
(૧૨) અપ ઇન ધી એર	Up in the Air
(૧૩) એ વોક થ્રુ ધી ફાર્મ યાર્ડ	A walk through the Farm yard
(૧૪) પ્લે ફુલ એનિમલ્સ	Playful animals
(૧૫) લોટસ ઓફ થિંગ્સ	Lots of things
(૧૬) નરસરી હાઇમ્સ	Nursery Rhymes
(૧૭) થ્રી લીટલ પીગ્સ	Three little Pigs
(૧૮) ફુઝી વુઝી બમી	Fuzy Wozy Bummy
(૧૯) ,, ,, એલીફન્ટ	Fuzy Wozy Elephant
(૨૦) ,, ,, વુલી ડોગ	Fuzy Woolly dog

સૂચના: નં. ૧ થી નં. ૧૩ સુધીનાં પુસ્તકો Blackie and Sons (બ્લેકી અને સન) મુંબઇ નં. ૧ ફોર્ટ બુકસેલર્સને ત્યાંથી અને નં. ૧૪ થી ૧૭ ન્યુ બુક કંપનીને ત્યાંથી અને નં. ૧૮, ૧૯, ૨૦ બ્લેકીને ત્યાંથી મળશે.

—સંપાદક **લાલચંદ વ્યાસ**

બાળ વાડીના શિક્ષકોને—

વહાલા ભાઇ-બહેનો,

ન. બા. શિ. સંઘ અને શ્રી કસ્તુરબા સ્મારકનિધિ એ બે સંસ્થાઓના અપૂર્વ સહકારથી આજે ગામડાંઓ માટે બાલવાડીઓ ચલાવવાની પ્રવૃત્તિ શરૂ થઇ ગઇ છે. એ બાલવાડીનાં શિક્ષકોને તાલીમ આપવા માટે બોર-ડીમાં શ્રી. તારાબેન મોડક અને એમના સહચારીઓ ગ્રામબાલ અધ્યાપન મંદિર ચલાવે છે. એ અધ્યાપન મંદિરમાંથી તાલીમ લઇને તમે બહાર નીકળ્યાં હશો અથવા સ્વતંત્ર રીતે ગામડાંઓમાં બાલવાડીની પ્રવૃત્તિ ચલાવતાં હશો. તમને બધાંને ઉદ્દેશીને એક બે મહત્વની વાતો આ પત્રદ્વારા હું આજે કહેવા માંગું છું.

તમને મળેલી તાલીમમાંથી એક મૂળગત સિદ્ધાન્ત તો તમે બરાબર સમજ્યાં હશો. તે સિદ્ધાન્ત એ કે બાળકોની કેળવણી ક્રિયાદ્વારાજ થઇ શકે છે. અને

તેથી જ વિવિધ પ્રકારની ક્રિયાઓ બાળકો આગળ મૂકીને તમે તેમને કેળવવા મથો છો. એ ક્રિયાઓ આપવાની પાછળ ઇન્દ્રિયવિકાસ અને ભાષાવિકાસ એ તમારો હેતુ મોટે ભાગે હોય છે. આ ક્રિયાઓની યોજનાની પાછળ ડો. મોન્ટીસોરીના ઉદ્બોધક સાધનોની ભૂમિકા રહેલી છે તે પણ તમે જાણો છો.

આટલે સુધી બધું બરાબર છે; પણ હું તમારું ધ્યાન એક બીજા મહત્ત્વના મુદ્દા તરફ ખેંચું છું. તે મુદ્દો એ છે કે તમે જે શિક્ષણ કે સંસ્કાર આપવા મથશો તે બધા તમારે જીવનની પ્રત્યક્ષ પાર્શ્વભૂમિ પરજ રચવા જોઇશે. જીવનથી અળગાં પાડીને તમે કોઇપણ સાધનો આપવા માગશો તો તે કૃત્રિમ થશે અને ગામડાંના બાળકોનો ઇન્દ્રિયવિકાસ તે દ્વારા તમે નહીં સાધી શકો.

કૃત્રિમ ક્રિયાઓને ગામડાના જીવનમાં બહુજ ઓછું સ્થાન છે. કૃત્રિમ ક્રિયા એટલે Make Believe પ્રવૃત્તિ. એટલે કે પ્રત્યક્ષ જીવનના વ્યવહાર સાથે સંબદ્ધ નહીં પણ તે વ્યવહારોથી અળગી એવી પ્રવૃત્તિ. એ વસ્તુને શહેરોનાં બાળકોના જીવનમાં ભલે સ્થાન હોય, કારણ કે શહેરોનાં બાળકો પ્રત્યક્ષ કરતાં નકલથી જ, Modelsથીજ, વધારે પરિચિત હોય છે. શહેરોનાં બાળકોને શહેરોના કૃત્રિમ જીવનને પરિણામે ક્રિયાઓનું પણ કૃત્રિમ વાતાવરણ ઉત્પન્ન કરીને તેમાંથી ક્રિયા-કૌશલ્ય પેદા કરવું પડે છે.

તમે રખે શહેરોનાં બાળકો માટેનું ચોકઠું ગામડામાં લાવશો. એમ કરશો તો તમે નિષ્ફળ જવાના છો. ગ્રામજીવનનાં બધાં અંગોનું સમ્યગ્ નિરીક્ષણ કરીને તેની સાથે પ્રત્યક્ષ રીતે સંકળાયેલી ક્રિયાપ્રણાલી તમારે રચવી જોઇએ. એમ કરશો તોજ ગામડામાં તમે સાચું શિક્ષણ આપી શકશો અને તમારી બાલવાડીઓ સફળ થશે. નહીં તો બાલવાડીની પ્રવૃત્તિમાં કૃત્રિમતા આવશે અને ગામડાંનાં બાળકો તેનાથી થાકી જશે.

તમે શિક્ષણ શાસ્ત્રની મુખ્ય મુખ્ય વિચારધારાઓ સાથે પરિચિત હશો. તેમાં વર્ધા યોજના યા પાયાની કેળવણીની વિચારધારાથી તમે પરિચિત છો જ. તે વિચારધારાજ ગામડાંને માટે સ્વીકાર્ય છે. ડો. મોન્ટેસરીએ જે અમર સિદ્ધાન્તો મુકયા છે તેના પરજ કેળવણીની આખી રચના કરવાની છે. પણ તે સિદ્ધાંતોનો વ્યવહાર કરવામાં પાયાની કેળવણીનો વ્યવહારજ તમારે સ્વીકારવો પડશે.

પાયાની કેળવણી તમને કયો માર્ગ બતાવે છે? તમે કોઇ પણ ગ્રામીણ ઉદ્યોગ ધંધા સાથે તમારા ક્રિયાકલ્પને અનુબંધિત કરો. ઉદ્યોગધંધા દ્વારા જે નહીં થઇ શકતું હોય તેને ગામડાંના સામાજીક જીવન સાથે કે કુદરતી પરિસ્થિતિ સાથે અનુબદ્ધ કરો. પાયાની કેળવણીનો આ આદેશ તમારે માટે અત્યંત મહત્ત્વનો છે. તમે એમ નહીં માનતા કે આ આદેશ માત્ર હિન્દુસ્તાનના જ કેળવણીકારોએ તમને આપ્યો છે. દુનિયાના શૈક્ષણિક વિચારના અદ્યતન પ્રવાહો આજે એજ દિશામાં વહે છે. અમેરિકાના પ્રો. જોન ડ્યુઇ આજે સૌથી આગળ વધેલ કેળવણીકાર ગણાય છે. તેની વિચાર સરણીની પકડ નૂતન શિક્ષણના મોવડીઓ પર ભારે છે. જોન ડ્યુઇ પાયાની કેળવણીની વિચારસરણીને જ પોતાની રીતે બીજી ભાષામાં પ્રગટ કરે છે. તે કહે છે **નિશાળ જીવન માટે છે એ વિચાર અધૂરો છે, નિશાળ પોતેજ જીવન હોવી જોઇએ.**

અને તમારે પણ પ્રો. ડ્યુઇ નું આ સૂત્ર તમારી નજર સમક્ષ રાખવુ જોઇએ. પાયાની કેળવણી તમને ઉદ્યોગ, સામાજીક પરિસ્થિતિ અને કુદરતી પરિસ્થિતિ સાથે અનુબંધ સાધવાનું કહે છે. એ ત્રણેનો સમન્વય એટલેજ જીવન નથી શું? અને ત્રણે સાથે અનુબંધ એટલેજ જીવન સાથે અનુબંધ નથી? એટલે પ્રો. ડ્યુઇ-એ જે સૂત્રરૂપે આપ્યું તેનુજ ત્રિવિધ સ્વરૂપ પાયાની કેળવણીએ તમારી આગળ મૂકયુ છે.

આ દૃષ્ટિ મુખ્યતઃ નજરમાં રાખશો તો તમને તમારો રસ્તો સાફ દેખાશે. ધારો તમારે ગામડામાં એક બાલવાડી શરૂ કરવી છે. તે બાલવાડી માટે પહેલાં તમારે જગ્યા શોધવી પડશે. પછી તે જગ્યાને તમારે બાલવાડી માટે લાયક બનાવવી પડશે. આ બન્ને ક્રિયાઓ તમે જાતે જ કરો અને પછી તેમાં બાળકોને લાવીને બેસાડો તો બરાબર નથી. જગ્યા શોધવામાં અને તેને બાલવાડી માટે અનુકૂળ એવું સ્વરૂપ આપવામાં તમે બાળકોને સાથે રાખજો. તમે જાતે તેમાં કામ કરતા જાઓ અને બાળકો પાસે પણ તેમની શકિત મુજબનું કામ કરાવતા જાઓ. જગ્યા સાફ કરવી, ખાડા ટેકરા ભરી દેવા, પાણી છાંટવું, ટીંપવું, લીપવું, વગેરે કામો

તમે અને બાળકો મળીને કરજો. આ તમારી પહેલી પ્રવૃત્તિ રહેશે. આમાં તમને મોટી ઉંમરના બાળકો જ મદદ કરશે એમ ન માનશો. ૨।। વર્ષનાં બાળકો પણ આમાં તમને મદદ કરશે ! તેમનો કામમાં ફાળો ઓછો હશે; પણ તેઓ મદદ જરૂર કરશે અને મદદ કરવાની પ્રવૃત્તિમાંથી જ બાલવાડીના એમના શિક્ષણની શરૂઆત થશે. મોટાં બાળકો તો પ્રત્યક્ષ કામ કરશે–એવા ઉત્સાહથી કરશે, એવા કૌશલ્યથી કરશે, કે તમને નવાઈ લાગશે અને કદાચ પોતે એ બાળકો આગળ સાવ નકામાં છીએ એવી લાગણી પણ તમે અનુભવશો !

જગ્યાની સફાઈ થયા પછી તમે બાલવાડી માટે એક માંડવો કે ઝુંપડું બનાવવાની પ્રવૃત્તિ ઉપાડી લેશો. તેમાં વાંસ, વળીઓ, તાડપત્રી, નળિયાં, છાણ માટી કે એવી જુદી જુદી ચીજો મેળવતી વેળાએ બાળકોનો સહકાર લેજો. તમને આશ્ચર્ય થશે એવી બધી સામગ્રી બાળકો ભેગી કરી દેશે. ઘરમાંથી એવી એવી કામની ચીજો કોઢશે કે જે ઘરમાં નકામી પડી હોય અને બાલવાડીના આ મકાન (?) માટે કામ આવશે. એ કર્યા પછી પ્રત્યક્ષ માંડવો કે મકાન ઊભું કરવા માટેની પ્રવૃત્તિ શરૂ કરો. તેમાં તમે એકાદ સુથાર અને મજૂર ભલે રાખો, પણ સાથે સાથે તમે જાતે પણ કામ કરવા માંડો. બાળકોને સાથે રાખજો. તેમના બરનું કામ તેમને આપો, તમારા બરનું તમે કરો અને કારીગરીનું કામ સુથાર પાસે કરાવો. જોતજોતાંમાં તમારો માંડવો, હોલ કે ઝૂપડું ઊભું થશે. એનો પ્લેન બનાવવામાં પણ બાળકોને સાથે રાખજો. તેનો નકશો કાગળ પર ચીતરશો ત્યારે પણ બાળકો તમારી આસપાસ વીંટળાયેલાં રહેશે.

આ રીતે મકાન સુધી તમે પહોંચ્યા. પછી તમે પ્રત્યક્ષ બાલવાડીની શરૂઆત કરશો. તમારે બાલવાડીમાં ઇન્દ્રિય વિકાસની પ્રવૃત્તિઓ દાખલ કરવાની રહેશે. પણ તેમાં તમારે બાળકોની ઉંમર પ્રમાણે રચના કરવી પડશે. શહેરના મોન્ટીસોરી બાળકોને સીવણકામ શીખવવા માટે જે અનુક્રમથી શીખવવામાં આવે છે, તે અનુક્રમ ગામડાનાં બાળકો માટે કદાચ કામ નહીં પણ આવે. મોટી ઉંમરના બાળકોને તમે નાનાં બાળકોનો ક્રમ આપશો તો તેમાં કૃત્રિમતા આવશે. ગામડાના બાળકોની સમજણ ભલે ઓછી હોય, પણ તેમની ક્રિયાશક્તિ શહેરી બાળકો કરતાં ખૂબ વધારે હોય છે. કારણ કે શહેરી બાળકોનું જીવન બેઠાડુ અને ક્રિયાશૂન્ય હોય છે, જ્યારે ગામડામાં જીવનની પ્રાથમિક જરૂરિયાતો માટે પણ બધાંને કામ કરવું પડે છે અને તેમાં બાળકો પણ પોતાનો હિસ્સો આપે છે. આ વાત ધ્યાનમાં રાખીને તમારે તમારો ક્રમ ગોઠવવો પડશે. સીવવાનો જ દાખલો લઈએ તો હું તમને એવી સલાહ આપું કે તમારામાંથી જે ભાઈ કે બ્હેન સીવણકામમાં નિષ્ણાત હશો તેઓ બાળકોના ઘરેથી કપડું મગાવીને તેનાં માપ લઈ પ્રત્યક્ષ કપડાં સીવવા બેસી જાઓ. હાથેથી જ સીવવાનાં હોય. તમે સીવતાં હશો ત્યારે બાળકો તમારી આસપાસ વીંટળાયેલાં હશે. તમને સીવતાં જોશે એટલે તેમને પણ સીવવાનું મન થશે. એ મન થયેલું જોશો કે તરત જ તેમને સીવવાની ક્રિયાઓ ક્રમશઃ આપવાની શરૂઆત કરજો. પૂઠાં પર, કતાન પર, વગેરે જે ક્રમ બાળકની ઉંમર અને આવડત પ્રમાણે જરૂરી હોય તે આપજો. મોટી ઉંમરનું બાળક હોય તો તેને આ બધાં પગથિયાંમાંથી પરાણે નહીં પસાર કરાવતાં પ્રત્યક્ષ થેલી, હાથ રૂમાલ જેવી ચીજો સીવવા આપજો. બાળકો માટે નવાં કપડાં બનાવવાનાં કામ સાથે, તેમને ઘરેથી તેમનાં જ ફાટેલાં કપડાં મંગાવી તેમને સાંધી, સમારી, વાપરી શકાય તેવાં બનાવવાનું કામ પણ દાખલ કરજો.

સીવણનો સવાલ મેં વિસ્તારથી એટલા માટે લીધો છે કે દરેક પ્રવૃત્તિમાં પ્રત્યક્ષ જીવનની દૃષ્ટિ અને પ્રત્યક્ષ જીવન જીવવાની પરિસ્થિતિ કેવી રીતે આવી શકે છે તે તમે જાણી શકો. શહેરનાં બાળકો માટે સીવણકામ માત્ર એક કળાનો વિષય થઈ જાય છે, તે જીવનોપયોગી પ્રવૃત્તિ નથી હોતી. તેથીજ શહેરી બાળમંદિરોનાં પ્રદર્શનોમાં સીવણકામના કલાત્મક નમૂના મૂકાયેલા આપણે જોઈએ છીએ. પણ ગામડાંનાં બાળકોની ભૂમિકા જુદી છે. તેના સીવણકામમાંથી આપણે તેને પોતાનાં કપડાં સીવતાં કરવા છે. યાદ રાખો કે કળા જીવનમાંથી વિકસે છે. તેથી, પહેલાં જીવન અને પછી તેના ફળસ્વરૂપ કળા હોય તો જ તે સાચી કળા છે. 'કળાને માટે કળા' એ વિચારસરણી નવરા અને સમાજને ભારરૂપ થઈ બેઠેલા બુદ્ધિમાન લોકોનું તરકટ છે. કળાને માટે કળા એનો

કશોજ અર્થ નથી. જીવન માટેજ કળા છે. તેથી તમે બાલવાડીમાં કલાનું જે શિક્ષણ આપશો તે પણ જીવનમાંથી ફલિત થવું જોઇએ અને તે પણ જીવનની ક્રિયાઓના અત્યુચ્ચ વિકાસરૂપે. જીવન, જીવનને ઉપયોગી ક્રિયાઓ અને તે ક્રિયાઓમાં સુંદરતા લાવવાનો પ્રયત્ન એ કળા શિક્ષણનો સાચો ક્રમ ગામડાંનાં બાળકો માટે છે.

તમે બાળકોને બાલ ગીતો શીખવો છો તેમાં પણ આ જ દૃષ્ટિ રાખજો. જીવનથી વિખૂટાં ગીતો બાળકોને રસ નહીં આપે. તમે વાર્તાઓ કહેશો તેમાં પણ આજ દૃષ્ટિ રહેવા દો. બીજી બધી પ્રવૃત્તિઓ તો જીવન સાથે સંકળાયેલી હશે જ.

ટુંકામાં તમારી બાલવાડીમાં બાળક જેટલો વખત રહેશે તેટલો વખત તે જીવન જીવશે. એક આદર્શ જીવન તમારી સાથે જીવશે. આ દૃષ્ટિને કેન્દ્ર સ્થાને રાખશો તો જ તમારી બાલવાડી પ્રાણવાન રહેશે અને બાળકો તેને અપનાવશે.

આ બધી વાતો તમે જરૂર જાણતાં હશો. તમે નથી જાણતાં એમ માનીને નથી લખી પણ જાણતાં હો તો પણ ફરી ફરીને વિચારવા જેવી છે, તેથી મેં તમારી સમક્ષ મૂકવાની ધૃષ્ટતા કરી છે. મને ખબર નથી કે, હું જે કહેવા માંગું છું તે સ્પષ્ટ કહી શકયો છું કે નહીં, પણ જે સૂઝયું તે લખ્યું છે. આમાં કંઇક અસ્પષ્ટ લાગે તો તમે મને લખી શકો છો. કે તમને ફરી સમજાવવાની કોશિશ કરીશ.

લી. તમારો
ગો. ર. કુલકર્ણી
ના જયહિંદ.

બાલ કે ન-જી-બારી

૧૯૨૬ માં સ્થાપન થયેલી આ સંસ્થાના કાર્યનો અહેવાલ એ સંસ્થાએ હમણાં જ અમારી ઉપર અવલોકન માટે મોકલી આપ્યો છે. સંસ્થાના મૂળ સંસ્થાપક અને મુખ્ય પ્રાણ 'દાદા'ને નામે ઓળખાય છે. બાળકોને વધારેમાં વધારે આનંદમાં રાખવાના હેતુથી તેમણે આ સંસ્થા ૧૯૨૬ માં ખોલી. ત્યારથી આ સંસ્થા ઉત્તરોત્તર વધતી જ જાય છે અને હવે તેની પ્રવૃત્તિઓ ઘણી વિશાળ થઇ છે. દેશભરમાં તેની શાખાઓ ફેલાઇ છે અને તેમની સંખ્યા ૧૨૫ થી વધારે છે. આ બધી શાખાઓમાં સદસ્યોની કુલ સંખ્યા ૨૫૦૦૦ લગભગ છે. બાલકન-જી-બારી પાસે પોતાનાં સ્વતંત્ર પુસ્તકાલયો છે, તેમાંનું એક બારમાં છે અને બીજું કરાંચીમાં છે. સંસ્થા તરફથી અંગ્રેજી અને ગુજરાતીમાં 'પુષ્પ', હિંદુસ્તાનીમાં 'હમારે બાલક', સિંધીમાં 'ગુલિસ્તાં' એ ચાર માસિકો ચાલે છે. તે ઉપરાંત બોમ્બે ક્રોનિકલ (અંગ્રેજી), પ્રવાસી (ગુજરાતી) અને સ્વદેશ મિત્રમ્ (તામિલ) વગેરે છાપાંઓમાં એ સંસ્થા તરફથી બાલવિભાગ ચલાવવામાં આવે છે.

સંસ્થાના વિકાસ માટે ઘણી મોટી યોજના બાલકન-જી-બારીના સંચાલકોએ ઘડી કાઢી છે. તેમાં બાળહિતની પ્રવૃત્તિઓ ચલાવવા માટે મુંબઇ પ્રાન્તીય બાલકન-જી-બારીએ નીચેની કાર્યસમિતિઓ યોજવાનું ઠરાવ્યું છે. (૧) શિક્ષણ સમિતિ (૨) માહિતી અને સાહિત્ય સમિતિ (૩) રંજન અને શરીર વિકાસ સમિતિ (૪) હસ્તોદ્યોગ સમિતિ અને (૫) સમાજ સેવા સમિતિ. આમાંની શિક્ષણ સમિતિ માટે નૂતન બાળ શિક્ષણ સંઘનાં શ્રી. તારાબેન મોડક અને શ્રી સરલાદેવી સારાભાઇની દોરવણી લેવામાં આવનાર છે. બીજી સમિતઓ માટે તે તે પ્રવૃત્તિઓના નિષ્ણાત માણસોનો સહકાર માંગવામાં આવશે. આ વિવિધ અને વિશાળ પ્રવૃત્તિઓ ચલાવવા માટે બાલકન-જી-બારીના સંચાલકોએ મકાન, ફરનીચર, વ્યાયામશાળા, મશીનરી, છાપખાનું, વગેરે મળી રૂા. ૧૦,૦૦,૦૦૦ (દશ લાખ) ના ખર્ચનો અંદાજ કર્યો છે. તે ઉપરાંત બીજા દશ લાખ સ્થાયી ફંડ તરીકે રોકવાનો સંસ્થાનો ઉદેશ છે. બાલ વિકાસની આ યોજના બાલકન-જી-બારીના સંચાલકો મુંબઇ સરકાર આગળ મૂકવાના છે, અને મુંબઇ સરકારના મુખ્ય પ્રધાન શ્રી. બાળાસાહેબ ખેર આ સંસ્થાના અધ્યક્ષ હોઇ આ કાર્યને સરકાર તરફથી યોગ્ય ટેકો મળશે એવી આશા સેવાય છે.

ગો. ર. કુલકર્ણી


નૂતન બાલશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

બાલ વિભાગ

વર્ષ પહેલું] એપ્રિલ ૧૯૪૭ [અંક ચોથો

સાધુ બીજાના નથી!



ગયે ફેરે તમને તુકારામ મહારાજની વાર્તા કહી: આજે એકનાથ મહારાજની વાર્તા સાંભળો.

એકનાથ વિદ્વાન બ્રાહ્મણ હતા. પવિત્ર હતા. ભકત હતા. બીજા બ્રાહ્મણો એમની બૂબ અદેખાઈ કરતા. તેઓ કહેતા, "અમે શું ઓછા વિદ્વાન છીએ? તો પછી આ એકલાને જ આટલું બધું માન શા માટે આપવામાં આવે છે?"

એકનાથ કદી પણ બીજાના નથી એવી તેમની બ્યાતિ હતી. એક બ્રાહ્મણે ઠરાવ્યું કે એકનાથને બીજવીને તેની ફજેતી કરવી, જેથી લોકો તેને હસશે.

એકનાથ મહારાજ દરરોજ વહેલી સવારે ઊઠીને નદી પર નહાવા જતા. ત્યાં પાઠ પૂજા કરીને પછી ઘરે પાછા આવતા. નદીએ જવાના રસ્તા પર એક પાનવાળાની દુકાન હતી.

તે બ્રાહ્મણે તે પાનવાળા પાસે જઈને તેને કહ્યું, "આ જુઓ, એક કામ કરીશ તો તને સો રૂપીયા આપીશ!"

પાનવાળો બુશ થયો. તેણે કહ્યું, "હા, હા, સો રૂપીયા આવશે તો ગમે તે કામ કરીશ."

"જુઓ પેલો એકીયો છે ને!"

"એકીયો? એકીયો કોણ?"

"અલ્યા, પેલો એકનાથ, તેને બધા એકનાથ મહારાજ કહે છે."

"હા, હા, પણ તેનું શું?"

"તેને બીજ નથી ચઢતી, એમ કહેવાય છે."

"હા, તેનું શું?

"મારે એની ફજેતી કરવી છે, તું તેને બીજ ચઢે એમ કરજે."

"તે શી રીતે થાય?"

"કહું છું. તે દરરોજ નહાવા જાય છે. નહાઇને તે પાછો આવે એટલે તું પ્રાન બાઇને તેના પર થુંકજે. બસ, આટલું કરીશ કે આપણું કામ થયું."

પાનવાળાને આ વિચિત્ર લાગ્યું. વગર કારણે કોઇના પર થુંકવાનું! પણ સો રૂપીયા મળવાના હતા ને! તે કબુલ થયો.

બીજે દિવસે હમેશ મુજબ એકનાથ નહાવા નીકળ્યા. પાનવાળાની દુકાન વહેલી ખુલી હતી. પાનની પટ્ટીઓ બનાવીને તે બાવા માંડયો. જેવા એકનાથ નહાઈને આવ્યા કે તેણે હોઠ પર બે આંગળાં મૂકી લાંબી પીચકારી છોડી મહારાજના શરીર પર!

એકનાથના સફેદ કપડાં પર તે લાલ લાલ પીચકારી ઊડી. તેમણે દુકાનદાર તરફ જોયું, તેઓ એકવાર હસ્યા અને પાછા નદી તરફ ગયા.

નદીએ જઈને તેમણે ફરી સ્નાન- કર્યું અને ભીને કપડે જ તેઓ પાછા આવ્યા.

એકનાથ બીજાયા નહીં એ જોઇને પાનવાળો બીજાયો! તેણે ફરી પાન બાવાની શરૂઆત કરી.

એકનાથ ફરીને આવ્યા ત્યારે તેણે ફરી પાનની પીચકારી છોડી. એકનાથ ફરી હસ્યા, ફરી પાછા વળ્યા અને ફરી નાહીને આવ્યા.

પાનવાળાએ ફરી પીચકારી મૂકી. એકનાથે ફરી એમજ કર્યું. તેઓ હસ્યા, પાછા ફર્યા અને નાહીને પાછા આવ્યા.

આ પ્રકાર એકવાર નહીં, બે વાર નહીં, સાત વાર થયો.

આઠમે ફેરે સ્નાન કરીને એકનાથ પાછા આવ્યા ત્યારે તે દુકાનદાર શરમાયો. તેને દુઃખ થયું. પૈસાના લોભથી સાધુની પજવણી કર્યા બદલ તેને ખૂબ પસ્તાવો થયો.


જેવા એકનાથ એમની દુકાન પાસે આવ્યા તેવો તે નીચે ઊતર્યો. દોડતો જઇને તેણે એકનાથના પગ પકડયા અને તેણે તેમને કહ્યું, "મને માફ કરો. સાના લોભથી મેં તમને નકામી તકલીફ આપી."

એકનાથે તેને ઉઠાડયો. પોતાની છાતી સાથે લઇને તેની પીઠ થાબડી અને કહ્યું "અરે ગાંડા! પૈસા જોઇતા હતા તો મને કહેવું હતું ને! આવું વિચિત્ર શા માટે કર્યું! બાકી તને ક્ષમા કરવાને બદલે તારા આભારજ મારે માનવા જોઇએ. તારે લીધે આજે મને આઠ વખત ગંગાસ્નાન થયું. આ બધું પુણ્ય તારે લીધેજ મને લાધ્યું."

જોત જોતામાં આ વાત આખા શહેરમાં ફેલાઈ અને એકનાથની કીર્તિ પણ વધારે ફેલાઇ.

—ગો. ર. કુલકર્ણી

તોફાની ઘેટું (એક બાળનાટિકા)



(એક જંગલમાં એક ઘેટાંનું ટોળું ઝાડ નીચે આરામ લઇ રહ્યું છે. પડોશમાંજ ભરવાડ આડો થઈને ઊંઘી ગયેા છે. વાઘ્યેા કૂતરેા પણ આંખેા બંધ કરીને ઊંઘ્યેા છે. સમય બપેારના એક વાગ્યાનેા. આવા દેખાવ સાથે પડદેા ઊઘડે છે. અને પછી—)

ઘેટી—બાળકેા હવે આરામ કરેા. તડકેા ભારે પડયેા છે. હું જરી વાર ઊંઘી લઉં છું. તમે આમ તેમ જશેા નહિં.

ઘેટાં—હા, મા અમે પણ ઊંઘીશું તારી પાસે.

નાનું ઘેટું—પણ મા મને ઊંઘ આવતી નથી. હું શું કરૂં?

ઘેટી—બેસી રહેજે. આંખ મીંચીને બેસી રહેજે.

ના. ઘેટું—વારૂ, આ તું ઊંઘી જજે.

(ઘેટી ઉંઘી જાય છે. બધાં ઘેટાં ઊંઘે છે. નાનું ઘેટું પણ આંખેા બંધ કરીને બેસી રહે છે. થેાડી વાર પછી તે આંખેા ઉઘાડે છે.)

ના. ઘેટું—અરે વાહ! બધાં ઊંઘી ગયાં છે. વાઘ્યેા કૂતરેા પણ! ખૂબ ખરાબ છે વાઘ્યેા. રહેજ પણ આમ તેમ જવા દેતા નથી. આ વળી શું? મને વળી કહે છે તું નાનેા છે! નાનેા હેાઉં તેથી શું થયુ? હું કંઇ ચાલી શકતેા નથી કે દેાડી શકતેા નથી?

(થેાડી વાર વિચાર કરે છે. પછી તે ઊભું થાય છે અને બધી તરફ જુએ છે. બધાંજ ઊંઘેલાં દેખાય છે.)

ના. ઘેટું—તે કાંઇ નહીં. આજે જવું જ છે જંગલમાં. ગભરાવું શા માટે? શું કરવાનેા વરૂ? અને વરૂ જોયેા પણ છે કેાણે? જોઇએ તેા ખરા કેવેા હેાય છે તે.

(પછી તે ઘેટું હળવે લઇને ચાલવા માંડે છે. વારે વારે પાછું ફરીને જુએ છે. બધાં ઊંઘેલાં જ હેાય છે. થેાડે દૂર જઇને તે દેાડવા માંડે છે.)

ના. ઘેટું—(એક ડુંગરની ટોચ પર જઇને) ઓહેા! કેવું સરસ છે અહીં. અને વળી કહે છે કયાંય જઈશ નહીં. ગાંડી છે મારી મા. અને તે વાઘ્યેા તેા બૂબ જ બરાબ છે.

(ઘેટું આમ તેમ દેાડે છે. ઘાસચારેા બાય છે. દેાડતું દેાડતું પેલી પાર ઊતરે છે.)

પ્રવેશ બીજો

(ઘેટી એકદમ ઊંઘમાંથી જાગે છે. બધાં બચ્ચાંને જુએ છે. પણ બધાંમાં નાનું દેખાતું નથી.)

ઘેટી—ઓ મા રે, બાબો કયાં ગયો? અરે બાબો કયાં છે?

(આમ તેમ આખા ટોળામાં ફરી વળે છે. પ્રણ ઘેટું કયાંય દેખાતું નથી. પછી તે વાઘ્યા કૂતરા પાસે જાય છે)

ઘેટી—વાઘ્યા, અલ્યા વાઘ્યા! ઊઠને. બાબો કયાં ગયો?

વાઘ્યો—(એકદમ ઊઠીને) શું કહે છે? બાબો ગયો?

ઘેટી—હા ભાઇ, કયાંય જણાતો નથી.

વાઘ્યો—પછી જવા કેમ દીધો તેં? બેસ હવે રડવા. બાઇ જશે એને વરૂ.

ઘેટી—ઓ મા રે! વરૂ! ના વાઘ્યા ના! જા, તું જલદી જા. શોધી લાવ મારા બાબાને.

વાઘ્યો—હું કાંઇ તારો નોકર નથી. તુંજ જા તારા બાબાને શોધવા.

ઘેટી—આમ શું કરે છે? જાને! પગે લાગું છું તને!

વાઘ્યો—ઠીક જાઉં છું. પણ બાકીનાં બચ્ચાંને બરાબર સાચવજે.

(વાઘ્યો જમીન સૂંઘતો સૂંઘતો જાય છે.)

પ્રવેશ ત્રીજો

(નાનું ઘેટું દોડે છે. એટલામાં દૂરથી એક વરૂ આવતો જણાય છે.)

ના. ઘેટું—અરે આ કોણ? બૂબ મોટો જણાય છે. આપણો વાઘ્યો નથી આ કાંઇ!

વરૂ—(પાસે આવીને) વાહ, વાહ! કેટલો સરસ છે તું. બૂબ મીઠો લાગીશ. કેવો પણ મળી ગયો!

ના. ઘેટું—(ગભરાઇને) કોણ છે તું.?

વરૂ—તું કહે છે મને? હું–હું વરૂ! સમજ્યો?

ના. ઘેટું—વરૂ! અરે બાપ રે!

વરૂ—બાપ રે શું! ચાલ બાઇ જાઉં છું તને.

ના. ઘેટું—ના, ના મને બાઇશ નહીં.

(વરૂ તેના પર કૂદીને તેને પકડે છે. ઘેટું ચીસ પાડી ઊઠે છે. તેટલામાં વાઘ્યો ભસે છે. વરૂ જુએ છે. વાઘ્યો જોસથી દોડે છે. પાસે આવીને તે વરૂ ઉપર તૂટી પડે છે. વરૂ ઘેટાને મૂકીને વાઘ્યા સાથે લડવા માંડે છે. બન્ને લડે છે. વાઘ્યો વરૂને હરાવે છે. વરૂ જંગલમાં ભાગી જાય છે)

વાઘ્યા—પૂરી થઇ તારી હોંશ? ચાલ હવે ઘેર મા પાસે.

નાનું ઘેટું—વાઘ્યા, તું કેવો ભલો છે! (ઘેટું વાઘ્યાને વળગે છે. વાઘ્યો એક પગે તેને પકડીને ત્રણ પગ પર દોડે છે.)

પ્રવેશ ચોથો

ઘેટી—કયાં ગયો હતો? વરૂ જોયો ને?

નાનું ઘેટું—હા, મા! ફરી કદી નહીં જાઉં. આ વાઘ્યાએ બચાવ્યો મને, નહીં તો મર્યો જ હોત.

ઘેટી—વાઘ્યો છેજ એવો!

વાઘ્યો—(સ્તુતિથી ફુલાઇને) ભૂઃ, ભૂઃ, ભૂઃ–

સાંજ પડી જો ના!

મા રહેવા દે કામ હાથનું
સાંભળ જે હું તને કહું છું
ફરવા નથી શું આજ જવાનું?
સાંજ પડી જો ના!

જુઓ વાટ પર કેવી મોટી
ફરવા વાળાઓની ગિરદી
જવા નીકળ્યા બગીચા માંહી
સાંજ પડી જો ના!

ત્યાં છે માંડી દુકાન મોટી
ભાત ભાતની ચીજ વસ્તુની
કોણ ઘેર રહેશે આ ટાણે?
સાંજ પડી જો ના!

મા તું લેજે શાક નૂ ભાજી
હું પણ લઈશ ચીજ મનભાતી
કામ છોડીને ચાલો જલદી
સાંજ પડી જો ના!

આકાશે છે રંગ છવાયો
સૂર્ય લાલ રંગે રંગાયો
જાણે પુગ્યો એ ગેસ તણો
સાંજ પડી જો ના!

હું ય લઇશ પુગ્યો મજાનો
ઉડાવીશ આકાશે ઊંચો
માડી જલદી જલદી ચાલો
સાંજ પડી જો ના!

સ્વાશ્રયી નઈ તાલીમ

હું પહેલાં તો કંઇક સંકોચ સાથે કહેતો હતો, પણ જ્યારથી જેલમાંથી બહાર આવ્યો છું ત્યારથી સ્પષ્ટતાથી કહું છું. જેલની અંદર મેં વિચાર કર્યો અને આ વસ્તુ મારે માટે વધારે સ્પષ્ટ રીતે જણાવા લાગી કે જો ખરેખર આપણને સ્વાશ્રયી નઇ તાલીમ જોઇતી હોય તો આપણે પોતે સ્વાશ્રયી થવું જ પડશે. જો આપણને એમ લાગશે કે એ નહીં થઇ શકે એટલે કે કેળવણી સ્વાશ્રયી નહીં થઇ શકે–તો આપણે એ પણ સમજી લેવું જોઇએ કે સાત લાખ ગામડાંઓમાં આપણે આ વસ્તુનો પ્રચાર નહીં કરી શકીએ.

સાર્જંટે જે યોજના આપી છે તેને હું કશું જ મહત્ત્વ નથી આપતો. એમણે તો છ કરોડની વાત કરી છે. તેને માટે અનેક વર્ષો જોઇએ.

આપણે ઉદ્યોગ દ્વારા શિક્ષણ આપવું છે. પહેલાં આપણે કપાસના કામનો જ વિચાર કરીએ. માત્ર આનાજ દ્વારા શિક્ષણ આપવું છે એમ નથી, પણ હમણાં આપણે આ ઉદ્યોગને લઇએ અને તેની દ્વારા વિદ્યાર્થી કેટલી હદ સુધી સ્વાશ્રયી થઇ શકશે તે જોઇએ. સ્વાશ્રયીનો અર્થ છે શિક્ષકનો પગાર કાઢવો. મારા મત મુજબ તો મકાન વિગેરે ખર્ચ પણ એમાંથી નીકળવો જોઇએ; પણ એ વાત હું હમણાં મૂકી દઉં છું. આજે તેમાં માત્ર શિક્ષકો અને થોડા ઘણા સ્ટેશનરી સામાનનો હું સમાવેશ કરું છું.

જે શિક્ષકો આ બધો ખર્ચ નથી કાઢતા–એ પહેલા વર્ષ થીજ કાઢવો જોઇએ એમ નથી–પણ સાત વર્ષમાંય નથી કાઢતા અને જેઓ પોતે સ્વાશ્રયી નથી થઇ શકતા અને શાળાને સ્વાશ્રયી નથી બનાવી શકતા, તેઓ નઇ તાલીમના સાચા શિક્ષકો નથી.

અને બાળકો તો પોતાની સમજણથી કામ આપશે. તેઓ મજૂરની જેમ પોતાનું કામ નહીં કરે. કારણ કે મજૂર પોતાના પેટને માટે કામ કરે છે. બાળકો તો એમનાથી ખૂબ વધારે કામ કરશે.

મેં આજણી શાળાઓના કેટલાએક આંકડા દેખ્યા છે. જો આપણે સફળ થઇએ અને બધાં બાળકો મળીને કામ કરે, તો આપણે બતાવી શકીશું કે નઇ તાલીમ સ્વાશ્રયી થઇ શકે છે. જો કામ પોતાને માટે નહીં, પણ બધાના સહકારથી થશે તો તેમાં એક જબરદસ્ત શક્તિ પેદા થશે.

આ કેળવણી પોતાનો ખર્ચ નહીં કાઢે તો તે નકામી છે, આના હિસાબ ખોટા છે અને એના શિક્ષકો નઇ તાલીમને નથી ઓળખતા.

સાત વર્ષમાં સ્વાવલંબી નહીં થઇ શકે તો નઇ-તાલીમ નવ વર્ષ ચાલશે. સાત વર્ષ પરજ કંઇ છાપ નથી મારી, છાપ તો સ્વાવલંબન પર છે. સાત વર્ષમાં નહીં થાય તો નવ વર્ષમાં થશે. આમાં તો કોઇ ખર્ચ નથી. બાળકને તો જ્ઞાન મળતું જ જાય છે. તે જે કામ કરશે તે કોઇ પરોપકારની વૃત્તિથી નહીં કરે, જ્ઞાન મળે છે એ દૃષ્ટિથી જ કરશે.

દરેક જગાએ હું પ્રયોગ કરું અને નિષ્ફળ થાઉં એના કરતાં એ સારું કે એકજ કેન્દ્રમાં હું વ્યવસ્થિત પ્રયોગ કરું. હું પોતે પ્રયોગ કરું તો તે ગમે તેટલો નાનો હશે તો પણ સ્વાવલંબનનો જ કરીશ.

થોડું કરજો પણ બરાબર કરો. અહીંથી જેટલું કામ થશે તે શુદ્ધ થવું જોઇએ. હું તો હઠ પકડીને બેઠો છું. આ નહીં થાય તો ગામડાંઓની સેવા નહીં થઇ શકે.

('નઇ તાલીમ' પરથી) —ગાંધીજી

• Regd. No. B. 2241

વાર્ષિક લવાજમ:
દેશમાં રૂા. ૩)
પરદેશમાં શિ. ૭।।

: બાલકે, પાલકે, અને શિક્ષકનું માસિક પત્ર :

શિક્ષણ પત્રિકા

છૂટક નકલ
૬ આના

બાળકના હાથપગ ચાલે છે અને તે કંઈક કરતા જ રહે છે. બે અઢી વર્ષનાં બાળકો શરૂઆતથી જ આપણા હાથમાં આવે અને પોતાના હાથપગનો ઉપયોગ આપણી સૂચના મુજબ કરે, તો તેમનો વિકાસ કેટલી હદે પહોંચશે તે હું નિશ્ચિત રીતે નથી કહી શકતો. તેમને આપણે જે કાંઇ શીખવીએ તે રચનાત્મક હોવું જોઇએ, ક્રિયાત્મક હોવું જોઇએ; વિધ્વંસક ન જ હોવું જોઇએ.

—ગાંધીજી.

અનુક્રમણિકા

	લેખ	લેખક		પૃષ્ઠ
૧	બધી બદીઓનું મૂળ–સજા !	બંસીધરજી		૪૯
૨	સેવાગ્રામનો બાતરીલાયક પુરાવો	ગો. રા. કુલકર્ણી		૫૧
૩	આવી સંસ્થા આપણા દેશમાં જોઇએ	ગો. રા. કુલકર્ણી		૫૨
૪	સુરેન્દ્ર ઇતિહાસમાં પાસ નહિ થાય	ત્રિપાઠી		૫૩
૫	ચિત્રોના જાદુ	નટુભાઇ બરાનપુરીયા		૫૪
૬	શિક્ષકને આદર્શનાં મહેણાં મારતા નહિ !	સ્વ. ઝવેરચંદ મેઘાણી		૫૫
૭	નાનાં બાળકો માટે ચિત્ર પુસ્તકો	ચંદુલાલ વ્યાસ		૫૭
૮	બાળ વાડીના શિક્ષકોને—	ગો. રા. કુલકર્ણી		૫૭
૯	બાલકન–જી–બારી	ગો. રા. કુલકર્ણી		૬૦
૧૦	શાળામાં ધર્મશિક્ષણ	વિનોબાજી	કવર પેજ	૨
૧૧	બાળકોની કેળવણી	ગાંધીજી	કવર પેજ	૨
૧૨	સ્વાશ્રયી નઇ તાલીમ	ગાંધીજી	કવર પેજ	૩

બાળમંદિરો માટે સાધનો

બાળમંદિર માટે સાધનો ખરીદતાં પહેલાં અમારું સૂચિપત્ર મંગાવો.

દરેક સાધનો શાસ્ત્રીય પદ્ધતિથી બનાવવામાં આવે છે અને તે બધાં નિષ્ણાતોની દેખરેખ નીચે તૈયાર કરવામાં આવે છે.

સૂચિપત્રમાં જણાવેલ ભાવ ઉપર બાળમંદિરોને જ ૬ ૧/૪ ટકા કમિશન આપવામાં આવે છે.

તમારી જરૂરિયાત માટે લખો:

બનાવનાર: **નૂતન શિક્ષણ સાધનાલય એન્ડ આર્ટ વર્કર્સ લિમિટેડ.**


વઢવાણ કેમ્પ (કાઠિયાવાડ).

મુદ્રક–પ્રકાશક:–ગો. રા. કુલકર્ણી, ૧૧૭, હિંદુ કોલોની દાદર–મુંબઇ ૧૪, મુદ્રણસ્થાન:–સ્ટેટસ પીપલ પ્રેસ, ૧૩૮, મેડોઝ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ.

નૂતન બાલ-શિક્ષણ સંઘની

શિક્ષણપત્રિકા

વર્ષ ૨૨ : અંક ૫ : મે, ૧૯૪૭



આવૃત્તિ : સદ્‌ગત ગિજુભાઈ બધેકા :: સંપાદક : તારાબેન મોડક :: સહસંપાદક : રમણભાઈ પાઠક

શિક્ષણપત્રિકા

ઑક્ટો, ૧૯૪૭

વર્ષ ૨૨ અંક ૫

અનુક્રમણિકા

વિષય	લેખક	પૃષ્ઠ
ચેરીટી	તારાબેન	૬૫
વિદાય	ગો. રા. કુલકર્ણી	૬૭
માછલાં મળ્યાં	અનસુયાબેન વાદ્ય	૬૮
સ્વતંત્ર્ય અને સંયમ	ગો. રા. કુલકર્ણી	૬૯
બાલહૃદયનું એક દર્શન	ગો. રા. કુલકર્ણી	૭૧
ભણેલા પણ એ જ રસ્તે	પૂનચંદ શાહ	૭૨
વડીલો સમજે	અમૃતલાલ કે. જાની	૭૪

સંપાદકીય નોંધ

મઢી આશ્રમનો ગ્રીષ્મ વર્ગ	૭૫
બે પ્રાથમિક સંમેલનો	૭૫
સંઘનું બજેટ	૭૬
બુનિયાદી તાલીમ	પૂ. ૩
સહસંપાદકની વિદાય	પૂ. ૩
મુંબઈનું શિક્ષકસંમેલન	પૂ. ૩

બાલવિભાગ –

વીજળી પ્રવાહનો શોધક બેન્જામિન ફ્રેંકલિન ...	બાબાભાઇ	૧૭
સોનાનો તોરો	શાલિની ન્યેગલેકર	૧૮
કપાસિયાની કરામત...	સૌ. પ્રભાવતી પજવાણી	૨૦

સૂચના

'શિક્ષણપત્રિકા'ના પ્રત્યેક ગ્રાહકને સઘનું સભ્યપદ આપોઆપ પ્રાપ્ત છે. એટલે કે શિક્ષણપત્રિકાનો ગ્રાહક એ સંઘનો સભ્ય પણ છે અને સભ્ય તરીકેના દરેક હકકો એ ભોગવી શકે છે.

પત્રવ્યવહાર કરતી વખતે પોતાનો સભ્યનંબર અવશ્ય લખવો. જે સભ્યો પોતાનું સરનામું બદલવા ઇચ્છતા હોય તેમણે દરેક મહિનાની પહેલી તારીખ સુધીમાં પોતાના સભ્યનંબર સાથે જૂનું તથા નવું બદલાયેલું સરનામું વ્યવસ્થાપકને જણાવવું.

સામટા સભ્યોના લવાજમનો ચેક 'સેક્રેટરી, નૂતન બાલશિક્ષણસંઘ,' એ નામનો લખવો, અને તે વ્યવસ્થાપક ઉપર મોકલી આપવો. દરેક સભ્યે લવાજમની રકમ ચેકથી, મનીઑર્ડરથી અગર હાથોહાથ વ્યવસ્થાપકને સરનામે પહોંચાડવી.

સંપાદન તથા નિરીક્ષણ કાર્ય અંગેનો તમામ પત્રવ્યવહાર બાલવાડી, બોરડી, ઘોલવડ થઇને B. B. C. I. Rly. એ સરનામે કરવો. પત્રિકા માટેના લેખો વગેરે પણ ત્યાં જ મોકલવા વિનંતિ છે.

લવાજમના દર

દેશમાં રૂા. ૩ : પરદેશમાં શિલિંગ ૭॥; છૂટક નકલ ૬ આના.

પત્રિકાની વ્યવસ્થા અંગેનો તમામ પત્રવ્યવહાર નીચેને સરનામે કરવા વિનંતિ છે.

શ્રી. બાબીબેન મૂળજી
વ્યવસ્થાપક, 'શિક્ષણપત્રિકા' કાર્યાલય,
શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર,
મુંબઇ ૬

બાળમંદિરો માટે સાધનો

બાળમંદિર માટે સાધનો ખરીદતાં પહેલાં અમારું સૂચિપત્ર મંગાવો.

દરેક સાધનો શાસ્ત્રીય પદ્ધતિથી બનાવવામાં આવે છે અને તે બધાં નિષ્ણાતોની દેખરેખ નીચે તૈયાર કરવામાં આવે છે.

સૂચિપત્રમાં જણાવેલ ભાવ ઉપર બાળમંદિરોને જ ૬ ૧/૪ ટકા કમિશન આપવામાં આવે છે.

તમારી જરૂરિયાત માટે લખો :

બનાવનાર : **નૂતન શિક્ષણ સાધનાલય એન્ડ આર્ટ વર્કર્સ લિમિટેડ**

વઢવાણ કેમ્પ (કાઠિયાવાડ).

નૂતન બાલશિક્ષણ સંઘની

શિક્ષણપત્રિકા

વર્ષ ૨૨ : અંક ૫] મુંબઈ [મે, ૧૯૪૭

ચેરિટી

ગામડાંનું કામ કરવા માટે અમે નવાસવા નીકળ્યાં હતાં. ઘણી બાબતો અમારે શીખવાની હતી. ઘણા વિચારો કરવાના હતા. ઘણી બાબતોમાં ધોરણ ઠરાવવાનાં હતાં.

બાલવાડી શરૂ કરી. આડોશપાડોશનાં બાળકો એકઠાં કર્યાં. અમે ઘેર ઘેર જઈને વાત કરી. બીચારાં માબાપોએ બાળકો મોકલી આપ્યાં. ઢેઢ–ચમારનાં આવ્યાં. ખાટકીનાં આવ્યાં. થોડાં વાણિયા–બ્રાહ્મણનાં પણ આવ્યાં. ગાવાવગાડવાનું શરૂ કર્યું. બધાં હોંશથી ગાવા લાગ્યાં.

પણ અમારા મનમાં વિચાર આવ્યો: કેટલાંક છોકરાં સારાં કપડાં પહેરીને આવે છે, કેટલાંક ગંદાં પહેરીને આવે છે, કેટલાંક ફાટલાંતૂટલાં પહેરીને તો કેટલાંક નાગાંપૂગાં જ આવે છે. તો એ બધાંને આમ જ આવવા દેવાં શું?

કોઈને લાગ્યું કે, એમને કપડાં આપવાં. કોઈને લાગ્યું, હમણાં કાંઈ ન કરવું; જવા દો થોડા દિવસ. દોઢબે મહિના થયા. શાળાનો ઉદ્‌ઘાટનસમારંભ થયો. બહારગામના લોકો આવ્યા. ગામનો શિષ્ટ સમાજ આવ્યો.

જુઓ તો અહીં તો શંભુમેળો. કેટલાંક સ્વચ્છ સરસ કપડાં પહેરેલાં બાળકો, તો કેટલાંક ફાટલાંતૂટલાં પહેરેલાં! કેટલાંકને તો વળી કપડાં જ ન મળે! ઠંડીના દિવસો હતા છતાં કપડાં વિના જ બીચારાં આવતાં હતાં!

કેટલાંકે વિચાર કર્યો: 'આમને કપડાં કેમ નથી આપતા?' કોઈએ કહ્યું: 'આમને કપડાં નથી?'

કોઈએ ઉઘરાણું કરીને ૩૦–૪૦ રૂપિયા એકઠા કર્યા અને સંચાલકના હાથમાં આપ્યા. એમાંથી બાળકો માટે કપડાં સિવડાવવાની સૂચના કરી.

અમે વિચારવા લાગ્યાં: બાળકોને આ રીતે કપડાં આપવાં કે નહિ?

દાન ઉપર જીવવું એ સારું છે? અંગમહેનત કરીને પોતાની જ કમાણીમાંથી ફાટલાંતૂટલાં કપડાં પહેરીને જીવવું એ વધારે સ્વાભિમાની નથી શું? પૈસાવાળાના દાન ઉપર જીવવું એટલે શું? એને કરુણા ઊપજશે, દયા આવશે અને પછી તે પાંચ પૈસા આપણા શરીર ઉપર ફેંકશે. વળી એવી દયા પણ બધાંને કયાં ઊપજે છે? એકાદને દયા આવે છે અને પછી બીજા પાસે જઈને આજીજી કરીને, શરમાવીને કે એવી જ બીજી કોઈ રીતે ઉઘરાણાની ટીપમાં આંકડો ભરાવે છે અને તે પૈસા લઈને ગરીબોનાં શરીર ઉપર સારાં કપડાં પહેરાવવાનાં! અથવા પેટ ભરીને સારું અન્ન બવરાવવું! આ શું માનપૂર્વકનું જીવ્યું કહેવાય? આવા ઓશિયાળા જીવનથી શું તેમની ઉન્નતિ થઈ શકે? આમાંથી શું માણસાઈનું શિક્ષણ મળવાનું હતું? દેનારમાં માણસાઈ નથી તો લેનારમાં કયાંથી આવવાની?

હા, શ્રીમંતોને પોતાની પાસે વધારે ધન છે તેની શરમ આવે, લાખો ગરીબો ભૂખ્યાપેટે સૂવે છે અને આપણે વગરજોતું બાઈને બગાડ કરીએ છીએ એમ લાગે, લાખો ઉઘાડા ડિલે ટાઢમાં થથરે છે અને આપણા કબાટમાં જાતજાતના કપડાંના ગંજ ખડકયા છે તેથી આપણે સમાજના ચોર છીએ એમ તેને લાગે અને તેથી આત્મશુદ્ધિ માટે, આત્મોન્નતિ સારુ પોતાને જરૂર ન હોય તેટલાં બધાં કપડાં ન્યાય અને સમાનતાના ધોરણ મુજબ આપી દે તો તેમાં આપનારની ઉન્નતિ હોવાથી લેનારની પણ ઉન્નતિ થાય.

પણ અત્યારે એવું દાન કોણ આપે છે?

ચેરીટીનાં લિસ્ટ જુઓ! ચંદા, ફાળા, ઉઘરાણાંની યાદીઓ જુઓ!

ના, એવાં દાન નહિ જોઈએ અને ન જોઈએ એ દાનનાં કપડાં! એમ અમને લાગ્યું. મળેલા પૈસા હમણાં

રહેવા દો. પછી વિચાર કરીને શું કરવું તે નક્કી કરશું એમ અમે ઠરાવ્યું.

ઠંડી પડતી હતી. બાળકો ધ્રૂજતાં હતાં. કેટલાંક છોકરાં સારાં કપડાં પહેરીને આવતાં હતાં. કેટલાંક ફાટલાં-તૂટલાં અને ગંદાં, અને કેટલાંકને કપડાં જ ન હતાં!

(૨)

ફરી કેટલાક પૈસાદાર લોકો આવ્યા. આ વખતે થોડાં કપડાં જ આપી ગયા. મુંબઇનાં લોકોં હવા ખાવા અમારી આસપાસમાં આવીને રહ્યાં હતાં. તેમનાં બાળકો મુંબઇ ફેસનનાં સ્વચ્છ, સફાઇદાર કપડાં પહેરીને શાળામાં આવવા લાગ્યાં.

અમને થયું: બીચારા વગરકપડાનાં બાળકોને હવે કપડાં આપવાં જોઇએ. સ્વચ્છ રહેશે, જરા સારાં દેખાશે. એક જ શાળામાં આટલો બધો તફાવત રહે તે સારું નહિ. બીચારાં ગરીબ બાળકોને કેવું લાગતું હશે? આ બ્રાહ્મણવાણિયાનાં છોકરાંને સુંદર કપડાં અને આપણે સાવ ઉઘાડાં!

થયું. અમારાથી જ એ સ્થિતિ વધારે વખત સહન થઇ શકી નહિ. અમે ઠરાવ્યું: જેમને કપડાં ન હોય તેમને આપવાં. કોઇએ કહેલું: 'અહીં આવે ત્યારે પહેરવા આપવાં. ઘેર જાય ત્યારે કાઢી લેવાં. હા, દરેક જગ્યાએ એમ જ કરે છે. હરિજનશાળાઓમાં પણ તેમ જ અને મિલશાળામાં પણ તેમ જ; તો પછી આપણે એમ કરીએ તેમાં શો વાંધો?

પણ તે ગમતું ન હતું. કપડાં આપવાં જ હોય તો પછી આપી જ દેવાં. ઘેર ગંદા રહે, ગંદા રખડે અને શાળામાં સ્વચ્છ કપડાં પહેરતાં શીખે. ના, એ કાંઇ સારું નહિ.

અમે નક્કી કર્યું કે કપડાં આપી દેવાં. રોજ નવરાવવાં અને ત્યાં જ ધોવરાવવાં, અને રોજ ધોયેલાં કપડાં પહેરાવવાં.

આપેલાં કપડાં રોજ ખૂબ ગંદાં થઇ જતાં હતાં, ફાટી પણ જતાં; પણ અમે ચાલવા દીધું. શિક્ષણ મળતું જશે તેમ એમાંથી જ સ્વચ્છ રાખતાં શીખશે. સ્વચ્છ અને વ્યવસ્થિત રહેવા માટે વિચાર કરીને એ ચાલવા દીધું.

એક જોડ કપડાં ફાટ્યાં. ફરી પ્રશ્ન આવ્યો: તૈયાર કપડાં મળ્યાં હતાં તે થઇ રહ્યાં, હવે શું કરવું?

વિચાર કર્યો કે માબાપ પાસેથી આનો, બે આના, ચાર આના શક્તિ પ્રમાણે લઇને, થોડા સંસ્થા પાસેથી પૈસા ઉમેરીને કપડાં સિવડાવી દેવાં.

દરજી બેસાડ્યો. માપ લઇને કપડાં સિવડાવ્યાં. સાદી ચડ્ડી અને અર્ધી બાંયનું બાંડિયું. કપડાં ઉપર દોરાથી ભરીને સૌની જુદી જુદી નિશાનીઓ કરી અને કપડાં આપ્યાં. રોજ નહાવાનું, રોજ સાબુના ઉકાળેલા પાણીમાં કપડાં બફાય અને ધોવાય, ધોઇને સુકવાય ને સ્વચ્છ થાય, ઘડી કરીને કબાટમાં મુકાય. બાળકો સરસ સ્વચ્છ દેખાવા લાગ્યાં. બાળકોનાં ખરજવાં ને દાદર ગયાં ને રમવા લાગ્યાં. જોતાં મનને સારું લાગ્યું. પણ પૈસા કયાં આવ્યા? એક આનો પણ નહિ ને કાંઇ જ નહિ. અમારી પાસે શેઠિયાઓ પાસેથી પૈસા બોવ્યા હતા. અમે પરવા ન કરી.

માબાપોને અમારી માગણીથી માઠું લાગ્યું: આટલા બધા પૈસાદાર માણસો તમારે ત્યાં આવે છે; અમારાં છોકરાંને બબ્બે જોડ કપડાં કરાવી આપ્યાં તેમાં શું થઇ ગયું! ભૂખ આવી છે એમને ત્યાં કે દર મહિને એક એક આનો આપજો કહે છે? કોઇએ કાને ધર્યું નહિ. માગનારને ય શરમ આવી. એમણે ય માગવાનું છોડી દીધું.

બાળકો હંમેશાં આવતાં હતાં. સ્વચ્છ રીતે ઉકાળીને ધોયેલાં કપડાં પહેરતાં હતાં. મજાથી રમતાંકૂદતાં કામ કરતાં હતાં. કોઇને ઊંડા ઊતરવાની જરૂર લાગતી ન હતી. સૌને સમાધાન હતું.

(૩)

૭ મહિના વીત્યા. કપડાં ફાટ્યાં. કપડાં ગંદાં થયાં. ધોનારી બાઇ કામ મૂકીને ચાલી ગઇ. પ્રશ્ન ઊભો થયો: બાળકોનાં કપડાં કોણે ધોવા? શિક્ષકો અને અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓએ કામ કરવું એમ ઠર્યું. ફાટેલાં સાંધવાં કોણે? એ કામ બાળકોની માએ કરવું એમ નક્કી થયું.

પણ બાળકોની માતાઓએ કપડાંને થીગડાં મારવાનું કે સાંધવાનું મન ઉપર લીધું નહિ. દરજી બોલાવો નહીંતર હાથે સાંધો. અમને આવીને શા માટે કહો છો? આ શબ્દો નહિ હોય પણ ભાવ તો આ જ હતો.

ધોવાની બાબતમાં પણ કેટલીક માતાઓ આવીને ચિડાવા લાગી: હવે કપડાં કેમ બરાબર ધોતાં નથી? મારા છોકરાનાં આ લૂગડાં જુઓ, કેટલાં ગંદાં થઇ થયાં છે?

સાંભળીને અમે તો છક થઇ ગયા!

બીચારાં બાળકો પોતાના હાથે કપડાં ધોતાં હતાં. પોતાના મનથી એ ધોતાં હતાં. પછી અમારી અધ્યાપન મંદિરની બહેનો જરા બબડવા લાગી: "માતાઓને કપડાં ધોવાનું કહ્યું તે તેમણે સાંભળ્યું નહિ; એટલું જ નહિ ઊલટું અમને કહે છે: 'કપડાં સ્વચ્છ કેમ નથી?' "

શરૂઆતમાં જે લાગ્યું હતું કે આ શ્રીમંતી દાન, આ ચૅરિટી ઉન્નતિકારક થશે નહિ. એ સ્વાભિમાનશૂન્ય બનાવશે. શરમે-ભરમે ફેંકેલા આ પૈસા કરુણા અગર દયા ખાઇને નાખેલા અને 'આપણે કેવો ધર્મ કરીએ છીએ.' એવું મનને મનાવીને ફેંકેલા પૈસા છેવટે કોઇને માટે હિતકારક બનવાના નથી એમ જે લાગતું હતું તે જ આખરે સાચું ઠર્યું. છોકરાંને કપડાં મળ્યાં તે બદલ કૃતજ્ઞતા જરાય લાગી નહિ. અને કદાચ કૃતજ્ઞભાવ પ્રગટેલો હોત તો તેમને હંમેશાં આપણે ઉપકાર નીચે દબાવી રાખ્યાં હોત. એ પણ બરાબર જ.

એકંદરે એટલું બરું કે આ દાનપદ્ધતિ-આ ચૅરિટી-દેનારને માટે પણ બરાબર; કારણ કે દેનારની આપતી વખતની વૃત્તિ જેવી હોવી જોઇએ તેવી હોતી નથી. આપણે કોઇ મોટું પુણ્ય કરીને છીએ એવો ઉચ્ચતાનો ભાવ મનમાં આવીને સમાધાન થાય છે. અથવા અનિચ્છાથી આપેલું હોય છે; તેથી આપનારને લાભદાયી થતું નથી અને લેનારને તે આળસુ અને એદી બનાવે તેથી તેને પણ લાભકારક થતાં નથી.

તો પછી શું હોવું જોઇએ?

બરી ઉદારતાથી આપેલું દાન જોઇએ. આપણને આટલું બધું વધારે સંઘરી રાખવાનો હકક નથી; તેથી આપણને જરૂર નથી એ બધું આપણે આપી દેવું જોઇએ એવી ભાવનાથી આપેલું દાન સરકાર પાસે જવું જોઇએ. મારી મહેનતથી, મારા શ્રમથી મેળવેલું ધન જોઇએ. પેટભર અન્ન, અંગ પર વસ્ત્ર, રહેવાને ઘર અને બાળકોને શિક્ષણ એ જ જન્મસિદ્ધ હકક બાળકોને મેળવી આપવાની તાલાવેલી જોઇએ. તેમાં મદદ મળે તે બદલ કૃતજ્ઞ ભાવ ભલે પ્રગટે, પણ લાચારી ન જોઇએ.

આ યોજના સરકાર પાસેથી થવી જોઇએ. **તા.**

વિદાય

'શિક્ષણપત્રિકા'ના સંપાદક મંડળમાંથી હું મુકત થાઉં છું.

'શિક્ષણપત્રિકા'ના સંપાદકમંડળમાં રહીને મેં એક વરસ સુધી સક્રિય કામ કર્યું. 'શિક્ષણપત્રિકા'ને ઉચ્ચ ભૂમિકા ઉપર લઇ જવાનો મેં યથાશકિત પ્રયાસ કર્યો. એ પ્રયત્નોમા હું કેટલો યશસ્વી નીવડ્યો તે હું શી રીતે કહી શકું? તેનો નિર્ણય વાચક વર્ગ જ કરી શકશે.

પણ હું સફળ થયો હોઉં યા નહિં, 'શિક્ષણ-પત્રિકા'ની સક્રિય સેવા કરવાના કામમાંથી મારે નિવૃત્ત થવું પડ્યું છે, એનું મને ભારે દુઃખ લાગે છે. બીજું, મારી દૃષ્ટિએ મહત્ત્વનુ લાગતું એવું કામ મેં લીધેલું હોવાથી 'શિક્ષણપત્રિકા' માટે પૂરતો સમય આપવાનું મારાથી બની શકે તેમ નથી. અને જે કામ સંપૂર્ણ રીતે કરી શકાય નહિ તેમાં પડવું નહિ એવું મારું ધોરણ હોવાથી હું 'શિક્ષણપત્રિકા'ની જવાબ-દારીમાંથી અત્યંત ભારે મનથી મુકત થાઉં છું.

મારે લીધે 'શિક્ષણપત્રિકા' વધારે સમૃદ્ધ થઇ હોય નહિ; 'શિક્ષણપત્રિકા' વડે હું તો વધારે સમૃદ્ધ થયો છું તેમાં શંકા નથી. હવે પછી પણ 'શિક્ષણપત્રિકા'થી દૂર રહીને જેટલી મદદ થઇ શકશે તેટલી હું જરૂર કરીશ. મારી આ અણધારી નિવૃત્તિ બદલ વાચકવર્ગની ક્ષમા ચાહું છું.

મુંબઇ
તા. ૧૫-૪-૪૭

ગો. ૨ા. કુલકર્ણી

ભાવનગરમાં સંસ્કારવર્ગ

કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાતનાં બાલમંદિરોનાં શિક્ષક ભાઇ-બહેનો તથા બાલશિક્ષણ સંસ્થાના ચાલકો માટે એક સંસ્કારવર્ગ ભાવનગર મુકામે મે મોસની તા. ૧૯ થી ૨૯ સુધી ચલાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. સદરહુ વર્ગનું સંચાલન શ્રી. તારાબેન મોડક કરશે અને તેમની સહાયમાં બાલશિક્ષણશાસ્ત્રના અનુ-ભવી અભ્યાસીઓ રહેશે. આ વર્ગનો લાભ લેવા ઇચ્છતાં ભાઇબહેનોએ વિશેષ માહિતી માટે કાઠિયાવાડ વિભા-ગના મંત્રી સાથે નીચેને સરનામે પત્રવ્યવહાર કરવો.

શ્રી. પ્રેમશંકર ભટ્ટ
ધરશાળા સામે, તખ્તેશ્વર પ્લૉટ, **ભાવનગર**

માછલાં મળ્યાં

માછલાં મળ્યાં. ખાવા માટે નહિ હો ! જોવા માટે. એમ જોઇએ તો અમને અહીં આવ્યે દોઢ વર્ષ થવા આવ્યું. સાગરનાં પ્રચંડ મોજાં હંમેશાં અમારા પગ સુધી આવીને પોતાનું અસ્તિત્વ બતાવી જાય છેઃ રમણીય સૂર્યાસ્ત થકી શોભતા સંધ્યાકાળને અતૃપ્ત આંખો વડે અમે જોઇ રહીએ છીએ; ક્યાંક ક્યાંક વાર રેતીમાં અહીંતહીં પથરાયેલાં સુંદર રંગીન નાનાંમોટાં શંખ છીપલાં એકઠાં કરીને લઇ આવીએ છીએ, પરંતુ મહાસાગરના વિશાળ ઉદરમાં અદ્ભુત રમ્ય સૃષ્ટિ છુપાયેલી પડી છે તેની શોધ કરવામાં, તેનો અભ્યાસ કરવામાં એક પ્રકારનો અપૂર્વ આનંદ રહેલો છે તેની અમને કલ્પના જ ન હતી. એક દિવસ અચાનક એક દૃષ્ટા અમને મળ્યા અને તેમણે અમારી સામે એ વિશાળ ક્ષેત્ર ખુલ્લું કર્યું. એ દૃષ્ટાનું નામ શ્રી. શેષ નામલે.

તેમની સાથે હાથમાં બાલદીઓ લઇને અમે સમુદ્રમાં દૂર સુધી અંદર ગયાં. પણ અમે કાંઇ માછીમાર થોડા જ હતા તે અમને ઝટપટ માછલાં મળે? તે દિવસે તો અમે હાથ હલાવતાં પાછા ફર્યાં. પણ એટલામાં શ્રી. નામલેભાઇએ એક માછીમાર સાથે દોસ્તી કરી અને તેની પાસેથી એક આઠ પગાળું પ્રાણી લઇ આવ્યા.

એને જોવાનું સૌને ભારે કુતૂહલ હતું. પણ એને મૂકવા માટે પહેલાં યોગ્ય જગ્યા મળવી જોઇએ ને! બે મોટાં માટીનાં કૂંડાં આણવામાં આવ્યાં. સમુદ્રની રેતી, સમુદ્રનું પાણી, શંખ, છીપલાં, મોટા પથ્થર અને લીલી શેવાળ વગેરે સઘળું એ કૂંડામાં મૂકયું. જાણે નાનકડો સાગર જ અમારા બાગમાં તૈયાર થયો; અને પછી એમાં પેલા આઠ પગાળા પ્રાણીને છોડી મૂકયું!

કલાકોના કલાક એમની સામે જોઇને બેસી રહેવામાં અમને અને બાળકોને ભારે મજા આવતી હતી. આપણે આળસ મરડીએ તેમ એ જ્યારે પોતાના આઠેય પગ પહોળા કરતું ત્યારે તેના પેટની કોથળી સ્પષ્ટ દેખાતી હતી. મોઢાની પાસે એક નળી હતી. એ મોઢેથી પાણી લેતું અને એ નળીવાટે પાછું કાઢતું હતું. સુર્રર્રર્ર કરતું પાણી બહાર આવે એટલે ઉપર પરપોટા થતાં એ જોવાની ખૂબ મજા આવતી. એક અંગ્રેજી પુસ્તકમાં આ પ્રાણીને Octopes (અષ્ટપાદ) એવું નામ આપેલું છે. પણ એથી વધારે કશી માહિતી મળી નથી. અને આ અષ્ટાવક્ર મુનિ આઠમે દિવસે નિર્વાણ પામ્યા ત્યારે તે દિવસે અમને ખૂબ લાગી આવ્યું.

હવે નામલેભાઇ અહીં ન હતા. નવાં માછલાં કેવી રીતે મેળવવાં એ અમને સૂઝતું ન હતું. માછીવાડામાં જઇને ચારપાંચ બાઇઓ સાથે દોસ્તી કરી. એમની સાથે 'જાળ નાખવા' જવાનું કબૂલ કર્યું. 'જતી વખતે તમને બોલાવીશું' એમ એમણે કહ્યું. અને હું એણે આપેલા વખત પ્રમાણે બરાબર તૈયાર થઇને વાટ જોતી બેઠી. પણ એ બીચારી અભણ માણસ; એને 'એપોઇંટમેન્ટ'નું ભાન કયાંથી હોય! હું નિરાશ થઇ. પાંચછ દિવસ એમ ને એમ ચાલ્યા ગયા. અમાસ હજી હમણાં જ ગઇ હતી. બપોરના બે વાગ્યાનો સમય હતો. બારીમાંથી સમુદ્ર તરફ જોયું તો કેટલાક માછીમાર હાથમાં જાળ લઇને કિનારા ઉપર જતા દેખાયા. બબે બંદૂક રાખીને તાલબંધ રીતે ઝપાટાબંધ ચાલતા લશ્કરી સિપાહીની પેઠે તેઓ ચાલ્યા જતા હતા. હું એકદમ ઊભી થઇ. બે બાલદીઓ લીધી, બે સ્વયંસેવક લીધા, બે પૈસા કેડે ચડાવ્યા અને દોડતી દોડતી સમુદ્રકિનારે પહોંચી.

આજ અમારો લાભનો દિવસ હતો. પંદરસોળ સુંદર સફેદ દાણાદાર 'કોલમી' માછલાં મળ્યાં, ત્રણચાર ટચુકડી માછલીઓ મળી અને એક મોટી લાંબી મરેલી મચ્છી મળી. 'માછલાં મળ્યાં! માછલાં મળ્યાં!' એમ બોલતાં, નાચતાં–કૂદતાં અમે ઘર તરફ પાછા વળ્યાં. મળેલાં માછલાં માટે પહેલાંની પેઠે જ નાનકડું જળચર તૈયાર કર્યું અને તેમાં તેને છોડી મૂકયાં. આ બધામાં એક પેલી ચિત્રા અને બધાં કોલમી જીવે છે; બાકીનાં તો તરત મરણ પામ્યાં. કારણ એ મળ્યાં ત્યારે અધમુઆ જેવાં જ હતાં.

કોલમી ખૂબ મજા કરે છે. સાધારણ રીતે આપણી આંગળી જેવડાં છે. પૂંછડી તરફ ઝાલર જેવી કિનાર છે, અને તે ઘેરા વાદળી રંગે ચમકે છે. આંખ ઉપર ઝૂલતી પાપણોની ચામડી ઢાંકણની માફક ઢંકાઇ ગઇ છે. માણસનો અવાજ સંભળાય કે કોઇનો પગરવ સંભળાય કે તરત પોતાના પગથી રેતી બાજુએ કરીને તે રેતીમાં બેસી જાય છે. પછી માત્ર એની બે આંખો જ આપણને દેખાય છે. નાનકડી ચિત્રા બહુ જ ચપળ છે. તેના શરીર પર સુંદર રંગો છે. તે સર્‌સર્‌ તરે છે ત્યારે પાણીમાં એ રંગોનું પ્રતિબિંબ પડે છે.

આ માછલાંની લીલા જોતાં બાળકોને અને મોટાઓને પણ આજકાલ વખત કયાં ચાલ્યો જાય છે, તેનો ખ્યાલ રહેતો નથી.

લાંબી માછલી તો જાણે ચાંદીની હોય એમ લાગે છે. એકદમ પટ્ટી જેવું ચપટું શરીર અને સર્પ જેવું મોં જોતાં ખૂબ મજા આવે છે. એને અમે સ્પીરિટમાં મૂકી છે.

'માછલાં મળ્યાં' એ શબ્દની પાછળ આટલો મોટો ઇતિહાસ છે.

અનસૂયાબેન વાઘ

સ્વાતંત્ર્ય અને સંયમ

નૂતન શિક્ષણના પ્રચારની સાથે સ્વાતંત્ર્યના સિદ્ધાંતનો પ્રચાર પણ ઝપાટાભેર થતો જાય છે. "બાળકોને સ્વાતંત્ર્ય આપવું જોઇએ" આ ઘોષવાકય (Slogan) બધે સંભળાય છે, પણ બીજાં ઘોષવાકયની જેવી જ આ ઘોષવાકયની સ્થિતિ છે. રાજકારણનાં વાવાઝોડામાં "જય હિંદ" ના ઘોષવાકયે જનતાના હૃદયનો કબજો લીધો ત્યારથી "જય હિંદ"ની જે વિટંબના ચાલી રહી છે તે જોઇને દુઃખ થાય છે. હોટેલ, ઘોબીની દુકાન, હજામની દુકાન વગેરે બધાને "જય હિંદ" નું નામ આપેલું જોવામાં આવે છે. આ સ્થિતિ અજ્ઞાનમૂલક છે. માત્ર શબ્દના ધ્વનિમાં ગુંચવાઇને અર્થનું ગાંભીર્ય કેવી રીતે ભુલાઇ જવાય છે તેનું આ ઉત્તમ ઉદાહરણ છે.

કેળવણીની બાબતમાં "સ્વાતંત્ર્ય" શબ્દની પણ એવી જ વિટંબના થઇ છે. સ્વાતંત્ર્યના શાબ્દિક ધ્વનિની પકડ મન પર એવી સજ્જડ છાપ પાડે છે કે તેના અર્થનો વિચાર પણ કરાતો નથી, અને ગમે તેવું ઉચિત–અનુચિત કૃત્ય થાય તેના સમર્થનમાં "સ્વાતંત્ર્ય" શબ્દનો આશ્રય લેવામાં આવે છે.

સ્વાતંત્ર્યની આ શાબ્દિક ઉપાસનાનું પરિણામ એ આવ્યું છે કે સ્વૈર જીવન–એટલે જ સ્વતંત્ર જીવન–એવો અર્થબોધ દૃઢ થયેલો જોવામાં આવે છે. પણ સ્વાતંત્ર્યની સાથે સ્વૈરતા કદી પણ નિર્ણીત થઇ શકિત નથી.

સ્વતંત્ર શબ્દમાં 'તંત્ર' શબ્દ 'સ્વ' જેટલો જ મહત્ત્વનો છે એ નહિ ભૂલવું જોઇએ. અને તંત્ર એટલે રાજ્ય, વ્યવસ્થા, નિયંત્રણ. જ્યાં તંત્ર આવ્યું ત્યાં સ્વૈરતા શી રીતે હોઇ શકે? સ્વૈરતા, એટલે કે નિયંત્રણનો અભાવ; સ્વાતંત્ર્યમાં હોઇ જ નહિ શકે. માત્ર સ્વૈરતાનો અભાવ જ નહિ, પણ પોતાનું નિયંત્રણ એવો અર્થ પણ "સ્વાતંત્ર્ય" શબ્દમાંથી નીકળે છે–એટલે "પોતા પર પોતાનું નિયંત્રણ" એવો સ્વતંત્રતાનો અર્થ થયો.

જીવનવિકાસને માટે નિયંત્રણ જરૂરી છે, નિયંત્રણ વગર વિકાસ થઇ જ શકતો નથી, પણ તે નિયંત્રણ કોનું, એ પ્રશ્ન મહત્ત્વનો છે. તે નિયંત્રણ બીજાનું હોય તો જીવન કુંઠિત થાય છે, તેની પ્રગતિ અવરુદ્ધ થાય છે. તેથી જ પારતંત્ર્યને બંધન શૃંખલા વગેરેની ઉપમા હંમેશા અપાય છે. સ્વતંત્રતા એટલે અનિર્બદ્ધતા એ અર્થ પારતંત્ર્યનો વિરોધી એ અર્થમાં બરાબર છે. આ અનિર્બદ્ધતા એટલે બહારના નિયંત્રણમાંથી મુકિત. પણ પોતા પર પોતાનું નિયંત્રણ હોવું જ જોઇએ.

સ્વ–નિયંત્રણ જીવનવિકાસને માટે કેમ જરૂરી છે, તે હવે જોઇએ. માનસશાસ્ત્રનો એક મહત્ત્વનો સિદ્ધાંત એ છે કે ઇચ્છાઓની પરિપૂર્તિથી જીવનવિકાસમાં જે મદદ થાય છે તેના કરતાં વધારે મદદ ઇચ્છાઓનો સંયમ કરવાથી થાય છે. સંયમ (Inhibition) જીવનવિકાસની મુખ્ય શકિત છે, એમ કહીએ તો પણ ચાલે.

પણ સંયમ એટલે શું? મનમાં ઊઠતી ઇચ્છાઓમાંની જે ઇચ્છાઓ જીવનને વિઘાતક હોય તેમનો વિરોધ કરવો એનું નામ સંયમ. અનિષ્ટ ક્રિયા કરવામાંથી પરાવૃત્ત થવું એનું નામ સંયમ. ક્ષણે ક્ષણે ઊઠતા મનના આવેગો સાથે ન તણાતાં પોતાનું સમતોલન સાચવીને સ્વસ્થ રહેવું એનું નામ સંયમ.

સંગ્રહિત શકિત જ કાર્યસાધક થાય છે. એન્જિનના બૉયલરમાં વરાળને બંધ કરી દેખાય છે–તેનો સંગ્રહ કરાય છે, તેથી જ ભારેમાં ભારે ગાડીઓ ખેંચવાની અપાર શકિત એન્જિનમાં આવે છે. તેવી જ રીતે ભાવનાશકિત, વિચારશકિત અને ક્રિયાશકિત એ બધાંનો સંગ્રહ કરવાથી જ કાર્યસાધક અને જીવનવિકાસને પોષક થાય છે. આથી ઊલટું અસંયમ. અસંયમ એટલે શકિતનું વેડફાઇ જવું, શકિતનો ગેરઉપયોગ. જેવી રીતે પાણીની વરાળને એન્જિનમાંથી બહાર છોડીએ એટલે તે પોતાનું અસ્તિત્વ ગુમાવે છે અને પંચભૂતોમાં વિલીન થાય છે, તેવી જ રીતે આંતરિક શકિતને ઉપભોગો પર અનિર્બદ્ધ છૂટી મૂકીએ તો તે વિષયોમાં જ વિલીન થઇ જાય છે. તેથી જ શકિતનો સંગ્રહ કરવો જોઇએ, સંયમની શકિત મેળવવી જોઇએ.

'સંયમપર રચેલું સ્વાતંત્ર્ય એ જ સાચું સ્વાતંત્ર્ય અને સંયમવિહીન સ્વાતંત્ર્ય એટલે સ્વૈરતા, એ આટલાથી સ્પષ્ટ થશે. હવે સ્વાતંત્ર્ય (સંયમયુકત સ્વાતંત્ર્ય) કેવી રીતે સિદ્ધ થાય છે અને તે શા માટે જોઇએ, તે જોઇએ.

બે વ્યકિતઓના સ્વતંત્ર્યનો એકબીજા સાથે વિરોધ કે સંબંધ પેદા થાય છે ત્યારે બન્ને પક્ષોએ સંયમ

કરવો જરૂરી હોય છે. સાંકડા લાકડી–પૂલ પર સામ-સામી આવતી બકરીઓએ પોતાના શરીરનો અને આત્મવૃત્તિનો સંયમ કર્યો, તેથી જ તેઓ સુરક્ષિત રીતે પેલી પાર જઈ શકી. આથી ઊલટું, બીજી બે બકરીઓએ પોતાની ઇચ્છાઓને સ્વૈર મૂકી તેથી એમનામાં સંઘર્ષ પેદા થઈને બન્નેનો નાશ થયો. આ વાતમાં સંયમિત સ્વાતંત્ર્ય અને સ્વૈરાચાર એ બન્નેનું રહસ્ય સ્પષ્ટ કર્યું છે. વૈયક્તિક જીવનમાં શક્તિનો સંગ્રહ સંયમનો હેતુ હોય છે, તેવી જ રીતે સામાજિક કે સામૂહિક જીવનમાં સંઘર્ષને બદલે સહકારની વૃત્તિ ઉત્પન્ન કરવી એ સંયમનો હેતુ હોય છે. એક માણસનું "સ્વાતંત્ર્ય" બીજા માણસના "સ્વાતંત્ર્ય"ને વિરોધક થાય છે ત્યારે સંઘર્ષની સંભાવના પેદા થાય છે. આ સંઘર્ષ ટાળવા માટે બન્ને પક્ષમાં, ઓછામાં ઓછું એક પક્ષમાં તો સંયમની જરૂર રહે છે.

સંયમનો સ્વાતંત્ર્ય સાથે અભેદ સંબંધ હોવાથી એકબીજા વગર તે સંભવતું નથી. સંયમ વિના સ્વાતંત્ર્ય સંભવતું નથી તે ઉપર જોયું. પણ સ્વાતંત્ર્ય વિના સંયમ થઈ શકતો નથી એ પણ સમજી લેવું જોઈએ. સંયમ એટલે પોતાની વૃત્તિ પર કાબૂ. આ કાબૂ અંદર-થી જ સ્વયંસ્ફૂરિત થવો જોઈએ. બહારથી તે લાદવામાં આવે તો સંયમવૃત્તિ પેદા થવાને બદલે સંય-મની સામે બંડ કરવાની વૃત્તિ બળવાન થાય છે અને જીવન સંયમશક્તિને ગુમાવે છે. તેથી વ્યક્તિગત જીવનમાં સંયમ, નિયમન, સ્વતંત્રતા, શિસ્ત વગેરે લાવવાં હોય તો તે આંતરિક પ્રેરણાથી જ લાવવાં પડે છે. અને જેવી રીતે કળીમાંથી ફૂલ પોતાની મેળે ખીલી નીકળે છે, તેવી રીતે સ્વતંત્ર જીવનમાંથી સંયમ, શિસ્ત પોતાની મેળે ખીલી ઊઠે છે.

તેથી જ શિક્ષણશાસ્ત્રજ્ઞ શિસ્તના શિક્ષણમાં સ્વ-નિયમન પર ભાર મૂકે છે. ડૉ. મૉન્ટેસરીએ જે પદ્ધતિ શોધી છે તેની એક ખૂબી એ છે કે બાળકોમાં તે પદ્ધતિ દ્વારા પોતાની મેળે જ શિસ્ત પેદા થાય છે. મૉં-ટેસરીએ આખું વાતાવરણ જ એવું રચેલું છે કે ક્ષણે ક્ષણે બાળકોને સંયમ કરવો પડે છે. એક સાધન લઈને એક બાળક રમતું હોય છે. બીજા બાળકને પણ તે જ સાધન લઈને રમવાનું મન થાય છે. પણ મૉંટેસરી શાળાનું વાતાવરણ જ એવું હોય છે કે બીજું બાળક એની મેળે પોતાની ઇચ્છાનો સંયમ કરે છે અને પહેલા બાળકની રમત પૂરી ન થાય ત્યાંસુધી શાંતિથી રાહ જુએ છે. નાસ્તાની રકાબીઓ પીરસી છે, બાળકો સામે બેઠાં છે, ખાવાની ઇચ્છા થાય છે, પણ મંત્ર બોલાય નહિ ત્યાં સુધી ખાવાની શરૂઆત થાય જ નહિ એવું વાતા-વરણ હોવાથી બાળકો ખાવાની ઇચ્છાનો સંયમ કરે છે. તે સંયમ પોતાની મેળે જ થાય છે.

મૉંટેસરી શાળાનાં આ બે જ ઉદાહરણો અહીં ટાંકયાં છે, પણ મૉંટેસરી શાળાનું આખું વાતાવરણ જ આવા સ્વયંનિયમનના તત્ત્વથી ભરેલું હોય છે. તેથી જ કશા પણ આડંબર વિના, સજા વિના, મારપીટ વિના, મૉંટેસરી બાળકના જીવનમાં શિસ્ત, સંયમ, નિયમન લાવી શકાય છે.

ઉપરના વિવેચન પરથી સંયમ અને સ્વાતંત્ર્ય એ બન્નેનો પરસ્પર સંબંધ વાચકોના ધ્યાનમાં આવ્યો જ હશે એમ માનું છું.

સંયમશૂન્ય સ્વાતંત્ર્ય એટલે સ્વૈરાચાર અને સંયમી સ્વાતંત્ર્ય એટલે સાચું સ્વાતંત્ર્ય.

ગો. ર. કુલકર્ણી

બદલામાં મોકલવામાં આવતાં પત્રો સંબંધે

'શિક્ષણપત્રિકા'ના બદલામાં મોકલવામાં આવતાં માસિકો તથા અન્ય સામાયિકો હવેથી નીચેને સરનામે મોકલવા વિનતિ છેઃ

'ગ્રામ બાલશિક્ષણ કેન્દ્ર,
બોરડી, ઘોલવડ થઈને, જિલ્લે થાણા B. B. C. I. Rly.

શિક્ષકો જોઈએ છે

શ્રી. બાલકેળવણી મંડળ તરફથી ચાલતા બાલમંદિર માટે શિક્ષકો જોઈએ છીએ. નીચેને સરનામે પત્રવ્યવહાર કરવો.

મંત્રી : **'બાલમંદિર, વઢવાણ કૅમ્પ**

બાલહૃદયનું એક દર્શન

બોરથી સાંજની ગાડીમાં હું મુંબઇ પાછો આવતો હતો. મારી સાથે મારી ત્રણ વર્ષની દીકરી માયા હતી. જેમતેમ ત્રીજા વર્ગના ડબ્બામાં ચઢયો. માયા ભીડમાં ખૂબ ભીંસાઇ રહું રહું થઇ. જમણી બાજુના બાંકડા પર બારી પાસે એક છ વર્ષનો છોકરો બેઠો હતો. માયાનું રડતું મોં જોઇને તેને શું થયું હશે! તે તેના તરફ જોતો જ રહ્યો. તેના હાથમાં ચેવડાનું પડીકું હતું. પણ ચેવડો ખાવાનું ય તે ભૂલી ગયો. સામેના બાંકડા પર તેના પિતા બેઠા હતા. તેમણે કચ્છી ભાષામાં તેને પૂછ્યું: "ચેવડો કેમ નથી ખાતો?"

હવે તે બાળકનું ધ્યાન ચેવડા તરફ ગયું. તે ફરી ચેવડો ખાવા લાગ્યો. ચેવડો ખલાસ થયો. ફરી તેણે માયાના મોઢા સામે જોયું. આ વખતે માયાને મેં તેડી હતી. હું બે બાંકડાની વચ્ચે ઉપરના પાટીઆને મજબૂત પકડીને ઊભો હતો.

થોડી વારે પેલા બાળકને શું લાગ્યું, કોણ જાણે! તે પોતાની જગ્યાએથી ઊભો થયો અને બારણાની બારી આગળ ગયો. ચારપાંચ મિનિટ સુધી તે ત્યાં જ ઊભો રહ્યો. બારી પાસેની તેની જગ્યા ખાલી હતી. પિતાએ તેને કહ્યું: "જગ્યાએ બેસી જા ને!"

છોકરાએ એક વાર માયા તરફ જોયું અને તેણે કહ્યું: "હું ઊભો જ રહેવાનો છું".

અત્યાર સુધી આ બધી વાતનું મને કશું જ નહોતું લાગ્યું. પણ ખાલી જગા જોઇને, અને માયાને તેડીને હું ય થાકયો હતો તેથી, મેં તે છોકરાને ગૂજરાતીમાં પૂછ્યું: "એમને બેસવા દઇશ તારી જગા પર?"

છોકરો હસ્યો. ડોકથી જ તેણે હા પાડી. મેં માયાને બારી પાસે બેસાડી. તે બારીમાંથી બહાર જોવા લાગી.

તે છોકરો પણ પાસે જ ઊભો હતો. તેણે બારીમાંથી મોઢું બહાર કાઢયું અને માયાને પૂછ્યું: "તારું નામ શું?"

માયા જરૂર જેટલું ગૂજરાતી સમજી લે છે, તેણે જવાબ આપ્યો:

"માયા."

આ સાંભળી તે છોકરો ખડખડાટ હસી પડયો. પછી તેણે ગજવામાંથી દસબાર જાપાની જાતના કાગળના પંખા કાઢયા. એક ગુલાબી પંખો ઉઘાડીને તેણે માયાની સામે ધર્યો.

માયા વિમાસણમાં પડી: પંખો લેવો કે નહિ? તેણે મારી તરફ જોયું. મેં કહ્યું: "લે ને, પછી એને પાછો આપજે."

તેણે પંખો લીધો. બંધ કરીને ઉઘાડયો. ફરી બંધ કર્યો. છોકરો ખુશ થયો. તે હસવા લાગ્યો. તેણે બીજા પંખા કાઢીને માયાને આપવાની શરૂઆત કરી. ત્રણચાર પંખા તેણે આપ્યા. દરેક પંખો આપતી વખતે તે હસતો હતો.

એટલામાં એક સ્ટેશન આવ્યું. મેં માયાને માટે દ્રાક્ષ લીધી. માયાએ બેચાર દ્રાક્ષ ખાધી. પછી તેણે એક દ્રાક્ષ તે છોકરાને આપવા માંડી. તેણે કહ્યું: "લેને દ્રાક્ષ."

છોકરો પિતાના મોઢા તરફ જોવા લાગ્યો. પિતા આંખ મીચીને સૂતા હતા.

છેવટે તેણે તે દ્રાક્ષ લીધી અને મોઢામાં નાખી. માયાએ પૂછ્યું: "મીઠી છે ને?"

તે હસ્યો અને તેણે ડોક હલાવી. તે મરાઠી સમજતો હતો પણ બોલી શકતો ન હતો. માયા ગૂજરાતી સમજતી હતી પણ બોલી શકતી ન હતી. તો પણ તે બન્નેએ પોતાની મિત્રતા વધારવાનું કામ ચાલુ જ રાખ્યું! હૃદયની ભાવનાઓ ભાષાની અગવડને લીધે દબાતી નથી.

બન્નેએ મળીને દ્રાક્ષ ખલાસ કરી. હતી જ વળી પા રતલ! જોતજોતાંમાં ખલાસ થઇ.

તે બાળકે પોતાના પિતા પાસેથી શીંગો કઢાવી. તેણે એક શીંગ માયાને આપી. માયા શીંગ ફોલી શકી નહિ. તેણે તે મને આપી. મેં શીંગ ફોલી આપી.

પછી તે છોકરાએ શીંગો ફોલી દાણા કાઢીને માયાને આપવાની શરૂઆત કરી. બન્ને શીંગો ખાવા લાગ્યાં. બન્ને હસતાં હતાં. જાણે બંનેની અનેક વર્ષોની ગાઢ મિત્રતા ન હોય!

અંતે વાંદરા સ્ટેશન આવ્યું. તે બાળકના પિતા ત્યાં ઊતરવા તૈયાર થયા. તે છોકરો પણ ઊઠયો. માયાએ

તેના પંખા તેને આપવા માંડયા. પણ તેણે કહ્યું: "રાખ તારી પાસે."

માયા હસી. તે છોકરો પ્લેટફૉર્મ તરફ જવા લાગ્યો. પિતા તેની આંગળી પકડીને તેને ખેંચવા લાગ્યા. તે આગળ જતો હતો, પણ તેની નજર પાછળ માયા પર હતી. તેના મોઢા પર હાસ્ય હતું. છેવટે તે નીચે ઊતર્યો અને પિતાની સાથે સ્ટેશન પરની ભીડમાં ભળી ગયો.

માયાએ મને પૂછ્યું: "તે છોકરો કયાં ગયો?"

"પોતાને ઘેર."

"તેનું ઘર કયાં છે?"

"હું જાણતો નથી. પણ અહીં જ હશે તેથી અહીં ઊતર્યો."

"આપણે નથી ઊતરવાના?"

"ના, આપણે દાદર ઊતરશું."

માયા સ્તબ્ધ થઈ. તે છોકરાએ આપેલા પંખા તેણે હાથમાં મજબૂત પકડયા હતા. તે પંખાનું રમકડા તરીકે તેને આકર્ષણ હતું કે તે બાળકે આપ્યા હતા તેથી આકર્ષણ હતું તેનો હું વિચાર કરવા લાગ્યો.

આ પ્રત્યક્ષ બનેલ પ્રસંગથી મારા મન પર ઊંડી અસર થઈ. બાલહૃદયનું એક ભવ્ય દર્શન મને થયું. તે બાળકે કેટલો મોટો ત્યાગ કર્યો હતો! તેણે પોતાની જગા એક રડતી છોકરીને આપી હતી અને તે છેવટ લગી ઊભો રહ્યો હતો. ત્યાગની ભાવનાનું ભાન એને કયાંથી હોય? તેવું ભાન હોવા જેટલો તે 'મોટો' થોડો જ હતો! તે બાળક હતો અને ત્યાગની ભાવના એ તેના શ્વાસોચ્છ્વાસ જેટલી જ તેના જીવનનું એક અંગ હતી. આપણને કદી આપણાં શ્વાસોચ્છ્વાસનું ભાન હોય છે કે? તેવું જ હતું ત્યાગની બાબતમાં એ બાળકનું!

કેવો નિર્વ્યાજ અને સહજ પ્રેમ મને જવા સાંપડયો! આવાં બાળકો મોટાં થયા પછી સ્વાર્થી થઈ શકે છે એ મને કેમે કરીને ગળે જ ન ઊતર્યું! પણ આપણી વિકૃત કેળવણી દેવોમાંથી દાનવ પેદા કરે છે; તો પછી આવાં નિષ્પાપ બાળકો મોટપણમાં વિકૃત ન થાય તો જ નવાઈ કહેવાય ને!

ગ. ન. કુલકર્ણી

ભણેલાં પણ એ જ રસ્તે

"નહિ, બાપુજી પડીકું વાળી આપે." રડતાં રડતાં બાબો બોલ્યો. રોટલીના ટુકડામાં ગોળનો ટુકડો મૂકી, વાળીને બાબાને ખવડાવવાની ટેવ બાબામાં એના બાપુજીએ પાડી હતી. બાપુજી વકીલ હતા. એક દિવસ એમને ત્યાં હું મહેમાન હતો. જમતો હતો ત્યાં બાજુમાંથી બાબાએ આમ રડવું શરૂ કર્યું. બાપુજીને મળવા એ જ સમયે અસીલ આવ્યો અને બાબાને છોડી જવાનું હતું. બાપુજી ઊઠયા અને બાએ પડીકું વાળી આપવાં માંડયું, પણ બાબાએ માન્યું નહિ. એણે રડવાનું ચાલુ રાખ્યું.

"નહિ; બાપુજી પડીકું વાળી આપે."

બાપુજી અસીલને છોડીને આવે એમ નહોતુ અને બાથી બાળક માને તેમ નહોતું. મને થયું, લાવ થોડોક બાલશિક્ષણનો અનુભવ અજમાવું. અજાણી વ્યકિત તરીકે બાળકને બાજુમાં બેઠેલું હતું ત્યાંથી બોલાવી, "લાવો, હું તમને પડીકું વાળતાં શીખવું." કહેતાં કુતૂહલવૃત્તિથી એ શાંત થયું. પછી મેં કહ્યું: "હું પડીકું વાળુ છું, તમે ધ્યાનથી જુઓ હો."

ધ્યાનથી બાળકે જોયું. મોંઢામાં મૂકી બાઈ ગયું.

"હવે તમે કરશો?"

માથું હલાવી એણે હા પાડી. પડીકું વાળવા પ્રયત્ન કર્યો.

મોંઢામાં મૂકતાં ગોળ નીચે પડયો. બાળક રડવા જેવું થઈ ગયું ત્યાં મેં આશ્વાસન આપ્યું:

"પડી ગયું? કંઈ વાંધો નહિ. ચાલો બીજું કરો."

બીજું પડીકું બરાબર થયું. બાળકને આનંદ થયો.

"હવે ત્રીજું કરો." ત્રીજું કરતાં તો જાણે એને કળા હસ્તગત થઈ હોય એમ લાગ્યું. પછી તો બાળકને નવસર્જનનો ખૂબ આનંદ થયો અને વારે વારે પુનરાવર્તન કરવા માંડયું.

એનું નિરાધારપણું ખરી જતાં એને શું આનંદ થયો એ તો એ વખતે હાજર રહેલા જ જાણી શકે.

મને થયું: ભણેલા પણ આ જ રસ્તે? એક મિનિટ બાબાને પડીકું બનાવતાં સમજાવવાને બદલે રોજની ગુલામી બાળક અને બાપુજી બન્ને માટે?

× × × ×

અમદાવાદ એક સંબંધીને ત્યાં ગયો હતો. એમની બાજુમાં રહેતા એક ભાઈ કોઈ મિલમાં સારી પાયરી

ઉપર નોકરીએ હતા. એમનું બાળક અમદાવાદના કોઇ બાલમંદિરમાં જતું હતું. હું પણ બાલ મંદિર ચલાવું છું જાણી એમણે મને બોલાવ્યો. અમે ઘરમાં બેઠાં વાતો કરતા હતા, ત્યાં એમણે જ વાત કાઢી: "આ મારો છોકરો પણ બાલમંદિરમાં જાય છે."

મેં જરા છોકરા સામે જોયું ત્યાં તો એમણે વિનય-વિવેકનો પાઠ શરૂ કર્યો.

"જો કોકાને સલામ કર."

બાળક સલામ કર્યા વિના ચાલવા માંડ્યું.

"અહીં ઊભો રહે. સલામ કર."

બાળક અડધી બેદરકારી અને અડધી મૂંઝવણનો જાણે મિશ્ર ભાવ અનુભવતું હોય એમ ઊભું જ રહ્યું.

"ચાલ, સલામ કર. પછી બિસ્કીટ આપું."

"પહેલાં આપો."

"જો આ રહ્યું. સલામ કર. પછી આપું."

મેં ઘણોય સમજાવવા પ્રયત્ન કર્યો પણ એ એ ભાઈને ગળે ન જ ઊતર્યું. એમણે ફરજિયાત સલામ કરાવી અને હાથમાં લલચાવવા રાખેલું બિસ્કીટ આપ્યું ત્યારે જ એમનો છોકરો વિવેક શીખ્યો એમ આનંદ થયો.

મને થયું ભણેલા પણ આ જ રસ્તે?

× × × ×

...ના બાપા વકીલ છે. એક દિવસ રસ્તે મળ્યા.

"...તો એકબે દિવસ આવ્યો પછી બા. મં. માં આવ્યો જ નથી. શું કારણ હશે? તમે તપાસ કરો." તેમણે પૂછ્યું.

"તમે શું પ્રયત્ન કર્યો?"

"મેં તો એને કહ્યું કે ત્યાં બૌઆ મળશે એટલે બીજે દિવસે આવ્યો પણ ઘેર આવીને જ કહેવા લાગ્યો કે ત્યાં બૌઆ નથી મળતા પણ દૂધ મળે છે તે કોણ જાય? દૂધ તો ઘેર પણ મળે છે."

"પછી?"

"બસ ત્યારથી નથી આવતો."

"તો શું કરશું?"

"મને તો એક રસ્તો લાગે છે કે તમે થોડી પીપર-મીંટ બીસામાં રાખતા રહો અને એ લાલચે બાળક આવતું થાય તો પછી વાંધો ન આવે."

મેં કહ્યું: "એ તો મુશ્કેલ છે. તમે બૌઆની લાલચે એને મોકલ્યો અને બૌઆ ન ભાળતાં એનો પ્રત્યાઘાત થયો તે આજ સુધી નથી આવતો."

"નારે ના, એવું કંઇ નથી. તમે બધા સિદ્ધાંતની જ વાતો કરશો અને આવા વ્યાહવારિક રસ્તા નહિ લો તો સફળ નહિ થાઓ."

આજે એ જ બાળક વગર પીપરમીંટે અને લાલચે બા. મં.માં આવે છે અને પ્રેમથી પ્રવૃત્તિઓમાં રસ લે છે; પણ એનું પાછા બા. મં.માં આવવાનું કારણ બૂબ સમજાવવા છતાં પણ, બાળકને બા. મં. અને એની પ્રવૃત્તિઓની મગજમાં પડેલી અજ્ઞાત છાપ અને સ્વયંભૂ એની યાદ, એ ભાઇને કારણભૂત નથી લાગતાં. પણ મેં પીપરમીંટ ન આપી તો એમણે પોતે એક યા બીજી રીતે આપેલી લાલચનું જ આ પરિણામ લાગે છે એમ એ માને છે.

ખેર! જે કંઇ કારણ હોય તે, પણ મને તો મનમાં લાગે છે કે 'ભણેલા પણ આ જ રસ્તે?

"કિલ્લોલ" પાટણ. **પૂનમચંદ શાહ**

નૂતન બાલશિક્ષણ સંઘ

વ્યવસ્થાપકમંડળના નવા હોદ્દેદારો

પ્રમુખ: **શ્રી. સરલાદેવી સારાભાઇ**

ઉપપ્રમુખ: **શ્રી. નાનાભાઇ ભટ્ટ**

મુખ્ય મંત્રી: **શ્રી. તારાબેન મોડક**

સહમંત્રી: **શ્રી. બાબીબેન મૂળજી**

ખજાનચી: **શ્રી. ચંદુલાલ ઝવેરી**

હિંદીભાષા મંત્રી: **શ્રી. કાશીનાથજી ત્રિવેદી**

મરાઠીભાષા મંત્રી: **શ્રી. કમલાબેન દામલે**

ગુજરાતીભાષા મંત્રી: **શ્રી. કમળાશંકર પંડિત**

નિરીક્ષક મંડળ

સંઘ સાથે જોડાયેલી સંસ્થાઓના નિરીક્ષણ માટે નીચેનું નિરીક્ષક મંડળ નીમવામાં આવ્યું છે. કામના ભારે બોજાને લીધે શ્રી. તારાબેન મોડક એકલાં નિરીક્ષણ-કાર્યને પહોંચી શકતાં ન હતાં તેથી નિયમિત રીતે બાલમંદિરોનું નિરીક્ષણ થઇ શકતું ન હતું. હવે એ કાર્ય વ્યવસ્થિત રીતે થશે એવી આશા છે.

શ્રી. તારાબેન મોડક (અધ્યક્ષ)

„ સ. આ. કેલકર

„ કમલિનીબાઇ દામલે

„ સરલાતાઇ દેવધર

વડીલો સમજે

ચાર વર્ષના સુમતિભાઇને બાલમંદિરમાં મૂકવા તેમના પિતા કોઇ કોઇ વખત આવે છે. સુમતિભાઇના પિતા સુમતિભાઇને બેસાડી, કેટલીક વખત પૈસો આપવાની લાલચ આપે છે; પણ સુમતિ જ્યારે પિતાની આ પટાવવાની કળાને સમજી જાય છે ત્યારે તે પૈસો હાથમાં પ્રત્યક્ષ માગે છે. બાળકની જીદ અને સંયોગોને વશ થઇને તેમાંથી છટકવા પિતા ગજવાં તપાસવા માંડે છે ને બાળકને કહે છે: "પૈસો છૂટો નથી; ઘેર આવીશ એટલે આજે તને ચોક્કસ આપીશ." પણ બાળક પોતાનું વલણ મક્કમ રીતે પકડી રાખે છે. એટલે પિતા બહાર જઇ આવીને એક છૂટો પૈસો લાવી આપીને જાય છે.

એક દિવસ સુમતિભાઇના પિતા સુમતિભાઇને બાલમંદિરમાં મૂકવા આવ્યા અને મને સુમતિના વર્તનની વાત કહી: "સુમતિ ચોરી કરે છે, જૂઠું બોલે છે, ગાળો આપે છે ને સમજાવવા જઇએ છીએ તો સામો થાય છે."

વધુમાં તેમણે મને કહ્યું: "ગઇ કાલે સુમતિ, 'બાળમંદિરમાં રજા છે' તેવું જૂઠું બોલીને ઘેર રહ્યો હતો. માટે તેમની આવી ટેવો માટે કંઇક કરો." મેં પૂછ્યું: "સુમતિભાઇ જૂઠું કયારે કયારે અને શા માટે બોલ્યા, તે વાત વિગતવાર કહો તો કંઇ પ્રયોગ થાય." તે બોલ્યા: "ના, ના, એ તો સહેજ બાળકો બોલે છે તેમ." મેં બીજો પ્રશ્ન કર્યો: "સુમતિભાઇ એ ચોરી શાની અને કેવી રીતે કરે છે? એમણે ચોરી કયારે કરી?" તે બોલ્યા: "ના, ના. એ તો પાડોશીની ચીજો કોઇ કોઇ વખત લઇ આવે છે ને પછી પાછી મૂકી આવે છે." મેં ત્રીજો પ્રશ્ન કર્યો: "સુમતિભાઇ ગાળો કોને કોને અને શા માટે દે છે?" તે બોલ્યા: "એ તો એળખીતા માણસોને."

સુમતિભાઇના પિતાને પૂછતાં મને જણાયું કે સુમતિભાઇના વર્તનની સાફ સાફ વાતો કહેવાને તેમની કોઇ આંતરગ્રંથિ તેમને રોકતી હતી. મેં તેમને કેટલીક આડકતરી વિગતો પૂછી પણ તેમાંથી કંઇ સત્ય નીકળ્યું નહિ. છેવટે વિદાય લેતાં પિતાએ સુમતિભાઇને શીખામણ આપી: "જો, તું હંમેશાં ચંપલ પહેરવા માગે છે ને નથી આપતા એટલે ગાળો આપે છે અને સામો થાય છે. પણ જો અહીં કોઇ ચંપલ પહેરી લાવતુ નથી. (આજુબાજુ જોયા વિના કહ્યું) સુમતિએ બૂટ ચંપલની હાર બતાવીને કહ્યું: "જુઓ, પેલાં રહ્યાં." પિતાએ બૂટ, ચંપલોની હાર જોઇ કહ્યું: 'પણ ભાઇ, તુ પહેરી લાવે અને ખોવાઇ જાય તો?" પછી તેમણે કહ્યું: "જુઓને માસ્તરસાહેબ, સુમતિ કોટ પહેરવા માટે પણ કજિયો કરે છે." અને પછી સુમતિ તરફ ફરીને કહ્યું: "ભાઇ, તું કોટ પહેરી લાવે ને બગડી જાય તો પછી બહારગામ જતાં શું પહેરીએ?" સુમતિ આ બધી વાતો ઊહું કરતાં કરતાં સાંભળી રહ્યો.

શીખામણ આપી વિદાય લેતા પિતાને હું દરવાજા સુધી વળાવવા ગયો ને તેમને ઊભા રાખીને મે કહ્યું: "સુમતિમાં આવેલી ચોરી, જૂઠ, ગાળો અને સામે થવાની વિકૃતિનાં મૂળમાં તમારી વધુ પડતી કાળજી કારણરૂપ છે. બાળક ઠંડીમાં તમારી પાસે કોટ કે ચંપલ માગે તો તેમાં ખોટું શુ? તમારા જેવા ચલણવાળા માણસને તે લાવી આપવાનું અશકય નથી. બાળકની યોગ્ય માગણીની સ્વેચ્છાને કચડવાથી અને નહિ સંતોષવાથી ઉપરનાં અનિષ્ટો પેદા થાય છે. આ બધાંનો ઉપાય બાળકની જીવનવિકાસની યોગ્ય માગણીની ભૂખને વિચારપૂર્વક સંતોષવામાં રહેલો છે.

જ્યાં સુધી વડીલો બાળકો અને યુવાનો સાથે સુમેળ ન સાધતાં તેમનાં હરકોઇ કાર્યમાં અવ્યાવહારિક ડખલ કર્યા કરશે ત્યાં સુધી 'સશકત સમાજ' "Society by Cohesion" પેદા નહિ થઇ શકે. અને આવા પ્રત્યાઘાતી વલણની ગ્રંથીવાળા સમાજ વચ્ચે સાચાં બાલમાનસશાસ્ત્રીય કેળવણીકારનું કાર્ય સફળ થવું મુશ્કેલ છે. માટે વડીલો સમજે.

અમૃતભાઇ કે. જાની
આચાર્ય : શ્રી. મુગટ બાલમંદિર, કપડવંજ

જાહેરખબર લેવા સંબંધે

'શિક્ષણપત્રિકા'માં હવેથી જાહેરખબર લેવાનું નકકી કરવામાં આવ્યું છે. શિક્ષણસાધનો, પુસ્તકો વગેરે શૈક્ષણિક બાબતોને લગતી જાહેરખબરો લેવામાં આવશે. જાહેરખબરના ભાવ માટે વ્યવસ્થાપકને નીચેને સરનામે પુછાવવું.

બાબીબેન મૂળજી, વ્યવસ્થાપક, 'શિક્ષણપત્રિકા' : શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ ૬.

સંપાદકીય નોંધ

મઢી આશ્રમનો ગ્રીષ્મવર્ગ

બારડોલી તાલુકાના આદિવાસી (રાનીપરજ)ઓમાં આજે પા સદીથી શ્રી. જુગતરામભાઇ દવે અને તેમના સાથીઓ જે સેવાકાર્ય કરી રહ્યા છે તેના એક મહત્ત્વના વિભાગરૂપે મઢી આશ્રમમાં રાનીપરજ કન્યા-વિદ્યાલય ચાલી રહ્યું છે. એ વિદ્યાલયનાં સંચાલિકા શ્રી. અન્નપૂર્ણાબેને આ વરસે મોટી ઉંમરની રાનીપરજ બહેનો માટે પંદર દિવસનો ગ્રીષ્મવર્ગ યોજ્યો હતો. ગઇ સાલ પણ એક એવો વર્ગ યોજવામાં આવેલો અને તેનો લાભ રાની-પરજ બહેનોએ ઠીક ઠીક ઉઠાવ્યો હતો. આ વરસે વર્ગમાં બહુ મોટી ઉંમરની બહેનો આવી ન હતી છતાં જે સોળ બહેનો આવી હતી તેમાં ઘણીખરી અભણ હતી. તેમને પંદર દિવસ વિદ્યાલયની નાની કન્યાઓ તથા આશ્રમવાસીઓનો સહવાસ મળ્યો; તે દરમિયાન સ્વચ્છતા, ઉદ્યોગ, ગૃહકાર્ય, પ્રાર્થના, કથાશ્રવણ, લોકગીતો, રાસ, કવાયત વગેરે બાબતો પ્રત્યક્ષ રીતે બતાવવામાં આવી હતી. વિદ્યાલયમાં તાલીમ પામેલી નાની કન્યાઓ વર્ગમાં આવેલી મોટી બહેનોને નહાવાધોવામાં, રસોઇમાં, ઉદ્યોગમાં, પ્રેસવાળીઠવામાં, બોલવાચાલવામાં જે રીતે પોતે કેળવાઇ હતી તે રીતે કેળવતી હતી. આ બહેનો માટે એક નજીકનો નાનકડો પ્રવાસ પણ યોજ્યો હતો. પછાત વર્ગના પ્રૌઢશિક્ષણ માટે આવા વર્ગો ખૂબ જ આવકારદાયક છે.

બે પ્રાથમિક શિક્ષકસંમેલનો

નડિયાદમાં એપ્રિલની તા. ૪ થી–૫મીએ ગૂજરાત પ્રાથમિક કેળવણી સંમેલન જાણીતા લોકશિક્ષક અને કેળવણીકાર શ્રી. નાનાભાઇ ભટ્ટને પ્રમુખપદે મળ્યું હતું. પ્રાથમિક શિક્ષણ એ રાષ્ટ્રઘડતરનો પાયો હોઇ, એને મજબૂત અને પાકો કરવા તરફ આજે રાષ્ટ્રીય સરકાર, શિક્ષણશાસ્ત્રીઓ અને શિક્ષકો વળ્યા છે એ આનંદની વાત છે. શિક્ષકોની મુશ્કેલીઓ દૂર કરવાને અંગે સંમેલનમાં ઠરાવો થયા અને તે તરફ લાગતા-વળગતાઓનું ધ્યાન જશે જ. નાનામોટા ૨૧ ઠરાવોમાં મુખ્યત્વે પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત હોવું જોઇએ, પ્રૌઢશિક્ષણનું કામ જલદી શરૂ થવું જોઇએ, શિક્ષણ ઉદ્યોગપ્રધાન હોવું જોઇએ, લોકશાળાઓ શરૂ થવી જોઇએ વગેરે શૈક્ષણિક દિશા બતાવનારા ઠરાવો થયા. સંમેલનનાં પ્રમુખપદેથી શ્રી. નાનાભાઇએ અધિકારપૂર્વક કેટલીક વાતો કરી" તેમાં શિક્ષકોને ઉદ્દેશીને કહેલા ચાર શબ્દ અત્યંત મહત્ત્વના હતા.

"જનતાએ શું કરવું જોઇએ, સરકારે શું કરવું જોઇએ, વગેરે ચર્ચા આપણે ઘણી કરી પણ શિક્ષકોએ શું કરવું જોઇએ તેને વિષે ઝાઝો વિચાર કર્યો નહિ. બીજાની શી ફરજ છે તે બતાવતાં પહેલાં આપણી શી ફરજ છે તે જોવું જોઇએ અને એ દૃષ્ટિએ પોતાની યોગ્યતા કેળવવી જોઇએ."

જનતા અને સરકાર તરફથી ગંભીર અન્યાય સહન કરતા આવેલા પ્રાથમિક શાળાના શિક્ષકો ઉપરના શબ્દો ધ્યાનમાં રાખી પોતાની યોગ્યતા વધારવા તત્પર બનશે તો તેમના ઉપર થતા અન્યાય દૂર કરવાનું બળ અને તેજ તેમનામાં પ્રગટ થશે.

સંમેલનમાં ગુજરાતના સમાજસેવકો શ્રી. રવિશંકર મહારાજ, શ્રી. જુગતરામ દવે, શ્રી. દિલખુશ દિવાનજી વગેરે હાજર રહ્યા હતા, એ પ્રાથમિક શિક્ષણના ઉજ્જવળ ભાવીની નિશાનીરૂપ હતું.

સંમેલનને મોકલેલા સંદેશામાં શ્રી. તારાબેન મોડકે એક અગત્યની વસ્તુ કહી હતી, તેની તરફ અમે શિક્ષકોનું ધ્યાન દોરવાની રજા લઇએ છીએ. તેઓ કહે છે:

"પ્રાથમિક શિક્ષકોએ ઐકય સાધી તેમાંથી પોતાની દારિદ્રાવસ્થા સબળપણે સરકાર અને સમાજ આગળ મૂકવાની શકિત ઉત્પન્ન કરી છે. એ જ શકિત માત્ર તેટલા જ કાર્યમાં ગુંગળાઇને પડી ન રહે પણ બાળકોના શિક્ષણનુ નવવિધાન કરવામાં વપરાય એવી આશા રાખું છું.

"શિક્ષક કદી પણ તેને મળતા પગાર કે સુખસગવડથી સમાજમાં માનનું સ્થાન પામ્યો નથી, પણ તેની ખરી બ્રાહ્મણવૃત્તિથી, એટલે કે ત્યાગ, અધ્યયન, સેવા અને ન્યાયની ઉચ્ચ ભૂમિકા ઉપર રહેવાથી તે સમાજમાં

ઉચ્ચ સ્થાન મેળવી શકે છે. આના દાખલા આંજે તો કોઇ સંગ્રહસ્થાનમાં જ શોધવા પડશે. એક એવો નમૂનો આંબલાના સંગ્રહસ્થાનમાંથી તમારા સંમેલનના પ્રમુખ લઇ આવ્યા છે. તમે તેમની પાસેથી નાતે ગમે તેવા હો તો પણ બ્રાહ્મણ એટલે સાચા શિક્ષક કેમ થવાય તેની ચાવી મેળવી લેશો અને આપણા દેશના ભાવી ઘડતરમાં તમારો ફાળો આપવા સજ્જ થશો તેવી આશા રાખું છું.”

બીજું સંમેલન મુંબઇ પાસે પાલઘરમાં મળ્યું હતું. આ સંમેલન થાણા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના રૌપ્ય મહોત્સવ નિમિત્તે તા. ૧૫મી એપ્રિલે મુંબઇ સરકારના સ્વરાજ્ય–સચિવ શ્રી. અણ્ણાસાહેબ વર્તકના પ્રમુખ-પદે મળ્યું હતું. શિક્ષકસંઘની સ્થાપનાને પચીસ વર્ષ પૂરાં થયાં અને તેનો રૌપ્ય મહોત્સવ ખૂબ ઉત્સાહપૂર્વક ઉજવાયો, એ વસ્તુ અભિનંદનીય છે. તેમાં વિશિષ્ટતા તો એ હતી કે જિલ્લાના તેરસો શિક્ષકોમાંથી લગભગ સાતસો જેટલા સંમેલનમાં હાજર રહ્યા હતા. આવતી પેઢીને કેળવવાની પોતાની જવાબદારી શિક્ષકો સમજતા થયા છે એની એ સ્પષ્ટ નિશાની હતી.

થાણા જિલ્લામાં નિરક્ષરતા ખૂબ મોટા પ્રમાણમાં છે. તેથી પાંચ વર્ષમાં આખા પ્રાન્તમાં સાક્ષરતાપ્રચાર કરવાનો ઠરાવ સરકારે કર્યો છે. એમાં પ્રાથમિક શાળાના શિક્ષકો ઉપર એ કાર્યનો મુખ્ય ભાર પડવાનો છે એ વસ્તુ સમજીને એ જવાબદારી સહર્ષ ઉપાડી લેવાની શિક્ષકસંઘે તત્પરતા બતાવી એ મહત્વની વસ્તુ હતી. અને તેને માટે સંઘને અભિનંદન ઘટે છે.

પ્રાથમિક શિક્ષણખાતાની વ્યવસ્થા કેવી હોવી જોઇએ એ સંબંધી વિચારપૂર્ણ યોજના શિક્ષકો બતાવી શકે એ વાત ખરેખર સ્પૃહણીય છે. જુદા જુદા શિક્ષણશાસ્ત્રીઓએ પ્રાથમિક શિક્ષણની બાબતમાં બોધક અને રસપ્રદ વ્યાખ્યાનો કર્યાં : “આજે જો પ્રાથમિક શિક્ષક ૧૦૦ રૂપિયા પગાર મેળવવાની યોગ્યતા ધરાવતો ન હોય તો અમારે એટલી યોગ્યતાવાળો પ્રાથમિક શિક્ષક જોઇએ છીએ.” એ શ્રી. કે. ટી. મંત્રીનું કથન જનતાએ અને સરકારે વિચારવા યોગ્ય છે. પ્રાથમિક શિક્ષકોના પગારમાં પ્રથમ એટલો વધારો થવો જોઇએ. પછી એટલી યોગ્યતા જેમનામાં ન હોય તેમને શિક્ષક તરીકે લેવા ન જોઇએ, અને એટલી યોગ્યતાવાળાને એ સ્થાન પર લાવવાનો આગ્રહ રાખવો જોઇએ. શિક્ષકની યોગ્યતા ઓછી માટે પગાર ઓછો, અને પગાર ઓછો છે માટે આ કામ માટે સુયોગ્ય માણસો મળે નહિ એ ચક્રાવામાં પ્રાથમિક શિક્ષણ જેવું અતિ મહત્ત્વનું કાર્ય બગડે છે. જેમને પૂરતું ખાવા મળતું નથી તેમને “રાષ્ટ્ર-સેવા” માટે ત્યાગ કરવાનું કહેવામાં આવે છે એથી આપણું ધ્યેય સિદ્ધ થવાનું નથી. રાષ્ટ્રના ઉત્કર્ષ માટે ગામડાંમાં શિક્ષણનું કામ કરવા માટે યોગ્ય માણસો રોકવા જોઇએ અને તેમનાં છોકરાંછૈયાંના પોષણનું કામ સરકારે કરવું જોઇએ’ એ શ્રી. કોષ્ટીનું આ કહેવું આપણે ધ્યાનમાં લેવાની જરૂર છે.

શિક્ષકસંઘ મજબૂત બને તો અનેક ઉપ-યોગી બાબતોનો નિકાલ સરળતાથી થઇ શકે અને જે નકામો સમય જાય છે તેનો બચાવ થાય. એને માટે માત્ર જિલ્લા શિક્ષકસંઘો સ્થપાય તે પૂરતું નથી. સારા યે રાષ્ટ્રનો શિક્ષકસંઘ થવાની જરૂર છે; એટલું જ નહિ પણ જગતભરના શિક્ષકોના ઐક્ય માટે, શિક્ષણકાર્યને વેગથી આગળ વધારવા માટે અને જગતની ભાવી પ્રજાના ઉત્કર્ષ માટે અખિલ જગત શિક્ષકસંઘની સ્થાપના થવાની જરૂર છે. પણ એની શરૂઆત પૂરતું યશસ્વી રીતે પચીસ વર્ષથી કામ કરી રહેલ થાણા જિલ્લા પ્રાથમિક શિક્ષકસંઘને અમે અભિનંદન આપીએ છીએ.

સંઘનું બજેટ

નૂતન બાલશિક્ષણસંઘના વ્યવસ્થાપક મંડળે પસાર કરેલું ૧૯૪૭ની સાલનું બજેટ આગલાં કોઇ પણ વર્ષ કરતાં મોટું અને સમૃદ્ધ છે. દિનપ્રતિદિન સંઘની પ્રવૃત્તિઓ વધતી જાય છે. હિંદી, મરાઠી અને ગૂજરાતી ત્રણે ભાષામંત્રીઓ અને તેના વિભાગોમાં બાળશિક્ષણનું કાર્ય ઝડપભેર આગળ વધી રહ્યું છે. મુંબઇનું સંમેલન, ઇંદોર સંમેલન અને બગસરા સંમેલન એમ ત્રણે ભાષા-વાર પ્રાંતોનાં સંમેલનોએ આ કાર્યને વેગ આપ્યો છે.

મધ્યસ્થ કાર્યાલય દ્વારા ભાષામંત્રીઓ અને તેમના વિભાગોને માટે તથા નિરીક્ષણ અંગે લગભગ સાડાઅ

(અનુસંધાન પૂંઠાને ત્રીજે પાને)

શિક્ષણપત્રિકાનો

બાલવિભાગ

'વર્ષ પહેલું : અંક ચોથો : મે, ૧૯૪૭

વીજળીપ્રવાહનો શોધક બેન્જામિન ફ્રેન્કલિન

અમેરિકન વૈજ્ઞાનિક બેન્જામિન ફ્રેંકલિનનું નામ કોણે નહિ સાંભળ્યું હોય? ૧૭૦૬માં ચરબીના વેપારીને ત્યાં એ જન્મ્યો હતો.

વિદ્યુત થાય છે ત્યારે તેમાં ઘન અથવા ઋક્ષ જાતની વિદ્યુત કયાંથી આવે છે તે સમજાવવા માટે બે જુદી જુદી જાતના પ્રવાહને બદલે એક જ પ્રવાહની કલ્પના તેણે સિદ્ધ કરી હતી; પરંતુ તેનું એક મહાન સ્વપ્ન તો, આકાશમાં થતી વીજળીના ચમકારા અને સાધારણ ક્રિયાથી ઉત્પન્ન કરવામાં આવતી વિદ્યુત્ એ એક જ છે, તે સિદ્ધ કરવાનું હતું.

જ્યારે તેણે લંડનની રૉયલ સોસાયટી ઉપર આ વિષે લેખ મોકલ્યો ત્યારે તેની મશ્કરી કરવામાં આવી. ફ્રેન્કલિનનું કહેવું એમ હતું કે, (૧) વીજળીના ચમકારા અને વિદ્યુતના તણખા બન્નેના પંથ વાંકાચૂંકા હોય છે, (૨) વીજળી અને વિદ્યુત એ બન્નેથી વસ્તુઓ બળી જાય છે, (૩) બન્નેથી ધાતુઓ ઓગળી જાય છે અને બન્નેથી પ્રાણીઓ મરી જાય છે, (૪) જેમ અણીવાળા પદાર્થો તરફ વિદ્યુત ભેગી થાય છે તેમ મિનારાઓ, ઝાડની ટોચ અને પર્વતના શિખર ઉપર વીજળી પહેલી પડે છે.

આ પ્રમાણે ગુણો સરખા હોય તો પછી આકાશની વીજળી અને કૃત્રિમ વિદ્યુત બન્નેનું છેવટનું સ્વરૂપ એક જ હોવું જોઇએ તેથી જ અને આકાશમાંની વીજળીને તાંબાના સળીઆ વતી જમીનમાં ઉતારી દેવામાં આવે તો, મકાનોને તેમ જ બીજી વસ્તુઓને થતું નુકસાન બચાવી શકાય.

પણ આ વિચાર તે સમયની રૉયલ સોસાયટીના સભ્યોને ગમ્યો નહિ અને ઊલટું ફ્રેન્કલિનની હાંસી થઇ.

પણ આથી નિરાશ ન થતાં પ્રત્યક્ષ પ્રયોગ કરીને આકાશી વીજળી નીચે ઉતારવા માટે તેણે તૈયારી કરી.

આ માટે તેણે રેશમી કપડાંનો એક મોટો પતંગ બનાવ્યો અને તેના ઉપરના છેડે અણીવાળો લોખંડનો ટુકડો જડી, સાધારણ દોરી વતી એક ભયંકર વાવાઝોડા અને વર્ષાવાળી સવારે તેને ઊંચે આકાશમાં ચઢાવ્યો. પતંગની દોરીને છેડે તેણે એક કૂંચી બાંધી. કૂંચીના છેડા ઉપર એક રેશમી દોરો બાંધ્યો કે જેથી લેગી થયેલી વીજળી નીકળી જાય નહિ.

આ પ્રમાણે તૈયારી કરીને અને પતંગની દોરીને ઝાડે બાંધીને ફ્રેન્કલિન અને તેનો દીકરો ઝાડ નીચે બેઠા. થોડી વાર પછી ધોધમાર વરસાદ પડયો અને દોરી તથા પતંગ ભીના થઇ ગયાં. અને એકાદબે વીજળીના ચમકારા થયા પછી દોરી ઉપરની રૂંવાટી ઊભી થઇ ગઇ. ફ્રેન્કલિનને સંતોષ થયો કે તેનો પ્રયોગ સફળ થયો હતો. તેણે કૂંચીને આંગળી લગાડતાં તેમાંથી તણખો નીકળ્યો અને થોડી વાર પછી કૂંચીમાંથી તેના

શરીરમાં વિદ્યુતના તણુંખા જતાં તેણે જોયા.

હવે ભલેને રૉયલ સોસાયટીના સભ્યો હસે અથવા હાંસી કરે; પરંતુ ફ્રેન્કલિને આકાશની વીજળીને નીચે ઉતારી હતી અને આ વીજળી અને કૃત્રિમ વિદ્યુતના સ્વરૂપ અને ગુણ એકજ છે એ સિદ્ધ કર્યું હતું. આ પછી તેણે પોતાના ઘરમાં આકાશમાંથી વીજળી લેગી કરવાનું યંત્ર બનાવ્યું.

અને આ શોધ પછી જ મોટાં મકાનોની ટોચને તાંબાની ટોચથી મઢીને વીજળીના કોપથી રક્ષિત કરવાનો રિવાજ શરૂ થયો.

બાબાભાઇ

સોના નો તોરો

લક્કડફોડાનું નામ તમે સાંભળ્યું છે કોઈ દી? જંગલમાં જઈને કુહાડાથી લાકડાં ફાડનારો લક્કડફોડો નહિ, હો? આ તો લાકડું કોચીને અંદર પોતાનું ઘર બનાવનાર સુંદર પક્ષી!


એક બીજો પણ લકકડફોડો છે, એને લોકો 'હુંપી' પણ કહે છે, કારણ કે એ 'હુપ્-હુપ્' એવો અવાજ કરે છે. આપણે એને સુતાર પક્ષી જ કહીશું. એના માથા પર સોનેરી પીછાંની સુંદર મજાની કલગી હોય છે. એ સોનેરી તોરાની એક મજાની વાત છે. ચાલો ત્યારે એ વાર્તા આજે તમને સંભળાવું.

યહૂદી લોકોનો સુલેમાન નામે એક બાદશાહ હતો. પશુપક્ષી સૌ એનું કહ્યું માનતાં. એનું સિંહાસન પણ અજબ જાતનું હતું. સિંહાસન ઉપર બેસીને બાદશાહ બોલે કે 'ચાલો' એટલે બાદશાહને ઉપાડીને એ ઊડે આકાશમાં. અને ઘરરર કરતું જ્યાં જવું હોય ત્યાં વિમાનના વેગે પહોંચાડી દે.

એક વાર એવું બન્યું કે બાદશાહ એ રીતે સિંહાસન ઉપર બેસીને આભમાં ઊડ્યો જતો હતો. બપોરના બારનો વખત હતો. માથે આકરો સૂરજ તપી રહ્યો હતો. બાદશાહ પરસેવે રેબઝેબ થઇ ગયો હતો. કયાંઇ રહ્યું જતું ન હતું. એ વખતે પડખેથી એક મોટું ગીધ પંખી પસાર થયું. બાદશાહે એને કહ્યું: 'ગીધભાઇ, ગીધભાઇ, તમારે આવી મોટી મોટી પાંખો છે, તો મને જરા બે ઘડી છાંયડો કરો ને! મને બહુ તાપ લાગે છે!'

પણ ગીધડાંએ એનું કહેવું કાને ધર્યું જ નહિ. એ તો એમ ને એમ પસાર થઇ ગયાં. સુલેમાન ખિજાયો અને બોલ્યો: 'એમ છે! છાંયડો નથી કરવો! તો જાઓ, તમારી ડોકના પાછળના ભાગ ઉપર કોઇ દી પીંછાં ઊગશે નહિ, અને તમને ખૂબ ગરમી લાગશે.' બસ. તે દિવસથી ગીધડાંની લાંબી ડોક ઉપર પીંછાં જ ઊગતાં નથી.

પછી બાદશાહ તો એમ ને એમ ગરમીમાં આગળ ચાલ્યો. એટલામાં આ સુતાર પક્ષી ઊડતાં ઊડતાં એની પડખે થઇ ગયાં. એના સરદારે બાદશાહને તડકે તપતાં જોયો. એટલે એ બોલ્યોઃ 'કેમ રાજાસાહેબ, તડકો બહુ લાગે છે? તમારા ઉપર છાંયો કરું કે?' બાદશાહ કહેઃ 'તમે આટલાં



મૂઠીમાં સમાએ એવડાં પંખી, તમારી નાનકડી પાંખો મને કેમ પૂરી પડશે?'

'અમે સૌ મળીને તમને છાંયડો કરશું.' સરદારે કહ્યું

બાદશાહ કહેઃ 'ઠીક; કરો છાંયડો.'

પછી તો સુતાર પક્ષીનું ટોળું પાસે પાસે પાંખ પસારીને હારબંધ ઊડવા લાગ્યું. એટલે રાજાને સરસ મજાનો છાંયડો થયો. બાદશાહ તો ખુશ ખુશ થઇ ગયો. નીચે ઊતરીને એણે પૂછ્યુંઃ 'તમારે શું જોઇએ. માગો, જે માગો તે આપું.'

પક્ષી તો વિચાર કરવા લાગ્યાં. રાજા પાસે શું માગવું? કોઇને કશું કાંઇ યાદ આવે નહિ. પછી પંખીઓનો સરદાર બોલ્યોઃ 'અમને સોનાનો તોરો આપો.'

સૌ પંખી બોલી ઊઠયાંઃ 'હા, હા, અમને સોનાની કલગી આપો.'

બાદશાહ કહેઃ 'જુઓ ભાઇ, એક વાર હું આપું, પછી એમ ન કહેશો કે અમારે સોનાનો તોરો નથી જોઇતો.'

'ના રે ના. અમારે બીજું કશું નથી જોઈતું; બસ સોનાનો તોરો આપો.'

બાદશાહ કહેઃ 'બહુ સારું ત્યારે. સોનાનો તોરો આપીશ, પણ પછી તકરાર ન કરશો.'

બાદશાહે સોનાનો તોરો આપ્યો એટલે સૌ રાજી થતાં, કિલકિલાટ કરતાં ઘર તરફ પાછાં વળ્યાં.

એકબીજાની સામે જુએ તો સૌના માથા પર સોનેરી કલગી ઝગમગ ઝગમગ થાય! પછી શું જોઇએ! એ તો આનંદથી નાચવા લાગ્યાં અને ગાવા લાગ્યાં.

મારો તોરો સોનાનો
નહિ બીજા કોઇનો
મારો તોરો સોનાનો
નહિ બીજા કોઇનો

તે દિવસે રાતે બધાં પંખી સુખેથી ઊંઘ્યાં.

બીજે દિવસે શું થયું? એક પારધીની જાળમાં એક સુતાર પક્ષી ભૂલથી પકડાઇ ગયું. પારધી

એ પક્ષીને ઘેર લઇ આવ્યો. જુએ ત્યાં તો એનાં માથા ઉપર સોનાનો તોરો! થયું, પછી તો રોજ પારધી આવીને સુતાર પક્ષીને જાળમાં પકડવા લાગ્યો. સુતાર પક્ષીનો સરદાર ગભરાયો. એ લપાતોછુપાતો, સુલેમાન બાદશાહ પાસે ગયો. બાદશાહે કહ્યું: 'કેમ રે સુતાર, કેમ આવ્યો?'

સરદાર કહે: 'રાજાસાહેબ, તમારો સોનાનો તોરો પાછો લઇ લો, અમારે એ ન જોઇએ.'

બાદશાહ કહે: 'કેમ, તમે જ એ માગી લીધો હતો ને!'

'હા, પણ એ અમારી ભૂલ થઈ. અમને બધા માણસો પકડે છે.' આમ કહેતાં કહેતાં બિચારો સુતાર પક્ષીનો સરદાર રડવા લાગ્યો. બાદશાહને પણ દુઃખ થયું. એ બોલ્યો: 'મેં તમને પહેલાં જ નહોતું કીધું? ઠીક હવે. સાચા સોનાના તોરાને બદલે હું તમને સોનેરી પીછાંનો તોરો આપું છું.'

સરદાર એ તોરો લઇને પાછો વળ્યો. તે દિવસથી આ સુતાર પક્ષીના માથા ઉપર સોનેરી પીછાંનો એક ઝગમગતો તોરો દેખાય છે.

આવું એ સુતાર પક્ષી. તમે કોઇ વાર જુઓ તો અમને કહેજો. હો!

(મરાઠી ઉપરથી) શાલિની જોગલેકર

કપાસિયાની કરામત

એક નાનું સરખું કપાસિયું,
કપસિયાને જમીનમાં નાખે.
થોડા દિવસમાં એનો અંકુર ફૂટે;
પછી એને પાંદડાં આવે.
ત્યાર બાદ એ છોડ બની જાય.
છોડ પર ફૂલ થાય;
ફૂલમાંથી ઝીંડવાં થાય,
ઝીંડવામાંથી કપાસ નીકળે.
કપાસ લોઢવાથી રૂ બને;
રૂ પીંજવાથી પોલ થાય.
પોલમાંથી પૂણી બને;
પૂણી કાંતવાથી સૂતર થાય.
સૂતર શાળ ઉપર વણાય,
એને ખાદી કહેવાય.
ખાદીનાં કપડાં બને.
ઠંડીના દિવસોમાં પહેરીએ તો ટાઢ ન વાય.
કાયમ પહેરીએ તો પૈસો પરદેશ જતો બચે.
આપણા ગરીબ ભાઇઓને રોજી મળે.
કાંતનાર માણસો ગાંધી બાપુને બહુ વહાલાં લાગે.
જોઇને, કપાસિયાની કરામત?
વાહ રે ભાઇ કપાસિયા!

(વડોદરા) સૌ. પ્રભાવતી પજવાણી

(પૃષ્ઠ ૭૬ થી ચાલુ)

હજાર રૂપિયાનું બજેટ મંજૂર કરવામાં આવ્યું છે. 'શિક્ષણપત્રિકા' કાર્યાલય વડોદરાથી મુંબઇ લાવ્યા બાદ તેનું બજેટ પણ ચૌદ હજાર ઉપર આવી ઊભું છે. તે જ પ્રમાણે ગ્રામબાલશિક્ષાકેન્દ્ર બોરડીનું લગભગ દસ હજારનું બજેટ પસાર કરવામાં આવ્યું છે. ત્રણે વિભાગોનું મળી કુલ બજેટ રૂ. ૩૩,૨૩૮ છે. જમા બાજુ સંઘલવાજમ, ગ્રાહકલવાજમ, સંસ્થાજોડાણલવાજમ અને ગ્રામઅધ્યાપનમંદિર તથા બુનિયાદી તાલીમશાળા ગ્રાંટ મળીને લગભગ ૨૩૦૦૦ રૂપિયાની રકમ મળવા સંભવ છે. એટલે કે દસ હજારની બોટવાળું અંદાજપત્ર આ વખતે મંજૂર થયેલું છે. આજના રાષ્ટ્રના પુનર્ઘટનાના કાર્યમાં સંઘના બાલ-શિક્ષણના કાર્યનું મહત્ત્વ વિચારતાં એ રકમ મોટી નથી. સંઘ પ્રત્યે સહાનુભૂતિ ધરાવનાર ભાઇબહેનો એ રકમ મેળવવામાં સહાય કરશે એવી અપેક્ષા છે.

બુનિયાદી તાલીમ

નૂતન બાલશિક્ષણસંઘનું કાર્યક્ષેત્ર હમણાં સુધી પૂર્વપ્રાથમિક શિક્ષણ પૂરતું મર્યાદિત હતું, પરંતુ રાષ્ટ્રની સામે પડેલા પ્રાથમિક શિક્ષણના કાર્યનો વિચાર કરતાં સંઘે પ્રાથમિક શિક્ષણને પોતાના ક્ષેત્રમાં સમાવી લીધું છે અથવા એટલા પૂરતું પોતાનું ક્ષેત્ર વિશાળ કર્યું છે. બોરડીના ગ્રામબાલશિક્ષા-કેન્દ્રમાં સંઘે બોરડીની બીજા નંબરની પ્રાથમિક શાળાને હાથ ધરીને આ પગલું ભર્યું છે. થાણા જિલ્લાના સ્કૂલ બોર્ડે એ શાળા સંઘના હાથમાં મૂકી ત્યાર પછી થોડા સમયમાં જ એ શાળાનું સ્વરૂપ બદલાઇ ગયું છે, એ જોતાં ભવિષ્યમાં સંઘ પૂર્વ બુનિયાદી સાથે બુનિયાદી શિક્ષણનો પ્રયોગ બીજી જગ્યાએ પણ હાથ ધરે તો તેનું ધ્યેય વધારે સફળ થશે એવી આશા રાખવી વધારે નથી.

સહસંપાદકની વિદાય

અમારા સહસંપાદક શ્રી. ગોપાળરાવ કુલકર્ણી મુંબઇ બહાર એક શિક્ષણસંસ્થાના આચાર્યપદે જતા હોઇ પત્રિકાના સહસંપાદક તરીકે છૂટા થયા છે. તેમણે લગભગ એક વર્ષ સુધી પત્રિકાના સંપાદનનો લગભગ સર્વ ભાર વહન કર્યો હતો. ગૂજરાતી, મરાઠી અને હિંદી ત્રણે ભાષાઓ ઉપર પોતાનો કાબૂ હોવાથી, શિક્ષણશાસ્ત્રનો સારો એવો અભ્યાસ હોવાથી તેમણે પત્રિકાને સમૃદ્ધ કરવામાં અમને કીમતી સહાય કરી હતી, તે બદલ તેમનો અમે આભાર માનીએ છીએ અને તેમના જ્ઞાનનો તથા અનુભવનો લાભ પત્રિકાના વાચકોને મળતો રહેશે એવી આશા રાખીએ છીએ.

શ્રી. ગોપાળરાવ કુલકર્ણી જતાં પત્રિકાનું સંપાદન-કાર્ય ગ્રામબાલશિક્ષાકેન્દ્ર બોરડીમાં લાવવામાં આવ્યું છે. બોરડીમાં શ્રી. તારાબેન મોડકની દેખરેખ નીચે પૂર્વપ્રાથમિક તથા પ્રાથમિક શિક્ષણનો પ્રયોગ થઇ રહ્યો છે. તેને અંગે બાલશિક્ષણના અભ્યાસી તથા અનુભવી કાર્યકરો તેમની આસપાસ એકઠા થયા છે. શ્રી. તારાબેનની દોરવણી નીચે એ કાર્યકરો સંપાદન-કામ હવેથી કરશે. તદુપરાંત હિંદી, મરાઠી અને ગૂજરાતી વિભાગોમાં બાલશિક્ષણકાર્ય કરી રહેલાં ભાઇબહેનો આ કાર્યમાં સહાય કરશે એવી અપેક્ષા રાખવામાં આવે છે.

મુંબઇનું શિક્ષકસંમેલન

નૂતન બાલશિક્ષણ સંઘનું મુંબઇ શાળા તરફથી ન્યૂ ઇરા સ્કૂલમાં તા. ૨૦-૪-૪૭ ના રોજ શિક્ષક-સંમેલન યોજવામાં આવ્યું હતું. તેમાં બાળકોનાં ચિત્રોનું એક નાનકડું સુંદર પ્રદર્શન ગોઠવ્યું હતું. શ્રી. નલિનભાઇએ બાળકોનાં ચિત્રો બતાવી બતાવીને ઉદ્બોધક વ્યાખ્યાન આપ્યું હતું. બાલમંદિરનું કામ કર્મકાંડી બ્રાહ્મણ જેવું થતું જાય છે એ વિષય ઉપર બોધક અને રસપ્રદ ચર્ચા થઇ હતી.

નૂ. બા. શિ. સંઘના સભ્યોને વિનંતિ

દરેક સભ્યને સંઘના સભ્યો વધારવામાં સહાય કરવા વિનતિ કરવામાં આવે છે. પોતાના પાડોશી, મિત્રો અને જાણીતાઓમાં પ્રચાર કરી ફક્ત એક જ સભ્ય વધારી આપશો તો પણ સભ્ય સંખ્યા બમણી થઇ જશે. તમારા સંઘ માટે તમે આટલું નહિ કરો? સંઘના દરેક સભ્યને 'શિક્ષણ-પત્રિકા' મોકલવામાં આવે છે.

Regd. No. B. 2241

શાંતિનું અમૃત્વ

બાલજીવનમાં શાંતિનું કેટલું મહત્ત્વનું સ્થાન છે તે માબાપોએ જાણી લેવું જોઇએ. અને તેને એ આપી દેવું જોઇએ. આપણે જો એમ માનતા હોઇએ કે બાળકો ઘડી પણ શાંત બેસી જ ન શકે, તો તે માન્યતા બોટી છે. બાળકોને શાંતિનો અનુભવ કરાવીએ તો તેઓ તેની મીઠાશ લઇ શકે છે ને તેથી તેમની બેકંદર હિલચાલ ઉપર ને તેમના જ્ઞાનતંતુઓ ઉપર ઘણી જ સુખકર અસર થાય છે. સાથે સાથે જ તેમની સન્મુખ જાણે કે એક નવી ગુપ્ત દુનિયા ઊઘડે છે, તે પણ એક મોટો લાભ છે. હંમેશ ઘોંઘાટ–ગરબડમાં જ મચ્યાં હોઇએ ત્યારે આપણી આસપાસ જે ઝીણા, મધુર કે કર્કશ અવાજો થતા હોય છે, જે સૂક્ષ્મ સુગંધો કે દુર્ગંધો ફેલાયેલી હોય છે, જે કેટલી યે ધીમી હિલચાલો ચાલી રહી હોય છે, એ બધાં તરફ આપણું ધ્યાન જતું જ નથી. આસ્તે આસ્તે આપણી જ્ઞાનેંદ્રિય એટલી જાડી બને છે કે સૂક્ષ્મ ગ્રહણ માટે તે નાલાયક નીવડે છે. અર્થાત્ સૂક્ષ્મ સંસ્કારિતાનો આપણો માર્ગ સદંતર બંધ થાય છે.

માટે જ શાંતિની રમત દરેક ઘરમાં દાખલ થવાની જરૂર છે. અને તેને માટે શાંતિનું મહત્ત્વ દરેક માબાપોએ સમજી લેવાની જરૂર છે.


તારાબેન

મુદ્રક-પ્રકાશક: ગો. રા. કુલકર્ણી, ૧૧૭, હિંદુ કોલોની, દાદર મુંબઇ ૧૪, મુદ્રણસ્થાન: સ્ટેટસ પીપલ પ્રેસ, ૧૩૮, મેડોઝ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ

નૂતન બાલશિક્ષણ સંઘની

શિક્ષણપત્રિકા

વર્ષ ૨૧ : અંક ૬ : જૂન, ૧૯૪૭



આશ્રયદાતા : સ્વ. ગિજુભાઈ બધેકા :: સંપાદક : તારાબેન મોદક :: સહસંપાદક : રમણલાલ પાઠક

શિક્ષણપત્રિકા

જૂન, ૧૯૪૭

વર્ષ ૨૨ અંક ૬

અનુક્રમણિકા

વિષય	લેખક,	પૃષ્ઠ
નૂતન બાલશિક્ષણ સંઘનું કાર્ય ...	તારાબેન મોડક ...	૭૭
પૂર્વપ્રાથમિક અધ્યાપન નિયંત્રણ સમિતિનો અભ્યાસક્રમ ...	— ...	૮૦
ભુનિયાદી તાલીમશાળાની રોજનિશિ ...	અનસૂયાબેન વાઘ ...	૮૫
ઈનામ અને હરીફાઈ	દેવદત્ત પટેલ ...	૮૭
સંપાદકીય નોંધ		૮૮
ગ્રામ બાલશિક્ષાકેન્દ્ર બોરડીનો સત્રાંતસમારંભ	...	૮૮
અભિનંદન	...	પૂઠું ૩
ભારતીય વિદ્યાલય–કરાડી	...	,,
ભાવનગરનો સંસ્કારવર્ગ	...	,,
બાલવિભાગ		૨૧
દાદાની હરણી	નટુભાઇ આચાર્ય ...	૨૧
કેરી	,, ...	૨૨
કોયલ	,, ...	૨૨
માઇનો પત્ર : મધપૂડો ...	— ...	૨૩

સૂચના

'શિક્ષણપત્રિકા'ના પ્રત્યેક ગ્રાહકને સંઘનું સભ્યપદ આપોઆપ પ્રાપ્ત છે. એટલે કે શિક્ષણપત્રિકાનો ગ્રાહક એ સંઘનો સભ્ય પણ છે અને સભ્ય તરીકેના દરેક હકકો એ ભોગવી શકે છે.

પત્રવ્યવહાર કરતી વખતે પોતાનો સભ્યનંબર અવશ્ય લખવો. જે સભ્યો પોતાનું સરનામું બદલવા ઇચ્છતા હોય તેમણે દરેક મહિનાની પહેલી તારીખ સુધીમાં પોતાના સભ્યનંબર સાથે જૂનું તથા નવું બદલાયેલું સરનામું વ્યવસ્થાપકને જણાવવું.

સામટા સભ્યોના લવાજમનો ચેક 'સેક્રેટરી, નૂતન બાલશિક્ષણસંઘ,' એ નામનો લખવો, અને તે વ્યવસ્થાપક ઉપર મોકલી આપવો. દરેક સભ્યે લવાજમની રકમ ચેકથી, મનીઑર્ડરથી અગર હાથોહાથ વ્યવસ્થાપકને સરનામે પહોંચાડવી.

સંપાદન તથા નિરીક્ષણ કાર્ય અંગેનો તમામ પત્રવ્યવહાર બાલવાડી, બોરડી, ઘોલવડ થઈને B. B C. I. Rly. એ સરનામે કરવો પત્રિકા માટેના લેખો વગેરે પણ ત્યાં જ મોકલવા વિનંતિ છે.

લવાજમના દર

દેશમાં રૂા. ૩ : પરદેશમાં શિલિંગ ૭॥; છૂટક નકલ ૬ આના.

પત્રિકાની વ્યવસ્થા અંગેનો તમામ પત્રવ્યવહાર નીચેને સરનામે કરવા વિનંતિ છે.

શ્રી. બાબુભાઈ મૂળજી
વ્યવસ્થાપક, 'શિક્ષણપત્રિકા' કાર્યાલય,
શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર,
મુંબઇ ૬.

બાળમંદિરો માટે સાધનો

બાળમંદિર માટે સાધનો ખરીદતાં પહેલાં અમારું સૂચિપત્ર મગાવો.

દરેક સાધનો શાસ્ત્રીય પદ્ધતિથી બનાવવામાં આવે છે અને તે બધાં નિષ્ણાતોની દેખરેખ નીચે તૈયાર કરવામાં આવે છે.

સૂચિપત્રમાં જણાવેલ ભાવ ઉપર બાળમંદિરોને જ ૬ ૧/૪ ટકા કમિશન આપવામાં આવે છે.

તમારી જરૂરિયાત માટે લખો :

બનાવનાર : **નૂતન શિક્ષણ સાધનાલય એન્ડ આર્ટ વર્કર્સ લિમિટેડ**

વઢવાણ કેમ્પ (કાઠિયાવાડ).

નૂતન બાલશિક્ષણ સંઘની

શિક્ષણપત્રિકા

વર્ષ ૨૨ : અંક ૬] મુંબઈ [જૂન, ૧૯૪૭

નૂતન બાલશિક્ષણ સંઘનું કાર્ય

[ભાવનગર મુકામે તા. ૧૯–૫–૪૭ ના રોજ સંસ્કારવર્ગનું ઉદ્‌ઘાટન કરતાં સંઘના મુખ્ય મંત્રી અને નિરીક્ષકમંડળનાં પ્રમુખ શ્રી. તારાબેન મોડકે કરેલ માંગલિક પ્રવચનમા સંઘના કાર્યની તલસ્પર્શી સમીક્ષા કરી, સંઘના ભાવી માટે સ્પષ્ટ અને પ્રેરક માર્ગદર્શન કરાવ્યું હતું. ગૂજરાતના બાલશિક્ષણકાર્યને શાસ્ત્રશુદ્ધ બનાવી, વેગ આપવા માટે ઉપયોગી એવું એ આખું વ્યાખ્યાન અહીં આપવામાં આવે છે. —સંપાદક.]

આપણે વર્ષોથી બાલમંદિરો ચલાવતાં આવ્યાં છીએ. આપણા સંઘની સ્થાપનાને જ એકવીશ વર્ષ થયાં; આપણાં બાલમંદિરોમાંથી કેટલાંક તો તેથી પણ જૂનાં છે; પણ હવે આપણે વિચારવાનો વખત આવ્યો છે કે, આપણે આપણાં બાલમંદિરો કેવી રીતે ચલાવીએ છીએ, આપણે સંઘનું કાર્ય કેવી રીતે ચલાવીએ છીએ, ને કેવી રીતે ચલાવવું જોઈએ?

ઘણીવાર આપણાં કાર્ય માટે અસંતોષ બતાવવામાં આવે છે.

શરૂઆતમાં આપણને લોકો પૂછતા–થોડીએક અશ્રદ્ધાથી પૂછતા કે તમારાં બાલમંદિરોમાં જતાં છોકરાંઓ ને તેમાં ન જતાં છોકરાંઓમાં શો ફેર દેખાય છે? તેઓ કંઈ કોઈ પણ રીતે બીજાં કરતાં વિશેષ સારાં થયેલાં દેખાય છે? તેમની બુદ્ધિમત્તા વિશેષ ખીલેલી કે સામાજિક વ્યવહારમાં તેઓ વિશેષ સારાં કે કોઈ પણ રીતે તેઓ બીજાં છોકરાંઓ કરતાં વધારે સારાં અથવા જુદાં દેખાય છે?

આપણે તે વખતે કહેતા–ઘણી જ શ્રદ્ધાથી કહેતા કે આજે એ વસ્તુ માપી ન શકાય. બાલમંદિરોની કેળવણીના પરિણામ તો ૨૦ વર્ષે મપાય. બાલમંદિરમાં ભણેલા છોકરા મોટા થશે ત્યારે તેમના જીવનમાં આ બધા ફેરફારો દેખાશે. એક પેઢી તો જવી જોઈએ.

આજે આપણને બીજા કોઈ પૂછે કે ન પૂછે પણ આપણે આપણી જાતને તો પ્રશ્ન પૂછવો જ જોઈએ કે વીશ વીશ વર્ષો સુધી બાલમંદિરો ચલાવીએ છીએ તેનું ફળ શું દેખાય છે? આપણા ખર્ચનું પાસું તો એકંદરે ઠીક ઠીક ભારે છે. તેની સામે આપણે જમા બાજુએ શું લખી શકીએ તેમ છીએ, એ આપણે વિચારવાનું રહે છે.

મને લાગે છે કે આ બાબતમાં આપણે કડકમાં કડક આત્મપરીક્ષણ કરવું જોઈએ–ને આત્મપરીક્ષણ તો કડક જ હોઇ શકે–આ આત્મપરીક્ષણ દ્વારા આપણે જોવાનું છે કે વીશ વર્ષ પહેલાં જે જે સ્વપ્નાં આપણે સેવ્યાં હતાં તેમાંથી આપણે કેટલું કરી શકયા છીએ?

આપણે જેટલું કરવું જોઈતું હતું તેટલું નહિ કર્યું હોય તો કેટલું કર્યું છે તે જોઈએ અને બાકી હોય તે કરવાનું છે એમ ગણી ઉપાડી લઈએ. આપણા અત્યાર સુધીના કામનો જથ્થો અને ગુણ બન્ને તપાસીએ.

પહેલાં આપણે માબાપોમાં ને સામાન્ય જનતામાં જોરશોરથી પ્રચાર કરતાં. 'શિક્ષણપત્રિકા' માસિકનો પ્રચાર કરવા નીકળતાં. આજે બહુ ઉત્સાહથી સ્વ. ગિજુભાઇજયંતિ ઉજવીએ છીએ, પરંતુ તેમણે શરૂ કરેલું કામ આગળ ધપાવવા માટે કશું કરતાં નથી. ગિજુભાઇજયંતિનું અઠવાડિયું એ આપણુ સંઘના સભ્યો વધારવાનું અઠવાડિયું હોવું જોઈએ એમ કહેવામાં આવે છે; પણ એ વાત કોઈ ઉપાડતું નથી. પરિણામે દિવસે દિવસે સંઘના સભ્યોની સંખ્યા ઘટતી જાય છે. નવા સભ્યો થાય છે, પણ જૂના, જેમને તાજા કરવા જોઈએ તે, રહી જાય છે. ને આજે હું જોઉં છું કે જે તદ્દન નજીકના છે, જેમની ઇચ્છા છે જ એવા એવા લોકો પણ આપણા સભ્ય નથી રહ્યા. કારણ એક માત્ર એ છે કે તેમને કોઈએ તાજા કર્યા નથી.

આપણાં સંમેલનો થાય છે. આ સંમેલનોમાં જે ચર્ચા–વિચારણા થાય તે ખૂબ ઊંડી અને તત્ત્વથી ને અનુભવથી ભરેલી

હોવી જોઇએ પણ તેનો તેમાં અભાવ દેખાય છે. સંમેલનો એટલે એક ઉપર ઉપરની વસ્તુ બને છે. નકામા વખત લેનારા કાર્યક્રમો ઘણા હોય છે ને જે વસ્તુ માટે આપણે આટઆટલાં વર્ષથી ઉપાસના કરીએ છીએ તે વસ્તુ એક બાજુએ જ રહે છે. ગયા વર્ષે, ડિસેંબરમાં, ઇંદોરમાં પહેલવહેલુ જ હિંદી ભાષા સંમેલન થયું હતુ. ત્યાંના ભાષણો ને ચર્ચાની કક્ષા ઘણી ઊંચી, સાચા રસ અને તમન્નાથી ભરેલી લાગી; ૧૯૪૬ના જાનેવારીમાં મુંબઇમાં મરાઠી અને મુંબઇ વિભાગનું સંમેલન થયું; ત્યાં પણ ઠીક ઠીક ઊંચી કક્ષા લાગી; પણ અહીં ગૂજરાતમાં, જ્યાં આ વસ્તુનો જન્મ થયો અને જ્યાં આ વિચારોનું પાલનપોષણ થયું ત્યાં, એ કક્ષા, એ તમન્ના કે એ ભાવના દેખાતી નથી એમ કહેવામાં આવે છે.

આપણે આટઆટલાં વર્ષોથી બાલમંદિરો ચલાવીએ છીએ પણ આપણા બાલમંદિરોમાં જે જુવાની, જે પ્રગતિ દેખાવી જોઇએ તે દેખાતી નથી. ૨૦ વર્ષ પહેલા આપણે હતાં તેના કરતાં આજે આપણા જ્ઞાનમાં, અનુભવમાં, પ્રયોગોમાં, લોકોના સહકારમાં બધે જ ઘણા આગળ જવા જોઇતા હતા; તેના બદલે આજે હતાં ત્યાંના ત્યાં અથવા કોઇ વાર જરા પાછળ પડેલાં દેખાઇએ છીએ. આપણે અલ્પસંતુષ્ટ થઇ ગયાં છીએ. આપણે બીજા વિચારકો, શિક્ષણજ્ઞો કે પ્રાણવાન કાર્યકર્તાઓના મન ઉપર છાપ પાડી શકતાં નથી. કેમકે આપણે પોતે એ શાસ્ત્ર તત્ત્વ કે વ્યવહારમાં બહુ ઊંડા કે આગળ જતાં નથી. આજે આપણી આ સ્થિતિ છે.

ઘણાં બાલમંદિરો તો વ્યાપારી વૃત્તિથી ચલાવાતી સંસ્થાનું રૂપ પકડી લીધું છે. બહુ સારી એવી ફી રાખો, પગાર આપીને એક શિક્ષક રાખો કે આ ચાલ્યું બાલમંદિર. છોકરાં મોકલનારાંને પણ એવી જ છાપ હોય છે કે આ ઠીક છે. ૫–૭ રૂપિયામાં આ લોકો આપણા છોકરાંને ૩–૪ કલાક રાખે છે તો શું ખોટું?

પણ આ રીતે આપણી પ્રવૃત્તિઓ ચાલે તેનો કશો અર્થ નથી. આપણે આપણને પોતાને અને આપણા કામને બરાબર ઝીણવટથી તપાસીએ અને જ્યાં જરૂર હોય ત્યાં સુધારો કરી નાખીએ.

પહેલાં તો આપણે એ જોવું જોઇએ કે અત્યારે આપણે શું શું કરી શકયાં છીએ ને શું શું બાકી રહે છે.

શિક્ષણપત્રિકા કે સંઘના પ્રચાર સંબંધે જે આપણા વિષે કહેવામાં આવે છે તે મને લાગે છે કે સાચું છે. હમણાં જે નવા કાર્યકર્તાઓ છે તે ખૂબ કામ કરે છે અને જૂના કેટલાએક થાકી ગયા હોય એમ જણાય છે. ઉત્તર ગુજરાતમાં શ્રી. પુનમચંદભાઇ નવા છે ને નવા ઉત્સાહથી કામ કરે છે. પણ શ્રી. ઇશ્વરાચાર્ય ઘણા જૂના છે. ઉઝાના શ્રી શાંતિભાઇ પણ જૂના છે. એમ એ વિભાગમાં તો ઘણી સ્ફુર્તિ દેખાય છે. કાઠિયાવાડમાં શ્રી પ્રેમશંકરને કાંઇક નવું કરવાનો ઉત્સાહ અને જોસ દેખાય છે. બે વર્ષે બે સંમેલનો, એક સંસ્કાર વર્ગ, કેટલાએક આજીવન સભ્યો ને સામાન્ય–સભ્યો, લાયબ્રેરીની યોજના એવું કાંઇક કાંઇક એ કર્યે જાય છે ને સૌથી મહત્ત્વનું તો ગરીબ વર્ગ–મજૂર વર્ગના બાલમંદિરો તરફ એમણે જે દૃષ્ટિ ફેરવી છે તે છે. મધ્ય ગુજરાતમાં શ્રી. નટુભાઇ ઉત્સાહથી કાર્ય ચલાવે છે. સૂરત તરફ પણ આપણા જૂના શ્રી. અભયાબેન ને નવા શ્રી. કુસુમબેન ને ચંદ્રવદન જેવા કાર્યકર્તાઓ જાગ્યા છે ને સભ્યની સંખ્યા વધારે છે. મુંબઇમાં પણ ધીમે ધીમે કાંઇક કાંઇક ચાલ્યા કરે છે. એટલે એકંદરે આપણે સંઘની પ્રવૃત્તિની દૃષ્ટિએ કશું કરતાં નથી એમ કહેવું બરાબર નથી. હાં, કરીએ છીએ તે કરતાં આપણો વેગ ઘણો વધી શકે એ સાચું છે ને તે આપણે જરૂર વધારીએ. સાથે સાથે આપણાં કામકાજની રીતભાતમાં કે વહીવટમાં કે બીજી બાબતોમાં કયો સુધારો આવશ્યક છે તે ચર્ચી લઇએ ને કાર્ય આગળ ધપાવવામાં જે કાંઇ અંતરાયરૂપ હોય તે કાઢી નાખીએ. સુધારાને હમેશ અવકાશ હોય જ છે. નિરાશાજનક વિચારો લાવવાની જરૂર નથી. આપણે વધારે વેગથી આગળ વધી શકીએ તેમ છીએ તો તેમ કરવા લાગીએ

આપણાં ચાલુ બાલમંદિરો માટે પણ અસંતોષ છે. પૂર્વપક્ષમાં જે જે વાતો કહેવામાં આવે છે તે કેટલેક અંશે ખરી છે એમ હું પણ કબૂલ કરું છું. પણ તેનો અર્થ ગુજરાત–કાઠિયાવાડમાં થયેલા કામમાં કશો જ કસ નથી એમ મને લાગતું નથી. કાર્યની પ્રગતિ હંમેશ કીડીને વેગે થાય છે એક એક નાની વસ્તુ સિદ્ધ કરવા વર્ષો શું શતકો જાય છે. તે દૃષ્ટિએ આપણાં બાલમંદિરોએ જે સાધ્ય કર્યું છે તે પણ ઘણું છે એમ કહેવું જોઇએ.

આજે મુંબઇ-અમદાવાદ જેવા શહેરોમાં અનેક બાલમંદિરો ચાલે છે એટલું જ નહિ, પણ નનાં નાનાં ગામડાં જેવા ગામોમાં પણ સાધનસંપન્ન એવા બાલમંદિરો કેટલીયે જગ્યા ચાલે છે. મધ્ય ગુજરાતમાં ઉત્તરસંડા, સોજીત્રા, વસો, નાર, સંખેડા ને ઉત્તર ગુજરાતમાં ને કાઠિયાવાડમાં પણ કેટલાએ આવાં નાનાં ગામોમાં બાલમંદિરો ચાલે છે. આપણને કદાચ લાગશે કે એ બાલમંદિરો બરાબર ચાલતા નથી, ત્યાં સાધનોનો વપરાશ બરાબર થતો નથી, ભાષા કે ગણિત મૉંટીસોરી પદ્ધતિએ શીખવાતા નથી એમ એકદરે પ્રગતિ નથી ને તે ઘરડાં થઇ ગયાં છે; પણ હું કહું છું કે આવા નાનાં ખૂણામાં જડેલાં બાલમંદિરોએ પણ કેટલું સાધ્ય કર્યું છે તે આપણે જોવું જોઇએ.

શાળામાંથી એક શારીરિક શિક્ષાને કાઢી નાખતાં દુનિયાને કેટલો પ્રયાસ પડે છે. ને મુંબઇ જેવા સુધરેલા શહેરની સારામાં સારી ગણાતી નવી આધુનિક (modern) શાળાઓમાં પણ હજી શારીરિક શિક્ષાને સ્થાન છે જ. હજી માસ્તરો તમાચા ચોડે છે, છડીનો ઉપયોગ કરે છે ને અનેક રીતે ધમકાવે છે, બીવરાવે છે ને ભણાવે છે. જ્યાં બધા શિક્ષકો ટ્રેણ્ડ છે; સેકંડ ધ્યર પાસ છે; બી. ટી. છે ત્યાં આ સ્થિતિ છે, તો જે શાળામાં અનટ્રેણ્ડ શિક્ષકો છે ને તેમને પૂરતો પગાર પણ મળતો નથી એવી શાળાઓમાં ભણતરનું ધોરણ તદ્દન જ નીચું હોય ને શિક્ષા વગેરેને તો મુખ્ય સ્થાન હોય જ છે. એટલે કે ઓછામાં ઓછા એક સૈકાથી છડીને આપણે ત્યાંની શાળામાંથી કાઢી નાખવાનો પ્રયત્ન ચાલે છે છતાં તે એક ઇંચ પણ ખસેલી દેખાતી નથી એટલી એ ટેવ જવી મુશ્કેલ છે.

એમ છતાં આપણે બાલમંદિરોમાં જઇને જોઇએ તો ત્યાંના શિક્ષકોએ કેટલુ એક નવું ધોરણ દાખલ કરી દીધું છે એમ દેખાય છે. બાલમંદિરોમા, પૂર્વપક્ષ કહે છે તેમ, કાંઇ વિશેષ ન થયું હોય તો પણ આ બાલમંદિરોએ એક કામ તો કર્યું જ છે ને તેને માટે આપણે તેમને ધન્યવાદ આપવો જ જોઇએ. જૂની પ્રથા કાઢી નાખવી ને નવી પ્રથા દાખલ કરવી એ અત્યંત અઘરી વસ્તુ છે. કદાચ વિચારોમાં ફેરફાર થઇ જાય તો પણ આચારમાં ફેરફાર કરવો બહુ જ મુશ્કેલીભર્યું હોય છે. દાખલા તરીકે ખોરાકશાસ્ત્રીઓ ખોરાકમાં અમુક ફેરફાર-સૂચવે છે. આજના ભણેલાં માણસો ઘણાંખરાં જાણે છે કે એ ફેરફાર થવો જોઇએ. છતાં સૈકાઓજૂની ટેવો ને પ્રથા જતી નથી. એટલે ઘરનાં રસોડામાં બહુ થોડી જગ્યાએ આ ફેરફારો દેખાય છે એવી જ વાત આ શાળાઓમાં ચાલતી શિક્ષાની છે. બધા શિક્ષકો ટ્રેનિંગ કૉલેજમાં ભણે છે છતાં શિક્ષક તરીકે જાય છે ત્યારે પોતાની શાળામાં નથી નવી પદ્ધતિ દાખલ કરી શકતા તે નથી જૂના ચાલુ રીતરિવાજો કાઢી શકતા. પિશાબ કરવા શાળાની ભીંત પાસે ન બેસાય એવી નાની વાત પણ સિદ્ધ કરવા માટે મહામહેનત લેવી પડે છે ને બહુ જ થોડા શિક્ષકો એ તરફ ધ્યાન પણ આપતા દેખાય છે.

વસ્તુસ્થિતિ જ્યારે એમ છે ત્યારે આપણા બાળમંદિરવાળા શિક્ષકોએ જે જે સિદ્ધ કર્યું છે તેને માટે તો તેમને ખૂબ ધન્યવાદ ઘટે છે.

તેમણે શિક્ષાને કાઢી મૂકી, મહાનમાં મહાન કાર્ય કર્યું છે. કોઇકે જ અપવાદ રૂપ એવા આપણા શિક્ષકો મળશે કે જે હજી આંખો કાઢતાં હશે કે ચોંટિયા ભરતા હશે. ઘણી જગ્યાએ અનટ્રેણ્ડ, અનઘડ અને બાલશિક્ષણનો કક્કો પણ ન જાણે એવા શિક્ષકોને રાખી બાલમંદિરો ચલાવવામાં આવે છે. જો કે મૂળ શરૂઆતમાં કોઇ ટ્રેણ્ડ શિક્ષક હોય છે, પણ પગારના ધોરણને કારણે ઘણે ભાગે અમુક દિવસે એ નીકળી જાય છે ને તેની જગ્યાએ જે માણસ મળે-કોઇ વાર રિટાયર થએલા જૂના શિક્ષકને તો કોઇ જગ્યાએ ૧૫-૧૬ વર્ષના એકાદ છોકરાને પણ બાલમંદિર સોંપી દેવામાં આવે છે. એટલે ત્યાં પછી મળ શિક્ષકે પાડેલી પ્રથા રહેતી નથી. પણ જ્યાં જ્યાં ટ્રેણ્ડ શિક્ષકો છે ત્યાં ત્યાં તો શિક્ષાનું નામનિશાન પણ નથી એમ કહી શકાય. અને એકલી આ વસ્તુ પણ નૂતન બાલશિક્ષકને માટે તેમ જ સંઘ માટે અવશ્ય મગરૂબી ધરાવવા જેવી જ ગણાય. (ચાલુ)

બાલમંદિરોનું નિરક્ષણ

આવતા ચોમાસામાં કાઠિયાવાડના બાલમંદિરો જોવા સારૂ નૂતન બાલશિક્ષણ સંઘ તરફથી શ્રી. નર્મદાબેન રાવળ, શ્રી. પ્રેમશંકર ભટ્ટ તથા શ્રી. રામભાઇ પાઠક જવાના છે. તેમનો કાર્યક્રમ આવતા અંકમાં બહાર પડશે. તો જે બાલમંદિરો તેઓ પોતાને ત્યાં આવે એમ ઇચ્છતાં હોય તેમણે શ્રી. તારાબેન મોડક, બાલવાડી બોરડી. (ધોલવડ થઇને) જિલ્લે થાણા. એ-સરનામે લખી જણાવવું.

પૂર્વપ્રાથમિક અધ્યાપન નિયંત્રણ સમિતિનો અભ્યાસક્રમ

[બે વર્ષથી આ સમિતિ સ્થપાયેલી છે. આ સમિતિમાં નૂતન બાલશિક્ષણ સંઘ, હિંગણેની સ્ત્રીશિક્ષણ સંસ્થા અને શિશુવિહાર મંડળ દાદર, એ સંસ્થાઓમાંથી બબ્બે પ્રતિનિધિ લેવામાં આવ્યા છે. એ બધાએ મળીને બીજા બે જણની ચૂંટણી કરી છે. સમિતિને સરકારી કેળવણી ખાતાએ માન્ય કરેલ છે અને પોતાના તરફથી એક અધિકારીની નિમણૂક કરી તેને સમિતિમા મોકલવાનું ઠરાવ્યું છે. બાલઅધ્યાપનના કામને સંપૂર્ણ વેગ આપી તેમાં વ્યવસ્થિતતા અને એકસૂત્રપણું લાવવા માટે આ પ્રયત્ન કરવામાં આવ્યો છે. અને તે ઘણે ભાગે સફળ થયો છે. અન્ય બાલશિક્ષણ સંસ્થાઓને જાણ થાય અને તે ઉપયોગી થઇ પડે એ હેતુથી સમિતિનો વાર્ષિક અભ્યાસક્રમ અહીં નીચે આપવામાં આવ્યો છે. —સં.]

બાલઅધ્યાપન પ્રાવીણ્યપરીક્ષા

સામાન્ય નિયમ

૧ અભ્યાસક્રમ એક વર્ષનો છે અને વર્ષ આખરે પરીક્ષા થશે. પરીક્ષામાં બેસનાર દરેક ઉમેદવારે દસ રૂપિયા પરીક્ષા ફી આપવાની રહેશે.

૨ સામાન્ય રીતે ૧૮ વર્ષની નીચેની ઉંમરના અને ૩૫ વર્ષ ઉપરની ઉંમરના વિદ્યાર્થીને પ્રવેશ મળશે નહિ. સ્ત્રી અને પુરુષ બન્ને પ્રકારના વિદ્યાર્થીઓ આ અભ્યાસક્રમ કરી શકશે.

શૈક્ષણિક યોગ્યતા

ઓછામાં ઓછી મેટ્રિક અથવા તત્સમ પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ. (સરકારી પ્રાથમિક ટ્રેનિંગનું બીજું વર્ષ, કૂવેર્ં મહિલા વિદ્યાલયની પ્રવેશપરીક્ષા અથવા પ્રાથમિક શિક્ષક ટ્રેનિંગ પરીક્ષા અથવા વડોદરાની પૂર્વપદ સર્ટિફિકેટ પરીક્ષા એ સમિતિએ મેટ્રિકની જેટલી યોગ્યતાવાળી ઠરાવી છે.)

૩. પૂ. પ્રા. અ. નિ. સમિતિએ માન્ય કરેલાં અધ્યાપનમંદિરમાં જેમણે બે સત્ર પૂરાં કર્યાં હશે તેઓ પરીક્ષામાં બેસી શકશે. પરીક્ષા સુધીમાં ઓછામાં ઓછી ૧૪૦ દિવસની હાજરી ભરવી જોઇશે અને ૧૦મી માર્ચ સુધીમાં નિદાન ૧૧૦ દિવસની હાજરી ભરી છે એવો દાખલો સંસ્થાના મુખ્ય અધ્યાપકને આપવો પડશે. દરેક વિદ્યાર્થીને ઓછામાં ઓછા ૩૦ પાઠ આપવાના રહેશે, ૧૦ દિવસ વર્ગવ્યવસ્થા જોવાની રહેશે અને ૬૦ પાઠ તથા ૬૦ વર્ગવ્યવસ્થાનાં અવલોકનો કરવાનાં રહેશે. પરીક્ષાની પ્રવેશઅરજી સાથે ઉપરની બાબતો પૂરી કર્યા બદલ સંસ્થાના મુખ્ય અધ્યાપકનો દાખલો મોકલવાનો રહેશે.

વિભાગો

૪. પરીક્ષાના બે વિભાગ છે:

પહેલા વિભાગમાં નીચેના ચાર વિષયોની લેખી પરીક્ષા થશે:

(૧) શૈક્ષણિક માનસશાસ્ત્ર (૨) અધ્યાપનપદ્ધતિ (૩) ચાલુ પ્રશ્નો અને શાળાનું સંચાલન (૪) સામાન્ય વિજ્ઞાન અને શાળાનું આરોગ્ય.

બીજા વિભાગમાં

(૧) પાઠપરીક્ષા અને મૌખિક પરીક્ષા (૨) ચિત્રકળા, શિવણ અને હસ્તવ્યવસાયની પરીક્ષા (૩) બાલ અધ્યાપન મંદિરમાં વર્ષભર કરેલા કામનો ગુણ: એટલાનો સમાવેશ થાય છે.

બન્ને વિભાગોમાં એકસાથે અથવા એક એક વિભાગમાં એક પછી એક વરસે પરીક્ષામાં બેસી શકાશે. વિદ્યાર્થીઓને ઉપ ના વિષયો સિવાય (૧) શારીરિક શિક્ષણ (૨) હિંદુસ્તાની અને (૩) સંગીત, આ વિષયોનો અભ્યાસ કરવાનો રહેશે. વાર્ષિક પરીક્ષામાં બેસતા પહેલાં આ વિષયોની પરીક્ષા સ્થાનિક બાલ અધ્યાપન મંદિરમાં થશે

૫. સામાન્ય રીતે વિદ્યાર્થીઓને બે કરતાં વધારે વખત પરીક્ષામાં બેસવાની પરવાનગી મળશે નહિ. એટલે કે એક વાર નાપાસ થયેલ વિદ્યાર્થી ફરી એક જ વાર પરીક્ષામાં બેસી શકશે.

૬. પરીક્ષામાં ઉત્તીર્ણ થવા માટે પહેલા વિભાગના દરેક વિષયોમાં સેંકડે ૩૩ ગુણ મેળવવા જોઇશે. બીજા વિભાગના દરેક વિષયોમાં અને એકંદરે સેંકડે ૪૦ ગુણ મેળવવા પડશે. એક જ વર્ષે બન્ને વિભાગોમાં ઉત્તીર્ણ થઇને એકંદરે સેંકડે ૬૦ અથવા વધારે ગુણ મેળવનાર

વિદ્યાર્થી પહેલી શ્રેણીમાં ઉત્તીર્ણ થયો એમ સમજવામાં આવશે. ઉપર પ્રમાણે, બન્ને વિભાગોમાં એક જ વર્ષે ઉત્તીર્ણ થઈને એકંદરે સેંકડે ૫૦ અથવા તેથી વધારે ગુણ મેળવનાર બીજી શ્રેણીમાં ઉત્તીર્ણ થયો એમ ગણાશે, અને સેંકડે ૫૦ની અંદર ગુણ મેળવનાર ત્રીજા વર્ગમાં ઉત્તીર્ણ થયો તેમ ગણવામાં આવશે. એક જ વિભાગમાં એકંદરે સેંકડે ૪૦ અથવા વધારે ગુણ મેળવ્યા હશે તો તે વિભાગમાં જ તે વિદ્યાર્થી ઉત્તીર્ણ થયો તેમ સમજવું અને બાકી રહેલા વિભાગમાં આગળના વર્ષે એસીને ઉત્તીર્ણ થનાર ત્રીજા વર્ગમાં ઉત્તીર્ણ થયો એમ સમજવું.

૭. પરીક્ષાનું માધ્યમ વિદ્યાર્થીની માતૃભાષા અથવા જે પ્રાન્તમાં તેનું શિક્ષણ થયું હશે તે પ્રાન્તની ભાષા રહેશે.

અભ્યાસક્રમ: વિભાગ પહેલો.

૧. વિષય : શૈક્ષણિક – માનસશાસ્ત્ર, પ્રશ્નપત્ર એક, સમય ત્રણ કલાક, ગુણ ૧૦૦.

નીચેની બાબતો ઉપર પ્રશ્નો આવશે.

બાળમનનો અભ્યાસ, બાળમનનો વિશિષ્ટ ગુણધર્મ, બાળમનના વિકાસની અવસ્થા, શાળાના કાર્યક્રમમાં બાળકનું કેન્દ્રસ્થાન, મજ્જા સંસ્થા, જ્ઞાનતંતુ અને સંવેદનાવાહક મજ્જાતંતુ, ભેદ અને મજ્જાતંતુ, જ્ઞાનેન્દ્રિય અને ઇંદ્રિય શિક્ષણ, અવધાન, અભિરુચિ અને થાક, સંવેદના, અવબોધ, સાહચર્ય, સ્મરણશક્તિ, ઉદ્‌ગામી અને અવગામી અનુમાનપદ્ધતિ, સમાનતત્ત્વશોધન, વિચાર અને નિર્ણય, સહજ પ્રવૃત્તિનો સવિસ્તર અભ્યાસ, હેતુગર્ભ અને સહેતુક ક્રિયા, ઇચ્છાશક્તિ, નવનિર્માણપ્રેરણા અને રમત, સૂચન, ટેવ અને સ્થિરવૃત્તિ બનાવવી, શીલસંવર્ધન અને વ્યક્તિવિકાસ, અનુવંશિકતા અને વાતાવરણ, અર્ધજાગ્રત મન, બાલમંદિરની આવશ્યકતા, બાલોદ્યાનપદ્ધતિ અને મૉન્ટીસોરી પદ્ધતિની તુલના, મૉન્ટીસોરી પદ્ધતિ–સ્વાતંત્ર્ય, સ્વયંસ્ફૂર્તિ, સ્વયંશિક્ષણ, વૈયક્તિક અથવા વ્યક્તિગત શિક્ષણ અને વર્ગશિક્ષણ, શૈક્ષણિક સાધનમીમાંસા, શિક્ષકોનું વર્ગમાં સ્થાન, બાળકોનું સામાજિક વર્તન, સ્વયંશિસ્ત અથવા સ્વતઃનિયમન અને આજ્ઞાપાલન.

૨. વિષય: અધ્યાપનપદ્ધતિ: પ્રશ્નપત્ર ૧, સમય ત્રણ કલાક, ગુણ ૧૦૦.

શહેર, મજૂરવસ્તિ, ગામડામાં બાલમંદિરનાં સાધનો, પ્રબોધક સાધનોનો અભ્યાસ, ઉપયોગ અને પાઠ આપવા, વાચન, લેખન, ગણિત, ભૂમિતિ, વિજ્ઞાન, ભૂગોળ, માતૃભાષા (મૌખિક) વગેરે વિષયોનાં સાધનો. વાર્તા કહેવી, બાલગીતો અને બાલકવિતા (Rhymes & poemes) બાલનાટકો, બાલ–પ્રવાસ, ચિત્રકળા અને તેનું બાલશિક્ષણમાં સ્થાન તથા મહત્ત્વ, હસ્તવ્યવસાયની તાત્ત્વિક બાજુ, પૂર્વપ્રાથમિક શાળામાં બાળકોના શારીરિક શિક્ષણની તાત્ત્વિક બાજુ અને શિક્ષણપદ્ધતિ.

૩. વિષય: ચાલુ પ્રશ્નો અને શાળાની વ્યવસ્થા. પ્રશ્નપત્ર એક, સમય ૩ કલાક ગુણ ૧૦૦.

(અ) યોજનાપદ્ધતિ, ક્રીડનમાર્ગ, વર્ધાયોજના, મજૂર અને ગરીબ વસતિમાં બાલમંદિરો (Slum area), ગ્રામશિક્ષણયોજના વગેરે બદલ સામાન્ય માહિતી, બાલમંદિરોની સામેના સામાન્ય આક્ષેપ. સાર્વત્રિક શિક્ષણ, પ્રૌઢશિક્ષણ, જાતીય શિક્ષણ, સહશિક્ષણ, ડૉલ્ટનપદ્ધતિ, બુદ્ધિમાપન, બાલ-વાચનાલયો.

(બ) પૂર્વપ્રાથમિક શાળાનું સંચાલન અને વ્યવસ્થા, સમયપત્રક, પ્રગતિમાપન અને પ્રગતિનોંધ, ગૃહપાઠ, શિક્ષક અને પાલક, ઘર અને શાળાનો પરસ્પર સંબંધ, શાળાના સામાનની કાળજી રાખવી, રમતનાં સાધનો તથા વાચનાલયો વગેરે. શાળા માટે જોઈતાં પત્રકોની માહિતી. સામાન્ય શાળા–સંચાલન અને દફ્તરી કામ.

૪. વિષય: સામાન્ય વિજ્ઞાન અને શાળાનું આરોગ્ય. પ્રશ્નપત્ર એક, સમય ત્રણ કલાક, ગુણ ૧૦૦.

સામાન્ય વિજ્ઞાન

સૃષ્ટિજ્ઞાન: સૃષ્ટિજ્ઞાનનો સામાન્ય હેતુ, પ્રાણીશાસ્ત્ર, સજીવ પ્રાણીનો અભ્યાસ, સજીવ અને નિર્જીવ વચ્ચેનો ભેદ (ઉછેર, પુનરુત્પત્તિ, શ્વાસોચ્છ્વાસ, ચેતકોદ્‌ભવ પ્રતિક્રિયા)

બે મુખ્ય વિભાગ: પ્રાણી (૧) કરોડવાળાં, કરોડ વિનાનાં. વનસ્પતિ (૨) સપુષ્પ, અપુષ્પ.

વનસ્પતિ જીવનચક્ર: રોપા, ઝાડ, ફૂલ, ફળ, બીજ.

પોષણ કયાંથી મેળવે છેઃ જમીન, પાણી, હવા, સૂર્યપ્રકાશ. વનસ્પતિના વિભાગો અને તેનું કાર્ય.

(૧) મૂળઃ રચના, પ્રકાર, જમીનમાંથી પોષણ મેળવવું, ખોરાકસંગ્રહ, આધાર.

(૨) થડઃ રચના, પ્રકાર, કાર્યઃ જમીનમાં અને જમીન ઉપર રહેનાર થડ. દરેકનું કાર્ય, ખોરાકસંગ્રહ વગેરે.

(૩) પાંદડાંઃ રચના, પ્રકાર, કાર્યઃ પોષણ તૈયાર કરવું, સૂર્યપ્રકાશ અને કાર્બનડાઇ ઓકસાઇડની પિષ્ઠાંસ તૈયાર કરવામાં જરૂર. પાનમાંહેના પિષ્ઠાંશ ઓળખવાનો પ્રયોગ, શ્વાસોચ્છ્વાસ, ભાતિક પરિસ્થિતિને અનુરુપ બનવું. ઉદાહરણાર્થઃ પાણીનો પુરવઠો, જમીન, ખાતર, ઉષ્ણતામાન વગેરે. ઝાડ પાંદડાં શા માટે ખેરવી નાખે છે?

(૪) ફૂલોઃ રચના અને કાર્ય. રંગ અને વાસનો સંબધ, નમૂનાનો સંગ્રહ કરવો, પરાગમિલનઃ સ્વ તથા પરપરાગમિલન.

(૫) ફળોઃ રચના, કાર્ય અને બીજપ્રસરણ.

(૬) બીજઃ એકદળ, દ્વિદળ, ઊગવું.

સામાન્ય અને સ્થાનિક પરિચયમાંહેનાં વનસ્પતિનું અવલોકન અને અભ્યાસ. વનસ્પતિજીવનમાં કુદરતી પસંદગી. (Natural Selection) પશુ, પક્ષી અને પ્રાણીઓના જીવનનો અભ્યાસ.

ઉપજાઉબુદ્ધિ (સહજપ્રવૃત્તિ): —સંઘપ્રવૃત્તિ અને એકલા રહેવાની પ્રવૃત્તિ.

મુખ્ય પ્રવૃત્તિઃ જુદી જુદી પરિસ્થિતિમાં વ્યકિતગત વતણૂંક અને ટેવો.

ગૌણપ્રવૃત્તિઃ નૈસર્ગિક પસંદગીનું પરિણામ.

ભાવનાઃ વિરોધ, નિરાશા, સહજપ્રવૃત્તિના અકસ્માત, તૃપ્તિ અને યાંત્રિક પ્રતિક્રિયા.

ભાષાઃ પશુપક્ષીનો વિચારવિનિમય કેવી રીતે થાય છે, તેની દૃષ્ટિ, ઘ્રાણેંદ્રિય અને શ્રવણેંદ્રિયની મનુષ્યની જ્ઞાનેંદ્રિયો સાથે તુલના.

(૧) પક્ષીઃ (અ) ખોરાક, ટેવો, રચના અને બ્હતર બાહ્ય વિશિષ્ટતા ઉપરથી વર્ગીકરણ. (બ) પ્રવાસી અને સ્થાયી પક્ષી. સ્થળાંતર કરવાનાં કારણ, માળો બાંધવો, ગાનારાં અને ન ગાનારાં પક્ષીઓ, ગાવાનું કારણ, રંગ, આકાર વગેરે. રવસંરક્ષણ, નર અને માદામાં ભેદ, ઇંડાનો રંગ, સ્થાનિક પક્ષીઓનો અભ્યાસ, મેના, કાગડો, કબૂતર વગેરે.

(૨) અસ્તન પ્રાણીઃ માંસાહારી વાઘ, ચિત્તો, કૂતરો, બિલાડી વગેરે.

શાકાહારીઃ બેટું, ઘોડો, સસલું વગેરે.

સર્વભક્ષકઃ મનુષ્યપ્રાણી.

આ બધાની શરીરરચના, પુનરુત્પત્તિ અને ઉછેર.

(૩) ઠંડા લોહીના પ્રાણીઃ માછલાં દેડકાં વગેરે.

(૪) ક્રીડાઃ રચના, તેની મોસમ, તેનાં કારણો, મધમાખી, કરોળિયો, પતંગિયું, માખી અને ડાંસનું વધવું અને તેનો જીવનક્રમ. પશુ, પક્ષી અને ક્રીડામાં કુદરતી પસંદગીનું તત્ત્વ, જીવનવ્યવહારમાં પરિસ્થિતિને અનુરૂપ થવું, (Functional adoptation), ઉત્તમ પેદાશ (Selection Breding).

બાગકામ: ખોદવું: સાદું ખોદકામ અને ગોડ. પાણીનો નિકાસ, કયારા કરવા, (ભેજવાળી જમીનનો ઉપયોગ) બન્ને પ્રકારના ખોદકામથી પાક ઉપર થનારા પરિણામની તુલના, બીનું ધરુ તયાર કરવું, બી વાવવું, ગોડ કરેલા અને કરેલા ધરુના પાકની તુલના, યોગ્ય અંતરે રોપ વાવવા, નજીક નજીક વાવવાથી થતું નુકસાન. (નોંધ—જ્યાં બાગકામ કરવા માટે ખુલ્લી જગ્યા ન હોય ત્યાં લાકડાનાં બોખાં, કૂંડાં, ટાંગેલી ટોપલીઓ વગેરેમાં રોપ વાવવા, સાદા પ્રયોગો કરવા, સંગ્રહ કરવો અને અવલોકનની નોંધ રાખવી.)

વૈજ્ઞાનિક રમતો : જુદા જુદા પ્રકારનાં રંગચક્રો, વાસુદેવ પ્યાલો, લોહચુંબક, હોકાયંત્ર, પદાર્થવિજ્ઞાનશાસ્ત્ર અને રસાયનશાસ્ત્રના સાદા પ્રયોગો, સૂક્ષ્મદર્શક યંત્ર, દૂરબીન, Stereoscope, Colidoscope અને Periscopeનો ઉપયોગ.

શરીરશાસ્ત્ર અને આરોગ્ય :—શાળાઃ વાયુવીજન, જગ્યા, સ્વચ્છતા, સામાન્ય બાલકઃ શારીરિક અને માનસિક વિકાસનો સંબંધ, નીરોગી મન ને નીરોગી શરીરની આવશ્યકતા, પહેલાં પાંચ વર્ષમાં શરીરની વૃદ્ધિ, આગળની ઉંમરના કોઇ પણ સમય કરતાં, વધારે પ્રમાણમાં થાય છે. શરીરનો ઘસારો પૂરવો અને વૃદ્ધિ

કરવી–એને માટે પૂર્ણ અને સમતોલ અન્નની જરૂર. ઓરી, અછબડા, ગાલપચોળિયું વગેરે ચેપી રોગ આ ઉંમરે થવાનો સંભવ વધારે હોવાથી તેનો પ્રતિકાર કરવાની શક્તિ વધારવાની જરૂર. અન્નના ઘટક અને અન્નસત્ત્વ એ બન્નેનો ઉછરતા બાલકને કેટલો અને કઈ રીતે ઉપયોગ છે તે દૃષ્ટિએ અભ્યાસ. અપૂર્ણ અને ખરાબ વિકાસનાં કારણો. યોગ્ય ખોરાક ઠરાવતી વખતે કરકસરનો વિચાર કરવો. શરીરને માટે પાણીની જરૂર. પાણી કયાંથી મેળવવું? પાણીની સ્વચ્છતા શાળામાં પીવાના પાણીની કાળજી રાખવી.

શરીરની સામાન્ય રચના: ખાસ કરીને બાળકોનો શરીરવિકાસ.

હાડકાં: નાનપણમાં કુમળાં હાડ હોય છે, માટે તેની કાળજી રાખવી. હાડ ગળવાં, સપાટ તળિયાં હોવાં, રાંટા પગ વગેરે સામાન્ય શારીરિક વિકૃતિનો અભ્યાસ, તેનાં કારણો અને તેનું શરીર ઉપર પરિણામ: રોગ ન થવા દેવાની દક્ષતા અને થાય તો તેના ઉપાય લેવા.

બાલમંદિરમાં ખુલ્લી હવાનું અને વાયુવીજળીનું મહત્ત્વ, અને તેની વ્યવસ્થા. રોગ જંતુનો પ્રતિકાર કરવાની શક્તિ વધારવા માટે સૂર્યપ્રકાશની આવશ્યકતા.

શ્વાસોચ્છવાસ: યોગ્ય રીતે, શ્વાસોચ્છવાસ લેવાની ટેવનું મહત્ત્વ, મોઢેથી શ્વાસ લેવાની કુટેવ અને તેનું પરિણામ, દમ, ધાસણી અને કાકડાના રોગ અને પરિણામે એકંદર શક્તિનો હ્રાસ. શાળામાં શ્વાસોચ્છવાસના વ્યાયામનું મહત્ત્વ, બાલમંદિરના રોજિંદા કાર્યક્રમમાં હાથ રૂમાલની પરેડનો સમાવેશ. સ્નાયુ ઉપર કાબૂ અને તેનો સમન્વય. ભાષા અને દૃષ્ટિનો વિકાસ નાનાં બાળકોમાં થયો હોતો નથી. રમત, હસ્તવ્યવસાય વગેરે દ્વારા હાલચાલનું શિક્ષણ: આંખોને તાણ પડે એવાં ઝીણાં કામ ન આપવાં. બાળકના અવિરત કાર્યશીલ સ્વભાવને કારણે અતિશ્રમ થવાનો સંભવ.

રોજિંદા ઠરાવેલા કાર્યક્રમનો સ્વાતંત્र્યના તત્ત્વ સાથે સમન્વય. કામો નીમી દેવાં, શાંતપણે વ્યવસાય કરવો, ઊંઘનો–ઘર અને શાળામાં–નિયમિત સમય ઠરાવવો. (શાળામાં સૂવાનો નિશ્ચિત સમય રાખવાની જરૂર.)

નખ, વાળ, દાંત, ચામડી વગેરેની સ્વચ્છતા: રોજની તપાસણી તથા સ્વચ્છતાની અને સાફસૂફ રાખવાની ટેવ પાડવી. મૂતરડીનો નિયમિત ઉપયોગ કરવો. વચલા વખતનો નાસ્તો: વ્યવસ્થિત જમવું, હાથ ધોવા (પહેલાં અને પછી), યોગ્ય રીતે જમવું, તેની ઉપર શિક્ષકની દેખરેખ, બાળકને થતા સાંસર્ગિક અને સ્પર્શજન્ય રોગ, તેનાં લક્ષણ, તે કેવી રીતે પસરે છે, બીજાને એ ન થાય તેની સંભાળ રાખવાની દક્ષતા. શીળી ટકાવવાં, રસી મુકાવવી, રોગીથી જુદાં રાખવાં, જંતુનાશક દવાનો ઉપયોગ, (અ) ઓરી અછબડા, મોટી ઉધરસ, ઉધરસ, ગાલપચોલિયું વગેરે રોગથી બીમાર થયેલા બાળકોની સંભાળ. (બ) ખરજવું, દાદર, તાપોડિયાં, આંખ આવવી વગેરે રોગોથી પીડાતાં બાળકોની કાળજી રાખવી. શાળામાં થતા અકસ્માત માટે પ્રાથમિક ઉપચાર. વાઇ આવવી, મૂર્છા, આંખ, કાન કે નાકમાં કંઈ પેસી જવું, લોહી વહેવું, દાઝી જવું, કપાવું અથવા છોલાવું, ગળામાં કંઈ ભરાઈ જઈને શ્વાસ રુંધાવો વગેરે પર પ્રલાજ.

ટેવો, આરોગ્ય અને પૂર્ણ ખોરાક આપવા બાબતમાં શિક્ષક અને પાલકનો સહકાર.

વિભાગ બીજો

૧. પાઠ પરીક્ષા અને મૌખિક પરીક્ષા: ગુણ ૧૦૦

વિદ્યાર્થીઓએ નિરીક્ષકની સામે પાઠ આપવો અને પાઠની નોંધ લખવી, બીજાના પાઠનું અવલોકન કરી તેની નોંધ રાખવી એ જરૂરી છે. વર્ષના કામ માટે સો ગુણ છે તે આપતી વખતે આ કાર્ય અને બાળકોનું અવલોકન જોવામાં આવશે. પરીક્ષા શરૂ થતાં પહેલાં આ ગુણ સમિતિ પાસે મોકલવા જોઈએ.

ઓછામાં ઓછાં દસ બાળકો હોય એવો વર્ગ ચલાવવાનો પાઠ, સાધનોનો પાઠ અને સમૂહગત પાઠ લેવામાં આવશે. એના ૬૦ ગુણ છે. પ્રત્યેક પાઠના ૨૦ ગુણ છે. સમૂહગત પાઠ ૨૦ મિનિટ, વર્ગવ્યવસ્થા ૧૫ મિનિટ અને સાધનોનો પાઠ ૧૫ મિનિટ લેવામાં આવશે. સાધનોના ઉપયોગ સંબંધી મૌખિક પરીક્ષા લેવામાં આવશે. તેના ગુણ ૪૦ છે.

સાધનોનો ઉપયોગ: (૧) વ્યાવહારિક શિક્ષણ (૨) ઇન્દ્રિય શિક્ષણ (૩) ભાષા અને (૪) ગણિત. આની ઉપર દરેકના દસ ગુણના પ્રશ્નો પૂછવામાં આવશે.

૨. ચિત્રકળા, શિવણ અને હસ્તવ્યવસાય: ગુણ ૧૦૦.

વર્ગના કામના ૫૦ ગુણ રાખવામાં આવ્યા છે. અને પરીક્ષાને વખતે આ વિષયોમાંથી પ્રત્યક્ષના ૫૦ ગુંણ રાખ્યા છે.

ચિત્રકળા: લોખંડી ભૌગોલિક આકૃતિની મદદથી આકૃતિ કાઢવી અને લીટી દોરવી સૌંદર્યકૃતિ કાઢવી, કાલ્પનિક ચિત્રકળા, પાટિયા ઉપર અને પૂંઠા ઉપર ચિત્રો કાઢવાં, ક્રિયાત્મક ચિત્રો કાઢવા, અક્ષરો કાઢવા (Lettering) સુશોભન અને રાંગોળી, રંગકામ, માટીના વાસણ ઉપર પીંછીથી ચિત્રો કાઢવાં, સ્કેલ ડ્રોઇંગ.

શિવણ: પૂંઠા ઉપર, કાર્ડ પર (મણિથી) સાદા ટાંકા લેવા કેનવાસ, ગુણપાટ અને કાપડ ઉપર શિવણ (ટાંકા: સીધા, સાંકળી, ગાજ, ઓટવું થીંગડાં દેવાં.)

શૈક્ષણિક હસ્તવ્યવસાય: (અ) કાગળ કાપવા, કાતરવા, કાગળની ઘડી પાડવી, કાગળ ચોંટાડવા, પૂંઠા કાપવાં અને ચોંટાડવાં, માટીકામ, ટોપલી ગૂંથવી, સૂતર કાંતવું અને વણવું, આસપાસ મળતી રદ્દી નિરુપયોગી વસ્તુનો ઉપયોગ કરવો. રદ્દી કાગળ, કાગળનો લુગદો, શંખ–છીપલાં, નકામી દીવાસળીની પેટી, નાળિયેરની કાચલી, અખરોટ, પિસ્તાં, એલચી, ઇંડાં વગેરેનાં છોલાં (૫ વસ્તુ બનાવવી) (બ) સાધનો તૈયાર કરવાં, ઇન્દ્રિય શિક્ષણ, ભાષા અને ગણિત (દરેકનાં બે).

સ્થાનિક બાલઅધ્યાપનમંદિર પાસેથી લેવામાં આવનારી પરીક્ષાના વિષયો:

૧. શારીરિક શિક્ષણ

(૧) વિદ્યાર્થીઓની કવાયત અને રમત–૫૦ ગુણ

(૨) બાળકોની રમતના પાઠ લેવા–૫૦ ગુણ (પાઠમાં બાળકોની અંદર પ્રચલિત હોય તેવી રમતો અને ગીતોનો ઉપયોગ કરવો.)

૨. હિન્દુસ્તાની (લેખી અને મૌખિક–૫૦ ગુણ) રાષ્ટ્રભાષા પ્રચારસમિતિની પ્રારંભિક પરીક્ષા જેટલો અભ્યાસક્રમ.

૩. સંગીત (મૌખિક પરીક્ષા. ગુણ ૫૦.)

બાલગીતો મોઢે ગાવાં. (દરેકના બે પાઠ આપવા.) (૧) હાલરડાં (૨) લાલનગીતો (૩) જોડકણાં (૪) રમતગીતો (૫) અભિનયગીતો (૬) બાલગીતો (૭) લોકગીતો (૮) નૃત્યગીતો (૯) કૂચગીતો.

શારદા મંદિર–અમદાવાદનું બાલઅધ્યાપન મંદિર

અમદાવાદથી શ્રી. વજુભાઇ દવે લખે છે: બાલમંદિરના શિક્ષકોને એક વર્ષની સૈદ્ધાંતિક તથા વ્યવહારુ તાલીમ આપવાના ઉદ્દેશથી શારદા મંદિર–અમદાવાદમાં ગયા એક વર્ષથી એક બાલઅધ્યાપન મંદિર શરૂ કરવામાં આવ્યું છે. આ વરસે આસરે વીસ ભાઇબહેનોએ તે અધ્યાપન મંદિરનો લાભ લીધો છે અને બાળ કેળવણીના જાણકારોએ આ પ્રયત્નને આદરથી વધાવ્યો છે. આવતા જૂનથી તે પ્રવૃત્તિ શારદા મંદિર ચાલુ રાખનાર છે. તો જે ભાઇબહેનોને બાલકેળવણીના સિદ્ધાંતોના સંસ્કાર મેળવવા ઇચ્છા હોય અને શિક્ષક તરીકેની તાલીમ લેવી હોય તેમણે શ્રી. હરગોવિંદભાઇ જાની, શારદામંદિર અમદાવાદ, એલિસબ્રિજ, એ સરનામેથી માહિતી મેળવવી.

શિક્ષક જોઇએ

મોન્ટીસોરી પદ્ધતિની શાસ્ત્રીય તાલીમ લીધેલા અનુભવી શિક્ષકની જરૂર છે. પત્રવ્યવહાર નીચેને સરનામે કરો:

પ્રિન્સિપાલ: સારદા હાઇસ્કૂલ, સ્ટેશન રોડ: આણંદ

× × ×

નૂતન બાલશિક્ષણ તથા ગ્રામસેવાની તાલીમ પામેલા એવા એક અનુભવી શિક્ષકની જરૂર છે. પત્રવ્યવહારનું સરનામું: શ્રી. આચાર્ય: નૂતન ગ્રામવિદ્યાલય મુ. ગંભીરા, પો: આંકલાવ B. B. C. I. Ry.

બુનિયાદી તાલીમશાળાની રોજનિશિ

[ગ્રામ બાલ શિક્ષાકેન્દ્ર–બોરડીમાં બુનિયાદી તાલીમનો પ્રયોગ કેટલાક સમયથી શરૂ થયો છે જે શાળા લોકલબોર્ડ તરફથી હરિજન શાળા તરીકે આજ સુધી અલગ ચાલતી હતી, તેને આ પ્રયોગ માટે શ્રી૦ તારાબેન મોડકે પોતાને હસ્તક લીધી છે. શ્રી. અનસૂયાબેન વાઘ શાળાનું સંચાલન કરે છે તેમની રોજનિશિમાંથી કેટલોક રસિક ભાગ અમે વાચકો સમક્ષ રજૂ કર્યો છે. પ્રાથમિક શિક્ષણની સુધારણા ચોમેર ઝડપથી શરૂ થઇ રહી છે તે પ્રસંગે આ અનુભવ બોધપ્રદ થશે એવી અમને આશા છે.

—સંપાદક]

૧, ફેબ્રુઆરી ૧૯૪૭

ગયા સાતઆઠ દિવસથી એક જ વિચાર મનમાં ઘોળાયા કરતો હતો કે પહેલી તારીખથી હરિજનવાસની પ્રાથમિક શાળા આપણા હાથમાં આવવાની છે.' આમ કરશું ને તેમ કરશું એવા મનના મોટા મોટા ફૂદકા શરૂ થયા હતા. દિવસમાં અનેકવાર અનિમેષ નેત્રે બારીમાંથી એ શાળા તરફ જોતી હતી અને મનને કહેતી હતી: 'આ સામે તારુ ધ્યેય પડેલું છે' એટલામાં સ્વ. ગિજુભાઇનું 'દિવાસ્વપ્ન' વાંચવા મળ્યું. મનમાં વિચારોનું એક આંદોલન ઊઠ્યુ. વિચિત્ર અનુભવ સહન કરવા માટે મનને થોડું તૈયાર પણ કર્યું.

આખરે પહેલી તરીખનું પ્રભાત ઊગ્યુ. બરાબર અગિયાર વાગે હું શાળામાં ગઇ. દસબાર છોકરાં હારબંધ આસનો પાથરીને તેની ઉપર ચૂપચાપ બેઠાં હતાં. તેમનાં કપડાં ફાટલાંતૂટલાં અને ખૂબ જ મેલાં હતાં. પણ ચહેરા ઉપર એક પ્રકારની ચમક હતી. હું વર્ગમાં દાખલ થઇ તે સાથે જ તેમના ચહેરા ઔત્સુકય, આદર અને આશ્ચર્યના સંમિશ્રિત ભાવથી ચમકી ઊઠ્યા. મને પણ અપૂર્વ આનદ થતો હતો. કયા છોકરા કયા ધોરણમાં છે, કોનો કેટલો અભ્યાસ થયો છે, વગેરેની વર્ગશિક્ષક પાસે તપાસ કરી. શિક્ષકે દરેક વિદ્યાર્થી પાસે જઇને દરેકની ઓળખાણ કરાવી. વચ્ચે એક છોકરાને કહેલુ: 'આરે પાટા લખી લાવ.' છોકરાએ આંક લખવાની શરૂઆત કરી. પણ વચ્ચે જરા અટક્યો. માસ્તરે ફરી દબડાવતા કહ્યું: 'લખ, લખતો કેમ નથી? આવડતું નથી?' છોકરો થર થર ધ્રૂજવા લાગ્યો. તેણે પોતાની કાતરદૃષ્ટિ માસ્તર તરફ ફેરવી. એ નજરમા સ્તબ્ધ કરનારી કરુણા ભરી હતી, જે હજી મારી સમક્ષ જેવી ને તેવી જ ઊભી છે.

'બીશ મા, તને કોઇ મારશે નહિ, તને જેવુ આવડે તેવું લખ.' મેં તેને આશ્વાસન આપ્યું. એટલે આભાર-ભરી નજરે તેણે મારી સામે જોયુ અને લખવાની શરૂઆત કરી. આજ આખો દિવસ એ દૃશ્ય મારા મનમાં ઘોળાયા જ કર્યું. પહેલો દિવસ આ રીતે પરસ્પર પરિચયમાં પૂરો થયો.

૮, ફેબ્રુઆરી ૧૯૪૭

નવા રાજ્યમાં આપણને સોટીનો પ્રસાદ મળવાનો નથી એ બાળકોને, એ વખતે જ સમજાયું અને ભયની લગામથી રુંધાયેલું તેમનું મન બેકાબૂ બની એકદમ ઊછળી પડ્યું. આ અઠવાડિયામાં તેમની મસ્તીને જાણે ઊભરાણ આવ્યું હોય એમ લાગે છે. ફાવે તે ગાવું, કૂદવુ, ઊધા જવાબો આપવા, ઘેર નાસી જવું અને પાછા આવીને શાળાની બહાર રહ્યા રહ્યા સૌને સતાવવા વગેરે અનેક પ્રકાર ચાલુ થયા. અને તે જોઇને, મતિ મૂઝાઇ જવાની તૈયારી થઇ. 'દિવાસ્વપ્ન' વાંચ્યું હતું તે યાદ આવ્યું. હવે કરવું શું? આ બેલગામપણાને લગામ શી રીતે નાખવી? આ મસ્તીને ઉપયોગમાં કેમ લેવી? વિચાર કરતાં એક ઉપાય સૂઝ્યો. શાળાના મકાન આગળ, પગથિયાની બાજુમાં, બે નાના ઓટલા તૈયાર કરવાનું ઠરાવ્યું. એને માટે માટી, ઇંટ લઇ આવવાં, કોદાળીથી ખોદવું, પાણી લાવવુ, ગારો બનાવવો, ઓટો બનાવવો વગેરે નિરનિરાળાં કામોં શરૂ થયાં. સવારથી સાંજ સુધી બાળકો આ કામમાં મગ્ન બન્યાં. તેને લીધે મસ્તી કરવાનુ થોડો વખત તો વિસ-રાઇ જતું હતું. તેનો ઉપાય બરાબર થયો જાણી મને આનદ થયો. ચોગાન સાફ કરવું, વાડ બનાવવી, માટીની ઇંટો પાડવી વગેરે મહેનતનાં કામોની યાદી મનમાં તૈયાર કરેલી જ હતી. માત્ર બાળકોની માતાઓ આવીને થોડી બડબડતી હતી કે આ શું, અમારાં છોકરાં તે કોઇ કડિયા–મજૂર છે કે? પણ હું તેનો ઉત્તર આપવા ચાહતી ન હતી

૧૫, ફેબ્રુઆરી ૧૯૪૭

ગયા અઠવાડિયા પ્રમાણે આ અઠવાડિયામાં પણ મહેનતનાં કામ આપવામાં આવ્યાં; પણ એકંદરે અવ-

લોકનૃત્ય કરતાં એમ લાગ્યું કે આ છોકરા બહુ જ બેજવાબદાર છે. કોઈ પ્રકારનો કામનો ઢંગ તેમનામાં નથી. બીજી બાબતનો વિચાર સરખો તેમના મનમાં કદી આવતો નથી. પ્રેમ, આદર, દયા વગેરે મૃદુ ભાવના કોણજાણે એમના હૃદયના કયા ખૂણામાં છુપાઈને બેઠી હશે? ગાળાગાળી કરવી અને એકબીજાને મારવું એ તો એમને મન રમત! ચકલી, કૂતરાં, બિલાડાં, માછલાં જે દેખે તેને મારી નાખવાનો વિચાર સૌ પહેલાં તેમના મનમાં આવે છે. બસ, ભાંગફોડ અને વિધ્વંસ!

શું કારણ હશે આ બધાનાં મૂળમાં? પહેલાં હું બુનિયાદી તાલીમ અને મૉન્ટીસોરી પદ્ધતિ, એ બન્નેનો સમન્વય કરીને કઈ રીતે શીખવવું તેનો વિચાર કરવામાં અને તેને માટેની નવી નવી યોજનો મનમાં નક્કી કરવામાં વખત ગાળતી હતી. પણ હવે એક સરખી રીતે એમ લાગે છે કે સૌપ્રથમ આ બાળકોના સંસ્કાર બદલવા જોઈએ. પહેલાં સુસંસ્કૃત કરવા કે સુશિક્ષિત કરવા અથવા બન્ને સાથે કરવા હોય તો પણ પ્રથમ સ્થાન કોને આપવું અને કઈ રીતે આપવું, એ માટેના વિચારો હવે શરૂ થયા. બાળકોના ઘરની પરિસ્થિતિનું અવલોકન કરવાનું ઠરાવ્યું. તેને પરિણામે જણાયું કે બાળકોના પિતા, કાકા, મામા વગેરે સર્વ પુરુષો મુંબઈ નોકરીએ ગયેલા હોય છે. તેઓ વરસમાં દસ-પંદર દિવસ ઘેર આવી જાય છે. તે વખતે તેમની પાસેથી બાળકોને ફક્ત લાડ જ લડાવવામાં આવે છે. તે સિવાય બધો વખત અભણ માની પાસે રહેવાનું. છોકરાં માને ગાંઠતા જ નથી. ફાવે ત્યારે જમવા આવે, ફાવે ત્યારે રમવા જાય. નાહ્યા તોય ઠીક, ન નાહ્યા તોય ઠીક. મા કશી પંચાતમાં પડતી નથી. કોઈ વાર છોકરા હદ ઉપર તોફાન કરે તો હાથમાં લાકડી લઈને મા એની પાછળ પડે. છોકરો નાસી જાય. કોઈવાર હાથ પડે તો પેટ ભરીને માર ખાય, પણ તરત જ થોડા વખતમાં જ તે તેનો બદલો લઈ લે છે. એવી રીતે છોકરાઓ બેદરકારપણે વર્તન કરે છે. પણ છોકરીઓનું આથી ઊલટું છે. તે તો કામમાં પરોવાયેલી રહે છે. ઘરકામ કરવું, નાનાં ભાંડુઓને સંભાળવાં. ટોપલીઓ બનાવવાનો પોતાનો ધંધો શીખવો વગેરે સર્વ કામ છોકરીઓને કરવું પડે છે. છોકરાઓને ટોપલી બનાવવાનું કામ, તેઓ પાછળ લાગે તો ય, મા આપતી નથી. 'તારે તો નોકરી કરવાની. તારે ટોપલીઓ બનાવીને શું કરવું છે' એમ કહીને મા એને એ કામમાંથી બાતલ કરે છે.

આવી રીતે ઘરે આખો દિવસ ધૂળમાં રખડનારાં છોકરાં શાળામાં ઘડીએઘડી સોટીની બીકે મૂગાં બેસતાં; પણ એ સોટી ભાંગી ગયેલી જોઈને એમનું ખરું સ્વરૂપ પ્રગટ થવા લાગ્યું તેમાં શી નવાઈ? આ ઉપર કળશ ચઢાવનારી વસ્તુ તે દરેક જણ—નાનાંમોટાં સૌ—તાડી પીનારાં છે

આવી રીતે બાળકોનું અવલોકન ઘર અને શાળા એ બન્ને સ્થળે કર્યા બાદ એક નવી જ યોજના કરી. એક દિવસ અમે સૌ સમુદ્ર ઉપર ગયાં. જીવતા શંખ અને માછલાં પકડી આણ્યાં અને અમારા જલઘરમાં મૂક્યાં. એ કામ ચાલુ હતું ત્યારે એને શું બાવા આપવું, કયાં, રાખવાં, કેવી રીતે રાખવાં, એકદરે એમને શી રીતે જિવાડવા એ માટે વાતચીત થતી હતી. બાળકો પોતાની મેળે જ વાતો કરતાં હતાં એ જોઈને મને આનંદ થયો. પછી કેટલાંક ઝાડ રોપવાનો વિચાર કર્યો. પણ ખુલ્લા મેદાનમાં બકરાં અને કુકડા કશું રહેવા દેતાં નહતાં. તેથી અમે માટલામાં બી વાવ્યાં અને તે ઊંચે ટીંગાડ્યાં. છોકરાઓ હોંશે હોંશે એને પાણી પાય છે, એનું નિરીક્ષણ કરે છે અને એનાં ચિત્રો પણ કાઢે છે. આ રીતે એમની લુપ્ત થયેલી મૃદુભાવનાઓ બહાર કાઢવાનો પ્રયત્ન ચાલુ છે અને તે સફળ થયો છે એમ કહેવામાં હરકત નથી.

૨૨, ફેબ્રુઆરી ૧૯૪૭

આજ શનિવાર છે. દર શનિવારે અમે ઝંડાવંદન કરીએ છીએ. શાળાનું આંગણું આપણું છે, તે સ્વચ્છ રાખવું જોઈએ, એ ભાવના આથી ધીમે ધીમે ઉત્પન્ન થઈ. થોડો વખત પણ શિસ્તબદ્ધ રીતે ઊભા રહેવાનો સંયમ પણ એથી તેમનામાં આવવા લાગ્યો.

ઝંડાવંદન કર્યા બદ અમે કોઈ પણ જોવાલાયક સ્થળે સહેલ કરવા ઉપડિયે છીએ. વિદ્યાર્થીઓ આ દિવસની આતુરતાપૂર્વક રાહ જોઈ રહે છે. શાળાની ચાર દીવાલો વચ્ચે બધાઈ રહેવું એ તેમના સ્વાતંત્ર્યપ્રિય દગાખોર મનને બિલકુલ રૂચતું નથી.

આજ અમે ઈંટની ભઠ્ઠી જોવા ગયાં હતાં. સૂકી માટીથી માંડીને ઈંટની ભઠ્ઠી સુધીની દરેક ક્રિયા છોકરાઓએ ભારે ઉત્સુકતાથી નિહાળી ઈંટો સૂકવવા માટે

હારબંધ કેવી રીતે ગોઠવવામાં આવે છે; ઇંટો પાડનારનો હાથ કેવો ઝટઝટ ચાલે છે, ભઠ્ઠી કેવી વ્યવસ્થિત રીતે ગોઠવેલી છે વગેરે જોઈને બાળકોને ખૂબ આશ્ચર્ય થતું હતું. અમે એક નાનકડી ટેકરી ઉપર જઈને બેઠાં. છોકરાંઓ બાજુની મજૂરી અને જંગલી ભીંડાનાં ઝાડ ઉપર ચઢ્યાં. કેટલાંક આજુબાજુનો દેખાવ જોવા લાગ્યાં અને કેટલાંક છોકરાં ડાળખીઓ તોડીને તેને પાંદડાં કેમ ફૂટે છે તેનું નિરીક્ષણ કરવા લાગ્યાં. એટલામાં પાછળના તળાવ ઉપર ઢોર પાણી પીવા આવ્યાં. ભેંસો જતાંવેંત પાણીમાં પડી અને તરવા લાગી, પણ ગાયો અને બળદ કાંઠા પર ઉપર રહીને જ પાણી પીતા હતાં. મેં બાળકોનું ધ્યાન એ તરફ દોર્યું તે સાથે જ ગાય અને ભેંસની સર્વપ્રકારની તુલના બાળકોની વાતચીતમાં સહજ રીતે ચાલવા લાગી.

આવી રીતે થોડી વાર મજા કરીને થોડો નાસ્તો કર્યો અને પછી સૌ પાછાં ફર્યાં. એક પ્રકારનો અપૂર્વ આનંદ અને કંઈક નવીન પ્રદેશ મેળવ્યાના વિજયની ભાવના, દરેકના ચહેરા પર દેખાતી હતી. પહેલાંની ગાળાગાળી તથા મારામારી કરવાની ચળ ધીમે ધીમે ઓછી થવા લાગી હોય એમ જણાય છે. વ્યવસ્થિતપણું અને સ્વાતંત્ર્ય, એ બન્નેનો અનુભવ આજ તેમણે આપ્યો હતો અને એ તેમને અત્યંત મીઠો લાગ્યો હતો.

(ચાલુ) **અનસૂયાબેન વાઘ**

ઈનામ અને હરીફાઈ

ફેબ્રુઆરી માસમાં મુંબઈના એક મૉન્ટેસોરી પદ્ધતિથી ચલતા બાલમંદિરના વાર્ષિકોત્સવને પ્રસંગે મારી સંસ્થાપર આમંત્રણપત્રિકા હોવાથી જવા ભાગ્યશાળી થઈ શકયો હતો.

બાળકોએ અને શિક્ષકોએ કરેલ હસ્તવ્યવસાયનું પ્રદર્શન, બાળકોનાં અભિનયગીતો અને નાટકોના પ્રોગ્રામ પણ જોવા મળ્યા હતા, અને તે બાદ બાલમંદિરનો અહેવાલ વંચાયો, જેમાંથી સાંભળવા મળ્યું કે "ચાલુ સાલના વાર્ષિકોત્સવ પ્રસંગે બાળકોની જુદા જુદા વિષયોની હરીફાઈ રાખવામાં આવી હતી અને તેમાં પ્રથમ આવનાર દરેક બાળકને ઇનામ આપવામાં આવનાર છે"

આ સાંભળતાં જ હું તો મૂઝાયો. ખરેખર ખૂબ જ મૂંઝાયો, કે આ શું? શું પૂ. તારાબેન હવે ઘરડાં થયાં છે એટલે તેમના અધ્યાપન મંદિરમાં વ્યાખ્યાનો આપતાં કંઈકને બદલે કંઈક બોલી નાખતાં હશે, કે પછી મારા કાનનો દોષ હશે, કે પછી આ સંસ્થાની જ ભૂલ હશે? પણ ના, મને બરાબર યાદ છે કે એક દિવસ પૂ. તારાબેને ખૂબ જ ભારપૂર્વક કહેલ કે મૉન્ટેસોરી પદ્ધતિમાં ઇનામ અને હરીફાઈને બિલકુલ સ્થાન નથી. તેને તો અત્યારની શાળાઓમાં ચાલતાં અનિષ્ટોમાં ગણેલ છે; અને આવું તો મેં ખુદ મેડમ મૉન્ટેસોરીને મોંએથી પણ સાંભળ્યું છે. એટલે પૂ. તારાબેને ભાષણ આપતાં બોલ્યું નહિ હોય, કે મારા કાનનો દોષ પણ નહિ હોય. કદાચ આ સંસ્થાને જ આ વાત કબૂલ નહિ હોય, બલ્કે ઇનામ, હરીફાઈ આવશ્યક જણાતાં હશે.

આ વિચારની ગડમથલમાં હતો ત્યાં તો મારી સંસ્થાને એક બીજા બાલમંદિર તરફથી વાર્ષિકોત્સવની આમંત્રણપત્રિકા મળી, જેના કાર્યક્રમમાં પણ બાળકોના ફેન્સી ડ્રેસની હરીફાઈને સ્થાન આપવામાં આવ્યું હતું.

ઇનામ અને હરીફાઈના ગુણદોષોની વિચારપરંપરાંથી મને સમજાય છે કે આ લોકો બાળકને આગળ વધારવા માટે હરીફાઈને પ્રેરક સાધન ધણે છે તે ગંભીર ભૂલ છે. અત્યારે નજર નાખશો તો કેળવણી તો શું, પણ કોઈપણ ધંધામાં આગળ આવવા માટે, એટલે કે લોકોને આંધળા બનાવવામાં હરીફાઈ અને ઇનામની પ્રથા દેખાય છે. કુમળાં બીચારાં બાળકના કૂંણાં માનસ ઉપર આપણે બાળકોનું ભલું કરવા જતાં કેટલું બૂરું કરીએ છીએ તે જોવાને આપણી આંખ હજી ખુલ્લી નથી જ થઈ લાગતી. કેમકે જો આંખ ખુલ્લી હોય તો જરૂર દેખાય જ કે ઇનામ મેળવનાર બાળક બાકીના બધાંને કેટલા તુચ્છ સમજે છે! એટલે કે પોતે શ્રેષ્ઠતાનુભવ થીથી પીડાય છે, અને એ રીતે તે બાકીનાં બધાનો દુશ્મન બની રહે છે. બીજા શબ્દોમાં કહીએ તો હરીફાઈમાંથી દંભનો જન્મ થાય છે, હરીફાઈ વેરને પોષે છે, અને એ રીતે માણસના કુદરતીપણાંને દોષિત બનાવે છે, જેનાથી સહકારભૂખ્યા માણસનો સહકાર મેળવવાનો રસ્તો બંધ થઈ જાય છે. બીજો વિચાર કરતાં, એક બાળક કંઈ બધાજ વિષયોમાં પહેલો નહિજ આવે, એટલે જેમાં પોતે પહેલો આવ્યો હોય તેનેજ ટકાવી રાખવા કે

આગળ વધવામાં જ પોતાની દૃષ્ટિ કેન્દ્રિત કરશે, જેથી આપોઆપ તેના બીજા અંગોનો વિકાસ અટકી પડશે. વળી, જેને એક વખત હરીફાઈનો ચસકો લાગ્યો, તેને હરીફાઈ સિવાય ચેન જ નહિ પડે. એ રીતે હરીફાઈમાં ચા, બીડી, કે દારૂના જેવો તેમાં નશો છે, અને નશો માણસને નુકસાન કરે એ વાત તો નિર્વિવાદ જ છે.

બાલમંદિરોના ચાલકો અને શિક્ષકોનું કામ તો સૌથી વધારે જવાબદારીભર્યું છે. આપણે તો દરેક બાળકના માનસને ઓળખી, તેને વ્યક્તિગત શિક્ષણ આપી, તેનો સર્વાંગી વિકાસ કેમ થાય તે જોવાનું અને તેવો વિકાસ કરી આપવાનો છે જ્યારે આપણે જ આપણું કર્તવ્ય ભૂલીશું તો બીજાઓ પાસેથી આપણે શું આશા રાખી શકીશું?

એક વાતથી મને દુઃખ થાય છે કે મોન્ટેસોરી પદ્ધતિ પ્રમાણે શિક્ષણ આપતી સંસ્થા તરીકેનુ પાટિયુ મારી, વેપાર કરતી ઘણીએ વેપારી સંસ્થાઓ મુંબઈમાં છે જ, પણ મને સૌથી વધારે દુઃખ તો તેનુ થાય છે કે આ પ્રથા અને અનુભવ મને જે બાળમંદિરમાંથી થયો તે તો નૂ. બા. શિ. સંઘ સાથે જોડાયેલ સાર્વજનિક સંસ્થા છે. સંઘ સાથે જોડાયેલ સંસ્થામાંથી આવુ બધુ જોવા મળે, તો પછી સાચા ધ્યેયથી કામ કરતી બીજી સંસ્થાઓની શું દશા? કોઈ પણ મોન્ટેસોરી સિદ્ધાન્તોનો અભ્યાસી સંઘ સાથે જોડાયેલી સંસ્થામાં આવું જુએ તો સંઘ માટે એ કેટલો વિશ્વાસ રાખી શકે? મને તો લાગે છે કે આવી મોટી મોટી ભૂલો આપણે કરીશું તો આપણી આ નવી પદ્ધતિના ફાયદા કદીએ કોઈને બતાવી નહિ જ શકીએ.

સંસ્થાના ચાલકોને કદાચ એમ લાગતું હશે કે માબાપોને આકર્ષણ તો જોઈએ જ. આપણી સંસ્થા સારી કહેવાય, કે વાહવાહ બોલાય. મને નથી સમજાતુ કે હરીફાઈ કે ઈનામની પ્રથાથી વધારે આકર્ષણ કરી શકાય, અને કદાચ તેમ થતુ હોય તો પણ સિદ્ધાન્તોનું ખૂન કરી લોકોને આંજી નાખવાનું નીચ કૃત્ય તો આપણને ન જ શોભે.

દેવદત્ત પટેલ

સંપાદકીય નોંધ

ગ્રામ બાલશિક્ષાકેન્દ્ર, બોરડીઃ સત્રાંત સમારંભ

ગ્રામ બાલશિક્ષાકેન્દ્ર બોરડીનો સત્રાંત સમારંભ તા. ૫–૬–૪૭ ગુરુવારના રોજ માનનીય શ્રી. મગળદાસ પકવાસાના અધ્યક્ષપદે ઉજવાયો હતો. ગયા ઑકટોબર માસથી શરૂ થયેલો ગ્રામબાલઅધ્યાન મંદિરનો આઠ માસનો અભ્યાસ પૂરો કરી ૨૮ ભાઈબહેનો બહાર પડનારે હતાં તેમને આશીર્વાદ આપવા અને ગ્રામ બાલશિક્ષણકેન્દ્રની પ્રગતિ નીહાળી તેને સહાય કરવા શ્રી. પકવાસાસાહેબ ખાસ પધાર્યા હતા. તેમની સાથે અખિલ ભારત મહિલા પરિષદનાં પ્રમુખ લેડી રામરાવ, ભાટિયા સ્ત્રીમંડળનાં મંત્રીઓ શ્રી સુશીલાબેન તથા શ્રી. બાબીબેન મૂળજી, શ્રી. સરોજબેન ચોધ તથા અન્ય બહેનો મુંબઈથી ખાસ આવ્યાં હતાં. બોરડી–ધોલવડની સાર્વજનિક સસ્થાઓના ચલકો તથા સદ્‌ગૃહસ્થો અને સન્નારીઓથી બાલવાડીનો હૉલ ચીકાર ભરાઈ ગયો હતો. બાળકોનાં ગીત, નૃત્ય અને નાટકપ્રયોગ, અધ્યાયનમંદિરની બહેનોના ગરબા વગેરે મનોરંજક કાર્યક્રમ પૂરો થયા બાદ ગ્રા. બા શિ. કેન્દ્રના સંચાલિક શ્રી. તારાબેન મોડકે પોતાનાં બે વર્ષનાં કાર્યની રૂપરેખા દોરતાં ગામડાંનાં કાર્યમાં નડતી મુશ્કેલીઓનું હૃદયદ્રાવક ચિત્ર રજૂ કર્યું હતુ અને ગમે તેવી મુશ્કેલીઓ છતાં આગળ ધપ્યે જવાની પોતાની શ્રદ્ધા વ્યકત કરી હતી.

પ્રમુખસ્થાથી પ્રમાણપત્રવિતરણની વિધિ કર્યા બાદ શ્રી. મંગળદાસભાઈએ આવાં ગ્રામસેવાનાં કાર્યની મુશ્કેલીઓનો પોતાનો અનુભવ કહી સંભળાવ્યો હતો અને શ્રીમતોને આર્થિક સહાય કરવા અનુરોધ કર્યો હતો. બાલશિક્ષણ દ્વારા ગ્રામસેવા કરવા જતી બહેનોને આશીર્વાદ આપતાં ચારિત્ર્યથી જ ગ્રામસેવા થઈ શકશે એ વસ્તુ પર ભાર મૂકયો હતો. હૃદયની સ્વચ્છતા અને મજબુતાઈ હશે તો જ આ કાર્યની સફળતા થશે એમ જણાવી પોતાના અંતરના આશિષ આપ્યા હતા.

લેડી રામરાવે બાળકોની તંદુરસ્તી પર ભાર મૂકયો હતો. માબાપોને, સમાજસેવકોને અને સરકારને એ વસ્તુ તરફ ધ્યાન આપવા ખાસ ભલામણ કરી હતી.

સમારંભની સફળતા ઇચ્છતા સંદેશાઓ મોકલનારમાં સંઘપ્રમુખ શ્રી. સરલાદેવી સારાભાઈ, શ્રી. તારાબેન પ્રેમચંદ, શ્રી. જુગતરામ દવે, શ્રી૦ હરભાઈ ત્રિવેદી, શ્રી૦ મગનભાઈ વ્યાસ, શ્રી૦ મોંગનભાઈ દેસાઈ, શ્રી૦ ઈંદુમતી શેઠ, શ્રી૦ રમણાશંકર પંડિત, શ્રી૦ જમુભાઈ દાણી વગેરે મુખ્ય હતાં.

સમારંભ પ્રસંગે થતાં ફૂલપાંખડી રૂપે સંસ્થાને પાંચસો જેટલી રકમનુ દાન જાહેર થયુ હતું. બોરડી ધોલવડ તરફથી શેઠશ્રી મસાણીએ સંસ્થાને સહાય કરવાનુ અભિવચન આપ્યુ હતું.

પહેલા તથા બીજા સત્રમાં અધ્યાપન મંદિરનો લાભ લેનાર ભાઈબહેનોની સંખ્યા પાંત્રીસની હતી. જેમાં કસ્તુબા સ્મારક ટ્રસ્ટની ૨૪ બહેનો હિન્દના જુદા જુદા પ્રાન્તોમાથી તાલીમ લેવા આવી હતી.

(અનુસંધાન પૂઠાને ત્રીજે પાને)

શિક્ષણપત્રિ નો

બાલવિભાગ

વર્ષ પહેલું : અંક પાંચમો : જૂન, ૧૯૪૭

દાદા ની હરણી

દાદાની હરણી બહુ નાની
રમતી વાડા માંહ્ય;
કૂંણું કૂંણું ઘાસ ચરતી
ફરતી શીળી છાંય.

એક સવારે હરણી એને
કર્યો ન વિચાર;
જંગલભરમાં છૂટી ચરવા
રમતી ભમતી જાય.

હરણી ચાલી હરતી ફરતી
ઝરણાં ખળખળ થાય;
લીલું લીલું ઘાસ ચરીને
મનમાં બહુ મલકાય.

એવામાં એક દીપડે દીઠી
હરણી ઝરણા પાસ;
ટપાક લઈને તરાપ મારી
મનમાં રાખી આશ.

દાદાની બંદૂક ત્યાં ફૂટી
દીપડો દોડી જાય;
હરણી કોટે વળગી પાછી
લાડકવાયું બાળ.

દાદાએ પંપાળી પ્રેમે
લાવ્યા વાડા માંહ્ય;
ત્યાર પછી ના કદાપીયે
હરણી નાસી જાય.

દાદાની હરણી બહુ સારી
રમતી ભમતી જાય;
રોજ સવારે દાદા સાથે
ફર ફર ફરવા જાય.

નટુભાઇ આચાર્ય

કેરી

કેરી મીઠી મીઠી લાગે આપા !
મીઠી મીઠી લાગે કેવી ! – કેરી
પાકી કેરી મજાની મીઠી લાગે;
મીઠી લાગે ને બચુ હોંસે માગે – કેરી

કેરી ખાટી ખાટી લાગે આપા
ખાટી ખાટી લાગે કેવી !
કાચી કેરી મજાની ખાટી લાગે–
ખાટી લાગે જરા તૂરી લાગે–
કાચી કેરી મજાની તૂરી લાગે–

કેરીની કુંજમાં રસ ને રોટલી
ખાતાં ખાતાં સ્વાદ ઓર જ લાગે – કેરી

નાનાં બચુડિયાં ! મોટાં ગટુરિયાં !
કેરીને જોઇ જોઇ કેવાં રાચે !
કેવાં રાચે ભાઇ કેવાં રાચે !
નાનાં બચુડિયાં કેવાં રાચે – કેરી

નટુભાઈ આચાર્ય

કોયલ

જો પેલી આંબા ની ડાળે
ટૂહુ ટૂહુ ટહુકા કરતી રે
છા ની મા ની કોણ છુપા ઈ
સંહુના દિલડાં હરતી રે – જો૦


નાજુક ડાળી સહેજ નમાવી
મંજરીઓ એ ચણતી રે
ઊડતાં નીચે આવે ત્યારે
અમને અતિશય ગમતી રે – જો૦

રંગે કેવી શ્યામ ચમકતી
વાંકી પૂછડી ફરકે રે
વસંત—વરણી ચદા એ તો
દેશ વિદેશે ફરતી રે – જો૦

વાયુ આવી ડાળ ઝુલાવે
નવ—દિલડાં ડોલાવે રે
મીઠા મધુરા ટહુકા કરતી
ઝુલતી કોયલરાણી રે – જો૦

નટુભાઈ આચાર્ય

આઈનો પત્ર : અધપૂડો



પત્ર પહેલો

.....

૨૧, મે ૧૯૪૭

જય હિંદ

પ્રિય બાળકો,

હું કયાં છું? કહુ? પણ નહિ. મોહિની રિસાઈ જશે. એનો ભેદ મારાથી શી રીતે બોલાય?

અહીં બૂબ મજા છે. ઊંચા ઊંચા ડુંગરા અને નીચી નીચી બીણો, લાલ લાલ માટી અને લીલમલીલી ઝાડી. તમારામાંથી કોઇએ કદી જોયું છે આવું આવું? અને મધમાખીઓના તો અહીં બે ગામ છે, એક મધુકોશ અને બીજું મધુસાગર. એક એક ગામમાં અનેક ઘરો છે. સો બસો તો હશે જ! જોયું છે કોઇ દિવસ મધમાખીઓનું ઘર? ઝાડ ઉપર અથવા ઘરની છત નીચે! તમે મહોલ્લા જોયા હશે અને પેળો જોઇ હશે. પણ અહીં હું જેની વાત કરુ છું તે ગામના ઘરો એવા નથી, જુદી જ જાતના છે. કબૂતરનાં માળા જોયા છે ને? એની પેઠે જ થાંભલા ઉપર હોય છે આ ઘરો. આ ઘરો લાકડાનાં હોય છે, ને ઉપર ઢાંકણ હોય છે પેટીના જેવું, પણ સાંકળ નથી હોતી. અંદર હોય છે બીણ. ઘરમાં દાખલ થવાનો રસ્તો નીચે થઇને હોય છે. એક એક ઘરમાં સંખ્યાબંધ મધમાખીઓ વસે છે—ગણી ગણાય નહિ એટલી. તેમની એક

રાણી પણ હોય છે. આ રાણી રોજ બેથી ત્રણ હજાર ઈંડા મૂકે છે! કેટલાક દિવસો પછી એ ઈંડાઓમાંથી ઝીણી ઝીણી ઈયળો નીકળે છે, પછી એ ઈયળોને પાંખ ફૂટે છે અને પછી બને છે એ મધમાખી! રાણી બનવાને માટે અઢાર દિવસ લાગે છે. કામ કરનારી મધમાખી બનતા એકવીશ દિવસ લાગે અને નર મધમાખી બનતા ચોવીસ દિવસ લાગે છે.

આટલી મધમાખીઓ કેટલું બધું મધ આપે? એ મધ ભેગું કરવા માટે તો મધમાખીઓ બાગમાં અને જંગલમાં—જ્યાં ફૂલના છોડ ખીલ્યા હોય ત્યાં પહોંચી જાય છે. ભમરા ફૂલમાંથી મધ ચૂસે છે ને? મધમાખીઓ પણ મધ ચૂસે છે. થોડુંક પોતે ખાય અને બાકીનું ઘેર લાવે છે. કીડીઓ સાકર ખાય છે અને મકોડા ગોળને ચોટે છે. તમને પણ મીઠું મીઠું ખાવાનું ભાવે છે ને?

મારો પત્ર તો ગમ્યોને તમને? હવે પૂરો કરું. તમે છો કયાં? ઉલ્લાસ અહીં આવ્યો હતો, કાલે પૂના ગયો. ગયે વરસે સુધીર અને સુધા માથેરાનમાં મળ્યાં હતાં. આ વખતે પૂનામાં બીજું કોઇ મળ્યું નહિ. કારણ કે આ વખતે અમે ગામમાં નથી રહેતા—દૂર સ્ટેશનની પેલી પાર વાડિયા કૉલેજ છે ને, ત્યાં રહીએ છીએ.

એક દિવસ તમે બધાં અહીં આવો અને અમારી મિજબાની ચાખો.

આવશો ને! નમસ્તે!

તમારી બાઈ

મદદ કરો

આજકાલ દેશભરમાં ગ્રામ પુનર્ઘટનાનું કાર્ય જોરશોર શરૂ થયેલું છે. ગામડાંમા કામ કરતી બાલશિક્ષણ, રાષ્ટ્રીય શિક્ષણ અને લોકશિક્ષણની સંસ્થાઓ તરફથી 'શિક્ષણપત્રિકા' વિનામૂલ્યે મોકલવા અમારી ઉપર વિનંતિપત્રો આવે છે. અગાઉ અમે કેટલીક સંસ્થાઓને એ રીતે પત્રિકા મોકલતા હતા આજની મોંઘવારીમાં વિનામૂલ્યે પત્રિકા મોકલવી અશક્ય છે, તો ગ્રામપુનર્વિધાનનાં મહત્ત્વના કાર્યમાં સહાય કરવા ઇચ્છતા સહૃદયી શ્રીમંતોને ઉપરોક્ત સંસ્થાઓને વિનામૂલ્યે પત્રિકા પહોંચાડવા પોતાનો ઉદાર હાથ લંબાવવા અમારી વિનતિ છે. આપની રકમ નીચેને સરનામે મોકલશો:

બાબીબેન મૂળજી, વ્યવસ્થાક: 'શિક્ષણપત્રિકા'
શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ ૬.

(પૃષ્ઠ ૮૮ થી ચાલુ)



આમાં અંગે બાલવાડીનાં બાળકો તથા અધ્યાપનમંદિરનાં ભાઈબહેનોએ કરેલા હસ્ત-વ્યવસાયનું નાનકડું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. [illegible]સકામ, કેળનાં પાન ઉપરનું કામ, શંખછીપ[illegible] કામ, કાગળકામ, કાતરકામ અને ભરત-ગૂંથણના નમૂના મૂકવામાં આવ્યા હતા. મનુષ્યનાં આંગળામાં કેવી મનોરમ વિવિધતા, કેવી અદ્‌ભુત કલા કુદરતે મૂકી છે અને તેને વિકસવાની તક મળે તો આસપાસ ખૂલી પડેલી કુદરતમાંથી કેવી સુંદર કલાકૃતિ નિર્માણ થાય તેનું દૃષ્ટાંત આ પ્રદર્શન પૂરું પાડતું હતું

અભિનંદન

મેડમ મૉન્ટીસોરીનું નામ ગુજરાતમાં સૌ પ્રથમ લાવનાર દરબારશ્રી ગોકુળદાસ દેસાઈને પચીસ વર્ષના વનવાસ પછી તેમની ગાદી પાછી મળી છે. સ્વ૦ ગિજુભાઈને મેડમ મૉન્ટીસોરીનો પરિચય કરાવનાર પણ તેઓ જ હતા. પોતાનાં બાળકોની કેળવણી માટે દરબાર-સાહેબે મૉન્ટીસોરી પદ્ધતિનો પ્રયોગ શરૂ કરાવ્યો હતો અને તેમની જ પ્રેરણાથી સ્વ૦ ગિજુભાઈએ પોતાના પુત્ર ઉપર એ પ્રયોગ અજમાવ્યો. બાલશિક્ષણમાં નૂતન યુગ પ્રગટાવનાર મૉન્ટીસોરીના સિદ્ધાંતો દરબારસાહેબે અપનાવ્યા તે જ પ્રમાણે જગતશાંતિમાં નવયુગ પ્રગ-ટાવનાર સત્ય–અહિંસાના મહાત્માજીના સિદ્ધાંતો પણ તેમણે અપનાવ્યા અને એ સિદ્ધાંતોનું પાલન કરતાં ટેકને ખાતર તેમણે હસ્તે મોંએ ગાદીત્યાગ કર્યો. આજ પચીસ વર્ષ બાદ સત્ય અને તપશ્ચર્યાના વિજયરૂપે તેઓ-શ્રીને ગાદી પાછી મળી તે બદલ અમને હર્ષ થાય છે. દરબારસાહેબ તથા શ્રી. ભક્તિબાને અમારાં અનેક અભિનંદન.

ભારતવિદ્યાલય : કરાડી

૧૯૩૦ ના સત્યાગ્રહસંગ્રામ વખતે સૂરત જિલ્લામાં દરિયાકિનારે આવેલું આ ગામ ગાંધીજીની છાવણી પડવાથી પ્રસિદ્ધ બન્યું. પરંતુ ૧૯૨૧ના અસહકાર યુગમાં જ કરાડીમાં એક રાષ્ટ્રીય શાળા સ્થપાઈ હતી અને આ શાળા મારફત કેટલાક મૂક સેવકો રાષ્ટ્રીય શિક્ષણનું કાર્ય કરી રહેલા હતા. હમણાં જ એ સંસ્થાને પચીસ વર્ષ પૂરાં થયાં. તેનો રૌપ્યમહોત્સવ તા૦ ૧૩–૧૪–૧૫ મેના રોજ ઉજ-વાયો. ઉત્સવના પ્રમુખ તરીકે અનુક્રમે શ્રી૦ નાનાભાઈ ભટ્ટ, શ્રી૦ તારાબેન મોડક, શ્રી૦ મોતીભાઈ વીણુ અને શ્રી૦ ગણેશ વાસુદેવ માવલંકર હતા. ગુજરાતમાં રાષ્ટ્રીય શિક્ષણનાં મૂળ ઊંડાં નાખનારી, આંગળીને વેઢે ગણી શકાય એવી જે થોડી સંસ્થાઓ છે તેમાં કરાડીનું આ વિદ્યાલય છે. કિનારાનાં ગામોમાં આ સંસ્થાએ લોકોના હૃદયમાં સ્થાન મેળવ્યું છે અને લોકજીવનમાં અનેકવિધ ક્રાંતિ જન્માવી છે એ એની સફળતાની નિશાની છે. આજના સક્રાંતિ કાળમાં વિદ્યાલયે પચીસ વર્ષની લાંબી મજલ પૂરી કરી તે બદલ અભિનંદન ઘટે છે અને પડોશના પ્રદેશમાં લોકહૃદયમાં સંસ્કારસિંચન કરતી એ ચિરંજીવ બને એવી અમારી શુભેચ્છા છે.

ભાવનગરનો સંસ્કાર-વર્ગ

અગાઉ જાહેર થયા મુજબ નૂતન બાલશિક્ષણ સંઘની કાઠિયાવાડ શાખા તરફથી બાલકેળવણીના ગ્રીષ્મવર્ગો ભાવનગરમાં દ. મૂ. બાલમંદિર ઉપર તા. ૧૯–૫–૪૭થી ૨૯–૫–૪૭ સુધી ચાલ્યા હતા. શ્રીમતી તારાબેન મોડક આ વર્ગો ચલાવવા મુંબઈથી ખાસ પધાર્યાં હતાં. વર્ગનું ઉદ્‌ઘાટન સંઘના આજીવન સભ્ય શેઠશ્રી ભોગીલાલભાઈએ કર્યું હતું. વર્ગનો લાભ ૩૦ જેટલાં ભાઈબહેનોએ લીધો હતો.

વર્ગ દરમિયાન રોજ સાંજે ૫–૩૦થી ૬–૩૦ સુધી બાળકેળવણી ઉપર જાહેર વ્યાખ્યાનો રાખવામાં આવ્યાં હતાં. આ કાર્યમાં શ્રી. નાનાભાઈ ભટ્ટ અને શ્રી. હરભાઈ ત્રિવેદી જેવા જાણીતા કેળવણીકારોએ સાથ આપ્યો હતો.

શિક્ષકોને બાલમંદિરનાં કામનો પ્રત્યક્ષ પરિચય આપવા માટે શ્રી. મોંઘીબેન બંધેકા તથા શ્રી. નરેંદ્ર બંધેકાએ બાલમંદિર ચલાવ્યું હતું.

શ્રી. ઇંદિરાબેન ભટ્ટ તથા શ્રી. શાંતિલાબેન ત્રિવેદીએ ખાસ આમંત્રણથી 'માબાપની દૃષ્ટિએ બાળકેળવણી' એ વિષય ઉપર પોતાના વિચારો રજૂ કર્યા હતા.

દરિયાકિનારે આવેલ કૂડાનો મોટરપ્રવાસ થયો હતો. રાત્રિપ્રવૃત્તિ માટે એક વખત મોરતળાવની સહેલ-ગાહે ગયા હતા. શ્રી. માનભાઈના શિશુવિહાર તથા મજૂર બાલમંદિરની સૌએ મુલાકાત લીધી હતી.

બાલમંદિરને લગતાં વાર્તા, સંગીત, સામાજિક, તાલીમ, નાસ્તો, પર્યટન, સાધનમીમાંસા, સ્વાતંત્ર્ય, સ્વયંસ્ફૂર્તિ વગેરે અનેકવિધ વિષયો ઉપર મુ. તારાબેનનાં તથા તેમની દોરવણી નીચે અન્ય વકતા-ઓનાં વ્યાખ્યાન થયાં હતાં.

શ્રી૦ શામજીભાઈએ બાલમંદિરને લગતી રમત-ગમત શીખવાડવા માટે રોજ સાંજે રમતનો કાર્યક્રમ ગોઠવ્યો હતો.

માત્ર દસ જ દિવસના ગાળામાં ઘણું કામ કરવાનું હોઈ સવારના સાડા પાંચથી માંડીને આખો દિવસ પ્રવૃત્તિ ચાલતી હતી.

એકંદરે આ વર્ગનો લાભ શિક્ષાર્થીઓએ સારી પેઠે ઊઠાવ્યો હતો.

આખો સંભારંભ સારી રીતે પૂરો થયો હતો.


પ્રેમશંકર ભટ્ટ,
મંત્રીઃ કા૦ વિભાગ

સર્જનશક્તિનું ખૂન

અરુંધ સર્જન શાંતિ, પ્રસન્નતા, એકાગ્રતા, નિર્ભયતા, સ્વાતંત્ર્ય અને સ્વયં-સ્ફૂર્તિમાંથી આવે છે. ગૃહ, શાળા કે જીવનસમસ્તમાં જ્યાં આનો અભાવ છે ત્યાં સાચાં સર્જનોના સાંસા છે. આજની નિર્મળ કલાકૃતિની દરિદ્રતા અને આપણી ઊતરી ગયેલી રસિકતા આપણે સ્વાભાવિક સર્જનોમાં કયાં છીએ તેનો પ્રત્યક્ષ પુરાવો છે. જીવનસમસ્તને વિલોકો તો જણાશે કે તે સત્યથી દૂર ને દૂર જ જતું જાય છે; ને અસત્યજીવી જનતામાંથી સત્યસર્જનો કયાંથી સંભવે? સર્જનના પ્રણેતા દુશ્મનો શિક્ષા, ઇનામ, પરીક્ષા અને પ્રદર્શન છે. શિક્ષાના ભયથી મનુષ્ય કાં તો છૂપાં સર્જનો કરે છે અથવા તો તેનો સર્જનનો પ્રાણ ભયભીત થઇ ભાગી જાય છે. છૂપાં કે વિકૃત સર્જનોના જ્વલંત દૃષ્ટાંતરૂપે આપણી સામે આજની જેલો, દવાખાનાંઓ અને પાગલઘરો પડેલાં છે. ઇનામ અને સ્પર્ધાએ ઉત્પન્ન કરેલ આજના સ્વાર્થી વેપારો, યુદ્ધો અને રાજનીતિઓ આપણી સામે જીવંત છે. એક તરફ પરીક્ષાથી અહિર્મુખ થઇ ગયેલ મનુષ્ય કેટલો ઉપલકિયો, દંભી, ઢોંગી અને ઠગ થયેલો છે, કેટલો એ મિથ્યાભિમાની અને અહંભાવી બનેલો છે, તો બીજી તરફ એ જ કારણે તે કેટલો નિરાશ, નિરુત્સાહ, આત્માનું પણ અપમાન કરનારો અને જીવનરહિત થઇ ગયેલો છે, તે આપણે સ્થળે સ્થળે જોઇએ છીએ. પ્રદર્શનોએ આપણને પરજીવી, ખુશામતખોર ને ગુલામ બનાવ્યા છે. આપણી આજની કેટલી યે રંગભૂમિઓ, સરકસો, સંગીતના જલસાઓ ને નાયિકાના નાચો પ્રદર્શનોનાં ફૂળો છે. ઉકત ચાર કારણે મનુષ્યઆત્માનાં સર્જનો વિકૃત કે વિલય પામતાં જાય છે. ગૃહ અને શાળા જો બાળકોને આમાંથી બચાવી લે તો સાચાં સર્જનોની આશા છે, નહિ તો બાળકોનાં ને તેથી સમસ્ત જનતાનાં સર્જનો ઉપર કાતિલ છરી તો ઊભી જ છે!

ગિજુભાઈ

મુદ્રકપ્રકાશકઃ ગો. ર. કુલકર્ણી, ૧૧૭, હિંદુ કોલોની, દાદર મુંબઇ ૧૪, મુદ્રણસ્થાનઃ સ્ટેટસ પીપલ પ્રેસ, ૧૩૮, મેડોઝ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ



શિક્ષણપત્રિકા

જુલાઇ ૧૯૪૭

વર્ષ ૨૨ અંક ૭

અનુક્રમણિકા

વિષય	લેખક	પૃષ્ઠ
સિદ્ધાંજન	નાનાભાઇ ભટ્ટ ...	૯૯
નૂતન બાલશિક્ષણ સંઘનું કાર્ય ...	તારાબેન મોડક ...	૯૦
બોરડીનાં મીઠા બોર	પ્રતાપરાય યાજ્ઞિક ...	૯૩
બુનિયાદી તાલીમશાળાની રોજનિશિ	અનસૂયાબેન વાઘ ...	૯૫
માણસાઇનો લોપ	રામભાઇ પાઠક ...	૯૬
રમકડું બોવાયું	વસંત દેસાઇ ...	૯૮
સંપાદકીય નોંધ		૯૯
પૂર્વપ્રાથમિક અધ્યાપન નિયંત્રણ સમિતિ	તા. ...	
શિશુવિહાર બાલઅધ્યાપન મંદિર	તા. ...	

બાલવિભાગ

ગાય અને ગોકળગાય ...	નામલેભાઇ	... ૨૫
એક વહેલી સવારે ...	ચંદુલાલ પાઠક	... ૨૭
એક ચિત્ર તું એવું ચીતર ...	,,	... ૨૮
ગલુડિયું મારું ...	,,	... ૨૯

સૂચના

'શિક્ષણપત્રિકા'ના દરેક ગ્રાહકને સંઘનું સભ્યપદ આપોઆપ પ્રાપ્ત છે. એટલે કે શિક્ષણપત્રિકાનો દરેક ગ્રાહક એ સંઘનો સભ્ય પણ છે અને સંઘ તરીકેના દરેક હકકો એ ભોગવી શકે છે.

પત્રવ્યવહાર કરતી વખતે પોતાનો સભ્યનંબર અવશ્ય લખવો. જે સભ્યો પોતાનું સરનામું બદલવા ઇચ્છતા હોય તેમણે દરેક મહિનાની પહેલી તારીખ સુધીમાં પોતાના સભ્યનંબર સાથે જૂનું તથા નવું બદલાયેલું સરનામું વ્યવસ્થાપકને જણાવવું.

સામટા સભ્યોના લવાજમનો ચેક 'સેક્રેટરી, નૂતન બાલશિક્ષણસંઘ,' એ નામનો લખવો, અને તે વ્યવસ્થાપક ઉપર મોકલી આપવો. દરેક સભ્યે લવાજમની રકમ ચેકથી, મનીઓર્ડરથી અગર હાથોહાથ વ્યવસ્થાપકને સરનામે પહોંચાડવી.

સંપાદન તથા નિરીક્ષણ કાર્ય અંગેનો તમામ પત્રવ્યવહાર બાલવાડી, બોરડી, ધોલવડ થઇને B. B. C. I. Rly. એ સરનામે કરવો. પત્રિકા માટેના લેખો વગેરે પણ ત્યાં જ મોકલવા વિનંતિ છે.

લવાજમના દર

દેશમાં રૂા. ૩ : પરદેશમાં શિલિંગ ૭॥; છૂટક નકલ ૬ આના.

પત્રિકાની વ્યવસ્થા અંગેનો તમામ પત્રવ્યવહાર નીચેને સરનામે કરવા વિનંતિ છે.

શ્રી. બાબુભાઈ મૂળજી
વ્યવસ્થાપક, 'શિક્ષણપત્રિકા' કાર્યાલય,
શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર,
મુંબઇ ૬.

બાળમંદિરો માટે સાધનો

બાળમંદિર માટે સાધનો ખરીદતાં પહેલાં અમારું સૂચિપત્ર મગાવો.

દરેક સાધનો શાસ્ત્રીય પદ્ધતિથી બનાવવામાં આવે છે અને તે બધાં નિષ્ણાતોની દેખરેખ નીચે તૈયાર કરવામાં આવે છે.

સૂચિપત્રમાં જણાવેલ ભાવ ઉપર બાળમંદિરોને જ ૬ ૧/૪ ટકા કમિશન આપવામાં આવે છે.

તમારી જરૂરિયાત માટે લખો :

બનાવનાર: **નૂતન શિક્ષણ સાધનાલય એન્ડ આર્ટ વર્કર્સ લિમિટેડ**

વઢવાણ કેમ્પ (કાઠિયાવાડ).

નૂતન બાલશિક્ષણ સંઘની

શિક્ષણપત્રિકા

વર્ષ ૨૨ : અંક ૧૧] મુંબઈ [જુલાઇ, ૧૯૪૭

"સિદ્ધાંત"

ગામડાંમાં ગયા પછી મને બાલકેળવણી અંગે ઘણા ઘણા વિચારો આવે છે. એક બાજુ આપણાં શહેરનાં બાલમંદિરોમા આપણો પ્રયત્ન અને તે દ્વારા બાળકો તરફથી આપણને મળતો સંતોષ અને ઉલ્લાસ યાદ આવે છે, બીજી બાજુ ગામડાંમાં જઉ છું, ત્યાંની પરિસ્થિતિ જોઉં છું અને ગામડાંનાં બાળકો દેખું છું, ત્યારે એ ઉલ્લાસ ઓસરી જાય છે. આપણે ત્યાં કેળવણી ઉપર વિચાર કરનારા ઘણા જ ઓછા છે. ગામડાંની દશા ઘણીઘોરી નિનાની છે. મને આંબલામાંથી આ બીક પેસી ગઇ છે.

ઘણા માણસો એમ માને છે કે પ્રાથમિક, માધ્યમિક અને બાલમંદિરના શિક્ષકો ભણાવવાના કામને એક ધંધો ગણી બેઠા છે અને જીવતર સાથે તેનો સંબંધ નથી એમ તેઓ સમજે છે. કેળવણી અને જીવન જુદાં પાડી શકાય નહિ, પણ કેળવણીને જીવતરના એક પવિત્ર વ્યવસાય તરીકે માનનારા કેટલા છે? એક બાજુ આપણે શિક્ષકને આવતી કાલનો સર્જન ઘડનાર કહીએ છીએ પણ બીજી બાજુ આપણે જોઇએ છીએ કે કોઇને એકબીજાનું સ્નાનસૂતક આવતું નથી. જે કાંઇ જાણવું તે જીવતર માટે જાણી લેવુ જોઇએ. કોઇ પણ બાળકને કોઇ પણ સંજોગોમાં ન મારી શકીએ એ બરાબર વિચારવું જોઇએ. આ સિદ્ધાંત માત્ર શિક્ષકોને જ ઉપયોગના છે એમ નથી. પણ કોઇ પણ મનુષ્ય સાથેના વર્તનમાં દરેક જણે તે પાળવાના છે. શિક્ષણ આપીએ ને જીવન ન જીવીએ એ કાંઇ ચાલે? શાળામાં બાળકને ન મારવાનું કહો ત્યારે ચોર, નોકર અને મજૂર સાથે ગેરવર્તાવ રાખો તે કેમ ચાલશે?

જ્યાં સુધી આપણી બહિર્મુખ વૃત્તિ કેળવાઇ હોય અને અંતર્મુખ વૃત્તિ ન સુધરી હોય ત્યાં સુધી કેળવણીનો પ્રચાર યોગ્ય રીતે ન થઇ શકે. શિક્ષણ એ જીવતરની વસ્તુ છે; એ ધંધાદારી ન બની જાય તે લક્ષમાં રાખવાનું છે. જીવતરમાં એનો પ્રથમ ઉપયોગ થાય તો સાર્થકતા છે; નહિતર તે ઉપરછલું બનશે.

આપણે વસ્તુઓનો વિચાર જીવનદૃષ્ટિથી નથી કરતા. દરેક વસ્તુનું મૂલ્યાંકન જીવનવિકાસની દૃષ્ટિએ જ થવુ જોઇએ. શ્રી. ગિજુભાઇએ અધ્યાપનમંદિર સાથે જીવનમંદિર શરૂ કર્યું હતું તેની પાછળની કલ્પના એ હતી કે જીવનમંદિરમાંથી જ સાચું બાલમંદિર અને અધ્યાપનમંદિર નીકળશે.

જુદી જુદી કેળવણીની પદ્ધતિઓનાં કેન્દ્રમાં જુદી જુદી કલ્પના અને વ્યક્તિઓને સ્થાન મળેલું છે. વર્ધા-યોજનામાં આપણે ઉદ્યોગને કેન્દ્રમાં રાખેલ છે. મૉન્ટેસોરી પદ્ધતિમાં બાળક કેન્દ્રમાં છે. પણ સાચી કેળવણી એ છે, કે જે જીવનને કેન્દ્રમાં રાખે છે. આમ બધાનો વિચાર જીવનદૃષ્ટિએ જ કરવો જોઇએ. આ દૃષ્ટિએ વિચાર કર્યો નહિ હોય, તો એ વિદ્યા વ્યવહારમાં તમને દગો દેશે–તે આચારમાં નહિ ઊતરી શકે.

નૂતન શિક્ષણમાં ઘણું ઘણું હશે; પણ એક વાત જાણવી જોઇએ કે એકેએક બાળક, સ્ત્રી, પુરુષ તે માત્ર દેખાય છે તેટલો જ શરીરધારી કે બુદ્ધિવાળો પ્રાણી નથી પણ એક આધ્યાત્મિક જીવ છે તેમ આપણે સમજવું જોઇએ. જો આનું સાચું ભાન એક વખત આપણને થઇ જાય તો પછી એક ગામડિયો ગમે તેવો રોંચા જેવો લાગતો હશે તો ય તેની સાથેનો આપણો વર્તાવ અને દૃષ્ટિમાં ઘણો ફેર પડી જશે અને તે ફેરને આપણે યોગના સિદ્ધાંજન સાથે સરખાવી શકીશું. જેમ સિદ્ધાંજન આંજી કોઇ વ્યકિત પાતાળ નીચેનું

દેખી શકે, જેમ ધરતીના પેટાળમાં પાણી છે કે નહિ તે જાણકારના કાન પારખી લે, તેમ જો એક વખત સમજાયું કે દરેક માણસ આધ્યાત્મિક જીવ છે તો પછી તે ગમે તેટલા ગંદા, બેહૂદા અને વિકારી હશે તો પણ તેમનામાં સારાં તત્ત્વો હશે તે દેખાયા વિના નહિ રહે. માણસમાં ખૂણેખાંચરે પડેલી શક્તિઓને જાણવા માટે આવા સિદ્ધાંજનની જરૂર છે.

ઘણી વખત એવું બને છે કે સાંભળતાં જે સાચું લાગે તે વ્યવહારમાં આપણે ચૂકતા નથી એનું કારણ શું? કારણ એ કે આપણે સતત જાગ્રત નથી હોતા. દરેક વ્યક્તિએ જાગ્રત રહી જોયા કરવું જોઇએ કે પોતે શું કરે છે અને શું કરવું જોઇએ? આપણે બાળક શું કરે છે અને બાળકે શું કરવું જોઇએ તે બાબતનું અવલોકન કર્યા કરીએ છીએ. પણ આપણું મન શું કરે છે અને આપણો આચાર કેવો છે તેનો આપણે સતત વિચાર કરીએ છીએ ખરા? આ વિચાર બહુ જ થોડા કરે છે. સતત જાગ્રતિભર્યું જીવન જીવવાનુ શિક્ષણ તે જ સાચું શિક્ષણ છે. આ જાગ્રતિ એક મોટો આધ્યાત્મિક સદ્‌ગુણ છે એમ બુદ્ધ ધર્મના સિદ્ધાંતોમાં લખેલ છે.

આધ્યાત્મિક એટલે શું? તે સમજવા માટે પણ અમુક ભૂમિકાની જરૂર છે. વનસ્પતિશાસ્ત્ર, ઇતિહાસ, અર્થશાસ્ત્ર વગેરે વિષે જ્ઞાન પુસ્તકો દ્વારા મેળવાય પણ આધ્યાત્મિક તત્ત્વ સાચા સ્વરૂપમાં સમજવા માટે લૌકિક શાસ્ત્ર જાણવું જોઇએ. આ મોટી વાત નથી. સૌ પોતપોતાની આવડત અને ગજા પ્રમાણે કરી શકે છે. આને મોટી વસ્તુ ગણી કાઢી નાખશો નહિ. એકે-એક માણસ આ તત્ત્વ સમજવાની શક્તિ ધરાવે છે.

બાળકોને કેળવણી આપતાં આપણા જીવનની સિદ્ધિ ન લાગે તો ભણ્યા શા કામનું? જેમાં જીવતરનો આનંદ ગણાતો નથી એ કેળવણી રસપ્રદ કયાંથી બને? પણ જો આપણને કેળવણીના કાર્યમાં જીવનસિદ્ધિ લાગે, તેમાંથી આનંદ મળી રહે તો બીજી કશી અગવડો મૂંઝવશે નહિ. તેવો શિક્ષક મસ્ત થઇને કામમાં મચ્યો રહેશે. આ રીતે શીખવનાર શિક્ષકને મન તેના કામ સિવાય બીજો કોઇ તેનો પ્રભુ નહિ હોય. તેના જીવનનું સાર્થક તેના કાર્યમાં જ હશે. માટે જ મને ઇશ્વરની શોધના પ્રયાસ અને ગામડાંનાં કામમાં ફેરફાર દેખાતો નથી, અને તેથી જ મને બીજી બાહ્ય વસ્તુઓ પરિતાપ પમાડતી નથી. શ્રી. ગિજુભાઇ અને શ્રી. તારાબેનની પણ એવી જ સ્થિતિ મેં જોઇ છે, પણ આનો અર્થ એ નથી કે તે વ્યકિત પોતાના વ્યવહારનાં કામોમાં દુર્લક્ષ અથવા બેદરકારી કરે તો પણ ચાલે. સાચી જાગ્રતિના જીવનવ્યવહારમાં પાછી પાની કે બેદરકાર રહેવાનું હું નથી કહેતો. એ બધા વ્યવસાયો પણ કરવાના જ છે. એ વૃક્ષની એક ડાળના જુદા જુદા ફણગા છે.

નાનાભાઇ ભટ્ટ

[દક્ષિણામૂર્તિ બાલમંદિર ભાવનગરમાં મળેલ નૂ. બા. શિ. સંઘના ગ્રીષ્મ વર્ગની અંદર શ્રી. નાનાભાઇ ભટ્ટે આપેલ પ્રવચનમાથી]

નૂતન બાલશિક્ષણસંઘનું કાર્ય

[ગયા અંકથી ચાલુ]

બીજી બધી શાળામાં શિક્ષકનું સ્થાન વિશિષ્ટ પ્રકારનું અને માનભર્યું હોય છે. આ શિક્ષકો છોકરાના મનમાં ધાક બેસે એવી રીતે વર્તતા હોય છે. પણ આપણા શિક્ષકોએ એ સ્થાન છોડીને બાળકોના મિત્ર થવાનું સ્થાન સ્થાપિત કરી દીધું છે. એન કે ભાઇ જે હોય તેના ખોળામાં જઇને બેસી શકાય. ચડ્ડીની નાડી બાંધી આપવાનું તેમને કહી શકાય. બાળકોનાં સુખદુઃખની વાત કરવાનુ સ્થાન પણ તેઓ બની શકયા છે.

"આજે અમે નવું પહેરણ પહેર્યું છે." "આજે અમારે ત્યાં લાડવા કરવાના છે." અથવા "આજે અમને બાએ માર્યું છે" એમ બાળકો એનના ખોળામાં બેસીને કહી શકે છે. આ ફેરફાર પણ નાનોસૂનો નથી. પ્રગતિ ધીમે પગલે જ થાય છે. એક નાની એવી વાત પણ સિદ્ધ થતાં સૈકાઓ જાય છે. જે બાલમંદિરો વિષે આપણે અસંતોષ બતાવીએ છીએ, જે શિક્ષકો માટે આપણને ઘૃણા ઊપજે છે તેમણે કંઇ જ કર્યું નથી એમ નથી. તેમણે ગિજુભાઇ સદ્‌ગુરુએ જે નાહું પકડાવ્યું તેને પકડી રાખ્યું એ કાંઇ નાની વાત નથી. શિક્ષણના વિચારઆચારની પ્રગતિમાં એ ખાસ નોંધવા જેવી જ વાત ગણાય.

તેમ જ વાર્તા, સંગીત, ચિત્રકામ, નાટક, નૃત્ય હસ્તવ્યવસાય, પ્રવાસ વગેરેએ જે ચોકકસ સ્થાન બાલશિક્ષણમાં મેળવી લીધું છે તેની પણ નોંધ લેવી ઘટે છે.

બાળકોની સાથે અમુક લાગણીપૂર્વક કે સન્માનપૂર્વક વર્તવાની રીત પકડી રાખી છે એ પણ ટકાવી રાખેલા સારાં તત્વોમાંનું એક ગણાવી શકાય.

નાસ્તો પીરસવાની, સાથે મળીને અમુક સભ્યતાથી ખાવાએસવાની વગેરે પ્રથા ચાલુ કરી એ પણ આપણા ભોજન સંબંધે કઢંગી રીતવાળા દેશને માટે એક મહાન ઉપકારક વસ્તુ જ છે.

હાથ, નખ મોઢું, આંખ વગેરે તપાસવાનુ ને આ રીતે સ્વચ્છતા અને વ્યવસ્થાને જીવનમાં આણવાના પ્રયત્નો પણ કાંઇ ઓછા મહત્ત્વના નથી.

ટૂંકમાં, જેટલી હદ સુધી સિદ્ધિ મળી છે તેની નોંધ ન લઇએ અને આપણાં બાલમંદિરો કશું જ કરતાં નથી એમ કહીએ તે બરાબર નથી.

બાલમંદિરો સંબંધે નિંદાવ્યંજક રીતે બોલવામાં આવે છે ત્યારે સંઘની સાથે જોડાએલાં ને ન જોડાએલાં બધાં બાલમંદિરોને એક જ વર્ગમાં મૂકીને બોલવામાં આવે છે.

બાલમંદિરો વેપારી પદ્ધતિનાં થયાં છે એ ટીકા પણ એ જ જાતની છે. જેમનું ધ્યાન બાળકોની પર ઉપર હોય છે તેમને મોટે ભાગે વાલીઓને સંતોષવાનો પ્રયત્ન કરવો જ પડે છે. એટલે તેઓ સિદ્ધાન્તને વળગી રહી શકતા નથી. અને એવાં બાળમંદિરો સંઘની સાથે જોડાતાં જ નથી. આજે સંઘ સાથે જોડાયેલાં બાલમંદિરો ગુજરાત-કાઠિયાવાડમાં ચાળીશેક હશે, તો ન જોડાએલાં સૌથી વધારે હશે. આનું કારણ શું? કારણ સ્પષ્ટ જ છે. સંઘ તરફથી કોઇ નિરીક્ષણ કરવા આવે ને નિરીક્ષક સૂચના આપે તે અમલમાં મૂકવાની સંચાલકોની ઇચ્છા જ ન હોય.

સંઘની સાથે જોડાયેલ બાલમંદિરોનું હુ પોતે એક વાર તો નિરીક્ષણ કરી આવી છું. કેટલાંએક તો બબ્બે વાર જોયાં છે. છેલ્લાં બે વર્ષમાં નવાં જોડાયેલાં જોવાયાં નથી. આ વર્ષથી હવે નિરીક્ષકમંડળ નીમી બધાં બાલમંદિરોનું નિરીક્ષણ બરાબર થાય એવો પ્રબંધ નૂ.બા.શિ. સંઘે કર્યો છે. આ બધો પ્રયત્ન બાળકોનાં હિતની દૃષ્ટિએ કરવામાં આવે છે. તો જનતાએ જાગ્રત રહી જે બાલમંદિરોમાં આપણે આપણાં બાળકોને મોકલીએ છીએ તે સંઘપ્રમાણિત છે કે નહિ તે જોવાની જરૂર છે.

પણ એમ બનતું નથી. ઊલટું, સંઘની સાથે ન જોડાએલાં બાલમંદિરો જ સામાન્ય જનતાને વધારે સારાં લાગે છે. કારણ કે તેમને જોઇએ તે તત્વો એ બાલમંદિરોમાં તેઓ દાખલ કરાવી શકે છે. આજે જનતાની વૃત્તિ એ જાતની છે કે અમે પાંચ કે દસ રૂપિયા ફી ભરીએ છીએ માટે અમને તેનો યોગ્ય બદલો મળવો જોઇએ. તેઓ બદલો શો માગે છે? નહિ કે બાળકનો વિકાસ પણ તેમની દૃષ્ટિએ ભણતર. આ ભણતરમાં (૧) બાળકને અંગ્રેજી આવડવું જોઇએ. 'બા બા બ્લેકશીપ' તો આવડે જ. (૨) આંક ને લેખન-વાચન જલદી શિખવી દેવામાં આવવા જોઇએ અને (૩) બાળકનું એકાદ વર્ષ તો બચવું જોઇએ. ત્રણ વર્ષમાં ચાર ધોરણ કરાવી આપે એ જ બાલ મંદિર સારું એ જાતની લોકોની અપેક્ષા હોય છે. એ ઉપરાત, ઘણી વાર બાલમંદિરવાળા પોતા તરફથી પણ ચારિત્ર્યઘડતર ને એવી એવી વાતો કબૂલે છે. આ રીતે લોકોને સંતોષવાવાળાં બાલમંદિરો લોકરુચિના ભોગ થઇ પડ્યાં છે. ખરું જોતાં, બાલમંદિરોનું કાર્ય તો બાળ-શિક્ષણ અને બાળઉછેરની બાબતમાં લોકોને પણ શિખવવાનું છે. જનતા અથવા માબાપોની જે ભૂલભરી માન્યતાઓ છે તેમાંથી તેમના વિચારો ફેરવવા જ જોઇએ, તો જ બાળકોનું પણ સાચું હિત સાધી શકાય. બાલમંદિરોમાં એક વાત ચાલતી હોય ને ઘેર માબાપો ટયૂશન રખાવીને બાળકોને ભણાવી લેતાં હોય તો તે બાબતમાં બાલમંદિરનાં આચાર્યે 'ના' પાડવી જોઇએ. ભલે તેમ કરવાથી બાળકોની સંખ્યા ઘટી જાય. ટૂંકમાં, બાલમંદિરો આગળ જે કાર્ય છે તેનો ખ્યાલ રાખી, તે ભૂમિકામાં જ શિક્ષકે અને આચાર્યે સ્થિર થવું જોઇએ.

નૂ. બા. શિ. સંઘ આગળ એક બીજો પણ વિચાર વર્ષોથી પડ્યો છે. આપણો દેશ આટલો મોટો છે ને મોટે ભાગે તે ગરીબ છે ને ગામડામાં છે. એટલે જો ફી આપી શકે તેવાં જ બાળકો માટે બાલમંદિરો ચલાવાય તો બાળકોનો મોટો ભાગ તો કેળવણીથી વંચિત રહી જાય; એટલે આવાં લાખો બાળકો માટે કાંઇક તો કરવું જોઇએ. એ વિચારથી બાલક્રીડાંગણો એટલે બાળકોને રમવાનાં સ્થાનો કરવાની યોજના ઘડાઇ.

આખો અભ્યાસક્રમ કરી શકે એટલી બુદ્ધિ નથી અથવા ભણતરની તૈયારી નથી અથવા સંજોગો નથી

એવા ઘણા ભાઇબ્હેનો પોતે ગ્રહણ કરી શકે તેવી થોડીએક વાતો શીખી જાય ને ગરીબોના કે ગામડાંનાં બાલક્રીડાંગણો ચલાવે તો પૂરેપૂરો નહિ તો થોડોએક લાભ તો આ બાળકોને મળી શકશે. બિલકુલ નહિ તેના કરતા આટલો લાભ મળે તોય ઘણું સારુ થાય એવી એ મૂળ કલ્પના છે. ગામડાં કે ગરીબનાં બાળકોને પૂર્ણ સમૃદ્ધિ સહિતનાં બાલમંદિરોની જરૂર જ નથી એમ નથી. એક રીતે જોઇએ તો એમને એની વધારે જરૂર છે. કારણ, એને ઘરનાં વાતાવરણમાં બૌદ્ધિક કામો મળતાં નથી, શારીરિક મહેનતનાં ઝાઝે છે. જ્યારે શહેરનાં સુખી ને સુશિક્ષિત કુટુંબોમાં બૌદ્ધિક વાતાવરણ બાળકોને મળે છે. તેમને શારીરિક હિલચાલ કે મહેનત જ ઓછી પડે છે. છતાં આપણે આપણા દેશની આર્થિક સ્થિતિને કારણે એમ કહીએ છીએ કે ગામડાંમાં કે ગરીબ વિભાગમાં ક્રીડાંગણ હોય તો યે ઘણું સારુ થાય. કારણ, તેમાં સાધનો માટે બહુ પૈસો જોતો નથી. તેમ જ શિક્ષકો પણ ઓછે પગારે મળી જાય અને તેથી વધારે ક્રીડાંગણો ચલાવી શકાય.

આ વિચારથી જ્યારે આપણાં શિક્ષકો કે શિક્ષિકા પણ અમુક જ શક્તિવાળાં છે એમ જાણીને તેમને દાખલ કરીએ, તેમને શિક્ષણ અમુક જ કોટિનું આપીએ. પછી તેઓ ગામડાંમાં જે કામ કરે છે તેમાં આપણે બાલ-ક્રીડાંગણ તરીકે કેવું ચાલે છે તેટલું જ જોવું જોઇએ. તેને ઉત્તમ પ્રકારે ચાલતા સાધનસમૃદ્ધ ને શક્તિશાળી શિક્ષકોવાળા બાલમંદિરના કામ સાથે સરખાવીએ નહિ, કે 'આ તો નથી થતું' એમ વિચારીને નિરાશ ન થવું.

બિલકુલ કાંઇ જ નથી–સાવ મીંડું હોય–ત્યાં એકડો પણ થાય તો આટલું થયું એનાથી સમાધાન મેળવવું જોઇએ. જેમ કે છોકરાંઓને સ્વચ્છતાનું ભાન ન હોય, તેમ ન હોય સુઘડતા કે વ્યવસ્થાનું, રમતમાં કાંઇ ઠેકાણું ન હોય ત્યાં ગીતો, વાતો, પ્રવાસ, હસ્તવ્યવસાય, સ્વચ્છતા–વ્યવસ્થા, વાતચીત વગેરે પણ ચાલુ થયું હોય તો ઘણું થયું છે એમ માનીને સંતોષ માનવો જ જોઇએ. એ શિક્ષકને સૂઝે તો સાધનો વગર પણ ઘણું કરી શકે. નવું કાંઇ પણ ન સૂઝે ને એટલું જ કરે તો પણ મીંડાની જગ્યાએ એકડો થયો છે એમ આપણે સંતોષ માનવો જ જોઇએ. સારાંશ, આગળ વધવાની દૃષ્ટિએ અમુક હદ સુધી અસંતોષ રહ્યા કરે, એ ઠીક છે: એ પ્રગતિશીલતાની નિશાની છે: પણ આપણો અસંતોષ જ વધી જાય ને આપણે કશું જ કરતાં નથી, આપણાં બાલમંદિરો સાવ બંધ કરવા જેવાં જ છે કે આપણા શિક્ષકો સાવ કાઢી, નાખવા જેવા જ છે એવા તદ્દન નિરાશાના વિચારો જ સેવીશું ને હમેશ ટીકાત્મક ભાષા જ રાખીશું તો એ બરાબર નથી. ૨૫ વર્ષનો જે એક સંગઠિત અને જુસ્સાદાર પ્રયત્ન થયો ને ૨૫ વર્ષના જેટલા થોડા વખતના ગાળાના પ્રમાણમાં જેને ઘણી મોટી સિદ્ધિ મળી છે તેને આપણે આંખ આગળ રાખવી જોઇએ ને કદાચ આગળ ન વધી શકીએ તો છે તેટલી પણ ટકાવી રાખવાનો પ્રયત્ન કરવો જોઈએ. ખાસ કરીને ખૂણા-ખાંચરામાં પડેલા શિક્ષકો કે જેમણે ઘણી મહેનતથી પોતે જે સમજ્યા તે ટકાવી રાખ્યું છે તેમને ઉત્સાહ આપવાની જરૂર છે. તેમણે કાંઇ જ કર્યું નથી એમ કહેવું અથવા તેમણે ચલાવેલા બાલમંદિરોને હસી કાઢવાથી તેઓ શ્રદ્ધા ખોઇ બેસશે. સ્વ. ગિજુભાઇએ તેમને મહાશ્રદ્ધા આપી છે. તેને આધારે બીચારાં સ્વસ્થાને તે ટકયા છે. ઘણા તો ટકી શકયા જ નથી. એવે વખતે જેમણે શ્રદ્ધા ટકાવી રાખી છે તેમની પીઠ થાબડવી જ જોઇએ.

સાથે સાથે શહેરોમાં જે એક ઊંધો શિરસ્તો પડતો જાય છે તેની સામે ઝુંબેશ ઉઠાવવાની જરૂર છે. ખાસ કરી ફી આપે છે માટે માબાપો માગે તે બાલમંદિરો આપે ને માબાપોને સંતોષવા ખાતર પદ્ધતિને ઊંચે મૂકી દેવી, સાધનોને કોરે મૂકવાં ને સિદ્ધાન્તોનું ખૂન કરવું ને છતાં, અમે નૂતન બાલશાળા ચલાવીએ છીએ એમ કહેવું એ પ્રથાની સામે તો મોટા અવાજે વિરોધ કરવાનો વખત આવ્યો છે. આમાં તો ચોખ્ખું અપ્રામાણિકપણું જ છે. જે સિદ્ધાંતોની ખાતર જૂનામાંથી નવી શાળાઓ શરૂ કરી તેમાં વિશ્વાસ ન હોય તો તેમ જાહેર રીતે તે લોકોએ કહેવું જોઇએ. બોલવાની ભાષા એક ને કરવાની કૃતિ જુદી એ કેમ સહી શકાય. અહીં વ્યક્તિને બચાવવી કે ઉઘાડી પાડવી એનો પ્રશ્ન નથી. પ્રશ્ન રાષ્ટ્રઘડતરનો છે, ભાવી પેઢીનો છે, કુમળાં ઊગતાં બાળકોના વિકાસનો પ્રશ્ન છે. ત્યાં સ્પષ્ટોક્તિ કટુ હોય તો પણ આવશ્યક જ છે.

તારાબેન મોડક

ભોરડીનાં મીઠાં બોર

હું, હામેલભાઇ તથા સરલાબેન ભોરડીના સ્ટેશને ઊતર્યા. ધૂળ અને ખાડાવાળા રસ્તાના નાકે ઊભેલા મોટર–ખટારામાં બેઠાં. માછીમારો, કુંભારો, દુબળા વગેરે બેસારુ હતા. મોટર ચાલી. "આ કિંગ હોટેલ, આ મુસ્લિમ બોર્ડિંગ, આ ગોખલે હાઇસ્કૂલ, આ મિસે હૉલ" નામેભાઇ મને બધી મુખ્ય મુખ્ય માહિતી આપવા લાગ્યા.

મારી શહેરી આંખને આકર્ષે તેવું એમાં કશું ન હતું. આવાં ભિખારી મકાનો ને રામચંદ્રના જમાનાની આ સડકો સાથે મારે શી નિસબત. હં...હં...કરી હું મૂગો રહેતો. મરાઠી અને ગૂજરાતીના મિશ્રણ જેવી ભાષા બોલતો, ફાટયાતૂટયા લૂગડે ઢંકાયેલાં ને આપ્પાના પાનની બીડીઓ ફૂંકતાં માનવીઓમાં યે કશું હીર ન દેખાયું. મારા મનને થાક લાગવા માંડયો.

ખટારો બાલવાડીના દરવાજે આવી ઊભો રહ્યો.

"આ બાલવાડી?"

થાકેલા મન ઉપર એક બીજો થાકનો કોથળો લદાયો.

હૉલની અંદર પરીક્ષા ચાલતી હતી. પરીક્ષાના રાહુથી ગ્રસ્ત સેવિકાઓના મુખ પર મારા થાકને હળવો કરવાની દવા ન હતી. વિકૃત કે થાકેલું મન હમેશાં બીજાના દોષ જ જુએ છેઃ દોષ સિવાય બીજું કાંઇ તેને દેખાતું જ બંધ થાય છે.

રામભાઇ સામે આવ્યા, ને અમારો સામાન ઉપાડવામાં મદદ કરવા લાગ્યા. આ વિવેક માટે તેનો આભાર માન્યા વગર મારી નજરે તેમનું ફાટેલ પહેરણ અને સાબૂ વિના ધોયેલું ધોતિયું જ મને દેખાયું. શહેરી દૃષ્ટિએ ચાર દિવસની થઇ ગયેલી દાઢી સાથે ભાઉની તથા સાદાં અનુબેનની ઓળખાણે પણ થાકને વધાર્યો જ. ભોજનશાળાએ પણ મારા આ થાકને ઓછો ન કર્યો.

"નર્મદાબેન કયાં?" મેં રામભાઇને પૂછ્યું.

"એ તો વાડી સાચવવા કાઠિયાવાડ ગયાં છે."

"ને સંતતિ?"

"આ બે દીકરીઓ ને ત્રીજી મોટી ગઇ છે એમની બા સાથે કામમાં મદદ કરવા".

જેના વાળમાં બે દિવસથી તેલ નહિ નખાયું હોય એવા ઊભા ને લૂખા વાળવાળી છોકરી સાથે મારી દીકરીનું મન તુલના કરવા લાગ્યું.

આ સેવકો પોતાની જાતને આ ગરીબીમાં હોમે તે તો ઠીક, પણ આ છોકરાંઓએ શો ગુનો કર્યો છે? આ ફાટલા પહેરણ ને એવા જ ફાટલા બોરાક ખાઇને ઊછરતાં છોકરાં મોટાં થયે શું કરશે? નહિ આવડે તેમને રીતભાત, નહિ શીખે કોઇ વિદ્યા, શહેરીઓના ભપકા સામે લઘૂતા–ગ્રંથિથી પીડાઇ, બીચારા ભારરૂપ જિંદગી જીવશે. બન્ને દીકરીઓને કેળાં દેતાં દેતાં ઉપર જેવા અનેક વિચારો મને આવી ગયા. બન્ને છોકરીઓ કેળાં લઇ મારી પાસેથી ચાલી ગઇ.

બે દિવસ સુધી મારા મન ઉપરનો થાક ન ઊતર્યો. ત્રીજે દિવસે રાત્રે રાસ ને ગરબાનો કાર્યક્રમ થયો. કેટલાંય વર્ષે ફરી દક્ષિણામૂર્તિ તાજું થયું. આવી મધુર ચાંદનીમાં આટલાં બધાં ભાઇબેનો સાથે પચીસ અને અડીસએ મનને થોડુંક હળવું કર્યું. હલકે કંઠે ગવાયેલાં ભજને પણ મન પર જામેલા થરને થોડો બેરબ્યો. બીજે દિવસે સવારે જુદા જુદા હસ્તવ્યવસાયો પર કામ કરતાં બાળકોએ તો મનને સાવ હળવું કરી નાખ્યું.

'મારા બાલમંદિરમાં યે આ તૂનાઇધૂનાઇનાં સાધનો તો રાખી શકાય અને આ ઘડીયે શું બોટી. સૂપડીયે પણ બહુ જગ્યા ન રોકે. ચાલ, તૂનાઇ પર હાથ અજમાવું.'

તારાબેને મને પરીક્ષકની ખુરસી પર બેસાડેલો. ત્યાંથી ઊઠી હું તો તૂનાઇ પર બેસી ગયો. સુધાબેન (પેલાં વિખરાએલ વાળવાળાં રામભાઇનાં દીકરી) મારી પાસે આવ્યાં.

"મને જરા આપો તો." તેમણે તૂનાઇનાં સાધન મારી પાસે માગ્યાં. અત્યારે તેમના વાળ ઓળેલા હતા. મોં ને હાથ ચોખ્ખાં હતાં ને હોઠ પર હાસ્ય હતું.

તેમને જાણે બતાવવું હતું કે 'પ્રતાપભાઇ, તૂનાઇ આમ ન થાય, જુઓ હું બતાવું.' પણ કોઇની ભૂલ કાઢવી એ નૂતન શિક્ષણપદ્ધતિમાં નથી. તેથી તેમણે એ ડિરેકટ મેથડથી કામ લીધું. મેં રૂનો દોથો તૂનવા લીધેલો, તે કેમે કપાસિયા છૂટા ન થાય. તેમણે થોડોક કપાસ લઇ નાના હાથે હળવેથી સળીઓ ચલાવ્યો ને કપાસિયા ઝટ દઇને છૂટા થઇ ગયા. મારી પાસે ખુલ્લી નોટ–બૂક તથા પેન પડેલાં જોઇ તેમણે ધીમેથી પૂછ્યું:

"આ શું લખો છો?"

"અહીંયાં જે ગીતો ગવાય છે તે હું લખી લઉં."

"શું કરવા?"

"મારા બાલમંદિરમાં ગાવા."

"આ ઉપલા પાનામાં કયું ગીત લખ્યું છે?"

"ઝેર તો પીધાં...પણ અધૂરું છે. પૂરું નથી લખી શકયો."

"તે લ્યોને હુ લખાવું, મને આવડે છે." તેમણે ધીમેથી બીજાને અડચણ ન થાય તેમ છેલ્લી બે લીટીઓ લખાવી.

ગીત પૂરું થયા પછી મેં પૂછ્યું: "બીજાં ગીતો તમને આવડતાં હોય તો થોડાં લખાવો?"

"મને તો ઘણાં આવડે છે, પણ હમણાં નહિ, અત્યારે મારે વાર્તા સાંભળવી છે, હુ બપોરે તમને લખાવીશ."

બપોર થઇ ગયા. હું સૂઇને ઊઠયો ને કૂવે મોં ધોવા ગયો. ત્યાં સુધાબેન નાની બાલ્ટી ને નાનો ધોકો લઇ તેમનાં નાનાં પહેરણ ધોતાં હતાં.

"કેમ પછી ગીત લખાવવા ન આવ્યાં?" મેં પૂછ્યું

"બલવાડીમાંથી તો જમવા ગઇ, ને પછી આ ભારતી અને પ્રકાશેબાબુ કહે કે મારી સાથે રમો, એટલે હું રમવા ગઇ. ભારતીબેન થયા'તાં માસી, ને પ્રકાશબાબુ બન્યા'તાં મહેમાન ને મને બનાવ્યા'તા મોટોભાઇ. થોડી વાર રમ્યાં એટલે પ્રકાશબાબુ ને ભારતી મેલાં થઇ ગયાં–પછી તેમને નવરાવ્યાં ને હવે આ એમનાં લૂગડાં ધોઉં છું. હવે બસ છેલ્લું ખમીસ છે. ધોઇને તમને લખાવીશ."

"તમે ધોઇ લ્યો ત્યારે મને બોલાવજો" કહી હું મારા કામે ગયો.

દશેક મિનિટમાં હાથ લૂછતાંલૂછતાં સુધાબેન આવ્યાં. "ચાલો પ્રતાપભાઇ, તમને ગીત લખાવું." તેમના મોં સામે જોઇ હું વિચારમાં પડી ગયો. કોઇ જવાબદાર મોટા માણસની જેમ જાણે ફરજ અદા કરવા કે વચન પાળવા તે આવ્યાં હતાં. મૂગા મોઢે મેં પેન ને પેડ હાથમાં લીધાં ને એટલે જઇ બેઠાં.

એટલા ઉપર ધૂળ હતી. ફૂંક મારીને ધૂળ ઉડાડી, ને બેસવા જતો હતો ત્યાં સુધાબેનના હાથમાં તેમનું સુકાયેલું પહેરણ હતું. તે પાથરી તેઓ બોલ્યાં: "લ્યો આ મારા પહેરણ પર બેસો."

"પણ તમારું પહેરણ મેલું થશે ને?"

"તે તેમાં શું? હું ધોઇ નાખીશ."

"ના, આ ધૂળને આપણે ઉડાડી નાખીશુ, પછી કાંઇ કપડાં મેલાં નહિ થાય."

"સારું, કહી તેઓ બેસી ગયાં.

તેમણે ગીત લખાવવાં શરૂ કર્યાં:

(૧) "તારે મેહુલિયા કરવાં તોફાન"

(૨) 'લાવો તમારી ચકીની હું નાડી બાંધી દઉં"

(૩) "બડી લંબી રે મારા દાદાની મૂછ"

(૪) "મોટર અમારે બોલે પમ પમ પમ"

(૫) "બાપુ બચુ બે હીંચકે બેઠાં"

(૬) "તુમ જાગો મોહન પ્યારે"

(૭) "પાટા ઉપર ગાડી"

ગીતો તો મેં લખ્યાં. પણ તેની સાથે બીજો ફાયદો એ હતો કે એ એક બાળકને ગમેલાં, ને તેણે સ્વપ્રયત્ને મોઢે કરેલાં ગીત હતાં, એટલે આવાં ગીતો બાળકને ગમે છે એવી છાપવાળાં હતાં. તેથી મને માર્ગદર્શક હતાં–ને તેથી મારા જેવાને ઘણાં કીમતી હતાં. કોઇ મોટા માણસ પાસે લખાવ્યાં હોત તો આટલી ધીરજથી ને તેમાં આવાં ચળાયેલ મોતી જેવાં ગીત મને ન મળત–ને સાથોસાથ સુધાબેનનો વ્યકિત-વિકાસ દેખી શકાયો–તે પણ ન દેખાત. સુધાબેનમાં દેશનો વિવેકી ને જવાબદાર શહેરી સ્વયંવિકાસ પામતો હતો તે હું જોઇ શકયો, અને બોડીમાં ધૂળ સિવાયની બીજી ચીજો છે તેનું મને ભાન થયું. કલકત્તાની કલમી બોરડીના ફળ પાસે તારાબેનની આ ગામઠી બોરડીનાં ફળો કાંઇ ઓછાં મીઠાં નથી એ ભાન મને થયું ને મારું મન હળવું ફૂલ થઇ ગયું.

પ્રતાપરાય યાજ્ઞિક

પુરુષાર્થી હો તો–

તમે ખરેખરા પુરુષાર્થી હો તો જીવનની એક પણ ક્ષણ નકામી જવા ન દેતા. જે વસ્તુ તમે કરવા ઇચ્છો છો તે તરત જ શરૂ કરો. જેને માટે તમે સુંદર સ્વપ્નો સેવતા હો તેનો તત્કાળ આરંભ કરો.

उद्यमेन हि सिध्यन्ति कार्याणि न मनोरथै ।

બુનિયાદી તાલીમશાળાની રોજનિશિ

[ગયા અંકથી ચાલુ]

૧, માર્ચ ૧૯૪૭

આજ પૂરો મહિનો થયો. શાળા મારા હાથમાં આવી છે. સિંહાવલોકન થવું જ જોઈએ.

આટલા દિવસમાં અભ્યાસ કેટલો થયો? શૂન્ય. લેખન? શૂન્ય. વાચન? શૂન્ય. ગણિત? શૂન્ય. બધું શૂન્ય છે. થયું. પણ થોભો; એકદમ શેરો પસાર ન કરતા. આ મહિનામાં રૂ પીંજીને તેનું પૂણી બનાવવાનું કારખાનું જ જાણે શાળામાં ચાલુ હતું. સવારમાં આંખો ચોળતા ચોળતા જ છોકરાઓ આવે. 'અનુતાઇ, ચાવી આપો'. કપાસ તોળીને લેવો, કપાસિયા કાઢવા, રૂ પીંજીને પૂણી બનાવવી અને તકલી ઉપર સૂતર કાંતવું. સવારથી સાંજ સુધી એક જ ધૂન!

નહાવા માટે, ચા પીવા માટે, જમવા માટે, પરાણે ઘેર મોકલીએ ત્યારે જાય. બાકી આખો વખત શાળામાં અથવા અનુતાઇની ઓરડીમાં જ ધામા! આ મહિનામાં અર્ધો શેર સૂતર તકલી ઉપર કાંતીને તૈયાર કર્યું. જેમના માંડ માંડ દસ તાર નીકળતા તેઓ એક દસ, બે દસ, ત્રણ દસ એ રીતે પોતાના કેટલા તાર થયા એ ગણતા હતા. રૂ એટલું સુંદર પીંજે છે કે જોઈ જ રહીએ.

મને તો લાગે છે કે મારાં બાળકોએ ઘણું કામ કર્યું છે. પરીક્ષક–નિરીક્ષકોને ફાવે તે 'શેરો' કરે!

૮, માર્ચ ૧૯૪૭

બેત્રણ દિવસ હું બહારગામ ગઇ હતી. પાછા આવતાં જ 'શિક્ષક અમને મારે છે, ચિડાય છે,' વગેરે તકરાર છોકરાઓ કરવા લાગ્યાં. બીજી બાજુ છોકરાઓ બહુ તોફાન–મસ્તી કરે છે એવી ફરિયાદ શિક્ષકોએ કરી. તેમાંયે રાયચંદ વિરુદ્ધ ઘણી ફરિયાદો હતી. રાયચંદ એ સાતઆઠ વરસનો છોકરો છે. તેની બુદ્ધિ ભણવામાં ચાલતી જ નથી એમ અમારા શિક્ષકે નક્કી કરેલું છે. આખો દિવસ તોફાનમસ્તી કરે છે, લોકોની પજવણી કરે છે, એકદમ વંઠેલો છે: એવો એમનો મત હતો. પણ શી ગમ્મત! સૌથી સારું સૂતર તે જ કાંતે છે. પૂણી બનાવવામાં અને સૂતર કાંતવામાં કલાકોના કલાક એકાગ્રપણે એ મંડ્યો રહે છે. તે વખતે એનું મન બીજે કયાંય જતું નથી. અને ચિત્રો પણ કેટલાં સુંદર કાઢે છે! મોટર, વિમાન હોકી, આગગાડી બધામાં માણસ બેસાડે અને આગગાડીના એંજિનમાંથી ધુમાડો પણ નીકળે! એક દિવસ એણે એક બાલવાડીનું ચિત્ર દોર્યું. બાળકોને હાર-બધ બેસાડ્યાં હતાં. એક બાળકને તબલચી બનાવ્યું હતું અને એના બન્ને હાથ નીચે તબલાં મૂકી દીધાં હતાં. ખજૂરીનું ઝાડ તો વાત વાતમાં કાઢે છે. એ બધું ઠીક; પણ અક્ષર વગેરે શિખવાનું નામ લીધું કે તરત મસ્તીતોફાનની શરૂઆત થઇ જાય બારણાં બધ કરવાં અને બહારથી કડી મારી દેવી એ એના પ્રતિકારનું મોટામાં મોટું સાધન! બહુ થાય તો ઘેર નાસી જાય અને પંદર મિનિટમાં પાછો આવે. કારણ, એને મારા સિવાય ચેન પડે નહિ. એનો અર્થ એ નહિ કે એ મારું મૂગો મૂગો સાંભળે છે. હું કહું: 'હવે તું ઘેર જા.' તો કહે 'નહિ જાઉં.' બારણું બધ ન કરતો. તો કહે 'કરીશ.' એમ હમેશાં સામા જવાબ આપે; પણ મારી આસપાસ રહે છે તેથી તેને માટે મને સંપૂર્ણ આશા છે.

રાયચંદ સાંભરે એટલે તેની સાથોસાથ જ દયારામ નજર સામે આવીને ઊભો રહે. રાયચંદ જેટલી જ વયનો પણ બુદ્ધિમાં હોશિયાર. બીજા ધોરણમાં છે. એવી નાનીમોટી પજવણી કરે, કે બસ! મોટેથી બૂમ મારે, વર્ગમાં એકસરખી અહીથી તહીં દોડાદોડ કરીને તોફાન કરે, અને છે પણ પહેલવાન. બીજા છોકરાને એકાદ થપ્પડ જોરથી લગાવી દે તો પછી બલાસ! મોટો પલોંઠો વાળીને બેસે. એક દિવસ દયારામના તોફાનનું મૂળ મારી નજરમાં આવ્યું. અમે દરેક બાળકને એક ફાઇલ આપેલી છે. વિદ્યાર્થી જે કાંઇ ગણિત કરે, ચિત્ર કાઢે, લખે તે બધું કાગળ ઉપર તારીખવાર સાથે તે ફાઇલમાં વિદ્યાર્થી પોતે જ દાખલ કરે. એક દિવસ મેં દયારામની નોધપોથી જોઇ. તેમાં દરેક પાને દાખલા ગણી રાખેલા હતા. પછી મેં તેને પાસે બેસાડીને ગણિતના આગળના દાખલા સમજાવ્યા. જરા અઘરા દાખલા તેને માટે તૈયાર કર્યા. બસ, પછી તો ભાઇસાહેબ એમાં મગ્ન થઇ ગયા. એટલો વખત તોફાનમસ્તી બધું બંધ. બુદ્ધિને પૂરતો ખોરાક ન મળે એ જ દયારામના તોફાનનું કારણ. એને પૂરો ખોરાક આપવાનું ચાલુ છે.

અને આજ નિજ્જમે પણ મજા કરી. નિજ્જમ એ ૬–૭ વર્ષનો છોકરો છે. એકદમ ઓછાબોલો. શરૂઆતથી જ બાલમંદિરમાં આવતો પણ તકેલી સિવાય બીજું કાંઇ લેતો નહિ. સામે જ સંગીત, રાસ, ગરબા વગેરે ચાલતું હોય તો પણ એનું લક્ષ એની સામે મુદ્દલ જાય નહિ. બીજું કોઇ પણ સાધન, ગમે તેટલું આકર્ષક હોય તો પણ, એનું લક્ષ તે બાજુ જતું નહિ. માત્ર કપાસ ઉપર તૂટી પડતો. શાંત ચિત્તે કપાસ પીંજવો, પૂણી બનાવવી, સૂતર કાંતવું એ ક્રિયા તે કર્યા કરતો. તેને લીધે મોટા માણસની પેઠે એકસરખું અને ઝપાટાબંધ સૂતર એ હમણાં કાઢવા લાગ્યો છે.

સાંજસવારે આવીને તે મને કહેવા લાગ્યો: 'તમારી જેવો પેટી–રેંટિયો મારે લેવો છે. અહીં મળે છે?'

મેં કહેલું: "હા."

'કેટલા રૂપિયામાં?'

'દસ રૂપિયામાં.'

મનમાં ને મનમાં કઈંક બડબડતો નિજ્જમ બહાર ચાલ્યો ગયો. પણ થોડી વારમાં પાછો આવ્યો: "બરાબર તમારી જેવો જ ચરખો મને જોઇએ."

"બરાબર મારી જેવો જ મળશે."

"કેટલામાં?

"દસ રૂપિયામાં."

ફરી નિજ્જમ બહાર ગયો. આ પછી સાંજ સુધીમાં બરોબર એક સો વખત મને નિજ્જમે પૂછ્યું કે, 'ચરખો કેટલામાં મળશે?' મેં પણ દરેક વખતે જાણે પહેલી વાર જ જવાબ આપતી હોઉં તેમ કહ્યું: 'દસ રૂપિયામાં.' 'હું લેવાનો છુ. મને પૈસા મળવાના છે,' એવી નવી વાત દર વખતે એ પ્રશ્નની સાથે જોડતો હતો. છેવટ સંધ્યાકાળે એની મોટી બહેન આવી તે પણ ચરખા બાબત પૂછપરછ કરવા લાગી. મેં તેને પૂછ્યું: 'શું તમારે સાચોસાચ ચરખો વેચાતો લેવો છે?'

"હા!"

"તો જા પૈસા લઇ આવ."

"હું નહિ, નિજ્જમ જ લાવશે. એ રડીને પૈસા લઇ શકે છે."

બરું છે. પોતાનું ધાર્યું કેમ પાર પાડવું એ કળા સૌને આવડતી હોય છે.

આખરે આ ચરખાની વાત ત્યાં જ અટકી ગઇ. પણ નિજ્જમનો ચરખા–પ્રેમ જોઇને મારું હૈયું ભરાઇ આવ્યું.

હવે શાળાને માટે થોડા વખતમાં જ રેંટિયા લેવાનાં છીએ.

(મરાઠી ઉપરથી) **અનસૂયાબેન વાઘ**

માણસાઇનો લોપ

વિરમગામ સ્ટેશને મુંબઇ તરફથી કાઠિયાવાડ એકસપ્રેસ રાતના અગીઆરેક વાગે આવી. મે માસની લાંબી રજાઓ ગાળવા જતા અને લગ્નમાં મહાલવા જતા મુસાફરોથી આખું સ્ટેશન કીડીઆરાની પેઠે ઊભરાયું. મહેસાણાથી આવતી ગાડી હજી આવી ન હતી. વધારે પડતી ગિરદીને લીધે એંજીન ધીમી ગતિએ ચાલ્યું આવે છે અને ગાડી બે કલાક મોડી થશે એવા સમાચાર મળ્યા. મહેસાણાથી આવતી નાની ગાડીમાં ભયંકર ગિરદી છે અને વઢવાણથી ટિકિટો બંધ કરવામાં આવી છે, એવા ખબર પણ મળ્યા. આવનારી ગાડીમાંથી મધરાતને વખતે વિરમગામ ઊતરનારા બહુ થોડા હતા. મોટે ભાગે કાઠિયાવાડ જનાર મુસાફરો જ એમાં ભર્યા હતા. એટલી ભરચક ગાડીમાં મુંબઇ તરફથી આવેલા આ હજાર જેટલા પ્રવાસીઓ કઇ રીતે સમાશે એનો વિચાર રેલવેઅધિકારીઓ કરી રહ્યા હતા અને એંજીન ખેંચી શકે તેટલા નવા ડબા જોડવાની તેમની તૈયારી પણ હતી. કેટલાક મુસાફરો સાથે માત્ર થેલી જ હતી; પરંતુ મોટા ભાગના મુસાફરો સાથે બાલબચ્ચાં અને પુષ્કળ સરસામાન હતો. અસહ્ય ગરમી, એટલી જ ત્રાસજનક ભીડ, એવા સમયમાં કોઇને એ વિચાર આવતો ન હતો કે નાનાં બાળકોનું શું થશે? સૌના મનમાં એક જ વિચાર હતો, કે ગાડી આવે કે તરત જ અંદર ઘૂસી જવું. મજૂરોની સાથે પણ એ શરતે જ મજૂરીના દામ ઠરાવ્યા હતા.

બીચારાં બાળકો રડી રડીને, માના ધબ્બા ખાઇ ખાઇને માંડ ઊંઘ્યાં હતાં. તેટલામાં ગાડી આવી પહોંચી. એકદમ સૌ તૈયાર થઇ ગયાં. દુશ્મનસૈન્ય ઉપર ધસારો થાય તેમ આવતી ગાડી ઉપર ધસારો થયો. ઊતરનારા અને ચઢનારા વચ્ચે દ્વંદ્વયુદ્ધ શરૂ થયું. ઊતરનાર ભાઇબહેનોની કાંખમાં નાનાં બચ્ચાં

રડતાં હતાં, મોટાં બાળકો ગભરાતાં હતાં, ચઢનારનાં છોકરાં કચડાતાં હતાં. અંદર બેઠેલા ભીડના ત્રાસમાંથી છુટકારાનો દમ બેંચીને, જરા સ્વસ્થ થઇને, પગ લંબાવીને બેઠા હતા. તેમની ઉપર બારીઓમાંથી બેન્ને બાજુથી સામાનનો મારો શરૂ થયો. પ્લેટફોર્મ ઉપર જમણી બાજુ જેટલાં માણસો હતાં તેટલાં જ ડાબી બાજુ પણ ઊભાં હતાં. પાછળથી ચઢનારા અને આગળથી ચઢનારાની વચ્ચે ઊતરનારા ભીસાઇ રહ્યા હતા. તેમને સામાન કાઢવો અને બાળબચ્ચાં સંભાળીને ઊતરવું લગભગ અશકય બન્યું હતું. એકેએક ડબાની આ સ્થિતિ હતી. ભારે શોરબકોરમાં બાળકોની કરુણ ચીસો ડૂબી જતી હતી. આ દૃશ્ય સાચે જ કરુણ હતું.

પ્રવાસીઓમાં શિક્ષકો હતા, વ્યાપારીઓ હતા, પ્રતિષ્ઠિત ધંધાદારીઓ હતા, સુશિક્ષિત સદ્‌ગૃહસ્થો હતા. ઊંચે સાદે બોલવામાં, અન્યને તુંકારો કરવામાં અસભ્યતા છે, એમ માનનારા સજ્જનો અને સન્નારીઓ હતાં; પરંતુ ગાડી આવતાંની સાથે જ માનવતાની દ્યોતક એવી સભ્યતા અને સંસ્કારિતા એકદમ અદૃશ્ય બની. કથીર ઉપરનો સોનાનો ઓપ, તાપ લાગતાં ઓસરી જાય, તેમ ટાપટીપવાળાં કપડાંની જેવી ઉપલકિયા સભ્યતા સ્વાર્થનું ઘર્ષણ થતાં ઓસરી ગઇ. સ્વાર્થી હિંસ્ર પશુની માફક એ સૌ પોતાને, અને પોતાનાં કુટુંબીઓને વાસ્તે, ગાડીમાં જગ્યા મેળવવા પોતાના જ માનવબંધુઓ ઉપર તૂટી પડેલા. પણ હિંસ્ર પશુનો દાખલો અહીં અનુચિત છે. નાનાં બાળકો પ્રત્યે ભયાનક વાઘ પણ શાંત બન્યાના દાખલા સાંભળ્યા છે. અહીં તો ડબ્બામાં બેઠેલાં બાળકો અને સ્ત્રીઓ ઉપર બારીમાંથી પેટીઓનો ને બિછાનાઓનો મારો કરતાં મજૂરો અચકાતા ત્યારે તેમને પાછળથી ઉ-તેજતા અમાનુષી અવાજ સંભળાવા લાગ્યા :

"જોઇ શું રહ્યો છે, ફેંક અંદર!"

"પણ બચ્ચાંને વાગશે."

"અરે બચ્ચાંવાળા, પછી જગ્યા નહિ મળે. ફેંક અંદર." કહીને સામાન્ય રીતે બીજા વર્ગમાં મુસાફરી કરતા એક વેપારીએ મજૂરને માથે રહેલી મોટી પેટીને ધક્કો માર્યો ત્યારે જોનારા ત્રાસી ઊઠયા અને અંદરથી એક યુવાને ઊભા થઇ એક હાથે બેગને પાછી ધકેલી અને બીજો હાથ બાળકના માથા ઉપર ધરી રાખ્યો. બે વર્ષનાં સુકોમળ બાળકની મા બીચારી બૂમો મારતી હતી. પણ તેની પપ્પડી આ નગારાંના અવાજમાં કોઇને સંભળાતી ન હતી. પોતાની પેટીને પાછી ધકેલાતી જોઇને એ 'સદ્‌ગૃહસ્થે' પેલા પરગજુ યુવાન ઉપર ગાળોનો વરસાદ વરસાવ્યો ત્યારે અમાનુષીપણાની અવધિ આવી રહી!

પંદરેક મિનિટ સુધી આ પ્રકારનું દૃશ્ય ચાલુ રહ્યું. એટલામાં ગાર્ડે જોરથી બૂમ પાડી: 'આગળ ડબા જોડાયા છે, આગળ જૂઓ.' ગાર્ડનો અવાજ સાંભળી બહાર ઊભેલા લોકો આગળ દોડયા; પણ અંદર ઘૂસેલાં અને ભીસાઇને ઊભેલાં ભાઇબહેનો નીચે ઊતરવાને મુદ્દલ તૈયાર ન હતાં. તેમને પોતાનાં રડતાં બાળકોનો પણ વિચાર આવતો ન હતો; એટલું જ નહિ પણ તેમણે પોતાનો બહાર પડેલો સામાન અંદર લાવવાની કોશિશ ચાલુ જ રાખી. એમને ભીડમાંથી નીકળી આગળ જવાની ગાર્ડે, સ્ટેશન માસ્તરે વારંવાર વિનતિ કરી પણ એ નિરર્થક નીવડી.

વિરમગામ જંકશન ઉપર એ મધરાતે બનેલો બનાવ આજકાલ આપણા બે હજાર માઇલ લાંબા-પહોળા દેશમાં જાળની માફક પથરાયેલી અડતાળીસ હજાર માઇલની રેલવેનાં સ્ટેશને સ્ટેશને બને છે. રેલવે અધિકારીઓની, રાજસત્તાવાળાઓની, નેતાઓની વારંવાર વિનતિ છતાં પ્રવાસની હાડમારી અને તેમાં સ્ત્રીઓ તથા બાળકો પ્રત્યેની બેદરકારી ચાલુ જ છે. માત્ર પૈસાના સ્વાર્થ માટે જ માણસ માણસાઇ છોડે છે એમ નહિ, થોડા કલાક માટે બેસવાની ચાર ફીટની જગ્યા માટે પણ પોતાની બધી માનવતાને હોડમાં મૂકે છે. અથવા કહો કે જે સભ્યતા, સંસ્કારિતા, માનવતા શહેરી લોકોમાં આપણને સામાન્ય વ્યવહારમાં દેખાય છે તે આવે પ્રસંગે ઓસરી જાય છે.

આકાશમાંથી બોમનો વરસાદ થતો હોય ત્યારે પણ ભોંયરામાં જવા માટે ઊપડતી ગાડીઓમાં બાળકો અને સ્ત્રીઓ ચડી જાય પછી જ પોતે ચડવું જોઇએ એવી સમજથી શાંતિપૂર્વક હારબંધ ઊભા રહેતા પાશ્ચાત્ય લોકો પાસેથી આપણે એ ધૈર્યનો, માણસાઇનો પાઠ શિખવાની જરૂર છે.

બાળકો અને સ્ત્રીઓ પ્રત્યેના સન્માનમાં, તેમની સગવડ સાચવવામાં સ્વરક્ષા અને સ્વત્વરક્ષા બન્ને રહેલાં

છે એ વસ્તુ આપણા ધ્યાનમાં જ આવતી નથી.

ગામડાનાં નાનાં સ્ટેશને જ નહિ પણ અમદાવાદ જેવા મોટા સ્ટેશને પણ પોલીસની હાજરીમાં જ હારબંધ ઊભા રહેવાય એ વખતે પણ પોલીસને લાંચ આપીને અથવા એની નજર ચૂકવીને બીજા કરતાં વહેલી ટિકિટ લઇ લેવામાં હોશિયારી મનાય, એ આપણી માણસાઇની ઊણપ બતાવે છે. રાષ્ટ્રવ્યાપી બનેલા એ દુર્ગુણને ટાળવા આપણે શિક્ષકોએ સૌ પ્રથમ તૈયાર થવું પડશે લોકશિક્ષકોના વિશાળ કાર્યપ્રદેશમાં આ વસ્તુ એક મહત્ત્વની છે. રાજ્યસત્તાનો ઓછામાં ઓછો ક્રિયોગ થાય તેને જ લોકશાસન–સ્વશાસન કહેવાય. અન્યના શાસનથી નહિ પણ અંદરની સમજણથી જ નિયમનમાં રહેનાર માનવી જ ખરો સ્વતંત્ર માનવી ગણાય એ વસ્તુ શિક્ષણશાસ્ત્ર અને સામાજિક શાસ્ત્ર બન્નેનાં મૂળમાં પડેલી છે; અને તેથી જ આવે પ્રસંગે દેખાઇ આવતી માણસાઇની ઊણપ પૂરવામાં સ્વરાજની ઇમારતના પાયાની પૂરવણી રહેલી છે એ વાત સિદ્ધ થાય છે.

આમાં ઘડીનો પણ વિલંબ ચલાવી લેવાય તેમ નથી એ પણ એટલું જ સ્પષ્ટ છે.

૨૧૭

રમકડું ખોવાયું

'તારું રમકડું કયાં?' કિશોરને તેની બાએ પૂછેયું.

"ખબર નથી મને." ધીરા અવાજે કિશોરે જવાબ આપ્યો.

"રમવા લે તો રમીને મૂકી દેવું જોઇએ ને. સવારે મેં બાજુવાળાની રમા પાસે જોયું હતું. જા, માગી લાવ, નહિતર હાડકાં ખોખરાં કરી દઇશ."

કિશોર રમા પાસે આવ્યો. કહેઃ "મારું રમકડું દઇ દે, બા મને વઢે છે."

રમા કહેઃ "એ તો મારું છે."

"ના મારું છે." કિશોરે કહ્યું.

"ના મારું છે." રમાએ કહ્યું.

આમ મારું તારું રકઝક ચાલતી હતી, ત્યાં રમાનાં બા આવી પહોંચ્યા. "કેમ બેબી શું છે?" રમાને ઉદ્દેશીને એણે પ્રશ્ન કર્યો.

"કિશોર મારું રમકડું માગે છે." રમાએ જવાબ આપ્યોઃ "કહે છે કે મારું છે."

"જા, રમકડું લેવા નીકળ્યો છો તે. એ તો રમાનું જ છે." માએ ચુકાદો આપ્યો.

કિશોર આ સાંભળી રોવા લાગ્યો. તેનું રોવું સાંભળી કિશોરની બા આવ્યાં. આવતાં જ એમણે કહ્યું: "એ રમકડું તો કિશોરનું છે. રમવા આપે તેથી માલિક ન બની જવાય. સવારે રમા અમારા ઘરમાં એનાથી રમતી હતી અને ત્યાંથી રમતાં રમતાં અહીં લઇ આવી."

"લઇ આવી એટલે શું ચોરી કરી?"

"તમને કોણે કહ્યું કે તમારી રમાએ ચોરી કરી. એ તો બાળક છે અને સુંદર વસ્તુ જોઇને લલચાય પણ ખરાં. એમને શું ભાન નીતિ–અનીતિનું હજુ. કોઇ મોટી ઉંમરના માણસો આમ લઇ આવે તો તે ચોરી કહેવાય. હું તો એટલું જ કહું છું કે રમકડું કિશોરનું છે. અમને આપી દો એટલે પત્યું."

"ના, એ તો રમા પાસે ઘણા દિવસ થયા છે; એનાથી તો એ રોજ રમે છે."

"ઘણા દિવસ થયા રમા પાસે આ રમકડું હતું, તો તપાસ કરવી હતી ને, એના માલિકની." હવે કિશોરની બાએ બાજુમાં ઊભેલા ચાલીના લોકોને ઉદ્દેશીને કહેવા માંડયું: "રમા તો નાદાન છે, એને ભાન ન હોય, પરંતુ રમાનાં બાને તો ભાન હોવું જોઇએ ને કે આ રમકડું આપણે તો કોઇ દિવસ ખરીદી નથી આણ્યું તો બીજાનું હશે. તપાસ કરીને માલિકને આપી દેવું જોઇએ. અરે, તપાસ કરવાની તો મા મૂઇ પણ માલિક મળ્યા છે તો યે નથી દેતા એ કેવું?"

આમ વાદવિવાદ ચાલ્યા કરતો હતો ત્યાં કિશોર અને રમા બંને સાથે પેલા ખોવાયેલા રમકડા સાથે રમતાં જણાયાં. બાળકોને શું છે. ભલે ને તેઓની બા અંદર અંદર એકબીજા જોડે ગમે તેટલો વખત ઝગડયા કરે. એમને તો ગમે ત્યાંથી આનંદ મળવો જોઇએ.

વસંત દેસાઇ

નોંધ

પૂર્વ-પ્રાથમિક અધ્યાપન નિયંત્રણ સમિતિ

ગયા અંકમાં ઉપરોકત નિયંત્રણ સમિતિએ અધ્યાપનમંદિરોમાં ભણતા વિદ્યાર્થીઓ માટે નિયત કરેલો અભ્યાસક્રમ વાચકોએ જોયો હશે. તે ઉપરથી દેખાશે કે પૂર્વ-પ્રાથમિક શિક્ષકોનો અભ્યાસક્રમ હવે પ્રાથમિક શિક્ષકો જેટલો એટલે કે સેકંડ ઇયર જેટલો તો થાય છે. ઉપરાંત બાળમાનસ સમજવામાં તેમ જ બાળકો સાથે કામ પાડવામાં, તેમના વિકાસમાં મદદ કરવામાં તેઓ વધારે લાયક બને છે; કારણ કે પ્રત્યક્ષ કામને પૂરતું સ્થાન આપવામાં આવે છે.

અમને જણાવતાં આનંદ થાય છે કે મુંબઇ સરકારના કેળવણીખાતાએ જૂન માસમાં આ નિયંત્રણ સમિતિને અને તેના (ડિપ્લોમા) પ્રશસ્તિપત્રોને માન્ય રાખ્યાં છે અને પોતા તરફથી એક સભ્ય, સમિતિના વ્યવસ્થાપકમંડળ ઉપર નીમવાનું ઠરાવ્યું છે.

હવે સરકાર આપણી છે. બુનિયાદી તાલીમ-એટલે કે પાયાની કેળવણી તરીકે બેઝિક શિક્ષણ-જેમ સરકારે હાથ ધરી, તે સાર્વત્રિક કરવાની યોજના ઘડી છે; તેમ જતે દહાડે પૂર્વ બુનિયાદી શિક્ષણની યોજના પણ સરકારે જ હાથ ધરવી જોઇએ. તો જ બધાં ગામડાંને, બધા ગરીબવર્ગનાં બાળકોને મનુષ્ય તરીકે જીવવાની અને મનુષ્ય થવાનું શિક્ષણ લેવાની તક મળશે.

નૂતન બાલશિક્ષણ સંઘે આજે એકવીશ વર્ષ સુધી એ વાતનું મહત્ત્વ લોકોને, શિક્ષકોને, શિક્ષણજ્ઞોને અને સરકાર વગેરે મોટા કેળવણી ખાતાને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. અને હવે, ગ્રામ બાલશિક્ષણનો પ્રશ્ન હાથ ધરી, કઇ રીતે એ દિશામાં કામ થવું જોઇએ એનો પ્રયોગ શરૂ કર્યો છે. ને એમ કરી રાષ્ટ્રોત્થાનની દૃષ્ટિએ એક અત્યંત મહત્ત્વનું પગલું માંડયું છે.

છતાં નૂ. બા. શિ. સંઘ જેવી બાનગી સંસ્થા, બાનગી ફાળાથી, આખા પ્રાંતનાં પૂર્વ-પ્રાથમિક શિક્ષણનું સંચાલન ન જ કરી શકે. એ કામ સરકાર, લોકલબોર્ડ અને મ્યુનિસિપાલિટીએ જ સંભાળવું જોઇએ.

હમણાં સરકારે આ પૂર્વપ્રાથમિક અધ્યાપન નિયંત્રણ સમિતિને ને તેના પ્રશસ્તિ પત્રોને માન્ય રાખી આ દિશામાં શુભ આરંભ કર્યો છે એમ કહી શકાય.

જેમણે વર્ષોથી શિક્ષણક્ષેત્રમાં ને વિશેષમાં પૂર્વ-પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રમાં કામ કર્યું છે એવા શિક્ષણ-તજ્ઞોના હાથમાં પ્રથમ આ નિયંત્રણ રહે અને તેમના કામને સરકારી માન્યતા મળતી રહે એ જ શરૂઆતના વિકાસ માટે સારું છે; કેમકે સરકારી સંચાલનમાં એક જાતનું 'રૂટિન' અને 'રેડ ટેપીઝમ' એટલે કે જડ તત્ર અધિક આવી જવાનો સંભવ છે. જ્યારે નવાં બાતાંઓને વિકસાવવા માટે અધિક છૂટ અને ફેરફારોને અવકાશ હોવાની જરૂર હોય છે. એટલે નૂ બા. શિ. સંઘ, શિશુવિહાર મંડળ અને હિંગણેની સ્ત્રીશિક્ષણ સંસ્થાના પ્રતિનિધિના હાથમાં આ નિયંત્રણનાં મુખ્ય સૂત્રો રહે તે યોગ્ય જ છે.

આશા છે કે આ સમિતિના નિયમન નીચે વધારે બાલઅધ્યાપનમંદિરો આખા પ્રાંતમાં ચાલે અને ત્યાંથી બહાર નીકળતા બાલશિક્ષકો આખા પ્રાંતમાં બાલમંદિરો સ્થાપી દે.

તા૦

શિશુવિહાર બાલઅધ્યાપનમંદિર, દાદર

આ અધ્યાપનમંદિરમાં, આ વર્ષે, લગભગ સાઠ જેટલી વિદ્યાર્થિનીઓ દાખલ થઇ છે. જગ્યાને અભાવે બાળક્રિડાંગણની વિદ્યાર્થિનીઓને 'ના' પાડવી પડે છે તેથી ઘણું દુઃખ થાય છે.

સામાન્યતઃ ગુજરાતી ભાઇબહેનો આજ સુધી આવતા તેમાં આ વર્ષે સુધારો દેખાય છે. આ સુધારો તે એ કે આ વર્ષે બી. એ, જી. એ. થયેલી ત્રણચાર બહેનો દાખલ થઇ છે. ઉપરાંત મેટ્રિક કે કૉલેજનું એકાદ વર્ષ કરેલી બહેનો પણ પહેલાં કરતાં વધારે છે.

છતાં ગુજરાતી બહેનોનું વધારે પ્રમાણ તો ક્રીડાંગણના ત્રણ માસના કોર્સમાં દાખલ થનારીનું જ છે.

દાદરમાં અધ્યાપનમંદિર ચાલે છે ત્યારથી બહેનોનું પ્રમાણ વધતુ જ જાય છે, ને ભાઇઓનું ઓછું થતું જાય છે. ગયે વર્ષે ત્રણ ભાઇઓ હતા, તો આ વર્ષે એક જ ભાઇ આવ્યા છે.

એનું કારણ શું હશે?

આ વર્ષે સાતઆઠ જેટલી બ્રાહ્મ બહેનો આવી છે. મુંબઇમાં મિસિસ ઝરીનાબહેન કરીમભાઇના

પ્રયત્નથી, બોમ્બઐાના લત્તામાં, બાલમંદિરોની સંખ્યા વધતી જાય છે ને બીજા બહેનો ભણવા આવે છે એ વસ્તુ પણ તેમનેજ આભારી છે.

ખાસ નોંધવા જેવી વાત તો એ છે કે આ વર્ષે બે બોમ્બે બહેનો ઠેઠ આફ્રિકાથી અહીં ભણવા આવી છે ને એક તો શિશુવિહારના વસતિગૃહમાં બીજી બહેનો સાથે રહીને અભ્યાસ કરે છે. તેમને અહીં આવવા પ્રેરનાર આપણા જૂના કાર્યકર્તા હેમુભાઇ રાજગોર છે, એ જણાવતાં આનંદ થાય છે. તેઓ આફ્રિકામાં ન્યૂ યા. શિક્ષણનો પ્રસાર સારી રીતે કરી રહ્યા છે. આપણા સંઘની એક શાખા પણ ત્યાં સ્થાપવાની તેમની અભિલાષા છે, જે ટૂંક વખતમાં સિદ્ધ થશે એવી આશા રાખી શકાય.

તા૦

ન્યૂ. યા. શિ. સંઘ, મુંબઈ શાખા : સામાન્ય સભા

મુંબઇ શાખાની વ્યવસ્થાપકમંડળની ચૂંટણી તા. ૯–૮–૪૭ શનિવારના રોજ ચાર વાગે થશે (સ્થળ : ટી. એન. મંડળની બાલમંદિર, મેથ્યુ રોડ, ચોપાટી). નિયમોની રૂઇએ પ્રમુખ અને નવ સભ્યોની ચૂંટણી સામાન્ય સભાએ કરવાની હોય છે. સિવાય બંધારણમાં પણ થોડાંએક ફેરફાર કરવાના છે. ન્યૂ. યા. શિ. સંઘના આજીવન સભ્યો, સહાયક સભ્યો, સક્રિય સભ્યો અને સામાન્ય સભ્યો તે જ મુંબઇ શાખાના સભ્યો ગણાય છે, તેથી મુંબઇ અને ઉપનગરમાં રહેતા સર્વ સભ્યોને આગ્રહભરી વિનતિ કરવામાં આવે છે કે તેઓએ આ સભામાં અવશ્ય હાજરી આપવી, ને ચૂંટણીમાં ભાગ લઇ, સંઘના કાર્યમાં રસ લેવો. આ સભામાં મુંબઇ શાખાના કામનો અહેવાલ અને જમા–ખર્ચનો બરડો પણ રજૂ કરવામાં આવશે.

સભાની તારીખ, સ્થળ ને સમય નોંધી રાખશો અને અવશ્ય હાજરી આપશો.

બાબીબેન મૂળજી
તારાબેન ઝવેરી
પૂર્ણિમાબેન પકવાસા
મંત્રીઓ, મુંબઇ શાખા, ન્યૂ. યા. શિ. સંઘ

મદદ કરો


આજકાલ દેશભરમાં ગ્રામ પુનર્ઘટનાનું કાર્ય જોરશોર શરૂ થયેલું છે. ગામડાંમાં કામ કરતી બાલશિક્ષણ, રાષ્ટ્રીય શિક્ષણ અને લોકશિક્ષણની સંસ્થાઓ તરફથી 'શિક્ષણપત્રિકા' વિનામૂલ્યે મોકલવા અમારી ઉપર વિનંતિપત્રો આવે છે. અગાઉ અમે કેટલીક સંસ્થાઓને એ રીતે પત્રિકા મોકલતા હતા. આજની મોંઘવારીમાં વિનામૂલ્યે પત્રિકા મોકલવી અશક્ય છે, તો ગ્રામપુનર્વિધાનનાં મહત્ત્વના કાર્યમાં સહાય કરવા ઇચ્છતા સહૃદયી શ્રીમંતોને ઉપરોક્ત સંસ્થાઓને વિનામૂલ્યે પત્રિકા પહોંચાડવા પોતાનો ઉદાર હાથ લંબાવવા અમારી વિનતિ છે. આપની રકમ નીચેને સરનામે મોકલશો :

બાબીબેન મૂળજી, વ્યવસ્થાક : 'શિક્ષણપત્રિકા'
શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ ૬.


શિક્ષણપત્રિકાનો

બાલવિભાગ

વર્ષ પહેલું : અંક સાતમો : જુલાઇ, ૧૯૪૭



ગાય અને ગોકળગાય



સાવ સાંજ પડતાં જ
ટણુન્.... ટણુન્.... ટોકરી વગાડતી,
પોતાના ઘર ભણી દોડી આવતી
ગાય કોણે જોઇ ન હોય?

પોતાના વાછરડાને ચાટતી ચાટતી,
એને દૂધ ધવડાવતી વેળા
કોઇ અજાણ્યું પાસે આવી ચડે તો
આંખો ફાડી, શીંગડાં ઊંચાં કરતી
એને જોઇ છે કદી?

અને વારંવાર પોતાનાં ટચુકડાં શીંગ
વાંકાંચૂંકાં ફેરવતી, ઘસડાતી,
એકસરખી મંદ ગતિથી ચાલનારી,
ગોકળગાય કદી જોઈ છે તમે?

કોઇ વાર રસ્તા ઉપર,
કોઇ વાર બગીચાના ક્યારામાં,
કોઇ વાર સૂકાંપાકાં પાન પર,
તો કોઇ વાર પાંદડાં નીચે,
બાઇસાહેબ ફરતાં હોય.

અને હરતાં ફરતાં
ચળકતા ચીકણા પદાર્થનો પટ્ટો
જ્યાંત્યાં કાઢતાં જાય,
એ જ આપણી ગોકળગાય.

છે કાંઇ સરખાપણું,
આપણી ગાયમાં ને ગોકળગાયમાં?

ગાય કરોડવાળાં પ્રાણીના વંશની,
જ્યારે ગોકળગાય
કરોડ વગરનાં પ્રાણીના વંશની.

કરોડ એટલે શું?
આપણી પીઠ ઉપર
વચ્ચોવચ્ચ લાંબું
સરપ જેવું હાડકું.
એ જ આપણી કરોડ.

માણસ, વાંદરા, ગાય, વાઘ,
પક્ષી, સાપ, મગર, દેડકાં ને માછલાં.
આ બધાંની પીઠે કરોડ હોય છે
એટલે જ એ બધાં એક વંશનાં.

અને ગોકળગાય?

શંખ, છીપલાં, કોડીં ને મોતી, બનાવનારી,

નરમ નરમ શરીરવાળી,
કરોડ વગરનાં પ્રાણીના વંશની.
અને પેલો પાણીમાં રહેતો આઠ પગાળો?
એ પણ એના જ વંશનો.
એ બધાં પ્રાણી કરોડ વગરનાં;
કુણાં માખણ જેવાં શરીરવાળાં,
અને તેથી જ તેમને કહે છે:

'મૃદુકાયવંશી.'

ગાયને ચાર પગ,
જ્યારે ગોકળગાયને ફક્ત એક.
અને તે પણ પેટની વચ્ચોવચ્ચ નીચે.
ગાયને દોડવાનું,
ગોકળગાયને ઘસડાવાનું.
એક પગે ઘસડાતાં
પગ છોલાય નહિં,
અને પગ બળે નહિં,
એટલા માટે જ એ,
ચીકણો નરમ પદાર્થ,
ગોકળગાય એક સરખી
પોતાના રસ્તામાં કાઢતી આલે છે.

ગાયનું માથું તદ્દન આપણી જેવું,
જ્યારે ગોકળગાયનું સાવ જુદું.
આપણે જેને શીંગડાં કહીએ છીએ
એની ટોચે એને આંખ હોય છે,
અને એ આંખો આંગળાંની જેમ
આમતેમ ચારે કોર વાળી શકાય છે.
અને તૂટેફૂટે તો ફરી નવાં ઊગે.
આંખો નીચે એવી જ એક
જોડી છે નાનાં શીંગડાંની.
આપણને લાગે જાણે ઉપરની જોડી શીંગડાંની
અને નીચેની જોડી કાનની.
મોઢું લાગે ગાય જેવું
તેથી જ તો કોઇએ
ગોકળગાય નામ આપ્યું હશે ને?

પણ ઉપરની જોડી છે આંખોની,
અને નીચે છે,
એના સ્પર્શઅવયવની

ગાયનું ઘર કોઠયમાં
જ્યારે ગોકળગાયનું ઘર એની પીઠ ઉપર.
રોજ નવું બાંધે,
ને ભાંગે તૂટે તો
પાછું સરખું પણ કરે.

શિયાળામાં ગાયની ચામડી ઉપર
વાળ વધે અને કાળા ભમ્મર બને,
એ વાળ ગાયને ગરમી યે આપે.
પણ ગોકળગાય તો શિયાળો આવતાં ભજની
પોતાના શંખના ઘરમાં પેસી જાય.
અને પેલા ચીકણા પદાર્થનું
બનાવે બારણું.
નિરાંતે બંધ કરીને બેસી જાય.
ખાવું બંધ, પીવું બંધ,
શિયાળો આખો બધું બંધ.

વસંત આવી કે નીકળે પાછી બહાર.
ખાવું પીવું ને ઈંડાં મૂકવાં
બધું પાછું ચાલુ થાય.

ગાયની કોઇ પણ જાત
પાણીમાં રહેતી નથી.
પણ ગોકળગાય પાણીમાં
ને જમીન ઉપર,
નદીમાં ને દરિયામાં,

તળાવમાં ને હોજમાં
બાગમાં ને ફૂલવાડીમાં,
બધી જગ્યાએ રહે છે.

શહેરમાં ગાય ન પળાય તો,
તમારા મીઠા પાણીના જળાશયમાં,
મીઠા પાણીની ગોકળગાય જરૂર પાળજો.
તમારા જળાશયની ભીંતો ચોખ્ખી રાખશે.
બાગમાં રાખશો તો બાગ ચોખ્ખો રાખવામાં
મદદ કરશે.

ગાય અને ગોકળગાય

બન્ને આપણને બહુ ઉપયોગી છે.

(મરાઠી ઉપરથી) નાગલેભાઇ

એક વહેલી સવારે

એક વહેલી સવારે રે.....
અમે જાતાં'તાં સરોવર પાળે,
આંબલિયાની ડાળે,
ડુંગરડાની ધારે,
હસતાં હસતાં અમે જાતાં'તાં-એક વહેલી સવારે રે.

અને નાનીશી નાવમાં,
સરવર-તરંગમાં,
ઉષાના રંગમાં,
તરતાં તરતાં અમે જાતાં'તા-એક વહેલી સવારે રે.

ખેડૂત વીર ઊઠે,
બળદ ગાંડે જૂતે,
ને રૂમઝૂમ કરતાં
ખેતર વાટ પૂગે-એક સુંદર સવારે રે.

શીતળ વાયુ વાતો,
કરતો મીઠી વાતો,
મનમાં હું મલકાતો
થાકું ના ગીત ગાતો-એક વહેલી સવારે રે.

એવી સુંદર સવારે રે....
એવી શીતળ સવારે રે....
એક રસમય સવારે રે....

ચંદુલાલ પાઠક.

એક ચિત્ર તું એવું ચિતર

એક ચિત્ર તું એવું ચિતર
ઓ મારા ચિતારા ભાઇ,
બાગ-બગીચો એવો સુંદર
મ્હેક મ્હેકથી લાગે મનહર;
પતંગિયાં ઊડતાં એ અંદર,
ભાઇ બહેન ત્યાં નિત્ય નિત જાય;
અંતરથી બૂબ જ મલકાય.

૨

એક ચિત્ર તું એવું ચિતર
ઓ મારા ચિતારા ભાઇ;
આષાઢી પૂનમની રાતે
મેઘ વરસતો બારે વાટે;
સાગરનાં મોજાંની સાથે
ભાઇ બહેન કો ઝુલતા જાય.
સુંદર રાગે ગીતો ગાય.

૩

એક ચિત્ર તું એવું ચિતર
ઓ મારા ચિતારા ભાઇ,
નાનકડા કો ગામ મહીં
ને ટૂટલફૂટલ ધામ મહીં;
અંધારી ઓંસરીએ બેસી
વૃદ્ધ હરિજન ઝોકાં ખાય,
ગરીબનો બેલી તું થાય.

૪

એક ચિત્ર તું એવું ચિતર
ઓ મારા ચિતારા ભાઇ,
ઊંચા ઊંચા પહાડ પરેથી
મોટો બળ બળ ધોધ પડે;
નજીકની લેબડ શોધીને
ભાઇબહેન ત્યાં બેસી કહે,
"શું કુદરતમાં લહેર પડે?"

ચંદુલાલ પાઠક

ગલુડિયું મારું

કૂર કૂર કરતાં દોડયું આવે,
લટપટ ઝટપટ પૂછ હલાવે,
પીણું તો ચાવીને પીએ,
ગલુડિયું મારું.

બાળકને એ બૂબ ગમતું,
જ્યાં ત્યાં એ પછવાડે ભમતું,
આવાની કંઈ ઇચ્છા ધરતું,
ગલુડિયું મારું.

પણ જ્યારે મોટું એ થાય,
ગંદે સ્થાને ફરતું થાય,
મનુષ્ય થી તિરસ્કારાય.
ગલુડિયું મારું.

ચંદુલાલ પાઠક

ગ્રામ બાલશિક્ષાકેન્દ્ર બોરડી

ગ્રામ બાલઅધ્યાપનમંદિરની સામાન્ય માહિતી

૧. 'ગ્રામ બાલઅધ્યાપનમંદિરનો આવતી સાલનો અભ્યાસક્રમ તા. ૧૫ મી સપ્ટેમ્બરથી શરૂ થશે અને તે ૫મી જૂન ૧૯૪૮ સુધી ચાલશે. તેમાં ૨૪ ડિસેમ્બર ૧૯૪૭થી ૧૫મી જાન્યુઆરી ૧૯૪૮ સુધી ત્રણ અઠવાડિયાની રજા રહેશે.

૨. અધ્યાપનમંદિરમાં દાખલ થવા માટે શૈક્ષણિક યોગ્યતા ઓછામાં ઓછી વર્નાક્યુલર ફાઇનલ પાસ રાખવામાં આવી છે. ઉંમર ૧૮થી ૩૫ સુધીની સાધારણ રીતે હોવી જોઇએ.

૩. હિંદુસ્તાની, મરાઠી અથવા ગુજરાતી ત્રણમાંથી કોઇ પણ એક ભાષામાં પોતાનાં વિચારો સ્પષ્ટ રીતે લખવાની તથા હિંદુસ્તાનીમાં અભ્યાસક્રમ સમજવાની યોગ્યતા દરેક વિદ્યાર્થીઓમાં હોવાની જરૂર છે. અભ્યાસક્રમનું માધ્યમ હિંદુસ્તાની રહેશે.

૪. વિદ્યાર્થીઓએ ખાદીનો પોશાક પહેરવાનો રહેશે, અને ઓછામાં ઓછો અર્ધો કલાક કાંતવાનું આવશ્યક ગણાશે.

૫. ગામડાંઓમાં બાલવાડી ચલાવવા ઇચ્છનારને જ દાખલ કરવામાં આવશે.

૬. **ફી વગેરે:** પ્રવેશફી રૂ. ૫, શૈક્ષણિક ફી રૂ. ૯૦, વસતિગૃહ ફી રૂ. ૨૫, હસ્તવ્યવસાય ફી. રૂ. ૫, પરીક્ષા ફી રૂ. ૫, શૈક્ષણિક પ્રવાસ સામાન્ય રીતે રૂ. ૨૫. એમ બધા મળીને રૂ. ૧૫૫ તથા આઠ માસનું ભોજનખર્ચ સામાન્ય રીતે રૂ. ૨૫૦ આવશે. જે ભોજનખર્ચ થશે તે દરેક વિદ્યાર્થીઓ વચ્ચે વહેંચી દેવામાં આવશે.

૭. વસતિગૃહમાં **સ્વાવલંબનથી** દરેક કામ કરવાનાં રહેશે. એટલે કે, રસોઇ કરવી, પાણી ભરવું, સ્વચ્છતા, તથા અન્ય વ્યક્તિગત કામ દરેકે જાતે કરવું પડશે. વસતિગૃહનો સામાન્ય કાર્યક્રમ આશ્રમજીવન અનુસાર સવારના પાંચ વાગે પ્રાર્થનાથી શરૂ થઇ રાતના ૧૦ સુધી ચાલશે.

૮. સ્વાવલંબન તથા આશ્રમજીવનની દૃષ્ટિએ શરીરસ્વાસ્થ્ય સારું હોવું જોઇએ. તેને માટે **વૈદકીય પ્રમાણપત્ર** પ્રવેશઅરજીની સાથે મોકલવું. શિક્ષાર્થીઓને બાળકોને સાથે લાવવાની રજા મળી શકશે નહિ.

૯. **પ્રવેશ અરજીમાં** પૂરું નામ, સરનામું, વાલીનું નામ, જાતિ, ધર્મ, જન્મતારીખ, જન્મસ્થળ, શૈક્ષણિક યોગ્યતા છેવટની શિક્ષણ સંસ્થા, પૂર્વઅનુભવ તથા કામ, વિવાહિત કે અવિવાહિતઃ આટલી માહિતી લખી મોકલવી.

૧૦. **સાથે લાવવાની વસ્તુઓ:** (૧) ખાદીનાં કપડાંની ત્રણ જોડી. (જેમાં રૂવાલ નેપકીન વગેરે) (૨) તકલી તથા રૂંટિયો, (૩) થાળી, વાડકો, લોટો અને ચમચો. (૪) ફાનસ અને ડોલ. (૫) પથારી અને શેતરંજી (૬) સોય, દોરો, કાંસકો, ચપ્પુ, વગેરે.

Regd. No. B. 2241

પ્રગતિની ગતિ

પ્રગતિની ગતિ ધીમી છે, અત્યંત ધીમી છે.

એટલી બધી ધીમી છે કે ઘણી વાર એમ જ લાગે કે પ્રગતિ થતી જ નથી, આપણે છીએ ત્યાં ને ત્યાં જ છીએ.

ઘણી વાર તો એમ પણ લાગે કે આપણે ત્યાં ને ત્યાં નથી; પણ ઊલટા પાછા ફરીએ છીએ. આથી પ્રગતિને પંથે જવા ઇચ્છનારા હતાશ થાય છે. તેના હૃદયમાં નિરાશાનાં વાદળાં છવાય છે.

પણ ખરી વાત તો એ છે કે પ્રગતિની ગતિ ધીમી છે.
નવો વિચાર કરવો, નવો વિચાર ઝીલવો એ કાંઇ સહેલી વાત નથી.

એકના મગજમાં નવો વિચાર ઊપજે: એકના હૃદયમાં નવો પ્રકાશ પથરાય: બીજા તેને ઝીલવાનો પ્રયત્ન કરે.

બીજા ઘણા તેમ જ કરે.

છતાં–

આખી જનતા તે સ્વીકારે,

આખી જનતા તે પંથે ચાલે,

આખી જનતાનાં જીવનમાં તે વણાય.

તેમ થતાં યુગો ને યુગો ચાલ્યા જાય છે.

તેથી જ આપણને લાગે છે કે પ્રગતિ થતી જ નથી.

પણ ખરી વાત તો એ છે કે પ્રગતિની ગતિ ધીમી, અત્યંત ધીમી છે.


તારાબેન

મુદ્રકપ્રકાશક: ગો. રા. કુલકર્ણી, ૧૧૭, હિંદુ કોલોની, દાદર મુંબઇ ૧૪, મુદ્રણસ્થાન: સ્ટેટસ પીપલ પ્રેસ, ૧૩૮, મેડોઝ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ

નૂતન બાલશિક્ષણ સંઘ પ્રકાશિત

શિક્ષણપત્રિકા

વર્ષ ૨૨ : અંક ૮ : ઓગસ્ટ, ૧૯૪૭



વ્યવસ્થાપક : સ્વ. ગિજુભાઈ બધેકા :: સંપાદક : તારાબેન મોડક : : સહસંપાદક : રમણભાઈ પાઠક

શિક્ષણપત્રિકા

ઑગસ્ટ ૧૯૪૭

વર્ષ : ૨૨ અંક : ૮

અનુક્રમણિકા

વિષય			લેખક	પૃષ્ઠ
સ્વરાજ્યનો ભાગ્યસૂર્ય	...	...	તા૦	૧૦૧
શુભ વિદાય	...	...	ત્રા૦	૧૦૨
બાલશિક્ષણનું યોગ્ય સ્થાન	...	...	તા૦	૧૦૩
બાલશિક્ષણની શાસ્ત્રીય ભૂમિકા		...	શેષ નામલે	૧૦૫
રોજ રોજ અને ઘરે ઘરે	...	...	તા૦	૧૦૮
જોયું જાણ્યું અને આલેખ્યું	...	...	પુનમચંદ શાહ	૧૦૯
પાણીનો રસિયો	...	...	રતિલાલ અમીન	૧૧૦
એ તત્ત્વ ક્યાંથી આવ્યું ?	...	...	વાસુદેવ કાવ્યતીર્થ	૧૧૦
મૉન્ટેસોરીની પ્રથમ ભેટ	...		દરબાર ગોપાળદાસ–પૂ.ું ત્રીજું	

સંપાદકીય નોંધ

શિશુવિહાર : ભાવનગર...	...	તા૦	૧૧૧
કિલ્લોલ બાળમંદિર, પાટણ	...	,,	૧૧૧
બાલનિકેતન, ઇન્દોર	...	,,	૧૧૨
દુઃખદ અવસાન	...	,,	૧૧૨

બાળવિભાગ

સ્વરાજ આવ્યું	...	તા૦	૨૯
ઘઉં અને ચણા	...	નામલેભાઇ	૩૦
વૃક્ષ અને છોડ	...	તા૦	૩૧

સૂચના

'શિક્ષણપત્રિકા'ના પ્રત્યેક ગ્રાહકને સંઘનું સભ્યપદ આપોઆપ પ્રાપ્ત છે એટલે કે 'શિક્ષણ પત્રિકા'નો ગ્રાહક એ સંઘનો સભ્ય પણ છે અને સભ્ય તરીકેના દરેક હકકો એ ભોગવી શકે છે.

પત્રવ્યવહાર કરતી વખતે પોતાનો સભ્ય નંબર અવશ્ય લખવો. જે સભ્યો પોતાનું સરનામું બદલવા ઇચ્છતા હોય તેમણે દરેક મહિનાની પહેલી તારીખ સુધીમાં પોતાના સભ્ય નંબર સાથે જૂનું તથા નવું બદલાયેલું સરનામું વ્યવસ્થાપકને જણાવવું.

સામટા સંઘના લવાજમનો ચેક 'સેક્રેટરી, નૂતન બાલશિક્ષણસંઘ,' એ નામનો લખવો, અને તે વ્યવસ્થાપક ઉપર મોકલી આપવો. દરેક સભ્યે લવાજમની રકમ ચેકથી, મનીઑર્ડરથી અગર હાથોહાથ વ્યવસ્થાપકને સરનામે પહોંચાડવી.

સંપાદન તથા નિરીક્ષણકાર્ય અંગેનો તમામ પત્રવ્યવહાર બાલવાડી, બોરડી, ઘોલવડ થઇને B. B C. I. Rly. એ સરનામે કરવો પત્રિકા માટેના લેખો વગેરે પણ ત્યાં જ મોકલવા.

લવાજમના દર

સામાન્ય સભ્ય	...	રૂપિયા ૩
સક્રિય સભ્ય	... ...	,, ૩
સહાયક સભ્ય	... ...	,, ૬
સંસ્થા જોડાણના પ્રતિનિધિ		,, ૭
આજીવન	... ...	રૂપિયા ૧૦૦ થી ૫૦૦

આજીવન સભ્યના પ્રકાર

પ્રદાતા રૂા. ૧૦૦૦	દાતા રૂા. ૫૦૦
શુભેચ્છક રૂા. ૨૫૦	હિતેચ્છુ રૂા. ૧૦૦

[મ્યુનિસિપલ શાળાઓ, રાજ્યની શાળાઓ, સાર્વજનિક સંસ્થાઓ વાર્ષિક રૂા. ૩ કે ૬ આપી પત્રિકા મેળવી શકશે.]

પરદેશમાં શિલિંગ ૭॥; છૂટક નકલ ૬ આના.

પત્રિકાની વ્યવસ્થા અંગેનો તમામ પત્રવ્યવહાર નીચેને સરનામે કરવા વિનતિ છે.

શ્રી૦ બાબીબેન ચૂળજી

વ્યવસ્થાપક: 'શિક્ષણપત્રિકા' કાર્યાલય,
શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ ૬

બાળમંદિરો માટે સાધનો

બાળમંદિર માટે સાધનો ખરીદતાં પહેલાં અમારું સૂચિપત્ર મંગાવો.

દરેક સાધનો શાસ્ત્રીય પદ્ધતિથી બનાવવામાં આવે છે અને તે બધાં નિષ્ણાતોની દેખરેખ નીચે તૈયાર કરવામાં આવે છે.

સૂચિપત્રમાં જણાવેલ ભાવ ઉપર બાળમંદિરોને જ ૬ ૧/૪ ટકા કમિશન આપવામાં આવે છે.

તમારી જરૂરિયાત માટે લખો :

બનાવનાર: **નૂતન શિક્ષણ સાધનાલય એન્ડ આર્ટ વર્કર્સ લિમિટેડ**

વઢવાણ કેમ્પ (કાઠિયાવાડ).

નૂતન બાલશિક્ષણ સંઘની

શિક્ષણપત્રિકા

વર્ષ ૨૨ : અંક ૮] મુંબઈ [ઑગસ્ટ, ૧૯૪૭

સ્વરાજ્યનો ભાગ્યસૂર્ય

ઓગણીસસો સુડતાળીસની પંદરમી ઑગસ્ટ. હિંદભરમાં રાષ્ટ્રોત્સવનો દિવસ.

અત્યાર સુધી ઉષાનું અજવાળું દેખાતું હતું. હવે પહો ફાટી સ્વરાજ્યના ભાગ્યસૂર્યનાં કિરણો દેખાવા લાગ્યાં છે એમ કહી શકાય.

દોઢસો વર્ષ જૂની પરદેશી વર્ચસ્વ નીચેની અંધારી કાળી રાત જાય છે ને સ્વરાજ્ય આવે છે તે મંગળ પ્રસંગે, હિંદભરના લોકો, ઉત્સવ કેમ ન કરે? ને વર્ષોનાં સેવેલાં સ્વપ્નાં સાચાં પડતાં જોઈ લોકહૃદય આનંદથી નાચે ને દિવાળી કેમ ન ઊજવે?

પૂ૦ બાપુજીએ જ જેમ વખતોવખત દીવો ધરી અંધારામાં માર્ગ બતાવ્યો છે, તેમ, આ પ્રસંગે પણ તેમણે દિશા બતાવી છે. આપણામાં વિજયનો ઉન્માદ ન આવે, આનંદઉત્સવથી ગાંડાતૂર ન બનીએ, પણ વિચાર ને મનન કરવાનો આ વખત છે એ જાણી અપવાસ કરી આત્મલક્ષી થઈએ. હૃદયમાં ઊંડા ઊતરીને આત્મપરીક્ષણ કરીએ; અંતરની ઊંચી ભાવનાઓ—જે ભાવનાથી અત્યાર સુધી લડ્યા, ત્યાગ કર્યો, કષ્ટ વેઠ્યાં તે ભાવનાઓ—સંભારીએ; આપણી મહાન્ ને ઉચ્ચ આકાંક્ષાઓને સંભારીએ; અને પરદેશીઓના જવાથી ને આપણા હાથમાં રાજ્યસૂત્રો આવવાથી આપણી જવાબદારી કેટલી વધે છે તે મનમાં આણી સમજી લઈએ; રાજ્યસૂત્રો હાથમાં આવતાં સત્તાનો લોભ ને સત્તા આવતાં સત્તાનો મદ આવવાનો કેટલો સંભવ હોય છે તે સંભારીએ. ભાવિની દિશા આંકીએ. તરતમાં શું શું કરવું જોઈએ તે વિચારીએ. મનનું સમતોલપણું ને ચોખ્ખી દૂરદૃષ્ટિ રાખીને આગળની યોજના ઘડીએ. લડાઈ જીત્યા પછી સૈનિકો જેમ વિજયથી ઘેલા થઈને નાચે છે, દોડે છે, ગમે તેમ વર્તે છે ને મૂરખ પશુ જેવાં બને છે, તેમ, આ ઉત્સવમાં આપણે કરવાનું નથી.

ખરે ટાણે! પૂ૦ બાપુજીએ કેટલું વખતસર ને યોગ્ય સૂચન કર્યું છે!

આ પ્રસંગ સાચે જ સમતોલપણું જાળવીને, જવાબદારી ઓળખીને, આત્મલક્ષી થઈને, ભાવિનો શાંત ચિત્તે વિચાર કરવાનો છે.

આપણે, બાળશિક્ષકો પણ, ૧૫મી ઑગસ્ટ આ જ રીતે પાળીએ. ખરા સ્વરાજ્ય ચલાવવાવાળાં, સ્વરાજ્ય ઉપભોગનારાં, આપણી પાસે આવનારાં આજનાં બાળકો છે. એ બધાં ભવિષ્યનાં યુવરાજો ને યુવરાજ્ઞીઓ છે એમ ગણીને આપણે તેમને ઉછેરવાનાં છે, એમ ગણીને જ આપણે આપણાં બાલમંદિરોમાં ઉત્સવ ઊજવીએ.

આ ઉત્સવનો દિવસ એ, તેમના જીવનમાં, કેટલો મહત્ત્વનો દિવસ હતો તેનું તેમને આખી જિંદગી સુધી સ્મરણ રહે એવી રીતે આ દિવસ ઊજવવો જોઈએ.

આજનાં બાળકો કોઈ વિશેષ કાળમાંથી પસાર થાય છે એ તો તેમને યાદ રહેશે જ. અન્નવસ્ત્રની વિશેષ હાડમારીઓ, ને કોઈ વાર જાતદ્વેષના અગ્નિની જવાળાઓ તેમણે સ્પષ્ટઅસ્પષ્ટ અનુભવી છે તે બધા વાતાવરણની અસર તેમનાં કુમળાં મન ઉપર કાયમી પડી જ છે. તે બધાંની સાથે એક સુંદર, ઊંડી ને મહત્ત્વની ઝાંખી કરાવનારી છાપ આ ઉત્સવમાંથી અવશ્ય પડે છે.

તેઓ નાચે, ગાય, ફરવા જાય, ને આનંદ કરે એ બધું તો ભલે કરે, અવશ્ય કરે; ઉત્સવને કારણે પોતે ઉત્સવનાં કપડાં પહેરે, પોતાની શાળા ગુઢી તોરણોથી શણગારે, ધ્વજવંદન કરે, ગીતોનો જલસો કરે એ બધું તો કરે જ કરે.

પણ સાથે સાથે, હિંદને કયે રસ્તે જવાનું છે, તેની પણ ઝાંખી કરે એ જરૂરનું છે.

એ ઝાંખી કેવી રીતે કરાવીશું?

આ નાનાં બાળ આપણાં વ્યાખ્યાનો સમજી શકવાનાં નથી. જો કે, મોટાંઓની સામે પણ વ્યાખ્યાનોના

શબ્દો જ રહે છે. બાળકો કૃતિ સમજી શકે છે. માટે એવો કોઇ કાર્યક્રમ જોઇએ કે જેથી બાળકોને આગળ શું થવું જોઇએ તેની કાંઇક કલ્પના આવે.

આપણા દેશની જરૂરિયાતમાં ઐક્યની ખાસ જરૂર છે. આપણે ન્યાતજાત ને ધર્મકારણે છૂટા પડવાનું નથી પણ એક થઇને બધા વધારે સુખી થાય તે માટે પ્રયત્ન કરવાનો છે એની છાપ તેમનાં મન ઉપર પડવી જોઇએ.

આપણા દેશમાં–આપણા ગામમાં એક ભાગ સુખી ને સમૃદ્ધ લોકોનો ને એક ભાગ–ઘણો ભાગ ગરીબ અને ભૂખે મરનારાનો, જેને રહેવા માટે સારું ઝૂંપડું પણ નથી એવાં લોકોનો છે તે સ્થિતિ ફરી જવી જોઇએ તેની છાપ આ ભાવિ યુવાનો પર પડવી જોઇએ.

આપણા દેશમાં થોડાંએક ભણેલાગણેલા ને સુસંસ્કૃત ને ઘણા બધા તો અભણ ને અજ્ઞાની જ છે એ સ્થિતિ ફેરવવાની છે એની છાપ પણ તેમનાં મન પર સજ્જડ પડવી જોઇએ.

એને માટે આપણે શું કરીશું?

દરેક બાલમંદિરે પોતે શું કરશે, કયારે કરીશું તે વિચારી લેવાનું છે. આ બધું ૧૫મી ઑગસ્ટે જ ન થઇ શકે. પણ આ ૧૫મીથી ૧૯૪૮ ની ૧૫ મી સુધીમાં કાર્યક્રમ રાખી શકાય. હિંદુ, મુસ્લિમ, જૈન, ખ્રિસ્તી, પારસી બધાં બાળકો સાથે ભેગાં થાય ને આપણા ઉપરનું અંગ્રેજોનું રાજ્ય ગયુ ને આપણા હાથમાં આપણું રાજ્ય આવ્યું માટે ભેગાં મળીને ઉત્સવ કરે. એકબીજાને મળીને, એકબીજાની શાળામાં જઇને, ઘરોમાં ને મહોલ્લામાં જઇને, એકબીજાને, સ્વરાજ્યનાં અભિનંદન ને મુબારકબાદી આપવી જોઇએ.

ગામનો ગરીબ લત્તાઓમાં જઇ આ ગરીબી અમે નાબૂદ કરવા દઇએ એવો વિચાર સજ્જડ કરે.

નિરક્ષરતા શું છે એ તો તેઓ કદાચ નહિ સમજી શકે; પણ જે બાળકો લખતાંવાંચતાં થયાં છે તેઓ કદાચ સમજી શકે. સમજે ન સમજે તો પણ બધાંને ભણાવવાનાં છે એટલી છાપ તો એમના પર પડવી જ જોઇએ.

બાળકો માટે લખનારા કવિઓ તે સાહિત્યકારો સરસ જોડકણાં ને ગીતો બનાવી આપે તો બાળકો ઘેલકારતાં જાય. ગામમાં બધે બોલતાં બોલતાં ફરતાં જાય

શુભ વિદાય

ના૦ શ્રી૦ મંગળદાસ પકવાસા મધ્ય પ્રાંતના ગવર્નરપદે જતાં અમે તેમને સહર્ષ છતાં ભારે અંતઃકરણથી વિદાય આપીએ છીએ.

કોઇ પણ કટોકટીનો કે અટપટો પ્રશ્ન હોય તેમાં શાંત રહીને છતાં ત્વરિત નિર્ણય લેવાની તેમની શકિત, તેમનું કાયદા અને બંધારણનું ઊંડું જ્ઞાન, લોકોપયોગી કાર્યોમાં રસ ને સૌથી વધારે મહત્ત્વની તો તેમની રાષ્ટ્રને ઊંચે લાવવાની તમન્ના, એ બધા ગુણોને કારણે જ તેમની આવી મોટી ને જવાબદારી ભરી જગ્યાએ વરણી થઇ હશે એ સ્પષ્ટ જ છે. તેમને મળેલા આ યોગ્ય માનને માટે અમને હર્ષ થાય છે. પણ તેઓ અહીંથી દૂર જાય તે કેમ ગમે?

નૂતન બાલશિક્ષણ સંઘની સાથેનો તેમનો સંબંધ ગયા આઠ વર્ષથી સતત છે. ૧૯૩૯ માં જ્યારે સંઘે બંધારણ ઘડી તે રૂએ કામ ચલાવવાનું નક્કી કર્યું તે વખતે વ્યવસ્થાપકમંડળે તેમની સલાહ લીધી. તેઓ જેલમાં હતા ત્યાંથી બંધારણનો છેલ્લો મુસદ્દો તપાસી પોતાનો મત વ્યવસ્થાપક મંડળને જણાવ્યો હતો.

તે વખતથી તેમનો આ કાર્યમાં રસ ચાલુ રહ્યો. છેલ્લે, ૧૯૪૭ ના જૂનની પાંચમીએ, સંઘના બોરડી ગ્રામ બાલશિક્ષણકેન્દ્રમાં આવીને એ કાર્યને શકય તે મદદ કરવાનો પોતે નિશ્ચય કર્યો છે એવું તેમણે પોતાના ભાષણમાં જાહેર કર્યું હતું.

ત્યાર પછી, ગવર્નરપદે નિમણૂક થયા પછી પણ, એક અત્યંત મહત્ત્વના એવા કાર્યવિસ્તાર પરત્વે સંઘને તેમણે પોતાની ઘણી જ કીમતી સલાહ આપી છે; એટલે કે અહીંથી નાગપુર જતાની ઘડી સુધી તેઓ એ નૂ૦ બા૦ શિ૦ સંઘનું કામ પૂર્ણ ઉત્સાહથી અને પોતાનું ગણી કર્યું છે.

સંઘના કેટલાએક સભ્યોને એવો અનુભવ થયેલો કે ના૦ પકવાસાસાહેબને કદાચ બાલમંદિરોનું કાર્ય નાપસંદ હશે. તેમનો વિરોધ હતો પણ ખરો; પણ તે, નૂ૦ બા૦ શિ૦ સંઘના કાર્યકર્તાઓ માત્ર શહેરમાં જ ને તે પણ શ્રીમંત વર્ગોનાં બાળકોમાં જ કામ કરે છે તે માટે હતો. જ્યારથી તેમણે જાણ્યું કે, સંઘ ગરીબ ને પછાત વર્ગોમાં કામ કરે છે, ત્યારથી, તેમણે કોઇ પણ પ્રકારનો વિરોધ કદી પણ કર્યો નથી. ગ્રામકેન્દ્ર શરૂ થયું

ત્યારથી તો તેમણે વધારે જ રસ લીધો છે. આ તેમનો શરૂઆતનો દેખીતો વિરોધ પણ તેમની રાષ્ટ્રોત્થાનની સાચી દૃષ્ટિ જ બતાવે છે.

ના૦ પુરુષોત્તમ સાધને આવું પીઠબળ હોવાથી, કુટુંબીજનોની જેમ તેમને વિદાય આપતાં તેમની લાગણી હર્ષ ને દુઃખથી મિશ્ર હોય તે સ્વાભાવિક છે.

નાગપૂરમાં નૂ૰ બા૰ સિ૰ સંઘની શાખા છે. સંઘ સાથે જોડાયેલું સારું એવું એક બાલકમંદિર પણ ત્યાં વર્ષોથી ચાલે છે. આજના એક મિનિસ્ટર સૌ. વિમલાબાઈ દેશપાંડેએ જ એ બાલમંદિરમાં જાતે રસ લઈ તેને ઊંચે આણ્યું છે.

આશા છે કે, ના૰ પુરુષોત્તમ સાધનો ત્યાં જવાનો લાભ એ શાખા લઈ ત્યાંનું કાર્ય ખૂબ આગળ ધપાવે.

ના૰ મંગળદાસભાઈને સુખ, શાંતિ ને તંદુરસ્તી મળે ને દેશના આવા કટોકટીને વખતે તેમને હાથે ઘણી મહત્ત્વની દેશસેવા થાય એવી પ્રભુ પાસે અમારી પ્રાર્થના છે.

—તંત્રી

બાળશિક્ષણનું યોગ્ય સ્થાન

ઝાડ ઉછેરવું હોય તો શરૂઆતથી જ સંભાળ રાખવી પડે છે. વાડીઓવાળા નાના રોપાની જ વધુ સંભાળ લે છે. પણ મનુષ્યપ્રાણી પોતાનાં બાળકોનો વિચાર કરી શકયો નથી. આપણે કૉલેજના શિક્ષણને મહત્ત્વ આપીએ છીએ. જ્યારે બાલમંદિર હોય તો યે ઠીક છે ને ન હોય તો યે કંઈ હરકત નહિ, એને આપણે શિક્ષણનો પાયો માનતા થયા નથી. મનુષ્યના વિકાસની દૃષ્ટિએ શિક્ષણ તરફ જોતાં નથી; પણ આજીવિકાના સાધન તરીકે જોઈએ છીએ. કૉલેજના શિક્ષણ ઉપર બધું શું તો આવતી કાલે કામધંધો નોકરી મળી જશે ને વળતર મળી જશે. પણ નાની વયનાં બાળકો માટે બાલમંદિર એ તો નકામો ખરચ છે એમ બધાં માને છે તેને લીધે બાલમંદિરના કાર્યને હજુ જોઈએ તેટલો વેગ મળ્યો નથી.

આપણે આ મહત્ત્વની વાત હંમેશ ભૂલી જઈએ છીએ. પહેલાં જે કરવું જોઈએ તેને છેલ્લું પણ સ્થાન હજુ મળ્યું નથી.

* * *

નાના છોકરાં ઉછેરતાં તમે બધાંએ જોયાં હશે. માતા-જેની પાસે બાળક વધારેમાં વધારે રહે છે તે-ને ખબર નથી, કે છોકરું શું કરે છે? નાનું હોય ત્યારે પારણામાં બેઠેલું હોય. તેની પ્રગતિ તે જોઈ શકતી નથી. તે મોટાં થાય, દાંત આવે, ચાલતાં આવડે, બહાર રમવા જઈ શકે; એટલે, હવે તો બાળકોને ઉછેરવાનું કશું રહેતું જ નથી એમ જ બધાં માને છે. બાળકને નવડાવી ને ખવડાવી દીધું ને ધરબહાર રમવા મોકલી દીધું કે કાર્ય પૂરું થયું એમ જ બધી માતાઓ માને છે. પછી બાળકની પ્રવૃત્તિનો ખ્યાલ કોઈ રાખતું નથી. પણ અઢીથી સાત વર્ષનો કાળ એ જ માનવજીવનમાં સૌથી મહત્ત્વનો કાળ છે, જ્યારે બાળક જિંદગીનું શિક્ષણ લેતું હોય છે એ વાતાવરણમાંથી શિખે છે. બાળક એ સાત વરસ સુધીમાં જેટલું શિખે છે, તેટલું આખી જિંદગીમાં શિખતું નથી; એની બાતરી હજી કોઈને થઈ નથી, તેથી જ બા શિક્ષણને યોગ્ય સ્થાન મળ્યું નથી.

બાળકેળવણી

મનુષ્યના જીવનવ્યવહારમાં ગોઠવાઈ જવું—એટલે જિંદગી જીવતા શિખવું એ જ કેળવણી છે.

બાળકના જીવનનો આખો પ્રશ્ન એ જ હોય છે, કે મોટાઓની જેમ જીવતાં શિખી લેવું. તે માટે તેને, અનેક ક્રિયાઓ અને કામો આપણે કરીએ છીએ તેમ કરતાં શિખી લેવાનું મન થાય છે. તે પ્રમાણે તે પ્રયત્ન કરે છે. પણ તે સમયે આપણે તેને આવાં કામોથી છેટાં રાખીએ છીએ; કામને અડવા દેતાં નથી. આખરે તેને પૃથ્વી માતાની ધૂળ ને કચરામાંથી કાંઈક કાંઈક ઉદ્યોગ શોધી કાઢવા પડે છે.

તેમ જ તેને આ દુનિયા વિષે કુતૂહલ હોય છે; તેનો પરિચય તે માગે છે. ઝાડપાન, પશુપંખી, તડકો, વરસાદ બધું જ તે કૌતુકની નજરે જુએ છે. તેને વિષે પ્રશ્નો પૂછી પૂછીને આપણને હેરાન કરે છે અને જાતઅનુભવથ જ્ઞાન મેળવવા પણ જાય છે. પણ આપણે તો મોટે ભાગે, તેને બધેથી રોકીએ જ છીએ. "પાણીમાં ભીંજાઈ જઈશ," "તડકામાં તપી જઈશ," કૂતરું કરડશે" એમ કહી નિસર્ગથી તેને દૂર રાખીએ છીએ.

બાળક પોતાના હાથપગ એટલે કર્મેંદ્રિયો ને આંખ કાન હાથ એટલે જ્ઞાનેન્દ્રિયો વાપરવા માગે છે. તેને માટે

કામ માગે છે. તે લોટો ઉપાડે, કપડાં ધોવા પ્રયત્ન કરે, લોઢું પછાડે, રેશમી સાડી પર હાથ ફેરવે, રોટલી વણવા બેસે, અનેક જાતના ઉદ્યોગો કરવા નીકળે. પણ આપણે શું તેને એ કરવાની સગવડ કરી આપીએ છીએ? આપણે તો આપણા કામ ને ઉપયોગની દૃષ્ટિએ વિચાર કરીને તેને કયાંય ન અડવાની, ન ઉપાડવાની જ આજ્ઞા કરીએ છીએ. તેના હાથપગ નાના ને શક્તિ ઓછી અને ઘણી વાર એ શક્તિની બહારની મોટી વસ્તુ ઉપાડવા નીકળે છે એ વાત સાચી. પણ તેથી શુ? બાળક નાનપણમાં જેવું પરાવલંબી હોય છે તેવું ને તેવું જ શું તેને રાખવું? તેમને સ્વાવલંબનને માર્ગે શું મૂકવાં જ નહિ?

બાળકનું ઘર

આપણે આપણું ઘર રચીએ, રાચરચિલુ વસાવીએ, ચિત્રો ને છબીઓ મૂકીએ છીએ ત્યારે, આપણી સાથે રહેનારાં આપણાં બાળકોનો જરા પણ વિચાર કરીએ છીએ ખરા? ચિત્રો મૂકીએ તે કેટલાં ઊંચાં? બાળક તો જોઇજ શકતું નથી. ખીંટીઓ પણ ઊંચી, ખુરસી, ટેબલ, કબાટ બધું આપણા કદનો વિચાર કરીને વસાવીએ છીએ. જીવનમાં સ્વાવલંબી થવા માટે બાળકને તક જ કયાં આપીએ છીએ? તે લઇ શકે, મૂકી શકે એટલી ઊંચાઇએ ખીંટીઓ તેને માટે રાખીએ તો? કોઇ પણ નવી વસ્તુ ઘરમાં આવતાં બાળકને તે હાથમ લેવાનું મન થાય. પણ આપણે તે ઊંચે મૂકી દઇએ છીએ. બાળક હાથમાં લેશે ને ફોડશે કે બગાડશે માટે તેને કાંઇ પણ હાથજ આવવા ન દેવું? બાળક જે બધું શિખવા માગે છે જે પરિચય મેળવવા માગે છે, જે વસ્તુના ગુણધર્મ જાણવા માગે છે, તે બધું તેને કયાંથી શિખવાનું મળે? આ બાલશિક્ષણ માટે એક માસ્તર રાખીએ તેના કરતાં પણ તેને શિખવાની અને જીવવાની તક આપીએ એ વધારે અગત્યનું છે.

બાળકનું ભાષાશિક્ષણ

આપણે પારકા દેશમાં જઇએ તો શું કરીએ છીએ? બાળકની જે સ્થિતિ આપણે ત્યાં થાય છે, તેવી જ આપણી સ્થિતિ ત્યાં હોય છે!

જીવનવ્યવહાર માટે પ્રથમ આપણે આપણા ઉપયોગની વસ્તુઓ શોધીએ છીએ ને તેનાં નામો જાણવા પ્રયત્ન કરીએ છીએ. બાળક પણ તે જ કરે છે. ફરી ફરીથી પૂછે છે ને જવાબ મેળવે છે. તો આપણું કામ, તેના સ્વપ્રયત્નથી ભાષા શિખવાના પ્રયત્નમાં મદદ કરવાનું છે. તેની સામે બોબડું ને કાલુ બોલવાને બદલે શુદ્ધ ઉચ્ચારથી, સ્પષ્ટ ઉચ્ચારથી, ધીમે ને ટૂંકા વાકયો બોલવાં જોઇએ. આપણે તો આપણી જ ઝડપથી બોલીએ છીએ. આપણા ઉચ્ચારો એકબીજામાં જોડાઇ જાય છે. ને કેવા લાંબા લાંબા વાકયો ને કહેવતોને વ્યંગયુકત ભાષા તેની સાથે બોલીએ છીએ? તેના શિક્ષણમાં મદદને બદલે આપણા બોલવાથી ગૂંચવણ જ ઊભી થાય છે. ઘણી વાર તો ઘરનાં માણસો બાળકોની સાથે બોલતાં જ નથી. પહેલાંના વખતમાં ડોશીમા કે દાદાજી છોકરાંને વાર્તા કહેતાં. હવે તો તે પણ નીકળતું જાય છે. બાળકે ભાષા શિખવા માટે કયાં જવું?

સ્વપ્રયત્નનું શિક્ષણ અને શિક્ષણસાધનો

બાળક જે બધું પોતાના પ્રયત્નથી, પોતાના પ્રયોગોથી, પોતાના વિચારો અનુભવો પોતે ગોઠવીને શિખે છે એ જ ખરું શિક્ષણ છે. આપણે તેને તક આપવાની જ ખાસ જરૂર હોય છે.

આપણે માનીએ છીએ કે, બાળકોના શિક્ષણ માટે ઘણાં સાધનો જોઇએ છે. પણ કુદરતે કયાં ઓછાં સાધનો આપ્યાં છે? બાળક તેનો ઉપયોગ પણ કરે જ છે. આપણે તેને ઉપયોગ કરવાની સગવડ કરી આપવી, ને કાંઇ નહિ તો આડે ન આવવું એ જ ખાસ જરૂરનું છે.

બાળક તો પોતાનાં શિક્ષણનાં સાધનો પણ શોધી કાઢે છે. આપણે પણ થોડો પ્રયત્ન કરીશું તો ઘણાં સાધનો આપણને પણ જડી આવશે. એ દિશામાં વિચાર ને શોધ કરવાનું શરૂ કરવું જોઇએ.

બાળક શું કરવા માગે છે તે સમજીશું તો ઘણું કરી શકીશું ઘરમાં માતા ધારે તો કેટલાંય સાધનો એની પાસે જ પડેલાં હોય છે. ઘણી સમજુ માતાઓ પોતાની સાથે બાળકને કામ આપતી જાય છે. પણ આપણે, સામાન્યત:, બાળક જ્યારે કામ કરવા ઇચ્છે છે ત્યારે તેને આઘું ખસેડીને અણઘડ બનાવીએ છીએ.

ઘર અને બાલમંદિર

જીવનવ્યવહારની ઘણી ખરી તાલીમ રસોડામાં મળી શકે તેમ છે. બાળક હાથપગ

વાપરવા માગે છે, ક્રિયાઓ શિખવા માગે છે, તેમાં તેને મદદ કરો. તે લોટામાં પાણી ભરવા માગે છે, ભરવા દો. સાવરણીથી કચરો વાળવા માગે છે, વાળવા દો. તે વાપરી શકે એવી નાની સાવરણી કરાવી દો. બાલમંદિરો ગમે તેટલાં હોય પણ તેમને ઘરમાંથી સાથ ન મળે તો તે સફળ થવાના નથી. ઘર ને બાલમંદિર એકબીજાને પૂરક છે. શિક્ષક ગમે તેટલો સારો હોય તો પણ તે મા થઇ શકવાનો નથી. માટે જ વસતિગૃહવાળાં બાળમંદિરો હું પસંદ કરતી નથી બાલમંદિરો થયાં એટલે બાલજીવનમાં ઘરનુ સ્થાન ઘટી જતું નથી. ઘર એ કુદરતી સંસ્થા છે. અશિક્ષિત, ગરીબ, ગમે તેવી હોય તો પણ માતાના હૃદયમાં જે પ્રેમ છે તે બીજા કોઇ પૂરો પાડી શકવાના નથી, તેથી, માતા કરી શકે તે કોઇ કરી શકવાનુ નથી એ ભૂલવુ ન જોઇએ.

ઘણી જગ્યાએ માતાઓની વૃત્તિ બાલમંદિરો પ્રત્યે એવી હોય છે, કે બાલમંદિર બધુ કરશે; પણ તે સાચું નથી. બાલમંદિર દિશા બતાવી શકે, તેને પ્રત્યક્ષ જીવનમાં ઉતારવાનું કામ ઘરે જ થઇ શકે છે.

બાળક તરફ જોવાની દૃષ્ટિ

બાળકને વ્યકિત તરીકે સન્માનવી જોઇએ. તે નાનું હોય છે; છતાં, તેના વિચાર, ભાવના, બધું જુદું હોય છે તે આપણે ધ્યાનમાં રાખવું જોઇએ. આપણે તેને તુચ્છકારીએ છીએ, તેના અજ્ઞાનને હસીએ કે ફિટકારીએ તેનાથી તેનું સ્વાભિમાન હણાય છે, તેનું મન દુઃખિત થાય છે. તે આપણી જેમ જ એક વ્યકિત છે ને તેનું સન્માન જાળવીએ તેમાં તેની ને આપણી મોટાઇ છે.

બીજું, આપણે એમ ન માનવુ જોઇએ, કે બાળક એક માટીના ગોળા જેવું છે. આપણે ધારીએ તે ઘાટ એમાંથી ઘડી શકીએ. બાળક પોતાની શકિત-અશકિત લઇને જન્મે છે ને તે અંદરથી વધે છે. આપણે બધાં તેનાં સાધનો છીએ, તેનું વાતાવરણ છીએ. આપણી તેને મદદ કે અટકાયત થઇ શકે. પણ તેને આપણે ધારીએ તેમ બનાવી ન શકીએ.

જેમ થોરનો રોપ હોય તો અનુકૂળતા મળ્યે સારો એવો થોર થાય ને બાવળનો રોપો બાવળ થાય. તેને પૂરા જોરથી વધવાની અનુકૂળતા પ્રતિકૂળતા વાતાવરણમાંથી મળે; તેમ જ બાળક માટે આપણે મહત્ત્વાકાંક્ષા રાખીએ કે તેને મહાત્મા બનાવવો છે, કે તેને દેશનો પ્રેસિડન્ટ બનાવવો છે, કે મોટો ડૉકટર બનાવવો છે તે કામ ન આવે. તેનામાં રહેલી શકિતઓ ખીલવાનો અવકાશ આપવાનું આપણું કામ છે.

નવો સમાજ

આપણે–વિચારકો નવી જાતનો સમાજ ઊભો કરવા માગીએ છીએ; નવી દુનિયા ઉત્પન્ન કરવા ઇચ્છીએ છીએ તે કયાંથી બને? બાળકોને નવી દૃષ્ટિએ ઉછેરીએ તે જ એ શકય છે.

એ આપણે સમજવું જોઇએ. બાળકો સાથે વર્તવાની આપણી રીત આપણે બદલવી જોઇએ. એકબીજાં સાથે વર્તવાની નવી રીત જીવનમાં આણવી જોઇએ. ત્યારે, પ્રેમ અને અહિંસા ઉપર રચાયેલો સમાજ ઉત્પન્ન થશે. બાલ્યાવસ્થામાં આપણે દ્વેષ અને સ્પર્ધા ઉપર બાળકોને જીવતાં રાખવીએ, તેના ગુના માટે મારીએ, ધમકાવીએ, વઢીએ, તો સમાજપલટો થવાની આશા કેમ રાખી શકીએ?

આજે આપણી આગળ મોટામાં મોટું કાર્ય એ જ છે.

(કરાડીના ભારત વિદ્યાલયના રજતમહોત્સવ પ્રસંગે શ્રી૦ તારાબેન મોડકે બાળસંમેલનના પ્રમુખ તરીકે વ્યકત કરેલા કેટલાક વિચારો)

બાલશિક્ષણની શાસ્ત્રીય ભૂમિકા

(ફેબ્રુઆરીના અંકથી ચાલુ)

પહેલા લેખમાં અજાગૃત (Subconseious) મનના સંશોધન વિષે અને તે જ પ્રમાણે બાળકની પૂર્વપ્રાથમિક ઉંમરના વિકાસમાં અજાગૃત મન દ્વારા જ વધારે વિકાસ થાય છે એ સંબંધી ટૂંકમાં વિવેચન કર્યું હતું.

આજ સુધીના શિક્ષણશાસ્ત્રનો વિકાસ જાગૃત મનના ગુણધર્મોને અનુસરીને થયો છે. ચાલુ શિક્ષણની પ્રણાલિકામાં શિક્ષક, વિદ્યાર્થી, શાળા, શૈક્ષણિકપદ્ધતિ અને સાધનો વગેરેનું જે એક તંત્ર નિર્માણ થયેલું છે, તે તંત્ર, અજાગ્રત મનના વિશિષ્ટ કાર્યસમતાના કાળમાં એટલે કે પૂર્વપ્રાથમિક વયમાં આપણને ઉપયોગી થાય તેમ નથી; એટલું જ નહિ, તે તંત્ર આપણે પૂર્વપ્રાથમિક શિક્ષણની યોજના કરવામાં વાપરીશું તો આપણી

ભાવિ પેઢી ઉપર એના નિશ્ચિત દુષ્પરિણામ થશે એની જાણ વિચારશીલ અને અનુભવી શિક્ષકોને થવા લાગી છે એમ દેખાય છે.

કોઈ પણ શિક્ષણપ્રણાલિમાં શિક્ષક એ મહત્ત્વનું અંગ છે, પૂર્વપ્રાથમિક શાળામાં એ મહત્ત્વના અંગની નવીન ભૂમિકા બાબત આ લેખમાં વિચાર કરવાનું ઠરાવ્યું છે.

'આ છોકરો ખૂબ જ હોશિયાર છે અને 'આ તદ્દન ઢ છે.' 'એ છોકરી આટલા દિવસથી શાળામાં આવે છે પણ એક પણ ગીત એને મોઢે આવડતું નથી. લખવામાં ચાર લીટી સરખી આંકતાં આવડતું નથી. એકલાં ગોળકુંડાળાં કાઢે છે. તદ્દન મંદ છે. પેલી બાજુની છોકરી ઘણી જ વ્યવસ્થિત છે. એનું બધું કામ કેટલું ચોખ્ખું ને ચોક્કસ છે. જુદી જુદી પ્રકૃતિનાં બાળકોની નોંધ શિક્ષકે જરૂર રાખવી જોઈએ પણ એ અવલોકન ઉપરથી તેણે પોતાનો મત બાંધી લેવો એ બરાબર નથી. કારણ, પૂર્વપ્રાથમિક ઉંમરમાં બાળકનું મન, તેનું વ્યક્તિત્વ અત્યંત ગતિશીલ હોય છે. ચિત્ર દોરતી વખતે કોઈ ચિત્રકાર શરૂઆતમાં હાથની સ્વૈર હાલચાલથી પેન્સિલના લસરકા લગાવે છે, તો કોઈ વાર એકદમ શાંત બનીને બાજુમાં બેસી જઈ વિચારમગ્ન બને છે, તો કોઈ વાર એની ગતિમાં વિલક્ષણ વેગ જણાય છે, તો કોઈ વાર એકદમ ધીમો પડી જાય છે એવી રીતે ચિત્ર બનાવતી વખતે એનું કોઈ અવલોકન કરે અને દરેક વખતે, પલટાતી રેખાઓ પરથી જો એના ચિત્ર વિષે અગર ચિત્રકાર વિષે પોતાનો મત બાંધવા લાગે તો તે જેમ નિરર્થક ઠરે, તેમ પૂર્વપ્રાથમિક વયનાં બાળકના વર્તન ઉપરથી તેના વ્યક્તિત્વ વિષે મત બાંધવો નિરર્થક ઠરશે. વિદ્યાર્થીનું બુદ્ધિમાપન અથવા વ્યક્તિત્વમાપન કરીને તેની ઉપરથી નિશ્ચિત મત બાંધી લેવો એ પૂર્વપ્રાથમિક શિક્ષણની પ્રણાલિકામાં માત્ર નિરર્થક જ નહિ, પણ કોઈ કોઈ વાર વિદ્યાર્થીની દૃષ્ટિએ ઘાતક પણ બને.

પૂર્વપ્રાથમિક શિક્ષકનો બાળકની અંતર્ગતિ, અમર્યાદ સુપ્તશક્તિ ઉપર સંપૂર્ણ વિશ્વાસ હોવો જોઈએ. એ અમર્યાદ શક્તિની પ્રેરણાથી જ બાળકો પોતાની મેળે શિખે છે. પ્રત્યેક બાળકમાં અંતર્યામી, શિખવવા માટે સદા તત્પર એવો શિક્ષક, કુદરતે નિર્માણ કરેલો છે. આપણા શિખવવાથી જ વિદ્યાર્થી શિખે છે એ કલ્પના નવીન શિક્ષકે નહિવત્ કરી નાખવી જોઈએ. દરેક બાળક સામે જે પરિસ્થિતિ હશે તેમાંથી પોતાનું પોષણ તે શોધે છે જ. મનુષ્યપ્રાણી કરતાં કનિષ્ટ કોટિના વનસ્પતિના રોપા પણ આ પોષણ મેળવવાનું કાર્ય કુદરતી પ્રેરણાથી અવિશ્રાન્તપણે કર્યા કરે છે. તો પછી માનવી રોપા બાબત જ આ પ્રેરણા લુપ્ત થઈ જાય છે એમ શી રીતે માની શકાય?

વડનાં બીમાં જ જેમ તેનું મહાવૃક્ષ સમાયેલું છે તેમ પ્રમાણે દરેક બાળકમાં તેનું વ્યક્તિત્વ સમાયેલું છે. ડાળ, પાંદડાં, ફૂલ અને વૃક્ષનું લાક્ષણિક વૈવિધ્ય બહારથી અંદર જતું નથી. બહારની પરિસ્થિતિને ટાળીને, અનુકૂળ પરિસ્થિતિ નિર્માણ કરીને ડાળ, પાંદડાં, ફૂલ વગેરે ક્રમશઃ વિકાસ કરી લે છે. વિકાસની પ્રેરક શક્તિનું કેન્દ્ર અંદર હોય છે. બાહ્ય પરિસ્થિતિ આ પ્રેરક શક્તિને પોષક હોય છે અથવા રોધક પણ હોઈ શકે છે. પરંતુ મનુષ્યની વિકાસશક્તિનું ખરું કેન્દ્ર બાળકની અંદર જ હોય છે, જે શિક્ષકે જાગૃત રહીને ઓળખી લેવું જોઈએ અને તે પ્રમાણે સંયમી બનીને શિખવવું જોઈએ. અંદરની પ્રેરણાથી જ વ્યક્તિત્વનો, બુદ્ધિનો, અંતઃકરણનો અને જ્ઞાનનો વિકાસ બાળક પોતે જ કરી લેશે. બાળકના આ કાર્યમાં શિક્ષકનું કામ શિખવવાનું કરવા કરતાં સેવાનું છે.

એક બાજુ માનવનિર્મિત સંસ્કૃતિ અને બીજી બાજુ વારંવાર નવીન રૂપ ધારણ કરનારું આત્મતત્ત્વ (બાળક), આ પરસ્પર આકર્ષનાર બે મહાન તત્ત્વના સંયોગમાં પોતાના સેવાકાર્યથી મદદરૂપ બનનાર એલચી તે શિક્ષક છે.

શિક્ષક શિખવી શકતો નથી; તે ફક્ત પરસ્પર આકર્ષણ કરનારાં બે રસાયનિક દ્રવ્યોના સંગમમાં નિમિત્ત બનનાર મદદનીશ દ્રવ્યનું જ કામ કરી શકે છે. આ કલ્પના પૂર્વપ્રાથમિક શિક્ષણપદ્ધતિમાં બીજી પ્રાથમિક, માધ્યમિક અથવા ઉચ્ચ શિક્ષણપદ્ધતિ કરતાં પણ વધારે સ્પષ્ટ હોવાની જરૂર છે. સજા, ઇનામ, માર્ક પરીક્ષા અને પ્રશસ્તિ અથવા પ્રાવીણ્યપત્રકોના ઉપયોગ વિરુદ્ધ શિક્ષણશાસ્ત્રીઓ બોલવા લાગ્યા છે છતાં ચાલુ ઘરેડમાં આજ પણ એનો સરેરાશ ઉપયોગ કરવામાં આવે છે. આપણી કેળવણી પદ્ધતિમાં આ વસ્તુનો આપણે સંપૂર્ણ ત્યાગ કઈ રીતે કરી શકીશું એની

ઉપર જ આપણા ક્ષેત્રમાં આપણી ધર્ણીખરી પ્રગતિ અવલંબે છે એ નવીન બાલશિક્ષકોએ સમજવું જોઇએ.

નવીન બાલશિક્ષકને બાળકની મર્યાદિત અતઃશક્તિ ઉપર સંપૂર્ણ વિશ્વાસ હોવો જોઇએ.

સજા, બક્ષિસ વગેરે શિક્ષણોત્તેજક મનાતા ઉપાયોનો ત્યાગ કરવો જ જોઇએ વગેરે બાબતો વિષે આ પહેલાં જે વિવેચન કર્યું તેનો અર્થ નવીન બાળશિક્ષકે મંદિરમાંની નિર્બુધ, નિર્વિકાર મૂર્તિ પ્રમાણે બાલમંદિરમાં ઊભા રહેવાનું છે અને બાળકને જે કંઇ લાગે તે મરજી મુજબ કરવા દેવાનું છે એવું કોઇ પણ સૂજ્ઞ શિક્ષક કરશે નહિ. શિક્ષક વિષેની જૂની કલ્પના અને તેની કાર્યપદ્ધતિ છોડવી એનો અર્થ શિક્ષકે નિષ્ક્રિય બનવું એવો નથી.

ઘણી વાર નવીન બાલશિક્ષકને બાગના માળીની ઉપમા આપીને તેની નવીન ભૂમિકા સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. બાગમાં વનસ્પતિના ઉછેર માટે માળીને જમીનની માવજત કરવી, નકામો ઘાસને કાઢી નિંદી નાખવું, બાતરપાણી, ઠંડીગરમી, પવન વગેરે દરેક બાબત વનસ્પતિના વિકાસમાં અનુકૂળ બને તે પ્રમાણે દરેક રોપાને મળે એની તજવીજ કરવી પડે છે એ આપણે જોઇ શકીએ છીએ. માનવી માનવીસંસ્કૃતિની પાર્શ્વભૂમિ હમેશાં ખેડીને ઇતિહાસ તૈયાર કરે છે. એ જમીનને માનવી વિદ્યા, કલા, વિજ્ઞાન રૂપી પાણી અને બાતર પૂરું પાડે છે. એ જમીનને પોતાના રોપાને અનુકૂળ રીતે તૈયાર કરવાનું કામ શિક્ષકનું છે. સંસ્કૃતિની આ જમીનમાં બાડાટેકરા હોય તેને બોદી, બેડી સરખા કરવા જોઇએ બાતર તરીકે ઉપયોગી થાય એવા ક્ષાર બાણોમાંથી બોદી લાવવા જોઇએ; અને પોતાની વાડીમાં એ બાતર પૂરવું જોઇએ. જુદા જુદા સંપ્રદાયોના સામાજિક, ધાર્મિક અને રાજકીય વંટોળિયા ઊડે તે વખતે તેનાથી પોતાના કુમળા છોડનું રક્ષણ કઇ રીતે કરવું એ તેણે જાણવું જોઇએ. ઊગી નીળકનારા નુકસાનકારક ઘાસને નિંદી કાઢી નાખવાની કળા તેણે શિખવી જોઇએ. માળી કરતાં અનેકગણું મુશ્કેલ કામ નવીન બાલશિક્ષકનું છે. માળીના બાગની જમીન મર્યાદિત હોય છે, જ્યારે શિક્ષકની જમીનનું ક્ષેત્ર સ્થળકાળની દૃષ્ટિએ માનવસંસ્કૃતિ જેટલું જ અમર્યાદ છે. માળી જે બી વાવે છે અને રોપે છે તે બી તેના બાગમાં જ પેદા થયેલું અને રોપા પણ ત્યાં જ ઊછરેલા હોય છે; જ્યારે બાલમંદિરમાં આવનારા કુમળા રોપાનો ભૂતકાળનો અનુભવ શિક્ષકને માટે અજ્ઞાત હોય છે. દરેક ઘ ઘરથી આવનારા આ બાલરોપ જુદી જુદી પરિસ્થિતિમાંથી આવેલા હોય છે. માળીના રોપાના વિકાસનાં પગથિયાં કુદરતે જ નક્કી કરી દીધેલાં હોય છે તેથી તે મર્યાદિત છે. કોંટા, પાન, ફૂલ, ફળ વગેરેનો વિકાસક્રમ નિશ્ચિત્ હોય છે. જ્યારે માનવીરોપાના વિકાસની મર્યાદા કોણ કરી શકે? બુદ્ધ, તિલક અને ગાંધીજી જેવા મહાન વ્યક્તિત્વ પ્રાપ્ત કરનારા પુરુષો પણ એક કાળે જુઓ તો શિક્ષકના બાગના નાનકડા રોપા જ હતા શિક્ષક અને માળી એમની વચ્ચે જેમ સરખાપણું છે તેમ ભિન્નતા પણ છે.

ઉપર એક વાર કહ્યા પ્રમાણે એક બાજુ નવરૂપ ધારણ કરીને આવેલો નિસર્ગનો અત્યુચ્ચ પ્રતિનિધિ, તો બીજી બાજુ, માણસે વિકસાવેલી આજ સુધીની સંસ્કૃતિ: શિક્ષક આ બન્નેનો સેવક છે.

એ પ્રતિનિધિને પહેલાં શિખવવાનો પ્રયત્ન ન કરતાં, તેને સમજવાનો પ્રયત્ન કરવો જોઇએ. કુદરતની પેઠે જ સ્વયંવિકાસની પ્રબળ પ્રેરણાથી આ પ્રતિનિધિ એકસરખો આગળ વધે છે. તેના જાગૃત મનની કક્ષામાં આવનારી બાબતો કરતાં તેના અજ્ઞાત મનની ભૂમિકામાં આવતી અનેક બાબતો આત્મસાત કરી લેવા હમેશાં એ તત્પર રહે છે. એવા પ્રતિનિધિની સેવા કરવા માટે શિક્ષકે પોતાની સંસ્કૃતિની પ્રગતિ સંબંધેનું જ્ઞાન સારી રીતે મેળવી લેવું જોઇએ; તો જ તે નવીન બાલશિક્ષકની ભૂમિકા પ્રાપ્ત કરી શકશે.

આગળ ઉપર આપણે શિક્ષણનાં અન્ય અંગોનો ક્રમશઃ વિચાર કરીશું.

મરાઠી ઉપરથી. **શેષ નામલે**

ક્ષમાયાચના

કેટલાક અણધાર્યાં સંજોગો ઊભા થવાથી આ અંક પ્રગટ થવામાં ઠીક ઠીક ઢીલ થઇ છે, જે માટે સભ્યોની ક્ષમા યાચીએ છીએ. ભવિષ્યમાં અંક નિયમિત પ્રગટ થાય એમ કરવા બનતુ કરવામાં આવશે.

વ્યવસ્થાપક

રોજ રોજ અને ઘરે ઘરે

સરોજ અમારા આલમાદેરમાં આવતી છોકરી છે. નિશાળમાં એનું વર્તન વિચિત્ર હોય છે.

કોઇ બાળક કાંઇ ગોઠવે કે તરત એ જઇને પાડી નાંખે

કોઇ સારું ચિત્ર દોરે તો એ એના પર લીટા પાડે.

કોઇ કાંઇ કરે કે બોલે, સારુ હોય તો પણ એનું કામ તો અંકુજ ચાલે

હું મનમાં વિચાર કરવા લાગી કે, સરોજના જીવનમાં શું ઓછું હશે! એને શું દુઃખ હશે! એનું મન આમ અસ્વસ્થ કેમ રહે છે? એનું વર્તન આવું અસામાજિક કેમ હોય છે?

એક વાર હું એને ઘરે ગઇ. એના પિતાજી સાથે વાતો ચાલતી હતી. એના પિતાજી કહે: "બેન, અમારી સરોજ તો બહુજ હઠીલી છે. એ કોઇ પણ રીતે સુધરતી જ નથી." મેં પૂછ્યું: "એને ઘરમાં કોઇ વઢે છે અથવા મારે છે?' પિતાજી કહે: "બાળકને મારવું પણ પડે અને વઢવું પણ પડે—જો સરખા ન ચાલે તો પણ એ છે જ એવી."

આમ વાતો ચાલતી હતી ત્યાં સરોજ પોતે જ બહાર આવી. મને જોઇને પાસે આવી. ત્યાં તો કોઇ એક માણસ કંશાકની થાળી લઇને આવ્યો એટલે એના પિતાજીએ કહ્યું: "જા, ઘરમાંથી આઠ આના લઇ આવ."

સરોજ દોડતી અંદર ગઇ અને થોડા વખત પછી બહાર આવીને કહે: 'આઠ આના નથી."

"નથી એટલે શું? જા લઇ આવ."

સરોજ પાછી અંદર દોડી અને બહાર આવી; પણ સામે આવીને ઊભી ન રહે.

પિતાજી ખિજાઇને બોલ્યા: "જા, લઇ આવ!" ત્યારે સરોજ ગભરાઇ ગઇ. એને શુ કરવુ એ કાંઇ સૂઝતું નહોતું. આખરે અંદર ગઇ અને પાછી બહાર આવીને પાડોશમાં ગઇ.

અંદર એના બા બારણા ખખડાવતા હતા અને બોલાવતા હતા. અંદર જઇને જોયું તો સરોજે રુમને બહારથી આગળિયો વાસી દીધો હતો.

મેં આગળિયો બોલ્યો ત્યારે સરોજના બા ખિજાઇને બહાર આવ્યા અને બોલ્યા: "જોયું, કેવી નટખટ છે સરોજ તમારી! એને શું કરવું તે સમજાતું નથી. અને આમ ને આમ જ પછી મર ખાય છે."

હું વિચાર કરતી કરતી ઘરે આવી. બીજી વાર એના પિતાજીએ ધમકાવીને જ્યારે એને અંદરથી પૈસા લાવવાનું કીધું હતું ત્યારે થયેલું એનું બીબેલું મોઢું મારી નજર સામે જ રહ્યા કર્યું, અને એ દિવસે કેટલી યે વાર મેં મનમાં કીધું હશે: "બીચારી સરોજ."

હું ફરીથી એક વાર સરોજને ઘેર ગઇ હતી. અંદર સીધી એના બા પાસે જ ગઇ. સરોજે મને જોઇ અને એ મારા ખોળામાં આવીને બેઠી

થોડી આમતેમ ઘણી વાતો થઇ. પછી સરોજ કહે: "બા, મારા નવા નવા ફ્રોક એમને બતાવ ને!' એના બાને, બતાવીએ કે નહિ એમ વિચાર કરતા જોઇ મેં જ કહ્યું: 'વાહ! નવાં નવાં ફ્રોક છે સરોજ, મેં તો હજી જોયાં જ નથી. કયારે શિવડાવ્યાં. બતાવો છો કે?"

સરોજે ફરીથી કહ્યું: "બા, બતાવ ને."

બાએ કબાટ ખોલ્યો અને સરોજે એના હાથ નીચેથી માથું નાખી ફ્રોક કાઢવા માટે હાથ આગળ ધર્યો ત્યાં તો બાએ એને એકદમ ધકેલી દીધી અને કીધું: "તું બસી જા તો પહેલાં, કશું સરખું રહેવા દેશે નહિ" સરોજ બસી ગઇ અને બાએ ફ્રોકની ગડીઓ બહાર કાઢી અને એક એક, એક એક બતાવવા લાગ્યા.

સરોજને સૌથી નીચે હતું એ ફ્રોક બહુ ગમતું હતું; એ બતાવવાની એને ઉતાવળ થઇ. એણે ફરીથી વચમાં હાથ નાખી એ ફ્રોકની ગડી ખેંચી.

બા ફરીયા વઢયા અને ધમકાવી કે એ જો આમ કરશે તે એને ફ્રોક મળશે જ નહિ

બાએ બધાં ફ્રો. બોલીને મને બતાવ્યાં. મેં પણ હોંશે હોંશે જોયાં. પછી બા એને સંકેલવા લાગી. સરોજ પણ એક ફ્રોક હાથમાં લઇ સંકેલવા લાગી. બાએ તરત એ ખેંચી લીધું અને બોલ્યા: "તને શું સંકેલતા આવડવાનુ હતું? બધાં બગાડી નાખીશ. ચાલ, તારી ગડબડ જરા બંધ કર અને દૂર બેસ."

સરોજનું મોઢું વીલું થઇ ગયું. એ બસી ગઇ. ફ્રોક એને માટે શિવડાવ્યાં, અને એને અડવાનું નહિ. એણે કોઇને બતાવવાયે નહિ. એણે સંકેલવાના પણ નહિ. માત્ર બાને યોગ્ય લાગે માટે એ પહેરાવે; અને એ પણ જાણે

પારકાનો માલ હોય એમ સમજી એ ફ્રોકને પહેર્યા પછી સંભાળવાનો. કારણ, મેલાં થાય, એની ધસ્ત્રી જાય તો ખા વઢવાની.

એના કરતાં સાદા ફ્રોક સીવીને એનેજ સુપરત કરવામાં આવે તો, સરોજને વધારે સુખ થાય એમ કરે તો.

ડગલે ને પગલે એનું મન ડધાઇ જતું હતું !

એને ફ્રોક કેવી રીતે સંકેરવું તે બતાવ્યું હોત તો ? એ કરી રહે પછી પોતે એને જરા સરખા કરી લેતી હોત તો ?

ઘરે ઘેરે રોજ ને રોજ બાળકોની સાથે આવું વર્તન ચાલે છે. "તને આવડતું નથી." "આવડશે નહિ." 'તું આઘો બ્યસ." "તું ઢોળીશ." "તું પાડીશ."

પછી કહેવાનું : છોકરા હઠીલા છે. એમને મારવાં જ જોઇએ. આનો ઉપાય શો ?

બાલજીવનની આ કરુણ કથા કયારે પૂરી થવાની ?

સરોજ વિશે એની શિક્ષિકાઓ કહે છે : "વિચિત્ર છોકરી." "અસામાજિક છોકરી !" 'વિનાશક વૃત્તિવાળી છોકરી." એના માબાપ કહે છે : "હઠીલી છોકરી. મારી મારીને ઠેકાણે લાવવી પડશે."

હું કહું છું : "બીચારી છોકરી. માબાપોના આ જ્ઞાનમાં હોમાઇ જતાં અનેક બાળકોમાંનું એક બાળક !!"

તા.૦

જોયું જાણ્યું અને આલેખ્યું

"આ તો જરા બીવડાવું છું"

૧૯૪૫ના મે મહિનાની વાત છે. વ્યાયામપ્રચાર અને ગ્રામસંપર્કની દૃષ્ટિએ વીસેક વિદ્યાર્થીઓની ટુકડી લઇ પ્રવાસે ગયો હતો. રાતનો સમય હતો. ગરમી અસહ્ય હતી. વાલમ (તા૦ વિસનગર)નું તળાવ ખૂબ જ વિશાળ છે. મન થયું : જરા નાહી આવું. નહાઇ પરવારી કપડાં ધોતો કિનારે બેઠો હતો. ત્યાં એક ભાઇ આવ્યા. સાથે એક બાળક ભેંકડા માંડી રડતું હતું.

"ડૂબાડી દઉં છું" કહી એ કાકા બાળકને પાણીમાં ઝબોળે અને બહાર કાઢે. ફરી ફરી પૂછ્યા કરે : "હવે તોફન કરીશ ?" "તારી બાને હેરાન કરીશ ?" છોકરો રડતો રડતો જવાબ આપે : "ના." આ જોઇ મેં પૂછ્યું : "કાકા, શું કરો છો ?"

"આ છોકરાને તળાવમાં ડૂબાડવા આવ્યો છું"

"કેમ ?"

"એની માને હેરાન કરે છે."

"તો ડૂબાડી દો ને."

"તમે પણ શું મોરા ભાઇ ! એમ તે કંઇ ડુબાડાય ? એ તો પેટનો છોકરો છે. આ તો જરા બીવડાવું છું."

આમ કહી કાકા બાળકને લઇ પાછા વળ્યા. મને થયું : છોકરો માને હેરાન કરતો અટકયો હશે કે નહિ એ તો કાકા જાણે અને ભવિષ્ય જાણે; પણ એટલું તો ચોકકસ કે કુમળી વયમાં બાળક પર પડેલ પાણીની બીક એને માટે ભવિષ્યમાં તરતાં શિખવાનું અશકય નહિ તો પણ મુશ્કેલ તો કરી જ મૂકશે.

બાપા જ ગુરુ

આઠેક મહિના પહેલાંની વાત છે. બજારમાંથી આવતો હતો. રસ્તે એક દશ વર્ષનો વિદ્યાર્થી હોકો ગડગડાવતો અને મોઢામાંથી ધૂમાડા કાઢતો આવતો હતો. સહેજે નવાઇ લાગી. વિદ્યાર્થીને ઊભો રાખી પૂછ્યું :

"અલ્યા, આટલો નાનો થઇ હોકો પીવે છે તે તારા બાપા વઢશે નહિ ?"

"મારા બાપાએ જ કહ્યું છે કે ફૂંકતો ફૂંકતો આવજે !"

"તારા બપાએ કહ્યું છે ?" વિસ્મય પામી મેં પૂછ્યું.

"હા, મારા બાપાએ કહ્યુ છે કે ..ઘેરથી હુક ને પહોંચતાં ચલમ બુઝાય ન જાય માટે ફૂંકતો ફૂંકતો આવજે" એમ કહી છોકરો આગળ વધ્યો. મનમાં થયું : બાપા ખરા ગુરુ બન્યા ! પણ હોકાની ચલમ સળગતી રાખતાં બાળકના વિકાસની ચિનગારી કદાચ બુઝાઇ જશે તેનું શું ?

પુનમચંદ શાહ

બાલમંદિરોને

નૂતન બાલશિક્ષણસંઘની મુંબઇ શાખાએ બાલમંદિરોના કેટલાક પ્રતિનિધિઓ ચૂંટી બાલમંદિરોના શિક્ષકોના પગાર તથા રજાઓના સંબંધમાં આપસમાં વિચાર વિનિમય કરીને એક નિશ્ચિત ધોરણ નક્કી કરવાની યોજના કરી છે. મુંબઇની બહારના સંઘને જોડાયેલા બાલમંદિરોના શિક્ષકો તથા ચાલકો આ બાબતમાં પોતાનો મત જણાવે તો સર્વસાધારણ યોજના તૈયાર કરવામાં સુવિધા થશે. માટે આપે આપનો મત 'સંપાદક, શિક્ષણપત્રિકા' એ સરનામે મોકલાવવો.

બાબીબેન મૂળજી
મંત્રી : નૂ. બા. શિ. સંઘ, મુંબઇ શાખા

પાણીના રસિયા

કિસનભાઇને પાણી ખૂબ ગમે. પાણી દેખે ને તેમાં છબછબ કરવા મંડી પડે. ડોલમાં પાણી હોય. ઊભા થઇ કાંઠો પકડી ડોલ ઊંધી વાળે જ છૂટકો. બા રાંધતી હોય. પાણીનો લોટો હાથમાં આવતા તેના ઉપર તાપ મારી જ છે. ચાં... હ ...થાય એટલામાં તો કિસનભાઇએ લોટો ઊંધો વાળ્યો જ છે. બા ભલે ને રાડો પાડે. 'અલ્યા નખોદિયા,' કહી એક બે ધોલથપાટ કરે પણ એ ઘડી શાણા બની સાંભળી રહે અને ફરી પાછા લાગ મળતા પાસે પડેલો ઘડો ઊંધો વાળે ત્યારે જ ઝંપે.

કિસનભાઇ પાણીના ખૂબ રસિયા હતા.

એમની બા એમને નદીએ લઇ જાય પણ અંદર પગ મૂકવા ન દે. બાળકોને પાણીમાં હાથ નાખવાનું ને પાણી ઉડાડવાનું ખૂબ ગમે છે એ આપણે ભૂલી જઇએ છીએ અને આપણી નકકી થએલી માન્યતાઓ પ્રમાણે જ બાળક સાથેનો વર્તાવ કરીએ છીએ. બાળક ઘણુંયે મનમાં કહે છે કે મારી બા પાસે આટલાં બધાં 'નહિ' કેમ ! અને ધીરે ધીરે બાળકોમાં પછી પૂર્વગ્રહો બંધાય છે. આજના પતિપત્ની વચ્ચેના કલહો, શેઠનોકર વચ્ચેની તાણાતાણી અને ઊંચનીચના ઊભા થયેલા ભેદો આવા આગ્રહી મંતવ્યોમાંથી જન્મ્યા હોય છે. બાળક પાણીના ઉડાડવામાં હાથના સ્પર્શથી ઊડતાં સ્પંદનોમાંથી કંઇક મેળવતું હોય છે જ. બાળક આગળ 'નહિ'ની મોટી વાડો ખડી કરી દેવાથી એ આડે રસ્તે જઇને અતૃપ્ત ઇચ્છાઓ તૃપ્ત કરે છે જ.

અમે દર રવિવારે બાળકોને બહાર પર્યટને લઇ જઇએ છીએ. એક વાર અમે નદીએ ફરવા જવાનું રાખેલું. કિસનભાઇ અને બીજાઓની અજબ શકિતઓ ત્યાં દર્શન થયેલાં. પછી તો અમે ઘણી વાર બાળકોને નદીમાં છૂટા મૂકી દઇએ છીએ બાળકો માટે નહિ, પણ અમારા માટે અમે થોડા નિયમો રાખ્યા છે. કપડાં બદલાવીએ. ફરમાનો ઓછાં દઇએ—ન જ દઇએ. પાણીના રસિયા હિંમતવાળાને આગળ જવા દઇ બીજાઓ ધીરે ધીરે તેમનું અનુકરણ કરે તેમ કરવા દઇએ. કેટલાંક કાંઠે ઊભાં જ રહે, ને ટગર ટગર જોયા કરે તેમને ઊતરવાનો આગ્રહ ન કરીએ. નદીની બીજી અને ત્રીજી મુલાકાતે તો કાયરોએ તેમની કાયરતા છોડી છે. ડરપોક બાળકો હિંમતવાન બન્યાં છે હિંમતવાન બાળકોએ સાની સાથે રહેવાની શિસ્ત કેળવી છે. ચારપાંચ વર્ષનાં બાળકો નદીસ્નાન પછી પોતાનાં કપડાં પોતે ધોતાં, નીચોવતાં અને ગડી વાળી પોતાની થેલીમાં મૂકતાં થયાં છે.

કિસનભાઇની માતા કિસનભાઇને આમ સ્નાન કરીને આવતા જોઇ નદીની એમની મસ્તી—કૂચની વાતો સાંભળી ખુશ થયાં છે

ચાર દીવાલોમાં જે જ્ઞાન નથી મળી શકયું તેથી વધુ જ્ઞાન મેળવ્યાનો બાળકોને સંતોષ થયેલો અમે જોયો છે. અમે પણ નદીના જળમાં ક્રીડા કરતાં બાળકોને જોઇ તેમનામાં રહેલી અજબ શકિતના દર્શન કરી સંતોષ અનુભવ્યો છે.

બાલમંદિર અને પ્રાથમિક શાળાના શિક્ષક બંધુઓને મારી વિનતિ છે કે એક વાર નદી—તળાવના નાનનો બાળકોનો કાર્યક્રમ ગોઠવી પાણીના એ રસિયાઓને સાચી રીતે ઓળખવા પ્રયત્ન કરે.

રતિભાઇ અમીન

એ તત્ત્વ કયાંથી આવ્યું ?

મારા બાલમંદિરમાં કનુભાઇ રોજ આવે છે. તે સૌને પ્યારા લાગે છે. કનુભાઇનો એક પ્રસંગ બહુ સુંદર છે. તે એમ હતો કે, આમ તો રોજ કનુભાઇ નાસ્તા સમયે શાંત બેસે, પ્રાર્થના કરે અને જમણે હાથે જ ખાય. આ રીતે કનુભાઇ આચાર—પાલનમાં પ્રથમ નંબર રાખે. એક વખત કનુભાઇએ પોતાના બાપુજીને કહ્યું કે, "બાપુજી ! મારા ગુરુજી મારા કરતાં વધારે નાસ્તો ખાય છે." બાપુજી પણ સાચું જ માની બેઠા અને તેમણે મને બોલાવી વાત કરી કે, "ભાઇ ! તમે નાસ્તો વધુ ખાઓ છો એવી ફરિયાદ છે." મને ખૂબ નવાઇ લાગી, આ તત્ત્વ કયાંથી આવ્યું ? સાધારણતયા બાલમંદિરમાં તો સહનાવવતુ મંત્રને અક્ષરશઃ અનુસરતું વાતાવરણ પેદા કરવામાં આવે છે. ગુરુ શિષ્ય-અનુચર વગેરે સાથે બેસી એકસરખો નાસ્તો લઇ છે, છતાં આ તત્ત્વ કયાંથી ઉદ્ભવ્યું ? મેં તો તે વાલીને તે પ્રસંગને ઉચિત એવો પ્રત્યુત્તર આપ્યો કે, "હોય ભાઇ ! બાળક અસત્ય તો ન જ બોલે. પરિસ્થિતિ એના ઘડતરમાં ખૂબ જ ભાગ ભજવે છે. છતાં હું તપાસ કરીને આપને આ બાબત સમજાવીશ." આમ કહી મેં રજા લીધી.

બીજે દિવસે કનુભાઇ બાલમંદિરે આવ્યા. નાસ્તા સમયે તેમને મેં નાસ્તો પીરસવાનું કહ્યું. તેમણે સૌને બાપસર પીરસ્યું પછી મેં પૂછ્યું : "કનુભાઇ ! બધાની વાટકીઓ જુઓ, કોઇને વધારે તો નથી અપાઇ ગયું ને ?" કનુભાઇએ તપાસ કરી કહ્યું કે, "સૌને સરખું આવી ગયું છે." મેં તેમને સમજાવ્યા કે, "જુઓ ભાઇ ! હું અને તમે બધાં સરખો જ નાસ્તો લઇએ છીએ ને ?" કનુભાઇએ હા કહી. પછી મેં ચાલુ જ રાખ્યું કે,

"ભાઇ! તમારા બાપુજીને તમે એમ કેમ કહ્યું કે, ગુરુજી વધારે નાસ્તો ખાય છે?" કનુભાઇ ખૂબ જ નીડર બની બોલી ઊઠ્યા: "બા નાનાભાઇને વધુ નાસ્તો આપે છે અને બાપુજી તો મને સાવ ઓછો દે છે. ગુરુજી! આપણે અહીં તો સૌને સરખો મળે છે." મારા ધ્યાનમાં કનુભાઇના ઘરનું આખું વાતાવરણ આવી ગયું. પછી તો સૌએ નાસ્તાને ન્યાય આપી ઘ ભણી ચાલવા માંડ્યું.

હું કનુભાઇને લઇ તેમની દુકાને ગયો અને તેમના પિતાજીને સમજાવ્યા કે, કનુભાઇની શંકાનું મૂળ તો તેઓ પોતે જ હતા. ઘરનું અસમાન વાતાવરણ બાલ-માનસને દૂષિત કરે છે, અને પછી એ બાળક પોતાના અનુભવને અસ્પષ્ટ રીતે રજૂ કરે છે. જો કે, એનો અનુભવ સાચો અને સચોટ હોય છે, છતાં તે વ્યક્ત કરતાં કંઇક અચકાય છે અને તેમાં વડીલો પ્રત્યેનો ઊંડો ઊંડો ભય કારણભૂત હોય છે. અમારી—એટલે બાળરિક્ષકોની—આ એક વિશિષ્ટતા છે, કે બાળક ભયને દૂર કરી પોતાની સાચી કેફિયતો અમારી પાસે રજૂ કરી શકે છે. આ રીતે કનુભાઇના પિતા અને હું સમજી શક્યા કે, "એ તત્ત્વ ક્યાંથી આવ્યું?"

વાસુદેવ કાવ્યતીર્થ

સંપાદકીય નોંધ

શિશુવિહાર : ભાવનગર

આજે રાષ્ટ્રના પુનરુત્થાનસમયે દેશભરમાં વિવિધ ક્ષેત્રોમાં કામ કરતી સંસ્થાઓ નવીન પ્રાણથી પોતાનું તેજ દર્શાવવા લાગી છે. સાર્વજનિક સંસ્થાઓ તેમાં ય ખાસ કરીને શિક્ષણસંસ્થાઓ—આજની પળે સૌથી વધારે ઉપયોગી નીવડવાની છે. તેમાં, પ્રજા જેને પોતાની માને એવી સંસ્થાનું તેજ સોળે કળાએ પ્રકાશી ઊઠશે.

ભાવનગરમાં ચાલતી શિશુવિહાર નામની સંસ્થા ઉપરોક્ત હેતુથી ચાલતી સંસ્થા છે. શાળામાં અભ્યાસ કરવા જતાં બાળકોને બાકીના સમયમાં એકઠાં કરી તેમને શારીરિક, માનસિક અને હાર્દિક તાલીમ આપવાનો આ સંસ્થાનો હેતુ છે. નાતજાત, ગરીબ, તવંગર કે એવા કોઇ પણ જાતના ભેદભાવ વિના સર્વસામાન્ય જનતાના બાળકો માટે આ સંસ્થા ચાલે છે. નાનકડાં બાળકો દ્વારા તેમનાં માબાપોની કેળવણીનું કાર્ય અત્યંત કુશળતાપુર્વક આ સંસ્થાએ કર્યું છે.

ગ્રીષ્મવર્ગ, તાલીમવર્ગ, માબાપોને વ્યાખ્યાન આપવાના રવિવારવર્ગો, દીપોત્સવી, ઇદ, હોલિકા વગેરે પર્વના ઉત્સવો, રાષ્ટ્રીય તહેવારોની ઊજવણી, આનંદ-પર્યટનો વગેરે પ્રવૃત્તિ દ્વારા આ સંસ્થાએ, ભાવનગરના જુદા જુદા લત્તામાં જ્યાં જ્યાં એની પ્રવૃત્તિની સુવાસ ફેલાઇ છે, ત્યાં ત્યાં, અનુકરણીય સુધારણા કરી છે.

શિશુવિહાર વ્યાયામશાળામાં આવતાં બાળકો, કિશોરો, યુવાનો, વાલીઓ, કાર્યકર્તાઓ સૌ એકસરખી રીતે એ સંસ્થાને પોતાની માને છે એ એની વિશિષ્ટતા છે. શિશુવિહારનાં દરેક કાર્યો કુટુંબના માણસો ઘરકામ કરે તે રીતે પાર પાડે છે, એમ કરવામાં તેમને આનંદ આવે છે. પોતાના શરીરનું માણસ જતન કરે, પાલનપોષણ કરે એ રીતે જ સાર્વજનિક સંસ્થાઓને પોતાની માનીને એના વિકાસમાં ફાળો આપવાની સમજ જનતામાં આવશે ત્યારે જ, આપણા આ મહાન દેશનો સર્વવિધ વિકાસ સધાશે. ભાવનગરનુ શિશુવિહાર એ દિશામાં સૌને ચોકકસ માર્ગદર્શન આપે છે.

વારંવાર નાની પુસ્તિકાઓ, પરિપત્રો પ્રગટ કરીને એ જનસમાજમાં વિચારપરિવર્તન કરે છે. પત્રિકાઓની ભાષા ઘરગથ્થુ, સચોટ અને વિચારની નવી દિશા બતાવનાર હોય છે.

શિશુવિહાર તરફથી ભાવનગરમાં બે બાલમંદિરો ચાલે છે. તે ા સંચાલકો નૂતન શિક્ષણના જાણકાર હોઇ એ દિશામાં પણ તેમનો પ્રયાસ સ્તુત્ય બન્યો છે.

આ સંસ્થાની અમને ખાસ નોંધવા જેવી વિશેષતા લાગે છે તે એ, કે અ ી પછાત વર્ગો માટે કે હરિજન માટે જુદી સંસ્થા કે બાલમંદિર ચલાવી ચાલકો દેશકાર્ય કર્યાનો સંતોષ માનતા નથી. અહીં જે એક મોટું કાર્ય થઇ રહ્યું છે તે શ્રીમંત—ગરીબ, આગળ પડતાં ને પછાત, સુશિક્ષિત ને અશિક્ષિત એવા સમાજના જુદા જુદા વર્ગો એકત્ર કાર્ય કરે છે, એક જગ્યાએ બેસે છે, ઊઠે છે, જમે છે, રાતપહેરો કરે. અહીં પીલુડાં લેવા જનારા બારવાઓ પોતાના જીવનની હાડમારી અને મોજમજાનાં ગીતો ગાય છે અને બ્રાહ્મણવર્ગના ઉચ્ચ ગણાતા વર્ગનાં સ્ત્રી—પુરુષ, બાળકો પણ તાળી પાડીને ઝીલવા લાગે છે સામાજિક કેળવણી પછાત વર્ગોને જ જોઇએ છે એમ નથી; પણ આપણા દેશના બધા વર્ગોને તેની જરૂર છે એ વાત આ સંસ્થાએ ને સંસ્થાના કાર્યમાં ભાગ લેનારા બધાએ જાણી છે ને તે લેવાની જે શરૂઆત કરી છે તે ખરેખર વખાણવા જેવી વાત છે. ઉચ્ચ, નીચ ગરીબ, શ્રીમંત, આગળ પડતા ને પછાત એ ભેદ નીકળી જઇ, આપણે સૌ ખરેખર ભાઇ ભાઇ થઇને જીવવા લાગીશું, ત્યારે જ, આપણે ત્રીશ કરોડ ને ચાલીસ કરોડ પ્રજા છીએ એમ કહી શકીશું નાતજાત એવા એવા ભેદથી છૂટી પડેલી પ્રજામાં બળ ક્યાંથી હોય?

આવી જનતાની પોતાની સંસ્થા, આટલી સફળ રીતે ચલાવવા બદલ તેના સંચાલકોને અભિનંદન ઘટે છે. આવી સંસ્થાઓ શહેરોમાં લ તે લ-તે, કસબાઓમાં અને ગામડાઓમા ઠેર ઠેર સ્થપાય તો, બાલશિક્ષણનું જ નહિ પણ જનતાના સર્વાંગી શિક્ષણનું કાર્ય સફળતાથી

આગળ-વધે. શિક્ષણના ક્ષેત્રમાં આ સામાજિક શિક્ષણની પહેલી જરૂરીઆત ગણાવી જોઇએ.

કિલ્લોલ બાલકમંદિર : પાટણ

પાટણમાં ચાલતા કિલ્લોલ બાલકમંદિરનો તૃતીય વાર્ષિક ઉત્સવ ગામે દક્ષિણામૂર્તિ આંબલાના અધ્યાપક શ્રી૦ મૂળશંકર ભટ્ટના પ્રમુખપણા નીચે ઊજવાયો તેનો ત્રિવાર્ષિક અહેવાલ જોતાં, આ સંસ્થાએ આટલા ટૂંક સમયમાં કરેલી પ્રગતિ સંતોષજનક જણાય છે. જાહેર સંસ્થાઓ માટે, આર્થિક ભીડના જમાનામાં, બહાર હાથ લંબાવ્યા વિના જ સંસ્થાએ ત્રણ વર્ષ પૂરાં કર્યાં એ એની લોકપ્રિયતાની નિશાની છે. બાલમંદિરમાં પોણોસો અને થોડા સમય પહેલાં જ શરૂ કરેલ કુમાર-મંદિરમાં ત્રીસ બાળકોની હાજરી એ પણ પ્રગતિસૂચક છે; ઉપરાંત, હરિજનવાસમાં એક બાલવાડી શરૂ કરવામાં આવી છે એ, શહેરોમાં વસતી પછાત કોમો તરફ હવે બાલશિક્ષણપ્રેમીઓનું લક્ષ્ય ગયાની સ્પષ્ટ નિશાની છે. કિલ્લોલ બાલમંદિરને સારા, ઉત્સાહી અને બાલશિક્ષણના અભ્યાસી તથા પ્રેમી એવા કાર્યકર્તાઓ મળ્યા છે એ એનું સદ્‌ભાગ્ય છે, અને એવા એને દાતા પણ મળ્યા છે. એટલે નિશ્ચિંતપણે કાર્યકર્તાઓ એને ખીલવી શકશે. બાલમંદિર, કુમારમંદિર, બાલવાડી ઉપરાંત પુસ્તકાલય, તથા વ્યાયામ-શાળાની યોજના સંચાલકો વિચારી રહેલ છે. કુમાર-મંદિરના વિદ્યાર્થીઓ માટે એક છાત્રાલય શરૂ કરવાની પણ તેમની અભિલાષા છે. સંસ્થાના સંચાલકોની અભિ-લાષાઓ તેમના પુરુષાર્થ અને પ્રજાના સહકારથી મૂર્તિમંત બને એવી આશા રાખીએ.

બાલનિકેતન : ઇન્દોર

નૂતન બાલશિક્ષણ સંબંધ તથી ભરાયેલા હિંદી બાલશિક્ષણ સંમેલનને ઇન્દોરને આંગણે નોતરનાર અને તેને સફળ બનાવનાર બાલનિકેતન સંસ્થા હતી. એ સંસ્થા શ્રી૦ મોઘે દંપતી ચલાવી રહ્યાં છે. તા૦ ૧૩–૬–૪૭ થી એ સંસ્થાને સાર્વજનિક બનાવવામાં આવી છે તે બદલ તેના સંચાલકોને અભિનંદન ઘટે છે. એ સંસ્થા ખૂબ ફાલેફૂલે અને મધ્ય ભારતમાં બાલશિક્ષણનો પ્રચાર કરવામાં પોતાનો ય સ્વી ફાળો આપે એવી અમે આશા રાખીએ છીએ.

દુઃખદ અવસાન

કાઠિયાવાડના એક અજોડ મૂક સેવક શ્રી૦ લક્ષ્મી-શંકરભાઇ પાઠકનું અવસાન, તા૦ ૪–૮–૪૭ને દિવસે સોમવારે માત્ર એક જ દિવસની કોલેરાની માંદગીથી, તેમની કર્મભૂમિ છાયા હરિજન આશ્રમમાં થયું છે. આ દુઃખદ સમાચારથી સમસ્ત કાઠિયાવાડને તથા તેમને ઓળખતા સર્વ મિત્રોને અણધાર્યો આંચકો લાગ્યો છે.

સદ્‌ગત પાઠકજી નૂ૦ બા૦ શિ૦ સંઘના વ્યવસ્થાપક અને 'શિક્ષણપત્રિકા'ના ઉપતંત્રી શ્રી૦ રામનારાયણ ના૦ પાઠકના મોટાભાઇ હતા છાયામાં હરિજન આશ્રમ શ્રી૦ રામભાઇએ સ્થાપેલો ને સ્વ૦ લક્ષ્મીશંકરભાઇ અને તેમના પત્ની શ્રી૦ વિજયાબેનને ત્યાં આકર્ષેલાં. તેઓ એક સાવ સાદા અને એકનિષ્ઠ સેવારત મૂક સેવક હતા.

સ્વ૦ લક્ષ્મીશંકરભાઇએ ગયા ૧૯ વર્ષ સુધી એક-ધારી મૂગી તપશ્ચર્યાથી પોરબંદર પથકના હરિજનો અને સવર્ણોનાં દિલમાં સત્યપ્રીતિ, નિઃસ્વાર્થતા અને સેવા-ભાવનાં બીજ રોપ્યાં હતાં.

તેમણે ૧૯૩૦ની સાલના સત્યાગ્રહસંગ્રામમાં અમલદારોના અસહ્ય જુલમો હસતે મોઢે, સાચા સત્યા-ગ્રહી તરીકે સહન કરીને તેમનાં દિલ પીગળાવ્યાં હતાં. તેમણે એક વર્ષનો કારાવાસ પણ ભોગવ્યો હતો.

તેમના અવસાનથી કાઠિયાવાડને અને હરિજનસેવાને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.

આપણા સંઘના ઉપપ્રમુખ મુ૦ નાનાભાઇ ભટ્ટના શબ્દો જ તેમની સાચી કદર કરી શકે છે:

"આજે પાઠકજી વિના આખો આશ્રમ રડતો હશે. પાઠકજીના પગરખાંમાં પગ મૂકનારો હજી બીજો કોઇ જોયો નથી... પાઠકજીની પોતડીની પાછળ જે તેજ હતું તેને કોઇ ઝીલી ન શકયાં. આપણે એને ગાંડા ગણ્યા. તેને પાગલ ગણ્યા એક ધૂની ગણ્યા... તેના આત્માને આવાં દુઃખોમાં પણ શાંતિ હતી, તો. પ્રભુના દરબારમાં તો હોય જ ને! પ્રભુ એમની કદર કરવાની આંખ આપણને આપો!"

તા.

શિક્ષણપત્રિકાનો

બાલવિભાગ

વર્ષ પહેલું : અંક આઠમો : ઑગસ્ટ, ૧૯૪૭

સ્વરાજ્ય આવ્યું

આપણે બધા હિંદી
કારણ, આપણે હિંદમાં રહીએ છીએ
હિંદમાં જ જન્મ્યા.
આપણા દાદાના દાદા
ને તેમના દાદા
બધા હિંદમાં જ જન્મ્યા
ને હિંદમાં જ મૃત્યુ પામ્યા.
માટે જ હિંદ આપણો દેશ
ને આપણે બધા હિંદી.

× × × ×

બસો વર્ષ થયાં
બીજા દેશોના લોકો અહીં
આવ્યા
દૂર દૂરના લોકો વ્યાપાર
કરવા આવ્યા
ને આપણું રાજ્ય એમણે લીધું;
કારણ, આપણે એકબીજા
સાથે લડ્યા
આપણે પારકાને મદદમાં
બોલાવ્યા,
તેમની મદદથી એકબીજાને
માર્યા
ને આખરે પારકા થયા રાજા
ને આપણે થયા તેના ગુલામ.

× × × ×

આપણામાં ડાહ્યા હતા
તેમને બહુ દુઃખ થયું.
તેમણે લોકોને જગાડ્યા,
તેમણે લોકોને એક કર્યા.
તેમણે લોકોને કહ્યું :
એકબીજા સાથે લડો નહિ;
એકબીજાને મદદ કરો,
બધાંને ચેળવણી આપો,
બધાંને ઉદ્યોગ આપો,
સ્વદેશી વસ્તુ વાપરો,
સ્વદેશી કપડું વાપરો.
તેમણે દેશને જગાડ્યો,
તેમણે દેશને સુધાર્યો,
તેમણે સ્વરાજ્ય મેળવ્યું;
માટે જ
આજથી આપણે સ્વતંત્ર થયા.
કોણ હતા દેશના નેતા ?
કોણે દેશને જગાડ્યો ?
દેશને માટે કોણ લડ્યા ?
દેશને માટે કોણ મર્યા ?
કોણ લાવ્યું સ્વરાજ્ય ?
કોણે કર્યો દેશ સ્વતંત્ર ?

× × × ×

એક હતા દાદાભાઇ નૌરોજી
સહુના એ દાદા.
એક હતા બાળગંગાધર તિલક,
એક હતા ગોપાલકૃષ્ણ ગોખલે,
એક હતા લાલા લજપતરાય,
એક હતા વિઠ્ઠલભાઇ પટેલ,
એક હતા મોતીલાલ નહેરુ
ને એક હતા સુભાષ બોઝ :
એ બધાને આપણા વંદન હજો !
વળી છે ગાંધીજી,
અને છે નહેરુજી,
સરદારજી પણ છે,
અને છે રાજાજી,
અને છે રાજેન્દ્રબાબુ.

એવા તો છે ઘણાય.
એ બધાને અમારા વંદન હજો!
કેટલાયે મૃત્યુ પામ્યા
દેશને મોટે મરણ પામ્યા
સ્વરાજને માટે મરણ પામ્યા
લડતાં લડતાં મરણ પામ્યા
જેલમાં ગયા ને
જેલમાં મરણ પામ્યા;
ફાંસીએ ચડયા
ને લડાઇમાં મરણ પામ્યા,
એ બધાને અમારા વંદન હજો.

× × × ×

આજથી સ્વરાજ્ય આવ્યું
આજથી સ્વતંત્ર થયા.
આપણો દેશ મોટો હતો
આપણો દેશ તવંગર હતો
આપણો દેશ વિદ્વાન હતો
આપણો દેશ ધનવાન હતો
આપણો દેશ બળવાન હતો;
પણ આજે?
આજે એવો નથી.
પણ હવે એવો કરીશું.
બધા મળીને દેશને બળવાન કરીશું
બધા મળીને દેશને વિદ્વાન કરીશું
બધા મળીને દેશને સમૃદ્ધ કરીશું
બધા મળીને દેશને ધર્મવાન કરીશું

આપસ આપસના ઝગડા કાઢી નાખીએ
આપસ આપસનો દ્વેષ કાઢી નાખીએ
આપસ આપસનો ભેદ તોડી પાડીએ
બધા મળીને સ્વતંત્ર થયા
બધા મળીને સ્વરાજ્ય સાચવીશું.

ઘઉં અને ચણા



ઘઉંની ઊંખી
અને ચણાના પોપટો
કોને ખબર નથી?
ઘઉંની રોટલી
ને ચણાની દાળ
કોણે નથી ખાધી?
ઘઉંનો દાણો આખો
તેથી તેને કહે છે 'એકદળ'
અને ચણાના દાણામાં બે ફાડિયાં
તેથી તેને કહે છે 'દ્વિદળ.'
ઘઉંનાં પાંદડાં ઘાસ જેવાં
લાંબા લાંબા ને અણીદાર,
તેની નસો જાણે આંકેલી લીટીઓ
એકસરખી અને સમાંતર.
ઘાસનાં પાદડાંની રેષાઓ પણ એવી જ.
ચોખા ને જુવાર,
મકાઇ ને બાજરીની પણ તેવી જ.
આવા રેસાઓને કહે છે સમાંતર રેસા.
પણ ચણાનાં પાન
ઘઉં જેવાં સાદાં નહિ.
એક પત્તાનાં પાંદડાંને કહે છે 'સાદાં પાન'.
ચણાના એક પાંદડામાં
કેટલાં નાનાં નાનાં પાન?
આ નાનાં પાનને કહે 'પર્ણિકા'
આવી અનેક પર્ણિકાને
કહે છે 'સંયુકત પાન'.
પવન આવ્યો, બધાં નાનાં પાન
તુક્ તુક્ તુક્ હલવા માંડે છે
એ જોવાની મજા તમે ચાખી છે કોઇ દિ'?
જાણે એ ટચુકડા પાંદડાં
પવનની સામે હસે છે ને ચિડવે છે:
'પાડ જોઇએ, પાડ જોઇએ અમારુ ઝાડ?'
પર્ણિકાની વચ્ચે થઇને પવન ચાલ્યો જાય
તેથી એનું જોર ચાલે નહિ
અને છોડ પડે નહિ.
ચણાનાં એ ટચૂકડાં પાનનેય રેસા હોય છે
પક્ષીની પાંખો જેવા
તેથી એવા રેસાઓને કહે છે 'પક્ષવત્'

ઘઉંના છોડ જોયા છે કોઇ દિ?
અને ચણાનાં? બન્નેનાં થડ તો જુઓ!
કેવાં જુદાં જુદાં છે?
એકનું થડ નક્કર, જ્યારે બીજાનું પોલું
એકને ડાળીઓ જ નહિ, જ્યારે
બીજાને ડાળીઓ જ ડાળીઓ!
અને કેટલો ફેરફાર જોઇ શકાય છે?
ઘઉંચણાના દાણા જુદા જુદા,
તેમ, એનાં મૂળ પણ નિરનિરાળાં.
ઘઉંનાં મૂળ ગૂંચળા જેવાં
તેથી એને કહે છે 'ગુચ્છ-વત્'
ચણાનાં મૂળ ને શાખાઓ
તેથી તેને કહે છે 'શાખાવત્'
ઘઉંનું મુખ્ય મૂળ
મરી ગયેલું હોય છે
જ્યારે બીજાનાં મુખ્ય મૂળ વિકસેલાં
શાખાઓવાળાં ને ઊંચાંનીચાં ગયેલાં.

ઘઉંનું ફૂલ જોયું છે કોઇએ?
ચણાનાં નીલાં જાંબલી નાજુક ફૂલ
તેને પાંચ પાંચ પાંખડી
અને વચ્ચોવચ્ચ તે કેસરનું
કેસરી ટપકું એકદમ સૌની
નજરે ચડે.
ઘઉંનું ફૂલ નાજુક ખરું,
પણ દેખાવડું નહિ.
ચણાનાં ફૂલ છૂટાં છૂટાં
જ્યારે ઘઉંના ફૂલ
ઊંબીની લાકડીથી જાણે ગૂથ્યાં ન હોય!
હજારો વરસોથી આપણે બન્ને
વનસ્પતિની સંભાળ લીધી છે
અને તેમણે આપણને ખોરાક આપ્યો છે.


મરાઠી ઉપરથી — નાગલેભાઇ

વૃક્ષ અને છોડ

જંગલ હતું.
જંગલમાં એક મોટું વૃક્ષ.
ઘણું જ ઊંચું, ઘણું જ પહોળું.
કેટલી બધી તેની ડાળીઓ!
ને કેટલાં બધાં તેનાં પાંદડાંઓ!
મોટો બધો તેનો વિસ્તાર.

વૃક્ષની નીચે કેટલાંએક છોડ.
તેના થડ જેટલા જ ઊંચા.
ડાળાં પાંદડાં થોડાં થોડાં.
કયાં ઊંચું વૃક્ષ ને કયાં નાના છોડ!

વૃક્ષ ઊંચા આભ સામે જુએ,
સૂર્ય જુએ, ચંદ્ર જુએ ને તારાઓ પણ જુએ;
વાદળાંને આવતાં જુએ, જતાં પણ જુએ.
વરસાદ આવે તે બધો એના માથા પર.
તડકો નીકળે તે બધો એના માથા પર.
પવન વાય ને એનાં ડાળ પાંદડાં હલે.
ચાંદની નીકળે ને એનાં પાંદડાં ચળકે.
છોડ બીચારા નીચે ને નીચે.





વૃક્ષનાં પાદડાંમાં થઈને આવે,
એટલેા વરસાદ તેમને મળે.
વૃક્ષના પાંદડાંમાંથી થેાડેા તડકેા મળે.
એમજ થેાડી ચાંદની દેખાય,
ને એમજ થેાડેા પવન પણ મળે.

વૃક્ષનાં મૂળિયાં ઘણાંય પથરાયેલાં.
વધેલી થેાડી જગ્યામાં છેાડનાં મૂળિયાં જાય.
તેમને થેાડું ખાવા મળે ને થેાડુંક જ પીવા મળે;
ને થેાડી એવી જગ્યા રહેવા મળે.
છેાડ જુએ વૃક્ષની સામે,
પણ વૃક્ષ એમની સામે જુએ જ નહિ.
વૃક્ષ જુએ ઉપર આભ સામે
આજુબાજુના ડુંગરા સામે,
ને જંગલનાં મેાટાં વૃક્ષેા સામે.

એક વાર વૃક્ષે નીચે જોયું:
અરરર ! કેવા દીન આ છેાડ !
કેટલા નાના ! કેવા ભિખારી !
એને તેમની દયા આવી.
શું ? મારા પરથી પડે એટલું પાણી પીવે છે !
મારાં પાંદડાંમાંથી જાય એટલેા તડકેા લે છે !
ને કેટલા નીચા છે !
મારી નીચેની ડાળ જેટલા પણ વધ્યા નથી !
છટ ! છટ ! આ તેા તદ્દન જ ભિખારી !
મારી બાજુમાં શું કામ રહે છે ?

છેાડ પણ ઊંચે વૃક્ષ સામે જેતા હતા.
"મેાટાભાઇ, જરા જુએા તેા ખરા, વાદળેા દેખાય છે ?
વરસાદ કયારે આવશે ?
અમે તેા બહુ તરસ્યા થયા છીએ.
વૃક્ષે કહ્યું: "ભિખારી લેાકેાને વળી વરસાદ શેનેા ?
મારી ઉપરથી નીચે પડશે તે પાણી પીજો
ને રહેા નિરાંતે: બરબડ શું કરેા છેા ?"

શિયાળેા આવ્યેા.
છેાડ કહે: "મેાટાભાઇ, જરા જુએાને
સૂરજ ઊગવાને કેટલી વાર છે ?
અમે ટાઢે ઠરી ગયા છીએ."
વૃક્ષ કહે: "ભિખારી તે ભિખારી,
ને આ શું વળી ?
તડકેા જોઇએ ને વરસાદ જોઇએ.
તડકેા પડશે એટલે મળશે તમને.
મારાં પાંદડાંમાંથી મળે તેટલેા લેજો.
ને રહેા નિરાંતે. ઘણું છે એટલું તેા.
ભિખારીને વળી સૂરજ શેનેા ?"

એક વાર વાવાઝેાડું નીકળ્યું.
પવન એવેા તેા જોરથી વાય કે બસ.
વૃક્ષ હલવા લાગ્યું.
છેાડ પણ થેાડા થેાડા હલવા લાગ્યા.
પવનનું જોર વધ્યું.
વૃક્ષ થડથી હલવા લાગ્યું.
પવન ઘરરર ફૂંકાયેા.
વૃક્ષ કડડડ ધપ પડ્યું.
છેાડ બધા જોવા લાગ્યા:
આકાશ કેવું મેાટું છે !
તડકેા કેવેા મીઠેા છે !
વાહ, વા ! દુનિયા કેવી સારી છે !

મૉન્ટેસૉરીપદ્ધતિની પ્રથમ ભેટ

[ગુજરાતમાં મૉન્ટેસૉરીપદ્ધતિનું નામ ગાજતું કરનાર સદ્‌ગત ગિજુભાઇને સૌ પહેલી મૉન્ટેસૉરીપદ્ધતિની ભેટ શી રીતે મળી એ જૂના ઇતિહાસનું મીઠું સ્મરણ, દરબારશ્રી ગોપાળદાસ દેસાઇએ તા૦ ૨૨-૬-૪૭ ના રોજ ભાવનગર મુકામે ઘરશાળા બાલઅધ્યાપનમંદિરનું ઉદ્‌ઘાટનપ્રવચન કરતાં કર્યું હતું, તે સ્મરણ, અહીં નીચે ઉતારવામાં આવ્યું છે.—સં૦]

મૉન્ટેસૉરી શિક્ષણ આપણા દેશમાં શરૂ કરવામાં મારો હાથ હતો એ વાત સાચી છે. સ્વ૦ ગિજુભાઇ એ વખતે વઢવાણમાં વકીલાત કરતા હતા. તેમનો પુત્ર નરેન્દ્ર તોફાની હતો અને ઘરમાં બધાંને પજવતો. મારી પાસે મૉન્ટેસૉરીનાં સાધનો અને પુસ્તકો હતાં. નરેન્દ્રને હું મારે ત્યાં લઇ ગયો અને સાધનો આપી કામે લગાડ્યો. તેમાં એને રસ પડ્યો.

સ્વ૦ ગિજુભાઇને થયું કે નરેંદ્ર અમને પણ પજવતો હશે; એટલે એ તેને બોલાવવા મારે ત્યાં આવ્યા. એમણે નરેંદ્રને શાંતિથી કામ કરતો જોયો. નરેંદ્રે પોતાની પ્રવૃત્તિઓ ઉત્સાહથી બતાવવા માંડી, પછી ગિજુભાઇએ એ વિષે જાણ્યું મેં 'મૉન્ટેસૉરી મેથડ' નામનું પુસ્તક એમને વાંચવા આપ્યું; પછી તેમણે પ્રવૃત્તિ શરૂ કરી. આમ હું આ પ્રવૃત્તિ શરૂ કરવામાં નિમિત્ત બન્યો કહેવાઉં.

મૉન્ટેસૉરી પદ્ધતિમાં ધીરજ અને ખંતથી કામ કરવાનું હોય છેઃ તેમાં શિક્ષકે પોતા પાસે જે કંઇ હોય તે આપી દેવા કરતાં બાળકમાં રહેલી શક્તિઓ જાગ્રત કરવાનું કામ કરવાનું છે. એ કામ અઘરું છે.

મૉન્ટેસૉરીના એક પુસ્તકમાં મેં એક દાખલો વાંચેલો તે મને અત્યારે યાદ આવે છેઃ એક બાળક હોજ પાસે રમતું હતું. હોજમાં શું છે એ જોવાની તેને ઇચ્છા થઇ. તેણે ઉપર ચડવાનો પ્રયત્ન કર્યો પણ સફળતા ન મળી. થોડે દૂર એક ખુરશી પડી હતી. તે ખસેડતો ખસેડતો એ હોજ પાસે લઇ આવ્યો. છતાં પણ તેનાથી પહોંચી શકાયું નહિ. એટલામાં તેની માતા ત્યાં આવી ચડી. તેણે બાળકને હોજ જોવાનો પ્રયત્ન કરતુ જોયું. તેને બાળકને મદદ કરવાનું મન થયું. ઊંચકીને એ માતાએ બાળકને હોજ દેખાડ્યો....મૉન્ટેસૉરીએ એ જોયું અને તેમણે એ માતાને ઠપકો આપ્યોઃ 'તમે એ બાળકની શક્તિઓને આ રીતે મદદ કરીને કુંઠિત કરી નાખી છે. તમારે તેને સ્વપ્રયત્ને આગળ વધવા દેવાની જરૂર હતી.'

આ ઉદાહરણથી તમે જોઇ શકશો કે બાળકની શક્તિઓને જાગૃત કરી બહાર લાવવા દેવા માટે કેટલી ધીરજ અને ખંતની જરૂર પડે છે.

દરબાર ગોપાળદાસ દેસાઇ

અમારું શિક્ષણસાહિત્ય

નૂતન કેળવણીના સિધ્ધાંતોને અનુસરતી શાળાઓને ઉપયોગી શિક્ષણ-સાહિત્ય
બાલમંદિર અને નર્સરી સ્કૂલનું પ્રબોધક સાહિત્ય
જ્ઞાન આપતી ઇતર પ્રવૃત્તિ માટેનાં સાધનો, નકશા અને ચિત્રપટો

લખોઃ ઢેબર ભંડક તલકશી એન્ડ સન્સ
એમ્પાયર બિલ્ડીંગ, હોર્નબી રોડ, મુંબઇ.

Regd. No. B. 2241

જ્યા ત્યાં જય—હિંદ ના

આજે હિંદ સ્વતંત્ર થયું
પારતંત્ર્ય ગયું—સ્વરાજ્ય આવ્યું

આજે આપણે સ્વાતંત્ર્યનો પાયો નાખીએ
સ્વાતંત્ર્યનો પાયો બાલમનમાં નાખીએ
સ્વાતંત્ર્યનો પાયો બાલશિક્ષણમાં નાખીએ
ઐક્યનો પાયો નાખીએ, પ્રેમનો પાયો નાખીએ


સમાન હકકનો પાયો નાખીએ
સમાજસેવાનો પાયો નાખીએ
માનવતાનો પાયો નાખીએ

મુદ્રક પ્રકાશક: ગો. રા. કુલકર્ણી, ૧૧૭, હિંદુ કોલોની, દાદર મુંબઇ ૧૪, મુદ્રણ સ્થાન: સ્ટેટસ પીપલ પ્રેસ, ૧૩૮, મેડોઝ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ

નૂતન બાલશિક્ષણ સંઘ પ્રકાશિત

શિક્ષણપત્રિકા

: વર્ષ ૨૨ : અંક ૯ : સપ્ટેમ્બર, ૧૯૪૭



આવૃત્તિ : ૨૫૦૦ :: કિંમત : ત્રણ આના :: પ્રકાશક : ગિજુભાઈ બધેકા :: સંપાદક : તારાબેન મોડક : : સહસંપાદક : રામભાઈ પાઠક

શિક્ષણ પત્રિકા

સપ્ટેમ્બર ૧૯૪૭

વર્ષ : ૨૨ અંક : ૯

અનુક્રમણિકા

વિષય	લેખક	પૃષ્ઠ
બાળકોનો વ્યવસ્થાપ્રેમ	ચંદુલાલ વ. ભટ્ટ	૧૧૩
બાલમંદિરના શિક્ષકોનો પગાર	તારાબેન	૧૧૫
ફ્રાસ્કો પડયો ! ...	એક બાલશિક્ષક	૧૧૮
અમને ભણાવો ને ...	જુગતરામ દવે	૧૧૯
બાલક્રીડાંગણ	નર્મદાબહેન રાવળ	૧૨૦
શિક્ષકની પ્રતિષ્ઠા ...	રામભાઇ પાઠક	૧૨૧
અમારું બાલમંદિરોનું નિરીક્ષણ	નર્મદાબહેન રાવળ	૧૨૨
'આ મારી અધ્ધરદેવી છે' ...	બાબીબેન મૂળજી	૧૨૩

બાળવિભાગ

વાડીની મોજ ...	પ્રભાવતી પજવાણી	૩૩
હોલાભાઇનો તરકકડો	મોંઘીબેન બધેકા	૩૪
કમલવાડી	અનસૂયાબેન વાદ્ય	૩૫

સૂચના

'શિક્ષણપત્રિકા'ના પ્રત્યેક ગ્રાહકને સંઘનું સભ્યપદ આપોઆપ પ્રાપ્ત છે એટલે કે 'શિક્ષણ પત્રિકા'નો ગ્રાહક એ સંઘનો સભ્ય પણ છે અને સભ્ય તરીકેનાં દરેક હકકો એ ભોગવી શકે છે.

પત્રવ્યવહાર કરતી વખતે પોતાનો સભ્ય નંબર અવશ્ય લખવો. જે સભ્યો પોતાનું સરનામું બદલવા ઇચ્છતા હોય તેમણે દરેક મહિનાની પહેલી તારીખ સુધીમાં પોતાના સભ્ય નંબર સાથે જૂનું તથા નવું બદલાયેલું સરનામું વ્યવસ્થાપકને જણાવવું.

સામટા સભ્યોના લવાજમનો ચેક 'સેક્રેટરી, નૂતન બાલશિક્ષણસંઘ,' એ નામનો લખવો, અને તે વ્યવસ્થાપક ઉપર મોકલી આપવો. દરેક સભ્યે લવાજમની રકમ ચેકથી, મનીઑર્ડરથી અગર હાથોહાથ વ્યવસ્થાપકને સરનામે પહોંચાડવી.

સંપાદન તથા નિરીક્ષણકાર્ય અંગેનો તમામ પત્રવ્યવહાર બાલવાડી, બોરડી, ઘોલવડ થઇને B. B. C. I. Rly. એ સરનામે કરવો. પત્રિકા માટેના લેખો વગેરે પણ ત્યાં જ મોકલવા.

લવાજમના દર

સામાન્ય સભ્ય	રૂપિયા	૩
સક્રિય સભ્ય	,,	૩
સહાયક સભ્ય	,,	૬
સંસ્થા જોડાણના પ્રતિનિધિ ...	,,	૭
આજીવન	રૂપિયા ૧૦૦ થી	૫૦૦

આજીવન સભ્યના પ્રકાર

પ્રદાતા	રૂ. ૧૦૦૦	દાતા	રૂ. ૫૦૦
શુભેચ્છક	રૂ. ૨૫૦	હિતેચ્છુ	રૂ. ૧૦૦

[મ્યુનિસિપલ શાળાઓ, રાજ્યની શાળાઓ, સાર્વજનિક સંસ્થાઓ વર્ષિક રૂ. ૩ કે ૬ આપી પત્રિકા મેળવી શકશે.]

પરદેશમાં શિલિંગ ૭॥; છૂટક નકલ ૬ આના.

પત્રિકાની વ્યવસ્થા અંગેનો તમામ પત્રવ્યવહાર નીચેને સરનામે કરવા વિનતિ છે.

શ્રી૦ બાબીબેન મૂળજી

વ્યવસ્થાપક: 'શિક્ષણપત્રિકા' કાર્યાલય, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ ૬.

બાળમંદિરો માટે સાધનો

બાળમંદિર માટે સાધનો ખરીદતાં પહેલાં અમારું સૂચિપત્ર મંગાવો.

દરેક સાધનો શાસ્ત્રીય પદ્ધતિથી બનાવવામાં આવે છે અને તે બધાં નિષ્ણાતોની દેખરેખ નીચે તૈયાર કરવામાં આવે છે.

સૂચિપત્રમાં જણાવેલ ભાવ ઉપર બાળમંદિરોને જ ૬ ૧/૪ ટકા કમિશન આપવામાં આવે છે.

તમારી જરૂરિયાત માટે લખો :

બનાવનાર: નૂતન શિક્ષણ સાધનાલય એન્ડ આર્ટ વર્કર્સ લિમિટેડ

વઢવાણ કેમ્પ (કાઠિયાવાડ).

નૂતન બાલશિક્ષણ સંઘની

શિક્ષણપત્રિકા

વર્ષ ૨૨ : અંક ૯] મુંબઈ [સપ્ટેમ્બર, ૧૯૪૭

બાળકોનો વ્યવસ્થાપ્રેમ

બાળકોનું નામ લઈએ અને એની સાથે જ્યારે વ્યવસ્થાપ્રેમ જેવો શબ્દ જોડીએ, ત્યારે તો ઘણાને નવાઈ જ લાગશે. અવ્યવસ્થા એ જાણે કે બાળકની સાથે જોડાયેલી જ વસ્તુ છે. પણ જરા બારીકાઈથી વિચારીશું તો હકીકત સાવ ઊલટી જ છે.

બાળકનો જન્મ થાય ત્યારે એ એની જબરી નવી સૃષ્ટિમાં આવી પડે છે, કે એ આવડી જબરી સૃષ્ટિને પોતે કઈ રીતે હસ્તગત કરશે અને તેમાં પ્રવેશ કરવાની શરૂઆત કેમ કરશે તેમ કલ્પવું આપણને મુસ્કેલ લાગે એથી આગળ જઈને વિચારીએ તો, બાળકો પ્રયાસપૂર્વક આવડા મોટા જગતમાં પ્રવેશ કરે છે અને તેમાં પોતાનું સ્થાન જમાવે છે તેનો એ પ્રયોગ આપણી નજરે ય નથી પડતો. બાળકની બીજી પણ ઘણી ય પ્રક્રિયાઓ આપણી નજરે ચડતી જ નથી અને છતાં એવી પ્રક્રિયાઓ કરતાં કરતાં જ એ મોટું થાય છે, જ્ઞાનવૃદ્ધ થાય છે અને વિકાસ સાધે છે.

ત્યારે હવે આપણે આ વ્યવસ્થાની વાતને વધુ આગળ લંબાવીએ.

આપણાં મોટેરાંઓનો અનુભવ છે કે, આપણે કોઈ અજાણ્યા સમાજમાં જઈ ચડીએ અને તેમાં આપણને રહેવાનું થાય તો આપણે પોતે એ અજાણ્યા સમાજનું ચોકકસ અવલોકન કરીને, તેની સમગ્ર જીવવાની રીતનો અભ્યાસ કરવો પડે છે અને પછી એને અનુરૂપ રીતે આપણે વ્યવહાર કરવા લાગીએ એટલે એ સમાજમાં આપણે સરળતાથી ભળી જઈ શકીએ છીએ. જે સમાજમાં આપણે ભળવા જવાનું હોય તે સમાજમાં અનવસ્થા કે કોઈ પ્રકારનું વ્યવસ્થાતંત્ર ચાલતું ન હોય, તો તેમાં પ્રવેશી આપણે બંધબેસતા ન થઈ શકીએ.

બાળક જ્યારથી જન્મે છે ત્યારથી એક એક નવો નવો અનુભવ કરતું થાય છે. સૌથી પહેલાં માની ગોદમાં આવવાનો, પછી ભૂખ લાગે ત્યારે માનુ સ્તનપાન કરવાનો અને ઊંઘવાનો. ઝાડા-પેશાબ પોતાને થાય ને ભૂખ લાગે એ પણ એના પોતાના જ અનુભવો છે. એ અનુભવો એને થયા જ કરે છે. બાહ્ય સૃષ્ટિમાંથી જો નિયમિતતાપૂર્વક એને એમાં મદદ થાય તો અમુક ચોક્કસ વખતે જ એ ક્રિયાઓ એ કરતું થાય તેવુ વ્યવસ્થાતંત્ર ગોઠવી શકાય છે. એને પક્ષે તો એવી આશા-ભલે સમજણ વગરની-હોય જ છે.

એથી મોટી ઉંમરે જેઓનો અનુભવ છે તેઓ જાણે છે કે જો અમુક ચોક્કસ કલાકે-એટલે કે ત્રણ ત્રણ ચાર ચાર કલાકે-એમને દૂધ પાવા માટે લેવામાં આવે તો બાળકના ઉછેરમાં ઘણી જ સરળતા આવે છે. ઊંઘના કલાકો પણ ચોક્કસ થઈ જાય છે. બાળકનું વ્યવસ્થાતંત્ર બરાબર ચાલુ રહે છે. એમાં અનિયમિતતા થતાં બાળક કનિયો કરે છે. એની તબિયત બગડે છે. બાહ્ય સૃષ્ટિનાં પાત્રો એટલે કે મોટેરાઓ જો એમની સાથે નિયમિતતાથી વર્તે તો તેઓને એ જ જોઈએ છે. ટૂંકમાં, જીવનમાં વૃદ્ધિ

દેખી શકે, જેમ ધરતીના પેટાળમાં પાણી છે કે નહિ તે જાણકારના કાન પારખી લે, તેમ જો એક વખત સમજાયું કે દરેક માણસ આધ્યાત્મિક જીવ છે તો પછી તે ગમે તેટલા ગંદા, બેહૂદા અને વિકારી હશે તો પણ તેમનામાં સારાં તત્વો હશે તે દેખાયા વિના નહિ રહે. માણસમાં ખૂણેખાંચરે પડેલી શક્તિઓને જાણવા માટે આવા સિદ્ધાંજનની જરૂર છે.

ઘણી વખત એવું બને છે કે સાંભળતાં જે સાચું લાગે તે વ્યવહારમાં આપણે ચૂકતા નથી એનું કારણ શું? કારણ એ કે આપણે સતત જાગ્રત નથી હોતા. દરેક વ્યક્તિએ જાગ્રત રહી જોયા કરવું જોઇએ કે પોતે શું કરે છે અને શું કરવું જોઇએ? આપણે બાળક શું કરે છે અને બાળકે શું કરવું જોઇએ તે બાબતનુ અવલોકન કર્યા કરીએ છીએ. પણ આપણું મન શું કરે છે અને આપણો આચાર કેવો છે તેનો આપણે સતત વિચાર કરીએ છીએ ખરા? આ વિચાર બહુ જ થોડા કરે છે. સતત જાગ્રતિભર્યું જીવન જીવવાનુ શિક્ષણ તે જ સાચું શિક્ષણ છે. આ જાગ્રતિ એક મોટો આધ્યાત્મિક સદ્‌ગુણ છે એમ બુદ્ધ ધર્મના સિદ્ધાંતોમાં લખેલ છે.

આધ્યાત્મિક એટલે શું? તે સમજવા માટે પણ અમુક ભૂમિકાની જરૂર છે. વનસ્પતિશાસ્ત્ર, ઇતિહાસ, અર્થશાસ્ત્ર વગેરે વિષે જ્ઞાન પુસ્તકો દ્વારા મેળવાય પણ આધ્યાત્મિક તત્વ સાચા સ્વરૂપમાં સમજવા માટે લૌકિક શાસ્ત્ર જાણવું જોઇએ. આ [illegible]ી વાત નથી. સૌ પોતપોતાની આવડત અને ગજા [illegible]ો કરી શકે છે. આને મોટી વસ્તુ ગણી કાઢી ના [illegible]નહિ. એકે-એક માણસ આ તત્વ સમજવાની [illegible]ધરાવે છે.

બાળકોને કેળવણી આપતાં આપણા જીવનની સિદ્ધિ ન લાગે તો ભણાવ્યુ શા કામનુ? જેમા જીવતરનો આનંદ ગણાતો નથી એ કેળવણી રસપ્રદ કયાંથી બને? પણ જો આપણને કેળવણીના કાર્યમાં જીવનસિદ્ધિ લાગે, તેમાંથી આનંદ મળી રહે તો બીજી કશી અગવડો મૂંઝવશે નહિ. તેવો શિક્ષક મસ્ત થઇને કામમાં મચ્યો રહેશે. આ રીતે શીખવનાર શિક્ષકને મન તેના કામ સિવાય બીજો કોઇ તેનો પ્રભુ નહિ હોય. તેના જીવનનું સાર્થક તેના કાર્યમાં જ હશે. માટે જ મને ઇશ્વરની શોધના પ્રયાસ અને ગામડાંનાં કામમાં ફેરફાર દેખાતો નથી, અને તેથી જ મને બીજી બાહ્ય વસ્તુઓ પરિતાપ પમાડતી નથી. શ્રી. ગિજુભાઇ અને શ્રી. તારાબેનની પણ એવી જ સ્થિતિ મેં જોઇ છે, પણ આનો અર્થ એ નથી કે તે વ્યકિત પોતાના વ્યવહારનાં કામોમાં દુર્લક્ષ અથવા બેદરકારી કરે તો પણ ચાલે. સાચી જાગ્રતિના જીવનવ્યવહારમાં પાછી પાની કે બેદરકાર રહેવાનું હું નથી કહેતો. એ બધા વ્યવસાયો પણ કરવાના જ છે. એ વૃક્ષની એક ડાળના જુદા જુદા ફણગા છે.

નાનાભાઇ ભટ્ટ

[દક્ષિણામૂર્તિ બાલમંદિર ભાવનગરમાં મળેલ નૂ. બા. શિ. સંઘના ગ્રીષ્મ વર્ગની અંદર શ્રી નાનાભાઇ ભટ્ટે આપેલ પ્રવચનમાથી]

નૂતન બાલશિક્ષણસંઘનું કાર્ય

[ગયા અંકથી ચાલુ]

બીજી બધી શાળામાં શિક્ષકનું સ્થાન વિશિષ્ટ પ્રકારનું અને માનભર્યું હોય છે. આ શિક્ષકો છોકરાના મનમાં ધાક બેસે એવી રીતે વર્તતા હોય છે. પણ આપણા શિક્ષકોએ એ સ્થાન છોડીને બાળકોના મિત્ર થવાનું સ્થાન સ્થાપિત કરી દીધું છે. બેન કે ભાઇ જે હોય તેના ખોળામા જઇને બેસી શકાય. ચડ્ડીની નાડી બાંધી આપવાનું તેમને કહી શકાય. બાળકોનાં સુખદુઃખની વાત કરવાનુ સ્થાન પણ તેઓ બની શકયા છે.

"આજે અમે નવું પહેરણ પહેર્યું છે." "આજે અમારે ત્યાં લાડવા કરવાના છે." અથવા "આજે અમને બાએ માર્યું છે" એમ બાળકો બેનના ખોળામાં બેસીને કહી શકે છે. આ ફેરફાર પણ નાનોસૂનો નથી. પ્રગતિ ધીમે પગલે જ થાય છે. એક નાની એવી વાત પણ સિદ્ધ થતાં સૈકાઓ જાય છે. જે બાલમંદિરો વિષે આપણે અસંતોષ બતાવીએ છીએ, જે શિક્ષકો માટે આપણને ઘૃણા ઊપજે છે તેમણે કંઇ જ કર્યું નથી એમ નથી. તેમણે ગિજુભાઇ સદ્‌ગુરુએ જે નાહું પકડાવ્યું તેને પકડી રાખ્યું એ કાંઇ નાની વાત નથી. શિક્ષણના વિચારઆચારની પ્રગતિમાં એ બાસ નોંધવા જેવી જ વાત ગણાય.

તેમ જ વાર્તા, સંગીત, ચિત્રકામ, નાટક, નૃત્ય હસ્તવ્યવસાય, પ્રવાસ વગેરેએ જે ચોકકસ સ્થાન બાલશિક્ષણમાં મેળવી લીધું છે તેની પણ નોંધ લેવી ઘટે છે.

બાળકોની સાથે અમુક લાગણીપૂર્વક કે સન્માનપૂર્વક વર્તવાની રીત પકડી રાખી છે એ પણ ટકાવી રાખેલા સારાં તત્વોમાંનુ એક ગણાવી શકાય.

નાસ્તો તૈયાર કરવાની, સાથે મળીને અમુક સભ્યતાથી બાવાબેસવાની વગેરે પ્રથા ચાલુ કરી એ પણ આપણા ભોજન સંબંધે કઢંગી રીતવાળા દેશને માટે એક મહાન ઉપકારક વસ્તુ જ છે.

હાથ, નખ મોઢું, આંખ વગેરે તપાસવાનુ ને આ રીતે સ્વચ્છતા અને વ્યવસ્થાને જીવનમાં આણવાના પ્રયત્નો પણ કાંઇ ઓછા મહત્ત્વના નથી.

ટૂંકમાં, જેટલી હદ સુધી સિદ્ધિ મળી છે તેની નોંધ ન લઇએ અને આપણાં બાલમંદિરો કશું જ કરતાં નથી એમ કહીએ તે બરાબર નથી.

બાલમંદિરો સંબંધે નિંદાવ્યંજક રીતે બોલવામાં આવે છે ત્યારે સંઘની સાથે જોડાએલાં ને ન જોડાએલાં બધાં બાલમંદિરોને એક જ વર્ગમાં મૂકીને બોલવામાં આવે છે.

બાલમંદિરો વેપારી પદ્ધતિનાં થયાં છે એ ટીકા પણ એ જ જાતની છે. જેમનું ધ્યાન બાળકોની ફી ઉપર હોય છે તેમને મોટે ભાગે વાલીઓને સંતોષવાનો પ્રયત્ન કરવો જ પડે છે. એટલે તેઓ સિદ્ધાન્તને વળગી રહી શકતા નથી. અને એવાં બાળમંદિરો સંઘની સાથે જોડાતાં જ નથી. આજે સંઘ સાથે જોડાયેલાં બાલમંદિરો ગુજરાત–કાઠિયાવાડમાં ચાળીશેક હશે, તો ન જોડાએલાં સોથી વધારે હશે. આનું કારણ શું? કારણ સ્પષ્ટ જ છે. સંઘ તરફથી કોઇ નિરીક્ષણ કરવા આવે ને નિરીક્ષક સૂચના આપે તે અમલમાં મૂકવાની સંચાલકોની ઇચ્છા જ ન હોય.

સંઘની સાથે જોડાયેલ બાલમંદિરોનું હુ પોતે એક વાર તો નિરીક્ષણ કરી આવી છું. કેટલાંએક તો બબ્બે વાર જોયાં છે. છેલ્લાં બે વર્ષમાં નવાં જોડાયેલાં જોવાયાં નથી. આ વર્ષથી હવે નિરીક્ષકમંડળ નીમી બધાં બાલમંદિરોનું નિરીક્ષણ બરાબર થાય એવો પ્રબંધ નૂ.બા.શિ. સંઘે કર્યો છે. આ બધો પ્રયત્ન બાળકોનાં હિતની દૃષ્ટિએ કરવામાં આવે છે. તો જનતાએ જાગ્રત રહી જે બાલમંદિરોમાં આપણે આપણાં બાળકોને મોકલીએ છીએ તે સંઘપ્રમાણિત છે કે નહિ તે જોવાની જરૂર છે.

પણ એમ બનતું નથી. ઊલટું, સંઘની સાથે ન જોડાએલાં બાલમંદિરો જ સામાન્ય જનતાને વધારે સારાં લાગે છે. કારણ કે તેમને જોઇએ તે તત્વો એ બાલમંદિરોમાં તેઓ દાખલ કરાવી શકે છે. આજે જનતાની વૃત્તિ એ જાતની છે કે અમે પાંચ કે દસ રૂપિયા ફી ભરીએ છીએ માટે અમને તેનો યોગ્ય બદલો મળવો જોઇએ. તેઓ બદલો શો માગે છે? નહિ કે બાળકનો વિકાસ પણ તેમની દૃષ્ટિએ ભણતર. આ ભણતરમાં (૧) બાળકને અંગ્રેજી આવડવું જોઇએ. 'બા બા બ્લેકશીપ' તો આવડે જ. (૨) આંક ને લેખન-વાચન જલદી શિખવી દેવામાં આવવા જોઇએ અને (૩) બાળકનું એકાદ વર્ષ તો બચવું જોઇએ. ત્રણ વર્ષમાં ચાર ધોરણ કરાવી આપે એ જ બાલ મંદિર સારું એ જાતની લોકોની અપેક્ષા હોય છે. એ ઉપરાંત, ઘણી વાર બાલમંદિરવાળા પોતા તરફથી પણ ચારિત્ર્યઘડતર ને એવી એવી વાતો કબૂલે છે. આ રીતે લોકોને સંતોષવાવાળાં બાલમંદિરો લોકરુચિના ભોગ થઇ પડ્યાં છે. ખરું જોતાં, બાલમંદિરોનુ કાર્ય તો બાળ-શિક્ષણ અને બાળઉછેરની બાબતમાં લોકોને પણ શિખવવાનું છે. જનતા અથવા માબાપોની જે ભૂલભરી માન્યતાઓ છે તેમાંથી તેમના વિચારો ફેરવવા જ જોઇએ, તો જ બાળકોનું પણ સાચું હિત સાધી શકાય. બાલમંદિરોમાં એક વાત ચાલતી હોય ને ઘેર માબાપો ટ્યૂશન રખાવીને બાળકોને ભણાવી લેતાં હોય તો તે બાબતમાં બાલમંદિરનાં આચાર્યે 'ના' પાડવી જોઇએ. ભલે તેમ કરવાથી બાળકોની સંખ્યા ઘટી જાય. ટૂંકમાં, બાલમંદિરો આગળ જે કાર્ય છે તેનો ખ્યાલ રાખી, તે ભૂમિકામાં જ શિક્ષકે અને આચાર્યે સ્થિર થવું જોઇએ.

નૂ. બા. શિ. સંઘ આગળ એક બીજો પણ વિચાર વર્ષોથી પડ્યો છે. આપણો દેશ આટલો મોટો છે ને મોટે ભાગે તે ગરીબ છે ને ગામડામાં છે. એટલે જે ફી આપી શકે તેવાં જ બાળકો માટે બાલમંદિરો ચલાવાય તો બાળકોનો મોટો ભાગ તો કેળવણીથી વંચિત રહી જાય; એટલે આવાં લાખો બાળકો માટે કાંઇક તો કરવું જોઇએ. એ વિચારથી બાલક્રીડાંગણો એટલે બાળકોને રમવાનાં સ્થાનો કરવાની યોજના ઘડાઇ.

આખો અભ્યાસક્રમ કરી શકે એટલી બુદ્ધિ નથી અથવા ભણતરની તૈયારી નથી અથવા સંજોગો નથી

દેખી શકે, જેમ ધરતીના પેટાળમાં પાણી છે કે નહિ તે જાણકારના કાન પારખી લે, તેમ જો એક વખત સમજાયું કે દરેક માણસ આધ્યાત્મિક જીવ છે તો પછી તે ગમે તેટલા ગંદા, બેહૂદા અને વિકારી હશે તો પણ તેમનામાં સારાં તત્વો હશે તે દેખાયા વિના નહિ રહે. માણસમાં ખૂણેખાંચરે પડેલી શક્તિઓને જાણવા માટે આવા સિદ્ધાંજનની જરૂર છે.

ઘણી વખત એવું બને છે કે સાંભળતાં જે સાચું લાગે તે વ્યવહારમાં આપણે ચૂકતા નથી એનું કારણ શું? કારણ એ કે આપણે સતત જાગ્રત નથી હોતા. દરેક વ્યક્તિએ જાગ્રત રહી જોયા કરવું જોઇએ કે પોતે શું કરે છે અને શું કરવું જોઇએ? આપણે બાળક શું કરે છે અને બાળકે શું કરવું જોઇએ તે બાબતનુ અવલોકન કર્યા કરીએ છીએ. પણ આપણું મન શું કરે છે અને આપણો આચાર કેવો છે તેનો આપણે સતત વિચાર કરીએ છીએ ખરા? આ વિચાર બહુ જ થોડા કરે છે. સતત જાગ્રતિભર્યું જીવન જીવવાનુ શિક્ષણ તે જ સાચું શિક્ષણ છે. આ જાગ્રતિ એક મોટો આધ્યાત્મિક સદ્‌ગુણ છે એમ બુદ્ધ ધર્મના સિદ્ધાંતોમાં લખેલ છે.

આધ્યાત્મિક એટલે શું? તે સમજવા માટે પણ અમુક ભૂમિકાની જરૂર છે. વનસ્પતિશાસ્ત્ર, ઇતિહાસ, અર્થશાસ્ત્ર વગેરે વિષે જ્ઞાન પુસ્તકો દ્વારા મેળવાય પણ આધ્યાત્મિક તત્વ સાચા સ્વરૂપમાં સમજવા માટે લૌકિક શાસ્ત્ર જાણવું જોઇએ. આ [illegible]ી વાત નથી. સૌ પોતપોતાની આવડત અને ગજ [illegible]મ કરી શકે છે. આને મોટી વસ્તુ ગણી કાઢી ના [illegible]નહિ. એકે-એક માણસ આ તત્વ સમજવાની [illegible]ધરાવે છે.

બાળકોને કેળવણી આપતાં આપણા જીવનની સિદ્ધિ ન લાગે તો ભણાવ્યુ શા કામનુ? જેમા જીવતરનો આનંદ ગણાતો નથી એ કેળવણી રસપ્રદ કયાંથી બને? પણ જો આપણને કેળવણીના કાર્યમાં જીવનસિદ્ધિ લાગે, તેમાંથી આનંદ મળી રહે તો બીજી કશી અગવડો મૂંઝવશે નહિ. તેવો શિક્ષક મસ્ત થઇને કામમાં મચ્યો રહેશે. આ રીતે શીખવનાર શિક્ષકને મન તેના કામ સિવાય બીજો કોઇ તેનો પ્રભુ નહિ હોય. તેના જીવનનું સાર્થક તેના કાર્યમાં જ હશે. માટે જ મને ઇશ્વરની શોધના પ્રયાસ અને ગામ-ગાંનાં કામમાં ફેરફાર દેખાતો નથી, અને તેથી જ મને બીજી બાહ્ય વસ્તુઓ પરિતાપ પમાડતી નથી. શ્રી. ગિજુભાઇ અને શ્રી. તારાબેનની પણ એવી જ સ્થિતિ મેં જોઇ છે, પણ આનો અર્થ એ નથી કે તે વ્યકિત પોતાના વ્યવહારનાં કામોમાં દુર્લક્ષ અથવા બેદરકારી કરે તો પણ ચાલે. સાચી જાગ્રતિના જીવનવ્યવહારમાં પાછી પાની કે બેદરકાર રહેવાનું હું નથી કહેતો. એ બધા વ્યવસાયો પણ કરવા-ના જ છે. એ વૃક્ષની એક ડાળના જુદા જુદા ફણગા છે.

નાનાભાઇ ભટ્ટ

[દક્ષિણામૂર્તિ બાલમંદિર ભાવનગરમાં મળેલ નૂ. બા. શિ. સંઘના ગ્રીષ્મ વર્ગની અંદર શ્રી નાનાભાઇ ભટ્ટે આપેલ પ્રવચનમાથી]

નૂતન બાલશિક્ષણસંઘનું કાર્ય

[ગયા અંકથી ચાલુ]

બીજી બધી શાળામાં શિક્ષકનું સ્થાન વિશિષ્ટ પ્રકારનું અને માનભર્યું હોય છે. આ શિક્ષકો છોકરાના મનમાં ધાક બેસે એવી રીતે વર્તતા હોય છે. પણ આપણાં શિક્ષકોએ એ સ્થાન છોડીને બાળકોના મિત્ર થવાનું સ્થાન સ્થાપિત કરી દીધું છે. બેન કે ભાઇ જે હોય તેના ખોળામાં જઇને બેસી શકાય. ચડ્ડીની નાડી બાંધી આપવાનું તેમને કહી શકાય. બાળકોનાં સુખદુઃખની વાત કરવાનુ સ્થાન પણ તેઓ બની શકયા છે.

"આજે અમે નવું પહેરણ પહેર્યું છે." "આજે અમારે ત્યાં લાડવા કરવાના છે." અથવા "આજે અમને બાએ માર્યું છે" એમ બાળકો બેનના ખોળામાં બેસીને કહી શકે છે. આ ફેરફાર પણ નાનોસૂનો નથી. પ્રગતિ ધીમે પગલે જ થાય છે. એક નાની એવી વાત પણ સિદ્ધ થતાં સૈકાઓ જાય છે. જે બાલ-મંદિરો વિષે આપણે અસંતોષ બતાવીએ છીએ, જે શિક્ષકો માટે આપણને ઘણા ઊપજે છે તેમણે કંઇ જ કર્યું નથી એમ નથી. તેમણે ગિજુભાઇ સદ્‌ગુરુએ જે નાહું પકડાવ્યું તેને પકડી રાખ્યું એ કાંઇ નાની વાત નથી. શિક્ષણના વિચારઆચારની પ્રગતિમાં એ બાસ નોંધવા જેવી જ વાત ગણાય.

તેમ જ વાર્તા, સંગીત, ચિત્રકામ, નાટક, નૃત્ય હસ્તવ્યવસાય, પ્રવાસ વગેરેએ જે ચોકકસ સ્થાન બાલ-શિક્ષણમાં મેળવી લીધું છે તેની પણ નોંધ લેવી ઘટે છે.

બાળકોની સાથે અમુક લાગણીપૂર્વક કે સન્માનપૂર્વક વર્તવાની રીત પકડી રાખી છે એ પણ ટકાવી રાખેલા સારાં તત્વોમાંનુ એક ગણાવી શકાય.

નાસ્તો પીરસવાની, સાથે મળીને અમુક સભ્યતાથી ખાવાએસવાની વગેરે પ્રથા ચાલુ કરી એ પણ આપણા ભોજન સબધે કઢંગી રીતવાળા દેશને માટે એક મહાન ઉપકારક વસ્તુ જ છે.

હાથ, નખ મોઢું, આંખ વગેરે તપાસવાનુ ને આ રીતે સ્વચ્છતા અને વ્યવસ્થાને જીવનમાં આણવાના પ્રયત્નો પણ કાંઇ ઓછા મહત્ત્વના નથી.

ટૂંકમાં, જેટલી હદ સુધી સિદ્ધિ મળી છે તેની નોંધ ન લઇએ અને આપણાં બાલમંદિરો કશું જ કરતાં નથી એમ કહીએ તે બરાબર નથી.

બાલમદિરો સંબધે નિંદાવ્યંજક રીતે બોલવામાં આવે છે ત્યારે સંઘની સાથે જોડાએલાં ને ન જોડાએલાં બધાં બાલમદિરોને એક જ વર્ગમાં મૂકીને બોલવામાં આવે છે.

બાલમદિરો વેપારી પદ્ધતિનાં થયાં છે એ ટીકા પણ એ જ જાતની છે. જેમનુ ધ્યાન બાળકોની પર ઉપર હોય છે તેમને મોટે ભાગે વાલીઓને સંતોષવાનો પ્રયત્ન કરવો જ પડે છે. એટલે તેઓ સિદ્ધાન્તને વળગી રહી શકતા નથી. અને એવાં બાળમદિરો સઘની સાથે જોડાતાં જ નથી. આજે સંઘ સાથે જોડાયેલાં બાલમદિરો ગુજરાત–કાઠિયાવાડમાં ચાળીશેક હશે, તો ન જોડાએલાં સૌથી વધારે હશે. આનું કારણ શું? કારણ સ્પષ્ટ જ છે. સઘ તરફથી કોઇ નિરીક્ષણ કરવા આવે ને નિરીક્ષક સૂચના આપે તે અમલમાં મૂકવાની સચાલકોની ઇચ્છા જ ન હોય.

સંઘની સાથે જોડાયેલ બાલમંદિરોનું હુ પોતે એક વાર તો નિરીક્ષણ કરી આવી છું. કેટલાંએક તો બબ્બે વાર જોયાં છે. છેલ્લાં બે વર્ષમાં નવાં જોડાયેલાં જોવાયાં નથી. આ વર્ષથી હવે નિરીક્ષકમંડળ નીમી બધાં બાલમંદિરોનું નિરીક્ષણ બરાબર થાય એવો પ્રબધ નૂ.બા.શિ. સઘે કર્યો છે. આ બધો પ્રયત્ન બાળકોનાં હિતની દૃષ્ટિએ કરવામાં આવે છે. તો જનતાએ જાગ્રત રહી જે બાલમદિરોમાં આપણે આપણાં બાળકોને મોકલીએ છીએ તે સંઘપ્રમાણિત છે કે નહિ તે જોવાની જરૂર છે.

પણ એમ બનતું નથી. ઊલટું, સંઘની સાથે ન જોડાએલાં બાલમદિરો જ સામાન્ય જનતાને વધારે સારાં લાગે છે. કારણ કે તેમને જોઇએ તે તત્વો એ બાલમદિરોમાં તેઓ દાખલ કરાવી શકે છે. આજે જનતાની વૃત્તિ એ જાતની છે કે અમે પાંચ કે દસ રૂપિયા ફી ભરીએ છીએ માટે અમને તેનો યોગ્ય બદલો મળવો જોઇએ. તેઓ બદલો શો માગે છે? નહિ કે બાળકનો વિકાસ પણ તેમની દૃષ્ટિએ ભણતર. આ ભણતરમાં (૧) બાળકને અંગ્રેજી આવડવું જોઇએ. 'બા બા બ્લેકશીપ' તો આવડે જ. (૨) આંક ને લેખન-વાચન જલદી શિખવી દેવામાં આવવા જોઇએ અને (૩) બાળકનું એકાદ વર્ષ તો બચવું જોઇએ. ત્રણ વર્ષમાં ચાર ધોરણ કરાવી આપે એ જ બાલ મદિર સારુ એ જાતની લોકોની અપેક્ષા હોય છે. એ ઉપરાત, ઘણી વાર બાલમદિરવાળા પોતા તરફથી પણ ચારિત્ર્યઘડતર ને એવી એવી વાતો કબૂલે છે. આ રીતે લોકોને સતોષવાવાળાં બાલમંદિરો લોકરુચિના ભોગ થઇ પડ્યાં છે. ખરું જોતાં, બાલમંદિરોનુ કાર્ય તો બાળ-શિક્ષણ અને બાળઉછેરની બાબતમાં લોકોને પણ શિખવવાનુ છે. જનતા અથવા માબાપોની જે ભૂલભરી માન્યતાઓ છે તેમાંથી તેમના વિચારો ફેરવવા જ જોઇએ, તો જ બાળકોનું પણ સાચું હિત સાધી શકાય. બાલમદિરોમાં એક વાત ચાલતી હોય ને ઘેર માબાપો ટ્યૂશન રખાવીને બાળકોને ભણાવી લેતાં હોય તો તે બાબતમાં બાલમંદિરનાં આચાર્યે 'ના' પાડવી જોઇએ. ભલે તેમ કરવાથી બાળકોની સંખ્યા ઘટી જાય. ટૂંકમાં, બાલમંદિરો આગળ જે કાર્ય છે તેનો ખ્યાલ રાખી, તે ભૂમિકામાં જ શિક્ષકે અને આચાર્યે સ્થિર થવું જોઇએ.

નૂ. બા. શિ. સંઘ આગળ એક બીજો પણ વિચાર વર્ષોથી પડ્યો છે. આપણો દેશ આટલો મોટો છે ને મોટે ભાગે તે ગરીબ છે ને ગામડામાં છે. એટલે જે ફી આપી શકે તેવાં જ બાળકો માટે બાલમંદિરો ચલાવાય તો બાળકોનો મોટો ભાગ તો કેળવણીથી વંચિત રહી જાય; એટલે આવાં લાખો બાળકો માટે કાંઇક તો કરવું જોઇએ. એ વિચારથી બાલક્રીડાંગણો એટલે બાળકોને રમવાનાં સ્થાનો કરવાની યોજના ઘડાઇ.

આખો અભ્યાસક્રમ કરી શકે એટલી બુદ્ધિ નથી અથવા ભણતરની તૈયારી નથી અથવા સંજોગો નથી

એવા ઘણા ભાઈબહેનો પોતે ગ્રહણ કરી શકે તેવી થોડીઅેક વાતો શીખી જાય ને ગરીબોના કે ગામડાંનાં બાલક્રીડાંગણો ચલાવે તો પૂરેપૂરો નહિ તો થોડોઅેક લાભ તો આ બાળકોને મળી શકશે. બિલકુલ નહિ-તેના કરતા આટલો લાભ મળે તોય ઘણુ સારુ થાય અેવી અે મૂળ કલ્પના છે. ગામડાં કે ગરીબનાં બાળકોને પૂર્ણ સમૃદ્ધિ સહિતનાં બાલમંદિરોની જરૂર જ નથી અેમ નથી. અેક રીતે જોઈઅે તો અેમને અેની વધારે જરૂર છે. કારણ, અેને ઘરનાં વાતાવરણમાં બૌદ્ધિક કામો મળતાં નથી, શારીરિક મહેનતનાં રાળે છે. જ્યારે શહેરનાં સુખી ને સુશિક્ષિત કુટુંબોમાં બૌદ્ધિક વાતાવરણ બાળકોને મળે છે. તેમને શારીરિક હિલચાલ કે મહેનત જ ઓછી પડે છે. છતાં આપણે આપણા દેશની આર્થિક સ્થિતિને કારણે-અેમ કહીઅે છીઅે કે ગામડાંમાં કે ગરીબ વિભાગમાં ક્રીડાંગણ હોય તો યે ઘણું સારુ થાય. કારણ, તેમાં સાધનો માટે બહુ પૈસો જોતો નથી. તેમ જ શિક્ષકો પણ ઓછે પગારે મળી જાય અને તેથી વધારે ક્રીડાંગણો ચલાવી શકાય.

આ વિચારથી જ્યારે આપણાં શિક્ષકો કે શિક્ષિકા પણ અમુક જ શક્તિવાળાં છે અેમ જાણીને તેમને દાખલ કરીઅે, તેમને શિક્ષણ અમુક જ કોટિનું આપીઅે. પછી તેઓ ગામડાંમાં જે કામ કરે છે તેમાં આપણે બાલ-ક્રીડાંગણ-તરીકે કેવું ચાલે છે તેટલું જ જોવું જોઈઅે. તેને ઉત્તમ પ્રકારે ચાલતા સાધનસમૃદ્ધ ને શક્તિશાળી શિક્ષકોવાળા બાલમંદિરના કામ સાથે સરખાવીઅે નહિ, કે 'આ તો નથી થતું' અેમ વિચારીને નિરાશ ન થવું.

બિલકુલ કાંઈ જ નથી-સાવ મીંડું હોય-ત્યાં અેકડો પણ થાય તો આટલું થયું અેનાથી સમાધાન મેળવવું જોઈઅે. જેમ કે છોકરાંઅોને સ્વચ્છતાનું ભાન ન હોય, તેમ ન હોય સુઘડતા કે વ્યવસ્થાનું, રમતમાં કાંઈ ઠેકાણું ન હોય ત્યાં ગીતો, વાતો, પ્રવાસ, હસ્તવ્યવસાય, સ્વચ્છતા-વ્યવસ્થા, વાતચીત વગેરે પણ ચાલુ થયું હોય તો ઘણું થયું છે અેમ માનીને સંતોષ માનવો જ જોઈઅે. અે શિક્ષકને સૂઝે તો સાધનો વગર પણ ઘણું કરી શકે. નવું કાંઈ પણ ન સૂઝે ને અેટલું જ કરે તો પણ મીંડાની જગ્યાઅે અેકડો થયો છે અેમ આપણે સંતોષ માનવો જ જોઈઅે. સારાંશ, આગળ વધવાની દૃષ્ટિઅે અમુક હદ સુધી અસંતોષ રહ્યા કરે, અે ઠીક છે: અે પ્રગતિશીલતાની નિશાની છે: પણ આપણો અસંતોષ જ વધી જાય ને આપણે કશું જ કરતાં નથી, આપણાં બાલમંદિરો સાવ બંધ કરવા જેવાં જ છે કે આપણા રિપોર્ટો સાવ કાઢી, નાખવા જેવા જ છે અેવા તદ્દન નિરાશાના વિચારો જ સેવીશું ને હમેશ ટીકાત્મક ભાષા જ રાખીશું તો અે બરાબર નથી. ૨૫ વર્ષનો જે અેક સંગઠિત અને જુસ્સાદાર પ્રયત્ન થયો ને ૨૫ વર્ષના જેટલા થોડા વખતના ગાળાના પ્રમાણમાં જેને ઘણી મોટી સિદ્ધિ મળી છે તેને આપણે આખ આગળ રાખવી જોઈઅે ને કદાચ આગળ ન વધી શકીઅે તો છે તેટલી પણ ટકાવી રાખવાનો પ્રયત્ન કરવો જોઈઅે. ખાસ કરીને ખૂણા-ખાંચરામાં પડેલા શિક્ષકો કે જેમણે ઘણી મહેનતથી પોતે જે સમજ્યા તે ટકાવી રાખ્યું છે તેમને ઉત્સાહ આપવાની જરૂર છે. તેમણે કાંઈ જ કર્યું નથી અેમ કહેવું અથવા તેમણે ચલાવેલા બાલમંદિરોને હસી કાઢવાથી તેઓ શ્રદ્ધા ખોઈ બેસશે. સ્વ. ગિજુભાઈઅે તેમને મહાશ્રદ્ધા આપી છે. તેને આધારે બીચારાં સ્વસ્થાને તે ટકયા છે. ઘણા તો ટકી શકયા જ નથી. અેવે વખતે જેમણે શ્રદ્ધા ટકાવી રાખી છે તેમની પીઠ થાબડવી જ જોઈઅે.

સાથે સાથે શહેરોમાં જે અેક ઊંધો શિરસ્તો પડતો જાય છે તેની સામે ઝુંબેશ ઉઠાવવાની જરૂર છે. ખાસ કરી ફી આપે છે માટે માબાપો માગે તે બાલમંદિરો આપે ને માબાપોને સંતોષવા ખાતર પદ્ધતિને ઊંચે મૂકી દેવી, સાધનોને કોરે મૂકવાં ને સિદ્ધાન્તોનુ ખૂન કરવું ને છતાં, અમે નૂતન બાલશાળા ચલાવીઅે છીઅે અેમ કહેવું અે પ્રથાની સામે તો મોટા અવાજે વિરોધ કરવાનો વખત આવ્યો છે. આમાં તો ચોખ્ખું અપ્રામાણિકપણું જ છે. જે સિદ્ધાંતોની ખાતર જૂનામાંથી નવી શાળાઅો શરૂ કરી તેમાં વિશ્વાસ ન હોય તો તેમ જાહેર રીતે તે લોકોઅે કહેવું જોઈઅે. બોલવાની ભાષા અેક ને કરવાની કૃતિ જુદી અે કેમ સહી શકાય. અહીં વ્યકિતને બચાવવી કે ઉઘાડી પાડવી અેનો પ્રશ્ન નથી પ્રશ્ન રાષ્ટ્રઘડતરનો છે, ભાવી પેઢીનો છે, કુમળાં ઊગતાં બાળકોના વિકાસનો પ્રશ્ન છે. ત્યાં સ્પષ્ટોકિત કડુ હોય તો પણ આવશ્યક જ છે.

તારાબેન મોડક

બોરડીનાં મીઠાં બોર

હું, હામેલભાઇ તથા સરલાબેન બોરડીના સ્ટેશને ઊતર્યા. ધૂળ અને ખાડાવાળા રસ્તાના નાકે ઊભેલા મોટર–ખટારામાં બેઠાં. માછીમારો, કુંભારો, દુબળા વગેરે બેસારુ હતા. મોટર ચાલી. "આ કિંગ હોટેલ, આ મુસ્લિમ બોર્ડિંગ, આ ગોખલે હાઇસ્કૂલ, આ ભિસે હૉલ" નામનેભાઇ મને બધી મુખ્ય મુખ્ય માહિતી આપવા લાગ્યા.

મારી શહેરી આંખને આકર્ષે તેવું એમાં કશું ન હતું. આવાં ભિખારી મકાનો ને રામચંદ્રના જમાનાની આ સડકો સાથે મારે શી નિસબત. હં...હં...કરી હું મૂગો રહેતો. મરાઠી અને ગૂજરાતીના મિશ્રણ જેવી ભાષા બોલતો, ફાટયાતૂટયા લૂગડે ઢંકાયેલાં ને આપ્ટાના પાનની બીડીઓ ફૂંકતાં માનવીઓમાં યે કશું હીર ન દેખાયુ. મારા મનને થાક લાગવા માંડયો.

ખટારો બાલવાડીના દરવાજે આવી ઊભો રહ્યો.

"આ બાલવાડી?"

થાકેલા મન ઉપર એક બીજો થાકનો કોથળો લદાયો.

હૉલની અંદર પરીક્ષા ચાલતી હતી. પરીક્ષાના રાહુથી ગ્રસ્ત સેવિકાઓના મુખ પર મારા થાકને હળવો કરવાની દવા ન હતી. વિકૃત કે થાકેલું મન હમેશાં બીજાના દોષ જ જુએ છેઃ દોષ સિવાય બીજું કાંઇ તેને દેખાતું જ બંધ થાય છે.

રામભાઇ સામે આવ્યા, ને અમારો સામાન ઉપાડવામાં મદદ કરવા લાગ્યા. આ વિવેક માટે તેનો આભાર માન્યા વગર મારી નજરે તેમનું ફાટેલ પહેરણ અને સાબૂ વિના ધોયેલું ધોતિયું જ મને દેખાયું. શહેરી દૃષ્ટિએ ચાર દિવસની થઇ ગયેલી દાઢી સાથે ભાઉની તથા સાદાં અનુબેનની ઓળખાણે પણ થાકને વધાર્યો જ. ભોજનશાળાએ પણ મારા આ થાકને ઓછો ન કર્યો.

"નર્મદાબેન કયાં?" મેં રામભાઇને પૂછ્યું.

"એ તો વાડી સાચવવા કાઠિયાવાડ ગયાં છે."

"ને સંતતિ?"

"આ બે દીકરીઓ ને ત્રીજી મોટી ગઇ છે એમની બા સાથે કામમાં મદદ કરવા".

જેના વાળમાં બે દિવસથી તેલ નહિ નખાયું હોય એવા ઊભા ને લૂખા વાળવાળી છોકરી સાથે મારી દીકરીનું મન તુલના કરવા લાગ્યું.

આ સેવકો પોતાની જાતને આ ગરીબીમાં હોમે તે તો ઠીક, પણ આ છોકરાંઓએ શો ગુનો કર્યો છે? આ ફાટલા પહેરણ ને એવા જ ફાટલા ખોરાક ખાઇને ઊછરતાં છોકરાં મોટાં થયે શુ કરશે? નહિ આવડે તેમને રીતભાત, નહિ શીખે કોઇ વિદ્યા, શહેરીઓના ભપકા સામે લઘૂતા–ગ્રંથિથી પીડાઇ, બીચારા ભારરૂપ જિંદગી જીવશે. બન્ને દીકરીઓને કેળાં દેતાં દેતાં ઉપર જેવા અનેક વિચારો મને આવી ગયા. બન્ને છોકરીઓ કેળાં લઇ મારી પાસેથી ચાલી ગઇ.

બે દિવસ સુધી મારા મન ઉપરનો થાક ન ઊતર્યો. ત્રીજે દિવસે રાત્રે રાસ ને ગરબાનો કાર્યક્રમ થયો. કેટલાંય વર્ષે ફરી દક્ષિણામૂર્તિ તાજું થયું. આવી મધુર ચાંદનીમાં આટલાં બધાં ભાઇબેનો સાથે પચીસ અને અડીસાએ મનને થોડુંક હળવુ કર્યું. હલકે કંઠે ગવાયેલાં ભજને પણ મન પર જામેલા થરને થોડો ખેરવ્યો. બીજે દિવસે સવારે જુદા જુદા હસ્તવ્યવસાયો પર કામ કરતાં બાળકોએ તો મનને સાવ હળવું કરી નાખ્યું.

'મારા બાલમંદિરમાં યે આ તૂનાઇધૂનાઇનાં સાધનો તો રાખી શકાય અને આ ઘંટી યે શું બોટી. સૂપડીયે પણ બહુ જગ્યા ન રોકે ચાલ, તૂનાઇ પર હાથ અજમાવું.'

તારાબેને મને પરીક્ષકની ખુરસી પર બેસાડેલો. ત્યાંથી ઊઠી હું તો તૂનાઇ પર બેસી ગયો. સુધાબેન (પેલાં વિખરાએલ વાળવાળાં રામભાઇનાં દીકરી) મારી પાસે આવ્યાં.

"મને જરા આપો તો." તેમણે તૂનાઇનાં સાધન મારી પાસે માગ્યાં. અત્યારે તેમના વાળ ઓળેલા હતા. મોં ને હાથ ધોયાં હતાં ને હોઠ પર હાસ્ય હતું.

તેમને જાણે બતાવવું હતું કે 'પ્રતાપભાઇ, તૂનાઇ આમ ન થાય, જુઓ હું બતાવું.' પણ કોઇની ભૂલ કાઢવી એ નૂતન શિક્ષણપદ્ધતિમાં નથી. તેથી તેમણે એ ડિરેક્ટ મેથડથી કામ લીધું. મેં રૂનો દોથો તૂનવા લીધેલો, તે કેમે કપાસિયા છૂટા ન થાય. તેમણે થોડોક કપાસ લઇ નાના હાથે હળવેથી સળીઓ ચલાવ્યો ને કપાસિયા ઝટ દઇને છૂટા થઇ ગયા. મારી પાસે ખુલ્લી નોટ–બૂક તથા પેન પડેલાં જોઇ તેમણે ધીમેથી પૂછ્યું:

"આ શું લખો છો?"

"અહીંયાં જે ગીતો ગવાય છે તે હું લખી લઉ."

"શું કરવા?"

"મારા બાલમંદિરમાં ગાવા."

"આ ઉપલા પાનામાં કયું ગીત લખ્યું છે?"

"ઝેર તો પીધાં...પણ અધૂરું છે. પૂરું નથી લખી શકયો."

"તે લ્યોને હુ લખાવું, મને આવડે છે." તેમણે ધીમેથી બીજાને અડચણ ન થાય તેમ છેલ્લી બે લીટીઓ લખાવી.

ગીત પૂરું થયા પછી મેં પૂછયું: "બીજાં ગીતો તમને આવડતાં હોય તો થોડાં લખાવો?"

"મને તો ઘણાં આવડે છે, પણ હમણાં નહિ, અત્યારે મારે વાર્તા સાંભળવી છે, હું બપોરે તમને લખાવીશ."

બપોર થઇ ગયા. હું સૂઇને ઊઠયો ને કૂવે મોં ધોવા ગયો. ત્યાં સુધાબેન નાની બાલ્ટી ને નાનો ધોકો લઇ તેમનાં નાનાં પહેરણ ધોતાં હતાં.

"કેમ પછી ગીત લખાવવા ન આવ્યાં?" મેં પૂછયું

"બલવાડીમાંથી તો જમવા ગઇ, ને પછી આ ભારતી અને પ્રકાશબાબુ કહે કે મારી સાથે રમો, એટલે હું રમવા ગઇ. ભારતીબેન થયા'તાં માસી, ને પ્રકાશબાબુ બન્યા'તાં મહેમાન ને મને બનાવ્યા'તા મોટાભાઇ. થોડી વાર રમ્યાં એટલે પ્રકાશબાબુ ને ભારતી મેલાં થઇ ગયાં-પછી તેમને નવરાવ્યાં ને હવે આ એમનાં લૂગડાં ધોઉં છું. હવે બસ છેલ્લું ખમીસ છે. ધોઇને તમને લખાવીશ."

"તમે ધોઇ લ્યો ત્યારે મને બોલાવજ્યો" કહી હું મારા કામે ગયો.

દશેક મિનિટમાં હાથ લૂછતાંલૂછતાં સુધાબેન આવ્યાં. "ચાલો પ્રતાપભાઇ, તમને ગીત લખાવું." તેમના મોં સામે જોઇ હું વિચારમાં પડી ગયો. કોઇ જવાબદાર મોટા માણસની જેમ જાણે ફરજ અદા કરવા કે વચન પાળવા તે આવ્યાં હતાં. મૂગા મોઢે મેં પેન ને પેડ હાથમાં લીધાં ને એટલે જઇ બેઠાં.

બેટલા ઉપર ધૂળ હતી. ફૂંક મારીને ધૂળ ઉડાડી, ને બેસવા જતો હતો ત્યાં સુધાબેનના હાથમાં તેમનું સુકાયેલું પહેરણ હતું. તે પાથરી તેઓ બોલ્યાં: "લ્યો આ મારા પહેરણ પર બેસો."

"પણ તમારું પહેરણ મેલું થશે ને?"

"તે તેમાં શું? હુ ધોઇ નાખીશ."

"ના, આ ધૂળને આપણે ઉડાડી નાખીશુ, પછી કાંઇ કપડાં મેલાં નહિ થાય."

"સારું, કહી તેઓ બેસી ગયાં.

તેમણે ગીત લખાવવાં શરૂ કર્યાં:

(૧) "તારે મેહુલિયા કરવાં તોફાન"

(૨) 'લાવો તમારી ચકીની હું નાડી બાંધી દઉ"

(૩) "બડી લબી રે મારા દાદાની મૂછ"

(૪) "મોટર અમારે બોલે પમ પમ પમ"

(૫) "બાબુ બચુ બે હીંચકે બેઠાં"

(૬) "તુમ જાગો મોહન પ્યારે"

(૭) "પાટા ઉપર ગાડી"

ગીતો તો મેં લખ્યાં. પણ તેની સાથે બીજો ફાયદો બે હતો કે બે બેક બાંળકને ગમેલાં, ને તેણે સ્વપ્રયત્ને મોઢે કરેલાં ગીત હતાં, બેટલે બાવાં ગીતો બાળકને ગમે છે બેવી છાપવાળાં હતાં. તેથી મને માર્ગદર્શક હતાં-ને તેથી મારા જેવાને ઘણાં કીમતી હતાં. કોઇ મોટા માણસ પાસે લખાવ્યાં હોત તો બાટલી ધીરજથી ને તેમાં બાવાં ચળાયેલ મોતી જેવાં ગીત મને ન મળત-ને સાથોસાથ સુધાબેનનો વ્યકિત-વિકાસ દેખી શકાયો-તે પણ ન દેખાત. સુધાબેનમાં દેશનો વિવેકી ને જવાબદાર શહેરી સ્વયંવિકાસ પામતો હતો તે હું જોઇ શકયો, અને બો ડીમાં ધૂળ સિવાયની બીજી ચીજો છે તેનું મને ભાન થયું. કલકત્તાની કલમી બોરડીના ફળ પાસે તારાબેનની બા ગામઠી બોરડીનાં ફળો કાંઇ બોછાં મીઠાં નથી બે ભાન મને થયું ને મારું મન હળવું ફૂલ થઇ ગયું.

પ્રતાપરાય યાજ્ઞિક

પુરુષાર્થી હો તો-

તમે ખરેખરા પુરુષાર્થી હો તો જીવનની એક પણ ક્ષણ નકામી જવા ન દેતા. જે વસ્તુ તમે કરવા ઇચ્છો છો તે તરત જ શરૂ કરો. જેને માટે તમે સુંદર સ્વપ્નો સેવતા હો તેનો તત્કાળ આરંભ કરો. उद्यमेन हि सिध्यन्ति कार्याणि न मनोरथै ।

બુનિયાદી તાલીમશાળાની રોજનિશિ

[ગયા અંકથી ચાલુ]

૧, માર્ચ ૧૯૪૭

આજ પૂરો મહિનો થયો. શાળા મારા હાથમાં આવી છે. સિંહાવલોકન થવું જ જોઈએ.

આટલા દિવસમાં અભ્યાસ કેટલો થયો? શૂન્ય. લેખન? શૂન્ય. વાચન? શૂન્ય. ગણિત? શૂન્ય. બધું શૂન્ય છે. થયું. પણ થોભો; એકદમ શેરો પસાર ન કરતા. આ મહિનામાં રૂ પીંજીને તેનું પૂણી બનાવવાનું કારખાનું જ જાણે શાળામાં ચાલુ હતું. સવારમાં આંખો ચોળતા ચોળતા જ છોકરાઓ આવે. 'અનુતાઈ, ચાવી આપો'. કપાસ તોળીને લેવો, કપાસિયા કાઢવા, રૂ પીંજીને પૂણી બનાવવી અને તકલી ઉપર સૂતર કાંતવું. સવારથી સાંજ સુધી એક જ ધૂન!

નહાવા માટે, ચા પીવા માટે, જમવા માટે, પરાણે ઘેર મોકલીએ ત્યારે જાય. બાકી આખો વખત શાળામાં અથવા અનુતાઈની ઓરડીમાં જ ધામા! આ મહિનામાં અર્ધો શેર સૂતર તકલી ઉપર કાંતીને તૈયાર કર્યું. જેમના માંડ માંડ દસ તાર નીકળતા તેઓ એક દસ, બે દસ, ત્રણ દસ એ રીતે પોતાના કેટલા તાર થયા એ ગણતા હતા. રૂ એટલું સુંદર પીંજે છે કે જોઈ જ રહીએ.

મને તો લાગે છે કે મારાં બાળકોએ ઘણું કામ કર્યું છે. પરીક્ષક–નિરીક્ષકોને ફાવે તે 'શેરો' કરે!

૮, માર્ચ ૧૯૪૭

બેત્રણ દિવસ હું બહારગામ ગઈ હતી. પાછા આવતાં જ 'શિક્ષક અમને મારે છે, ચિડાય છે,' વગેરે તકરાર છોકરાઓ કરવા લાગ્યાં. બીજી બાજુ છોકરાઓ બહુ તોફાન–મસ્તી કરે છે એવી ફરિયાદ શિક્ષકોએ કરી. તેમાંયે રાયચંદ વિરુદ્ધ ઘણી ફરિયાદો હતી. રાયચંદ એ સાતઆઠ વરસનો છોકરો છે. તેની બુદ્ધિ ભણવામાં ચાલતી જ નથી એમ અમારા શિક્ષકે નક્કી કરેલું છે. આખો દિવસ તોફાનમસ્તી કરે છે, લોકોની પજવણી કરે છે, એકદમ વંઠેલો છે: એવો એમનો મત હતો. પણ શી ગમ્મત! સૌથી સારું સૂતર તે જ કાંતે છે. પૂણી બનાવવામાં અને સૂતર કાંતવામાં કલાકોના કલાક એકાગ્રપણે એ મંડયો રહે છે. તે વખતે એનું મન બીજે કયાંય જતું નથી. અને ચિત્રો પણ કેટલાં સુંદર કાઢે છે! મોટર, વિમાન. હોકી, આગગાડી બધામાં માણસ બેસાડે અને આગગાડીના એંન્જિનમાંથી ધુમાડો પણ નીકળે! એક દિવસ એણે એક બાલવાડીનું ચિત્ર દોર્યું. બાળકોને હારબંધ બેસાડયાં હતાં. એક બાળકને તબલચી બનાવ્યું હતું અને એના બન્ને હાથ નીચે તબલાં મૂકી દીધાં હતાં. ખજૂરીનું ઝાડ તો વાત વાતમાં કાઢે છે. એ બધું ઠીક; પણ અક્ષર વગેરે શિખવાનું નામ લીધું કે તરત મસ્તીતોફાનની શરૂઆત થઈ જાય બારણાં બધ કરવાં અને બહારથી કડી મારી દેવી એ એના પ્રતિકારનું મોટામાં મોટું સાધન! બહુ થાય તો ઘેર નાસી જાય અને પંદર મિનિટમાં પાછો આવે. કારણ, એને મારા સિવાય ચેન પડે નહિ. એનો અર્થ એ નહિ કે એ મારું મૂગો મૂગો સાંભળે છે. હું કહું: 'હવે તું ઘેર જા.' તો કહે 'નહિ જાઉં.' બારણું બધ ન કરતો. તો કહે 'કરીશ.' એમ હમેશાં સામા જવાબ આપે; પણ મારી આસપાસ રહે છે તેથી તેને માટે મને સંપૂર્ણ આશા છે.

રાયચંદ સાંભરે એટલે તેની સાથોસાથ જ દયારામ નજર સામે આવીને ઊભો રહે. રાયચંદ જેટલી જ વયનો પણ બુદ્ધિમાં હોશિયાર. બીજા ધોરણમાં છે. એવી નાનીમોટી પજવણી કરે, કે બસ! મોટેથી બૂમ મારે, વર્ગમાં એકસરખી અહીંથી તહીં દોડાદોડ કરીને તોફાન કરે, અને છે પણ પહેલવાન. બીજા છોકરાને એકાદ થપ્પડ જોરથી લગાવી દે તો પછી ખલાસ! મોટો પલોંઠો વાળીને બેસે. એક દિવસ દયારામના તોફાનનું મૂળ મારી નજરમાં આવ્યું. અમે દરેક બાળકને એક ફાઇલ આપેલી છે. વિદ્યાર્થી જે કાંઇ ગણિત કરે, ચિત્ર કાઢે, લખે તે બધું કાગળ ઉપર તારીખવાર સાથે તે ફાઇલમાં વિદ્યાર્થી પોતે જ દાખલ કરે. એક દિવસ મેં દયારામની નોંધપોથી જોઈ. તેમાં દરેક પાને દાખલા ગણી રાખેલા હતા. પછી મેં તેને પાસે બેસાડીને ગણિતના આગળના દાખલા સમજાવ્યા. જરા અઘરા દાખલા તેને માટે તૈયાર કર્યા. બસ, પછી તો ભાઈસાહેબ એમાં મગ્ન થઈ ગયા. એટલો વખત તોફાનમસ્તી બધું બંધ. બુદ્ધિને પૂરતો ખોરાક ન મળે એ જ દયારામના તોફાનનું કારણ. એને પૂરો ખોરાક આપવાનું ચાલુ છે.

અને આજ નિજામે પણ મજા કરી. નિજામ એ ૬–૭ વર્ષનો છોકરો છે. એકદમ ઓછાબોલો. શરૂ-આતથી જ બાલમંદિરમાં આવતો પણ તકલી સિવાય બીજું કાંઇ લેતો નહિ. સામે જ સંગીત, રાસ, ગરબા વગેરે ચાલતું હોય તો પણ એનું લક્ષ એની સામે મુદ્દલ જાય નહિ. બીજું કોઇ પણ સાધન, ગમે તેટલું આકર્ષક હોય તો પણ, એનું લક્ષ તે બાજુ જતું નહિ. માત્ર કપાસ ઉપર તૂટી પડતો. શાંત ચિત્તે કપાસ પીલવો, પૂણી બનાવવી, સૂતર કાંતવું એ ક્રિયા તે કર્યા કરતો. તેને લીધે મોટા માણસની પેઠે એકસરખું અને ઝપાટાબંધ સૂતર એ હમણાં કાઢવા લાગ્યો છે.

સાંજસવારે આવીને તે મને કહેવા લાગ્યો: 'તમારી જેવો પેટી–રેંટિયો મારે લેવો છે. અહીં મળે છે?'

મેં કહેલું: "હા."

'કેટલા રૂપિયામાં?'

'દસ રૂપિયામાં.'

મનમાં ને મનમાં કઈંક બડબડતો નિજામ બહાર ચાલ્યો ગયો. પણ થોડી વારમાં પાછો આવ્યો: "બરાબર તમારી જેવો જ ચરખો મને જોઇએ."

"બરાબર મારી જેવો જ મળશે."

"કેટલામાં?

"દસ રૂપિયામાં."

ફરી નિજામ બહાર ગયો. આ પછી સાંજ સુધીમાં બરોબર એક સો વખત મને નિજામે પૂછ્યું કે, 'ચરખો કેટલામાં મળશે?' મેં પણ દરેક વખતે જાણે પહેલી વાર જ જવાબ આપતી હોઉં તેમ કહ્યું: 'દસ રૂપિયામાં.' 'હું લેવાનો છું. મને પૈસા મળવાના છે,' એવી નવી વાત દર વખતે એ પ્રશ્નની સાથે જોડતો હતો. છેવટ સંધ્યાકાળે એની મોટી બહેન આવી તે પણ ચરખા બાબત પૂછપરછ કરવા લાગી. મેં તેને પૂછ્યું: 'શું તમારે સાચોસાચ ચરખો વેચાતો લેવો છે?'

"હા!"

"તો જા પૈસા લઇ આવ."

"હું નહિ, નિજામ જ લાવશે. એ રડીને પૈસા લઇ શકે છે."

બરું છે. પોતાનું ધાર્યું કેમ પાર પાડવું એ કળા સૌને આવડતી હોય છે.

આખરે આ ચરખાની વાત ત્યાં જ અટકી ગઇ. પણ નિજામનો ચરખા–પ્રેમ જોઇને મારું હૈયું ભરાઇ આવ્યું.

હવે શાળાને માટે થોડા વખતમાં જ રેંટિયા લેવાનાં છીએ.

(મરાઠી ઉપરથી) **અનસૂયાબેન વાઘ**

માણસાઈનો લોપ

વિરમગામ સ્ટેશને મુંબઇ તરફથી કાઠિયાવાડ એકસ-પ્રેસ રાતના અગીઆરેક વાગે આવી. મે માસની લાંબી રજાઓ ગાળવા જતા અને લગ્નમાં મહાલવા જતા મુસાફરોથી આખું સ્ટેશન કીડીઆરાની પેઠે ઊભરાયું. મહેસાણાથી આવતી ગાડી હજી આવી ન હતી. વધારે પડતી ગિરદીને લીધે એંજીન ધીમી ગતિએ ચાલ્યું આવે છે અને ગાડી બે કલાક મોડી થશે એવા સમા-ચાર મળ્યા. મહેસાણાથી આવતી નાની ગાડીમાં ભયંકર ગિરદી છે અને વઢવાણથી ટિકિટો બંધ કરવામાં આવી છે, એવા બબર પણ મળ્યા. આવનારી ગાડીમાંથી મધરાતને વખતે વિરમગામ ઊતરનારા બહુ થોડા હતા. મોટે ભાગે કાઠિયાવાડ જનાર મુસાફરો જ એમાં ભર્યા હતા. એટલી ભરચક ગાડીમાં મુંબઇ તરફથી આવેલા આ હજાર જેટલા પ્રવાસીઓ કઇ રીતે સમાશે એનો વિચાર રેલવેઅધિકારીઓ કરી રહ્યા હતા અને એંજીન ખેંચી શકે તેટલા નવા ડબા જોડવાની તૈયારી પણ હતી. કેટલાક મુસાફરો સાથે માત્ર થેલી જ હતી; પરંતુ મોટા ભાગના મુસાફરો સાથે બાલબચ્ચાં અને પુષ્કળ સરસામાન હતો. અસહ્ય ગરમી, એટલી જ ત્રાસ-જનક ભીડ, એવા સમયમાં કોઇને એ વિચાર આવતો ન હતો કે નાનાં બાળકોનું શું થશે? સૌના મનમાં એક જ વિચાર હતો, કે ગાડી આવે કે તરત જ અંદર ઘૂસી જવું. મજૂરોની સાથે પણ એ શરતે જ મજૂરીના દામ ઠરાવ્યા હતા.

બીચારાં બાળકો રડી રડીને, માના ધબ્બા ખાઇ ખાઇને માંડ ઝંપ્યાં હતાં. તેટલામાં ગાડી આવી પહોંચી. એકદમ સૌ તૈયાર થઇ ગયાં. દુશ્મનસૈન્ય ઉપર ધસારો થાય તેમ આવતી ગાડી ઉપર ધસારો થયો. ઊતરનારા અને ચઢનારા વચ્ચે દ્વંદ્વયુદ્ધ શરૂ થયું. ઊતરનાર ભાઇબહેનોની કાંખમાં નાનાં બચ્ચાં

રડતાં હતાં, મોટાં બાળકો ગભરાતાં હતાં, ચઢનારનાં છોકરાં કચડાતાં હતાં. અંદર બેઠેલા ભીડના ત્રાસમાંથી છુટકારાનો દમ ખેંચીને, જરા સ્વસ્થ થઇને, પગ લંબાવીને બેઠા હતા. તેમની ઉપર બારીઓમાંથી બન્ને બાજુથી સામાનનો મારો શરૂ થયો. પ્લેટફોર્મ ઉપર જમણી બાજુ જેટલાં માણસો હતાં તેટલાં જ ડાબી બાજુ પણ ઊભાં હતાં. પાછળથી ચઢનારા અને આગળથી ચઢનારાની વચ્ચે ઊતરનારા બીસાઇ રહ્યા હતા. તેમને સામાન કઢિવો અને બાળબચ્ચાં સભાળીને ઊતરવું લગભગ અશકય બન્યું હતું. એકેએક ડબ્બાની આ સ્થિતિ હતી. ભારે શોરબકોરમાં બાળકોની કરુણ ચીસો ડૂબી જતી હતી. આ દૃશ્ય સાચે જ કરુણ હતું.

પ્રવાસીઓમાં શિક્ષકો હતા, વ્યાપારીઓ હતા, પ્રતિષ્ઠિત ધંધાદારીઓ હતા, સુશિક્ષિત સદ્‌ગૃહસ્થો હતા. ઊંચે સાદે બોલવામાં, અન્યને તુંકારો કરવામાં અસભ્યતા છે, એમ માનનારા સજ્જનો અને સન્નારીઓ હતાં; પરંતુ ગાડી આવતાંની સાથે જ માનવતાની દ્યોતક એવી સભ્યતા અને સંસ્કારિતા એકદમ અદૃશ્ય બની. કથીર ઉપરનો સોનાનો ઓપ, તાપ લાગતાં ઓસરી જાય, તેમ ટાપટીપવાળાં કપડાંની જેવી ઉપલકિયા સભ્યતા સ્વાર્થનું ઘર્ષણ થતાં ઓસરી થઇ. સ્વાર્થી હિંસ્ર પશુની માફક એ સૌ પોતાને અને પોતાનાં કુટુમ્બીઓને વાસ્તે, ગાડીમાં જગ્યા મેળવવા પોતાના જ માનવબંધુઓ ઉપર તૂટી પડેલા. પણ હિંસ્ર પશુનો દાખલો અહીં અનુચિત છે. નાનાં બાળકો પ્રત્યે ભયાનક વાઘ પણ શાંત બન્યાનો દાખલા સાંભળ્યા છે. અહીં તો ડબ્બામાં બેઠેલાં બાળકો અને સ્ત્રીઓ ઉપર બારીમાંથી પેટીઓનો ને બિછાનાઓનો મારો કરતાં મજૂરો અચકાતા ત્યારે તેમને પાછળથી ઉત્તેજતા અમાનુષી અવાજ સંભળાવા લાગ્યા :

"જોઇ શું રહ્યો છે, ફેંક અંદર!"

"પણ બચ્ચાંને વાગશે."

"અરે બચ્ચાંવાળા, પછી જગ્યા નહિ મળે. ફેંક અંદર." કહીને સામાન્ય રીતે બીજા વર્ગમાં મુસાફરી કરતા એક વેપારીએ મજૂરને માથે રહેલી મોટી પેટીને ધક્કો માર્યો ત્યારે જોનારા ત્રાસી ઊઠ્યા અને અંદરથી એક યુવાને ઊભા થઇ એક હાથે બેગને પાછી ધકેલી અને બીજો હાથ બાળકના માથા ઉપર ધરી રાખ્યો. બે વર્ષનાં સુકોમળ બાળકની મા બીચારી ઘૂમો મારતી હતી. પણ તેની બપૂડી આ નગારાંના અવાજમાં કોઇને સભળાતી ન હતી. પોતાની પેટીને પાછી ધકેલાતી જોઇને એ 'સદ્‌ગૃહસ્થે' પેલા પરગજુ યુવાન ઉપર ગાળોનો વરસાદ વરસાવ્યો ત્યારે અમાનુષીપણાની અવધિ આવી રહી!

પંદરેક મિનિટ સુધી આ પ્રકારનું દૃશ્ય ચાલુ રહ્યું. એટલામાં ગાર્ડે જોરથી બૂમ પાડી: 'આગળ ડબ્બા જોડાયા છે, આગળ જાઓ.' ગાર્ડનો અવાજ સાંભળી બહાર ઊભેલા લોકો આગળ દોડ્યા; પણ અંદર ઘૂસેલાં અને બીસાઇને ઊભેલાં ભાઇબહેનો નીચે ઊતરવાને મુદ્દલ તૈયાર ન હતાં. તેમને પોતાનાં રડતાં બાળકોનો પણ વિચાર આવતો ન હતો; એટલું જ નહિ પણ તેમણે પોતાનો બહાર પડેલો સામાન અંદર લાવવાની કોશિશ ચાલુ જ રાખી. એમને ભીડમાંથી નીકળી આગળ જવાની ગાર્ડે, સ્ટેશન માસ્તરે વારંવાર વિનતિ કરી પણ એ નિરર્થક નીવડી.

વિરમગામ જંકશન ઉપર એ મધરાતે બનેલો બનાવ આજકાલ આપણા બે હજાર માઇલ લાંબા–પહોળા દેશમાં જળની માફક પથરાયેલી અડતાળીસ હજાર માઇલની રેલવેનાં સ્ટેશને સ્ટેશને બને છે. રેલવે અધિકારીઓની, રાજસત્તાવાળાઓની, નેતાઓની વારંવાર વિનતિ છતાં પ્રવાસની હાડમારી અને તેમાં સ્ત્રીઓ તથા બાળકો પ્રત્યેની બેદરકારી ચાલુ જ છે. માત્ર પૈસાના સ્વાર્થ માટે જ માણસ માણસાઇ છોડે છે એમ નહિ, થોડા કલાક માટે બેસવાની ચાર ફીટની જગ્યા માટે પણ પોતાની બધી માનવતાને હોડમાં મૂકે છે. અથવા કહો કે જે સભ્યતા, સંસ્કારિતા, માનવતા શહેરી લોકોમાં આપણને સામાન્ય વ્યવહારમાં દેખાય છે તે આવે પ્રસંગે ઓસરી જાય છે.

આકાશમાંથી બોમનો વરસાદ થતો હોય ત્યારે પણ ભોંયરામાં જવા માટે ઊપડતી ગાડીઓમાં બાળકો અને સ્ત્રીઓ ચડી જાય પછી જ પોતે ચડવું જોઇએ એવી સમજથી શાંતિપૂર્વક હારબંધ ઊભા રહેતા પાશ્ચાત્ય લોકો પાસેથી આપણે એ ધૈર્યનો, માણસાઇનો પાઠ શિખવાની જરૂર છે.

બાળકો અને સ્ત્રીઓ પ્રત્યેના સન્માનમાં, તેમની સગવડ સાચવવામાં સ્વરક્ષા અને સ્વત્વરક્ષા બન્ને રહેલાં

છે એ વસ્તુ આપણા ધ્યાનમાં જ આવતી નથી.

ગામડાનાં નાનાં સ્ટેશને જ નહિ પણ અમદાવાદ જેવા મોટા સ્ટેશને પણ પોલીસની હાજરીમાં જ હારબંધ ઊભા રહેવાય એ વખતે પણ પોલીસને લાંચ આપીને અથવા એની નજર ચૂકવીને બીજા કરતાં વહેલી ટિકિટ લઇ લેવામાં હોંશિયારી મનાય, એ આપણી માણસાઇની ઊણપ બતાવે છે. રાષ્ટ્રવ્યાપી બનેલા એ દુર્ગુણને ટાળવા આપણે શિક્ષકોએ સૌ પ્રથમ તૈયાર થવું પડશે લોકશિક્ષકોના વિશાળ કાર્યપ્રદેશમાં આ વસ્તુ એક મહત્ત્વની છે. રાજ્યસત્તાનો ઓછામાં ઓછો ઉપયોગ થાય તેને જ લોકશાસન–સ્વશાસન કહેવાય. અન્યના શાસનથી નહિ પણ અંદરની સમજણથી જ નિયમનમાં રહેનાર માનવી જ ખરો સ્વતંત્ર માનવી ગણાય એ વસ્તુ શિક્ષણશાસ્ત્ર અને સામાજિક શાસ્ત્ર બન્નેનાં મૂળમાં પડેલી છે, અને તેથી જ આવે પ્રસંગે દેખાઇ આવતી માણસાઇની ઊણપ પૂરવામાં સ્વરાજની કેળવણીની પૂરવણી રહેલી છે એ વાત સિદ્ધ થાય છે.

આમાં ઘડીનો પણ વિલંબ ચલાવી લેવાય તેમ નથી એ પણ એટલું જ સ્પષ્ટ છે.

૨૮૭

રમકડું ખોવાયું

'તારું રમકડું ક્યાં?' કિશોરને તેની બાએ પૂછ્યું.

"ખબર નથી મને." ધીરા અવાજે કિશોરે જવાબ આપ્યો.

"રમવા લે તો રમીને મૂકી દેવું જોઇએ ને. સવારે મેં બાજુવાળાની રમા પાસે જોયું હતું. જા, માગી લાવ, નહિતર હાડકાં ખોખરાં કરી દઇશ."

કિશોર રમા પાસે આવ્યો. કહેઃ "મારું રમકડું દઇ દે, બા મને વઢે છે."

રમા કહેઃ "એ તો મારું છે."

"ના મારું છે." કિશોરે કહ્યું.

"ના મારું છે." રમાએ કહ્યું.

આમ મારું તારું રકઝક ચાલતી હતી, ત્યાં રમાનાં બા આવી પહોંચ્યા. "કેમ બેબી શું છે?" રમાને ઉદ્દેશીને એણે પ્રશ્ન કર્યો.

"કિશોર મારું રમકડું માગે છે." રમાએ જવાબ આપ્યોઃ "કહે છે કે મારું છે."

"જા, રમકડું લેવા નીકળ્યો છો તે. એ તો રમાનું જ છે." માએ ચુકાદો આપ્યો.

કિશોર આ સાંભળી રોવા લાગ્યો. તેનું રોવું સાંભળી કિશોરની બા આવ્યાં. આવતાં જ એમણે કહ્યુંઃ "એ રમકડું તો કિશોરનું છે. રમવા આપે તેથી માલિક ન બની જવાય. સવારે રમા અમારા ઘરમાં એનાથી રમતી હતી અને ત્યાંથી રમતાં રમતાં અહીં લઇ આવી."

"લઇ આવી એટલે શું ચોરી કરી?"

"તમને કોણે કહ્યું કે તમારી રમાએ ચોરી કરી. એ તો બાળક છે અને સુંદર વસ્તુ જોઇને લલચાય પણ ખરાં. એમને શું ભાન નીતિ–અનીતિનું હજુ કોઇ મોટી ઉંમરના માણસો આમ લઇ આવે તો તે ચોરી કહેવાય. હું તો એટલું જ કહું છું કે રમકડું કિશોરનું છે. અમને આપી દો એટલે પત્યું."

"ના, એ તો રમા પાસે ઘણા દિવસ થયા છે; એનાથી તો એ રોજ રમે છે."

"ઘણા દિવસ થયા રમા પાસે આ રમકડું હતું, તો તપાસ કરવી હતી ને, એના માલિકની." હવે કિશોરની બાએ બાજુમાં ઊભેલા ચાલીના લોકોને ઉદ્દેશીને કહેવા માંડ્યુઃ "રમા તો નાદાન છે, એને ભાન ન હોય, પરંતુ રમાનાં બાને તો ભાન હોવું જોઇએ ને કે આ રમકડું આપણે તો કોઇ દિવસ ખરીદી નથી આણ્યું તો બીજાનું હશે. તપાસ કરીને માલિકને આપી દેવું જોઇએ. અરે, તપાસ કરવાની તો મા મૂઇ પણ માલિક મળ્યા છે તો યે નથી દેતા એ કેવું?"

આમ વાદવિવાદ ચાલ્યા કરતો હતો ત્યાં કિશોર અને રમા બંને સાથે પેલાં ખોવાયેલા રમકડા સાથે રમતાં જણાયાં. બાળકોને શું છે. ભલે ને તેઓની બા અંદર અંદર એકબીજા જોડે ગમે તેટલો વખત ઝગડ્યા કરે. એમને તો ગમે ત્યાંથી આનંદ મળવો જોઇએ.

વસંત દેસાઇ

નોંધ

પૂર્વ-પ્રાથમિક અધ્યાપન નિયંત્રણ સમિતિ

ગયા અંકમાં ઉપરોકત નિયંત્રણ સમિતિએ અધ્યાપનમંદિરોમાં ભણતા વિદ્યાર્થીઓ માટે નિયત કરેલો અભ્યાસક્રમ વાચકોએ જોયો હશે. તે ઉપરથી દેખાશે કે પૂર્વ-પ્રાથમિક શિક્ષકોનો અભ્યાસક્રમ હવે પ્રાથમિક શિક્ષકો જેટલો એટલે કે સેકંડ ઇયર જેટલો તો થાય છે. ઉપરાંત બાળમાનસ સમજવામાં તેમ જ બાળકો સાથે કામ પાડવામાં, તેમના વિકાસમાં મદદ કરવામાં તેઓ વધારે લાયક બને છે, કારણ કે પ્રત્યક્ષ કામને પૂરતું સ્થાન આપવામાં આવે છે.

અમને જણાવતાં આનંદ થાય છે કે મુંબઇ સરકારના કેળવણીખાતાએ જૂન માસમાં આ નિયંત્રણ સમિતિને અને તેના (ડિપ્લોમા) પ્રશસ્તિપત્રોને માન્ય રાખ્યાં છે અને પોતા તરફથી એક સભ્ય, સમિતિના વ્યવસ્થાપકમંડળ ઉપર નીમવાનું ઠરાવ્યું છે.

હવે સરકાર આપણી છે. બુનિયાદી તાલીમ-એટલે કે પાયાની કેળવણી તરીકે બેઝિક શિક્ષણ-જેમ સરકારે હાથ ધરી, તે સાર્વત્રિક કરવાની યોજના ઘડી છે; તેમ જતે દહાડે પૂર્વ બુનિયાદી શિક્ષણની યોજના પણ સરકારે જ હાથ ધરવી જોઇએ. તો જ બધાં ગામડાંને, બધા ગરીબવર્ગનાં બાળકોને મનુષ્ય તરીકે જીવવાની અને મનુષ્ય થવાનુ શિક્ષણ લેવાની તક મળશે.

નૂતન બાલશિક્ષણ સંઘે આજે એકવીશ વર્ષ સુધી એ વાતનું મહત્ત્વ લોકોને, શિક્ષકોને, શિક્ષણજ્ઞોને અને સરકાર વગેરે મોટા કેળવણી ખાતાને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. અને હવે, ગ્રામ બાલશિક્ષણનો પ્રશ્ન હાથ ધરી, કઇ રીતે એ દિશામાં કામ થવું જોઇએ એનો પ્રયોગ શરૂ કર્યો છે. ને એમ કરી રાષ્ટ્રોત્થાનની દૃષ્ટિએ એક અત્યંત મહત્ત્વનું પગલું માંડ્યું છે.

છતાં નૂ. બા. શિ. સંઘ જેવી બાનગી સંસ્થા, બાનગી ફાળાથી, આખા પ્રાંતનાં પૂર્વ-પ્રાથમિક શિક્ષણનું સંચાલન ન જ કરી શકે. એ કામ સરકાર, લોકલબોર્ડ અને મ્યુનિસિપાલિટીએ જ સંભાળવું જોઇએ.

હમણાં સરકારે આ પૂર્વપ્રાથમિક અધ્યાપન નિયંત્રણ સમિતિને ને તેના પ્રશસ્તિ પત્રોને માન્ય રાખી આ દિશામાં શુભ આરંભ કર્યો છે એમ કહી શકાય.

જેમણે વર્ષોથી શિક્ષણક્ષેત્રમાં ને વિશેષમાં પૂર્વ-પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રમાં કામ કર્યું છે એવા શિક્ષણ-તજ્ઞોના હાથમાં પ્રથમ આ નિયંત્રણ રહે અને તેમના કામને સરકારી માન્યતા મળતી રહે એ જ શરૂઆતના વિકાસ માટે સારું છે; કેમકે સરકારી સંચાલનમાં એક જાતનુ 'રૂટિન' અને 'રેડ ટેપીઝમ' એટલે કે જડ તંત્ર અધિક આવી જવાનો સંભવ છે. જ્યારે નવાં બાતાંઓને વિકસાવવા માટે અધિક છૂટ અને ફેરફારોને અવકાશ હોવાની જરૂર હોય છે. એટલે નૂ બા. શિ. સંઘ, શિશુવિહાર મંડળ અને હિંગણેની સ્ત્રીશિક્ષણ સંસ્થાના પ્રતિનિધિના હાથમાં આ નિયંત્રણનાં મુખ્ય સૂત્રો રહે તે યોગ્ય જ છે.

આશા છે કે આ સમિતિના નિયમન નીચે વધારે બાલઅધ્યાપનમંદિરો આખા પ્રાંતમાં ચાલે અને ત્યાંથી બહાર નીકળતા બાલશિક્ષકો આખા પ્રાંતમાં બાલમંદિરો સ્થાપી દે.

શિશુવિહાર બાલઅધ્યાપનમંદિર, દાદર

તા૦

આ અધ્યાપનમંદિરમાં, આ વર્ષે, લગભગ સાઠ જેટલી વિદ્યાર્થિનીઓ દાખલ થઇ છે. જગ્યાને અભાવે બાળક્રિડાંગણની વિદ્યાર્થિનીઓને 'ના' પાડવી પડે છે તેથી ઘણું દુઃખ થાય છે.

સામાન્યતઃ ગુજરાતી ભાઇબહેનો આજ સુધી આવતા તેમાં આ વર્ષે સુધારો દેખાય છે. આ સુધારો તે એ કે આ વર્ષે બી. એ, જી. એ. થયેલી ત્રણચાર બહેનો દાખલ થઇ છે. ઉપરાંત મેટ્રિક કે કોલેજનું એકાદ વર્ષ કરેલી બહેનો પણ પહેલાં કરતાં વધારે છે.

છતાં ગુજરાતી બહેનોનું વધારે પ્રમાણ તો ક્રીડાંગણના ત્રણ માસના કોર્સમાં દાખલ થનારીનું જ છે.

દાદરમાં અધ્યાપનમંદિર ચાલે છે ત્યારથી બહેનોનું પ્રમાણ વધતું જ જાય છે, ને ભાઇઓનું ઓછું થતું જાય છે. ગયે વર્ષે ત્રણ ભાઇઓ હતા, તો આ વર્ષે એક જ ભાઇ આવ્યા છે.

એનું કારણ શું હશે?

આ વર્ષે સાતઆઠ જેટલી બોજા બહેનો આવી છે. મુંબઇમાં મિસિસ ઝરીનાબહેન કરીમભાઇના

પ્રયત્નથી, બોમ્બઐાના લત્તામાં, બાલમંદિરોની સંખ્યા વધતી જાય છે ને ઓ બોમ્બ બહેનો ભણવા આવે છે એ વસ્તુ પણ તેમનેજ આભારી છે.

ખાસ નોધવા જેવી વાત તો એ છે કે આ વર્ષે બે બોમ્બ બહેનો ઠેઠ આફ્રિકાથી અહીં ભણવા આવી છે ને એક તો શિશુવિહારના વસતિગૃહમાં બીજી બહેનો સાથે રહીને અભ્યાસ કરે છે. તેમને અહીં આવવા પ્રેરનાર આપણા જૂના કાર્યકર્તા હેમુભાઇ રાજગોર છે, એ જણાવતાં આનંદ થાય છે. તેઓ આફ્રિકામાં નૂ બા. શિક્ષણનો પ્રસાર સારી રીતે કરી રહ્યા છે. આપણા સંઘની એક શાખા પણ ત્યાં સ્થાપવાની તેમની અભિલાષા છે, જે ટૂંક વખતમાં સિદ્ધ થશે એવી આશા રાખી શકાય.

તા૦

નૂ. બા. શિ. સંઘ, મુંબઈ શાખા: સામાન્ય સભા

મુંબઇ શાખાની વ્યવસ્થાપકમંડળની ચૂંટણી તા. ૯–૮–૪૭ શનિવારના રોજ ચાર વાગે થશે (સ્થળ: ટી. એન. મંડળની બાલમદિર, મેથ્યુ રોડ, ચોપાટી). નિયમોની ૩૮એ પ્રમુખ અને નવ સભ્યોની ચૂંટણી સામાન્ય સભાએ કરવાની હોય છે. સિવાય બંધારણમાં પણ થોડાએક ફેરફાર કરવાના છે. નૂ. બા. શિ. સઘના આજીવન સભ્યો, સહાયક સભ્યો, સક્રિય સભ્યો અને સામાન્ય સભ્યો તે જ મુંબઇ શાખાના સભ્યો ગણાય છે, તેથી મુંબઇ અને ઉપનગરમાં રહેતા સર્વ સભ્યોને આગ્રહભરી વિનતિ કરવામાં આવે છે કે તેઓએ આ સભામાં અવશ્ય હાજરી આપવી, ને ચૂંટણીમાં ભાગ લઇ, સંઘના કાર્યમાં રસ લેવો. આ સભામાં મુંબઇ શાખાના કામનો અહેવાલ અને જમા–ખર્ચનો બરડો પણ રજૂ કરવામાં આવશે.

સભાની તારીખ, સ્થળ ને સમય નોંધી રાખશો અને અવશ્ય હાજરી આપશો.

બાબીબેન મૂળજી
તારાબેન ઝવેરી
પૂર્ણિમાબેન પકવાસા
મંત્રીઓ, મુંબઇ શાખા, નૂ. બા. શિ સઘ

મદદ કરો


આજકાલ દેશભરમાં ગ્રામ પુનર્ઘટનાનું કાર્ય જોરશોર શરૂ થયેલું છે. ગામડાંમા કામ કરતી બાલશિક્ષણ, રાષ્ટ્રીય શિક્ષણ અને લોકશિક્ષણની સંસ્થાઓ તરફથી 'શિક્ષણપત્રિકા' વિનામૂલ્યે મોકલવા અમારી ઉપર વિનંતિપત્રો આવે છે. અગાઉ અમે કેટલીક સંસ્થાઓને એ રીતે પત્રિકા મોકલતા હતા. આજની મોંઘવારીમાં વિનામૂલ્યે પત્રિકા મોકલવી અશક્ય છે, તો ગ્રામપુનર્વિધાનનાં મહત્ત્વના કાર્યમાં સહાય કરવા ઇચ્છતા સહૃદયી શ્રીમંતોને ઉપરોકત સંસ્થાઓને વિનામૂલ્યે પત્રિકા પહોંચાડવા પોતાનો ઉદાર હાથ લંબાવવા અમારી વિનતિ છે. આપની રકમ નીચેને સરનામે મોકલશો:

બાબીબેન મૂળજી, વ્યવસ્થાક: 'શિક્ષણપત્રિકા'
શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ ૬.


શિક્ષણપત્રિકાનો

બાલવિભાગ

વર્ષ પહેલું : અંક સાતમો : જુલાઇ, ૧૯૪૭



ગાય અને ગોકળગાય



સાવ સાંજ પડતાં જ
ટણુન્.... ટણુન્.... ટોકરી વગાડતી,
પોતાના ઘર ભણી દોડી આવતી
ગાય કોણે જોઇ ન હોય?

પોતાના વાછરડાને ચાટતી ચાટતી,
એને દૂધ ધવડાવતી વેળા
કોઇ અજાણ્યું પાસે આવી ચડે તો
આંખો ફાડી, શીંગડાં ઊંચાં કરતી
એને જોઇ છે કદી?

અને વારંવાર પોતાનાં ટચુકડાં શીંગ
વાંકાંચૂંકાં ફેરવતી, ઘસડાતી,
એકસરખી મંદ ગતિથી ચાલનારી,
ગોકળગાય કદી જોઈ છે તમે?

કોઇ વાર રસ્તા ઉપર,
કોઇ વાર બગીચાના ક્યારામાં,
કોઇ વાર સૂકાંપાકાં પાન પર,
તો કોઇ વાર પાંદડાં નીચે,
આઇસાહેબ ફરતાં હોય.

અને હરતાં ફરતાં
ચળકતા ચીકણા પદાર્થનો પટ્ટો
જ્યાંત્યાં કાઢતાં જાય,
એ જ આપણી ગોકળગાય.

છે કાંઇ સરખાપણું,
આપણી ગાયમાં ને ગોકળગાયમાં?

ગાય કરોડવાળાં પ્રાણીના વંશની,
જ્યારે ગોકળગાય
કરોડ વગરનાં પ્રાણીના વંશની.

કરોડ એટલે શું?
આપણી પીઠ ઉપર
વચ્ચોવચ્ચ લાંબું
સરપ જેવું હાડકું.
એ જ આપણી કરોડ.

માણસ, વાંદરા, ગાય, વાઘ,
પક્ષી, સાપ, મગર, દેડકાં ને માછલાં.
આ બધાંની પીઠે કરોડ હોય છે
એટલે જ એ બધાં એક વંશનાં.

અને ગોકળગાય ?

શંખ, છીપલાં, કોડીં ને મોતી, બનાવનારી,

નરમ નરમ શરીરવાળી,
કરોડ વગરનાં પ્રાણીના વંશની.
અને પેલો પાણીમાં રહેતો આઠ પગાળો ?
એ પણ એના જ વંશનો.
એ બધાં પ્રાણી કરોડ વગરનાં;
કુણાં માખણ જેવાં શરીરવાળાં,
અને તેથી જ તેમને કહે છે:

'મૃદુકાયવંશી.'

ગાયને ચાર પગ,
જ્યારે ગોકળગાયને ફકત એક.
અને તે પણ પેટની વચ્ચોવચ્ચ નીચે.
ગાયને દોડવાનું,
ગોકળગાયને ઘસડાવાનું.
એક પગે ઘસડાતાં
પગ છોલાય નહિં,
અને પગ બળે નહિં,
એટલા માટે જ એ,
ચીકણો નરમ પદાર્થ,
ગોકળગાય એક સરખી
પોતાના રસ્તામાં કાઢતી આલે છે.

ગાયનું માથું તદ્દન આપણી જેવું,
જ્યારે ગોકળગાયનું સાવ જુદું.
આપણે જેને શીંગડાં કહીએ છીએ
એની ટોચે એને આંખ હોય છે,
અને એ આંખો આંગળાંની જેમ
આમતેમ ચારે કોર વાળી શકાય છે.
અને તૂટેફૂટે તો ફરી નવાં ઊગે.
આંખો નીચે એવી જ એક
જોડી છે નાનાં શીંગડાંની.
આપણને લાગે જાણે ઉપરની જોડી શીંગડાંની
અને નીચેની જોડી કાનની.
મોઢું લાગે ગાય જેવું
તેથી જ તો કોઇએ
ગોકળગાય નામ આપ્યું હશે ને ?

પણ ઉપરની જોડી છે આંખોની,
અને નીચે છે,
એના સ્પર્શઅવયવની

ગાયનું ઘર કોઢયમાં
જ્યારે ગોકળગાયનું ઘર એની પીઠ ઉપર.
રોજ નવું બાંધે,
ને ભાંગે તૂટે તો
પાછું સરખું પણ કરે.

શિયાળામાં ગાયની ચામડી ઉપર
વાળ વધે અને કાળા ભમ્મર બને,
એ વાળ ગાયને ગરમી યે આપે.
પણ ગોકળગાય તો શિયાળો આવતાં મજાનો
પોતાના શંખના ઘરમાં પેસી જાય.
અને પેલા ચીકણા પદાર્થનું
બનાવે બારણું.
નિરાંતે બંધ કરીને બેસી જાય.
આવું બંધ, પીવું બંધ,
શિયાળો આખો બધું બંધ.

વસંત આવી કે નીકળે પાછી બહાર.
બાવું પીવું ને ઈંડાં મૂકવાં
બધું પાછું ચાલુ થાય.

ગાયની કોઇ પણ જાત
પાણીમાં રહેતી નથી.
પણ ગોકળગાય પાણીમાં
ને જમીન ઉપર,
નદીમાં ને દરિયામાં,

તળાવમાં ને હોજમાં
બાગમાં ને ફૂલવાડીમાં,
બધી જગ્યાએ રહે છે.

શહેરમાં ગાય ન પળાય તો,
તમારા મીઠા પાણીના જળાશયમાં,
મીઠા પાણીની ગોકળગાય જરૂર પાળજો.
તમારા જળાશયની ભીંતો ચોખ્ખી રાખશે.
બાગમાં રાખશો તો બાગ ચોખ્ખો રાખવામાં
મદદ કરશે.

ગાય અને ગોકળગાય

બન્ને આપણને બહુ ઉપયોગી છે.

(મરાઠી ઉપરથી) નાગલેભાઇ

એક વહેલી સવારે

એક વહેલી સવારે રે.....
અમે જાતાં'તાં સરોવર પાળે,
આંબલિયાની ડાળે,
ડુંગરડાની ધારે,
હસતાં હસતાં અમે જાતાં'તાં-એક વહેલી સવારે રે.

અને નાનીશી નાવમાં,
સરવર–તરંગમાં,
ઉષાના રંગમાં,
તરતાં તરતાં અમે જાતાં'તા–એક વહેલી સવારે રે.

શીતળ વાયુ વાતો,
કરતો મીઠી વાતો,
મનમાં હું મલકાતો
થાકું ના ગીત ગાતો–એક વહેલી સવારે રે.

ખેડૂત વીર ઊઠે,
બળદ ગાડે જૂતે,
ને ઝમઝૂમ કરતાં
ખેતર વાટ પૂગે–એક સુંદર સવારે રે.

એવી સુંદર સવારે રે....
એવી શીતળ સવારે રે....
એક રસમય સવારે રે....

ચંદુલાલ પાઠક.

એક ચિત્ર તું એવું ચિતર

એક ચિત્ર તું એવું ચિતર
એ મારા ચિતારા ભાઇ,
બાગ-બગીચા એવા સુંદર
મ્હેક મ્હેકથી લાગે મનહર;
પતંગિયાં ઊડતાં એ અંદર,
ભાઇ બ્હેન ત્યાં નિત્ય નિત જાય;
અંતરથી ખૂબ જ મલકાય.

૨

એક ચિત્ર તું એવું ચિતર
એ મારા ચિતારા ભાઈ,
આષાઢી પૂનમની રાતે
મેઘ વરસતો બારે વાટે;
સાગરનાં મોજાંની સાથે
ભાઇ બ્હેન કો ઝુલતાં જાય.
સુંદર રાગે ગીતો ગાય.

૩

એક ચિત્ર તું એવું ચિતર
એ મારા ચિતારા ભાઇ,
નાનકડા કો ગામ મહીં
ને ટૂટલફૂટલ ધામ મહીં;
અંધારી ઓંસરીએ બેસી
વૃદ્ધ હરિજન ઝોકાં ખાય,
ગરીબનો બેલી તું થાય.

૪

એક ચિત્ર તું એવું ચિતર
એ મારા ચિતારા ભાઇ,
ઊંચા ઊંચા પહાડ પરેથી
મોટો ખળ ખળ ધોધ પડે;
નજીકની ભેખડ શોધીને
ભાઇબ્હેન ત્યાં બેસી કહે,
"શું કુદરતમાં લહેર પડે?"

ચંદુલાલ પાઠક

ગલુડિયું મારું

ફૂર ફૂર કરતાં દોડયું આવે,
લટપટ ઝટપટ પૂછ હલાવે,
પીણું તો ચાવીને પીએ,
ગલુડિયું મારું.

બાળકને એ ખૂબ ગમતું,
જ્યાં ત્યાં એ પછવાડે ભમતું,
આવાની કંઈ ઇચ્છા ધરતું,
ગલુડિયું મારું.

પણ જ્યારે મોટું એ થાય,
ગંદે સ્થાને ફરતું થાય,
મનુષ્ય થી તિરસ્કાર થાય.
ગલુડિયું મારું.

ચંદુલાલ પાઠક

ગ્રામ બાલશિક્ષાકેન્દ્ર બોરડી

ગ્રામ બાલઅધ્યાપનમંદિરની સામાન્ય માહિતી

૧. 'ગ્રામ બાલઅધ્યાપનમંદિરનો આવતી સાલનો અભ્યાસક્રમ તા. ૧૫ મી સપ્ટેમ્બરથી શરૂ થશે અને તે ૫મી જૂન ૧૯૪૮ સુધી ચાલશે. તેમાં ૨૪ ડિસેમ્બર ૧૯૪૭થી ૧૫મી જાન્યુઆરી ૧૯૪૮ સુધી ત્રણ અઠવાડિયાની રજા રહેશે.

૨. અધ્યાપનમંદિરમાં દાખલ થવા માટે શૈક્ષણિક યોગ્યતા ઓછામાં ઓછી વર્નાકયુલર ફાઇનલ પાસ રાખવામાં આવી છે. ઉંમર ૧૮થી ૩૫ સુધીની સાધારણ રીતે હોવી જોઇએ.

૩. હિંદુસ્તાની, મરાઠી અથવા ગુજરાતી ત્રણમાંથી કોઇ પણ એક ભાષામાં પોતાના વિચારો સ્પષ્ટ રીતે લખવાની તથા હિંદુસ્તાનીમાં અભ્યાસક્રમ સમજવાની યોગ્યતા દરેક વિદ્યાર્થીઓમાં હોવાની જરૂર છે. અભ્યાસક્રમનું માધ્યમ હિંદુસ્તાની રહેશે.

૪. વિદ્યાર્થીઓએ ખાદીનો પોશાક પહેરવાનો રહેશે, અને ઓછામાં ઓછો અર્ધો કલાક કાંતવાનું આવશ્યક ગણાશે.

૫. ગામડાંઓમાં બાલવાડી ચલાવવા ઇચ્છનારને જ દાખલ કરવામાં આવશે.

૬. **ફી વગેરે:** પ્રવેશફી રૂ. ૫, શૈક્ષણિક ફી રૂ. ૯૦, વસતિગૃહ ફી રૂ. ૨૫, હસ્તવ્યવસાય ફી. રૂ. ૫, પરીક્ષા ફી રૂ. ૫, શૈક્ષણિક પ્રવાસ સામાન્ય રીતે રૂ. ૨૫. એમ બધા મળીને રૂ. ૧૫૫ તથા આઠ માસનું ભોજનખર્ચ સામાન્ય રીતે રૂ. ૨૫૦ આવશે. જે ભોજનખર્ચ થશે તે દરેક વિદ્યાર્થીઓ વચ્ચે વહેંચી દેવામાં આવશે.

૭. વસતિગૃહમાં **સ્વાવલંબનથી દરેક કામ કરવાનાં રહેશે.** એટલે કે, રસોઇ કરવી, પાણી ભરવું, સ્વચ્છતા, તથા અન્ય વ્યકિતગત કામ દરેકે જાતે કરવું પડશે. વસતિગૃહનો સામાન્ય કાર્યક્રમ આશ્રમજીવન અનુસાર સવારના પાંચ વાગે પ્રાર્થનાથી શરૂ થઇ રાતના ૧૦ સુધી ચાલશે.

૮. સ્વાવલંબન તથા આશ્રમજીવનની દૃષ્ટિએ શરીરસ્વાસ્થ્ય સારું હોવું જોઇએ. તેને માટે **વૈદકીય પ્રમાણપત્ર** પ્રવેશઅરજીની સાથે મોકલવું. શિક્ષાર્થીઓને બાળકોને સાથે લાવવાની રજા મળી શકશે નહિ.

૯. **પ્રવેશ અરજીમાં** પૂરું નામ, સરનામું, વાલીનું નામ, જાતિ, ધર્મ, જન્મતારીખ, જન્મસ્થળ, શૈક્ષણિક યોગ્યતા છેવટની શિક્ષણ સંસ્થા, પૂર્વઅનુભવ તથા કામ, વિવાહિત કે અવિવાહિતઃ આટલી માહિતી લખી મોકલવી.

૧૦. **સાથે લાવવાની વસ્તુઓ :** (૧) ખાદીનાં કપડાંની ત્રણ જોડી. (જેમાં ટુવાલ નેપકીન વગેરે) (૨) તકલી તથા રેંટિયો, (૩) થાળી, વાડકો, લોટો અને ચમચો. (૪) ફાનસ અને ડોલ. (૫) પથારી અને શેતરંજી (૬) સોય, દોરો, કાંસકો, ચપ્પુ, વગેરે.

Regd. No. B. 2241

પ્રગતિની ગતિ

પ્રગતિની ગતિ ધીમી છે, અત્યંત ધીમી છે.

એટલી બધી ધીમી છે કે ઘણી વાર એમ જ લાગે કે પ્રગતિ થતી જ નથી, આપણે છીએ ત્યાં ને ત્યાં જ છીએ.

ઘણી વાર તો એમ પણ લાગે કે આપણે ત્યાં ને ત્યાં નથી; પણ ઊલટા પાછા ફરીએ છીએ. આથી પ્રગતિને પંથે જવા ઇચ્છનારા હતાશ થાય છે. તેના હૃદયમાં નિરાશાનાં વાદળાં છવાય છે.

પણ ખરી વાત તો એ છે કે પ્રગતિની ગતિ ધીમી છે.

નવો વિચાર કરવો, નવો વિચાર ઝીલવો એ કાંઇ સહેલી વાત નથી.

એકના મગજમાં નવો વિચાર ઊપજે: એકના હૃદયમાં નવો પ્રકાશ પથરાય: બીજા તેને ઝીલવાનો પ્રયત્ન કરે.

બીજા ઘણા તેમ જ કરે.

છતાં–

આખી જનતા તે સ્વીકારે,

આખી જનતા તે પંથે ચાલે,

આખી જનતાનાં જીવનમાં તે વણાય.

તેમ થતાં યુગો ને યુગો ચાલ્યા જાય છે.

તેથી જ આપણને લાગે છે કે પ્રગતિ થતી જ નથી.

પણ ખરી વાત તો એ છે કે પ્રગતિની ગતિ ધીમી, અત્યંત ધીમી છે.


તારાગ્રેન્દ્ર

મુદ્રકપ્રકાશક: ગો. ર. કુલકર્ણી, ૧૧૭, હિંદુ કોલોની, દાદર મુંબઇ ૧૪, મુદ્રણસ્થાન: સ્ટેટસ પીપલ પ્રેસ, ૧૩૮, મેડોઝ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ

નૂતન બાલશિક્ષણ સંઘ પ્રકાશિત

શિક્ષણપત્રિકા

વર્ષ ૨૨ : અંક ૮ : ઑગસ્ટ, ૧૯૪૭



આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા :: સંપાદક : તારાબેન મોડક :: સહસંપાદક : રમણભાઈ પાઠક

શિક્ષણપત્રિકા

ઑગસ્ટ ૧૯૪૭

વર્ષ : ૨૨ અંક : ૮

અનુક્રમણિકા

વિષય	લેખક	પૃષ્ઠ
સ્વરાજ્યનો ભાગ્યસૂર્ય	તા૦	૧૦૧
શુભ વિદાય	ત્રા૮	૧૦૨
બાલશિક્ષણનું યોગ્ય સ્થાન	તા૦	૧૦૩
બાલશિક્ષણની શાસ્ત્રીય ભૂમિકા ...	શેષ નામલે	૧૦૫
રોજ રોજ અને ઘરે ઘરે	તા૦	૧૦૮
જોયું જાણ્યું અને આલેખ્યું	પુનમચંદ શાહ	૧૦૯
પાણીનો રસિયો	રતિલાલ અમીન	૧૧૦
એ તત્ત્વ ક્યાંથી આવ્યું ?	વાસુદેવ કાવ્યતીર્થ	૧૧૦
મૉન્ટેસોરીની પ્રથમ ભેટ ...	દરબાર ગોપાળદાસ–પૂ.ઠું ત્રીજું	

સંપાદકીય નોંધ

શિશુવિહાર : ભાવનગર...	...	તા૦	૧૧૧
કિલ્લોલ બાળમંદિર, પાટણ	...	,,	૧૧૧
બાલનિકેતન, ઇન્દોર ...	...	,,	૧૧૨
દુઃખદ અવસાન ...	...	,,	૧૧૨

બાળવિભાગ

સ્વરાજ આવ્યું ...	...	તા૦	૨૯
ઘઉં અને ચણા ...	...	નામલેભાઇ	૩૦
વૃક્ષ અને છોડ ...	...	તા૦	૩૧

સૂચના

'શિક્ષણપત્રિકા'ના પ્રત્યેક ગ્રાહકને સંઘનું સભ્યપદ આપોઆપ પ્રાપ્ત છે એટલે કે 'શિક્ષણ પત્રિકા'નો ગ્રાહક એ સંઘનો સભ્ય પણ છે અને સભ્ય તરીકેના દરેક હકકો એ ભોગવી શકે છે.

પત્રવ્યવહાર કરતી વખતે પોતાનો સભ્ય નંબર અવશ્ય લખવો. જે સભ્યો પોતાનું સરનામું બદલવા ઇચ્છતા હોય તેમણે દરેક મહિનાની પહેલી તારીખ સુધીમાં પોતાના સભ્ય નંબર સાથે જૂનું તથા નવું બદલાયેલું સરનામું વ્યવસ્થાપકને જણાવવું.

સામટા સભ્યોના લવાજમનો ચેક 'સેકે રી, નૂતન બાલશિક્ષણસંઘ,' એ નામનો લખવો, અને તે વ્યવસ્થાપક ઉપર મોકલી આપવો. દરેક સભ્યે લવાજમની રકમ ચેકથી, મનીઑર્ડરથી અગર હાથોહાથ વ્યવસ્થાપકને સરનામે પહોંચાડવી.

સંપાદન તથા નિરીક્ષણકાર્ય અંગેનો તમામ પત્રવ્યવહાર બાલવાડી, ઑરડી, ઘોલવડ થઇને B. B C. I. Rly. એ સરનામે કરવો પત્રિકા માટેના લેખો વગેરે પણ ત્યાં જ મોકલવા.

લવાજમના દર

સામાન્ય સભ્ય ...	રૂપિયા	૩
સક્રિય સભ્ય	,,	૩
સહાયક સભ્ય	,,	૬
સંસ્થા જોડાણના પ્રતિનિધિ	,,	૭
આજીવન	રૂપિયા ૧૦૦ થી	૫૦૦

આજીવન સભ્યના પ્રકાર

પ્રદાતા	રૂા. ૧૦૦૦	દાતા	રૂા. ૫૦૦
શુભેચ્છક	રૂા. ૨૫૦	હિતેચ્છુ	રૂા. ૧૦૦

[યુનિસિપલ શાળાઓ, રાજ્યની શાળાઓ, સાર્વજનિક સંસ્થાઓ વર્ષિક રૂા. ૩ કે ૬ આપી પત્રિકા મેળવી શકશે.]

પરદેશમાં શિલિંગ ૭॥; છૂટક નકલ ૬ આના.

પત્રિકાની વ્યવસ્થા અંગેનો તમામ પત્રવ્યવહાર નીચેને સરનામે કરવા વિનતિ છે.

શ્રી૦ બાબુભાઇ ભૂળજી

વ્યવસ્થાપક: 'શિક્ષણપત્રિકા' કાર્યાલય,
શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ ૬

બાળમંદિરો માટે સાધનો

બાળમંદિર માટે સાધનો ખરીદતાં પહેલાં અમારું સૂચિપત્ર મંગાવો.

દરેક સાધનો શાસ્ત્રીય પદ્ધતિથી બનાવવામાં આવે છે અને તે બધાં નિષ્ણાતોની દેખરેખ નીચે તૈયાર કરવામાં આવે છે.

સૂચિપત્રમાં જણાવેલ ભાવ ઉપર બાળમંદિરોને જ ૬ ૧/૪ ટકા કમિશન આપવામાં આવે છે.

તમારી જરૂરિયાત માટે લખો :

બનાવનાર: **નૂતન શિક્ષણ સાધનાલય એન્ડ આર્ટ વર્કર્સ લિમિટેડ**

વઢવાણ કેમ્પ (કાઠિયાવાડ).

નૂતન બાલશિક્ષણ સંઘની

શિક્ષણપત્રિકા

વર્ષ ૨૨ : અંક ૮] મુંબઈ [ઑગસ્ટ, ૧૯૪૭

સ્વરાજ્યનો ભાગ્યસૂર્ય

ઓગણીસસો સુડતાળીસની પંદરમી ઑગસ્ટ. હિંદભરમાં રાષ્ટ્રોત્સવનો દિવસ.

અત્યાર સુધી ઉષાનુ અજવાળું દેખાતું હતું. હવે પ્હો ફાટી સ્વરાજ્યના ભાગ્યસૂર્યનાં કિરણો દેખાવા લાગ્યાં છે એમ કહી શકાય.

દોઢસો વર્ષ જૂની પરદેશી વર્ચસ્વ નીચેની અંધારી કાળી રાત જાય છે ને સ્વરાજ્ય આવે છે તે મંગળ પ્રસંગે, હિંદભરના લોકો, ઉત્સવ કેમ ન કરે? ને ઘણાં વર્ષોનાં સેવેલાં સ્વપ્નાં સાચાં પડતાં જોઈ લોકહૃદય આનંદથી નાચે ને દિવાળી કેમ ન ઊજવે?

પૂ૦ બાપુજીએ જ જેમ વખતોવખત દીવો ધરી અંધારામાં માર્ગ બતાવ્યો છે, તેમ, આ પ્રસંગે પણ તેમણે દિશા બતાવી છે. આપણામાં વિજયનો ઉન્માદ ન આવે, આનંદઉત્સવથી ગાંડાતૂર ન બનીએ, પણ વિચાર ને મનન કરવાનો આ વખત છે એ જાણી અપવાસ કરી આત્મલક્ષી થઈએ. હૃદયમાં ઊંડા ઊતરીને આત્મપરીક્ષણ કરીએ; અંતરની ઊંચી ભાવનાઓ—જે ભાવનાથી અત્યાર સુધી લડ્યા, ત્યાગ કર્યો, કષ્ટ વેઠ્યાં તે ભાવનાઓ—સંભારીએ; આપણી મહાન્ ને ઉચ્ચ આકાંક્ષાઓને સંભારીએ; અને પરદેશીઓના જવાથી ને આપણા હાથમાં રાજ્યસૂત્રો આવવાથી આપણી જવાબદારી કેટલી વધે છે તે મનમાં આણી સમજી લઈએ; રાજ્યસૂત્રો હાથમાં આવતાં સત્તાનો લોભ ને સત્તા આવતાં સત્તાનો મદ આવવાનો કેટલો સંભવ હોય છે તે સંભારીએ. ભાવિની દિશા આંકીએ. તરતમાં શું શું કરવું જોઈએ તે વિચારીએ. મનનું સમતોલપણું ને ચોખ્ખી દૂરદૃષ્ટિ રાખીને આગળની યોજના ઘડીએ. લડાઈ જીત્યા પછી સૈનિકો જેમ વિજયથી ઘેલા થઈને નાચે છે, દોડે છે, ગમે તેમ વર્તે છે ને મૂરખ પશુ જેવાં બને છે, તેમ, આ ઉત્સવમાં આપણે કરવાનું નથી.

ખરે ખર! પૂ૦ બાપુજીએ કેટલું વખતસર ને યોગ્ય સૂચન કર્યું છે!

આ પ્રસંગ સાચે જ સમતોલપણું જાળવીને, જવાબદારી ઓળખીને, આત્મલક્ષી થઈને, ભાવિનો શાંત ચિત્તે વિચાર કરવાનો છે.

આપણે, બાળશિક્ષકો પણ, ૧૫મી ઑગસ્ટ આ જ રીતે પાળીએ. ખરા સ્વરાજ્ય ચલાવવાવાળાં, સ્વરાજ્ય ઉપભોગનારાં, આપણી પાસે આવનારાં આજનાં બાળકો છે. એ બધાં ભવિષ્યનાં યુવરાજો ને યુવરાજ્ઞીઓ છે એમ ગણીને આપણે તેમને ઉછેરવાનાં છે, એમ ગણીને જ આપણે આપણાં બાલમંદિરોમાં ઉત્સવ ઊજવીએ.

આ ઉત્સવનો દિવસ એ, તેમના જીવનમાં, કેટલો મહત્ત્વનો દિવસ હતો તેનું તેમને આખી જિંદગી સુધી સ્મરણ રહે એવી રીતે આ દિવસ ઊજવવો જોઈએ.

આજનાં બાળકો કોઈ વિશેષ કાળમાંથી પસાર થાય છે એ તો તેમને યાદ રહેશે જ. અન્નવસ્ત્રની વિશેષ હાડમારીઓ, ને કોઈ વાર જાતદ્વેષના અગ્નિની જ્વાળાઓ તેમણે સ્પષ્ટઅસ્પષ્ટ અનુભવી છે તે બધા વાતાવરણની અસર તેમનાં કુમળાં મન ઉપર કાયમી પડી જ છે. તે બધાંની સાથે એક સુંદર, ઊંડી ને મહત્ત્વની ઝાંખી કરાવનારી છાપ આ ઉત્સવમાંથી અવશ્ય પડે છે.

તેઓ નાચે, ગાય, ફરવા જાય, ને આનંદ કરે એ બધુ તો ભલે કરે, અવશ્ય કરે; ઉત્સવને કારણે પોતે ઉત્સવનાં કપડાં પહેરે, પોતાની શાળા ગુઢી તોરણોથી શણગારે, ધ્વજવંદન કરે, ગીતોનો જલસો કરે એ બધું તો કરે જ કરે.

પણ સાથે સાથે, હિંદને કયે રસ્તે જવાનું છે, તેની પણ ઝાંખી કરે એ જરૂરનું છે.

એ ઝાંખી કેવી રીતે કરાવીશું?

આ નાનાં બાળ આપણાં વ્યાખ્યાનો સમજી શકવાનાં નથી. જો કે, મોટાંઓની સામે પણ વ્યાખ્યાનોના

શબ્દો જ રહે છે. બાળકો કૃતિ સમજી શકે છે. માટે એવો કોઇ કાર્યક્રમ જોઇએ કે જેથી બળકોને આગળ શું થવું જોઇએ તેની કાંઇક કલ્પના આવે.

આપણા દેશની જરૂરિયાતમાં ઐકયની ખાસ જરૂર છે. આપણે ન્યાતજાત ને ધર્મકારણે છૂટા પડવાનું નથી પણ એક થઇને બધા વધારે સુખી થાય તે માટે પ્રયત્ન કરવાનો છે એની છાપ તેમનાં મન ઉપર પડવી જોઇએ.

આપણા દેશમાં–આપણા ગામમાં એક ભાગ સુખી ને સમૃદ્ધ લોકોનો ને એક ભાગ–ઘણો ભાગ ગરીબ અને ભૂખે મરનારાનો, જેને રહેવા માટે સારું ઝૂંપડું પણ નથી એવા લોકોનો છે તે સ્થિતિ ફરી જવી જોઇએ તેની છાપ આ ભાવિ યુવાનો પર પડવી જોઇએ.

આપણા દેશમાં થોડાંએક ભણેલાગણેલા ને સુસંસ્કૃત ને ઘણા બધા તો અભણ ને અજ્ઞાની જ છે એ સ્થિતિ ફેરવવાની છે એની છાપ પણ તેમનાં મન પર સજ્જડ પડવી જોઇએ.

એને માટે આપણે શું કરીશું?

દરેક બાલમંદિરે પોતે શું કરશે, કયારે કરીશું તે વિચારી લેવાનું છે. આ બધું ૧૫મી ઑગસ્ટે જ ન થઇ શકે. પણ આ ૧૫મીથી ૧૯૪૮ ની ૧૫ મી સુધીમાં કાર્યક્રમ રાખી શકાય. હિંદુ, મુસ્લિમ, જૈન, ખ્રિસ્તી, પારસી બધાં બાળકો સાથે ભેગાં થાય ને આપણા ઉપરનું અંગ્રેજોનું રાજ્ય ગયું ને આપણા હાથમાં આપણું રાજ્ય આવ્યું માટે ભેગાં મળીને ઉત્સવ કરે. એકબીજાને મળીને, એકબીજાની શાળામાં જઇને, ઘરોમાં ને મહોલ્લામાં જઇને, એકબીજાને, સ્વરાજ્યનાં અભિનંદન ને મુબારકબાદી આપવી જોઇએ.

ગામનો ગરીબ લત્તાઓમાં જઇ આ ગરીબી અમે નાબૂદ કરવા દઇએ એવો વિચાર સજ્જડ કરે.

નિરક્ષરતા શું છે એ તો તેઓ કદાચ નહિ સમજી શકે; પણ જે બાળકો લખતાંવાંચતાં થયાં છે તેઓ કદાચ સમજી શકે. સમજે ન સમજે તો પણ બધાંને ભણાવવાનાં છે એટલી છાપ તો એમના પર પડવી જ જોઇએ.

બાળકો માટે લખનારા કવિઓ તે સાહિત્યકારો સરસ જોડકણાં ને ગીતો બનાવી આપે તો બાળકો લલકારતાં જાય. ગામમાં બધે બોલતાં બોલતાં ફરતાં જાય

શુભ વિદાય

ના૦ શ્રી૦ મંગળદાસ પકવાસા મધ્ય પ્રાંતના ગવર્નરપદે જતાં અમે તેમને સહર્ષ છતાં ભારે અંતઃકરણથી વિદાય આપીએ છીએ.

કોઇ પણ કટોકટીનો કે અટપટો પ્રશ્ન હોય તેમાં શાંત રહીને છતાં ત્વરિત નિર્ણય લેવાની તેમની શકિત, તેમનું કાયદા અને બંધારણનું ઊંડું જ્ઞાન, લોકોપયોગી કાર્યોમાં રસ ને સૌથી વધારે મહત્ત્વની તો તેમની રાષ્ટ્રને ઊંચે લાવવાની તમન્ના, એ બધા ગુણોને કારણે જ તેમની આવી મોટી ને જવાબદારી ભરી જગ્યાએ વરણી થઇ હશે એ સ્પષ્ટ જ છે. તેમને મળેલા આ યોગ્ય માનને માટે અમને હર્ષ થાય છે. પણ તેઓ અહીંથી દૂર જાય તે કેમ ગમે?

નૂતન બાલશિક્ષણ સંઘની સાથેનો તેમનો સંબંધ ગયા આઠ વર્ષથી સતત છે. ૧૯૩૯ માં જ્યારે સંઘે બંધારણ ઘડી તે રૂએ કામ ચલાવવાનું નક્કી કર્યું તે વખતે વ્યવસ્થાપકમંડળે તેમની સલાહ લીધી. તેઓ જેલમાં હતા ત્યાંથી બંધારણનો છેલ્લો મુસદ્દો તપાસી પોતાનો મત વ્યવસ્થાપક મંડળને જણાવ્યો હતો.

તે વખતથી તેમનો આ કાર્યમાં રસ ચાલુ રહ્યો. છેલ્લે, ૧૯૪૭ ના જૂનની પાંચમીએ, સેવાગ્રામ બાલશિક્ષણ કેન્દ્રમાં આવીને એ કાર્યને શકય તે મદદ કરવાનો પોતે નિશ્ચય કર્યો છે એવું તેમણે પોતાના ભાષણમાં જાહેર કર્યું હતું.

ત્યાર પછી, ગવર્નરપદે નિમણૂક થયા પછી પણ, એક અત્યંત મહત્ત્વના એવા કાર્યવિસ્તાર પરત્વે સંઘને તેમણે પોતાની ઘણી જ કીમતી સલાહ આપી છે; એટલે કે અહીંથી નાગપુર જવાની ઘડી સુધી તેઓ એ નૂ૦ બા૦ શિ૦ સંઘનું કામ પૂર્ણ ઉત્સાહથી અને પોતાનું ગણી કર્યું છે.

સંઘના કેટલાએક સભ્યોને એવો અનુભવ થયેલો કે ના૦ પકવાસાસાહેબને કદાચ બાલમંદિરોનું કાર્ય નાપસંદ હશે. તેમનો વિરોધ હતો પણ ખરો; પણ તે, નૂ૦ બા૦ શિ૦ સંઘના કાર્યકર્તાઓ માત્ર શહેરમાં જ ને તે પણ શ્રીમંત વર્ગોનાં બાળકોમાં જ કામ કરે છે તે માટે હતો. જ્યારથી તેમણે જાણ્યું કે, સંઘ ગરીબ ને પછાત વર્ગોમાં કામ કરે છે, ત્યારથી, તેમણે કોઇ પણ પ્રકારનો વિરોધ કદી પણ કર્યો નથી. ગ્રામકેન્દ્ર શરૂ થયું

ત્યારથી તો તેમણે વધારે જ રસ લીધો છે. આ તેમનો શરૂઆતનો દેખીતો વિરોધ પણ તેમની રાષ્ટ્રોત્થાનની સાચી દૃષ્ટિ જ બતાવે છે.

ના૦ પકવાસાનું સધને આવું પીઠબળ હોવાથી, કુટુંબીજનોની જેમ તેમને વિદાય આપતાં તેમની લાગણી હર્ષ ને દુઃખથી મિશ્ર હોય તે સ્વાભાવિક છે.

નાગપૂરમાં નૂ૦ બા૦ શિ૦ સંઘની શાખા છે. સંઘ સાથે જોડાયેલું સારું એવું એક બાલકમંદિર પણ ત્યાં વર્ષોથી ચાલે છે. આજના એક મિનિસ્ટર સૌ. વિમલાબાઇ દેશપાંડેએ જ એ બાલમંદિરમાં જાતે રસ લઇ તેને ઊંચે આણ્યું છે.

આશા છે કે, ના૦ પકવાસાસાહેબનો ત્યાં જવાનો લાભ એ શાખા લઇ ત્યાંનું કાર્ય ખૂબ આગળ ધપાવે.

ના૦ અંગણદાસભાઇને સુખ, શાંતિ ને તંદુરસ્તી મળે ને દેશના આવા કટોકટીને વખતે તેમને હાથે ઘણી મહત્ત્વની દેશસેવા થાય એવી પ્રભુ પાસે અમારી પ્રાર્થના છે.

—તંત્રી

બાળશિક્ષણનું યોગ્ય સ્થાન

ઝાડ ઉછેરવું હોય તો શરૂઆતથી જ સંભાળ રાખવી પડે છે. વાડીઓવાળા નાના રોપાની જ વધુ સંભાળ લે છે. પણ મનુષ્યપ્રાણી પોતાનાં બાળકોનો વિચાર કરી શકયો નથી. આપણે કૉલેજના શિક્ષણને મહત્ત્વ આપીએ છીએ. જ્યારે બાલમંદિર હોય તો યે ઠીક છે ને ન હોય તો યે કંઇ હરકત નહિ, એને આપણે શિક્ષણનો પાયો માનતા થયા નથી. મનુષ્યના વિકાસની દૃષ્ટિએ શિક્ષણ તરફ જોતાં નથી; પણ આજીવિકાના સાધન તરીકે જોઇએ છીએ. કૉલેજના શિક્ષણ ઉપર અચી શું તો આવતી કાલે કામધંધો નોકરી મળી જશે ને વળતર મળી જશે. પણ નાની વયનાં બાળકો માટે બાલમંદિર એ તો નકામો ખરચ છે એમ બધાં માને છે તેને લીધે બાલમંદિરના કાર્યને હજુ જોઇએ તેટલો વેગ મળ્યો નથી.

આપણે આ મહત્ત્વની વાત હંમેશ ભૂલી જઇએ છીએ. પહેલાં જે કરવું જ ઇએ તેને છેલ્લું પણ સ્થાન હજુ મળ્યું નથી.

* * *

નાનાં છોકરાં ઉછેરતાં તમે બધાંએ જોયાં હશે. માતા—જેની પાસે બાળક વધારેમાં વધારે રહે છે તે—ને ખબર નથી, કે છોકરું શું કરે છે? નાનું હોય ત્યારે પારણામાં બેઠેલું હોય. તેની પ્રગતિ તે જોઇ શકતી નથી. તે મોટાં થાય, દાંત આવે, ચાલતાં આવડે, બહાર રમવા જઇ શકે; એટલે, હવે તો બાળકોને ઉછેરવાનું કશું રહેતું જ નથી એમ જ બધાં માને છે. બાળકને નવડાવી ને ખવડાવી દીધું ને ઘરબહાર રમવા મોકલી દીધું કે કાર્ય પૂરું થયું એમ જ બધી માતાઓ માને છે. પછી બાળકની પ્રવૃત્તિનો ખ્યાલ કોઇ રાખતું નથી. પણ અઢીથી સાત વર્ષનો કાળ એ જ માનવજીવનમાં સૌથી મહત્ત્વનો કાળ છે, જ્યારે બાળક જિંદગીનું શિક્ષણ લેતું હોય છે એ વાતાવરણમાંથી શિખે છે. બાળક એ સાત વરસ સુધીમાં જેટલું શિખે છે, તેટલું આખી જિંદગીમાં શિખતું નથી; એની બાતરી હજી કોઇને થઇ નથી, તેથી જ બા શિક્ષણને યોગ્ય સ્થાન મળ્યું નથી.

બાળકેળવણી

મનુષ્યના જીવનવ્યવહારમાં ગોઠવાઇ જવું—એટલે જિંદગી જીવતા શિખવું એ જ કેળવણી છે.

બાળકના જીવનનો આખો પ્રશ્ન એ જ હોય છે, કે મોટાઓની જેમ જીવતાં શિખી લેવું. તે માટે તેને, અનેક ક્રિયાઓ અને કામો આપણે કરીએ છીએ તેમ કરતાં શિખી લેવાનું મન થાય છે. તે પ્રમાણે તે પ્રયત્ન કરે છે, પણ તે સમયે આપણે તેને આવાં કામોથી છેટાં રાખીએ છીએ; કામને અડવા દેતાં નથી. આખરે તેને પૃથ્વી માતાની ધૂળ ને કચરામાંથી કાંઇક કાંઇક ઉદ્યોગ શોધી કાઢવા પડે છે.

તેમજ તેને આ દુનિયા વિષે કુતૂહલ હોય છે; તેનો પરિચય તે માગે છે. ઝાડપાન, પશુપંખી, તડકો, વરસાદ બધું જ તે કૌતૂકની નજરે જુએ છે. તેને વિષે પ્રશ્નો પૂછી પૂછીને આપણને હેરાન કરે છે અને જાતઅનુભવથ જ્ઞાન મેળવવા પણ જાય છે. પણ આપણે તો મોટે ભાગે, તેને બધેથી રોકીએ જ છીએ. "પાણીમાં ભીંજાઇ જઇશ," "તડકામાં તપી જઇશ," કૂતરું કરડશે" એમ કહી નિસર્ગથી તેને દૂર રાખીએ છીએ.

બાળક પોતાના હાથપગ એટલે કર્મેંદ્રિયો ને આંખ કાન હાથ એટલે જ્ઞાનેન્દ્રિયો વાપરવા માગે છે. તેને માટે

કામ માગે છે. તે લેાટેા ઉપાડે, કપડાં ધેાવા પ્રયત્ન કરે, લેાઢું પછાડે, રેશમી સાડી પર હાથ ફેરવે, રેાટલી વણવા બેસે, અનેક જાતના ઉદ્યોગેા કરવા નીકળે. પણ આપણે શું તેને એ કરવાની સગવડ કરી આપીએ છીએ? આપણે તેા આપણા કામ ને ઉપયેાગની દૃષ્ટિએ વિચાર કરીને તેને કયાંય ન અડવાની, ન ઉપાડવાની જ આજ્ઞા કરીએ છીએ. તેના હાથપગ નાનાં ને શક્તિ ઓછી અને ઘણી વાર એ શક્તિની બહારની મેાટી વસ્તુ ઉપાડવા નીકળે છે એ વાત સાચી. પણ તેથી શુ? બાળક નાનપણમાં જેવું પરાવલંબી હેાય છે તેવું ને તેવું જ શું તેને રાખવું? તેમને સ્વાવલંબનને માર્ગે શું મૂકવાં જ નહિ?

બાળકનું ઘર

આપણે આપણું ઘર રચીએ, રાચરચિલુ વસાવીએ, ચિત્રેા ને છબીઓ મૂકીએ છીએ ત્યારે, આપણી સાથે રહેનારાં આપણાં બાળકેાનેા જરા પણ વિચાર કરીએ છીએ ખરા? ચિત્રેા મૂકીએ તે કેટલાં ઊંચાં? બાળક તેા જોઇ જ શકતું નથી. પીંટીઓ પણ ઊંચી, ખુરસી, ટેબલ, કબાટ બધું આપણા કદનેા વિચાર કરીને વસાવીએ છીએ. જીવનમાં સ્વાવલંબી થવા માટે બાળકને તક જ કયાં આપીએ છીએ? તે લઇ શકે, મૂકી શકે એટલી ઊંચાઇએ ખીંટીઓ તેને માટે રાખીએ તેા? કેાઇ પણ નવી વસ્તુ ઘરમાં આવતાં બાળકને તે હાથમ લેવાનું મન થાય. પણ આપણે તે ઊંચે મૂકી દઇએ છીએ. બાળક હાથમાં લેશે ને ફેાડશે કે બગાડશે માટે તેને કાંઇ પણ હાથ જ આવવા ન દેવું? બાળક જે બધું શિખવા માગે છે જે પરિચય મેળવવા માગે છે, જે વસ્તુના ગુણધર્મ જાણવા માગે છે, તે બધું તેને કયાંથી શિખવાનું મળે? આ બાલશિક્ષણ માટે એક માસ્તર રાખીએ તેના કરતાં પણ તેને શિખવાની અને જીવવાની તક આપીએ એ વધારે અગત્યનું છે.

બાળકનું ભાષાશિક્ષણ

આપણે પારકા દેશમાં જઇએ તેા શું કરીએ છીએ? બાળકની જે સ્થિતિ આપણે ત્યાં થાય છે, તેવી જ આપણી સ્થિતિ ત્યાં હેાય છે!

જીવનવ્યવહાર માટે પ્રથમ આપણે આપણા ઉપયેાગની વસ્તુઓ શેાધીએ છીએ ને તેનાં નામેા જાણવા પ્રયત્ન કરીએ છીએ. બાળક પણ તે જ કરે છે. ફરી ફરીથી પૂછે છે ને જવાબ મેળવે છે. તેા આપણું કામ, તેના સ્વપ્રયત્નથી ભાષા શિખવાના પ્રયત્નમાં મદદ કરવાનું છે. તેની સામે બેાબડું ને કાલુ બેાલવાને બદલે શુદ્ધ ઉચ્ચારથી, સ્પષ્ટ ઉચ્ચારથી, ધીમે ને ટૂંકા વાકયેા બેાલવાં જોઇએ. આપણે તેા આપણી જ ઝડપથી બેાલીએ છીએ. આપણા ઉચ્ચારેા એકબીજામાં જોડાઇ જાય છે. ને કેવા લાંબા લાંબા વાકયેા ને કહેવતોને વ્યંગયુકત ભાષા તેની સાથે બેાલીએ છીએ? તેના શિક્ષણમાં મદદને બદલે આપણા બેાલવાથી ગૂંચવણ જ ઊભી થાય છે. ઘણી વાર તેા ઘરના માણસેા બાળકેાની સાથે બેાલતાં જ નથી. પહેલાંના, વખતમાં ડેાશીમા કે દાદાજી છેાકરાંને વાર્તા કહેતાં. હવે તેા તે પણ નીકળતું જાય છે. બાળકે ભાષા શિખવા માટે કયાં જવું?

સ્વપ્રયત્નનું શિક્ષણ અને શિક્ષણસાધનેા

બાળક જે બધું પેાતાના પ્રયત્નથી, પેાતાના પ્રયેાગેાથી, પેાતાના વિચારેા અનુભવેા પેાતે ગેાઠવીને શિખે છે એ જ ખરું શિક્ષણ છે. આપણે તેને તક આપવાની જ ખાસ જરૂર હેાય છે.

આપણે માનીએ છીએ કે, બાળકેાના શિક્ષણ માટે ઘણાં સાધનેા જોઇએ છે. પણ કુદરતે કયાં ઓછાં સાધનેા આપ્યાં છે? બાળક તેનેા ઉપયેાગ પણ કરે જ છે. આપણે તેને ઉપયેાગ કરવાની સગવડ કરી આપવી, ને કાંઇ નહિ તેા આડે ન આવવુ એ જ ખાસ જરૂરનું છે.

બાળક તેા પેાતાનાં શિક્ષણનાં સાધનેા પણ શેાધી કાઢે છે. આપણે પણ થેાડેા પ્રયત્ન કરીશું તેા ઘણાં સાધ । આપણને પણ જડી આવશે. એ દિશામા વિચાર ને શેાધ કરવાનું શરૂ કરવું જોઇએ.

બાળક શું કરવા માગે છે તે સમજીશું તેા ઘણું કરી શકીશું ઘરમાં માતા ધારે તેા કેટલાંય સાધનેા એની પાસે જ પડેલા હેાય છે. ઘણી સમજુ માતાઓ પેાતાની સાથે બાળકને કામ આપતી જાય છે. પણ આપણે, સામાન્યત:,બાળક જ્યારે કામ કરવા ઇચ્છે છે ત્યારે તેને આધું ખસેડીને અણઘડ બનાવીએ છીએ.

ઘર અને બાલમંદિર

જીવનવ્યવહારની ઘણી ખરી તાલીમ રસેાડામાં મળી શકે તેમ છે. બાળક હાથપગ

વાપરવા માગે છે, ક્રિયાઓ શિખવા માગે છે, તેમાં તેને મદદ કરો. તે લોટામાં પાણી ભરવા માગે છે, ભરવા દો. સાવરણીથી કચરો વાળવા માગે છે, વાળવા દો. તે વાપરી શકે એવી નાની સાવરણી કરાવી દો. બાલમંદિરો ગમે તેટલાં હોય પણ તેમને ઘરમાંથી સાથ ન મળે તો તે સફળ થવાના નથી. ઘર ને બાલમંદિર એકબીજાને પૂરક છે. શિક્ષક ગમે તેટલો સારો હોય તો પણ તે મા થઈ શકવાનો નથી. માટે જ વસતિગૃહવાળાં બાળમંદિરો હું પસંદ કરતી નથી બાલમંદિરો થયાં એટલે બાલજીવનમાં ઘરનું સ્થાન ઘટી જતું નથી. ઘર એ કુદરતી સંસ્થા છે. અશિક્ષિત, ગરીબ, ગમે તેવી હોય તો પણ માતાના હૃદયમાં જે પ્રેમ છે તે બીજી કોઈ પૂરો પાડી શકવાના નથી, તેથી, માતા કરી શકે તે કોઈ કરી શકવાનું નથી એ ભૂલવું ન જોઈએ.

ઘણી જગ્યાએ માતાઓની વૃત્તિ બાલમંદિરો પ્રત્યે એવી હોય છે, કે બાલમંદિર બધું કરશે; પણ તે સાચું નથી. બાલમંદિર દિશા બતાવી શકે; તેને પ્રત્યક્ષ જીવનમાં ઉતારવાનું કામ ઘરે જ થઈ શકે છે.

બાળક તરફ જોવાની દૃષ્ટિ

બાળકને વ્યક્તિ તરીકે સન્માનવી જોઈએ. તે નાનું હોય છે; છતાં, તેના વિચાર, ભાવના, બધું જુદું હોય છે તે આપણે ધ્યાનમાં રાખવું જોઈએ. આપણે તેને તુચ્છકારીએ છીએ, તેના અજ્ઞાનને હસીએ કે ફિટકારીએ તેનાથી તેનું સ્વાભિમાન હણાય છે, તેનું મન દુઃખિત થાય છે. તે આપણી જેમ જ એક વ્યક્તિ છે ને તેનું સન્માન જાળવીએ તેમાં તેની ને આપણી મોટાઈ છે.

બીજું, આપણે એમ ન માનવું જોઈએ, કે બાળક એક માટીના ગોળા જેવું છે. આપણે ધારીએ તે ઘાટ એમાંથી ઘડી શકીએ. બાળક પોતાની શક્તિ-અશક્તિ લઈને જન્મે છે ને તે અંદરથી વધે છે. આપણે બધાં તેનાં સાધનો છીએ, તેનું વાતાવરણ છીએ. આપણી તેને મદદ કે અટકાયત થઈ શકે. પણ તેને આપણે ધારીએ તેમ બનાવી ન શકીએ.

જેમ થોરનો રોપ હોય તો અનુકૂળતા મળ્યે સારો એવો થોર થાય ને બાવળનો રોપ બાવળ થાય. તેને પૂરક પોષણ વધવાની અનુકૂળતા પ્રતિકૂળતા વાતાવરણમાંથી મળે; તેમ જ બાળક માટે આપણે મહત્ત્વાકાંક્ષા રાખીએ કે તેને મહાત્મા બનાવવો છે, કે તેને દેશનો પ્રેસિડન્ટ બનાવવો છે, કે મોટો ડૉકટર બનાવવો છે તે કામ ન આવે. તેનામાં રહેલી શક્તિઓ ખીલવાનો અવકાશ આપવાનું આપણું કામ છે.

નવો સમાજ

આપણે–વિચારકો નવી જાતનો સમાજ ઊભો કરવા માગીએ છીએ; નવી દુનિયા ઉત્પન્ન કરવા ઇચ્છીએ છીએ તે કયાંથી બને? બાળકોને નવી દૃષ્ટિએ ઉછેરીએ તે જ એ શકય છે.

એ આપણે સમજવું જોઈએ. બાળકો સાથે વર્તવાની આપણી રીત આપણે બદલવી જોઈએ. એક-બીજા સાથે વર્તવાની નવી રીત જીવનમાં આણવી જોઈએ. ત્યારે, પ્રેમ અને અહિંસા ઉપર રચાયેલો સમાજ ઉત્પન્ન થશે. બાલ્યાવસ્થામાં આપણે દ્વેષ અને સ્પર્ધા ઉપર બાળકોને જીવતાં શિખવીએ, તેના ગુના માટે મારીએ, ધમકાવીએ, વઢીએ, તો સમાજ પલટો થવાની આશા કેમ રાખી શકીએ?

આજે આપણી આગળ મોટામાં મોટું કાર્ય એ જ છે.

(કરાડીના ભારત વિદ્યાલયના રજતમહોત્સવ પ્રસંગે શ્રી૦ તારાબેન મોડકે બાળસંમેલનના પ્રમુખ તરીકે વ્યકત કરેલા કેટલાક વિચારો)

બાલશિક્ષણની શાસ્ત્રીય ભૂમિકા

(ફેબ્રુઆરીના અંકથી ચાલુ)

પહેલા લેખમાં અજાગૃત (Subconseious) મનના સંશોધન વિષે અને તે જ પ્રમાણે બાળકની પૂર્વપ્રાથમિક ઉંમરના વિકાસમાં અજાગૃત મન દ્વારા જ વધારે વિકાસ થાય છે એ સંબંધી ટૂંકમાં વિવેચન કર્યું હતું.

આજ સુધીના શિક્ષણશાસ્ત્રનો વિકાસ જાગૃત મનના ગુણધર્મોને અનુસરીને થયો છે. ચાલુ શિક્ષણની પ્રણાલિકામાં શિક્ષક, વિદ્યાર્થી, શાળા, શૈક્ષણિકપદ્ધતિ અને સાધનો વગેરેનું જે એક તંત્ર નિર્માણ થયેલું છે, તે તંત્ર, અજાગ્રત મનના વિશિષ્ટ કાર્યસમતાના કાળમાં એટલે કે પૂર્વપ્રાથમિક વયમાં આપણને ઉપયોગી થાય તેમ નથી; એટલું જ નહિ, તે તંત્ર આપણે પૂર્વપ્રાથમિક શિક્ષણની યોજના કરવામાં વાપરીશું તો આપણી

ભાવિ પેઢી ઉપર એના નિશ્ચિત દુષ્પરિણામ થશે એની જાણ વિચારશીલ અને અનુભવી શિક્ષકોને થવા લાગી છે એમ દેખાય છે.

કોઈ પણ શિક્ષણપ્રણાલિમાં શિક્ષક એ મહત્ત્વનું અંગ છે, પૂર્વપ્રાથમિક શાળામાં એ મહત્ત્વના અંગની નવીન ભૂમિકા બાબત આ લેખમાં વિચાર કરવાનું ઠરાવ્યું છે.

'આ છોકરો ખૂબ જ હોશિયાર છે અને 'આ તદ્દન ઢ છે.' 'એ છોકરી આટલા દિવસથી શાળામાં આવે છે પણ એક પણ ગીત એને મોઢે આવડતું નથી. લખવામાં ચાર લીટી સરખી આંકતાં આવડતું નથી. એકલાં ગોળકુંડાળાં કાઢે છે. તદ્દન મંદ છે. પેલી બાજુની છોકરી ઘણી જ વ્યવસ્થિત છે. એનું બધું કામ કેટલું ચોખ્ખું ને ચોક્કસ છે. જુદી જુદી પ્રકૃતિનાં બાળકોની નોંધ શિક્ષકે જરૂર રાખવી જોઈએ પણ એ અવલોકન ઉપરથી તેણે પોતાનો મત બાંધી લેવો એ બરાબર નથી. કારણ, પૂર્વપ્રાથમિક ઉંમરમાં બાળકનું મન, તેનું વ્યક્તિત્વ અત્યંત ગતિશીલ હોય છે. ચિત્ર દોરતી વખતે કોઈ ચિત્રકાર શરૂઆતમાં હાથની સ્વૈર હાલચાલથી પેન્સિલના લસરકા લગાવે છે, તો કોઈ વાર એકદમ શાંત બનીને બાજુમાં બેસી જઈ વિચારમગ્ન બને છે, તો કોઈ વાર એની ગતિમાં વિલક્ષણ વેગ જણાય છે, તો કોઈ વાર એકદમ ધીમો પડી જાય છે એવી રીતે ચિત્ર બનાવતી વખતે એનું કોઈ અવલોકન કરે અને દરેક વખતે, પલટાતી રેખાઓ પરથી જો એના ચિત્ર વિષે અગર ચિત્રકાર વિષે પોતાનો મત બાંધવા લાગે તો તે જેમ નિરર્થક ઠરે, તેમ પૂર્વપ્રાથમિક વયનાં બાળકના વર્તન ઉપરથી તેના વ્યક્તિત્વ વિષે મત બાંધવો નિરર્થક ઠરશે. વિદ્યાર્થીનું બુદ્ધિમાપન અથવા વ્યક્તિત્વમાપન કરીને તેની ઉપરથી નિશ્ચિત મત બાંધી લેવો એ પૂર્વપ્રાથમિક શિક્ષણની પ્રણાલિકામાં માત્ર નિરર્થક જ નહિ, પણ કોઈ કોઈ વાર વિદ્યાર્થીની દૃષ્ટિએ ઘાતક પણ બને.

પૂર્વપ્રાથમિક શિક્ષકનો બાળકની અંતર્ગતિ, અમર્યાદ સુપ્તશક્તિ ઉપર સંપૂર્ણ વિશ્વાસ હોવો જોઈએ. એ અમર્યાદ નિતની પ્રેરણાથી જ બાળકો પોતાની મેળે શિખે છે. પ્રત્યેક બાળક એ અંતર્યામી, શિખવવા માટે સદા તત્પર એવો શિક્ષક, કુદરતે નિર્માણ કરેલો છે. આપણા શિખવવાથી જ વિદ્યાર્થી શિખે છે એ કલ્પના નવીન શિક્ષકે નહિવત્ કરી નાખવી જોઈએ. દરેક બાળક સામે જે પરિસ્થિતિ હશે તેમાંથી પોતાનું પોષણ તે શોધે છે જ. મનુષ્યપ્રાણી કરતાં કનિષ્ઠ કોટિના વનસ્પતિના રોપા પણ આ પોષણ મેળવવાનું કાર્ય કુદરતી પ્રેરણાથી અવિશ્રાન્તપણે કર્યા કરે છે. તો પછી માનવી રોપા બાબત જ આ પ્રેરણા લુપ્ત થઈ જાય છે એમ શી રીતે માની શકાય?

વડનાં બીમાં જ જેમ તેનું મહાવૃક્ષ સમાયેલું છે તે જ પ્રમાણે દરેક બાળકમાં તેનું વ્યક્તિત્વ સમાયેલું છે. ડાળ, પાંદડાં, ફૂલ અને વૃક્ષનું લાક્ષણિક વૈવિધ્ય બહારથી અંદર જતું નથી. બહારની પરિસ્થિતિને ટાળીને, અનુકૂળ પરિસ્થિતિ નિર્માણ કરીને ડાળ, પાંદડાં, ફૂલ વગેરે ક્રમશઃ વિકાસ કરી લે છે. વિકાસની પ્રેરક શક્તિનું કેન્દ્ર અંદર હોય છે. બાહ્ય પરિસ્થિતિ આ પ્રેરક શક્તિને પોષક હોય છે અથવા રોધક પણ હોઈ શકે છે. પરંતુ મનુષ્યની વિકાસશક્તિનું ખરું કેન્દ્ર બાળકની અંદર જ હોય છે, જે શિક્ષકે જાગૃત રહીને ઓળખી લેવું જોઈએ અને તે પ્રમાણે સંયમી બનીને શિખવવું જોઈએ. અંદરની પ્રેરણાથી જ વ્યક્તિત્વનો, બુદ્ધિનો, અંતઃકરણનો અને જ્ઞાનનો વિકાસ બાળક પોતે જ કરી લેશે. બાળકના આ કાર્યમાં શિક્ષકનું કામ શિખવવાનું કરવા કરતાં સેવાનું છે.

એક બાજુ માનવનિર્મિત સંસ્કૃતિ અને બીજી બાજુ વારંવાર નવીન રૂપ ધારણ કરનારું આત્મતત્ત્વ (બાળક), આ પરસ્પર આકર્ષનાર બે મહાન તત્ત્વના સંયોગમાં પોતાના સેવાકાર્યથી મદદરૂપ બનનાર એજન્ટ તે શિક્ષક છે.

શિક્ષક શિખવી શકતો નથી; તે ફક્ત પરસ્પર આકર્ષણ કરનારાં બે રસાયનિક દ્રવ્યોના સંગમાં નિમિત્ત બનનાર મદદનીશ દ્રવ્યનું જ કામ કરી શકે છે. આ કલ્પના પૂર્વપ્રાથમિક શિક્ષણપદ્ધતિમાં બીજી પ્રાથમિક, માધ્યમિક અથવા ઉચ્ચ શિક્ષણપદ્ધતિ કરતાં પણ વધારે સ્પષ્ટ હોવાની જરૂર છે. સજા, ઇનામ, માર્ક પરીક્ષા અને પ્રશસ્તિ અથવા પ્રાવીણ્યપત્રકોના ઉપયોગ વિરુદ્ધ શિક્ષણસ્ત્રીઓ બોલવા લાગ્યા છે છતાં ચાલુ ઘરેડમાં આજ પણ એનો સરેરાશ ઉપયોગ કરવામાં આવે છે. આપણી વીન પદ્ધતિમાં આ વસ્તુનો આપણે સંપૂર્ણ ત્યાગ કઈ રીતે કરી શકીશું એની

ઉપર જ આપણા ક્ષેત્રમાં આપણી ધણીખરી પ્રગતિ અવલંબે છે એ નવીન બાલશિક્ષકોએ સમજવું જોઇએ.

નવીન બાલશિક્ષકને બાળકની મર્યાદિત અતઃશક્તિ ઉપર સંપૂર્ણ વિશ્વાસ હોવો જોઇએ.

સજા, બક્ષિસ વગેરે શિક્ષણોત્તેજક મનાતા ઉપાયોનો ત્યાગ કરવો જ જોઇએ વગેરે બેત્રણ બાબતો વિષે આ પહેલાં જે વિવેચન કર્યું તેનો અર્થ નવીન બાળશિક્ષકે મંદિરમાંની નિર્બુધ, નિર્વિકાર મૂર્તિ પ્રમાણે બાલમંદિરમાં ઊભા રહેવાનુ છે અને બાળકને જે કંઇ લાગે તે મરજી મુજબ કરવા દેવાનું છે એવું કોઇ પણ સૂજ્ઞ શિક્ષક કરશે નહિ. શિક્ષક વિષેની જૂની કલ્પના અને તેની કાર્યપદ્ધતિ છોડવી એનો અર્થ શિક્ષકે નિષ્ક્રિય બનવું એવો નથી.

ઘણીવાર નવીન બાલશિક્ષકને બાગના માળીની ઉપમા આપીને તેની નવીન ભૂમિકા સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. બાગમાં વનસ્પતિના ઉછેર માટે માળીને જમીનની આવજત કરવી, નકામા ઘાસને કાઢી નિંદી નાખવું, આંતરપાણી, ઠંડીગરમી, પવન વગેરે દરેક બાબત વનસ્પતિના વિકાસમાં અનુકૂળ બને તે પ્રમાણે દરેક રોપાને મળે એની તજવીજ કરવી પડે છે એ આપણે જોઇ શકીએ છીએ. માનવી માનવીસંસ્કૃતિની પાર્શ્વભૂમિ હમેશાં ખેડીને ઇતિહાસ તૈયાર કરે છે. એ જમીનને માનવી વિદ્યા, કલા, વિજ્ઞાન રૂપી પાણી અને ખાતર પૂરું પાડે છે. એ જમીનને પોતાના રોપાને અનુકૂળ રીતે તૈયાર કરવાનું કામ શિક્ષકનું છે. સંસ્કૃતિની આ જમીનમાં ખાડાટેકરા હોય તેને ખોદી, ખેડી સરખા કરવા જોઇએ ખાતર તરીકે ઉપયોગી થાય એવા ક્ષાર બાણોમાંથી ખોદી લાવવા જોઇએ; અને પોતાની વાડીમાં એ ખાતર પૂરવું જોઇએ. જુદા જુદા સંપ્રદાયોના સામાજિક, ધાર્મિક અને રાજકીય વંટોળિયા ઊઠે તે વખતે તેનાથી પોતાના કુમળા છોડનું રક્ષણ કઇ રીતે કરવું એ તેણે જાણવું જોઇએ. ઊગી નીકળનારા નુકસાનકારક ઘાસને નિંદી કાઢી નાખવાની કળા તેણે શિખવી જોઇએ. માળી કરતાં અનેકગણું મુશ્કેલ કામ નવીન બાલશિક્ષકનું છે. માળીના બાગની જમીન મર્યાદિત હોય છે, જ્યારે શિક્ષકની જમીનનું ક્ષેત્ર સ્થળની દૃષ્ટિએ માનવસંસ્કૃતિ જેટલું જ અમર્યાદ છે. માળી જે બી વાવે છે અને રોપે છે તે બી તેના બાગમાં જ પેદા થયેલું અને રોપા પણ ત્યાં જ ઊછરેલા હોય છે; જ્યારે બાલમંદિરમાં આવનારા કુમળા રોપાનો ભૂતકાળનો અનુભવ શિક્ષકને માટે અજ્ઞાત હોય છે. દરેક ઘેર ઘરથી આવનારા આ બાલરોપ જુદી જુદી પરિસ્થિતિમાંથી આવેલા હોય છે. માળીના રોપાના વિકાસનાં પગથિયાં કુદરતે જ નક્કી કરી દીધેલાં હોય છે તેથી તે મર્યાદિત છે. કાંટા, પાન, ફૂલ, ફળ વગેરેનો વિકાસક્રમ નિશ્ચિત્ હોય છે. જ્યારે માનવીરોપાના વિકાસની મર્યાદા કોણ કરી શકે? બુદ્ધ, ટિલક અને ગાંધીજી જેવા મહાન વ્યક્તિત્વ પ્રાપ્ત કરનારા પુરુષો પણ એક કાળે જુઓ તો શિક્ષકના બાગના નાનકડા રોપા જ હતા શિક્ષક અને માળી એમનો વચ્ચે જેમ સરખાપણું છે તેમ ભિન્નતા પણ છે.

ઉપર એક વાર કહ્યા પ્રમાણે એક બાજુ નવરૂપ ધારણ કરીને આવેલો નિસર્ગનો અત્યુચ્ચ પ્રતિનિધિ, તો બીજી બાજુ, માણસે વિકસાવેલી આજ સુધીની સંસ્કૃતિઃ શિક્ષક આ બન્નેનો સેવક છે.

એ પ્રતિનિધિને પહેલાં શિખવવાનો પ્રયત્ન ન કરતાં, તેને સમજવાનો પ્રયત્ન કરવો જોઇએ. કુદરતની પેઠે જ સ્વયંવિકાસની પ્રબળ પ્રેરણાથી આ પ્રતિનિધિ એકસરખો આગળ વધે છે. તેના જાગૃત મનની કક્ષામાં આવનારી બાબતો કરતાં તેના અજાગ્રત મનની ભૂમિકામાં આવતી અનેક બાબતો આત્મસાત કરી લેવા હમેશાં એ તત્પર રહે છે. એવા પ્રતિનિધિની સેવા કરવા માટે. શિક્ષકે પોતાની સંસ્કૃતિની પ્રગતિ સંબંધેનું જ્ઞાન સારી રીતે મેળવી લેવું જોઇએ; તો જ તે નવીન બાલશિક્ષકની ભૂમિકા પ્રાપ્ત કરી શકશે.

આગળ ઉપર આપણે શિક્ષણનાં અન્ય અંગોનો ક્રમશઃ વિચાર કરીશું.

મરાઠી ઉપરથી. **શેષ નામલે**

ક્ષમાયાચના

કેટલાક અણધાર્યા સંજોગો ઊભા થવાથી આ અંક પ્રગટ થવામાં ઠીક ઠીક ઢીલ થઇ છે, જે માટે સભ્યોની ક્ષમા યાચીએ છીએ. ભવિષ્યમાં અંક નિયમિત પ્રગટ થાય એમ કરવા બનતુ કરવામાં આવશે.

વ્યવસ્થાપક

રોજ રોજ અને ઘરે ઘરે

સરોજ અમારા આલમ હેરમાં આવતી છોકરી છે. નિશાળમાં એનું વર્તન વિચિત્ર હોય છે.

કોઇ બાળક કાંઇ ગોઠવે કે તત એ જઈને પાડી નાંખે

કોઇ સારું ચિત્ર દોરે તો એ એના પર લીટા પાડે.

કોઇ કાંઇ કરે કે બોલે, સારુ હોય તો પણ એનું કામ તો અડુ જ ચાલે

હું મનમાં વિચાર કરવા લાગી કે, સરોજના જીવનમાં શું ઓછું હશે! એને શું દુઃખ હશે! એનું મન આમ અસ્વસ્થ કેમ રહે છે? એનું વર્તન આવું અસામાજિક કેમ હોય છે?

એક વાર હું એને ઘરે ગઇ. એના પિતાજી સાથે વાતો ચાલતી હતી. એના પિતાજી કહે: "એન, અમારી સરોજ તો બહુ જ હઠીલી છે. એ કોઇ પણ રીતે સુધરતી જ નથી." મેં પૂછ્યું: "એને ઘરમાં કોઇ વઢે છે અથવા મારે છે?' પિતાજી કહે: "બાળકને મારવું પણ પડે અને વઢવું પણ પડે—જો સરખા ન ચાલે તો પણ એ છે જ—એવી."

આમ વાતો ચાલતી હતી ત્યાં સરોજ પોતે જ બહાર આવી. મને જોઇને પાસે આવી. ત્યાં તો કોઇ એક માણસ કશાકની યાદી લઇને આવ્યો એટલે એના પિતાજીએ કહ્યું: "જા, ઘરમાંથી આઠ આના લઇ આવ."

સરોજ દોડતી અંદર ગઇ અને થોડા વખત પછી બહાર આવીને કહે: 'આઠ આના નથી."

"નથી એટલે શું? જા લઇ આવ."

સરોજ પાછી અંદર દોડી અને બહાર આવી; પણ સામે આવીને ઊભી ન રહે.

પિતાજી ખિજાઇને બોલ્યા: "જા, લઈ આવ!" ત્યારે સરોજ ગભરાઇ ગઇ. એને શુ કરવુ એ કાંઇ સૂઝતું નહોતું. આખરે અંદર ગઇ અને પાછી બહાર આવીને પાડોશમાં ગઇ.

અંદર એના બા બારણા ખખડાવતા હતા અને બોલાવતા હતા. અંદર જઇને જોયું તો સરોજે રુમને બહારથી આગળિયો વાસી દીધો હતો.

મેં આગળિયો બોલ્યો ત્યારે સરોજના બા ખિજાઇને બહાર આવ્યા અને બોલ્યા: "જોયું, કેવી નટખટ છે સરોજ તમારી! એને શુ કરવું તે સમજાતું નથી. અને આમ ને આમ જ પછી મર ખાય છે."

હું વિચાર કરતી કરતી ઘરે આવી. બીજી વાર એના પિતાજીએ ધમકાવીને જ્યારે એને અંદરથી પૈસા લાવવાનું કીધું હતું ત્યારે થયેલું એનું બીબેલું મોઢું મારી નજર સામે જ રહ્યા કર્યું, અને એ દિવસે કેટલી યે વાર મેં મનમાં કીધું હશે: "બીચારી સરોજ."

હું ફરીથી એક વાર સરોજને ઘેર ગઇ હતી. અંદર સીધી એના બા પાસે જ ગઇ. સરોજે મને જોઇ અને એ મારા બોળામાં આવીને બેઠી

થોડી આમતેમ ઘણી વાતો થઇ. પછી સરોજ કહે: "બા, મારા નવા નવા ફ્રોક એમને બતાવ ને!' એના બાને, બતાવીએ કે નહિ એમ વિચાર કરતા જોઇ મેં જ કહ્યું: 'વાહ! નવાં નવાં ફ્રોક છે સરોજ, મેં તો હજી જોયાં જ નથી. કયારે શિવડાવ્યાં. બતાવો છો કે?"

સરોજે ફરીથી કહ્યું: "બા, બત વ ને."

બાએ કબાટ બોલ્યો અને સરોજે એના હાથ નીચેથી માથું નાખી ફ્રોક કાઢવા માટે હાથ આગળ ધર્યો ત્યાં તો બાએ એને એકદમ ધકેલી દીધી અને કીધું: "તું બસી જા તો પહેલાં, કશું સરખું રહેવા દેશે નહિ" સરોજ બસી ગઇ અને બાએ ફ્રોકની ગડીઓ બહાર કાઢી અને એક એક, એક એક બતાવવા લાગ્યા.

સરોજને સૌથી નીચે હતું એ ફ્રોક બહુ ગમતું હતું; એ બતાવવાની એને ઉતાવળ થઇ. એણે ફરીથી વચમાં હાથ નાખી એ ફ્રોકની ગડી ખેંચી.

બા ફરીથી વઢ્યા અને ધમકાવી કે એ જો આમ કરશે તે એને ફ્રોક મળશે જ નહિ

બાએ બધાં ફ્રો. બોલીને મને બતાવ્યાં. મેં પણ હોંશે હોંશે જોયાં. પછી બા એને સંકેલવા લાગી. સરોજ પણ એક ફ્રોક હાથમાં લઇ સંકેલવા લાગી. બાએ તરત એ બેંચી લીધું અને બોલ્યા: "તને શું સંકેલતા આવડવાનુ હતું? બધાં બગાડી નાખીશ. ચાલ, તારી ગડબડ જરા બંધ કર અને દૂર બેસ."

સરોજનું મોઢું વીલું થઇ ગયું. એ બસી ગઇ. ફ્રોક એને માટે શિવડાવ્યાં, અને એને અડવાનું નહિ. એણે કોઇને બતાવવાયે નહિ. એણે સંકેલવાના પણ નહિ. માત્ર બાને યોગ્ય લાગે માટે એ પહેરાવે; અને એ પણ જાણે

પારકાનો માલ હોય એમ સમજી એ ફ્રોકને પહેર્યા પછી સંભાળવાનો. કારણ, મેલાં થાય, એની ઇસ્ત્રી જાય તો ખા વધવાની.

એના કરતાં સાદા ફ્રોક સીવીને એનેજ સુપરત કરવામાં આવે તો, સરોજને વધારે સુખ થાય એમ કરે તો.

ડગલે ને પગલે એનું મન ડધાઇ જતું હતું!

એને ફ્રોક કેવી રીતે સંકેલવું તે બતાવ્યું હોત તો? એ કરી રહે પછી પોતે એને જરા સરખા કરી લેતી હોત તો?

ઘરે ઘેરે રોજ ને રોજ બાળકોની સાથે આવું વર્તન ચાલે છે. "તને આવડતું નથી." "આવડશે નહિ." 'તું આઘો બસ." "તું ઢોળીશ." "તું પાડીશ."

પછી કહેવાતું : છોકરા હઠીલા છે. એમને મારવાં જ જોઇએ. આનો ઉપાય શો?

બાલજીવનની આ કરુણ કથા કયારે પૂરી થવાની?

સરોજ વિશે એની શિક્ષિકાઓ કહે છે: "વિચિત્ર છોકરી." "અસામાજિક છોકરી!" 'વિનાશક વૃત્તિવાળી છોકરી." એના માબાપ કહે છે: "હઠીલી છોકરી. મારી મારીને ઠેકાણે લાવવી પડશે."

હું કહું છું: "બીચારી છોકરી. માબાપોના આ જ્ઞાનમાં હોમાઇ જતાં અનેક બાળકોમાંનું એક બાળક!!"

તા૦

જોયું જાણ્યું અને આલેખ્યું

"આ તો જરા બીવડાવું છું"

૧૯૪૫ના મે મહિનાની વાત છે. વ્યાયામપ્રચાર અને ગ્રામસંપર્કની દૃષ્ટિએ વીસેક વિદ્યાર્થીઓની ટુકડી લઇ પ્રવાસે ગયો હતો. રાતનો સમય હતો. ગરમી અસહ્ય હતી. વાલમ (તા૦ વિસનગર)નું તળાવ ખૂબ જ વિશાળ છે. મન થયું: જરા નાહી આવું. નહાઇ પરવારી કપડાં ધોતો કિનારે બેઠો હતો. ત્યાં એક ભાઇ આવ્યા. સાથે એક બાળક ભેંકડા તાંડી રડતું હતું.

"ડૂબાડી દઉં છું" કહી એ કાકા બાળકને પાણીમાં ઝબોળે અને બહાર કાઢે. ફરી ફરી પૂછ્યા કરે: "હવે તોફન કરીશ?" "તારી બાને હેરાન કરીશ?" છોકરો રડતો રડતો જવાબ આપે: "ના." આ જોઇ મેં પૂછ્યું: "કાકા, શું કરો છો?"

"આ છોકરાને તળાવમાં ડૂબાડવા આવ્યો છું"

"કેમ?"

"એની માને હેરાન કરે છે."

"તો ડૂબાડી દો ને."

"તમે પણ શું મારા ભાઇ! એમ તે કંઇ ડુબાડાય? એ તો પેટનો છોકરો છે. આ તો જરા બીવડાવું છું."

આમ કહી કાકા બાળકને લઇ પાછા વળ્યા. મને થયું: છોકરો માને હેરાન કરતો અટકયો હશે કે નહિ એ તો કાકા જાણે અને ભવિષ્ય જાણે; પણ એટલું તો ચોકકસ કે કુમળી વયમાં બાળક પર પડેલ પાણીની બીક એને માટે ભવિષ્યમાં તરતાં શિખવાનું અશકય નહિ તો પણ મુશ્કેલ તો કરી જ મૂકશે.

બાપા જ ગુરુ

આઠેક મહિના પહેલાંની વાત છે. બજારમાંથી આવતો હતો. રસ્તે એક દશ વર્ષનો વિદ્યાર્થી હોકો ગડગડાવતો અને મોઢામાંથી ધૂમાડા કાઢતો આવતો હતો. સહેજે નવાઇ લાગી. વિદ્યાર્થીને ઊભો રાખી પૂછ્યું:

"અલ્યા, આટલો નાનો થઇ હોકો પીવે છે તે તારા બાપા વઢશે નહિ?"

"મારા બાપાએ જ કહ્યું છે કે ફૂંકતો ફૂંકતો આવજે!"

"તારા બપાએ કહ્યું છે?" વિસ્મય પામી મેં પૂછ્યું.

"હા, મારા બાપાએ કહ્યુ છે કે ..ઘેરથી દુકાને પહોંચતાં ચલમ બુઝાય ન જાય માટે ફૂંકતો ફૂંકતો આવજે" એમ કહી છોકરો આગળ વધ્યો. મનમાં થયું: બાપા બરા ગુરુ બન્યા! પણ હોકાની ચલમ સળગતી રાખતાં બાળકના વિકાસની ચિનગારી કદાચ બુઝાઇ જશે તેનું શું?

પુનમચંદ શાહ

બાલમંદિરોને

નૂતન બાલશિક્ષણસંઘની મુંબઇ શાખાએ બાલમંદિરોના કેટલાક પ્રતિનિધિઓ ચૂંટી બાલમંદિરોના શિક્ષકોના પગાર તથા રજાઓના સંબંધમાં આપસમાં વિચાર વિનિમય કરીને એક નિશ્ચિત ધોરણ નક્કી કરવાની યોજના કરી છે. મુંબઇની બહારના સંઘને જોડાયેલા બાલમંદિરોના શિક્ષકો તથા ચાલકો આ બાબતમાં પોતાનો મત જણાવે તો સર્વસાધારણ યોજના તૈયાર કરવામાં સુવિધા થશે. માટે આપે આપનો મત 'સંપાદક, શિક્ષણપત્રિકા' એ સરનામે મોકલાવવો.

બાબીબેન મૂળજી
મંત્રી: નૂ. બા. શિ. સંઘ, મુંબઇ શાખા

પાણીનો રસિયો

કિસનભાઇને પાણી ખૂબ ગમે. પાણી દેખે ને તેમાં છબછબ કરવા મંડી પડે. ડોલમાં પાણી હોય. ઊભા થઇ કાંઠો પકડી ડોલ ઊંધી વાળે જ છૂટકો. બા રાંધતી હોય. પાણીનો લોટો હાથમાં આવતા તેના ઉપર તાપ મારી જ છે. ઓં... હુ ...થાય એટલામાં તો કિસનભાઇએ લોટો ઊંધો વાળ્યો જ છે. બા ભલે ને રાડો પાડે. 'અલ્યા નખોદિયા,' કહી એક બે ધોલથપાટ કરે પણ એ ઘડી શાણા બની સાંભળી રહે અને ફરી પાછા લાગ મળતા પાસે પડેલો ઘડો ઊંધો વાળે ત્યારે જ ઝંપે.

કિસનભાઇ પાણીના ખૂબ રસિયા હતા.

એમની બા એમને નદીએ લઇ જાય પણ અંદર પગ મૂકવા ન દે. બાળકોને પાણીમાં હાથ નાખવાનું ને પાણી ઉડાડવાનું ખૂબ ગમે છે એ આપણે ભૂલી જઇએ છીએ અને આપણી નકકી થએલી માન્યતાઓ પ્રમાણે જ બાળક સાથેનો વર્તાવ કરીએ છીએ. બાળક ઘણુંયે મનમાં કહે છે કે મારી બા પાસે આટલાં બધાં 'નહિ' કેમ! અને ધીરે ધીરે બાળકોમાં પછી પૂર્વગ્રહો બંધાય છે. આજના પતિપત્ની વચ્ચેના કલહો, શેઠનોકર વચ્ચેની તાણાતાણી અને ઊંચનીચના ઊભા થયેલા ભેદો આવા આગ્રહી મંતવ્યોમાંથી જન્મ્યા હોય છે. બાળક પાણીના ઉડાડવામાં હાથના સ્પર્શથી ઊડતાં સ્પંદનોમાંથી કંઇક મેળવતું હોય છે જ. બાળક આગળ 'નહિ'ની મોટી વાડો ખડી કરી દેવાથી એ આડે રસ્તે જઇને અતૃપ્ત ઇચ્છાઓ તૃપ્ત કરે છે જ.

અમે દર રવિવારે બાળકોને બહાર પર્યટને લઇ જઇએ છીએ. એક વાર અમે નદીએ ફરવા જવાનું રાખેલું. કિસનભાઇ અને બીજાઓની અજબ શકિતઓ ત્યાં દર્શન થયેલાં. પછી તો અમે ઘણી વાર બાળકોને નદીમાં છૂટા મૂકી દઇએ છીએ બાળકો માટે નહિ, પણ અમારા માટે અમે થોડા નિયમો રાખ્યા છે. કપડાં બદલાવીએ. ફરમાનો ઓછાં દઇએ—ન જ દઇએ. પાણીના રસિયા હિંમતવાળાને આગળ જવા દઇ બીજાઓ ધીરે ધીરે તેમનું અનુકરણ કરે તેમ કરવા દઇએ. કેટલાંક કાંઠે ઊભાં જ રહે, ને ટગર ટગર જોયા કરે તેમને ઊતરવાનો આગ્રહ ન કરીએ. નદીની બીજી અને ત્રીજી મુલાકાતે તો કાયરોએ તેમની કાયરતા છોડી છે. ડરપોક બાળકો હિંમતવાન બન્યાં છે હિંમતવાન બાળકોએ સાની સાથે રહેવાની શિસ્ત કેળવી છે. ચારપાંચ વર્ષનાં બાળકો નદીસ્નાન પછી પોતાનાં કપડાં પોતે ધોતાં, નીચોવતાં અને ગડી વાળી પોતાની થેલીમાં મૂકતાં થયાં છે.

કિસનભાઇની માતા કિસનભાઇને આમ સ્નાન કરીને આવતા જોઇ નદીની એમની મસ્તી—કૂચની વાતો સાંભળી ખુશ થયાં છે

ચાર દીવાલોમાં જે જ્ઞાન નથી મળી શકયું તેથી વધુ જ્ઞાન મેળવ્યાનો બાળકોને સંતોષ થયેલો અમે જોયો છે. અમે પણ નદીના જળમાં ક્રીડા કરતાં બાળકોને જોઇ તેમનામાં રહેલી અજબ શકિતના દર્શન કરી સંતોષ અનુભવ્યો છે.

બાલમંદિર અને પ્રાથમિક શાળાના શિક્ષક બંધુઓને મારી વિનતિ છે કે એક વાર નદી—તળાવના નાનનો બાળકોનો કાર્યક્રમ ગોઠવી પાણીના એ રસિયાઓને સાચી રીતે ઓળખવા પ્રયત્ન કરે.

રતિભાઇ બાજીન

એ તત્ત્વ કયાંથી આવ્યું?

મારા બાલમંદિરમાં કનુભાઇ રોજ આવે છે. તે સૌને પ્યારા લાગે છે. કનુભાઇનો એક પ્રસંગ બહુ સુંદર છે. તે એમ હતો કે, આમ તો રોજ કનુભાઇ નાસ્તા સમયે શાંત બેસે, પ્રાર્થના કરે અને જમણે હાથે જ ખાય. આ રીતે કનુભાઇ આચાર—પાલનમાં પ્રથમ નંબર રાખે. એક વખત કનુભાઇએ પોતાના બાપુજીને કહ્યું કે, "બાપુજી! મારા ગુરુજી મારા કરતાં વધારે નાસ્તો ખાય છે." બાપુજી પણ સાચું જ માની બેઠા અને તેમણે મને બોલાવી વાત કરી કે, "ભાઇ! તમે નાસ્તો વધુ ખાઓ છો એવી ફરિયાદ છે." મને ખૂબ નવાઇ લાગી, આ તત્ત્વ કયાંથી આવ્યું? સાધારણતયા બાલમંદિરમાં તો સહનાવવતુ મંત્રને અક્ષરશઃ અનુસરતું વાતાવરણ પેદા કરવામાં આવે છે. ગુરુશિષ્ય-અનુચર વગેરે સાથે બેસી એકસરખો નાસ્તો લ્યે છે, છતાં આ તત્ત્વ કયાંથી ઉદ્‌ભવ્યું? મેં તો તે વાલીને તે પ્રસંગને ઉચિત એવો પ્રત્યુત્તર આપ્યો કે, "હોય ભાઇ! બાળક અસત્ય તો ન જ બોલે. પરિસ્થિતિ એના ઘડતમાં ખૂબ જ ભાગ ભજવે છે. છતાં હું તપાસ કરીને આપને આ બાબત સમજાવીશ." આમ કહી મેં રજા લીધી.

બીજે દિવસે કનુભાઇ બાલમંદિરે આવ્યા. નાસ્તા સમયે તેમને મેં નાસ્તો પીરસવાનું કહ્યું. તેમણે સૌને બાપસર પીરસ્યું પછી મે પૂછ્યું: "કનુભાઇ! બધાની વાટકીઓ જુઓ, કોઇને વધારે તો નથી અપાઇ ગયુ ને?" કનુભાઇએ તપાસ કરી કહ્યું કે, "સૌને સરખુ આવી ગયું છે." મેં તેમને સમજાવ્યા કે, "જુઓ ભાઇ! હું અને તમે બધાં સરખો જ નાસ્તો લઇએ છીએ ને?" કનુભાઇએ હા કહી. પછી મેં ચાલુ જ રાખ્યું કે,

"ભાઇ! તમારા બાપુજીને તમે એમ કેમ કહ્યું કે, ગુરુજી વધારે નાસ્તો ખાય છે?" કનુભાઇ ખૂબ જ નીડર બની બોલી ઊઠ્યા: "બા નાનાભાઇને વધુ નાસ્તો આપે છે અને બાપુજી તો મને સાવ ઓછો દે છે. ગુરુજી! આપણે અહીં તો સૌને સરખો મળે છે." મારા ધ્યાનમાં કનુભાઇના ઘરનું આખું વાતાવરણ આવી ગયું. પછી તો સૌએ નાસ્તાને ન્યાય આપી ઘંભણી ચાલવા માંડ્યું.

હું કનુભાઇને લઇ તેમની દુકાને ગયો અને તેમના પિતાજીને સમજાવ્યા કે, કનુભાઇની શંકાનુ મૂળ તો તેઓ પોતે જ હતા. ઘરનું અસમાન વાતાવરણ બાલ-માનસને દૂષિત કરે છે, અને પછી એ બાળક પોતાના અનુભવને અસ્પષ્ટ રીતે રજૂ કરે છે. જો કે, એનો અનુભવ સાચો અને સચોટ હોય છે, છતાં તે વ્યકત કરતાં કંઇક અચકાય છે અને તેમાં વડીલો પ્રત્યેનો ઊંડો ઊંડો ભય કારણભૂત હોય છે. અમારી—એટલે બાળશિક્ષકોની—આ એક વિશિષ્ટતા છે, કે બાળક ભયને દૂર કરી પોતાની સાચી કેફિયતો અમારી પાસે રજૂ કરી શકે છે. આ રીતે કનુભાઇના પિતા અને હું સમજી શકયા કે, "એ તત્ત્વ કયાંથી આવ્યું?"

વાસુદેવ કાવ્યતીર્થ

સંપાદકીય નોંધ

શિશુવિહાર : ભાવનગર

આજે રાષ્ટ્રના પુનરુત્થાનસમયે દેશભરમાં વિવિધ ક્ષેત્રોમાં કામ કરતી સંસ્થાઓ નવીન પ્રાણથી પોતાનું તેજ દર્શાવવા લાગી છે. સાર્વજનિક સંસ્થાઓ તેમાં ય ખાસ કરીને શિક્ષણસંસ્થાઓ—આજની પળે સૌથી વધારે ઉપયોગી નીવડવાની છે. તેમાં, પ્રજા જેને પોતાની માને એવી સંસ્થાનું તેજ સોળે કળાએ પ્રકાશી ઊઠશે.

ભાવનગરમાં ચાલતી શિશુવિહાર નામની સંસ્થા ઉપરોકત હેતુથી ચાલતી સંસ્થા છે. શાળામાં અભ્યાસ કરવા જતાં બાળકોને બાકીના સમયમાં એકઠાં કરી તેમને શારીરિક, માનસિક અને હાર્દિક તાલીમ આપવાનો આ સંસ્થાનો હેતુ છે. નાતજાત, ગરીબ, તવંગર કે એવા કોઇ પણ જાતના ભેદભાવ વિના સર્વસામાન્ય જનતાના બાળકો માટે આ સંસ્થા ચાલે છે. નાનકડાં બાળકો દ્વારા તેમનાં માબાપોની કેળવણીનું કાર્ય અત્યંત કુશળતાપુર્વક આ સંસ્થાએ કર્યું છે.

ગ્રીષ્મવર્ગ, તાલીમવર્ગ, માબાપોને વ્યાખ્યાન આપવાના રવિવારવર્ગો, દીપોત્સવી, ઇદ, હોલિકા વગેરે પર્વના ઉત્સવો, રાષ્ટ્રીય તહેવારોની ઊજવણી, આનંદ-પર્યટનો વગેરે પ્રવૃત્તિ દ્વારા આ સંસ્થાએ, ભાવનગરના જુદા જુદા લત્તામાં જ્યાં જ્યાં એની પ્રવૃત્તિની સુવાસ ફેલાઇ છે, ત્યાં ત્યાં, અનુકરણીય સુધારણા કરી છે.

શિશુવિહાર વ્યાયામશાળામાં આવતાં બાળકો, કિશોરો, યુવાનો, વાલીઓ, કાર્યકર્તાઓ સૌ એકસરખી રીતે એ સંસ્થાને પોતાની માને છે એ એની વિશિષ્ટતા છે. શિશુવિહારનાં દરેક કાર્યો કુટુંબના માણસો ઘરકામ કરે તે રીતે પાર પાડે છે, એમ કરવામાં તેમને આનંદ આવે છે. પોતાના શરીરનું માણસ જતન કરે, પાલનપોષણ કરે એ રીતે જ સાર્વજનિક સંસ્થાઓને પોતાની માનીને એના વિકાસમાં ફાળો આપવાની સમજ જનતામાં આવશે ત્યારે જ, આપણા આ મહાન દેશનો સર્વવિધ વિકાસ સધાશે. ભાવનગરનું શિશુવિહાર એ દિશામાં સૌને ચોકકસ માર્ગદર્શન આપે છે.

વારંવાર નાની પુસ્તિકાઓ, પરિપત્રો પ્રગટ કરીને એ જનસમાજમાં વિચારપરિવર્તન કરે છે. પત્રિકાઓની ભાષા ઘરગથ્થુ, સચોટ અને વિચારની નવી દિશા બતાવનાર હોય છે.

શિશુવિહાર તરફથી ભાવનગરમાં બે બાલમંદિરો ચાલે છે. તે। સંચાલકો નૂતન શિક્ષણના જાણકાર હોઇ એ દિશામાં પણ તેમનો પ્રયાસ સ્તુત્ય બન્યો છે.

આ સંસ્થાની અમને ખાસ નોંધવા જેવી વિશેષતા લાગે છે તે એ, કે અમુક પછાત વર્ગો માટે કે હરિજન માટે જુદી સંસ્થા કે બાલમંદિર ચલાવી ચાલકો દેશકાર્ય કર્યાનો સંતોષ માનતા નથી. અહીં જે એક મોટું કાર્ય થઇ રહ્યું છે તે શ્રીમંત—ગરીબ, આગળ પડતાં ને પછાત, સુશિક્ષિત ને અશિક્ષિત એવા સમાજના જુદા જુદા વર્ગો એકત્ર કાર્ય કરે છે, એક જગ્યાએ બેસે છે, ઊઠે છે, જમે છે, રાતપહેરો કરે. અહીં પોલુડાં લેવા જતા। બારવ્રતો પોતાના જીવનની હાડમારી અને મોજમજાનાં ગીતો ગાય છે અને બ્રાહ્મણ વર્ગના ઉચ્ચ ગણાતા વર્ગનાં સ્ત્રી-પુરુષ, બાળકો પણ તાળી પાડીને ઝીલવા લાગે છે. સામાજિક કેળવણી પછાત વર્ગોને જ જોઇએ છે એમ નથી; પણ આપણા દેશના બધા વર્ગોને તેની જરૂર છે એ વાત આ સંસ્થાએ ને સંસ્થાના કાર્યમાં ભાગ લેનારા બધાએ જાણી છે ને તે લેવાની જે શરૂઆત કરી છે તે ખરેખર વખાણવા જેવી વાત છે. ઉચ્ચ, નીચ ગરીબ, શ્રીમંત, આગળ પડતા ને પછાત એ ભેદ નીકળી જઇ, આપણે સૌ ખરેખર ભાઇ ભાઇ થઇને જીવવા લાગીશું, ત્યારે જ, આપણે ત્રીશ કરોડ ને ચાલીસ કરોડ પ્રજા છીએ એમ કહી શકીશું નાતજાત એવા એવા ભેદથી છૂટી પડેલી પ્રજામાં બળ કયાંથી હોય?

આવી જનતાની પોતાની સંસ્થા, આટલી સફળ રીતે ચલાવવા બદલ તેના સંચાલકોને અભિનંદન ઘટે છે. આવી સંસ્થાઓ શહેરોમાં લત્તે લત્તે, કસબાઓમાં અને ગામડાઓમાં ઠેર ઠેર સ્થપાય તો, બાલશિક્ષણનું જ નહિ પણ જનતાના સર્વાંગી શિક્ષણનું કાર્ય સફળતાથી

આગળ વધે. શિક્ષણના ક્ષેત્રમાં આ સામાજિક શિક્ષણની પહેલી જરૂરીઆત ગણાવી જોઇએ.

કિલ્લોલ બાલકમંદિર : પાટણ

પાટણમાં ચાલતા કિલ્લોલ બાલકમંદિરનો તૃતીય વાર્ષિક ઉત્સવ ગ્રામ દક્ષિણામૂર્તિ આંબલાના અધ્યાપક શ્રી૦ મૂળશંકર ભટ્ટના પ્રમુખપણા નીચે ઊજવાયો તેનો ત્રિવાર્ષિક અહેવાલ જોતાં, આ સંસ્થાએ આટલા ટૂંક સમયમાં કરેલી પ્રગતિ સંતોષજનક જણાય છે. જાહેર સંસ્થાઓ માટે, આર્થિક ભીડના જમાનામાં, બહાર હાથ લંબાવ્યા વિના જ સંસ્થાએ ત્રણ વર્ષ પૂરાં કર્યાં એ એની લોકપ્રિયતાની નિશાની છે. બાલમંદિરમાં પોણોસો અને થોડા સમય પહેલાં જ શરૂ કરેલ કુમાર-મંદિરમાં ત્રીસ બાળકોની હાજરી એ પણ પ્રગતિસૂચક છે; ઉપરાંત, હરિજનવાસમાં એક બાલવાડી શરૂ કરવામાં આવી છે એ, શહેરોમાં વસતી પછાત કોમો તરફ હવે બાલશિક્ષણપ્રેમીઓનું લક્ષ્ય ગયાની સ્પષ્ટ નિશાની છે. કિલ્લોલ બાલમંદિરને સારા, ઉત્સાહી અને બાલશિક્ષણના અભ્યાસી તથા પ્રેમી એવા કાર્યકર્તાઓ મળ્યા છે એ એનું સદ્‌ભાગ્ય છે, અને એવા એને દાતા પણ મળ્યા છે. એટલે નિશ્ચિંતપણે કાર્યકર્તાઓ એને ખીલવી શકશે. બાલમંદિર, કુમારમંદિર, બાલવાડી ઉપરાંત પુસ્તકાલય, તથા વ્યાયામ-શાળાની યોજના સંચાલકો વિચારી રહેલ છે. કુમાર-મંદિરના વિદ્યાર્થીઓ માટે એક છાત્રાલય શરૂ કરવાની પણ તેમની અભિલાષા છે. સંસ્થાના સંચાલકોની અભિ-લાષાઓ તેમના પુરુષાર્થ અને પ્રજાના સહકારથી મૂર્તિમંત બને એવી આશા રાખીએ.

બાલનિકેતન : ઇન્દોર

નૂતન બાલશિક્ષણ સંબંધ તથી ભરાયેલા હિંદી બાલશિક્ષણ સંમેલનને ઇન્દોરને આંગણે નોતરનાર અને તેને સફળ બનાવનાર બાલનિકેતન સંસ્થા હતી. એ સંસ્થા શ્રી૦ મોઘે દંપતી ચલાવી રહ્યાં છે. તા૦ ૧૩–૬–૪૭ થી એ સંસ્થાને સાર્વજનિક બનાવવામાં આવી છે તે બદલ તેના સંચાલકોને અભિનંદન ઘટે છે. એ સંસ્થા ખૂબ ફાલેફૂલે અને મધ્ય ભારતમાં બાલશિક્ષણનો પ્રચાર કરવામાં પોતાનો ય સ્વી ફાળો આપે એવી અમે આશા રાખીએ છીએ.

દુઃખદ અવસાન

કાઠિયાવાડના એક અજોડ મૂક સેવક શ્રી૦ લક્ષ્મી-શંકરભાઇ પાઠકનું અવસાન, તા૦ ૪–૮–૪૭ને દિવસે સોમવારે માત્ર એક જ દિવસની કોલેરાની માંદગીથી, તેમની કર્મભૂમિ છાયા હરિજન આશ્રમમાં થયું છે. આ દુઃખદ સમાચારથી સમસ્ત કાઠિયાવાડને તથા તેમને ઓળખતા સર્વ મિત્રોને અણધાર્યો આંચકો લાગ્યો છે.

સદ્‌ગત પાઠકજી નૂ૦ બા શિ૦ સંઘના વ્યવસ્થાપક અને 'શિક્ષણપત્રિકા'ના ઉપતંત્રી શ્રી૦ રામનારાયણ ના૦ પાઠકના મોટાભાઇ હતા છાયામાં હરિજન આશ્રમ શ્રી૦ રામભાઇએ સ્થાપેલો ને સ્વ૦ લક્ષ્મીશંકરભાઇ અને તેમના પત્ની શ્રી૦ વિજયાબેનને ત્યાં આકર્ષેલાં. તેઓ એક સાવ સાદા અને એકનિષ્ઠ સેવારત મૂક સેવક હતા.

સ્વ૦ લક્ષ્મીશંકરભાઇએ ગયા ૧૯ વર્ષ સુધી એક-ધારી મૂગી તપશ્ચર્યાથી પોરબંદર પથકના હરિજનો અને સવર્ણોનાં દિલમાં સત્યપ્રીતિ, નિઃસ્વાર્થતા અને સેવા-ભાવનાં બીજ રોપ્યાં હતાં.

તેમણે ૧૯૩૦ની સાલના સત્યાગ્રહસંગ્રામમાં અમલદારોના અસહ્ય જુલમો હસતે મોઢે, સાચા સત્યા-ગ્રહી તરીકે સહન કરીને તેમનાં દિલ પીગળાવ્યાં હતાં. તેમણે એક વર્ષનો કારાવાસ પણ ભોગવ્યો હતો.

તેમના અવસાનથી કાઠિયાવાડને અને હરિજનસેવાને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.

આપણા સંઘના ઉપપ્રમુખ મુ૦ નાનાભાઇ ભટ્ટના શબ્દો જ તેમની સાચી કદર કરી શકે છે:

"આજે પાઠકજી વિના આખો આશ્રમ રડતો હશે. પાઠકજીના પગરખાંમાં પગ મૂકનારો હજી બીજો કોઇ જોયો નથી... પાઠકજીની પોતડીની પાછળ જે તેજ હતું તેને કોઇ ઝીલી ન શકયાં. આપણે એને ગાંડા ગણ્યા. તેને પાગલ ગણ્યા એક ધૂની ગણ્યા... તેના આત્માને આવાં દુઃખોમાં પણ શાંતિ હતી, તો. પ્રભુના દરબારમાં તો હોય જ ને! પ્રભુ એમની કદર કરવાની આંખ આપણને આપો!"

ના.

નિઃશુલ્ક વિતરણનો

બાલવિભાગ

વર્ષ પહેલું : અંક આઠમો : ઑગસ્ટ, ૧૯૪૭

સ્વરાજ્ય આવ્યું

આપણે બધા હિંદી
કારણ, આપણે હિંદમાં રહીએ છીએ
હિંદમાં જ જન્મ્યા.
આપણા દાદાના દાદા
ને તેમના દાદા
બધા હિંદમાં જ જન્મ્યા
ને હિંદમાં જ મૃત્યુ પામ્યા.
માટે જ હિંદ આપણો દેશ
ને આપણે બધા હિંદી.

× × × ×


બસો વર્ષ થયાં
બીજા દેશોના લોકો અહીં
આવ્યા
દૂર દૂરના લોકો વ્યાપાર
કરવા આવ્યા
ને આપણું રાજ્ય એમણે લીધું;
કારણ, આપણે એકબીજા
સાથે લડ્યા
આપણે પારકાને મદદમાં
બોલાવ્યા,
તેમની મદદથી એકબીજાને
માર્યા
ને આખરે પારકા થયા રાજા
ને આપણે થયા તેના ગુલામ.

× × × ×

આપણામાં ડાહ્યા હતા
તેમને બહુ દુઃખ થયું.
તેમણે લોકોને જગાડ્યા,
તેમણે લોકોને એક કર્યા.
તેમણે લોકોને કહ્યું :
એકબીજા સાથે લડો નહિ;
એકબીજાને મદદ કરો,
બધાંને કેળવણી આપો,
બધાંને ઉદ્યોગ આપો,
સ્વદેશી વસ્તુ વાપરો,
સ્વદેશી કપડું વાપરો.
તેમણે દેશને જગાડ્યો,
તેમણે દેશને સુધાર્યો,
તેમણે સ્વરાજ્ય મેળવ્યું;
માટે જ
આજથી આપણે સ્વતંત્ર થયા.
કોણ હતા દેશના નેતા ?
કોણે દેશને જગાડ્યો ?
દેશને માટે કોણ લડ્યા ?
દેશને માટે કોણ મર્યા ?
કોણ લાવ્યું સ્વરાજ્ય ?
કોણે કર્યો દેશ સ્વતંત્ર ?

× × × ×

એક હતા દાદાભાઇ નૌરોજી
સહુના એ દાદા.
એક હતા બાળગંગાધર તિલક,
એક હતા ગોપાલકૃષ્ણ ગોખલે,
એક હતા લાલા લજપતરાય,
એક હતા વિઠ્ઠલભાઇ પટેલ,
એક હતા મોતીલાલ નહેરુ
ને એક હતા સુભાષ બોઝ :
એ બધાને આપણા વંદન હજો !
વળી છે ગાંધીજી,
અને છે નહેરુજી,
સરદારજી પણ છે,
અને છે રાજાજી,
અને છે રાજેન્દ્રબાબુ.




એવા તો છે ઘણાય.
એ બધાને અમારા વંદન હજો !
કેટલાયે મૃત્યુ પામ્યા
દેશને મોટે મરણ પામ્યા
સ્વરાજને માટે મરણ પામ્યા
લડતાં લડતાં મરણ પામ્યા
જેલમાં ગયા ને
જેલમાં મરણ પામ્યા,
ફાંસીએ ચડ્યા
ને લડાઈમાં મરણ પામ્યા,
એ બધાને અમારા વંદન હજો.

× × × ×

આજથી સ્વરાજ્ય આવ્યું
આજથી સ્વતંત્ર થયા.
આપણો દેશ મોટો હતો
આપણો દેશ તવંગર હતો
આપણો દેશ વિદ્વાન હતો
આપણો દેશ ધનવાન હતો
આપણો દેશ બળવાન હતો;
પણ આજે ?
આજે એવો નથી.
પણ હવે એવો કરીશું.
બધા મળીને દેશને સુધારીશું
બધા મળીને દેશને બળવાન કરીશું
બધા મળીને દેશને વિદ્વાન કરીશું
બધા મળીને દેશને સમૃદ્ધ કરીશું
બધા મળીને દેશને ધર્મવાન કરીશું

આપસ આપસના ઝગડા કાઢી નાખીએ
આપસ આપસનો દ્વેષ કાઢી નાખીએ
આપસ આપસનો ભેદ તોડી પાડીએ
બધા મળીને સ્વતંત્ર થયા
બધા મળીને સ્વરાજ્ય સાચવીશું.

ઘઉં અને ચણા



ઘઉંની ઊંબી
અને ચણાના પોપટો
કોને બબર નથી ?
ઘઉંની રોટલી
ને ચણાની દાળ
કોણે નથી બાધી ?
ઘઉંનો દાણો આખો
તેથી તેને કહે છે 'એકદળ'
અને ચણાના દાણામાં બે ફાડિયાં
તેથી તેને કહે છે 'દ્વિદળ.'
ઘઉંનાં પાંદડાં ઘાસ જેવાં
લાંબા લાંબા ને અણીદાર,
તેની નસો જાણે આંકેલી લીટીઓ
એકસરખી અને સમાંતર.
ઘાસનાં પાદડાંની રેષાઓ પણ એવી જ.
ચોખા ને જુવાર,
મકાઇ ને બાજરીની પણ તેવી જ.
આવા રેસાઓને કહે છે સમાંતર રેસા.
પણ ચણાનાં પાન
ઘઉં જેવાં સાદાં નહિ.
એક પત્તાનાં પાંદડાંને કહે છે 'સાદાં પાન'.
ચણાના એક પાંદડામાં
કેટલાં નાનાં નાનાં પાન ?
આ નાનાં પાનને કહે 'પર્ણિકા'
આવી અનેક પર્ણિકાને
કહે છે 'સંયુકત પાન'.
પવન આવ્યો, બધાં નાનાં પાન
તુફ્ તુફ્ તુફ્ હલવા માંડે છે
એ જોવાની મજા તમે ચાખી છે કોઇ દિ' ?
જાણે એ ટચુકડા પાંદડાં
પવનની સામે હસે છે ને ચિડવે છે :
'પાડ જોઇએ, પાડ જોઇએ અમારુ ઝાડ ?'
પર્ણિકાની વચ્ચે થઇને પવન ચાલ્યો જાય
તેથી એનું જોર ચાલે નહિ
અને છોડ પડે નહિ.
ચણાનાં એ ટચૂકડાં પાનનેય રેસા હોય છે
પક્ષીની પાંખો જેવા
તેથી એવા રેસાઓને કહે છે 'પક્ષવત્'

ઘઉંના છોડ જોયા છે કોઇ દિ?
અને ચણાનાં? બન્નેનાં થડ તો જુઓ!
કેવાં જુદાં જુદાં છે?
એકનું થડ નક્કર, જ્યારે બીજાનું પોલું
એકને ડાળીઓ જ નહિ, જ્યારે
બીજાને ડાળીઓ જ ડાળીઓ!
અને કેટલો ફેરફાર જોઇ શકાય છે?
ઘઉંચણાના દાણા જુદા જુદા,
તેમ, એનાં મૂળ પણ નિરનિરાળાં.
ઘઉંનાં મૂળ ગૂંચળા જેવાં
તેથી એને કહે છે 'ગુચ્છ-વત્'
ચણાનાં મૂળ ને શાખાઓ
તેથી તેને કહે છે 'શાખાવત્'
ઘઉંનું મુખ્ય મૂળ
મરી ગયેલું હોય છે
જ્યારે બીજાનાં મુખ્ય મૂળ વિકસેલાં
શાખાઓવાળાં ને ઊંચાંનીચાં ગયેલાં.

ઘઉંનું ફૂલ જોયું છે કોઇએ?
ચણાનાં નીલાં જાંબલી નાજુક ફૂલ
તેને પાંચ પાંચ પાંખડી
અને વચ્ચોવચ્ચ તે કેસરનું
કેસરી ટપકું એકદમ સૌની
નજરે ચડે.
ઘઉંનું ફૂલ નાજુક બરું,
પણ દેખાવડું નહિ.
ચણાનાં ફૂલ છૂટાં છૂટાં
જ્યારે ઘઉંના ફૂલ
ઊંબીની લાકડીથી જાણે ગૂથ્યાં ન હોય!
હજારો વરસોથી આપણે બન્ને
વનસ્પતિની સંભાળ લીધી છે
અને તેમણે આપણને ખોરાક આપ્યો છે.


મરાઠી ઉપરથી — નામલેભાઇ

વૃક્ષ અને છોડ

જંગલ હતું.
જંગલમાં એક મોટું વૃક્ષ.
ઘણું જ ઊંચું, ઘણું જ પહોળું.
કેટલી બધી તેની ડાળીઓ!
ને કેટલાં બધાં તેનાં પાંદડાંઓ!
મોટો બધો તેનો વિસ્તાર.

વૃક્ષની નીચે કેટલાંએક છોડ.
તેના થડ જેટલા જ ઊંચા.
ડાળાં પાંદડાં થોડાં થોડાં.
ક્યાં ઊંચું વૃક્ષ ને ક્યાં નાના છોડ!

વૃક્ષ ઊંચા આભ સામે જુએ,
સૂર્ય જુએ, ચંદ્ર જુએ ને તારાઓ પણ જુએ;
વાદળાંને આવતાં જુએ, જતાં પણ જુએ.
વરસાદ આવે તે બધો એના માથા પર.
તડકો નીકળે તે બધો એના માથા પર.
પવન વાય ને એનાં ડાળ પાંદડાં હલે.
ચાંદની નીકળે ને એનાં પાંદડાં ચળકે.
છોડ બીચારા નીચે ને નીચે.





વૃક્ષનાં પાદડાંમાં થઈને આવે,
એટલો વરસાદ તેમને મળે.
વૃક્ષના પાંદડાંમાંથી થોડો તડકો મળે.
એમજ થોડી ચાંદની દેખાય,
ને એમજ થોડો પવન પણ મળે.

વૃક્ષનાં મૂળિયાં ઘણાંય પથરાયેલાં.
વધેલી થોડી જગ્યામાં છોડનાં મૂળિયાં જાય.
તેમને થોડું બાવા મળે ને થોડુંક જ પીવા મળે;
ને થોડી એવી જગ્યા રહેવા મળે.
છોડ જુએ વૃક્ષની સામે,
પણ વૃક્ષ એમની સામે જુએ જ નહિ.
વૃક્ષ જુએ ઉપર આભ સામે
આજુબાજુના ડુંગરા સામે,
ને જંગલનાં મોટાં વૃક્ષો સામે.

એક વાર વૃક્ષે નીચે જોયું:
અરરર! કેવા દીન આ છોડ!
કેટલા નાના! કેવા ભિખારી!
એને તેમની દયા આવી:
શું? મારા પરથી પડે એટલું પાણી પીવે છે!
મારાં પાંદડાંમાંથી જાય એટલો તડકો લે છે!
ને કેટલા નીચા છે!
મારી નીચેની ડાળ જેટલા પણ વધ્યા નથી!
છટ! છટ! આ તો તદ્દન જ ભિખારી!
મારી બાજુમાં શું કામ રહે છે?

છોડ પણ ઊંચે વૃક્ષ સામે જોતા હતા.
"મોટાભાઇ, જરા જુઓ તો ખરા, વાદળો દેખાય છે?
વરસાદ ક્યારે આવશે?
અમે તો બહુ તરસ્યા થયા છીએ.
વૃક્ષે કહ્યું: "ભિખારી લોકોને વળી વરસાદ શેનો?
મારી ઉપરથી નીચે પડશે તે પાણી પીજો
ને રહો નિરાંતે: ગરબડ શું કરો છો?"

શિયાળો આવ્યો.
છોડ કહે: "મોટાભાઇ, જરા જુઓને
સૂરજ ઊગવાને કેટલી વાર છે?
અમે ટાઢે ઠરી ગયા છીએ."
વૃક્ષ કહે: "ભિખારી તે ભિખારી,
ને આ શું વળી?
તડકો જોઇએ ને વરસાદ જોઇએ.
તડકો પડશે એટલે મળશે તમને.
મારાં પાંદડાંમાંથી મળે તેટલો લેજો.
ને રહો નિરાંતે. ઘણું છે એટલું તો.
ભિખારીને વળી સૂરજ શેનો?"

એક વાર વાવાઝોડું નીકળ્યું.
પવન એવો તો જોરથી વાય કે બસ.
વૃક્ષ હલવા લાગ્યું.
છોડ પણ થોડા થોડા હલવા લાગ્યા.
પવનનું જોર વધ્યું.
વૃક્ષ થડથી હલવા લાગ્યું.
પવન ઘરરર ફૂંકાયો.
વૃક્ષ કડડડ ધપ પડ્યું.
છોડ બધા જોવા લાગ્યા:
આકાશ કેવું મોટું છે!
તડકો કેવો મીઠો છે!
વાહ, વા! દુનિયા કેવી સારી છે!

મૉન્ટેસૉરી પદ્ધતિની પ્રથમ ભેટ

[ગુજરાતમાં મૉન્ટેસૉરીપદ્ધતિનું નામ ગાજતું કરનાર સદ્‌ગત ગિજુભાઇને સૌ પહેલી મૉન્ટેસૉરીપદ્ધતિની ભેટ શી રીતે મળી એ જૂના ઇતિહાસનું મીઠું સ્મરણ, દરબારશ્રી ગોપાળદાસ દેસાઇએ તા૦ ૨૨-૬-૪૭ ના રોજ ભાવનગર મુકામે ઘરશાળા બાલઅધ્યાપનમંદિરનું ઉદ્‌ઘાટનપ્રવચન કરતાં કર્યું હતું, તે સ્મરણ, અહીં નીચે ઉતારવામાં આવ્યું છે.-સં૦]

મૉન્ટેસૉરી શિક્ષણ આપણા દેશમાં શરૂ કરવામાં મારો હાથ હતો એ વાત સાચી છે. સ્વ૦ ગિજુભાઇ એ વખતે વઢવાણમાં વકીલાત કરતા હતા. તેમનો પુત્ર નરેન્દ્ર તોફાની હતો અને ઘરમાં બધાંને પજવતો. મારી પાસે મૉન્ટેસૉરીનાં સાધનો અને પુસ્તકો હતાં. નરેન્દ્રને હું મારે ત્યાં લઇ ગયો અને સાધનો આપી કામે લગાડ્યો. તેમાં એને રસ પડ્યો.

સ્વ૦ ગિજુભાઇને થયું કે નરેંદ્ર અમને પણ પજવતો હશે; એટલે એ તેને બોલાવવા મારે ત્યાં આવ્યા. એમણે નરેંદ્રને શાંતિથી કામ કરતો જોયો. નરેંદ્રે પોતાની પ્રવૃત્તિઓ ઉત્સાહથી બતાવવા માંડી, પછી ગિજુભાઇએ એ વિષે જાણ્યું મેં 'મૉન્ટેસૉરી મેથડ' નામનું પુસ્તક એમને વાંચવા આપ્યું; પછી તેમણે પ્રવૃત્તિ શરૂ કરી. આમ હું આ પ્રવૃત્તિ શરૂ કરવામાં નિમિત્ત બન્યો કહેવાઉં.

મૉન્ટેસૉરી પદ્ધતિમાં ધીરજ અને ખંતથી કામ કરવાનું હોય છેઃ તેમાં શિક્ષકે પોતા પાસે જે કંઇ હોય તે આપી દેવા કરતાં બાળકમાં રહેલી શક્તિઓ જાગ્રત કરવાનું કામ કરવાનું છે. એ કામ અઘરું છે.

મૉન્ટેસૉરીના એક પુસ્તકમાં મેં એક દાખલો વાંચેલો તે મને અત્યારે યાદ આવે છેઃ એક બાળક હોજ પાસે રમતું હતું. હોજમાં શું છે એ જોવાની તેને ઇચ્છા થઇ. તેણે ઉપર ચડવાનો પ્રયત્ન કર્યો પણ સફળતા ન મળી. થોડે દૂર એક ખુરશી પડી હતી. તે ખસેડતો ખસેડતો એ હોજ પાસે લઇ આવ્યો. છતાં પણ તેનાથી પહોંચી શકાયું નહિ. એટલામાં તેની માતા ત્યાં આવી ચડી. તેણે બાળકને હોજ જોવાનો પ્રયત્ન કરતુ જોયું. તેને બાળકને મદદ કરવાનું મન થયું. ઊંચકીને એ માતાએ બાળકને હોજ દેખાડ્યો....મૉન્ટેસૉરીએ એ જોયું અને તેમણે એ માતાને ઠપકો આપ્યો: 'તમે એ બાળકની શક્તિઓને આ રીતે મદદ કરીને કુંઠિત કરી નાખી છે. તમારે તેને સ્વપ્રયત્ને આગળ વધવા દેવાની જરૂર હતી.'

આ ઉદાહરણથી તમે જોઇ શકશો કે બાળકની શક્તિઓને જાગૃત કરી બહાર લાવવા દેવા માટે કેટલી ધીરજ અને ખંતની જરૂર પડે છે.

દરબાર ગોપાળદાસ દેસાઇ

અમારું શિક્ષણસાહિત્ય

નૂતન કેળવણીના સિધ્ધાંતોને અનુસરતી શાળાઓને ઉપયોગી શિક્ષણ-સાહિત્ય
બાલમંદિર અને નર્સરી સ્કૂલનું પ્રબોધક સાહિત્ય
જ્ઞાન આપતી ઇતર પ્રવૃત્તિ માટેનાં સાધનો, નકશા અને ચિત્રપટો

લખોઃ જે. ચં. દ. ત. લ. કે. શી. એન્ડ સન્સ

એમ્પાયર બિલ્ડીંગ, હોર્નબી રોડ, મુંબઇ.

Regd. No. B. 2241

સ્વાતંત્ર્ય–દિન

આજે હિંદ સ્વતંત્ર થયું
પારતંત્ર્ય ગયું–સ્વરાજ્ય આવ્યું

આજે આપણે સ્વાતંત્ર્યનો પાયો નાખીએ
સ્વાતંત્ર્યનો પાયો બાલમનમાં નાખીએ
સ્વાતંત્ર્યનો પાયો બાલશિક્ષણમાં નાખીએ
ઐક્યનો પાયો નાખીએ, પ્રેમનો પાયો નાખીએ

સમાન હકકનો પાયો નાખીએ
સમાજસેવાનો પાયો નાખીએ
માનવતાનો પાયો નાખીએ


તા૦

મુદ્રક પ્રકાશક: ગો. રા. કુલકર્ણી, ૧૧૭, હિંદુ કોલોની, દાદર મુંબઇ ૧૪, મુદ્રણ સ્થાન: સ્ટેટસ પીપલ પ્રેસ, ૧૩૮, મેડોઝ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ

નૂતન બાલશિક્ષણ સંઘ પ્રકાશિત

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૨ : અંક ૯ : સપ્ટેમ્બર, ૧૯૪૭



આવતી : કુ. ગિજુભાઈ બધેકા :: સંપાદક : તારાબેન મોડક :: સહસંપાદક : રામભાઈ પાઠક

શિક્ષણ પત્રિકા

સપ્ટેમ્બર ૧૯૪૭

વર્ષ : ૨૨ અંક : ૯

અનુક્રમણિકા

વિષય	લેખક	પૃષ્ઠ
બાળકોનો વ્યવસ્થાપ્રેમ	ચંદુલાલ વ. ભટ્ટ	૧૧૩
બાલમંદિરના શિક્ષકોનો પગાર	તારાબેન	૧૧૫
ફ્રાસ્કો પડ્યો ! ...	એક બાલશિક્ષક	૧૧૮
અમને ભણાવો ને ...	જુગતરામ દવે	૧૧૯
બાલક્રીડાંગણ	નર્મદાબહેન રાવળ	૧૨૦
શિક્ષકની પ્રતિષ્ઠા ...	રામભાઇ પાઠક	૧૨૧
અમારું બાલમંદિરોનું નિરીક્ષણ	નર્મદાબહેન રાવળ	૧૨૨
'આ મારી અધ્ધરદેવી છે' ...	બાબીબેન મૂળજી	૧૨૩

બાળવિભાગ

વાડીની મોજ ...	પ્રભાવતી પજવાણી	૩૩
હોલાભાઇનો તરકડો	મોંઘીબેન બધેકા	૩૪
કમલવાડી	અનસૂયાબેન વાદ્ય	૩૫

સૂચના

'શિક્ષણપત્રિકા'ના પ્રત્યેક ગ્રાહકને સંઘનું સભ્યપદ આપોઆપ પ્રાપ્ત છે એટલે કે 'શિક્ષણ પત્રિકા'નો ગ્રાહક એ સંઘનો સભ્ય પણ છે અને સંસ્થા તરીકેનાં દરેક હકકો એ ભોગવી શકે છે.

પત્રવ્યવહાર કરતી વખતે પોતાનો સભ્ય નંબર અવશ્ય લખવો. જે સભ્યો પોતાનું સરનામું બદલવા ઇચ્છતા હોય તેમણે દરેક મહિનાની પહેલી તારીખ સુધીમાં પોતાના સભ્ય નંબર સાથે જૂનું તથા નવું બદલાયેલું સરનામું વ્યવસ્થાપકને જણાવવું.

સામટા સભ્યોના લવાજમનો ચેક 'સેક્રેટરી, નૂતન બાલશિક્ષણસંઘ,' એ નામનો લખવો, અને તે વ્યવસ્થાપક ઉપર મોકલી આપવો. દરેક સભ્યે લવાજમની રકમ ચેકથી, મનીઑર્ડરથી અગર હાથોહાથ વ્યવસ્થાપકને સરનામે પહોંચાડવી.

સંપાદન તથા નિરીક્ષણકાર્ય અંગેનો તમામ પત્રવ્યવહાર બાલવાડી, બોરડી, ધોલવડ થઇને B. B. C. I. Rly. એ સરનામે કરવો. પત્રિકા માટેના લેખો વગેરે પણ ત્યાં જ મોકલવા.

લવાજમના દર

સામાન્ય સભ્ય	રૂપિયા	૩
સક્રિય સભ્ય	,,	૩
સહાયક સભ્ય	,,	૬
સંસ્થા બોડાણના પ્રતિનિધિ ...	,,	૭
આજીવન	રૂપિયા	૧૦૦ થી ૫૦૦

આજીવન સભ્યના પ્રકાર

મહદાતા રૂા. ૧૦૦૦	દાતા રૂા. ૫૦૦
શુભેચ્છક રૂા. ૨૫૦	હિતેચ્છુ રૂા. ૧૦૦

[મ્યુનિસિપલ શાળાઓ, રાજ્યની શાળાઓ, સાર્વજનિક સંસ્થાઓ વર્ષિક રૂા. ૩ કે ૬ આપી પત્રિકા મેળવી શકશે.]

પરદેશમાં શિલિંગ ૭॥; છૂટક નકલ ૬ આના.

પત્રિકાની વ્યવસ્થા અંગેનો તમામ પત્રવ્યવહાર નીચેને સરનામે કરવા વિનતિ છે.

શ્રી૦ બાબીબેન મૂળજી,
વ્યવસ્થાપક: 'શિક્ષણપત્રિકા' કાર્યાલય,
શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ ૬.

બાળમંદિરો માટે સાધનો

બાળમંદિર માટે સાધનો ખરીદતાં પહેલાં અમારું સૂચિપત્ર મંગાવો.
દરેક સાધનો શાસ્ત્રીય પદ્ધતિથી બનાવવામાં આવે છે અને તે
બધાં નિષ્ણાતોની દેખરેખ નીચે તૈયાર કરવામાં આવે છે.
સૂચિપત્રમાં જણાવેલ ભાવ ઉપર બાળમંદિરોને જ ૬ ૧/૪ ટકા કમિશન આપવામાં આવે છે.
તમારી જરૂરિયાત માટે લખો :
બનાવનાર: નૂતન શિક્ષણ સાધનાલય એન્ડ આર્ટ વર્કર્સ લિમિટેડ
વઢવાણ કેમ્પ (કાઠિયાવાડ).

નૂતન બાલશિક્ષણ સંઘની

શિક્ષણપત્રિકા

વર્ષ ૨૨ : અંક ૯] મુંબઈ [સપ્ટેમ્બર, ૧૯૪૭

બાળકોનો વ્યવસ્થાપ્રેમ

બાળકોનું નામ લઈએ અને એની સાથે જ્યારે વ્યવસ્થાપ્રેમ જેવો શબ્દ જોડીએ, ત્યારે તો ઘણાને નવાઈ જ લાગશે. અવ્યવસ્થા એ જાણે કે બાળકની સાથે જોડાયેલી જ વસ્તુ છે. પણ જરા બારીકાઈથી વિચારીશું તો હકીકત સાવ ઊલટી જ છે.

બાળકનો જન્મ થાય ત્યારે એ એની જબરી નવી સૃષ્ટિમાં આવી પડે છે, કે એ આવડી જબરી સૃષ્ટિને પોતે કઈ રીતે હસ્તગત કરશે અને તેમાં પ્રવેશ કરવાની શરૂઆત કેમ કરશે તેમ કલ્પવું આપણને મુશ્કેલ લાગે એથી આગળ જઈને વિચારીએ તો, બાળકો પ્રયાસપૂર્વક આવડા મોટા જગતમાં પ્રવેશ કરે છે અને તેમાં પોતાનું સ્થાન જમાવે છે તેનો એ પ્રયોગ આપણી નજરે ય નથી પડતો. બાળકની બીજી પણ ઘણી ય પ્રક્રિયાઓ આપણી નજરે ચડતી જ નથી અને છતાં એવી પ્રક્રિયાઓ કરતાં કરતાં જ એ મોટું થાય છે, જ્ઞાનવૃદ્ધ થાય છે અને વિકાસ સાધે છે.

ત્યારે હવે આપણે આ વ્યવસ્થાની વાતને વધુ આગળ લંબાવીએ.

આપણાં મોટેરાંઓનો અનુભવ છે કે, આપણે કોઈ અજાણ્યા સમાજમાં જઈ ચડીએ અને તેમાં આપણને રહેવાનું થાય તો આપણે પોતે એ અજાણ્યા સમાજનું ચોકકસ અવલોકન કરીને, તેની સમગ્ર જીવવાની રીતનો અભ્યાસ કરવો પડે છે અને પછી એને અનુરૂપ રીતે આપણે વ્યવહાર કરવા લાગીએ એટલે એ સમાજમાં આપણે સરળતાથી ભળી જઈ શકીએ છીએ. જે સમાજમાં આપણે ભળવા જવાનું હોય તે સમાજમાં અનવસ્થા ને કોઈ પ્રકારનું વ્યવસ્થાતંત્ર ચાલતું ન હોય, તો તેમાં પ્રવેશી આપણે બંધબેસતા ન થઈ શકીએ.

બાળક જ્યારથી જન્મે છે ત્યારથી એક એક નવો નવો અનુભવ કરતું થાય છે. સૌથી પહેલાં માની ગોદમાં આવવાનો, પછી ભૂખ લાગે ત્યારે માનુ સ્તનપાન કરવાનો અને ઊંઘવાનો. ઝાડા-પેશાબ પોતાને થાય ને ભૂખ લાગે એ પણ એના પોતાના જ અનુભવો છે. એ અનુભવો એને થયા જ કરે છે. બાહ્ય સૃષ્ટિમાંથી જો નિયમિતતાપૂર્વક એને એમાં મદદ થાય તો અમુક ચોક્કસ વખતે જ એ ક્રિયાઓ એ કરતું થાય તેવું વ્યવસ્થાતંત્ર ગોઠવી શકાય છે. એને પક્ષે તો એવી આશા-ભલે સમજણ વગરની-હોય જ છે.

એથી મોટી ઉંમરે જેઓનો અનુભવ છે તેઓ જાણે છે કે જો અમુક ચોક્કસ કલાકે-એટલે કે ત્રણ ત્રણ ચાર ચાર કલાકે-એમને દૂધ પાવા માટે લેવામાં આવે તો બાળકના ઉછેરમાં ઘણી જ સરળતા આવે છે. ઊંઘના કલાકો પણ ચોક્કસ થઈ જાય છે. બાળકનું વ્યવસ્થાતંત્ર બરાબર ચાલુ રહે છે. એમાં અનિયમિતતા થતાં બાળક કજિયો કરે છે. એની તબિયત બગડે છે. બાહ્ય સૃષ્ટિનાં પાત્રો એટલે કે મોટેરાઓ જો એમની સાથે નિયમિતતાથી વર્તે તો તેઓને એ જ જોઈએ છે. ટૂંકમાં, જીવનમાં વૃદ્ધિ

પામવા માટે એવી જાતના વ્યવસ્થાતંત્રની બાળકની પોતાની અંદરની જરૂરીઆત છે.

એથી આગળ ચાલીએ બાળક થોડુ મોટુ થાય છે. એની તમામ જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયોને વિકસાવવાને માટે તો ઘરમાંની ચોક્કસ વ્યવસ્થાઓ તેમને ઉપકારક બને છે રમવાની અમુક જગ્યા, ઝાડે જવાની અમુક જગ્યા, પેશાબ કરવાની અમુક જગ્યા, પાણી પીવાની અમુક જગ્યા, જમવાની અમુક જગ્યા, સૂવાની અમુક જગ્યા વગેરે. બાળક બહુ જ સહેજે આ બધાં કાર્યો માટેની ચોક્કસાઇ માગતું હોય છે. જે મોટેરાંઓ એમાં આગ્રહપૂર્વક દૃઢ હોય તો બાળ ને તો વિકસવા માટે આવી જાતની ચોક્કસ વ્યવસ્થા એક જરૂરીઆત જ હોય છે.

બાળક ચાલતું થાય ત્યારે તો ઘરનો ખૂણેખૂણો ફરી વળે છે. આપણું એકકેએક કાર્ય એ જુએ છે. પાણી પીને બુઝારું બંધ કરીએ છીએ તો એ કદી જ બુઝારું ઢાંવું ભૂલતું નથી. પાણી પીને પ્યાલો ઊંધો વાળતા હોઇએ તો એ ભૂલ્યા વગર પાણી પીને પ્યાલો ઊંધો મૂકે છે ડોયાંથી આપણે પાણી ભરતાં હોઇએ તો ડોયાથી પાણી લેવાનો એનો પ્રયાસ હોય જ છે. પુસ્તકોનાં સ્થાન, કપડાંનાં સ્થાન, રસોડાનાં વાસણોનાં સ્થાન વગેરે દરેક વસ્તુઓમાં એની ચોક્કસાઇ એ ખૂબ જ ખૂબ દેખાડતું હોય છે. જે સ્થાન જેને માટે નકકી હોય તે જ સ્થાન તેને મળવું જોઇએ તેવો તે આગ્રહ સેવે છે.

બસ બૂથી નહાનારું બાળક નહાતી વખતે સાબૂ માગે જ છે. અમુક ચોક્કસ પ્યાલા કે લોટાથી નહાનારું બાળક નહાતી વખતે એ જ વાસણ શોધીને લ વવાનો પ્રયત્ન કરે છે. જમતી વખતે અમુક ચોક્કસ રીતે બેસવાનો એટલે કે પાટલા કે પાથરણાં નાખતાં હોઇએ, પ્યાલા કળશા ભરતાં હોઇએ તો એ બધી જ ક્રિયાઓ પૂરેપૂરી કરી લેવાનો બાળક આગ્રહ ધરતું જ હોય છે.

આ અને આવા અનેક દાખલાઓ આપણે એકઠા કરી શકીએ. તાજું તાજું વ્યવસ્થાઓ જોઇ જોઇને આગળ વધતું બાળક નાની એવી અવ્યવસ્થા જોઇને ગભરાઇ પણ ઊઠે છે.

અમારે ત્યાં એવો એક છેલ્લે છેલ્લે અનુભવ પણ થયો. સામાન્ય રીતે અમારા બાબાએ સાઇકલને કદી જ પડી ગયેલી નહિ જોયેલી. સાઇકલ હમેશાં બે પૈડાં પર ઊભેલી જ એની નજરે ચડેલી. મારે ત્યાં મારા મિત્ર આવ્યા. એની સાઇકલ અમે ઘરમાં હતા ત્યાં આડી પડી ગયેલી. બહાર આવીને અમે ઊભા હતા. મારા બાબાએ એ સાઇકલને આડી પડી ગયેલી જોઇ. એ મૂંઝાયો. એ પૂરું બોલતો થયો નહોતો છતાં નિશાનીથી મને ચોકકસ સમજાવ્યું કે આ સાઇકલ મૂળ સ્થિતિથી કંઇક ભિન્ન છે. એ સરખી કરાવવા માટે એણે બેચાર વખત સમજાવવાનો મને પ્રયાસ કર્યો. નીચે ઊતરી એ સાઇકલને ઊભી કરી દીધી એટલે એના મોં પર એકદમ આનંદનો–સુખનો ભાવ દેખાયો.

આપણે મોટેરાઓ જો બારીકાઇથી જોઇશું તો આ વસ્તુ દીવા જેવી સ્પષ્ટ દેખાશે. શરૂઆતનાં ચારેક વર્ષ સુધીની સ્થિતિ આવી હોય છે.

જે અનવસ્થા અને અવ્યવસ્થા બાળક ઊભી કરે છે એ આપણે મોટેરાંઓનું પ્રતિબિંબ હોય છે એમ કહેવાની હું આજે ધૃષ્ટતા કરું છું.

એક વાર ડોયાથી ને એક વાર એમ ને એમ પ્યાલો ડબકાવીને પાણી પીવાનો પ્રયોગ જો ચાલુ રહે તો પછી અમુક ચોકકસ રીતે પાણી પીવાનો આગ્રહ બાળક પણ છોડે છે. શરૂમાં એને ચીટકી રહેવા એ આગ્રહ કરે છે, પણ મોટેરાઓ એ તરફ દુર્લક્ષ કરે છે; અને પરિણામે, બાળક એક બાબતમાં ફાવે તેમ કરતું થાય છે.

અમુક જ જગ્યાએ ઝાડા પેશાબનો ચોકકસ આગ્રહ મોટેરાંઓ શરૂમાં રાખે અને બાળક એને સ્વેચ્છાએ અનુકૂળ બનતું હોય છે. અને પાછળથી તેમાં આળસને કારણે ફેરફાર થવા લાગે તો શરૂમાં થોડો આગ્રહ સેવી બાળક એ બાબતમાં પણ અવ્યવસ્થિત બને છે.

ઘરમાં ચીજો ગોઠવીને મૂકવામાં, કપડાં અમુક જ જગ્યાએ સંકેલીને મૂકવામાં, જોડા અમુક જ જગ્યાએ ઉતારવામાં, અમુક જ વખતે ખાવાપીવામાં, અમુક જ વખતે સૂઇ જવામાં, અમુક જ રીતે સૂઇ જવા વગેરે અનેક બાબતોમાં જો આપણે મોટેરાઓ ચોકકસ રીતો આગ્રહપૂર્વક અખત્યાર કરીએ તો શરૂથી જ બાળક એને સ્વેચ્છાએ અને પ્રેમથી પોતાની કરીને

સ્વીકારી લે છે. કારણ, એને તો મોટેરાંઓની દુનિયામાં પ્રવેશ પામી સ્થિર થઈ જવું છે. એમાં જે ફેરફારો થાય છે અથવા તો અવ્યવસ્થા ઊભી થાય છે એ આપણા મોટેરાંઓના એ જાતના આગ્રહોમાં જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે નબળાઈઓ દેખાય છે તેમાંથી ઊભી થાય છે. શરૂમાં બાળક આપણી એ નબળાઈઓનો વિરોધ પણ કરે છે. છતાં એમનો વિરોધ આપણા લક્ષમાં સુદ્ધાં નથી આવતો. આપણે જ આપણી આળસ, કંટાળા કે ક્રોધ બીજા કારણે અવ્યવસ્થિત બનીએ છીએ. બાળક ધીરે ધીરે એ વસ્તુઓ જુએ છે. એનો વિરોધ કરે છે. વિરોધ ધ્યાનમાં ન આવતાં અવ્યવસ્થા અથવા તો અનવસ્થા એ આ સમાજનું અથવા તો પોતાના ઘરનું એક વ્યવસ્થિત અંગ છે એવું સમજતાં અવ્યવસ્થાને એ પોતાની કરી લે છે. અને પછી તો એ અવ્યવસ્થા મોટેરાંઓને પટકે ત્યાં સુધી મૂઝવે છે. દોષનો ટોપલો બાળક ઉપર ઢોળાય છે. હકીકત તરીકે એના મૂળમાં આપણે જ દોષિત હોઈએ છીએ.

બાળજીવનમાંનું આ એક હમેશ બનતું તાજું છતાં ધ્યાન બહાર રહેતું એવું એક પાસું છે.

દરેક જાગૃત મા–બાપ આ વસ્તુને જોવા પ્રયત્ન કરશે તો કંઈક નવો જ પ્રકાશ એમને મળશે.

ભાવનગર
તા૦ ૨૭–૭–૪૭

ચંદ્રલાલ વ૦ ભટ્ટ

બાલમંદિરના શિક્ષકોનો પગાર

આજકાલ બધે પગારવધારો માગવાનો પવન ચાલ્યો છે. બાલમંદિરના શિક્ષકો પણ તેમાંથી અળગા કેમ રહી શકે?

આજની મોંઘવારી જોતાં પગારનું પહેલાંનું ધોરણ બિલકુલ ચાલી શકે તેમ નથી, એટલું જ નહિ પણ સરકારે ઠરાવેલા મોંઘવારી ભથ્થાંના ધોરણ પ્રમાણે પગાર ઉપરાંત રૂ. ૨૪ કે રૂ. ૨૬ આપીને પણ કામ સરે તેમ નથી. મોંઘવારી ત્રણગણી થઈ છે અને તે રોજની ખાવા-પીવાની અને કપડાલત્તાની બાબતોમાં પણ છે–નહિ કે શ્રીમંતોના વપરાશની મોજશોખની વસ્તુમાં જ છે. બાળકોને તો બાસ જરૂરી એવું ઘીદૂધ જ મૂળે ચારગણું મોંઘું થયું છે! પગારનો વધારો પણ એ પ્રમાણમાં એટલે ત્રણગણો થવો જોઈએ. તો જ શિક્ષકો વધારે સારી રીતે તો નહિ જ પણ પહેલાં જેવા ગરીબાઈથી જીવતા હતા તેવી રીતે જીવી શકશે. એટલે પહેલાં જેમને રૂ. ૩૦ પગાર હોય તેમને આજે ૯૦ રૂ. આપવા જોઈએ. કાંઈ નહિ તો અઢી ગણો એટલે ૭૫ રૂ. તો આપવા જ જોઈએ. મોંઘવારી શહેર જેવી જ ગામડાંમાં પણ છે જ. એટલે આ ધોરણ ગામડાંના શિક્ષકોને પણ લાગુ થવું જોઈએ.

એ સિવાય મૂળમાં જ ૨૫/૩૦ રૂ. એ શિક્ષકના કુટુંબના ચરિતાર્થ માટે પૂરતો પગાર નથી. માટે ઓછામાં ઓછો પગાર, કોઈ પણ પ્રકારના શિક્ષકને માટે, તેનો ચરિતાર્થ ચાલે–શ્રીમંતાઈની રીતે નહિ પણ ગરીબાઈ ને સાદાઈની રીતે ચાલી શકે–એટલો તો હોવો જ જોઈએ. Minimum living wage એટલે જીવંત રહેવા માટે ઓછામાં ઓછો પગાર પણ જેમ સરકાર નક્કી કરે છે, તેમ નૂ૰ બા૰ શિ૰ સંઘે બાલમંદિરના શિક્ષકો માટે નક્કી કરવો જોઈએ એ વાત ખરી છે. એ દૃષ્ટિએ જ, મુંબઈ શાખાએ મુંબઈના બાલશિક્ષકોની તેમ જ ચાલકોની દૃષ્ટિ ધ્યાનમાં લઈને તે સંબંધમાં યોજના ઘડવાનું કામ હાથ ધર્યું છે. બહારગામનાં બાલમંદિરોના શિક્ષકો તથા ચાલકોનું દૃષ્ટિ-બિંદુ પણ એ યોજના ઘડતી વખતે સામે હોય તો વધારે સારું એ વિચારથી, "શિક્ષણપત્રિકા"ના ગયા અંકમાં શ્રી૰ બાબીબેન મૂળજીએ તેમને વિનતિ કરી છે. આશા છે કે, બાલમંદિરના શિક્ષકો તથા ચાલકોએ પોતાના વિચારો તેમને જણાવ્યા હશે. મુંબઈ શાખાએ તૈયાર કરેલી યોજના મધ્યસ્થ કાર્યાલય તરફ આવતાં તે બીજી શાખાઓ ઉપર મોકલવામાં આવશે, જેથી બધાના વિચારો ધ્યાનમાં લઈને ધોરણ નક્કી થઈ શકે. વાલીઓ પણ પોતાનો મત લખી મોકલી શકે છે.

આ રીતે, નૂ૰ બા૰ શિ૰ સંઘ તરફથી શિક્ષકો, સંચાલકો તથા માબાપો તરફથી વિચારો જાણી, એક ધોરણ નક્કી

કરવામાં આવે એ અનેક રીતે લાભકારક છે. આજે એક ધોરણ ન હોવાથી ઘણા અનિચ્છનીય બનાવો બને છે. નૂતન બાલશિક્ષણની દૃષ્ટિએ, આપણાં બાલમંદિરોમાં, આવાં તત્ત્વો દાખલ થાય તે બિલકુલ જ સારું નથી એ કોઇ પણ શિક્ષક કે સંચાલક કબૂલ કરશે.

પગારનું ધોરણ કશું જ નક્કી ન હોવાથી નીચે પ્રમાણેનાં પરિણામો આવે છે :

(૧) એક બાલમંદિરના શિક્ષકને બીજા બાલમંદિરવાળા ૫/૧૦ રૂ.નો વધારો આપી પોતાને ત્યાં બોલાવે છે. સંઘ સાથે જોડાયેલાં બાલમંદિરોમાં જ શિક્ષકો માટે આવી ખેંચતાણ થાય તે સારું ન જ કહેવાય. આપણું ભલે સરકારી ખાતું ન હોય, તો પણ, એક ખાતાના કાર્યકર્તાઓ વચ્ચે રહેલી નીતિરીતિ ને સભ્યતા આપણા શિક્ષકો અને સંચાલકોએ પાળવી જ જોઇએ. હમણાં જ થોડા દિવસ પહેલાં, સંઘની જ સંસ્થામાં એક શિક્ષકની ગફલતથી, બીજા બાલમંદિરના સંચાલકોની યોગ્ય પ્રકારે રજા લીધા વગર આવેલા શિક્ષકની નિમણૂક ભૂલથી થઇ. તેમ થવાનું ખરું ને ઊંડું કારણ તો વધારે પગારનો લોભ એ જ ગણી શકાય. માટે સંઘની બધી શાળામાં સરખું ધોરણ હોય તે જરૂરનું છે.

(૨) સંચાલકો શિક્ષકોને ગમે તેટલું ઓછું વેતન આપીને તેમ જ કોઇ પણ જાતની સગવડ આપ્યા વગર રાખવાનો પ્રયત્ન કરે છે. ઘણી જગ્યાએ બાળકોની ફી આવે તેટલામાં નભાવી લો એમ જ ટ્રસ્ટીઓનું કહેવું હોય છે. ૯ કે ૧૦ રૂ. પગાર (જવા આવવાનું ટ્રેન કે ટ્રામ ભાડું પણ જુદું નહિ) ઉપર બાલમંદિરના શિક્ષકોને રાખવાનો પ્રયત્ન થાય છે એમ જાણવામાં છે; તેમજ ઘણી જગ્યાએ ૩૦/૩૫ રૂ. જેવા ટૂંકા પગાર ઉપર નાના ગામમાં વસો ને વઁસો સુધી જેમતેમ પડ્યા રહેલા શિક્ષકોના દાખલાઓ પણ મળી આવે છે. આવી શાળાઓ કશી પ્રગતિ પણ કરતી નથી. શિક્ષકોની તપશ્ચર્યા કાંઇ ઓછી હોતી નથી. પણ તેનો તેમને પોતાને કે બાલશિક્ષણને ખાસ લાભ થતો નથી; કેમ કે શિક્ષક કચરાઇ જાય છે.

(૩) એનાથી તદ્દન વિરુદ્ધ દાખલાઓ પણ બને છે. આજે બાલશિક્ષણના જાણકાર શિક્ષકો ઓછા છે. બાલમંદિરો કાઢવાની ધૂન તો બધે જાગી છે ને ઘણાં બાલમંદિરો ઉઘાડી બેઠાં છે. બોલેલી સંસ્થા બંધ કરવાનું તો કોઇને ગમે નહિ એટલે ચાલુ રાખવાનો શક્ય તે પ્રયત્ન કરવામાં આવે છે. આવી પરિસ્થિતિનો લાભ લઇ ઘણા શિક્ષકો મન માને તે પગાર માંગે છે; અને ઘણી વાર સંચાલકોને ખૂબ તંગ કરે છે. રોજ ને રોજ બાલમંદિરનો ખર્ચ એટલો બધો વધ્યે જ જાય છે, કે આખરે હોંશથી અને બાલશિક્ષણના પ્રેમથી શરૂ કરેલી બાલમંદિર જેવી પ્રવૃત્તિ નિભાવવી અશક્ય થતી જાય છે. શિક્ષક માગે તે આપવું, નહિ તો બાલમંદિરો બંધ કરવાં એવી મુશ્કેલીમાં સંચાલકો આવી પડે છે.

(૪) આ ક્ષેત્રમાં નથી હોતું પગારનું ધોરણ; નથી હોતો વધારો; નથી હોતું પ્રોવિડન્ટ ફંડ કે પેન્શન; કે નથી હોતી બદલી થઇ ને મોટા પગારની જગ્યાએ જવાની આશા. ઘણી વાર તો બાલમંદિર પણ કાયમ ચાલશે કે એકાદ બે વર્ષમાં બંધ થશે એની પણ ખાતરી ન રખાય. એટલે બધા લાયકાતવાળા, બાલશિક્ષણમાં પ્રેમ ધરાવવાવાળા શક્તિશાળી માણસો આ બાજુએ બહુ વળતા જ નથી. એટલે સારા શિક્ષકોની અછત કાયમ રહ્યા જ કરે છે.

સ્વ૦ ગિજુભાઇ પાસે ૫૦૦ જણાએ શિક્ષણ લીધું પણ, તેમાંથી ૧૦૦ પણ આ ક્ષેત્રમાં ટકીને રહ્યા નથી. એ જ નિયમ બીજાં અધ્યાપનમંદિરે ને પણ લાગુ છે. પગાર, પ્રોવિડંટ ફંડ, કાયમીપણું વગેરે બાબતમાં કાંઇક નિશ્ચિત થઇ જાય તો શિક્ષક તરીકે જોડાનારાની સ્થિતિ આજે છે તેમ ન રહે. ને તેથી બીજા પણ આ બાજુ તરફ વળે. બાલમંદિરો શરૂ કરનારા પણ પહેલેથી જ આ બધું વિચારીને બાલમંદિરો બોલશે ને અગાઉથી જ નાણાકીય યોજના પણ કરશે તો કાયમ ટકી રહેશે.

શિક્ષકોના પગારવધારા, ઓછામાં ઓછા પગાર, રજાઓ, પ્રોવિડંટ ફંડ વગેરેમાં સંઘનું ચોક્કસ ધોરણ હોવું જોઇએ એ સ્વીકારીને તેની તરફેણમાં આટલું લખ્યા પછી સંઘના કાર્યકર્તાઓને બીજી પણ બે વાતો કહું :

પહેલી વાત તો એ કે, આપણો શિક્ષક સામાન્ય શિક્ષકોની જેમ પગારી એટલે ભાડૂતી શિક્ષકની મનોવૃત્તિ ધરાવતો થઇ જાય તો આપણું કામ માર્યું જશે.

શિક્ષકને મનુષ્ય તરીકે જીવવાનો અધિકાર છે; તેટલું તો તેને મળવું જોઇએ જ એમ જ્યારે કહીએ છીએ ત્યારે શિક્ષકો બીજા મજૂરો જેવા નથી એમ પણ માની લઇએ છીએ. શિક્ષક, ને તે પણ બાલશિક્ષક, આદર્શવાદી હોવો જ જોઇએ. ને એવા શિક્ષકને તેની ગરીબાઇ વધારે શોભા આપતી હોય છે. દ્રોણાચાર્યના દીકરાને દૂધને બદલે લોટ પલાળીને તેની માએ આપ્યો એવી ગરીબાઇથી દ્રોણાચાર્યની કિંમત ઘટતી નથી પણ વધે છે.

આજે બધા શિક્ષકો, બીજા કામગાર લોકોની જેમ, પગારવધારાની અને 'સંપ કરવાની ને 'ગોળ નાખો તેટલું ગળ્યું થાય' વગેરે વાતો કરે છે ત્યારે તે આઘાતકારક લાગે છે. આ મનોવૃત્તિથી શિક્ષકો પ૦ને બદલે ૫૦૦ કમાય તેથી કાંઇ શિક્ષણની કક્ષા થોડી જ ઊંચી આવવાની છે? એ તો ભાડૂતી તે ભાડૂતી જ રહેવાના. ૫૦, ૫૦૦ કે ૫૦૦૦થી ફેર પડવાનો નથી જ્યારે આપણો આદર્શ સાચા ગુરુ રહેવાનો હોય ને તે વૃત્તિથી કામ કરતા હોઇશું, તો પગા ને કારણે નહિ પણ આપણી યોગ્યતા, આપણા કામનું મહત્ત્વ અને આપણી નિરપેક્ષ સેવાને કારણે આપણને પ્રતિષ્ઠા મળવાની છે અને આપણે જાણી જોઇને સેવેલી ગરીબાઇથી તે વધવાનાં છે પ્રતિષ્ઠા ને માનમાન્યતાની વાત જ એવી છે, કે જેમને તે વિષે ચિંતા રહ્યા કરે, તેમને તે મળતી જ નથી. શિક્ષકોના મનમાં પોતે ઉચ્ચ દરજ્જાના નથી એવી હીનતાભરી ભાવના હોય છે માટે જ તેમની પ્રતિષ્ઠા ઘટી છે, નહિ કે તેમની ગરીબાઇ કે ફાટલાં કપડાંને કારણે. આપણે આ શોમાં ઘટયા છીએ એટલે આપણી પ્રતિષ્ઠા ઘટી છે એ વાત શિક્ષકોએ બરાબર ધ્યાનમાં રાખવી જોઇએ.

ઘણાખરા શહેરી બાલમંદિરના શિક્ષકો બીજા પ્રાથમિક ને માધ્યમિક શિક્ષકોની જ મનોવૃત્તિ સેવતા હોય છે. ઓછામાં ઓછા કલાકો કામ કરવું પડે ને વધારેમાં વધારે રળીએ મળે તે માટે પ્રયત્ન ચાલુ રાખવો તેમ જ પોતાનાં ટૂંકા પગાર માટે હમેશ અસંતોષ રાખવો તેમ જ ટ્યૂશનોની પાછળ કલાકો ને કલાકો ગાળીને જેટલી વધારે કમાણી થાય તેટલી કરવાની વૃત્તિ એ બ્રાહ્મણવૃત્તિ નથી. નૂતન બાલકેળવણીની પાછળ એ પ્રવૃત્તિના પિતા સ્વ૦ ગિજુભાઇએ આ વૃત્તિ રાખી ન હતી. તેમણે ખરેખરો ઋષિકાલીન આદર્શ રાખ્યો હતો. તેમણે એ જ રીતે છેલ્લી ક્ષણ સુધી કામ કર્યું અને પોતાના શિષ્યોને એ જ રસ્તે જવાનું બતાવ્યું છે.

બાલમંદિરોના શિક્ષકોના પગાર રળીએ વગેરે ધોરણો નકકી થાય તે ઠીક છે. પણ તે કારણે, આ શિક્ષકો, માત્ર તેટલી જ બાબતો ઉપર લક્ષ રાખીને બીજા સામાન્ય શિક્ષકોની મનોવૃત્તિવાળા ન થઇ જાય એ જરૂરનું છે.

આજે આપણે આપણા દેશમાં એક વિશેષ મહત્ત્વના કાળમાંથી પસાર થઇ રહ્યા છીએ. આ વખતે દરેક વ્યકિત ઉપર દેશને ઊંચે લાવવા માટે કાંઇ ને કાંઇ કરવાની ફરજ છે. તેમાં શિક્ષણમાં બહુ પછાત એવા આપણા દેશમાં શિક્ષકો ઉપર જ સૌથી મોટી ફરજ છે. તેમણે સૌએ મળીને, સંગઠિત થઇને, માત્ર પગારવધારો માગવામાં કે શાળાઓ બંધ પાડવામાં શકિત ખર્ચવાની નથી. તેમણે તો સંગઠિત થઇને દેશકાર્યનો પોતાનો હિસ્સો ઉપાડવાનો છે. આ વખતે લોકવર્ગ અને ગામડાંનાં બાળકોને ભણાવીને તૈયાર કરવાનું કામ શિક્ષકવર્ગે ઉપાડી લેવાનું છે. તેમાં બાલશિક્ષકે પણ પોતાનો ફાળો આપવાનો જ છે. બ્રિટિશો પાસેથી સત્તા મેળવવા માટે જેમ ભૂખતરસ વેઠીને સિપાહીઓ થઇને પ્રજા નીકળી હતી તેવી જ રીતે આજે પણ દેશને ઊંચે લાવવા માટે સેના જ તૈયાર કરવાની છે.

ટૂંકમાં, આપણે આપણા ગિજુભાઇના ઊંચા સંપ્રદાયની ઊંચી ભૂમિકા છોડીને સામાન્ય ભાડૂતી શિક્ષકોની વેપારી મનોદશાવાળા ન થઇ જઇએ તે જોવાનું છે.

બાલમંદિરના શિક્ષકને મનુષ્ય તરીકે જીવવું જોઇએ એ સાચું; પણ તે ખાતર તેણે બાલશિક્ષણની ઉપાસના વધારવાની છે. શુદ્ધ કરવાની છે. આદર્શવાદી રહેવાનું છે.

બાલમંદિરના શિક્ષકોના પગારનું ધોરણ ઘડાશે ત્યારે ઘણાં બાલમંદિરોના ચાલકોને પોતાનાં બાલમંદિરો બંધ કરવાની ફરજ પડશે એવી બીક લાગે છે.

બાલમંદિરનો ખર્ચ કેટલો હોય ને તે કેવી રીતે ચાલવો જોઇએ વગેરે વિષે હવે પછી લખીશ.

તા૦

ધ્રાસ્કો પડયો!

નવ વર્ષની ઉંમરે, એક વાર, કમળાને ઉતાવળમાં બહાર જવાનું નકકી થતાં, ખીંટી ઉપર ટીંગાતા ઘાઘરી પોલકું પહેરી લેવાં પડયાં. ટોપી તેલવાળી થઇ હોય અને ટાંગ્યા પછી થોડી વારે લાલ ફીડીઓથી છવાઇ જાય તેમ કમળાના ઘાઘરી ને પોલકું પણ એવી જ કોઇ ચિકાશ રહી જવાને કારણે લાલ ફીડીઓથી છવાઇ ગયાં હતાં. જવાની ઉતાવળમાં હતી એટલે પહેરતી વખતે જોઇને પહેરવાનું એને સૂઝયું નહિ. પહેર્યાં પછી થોડી જ વારે આખા શરીરે ચટક ભટક થવા માંડયું. જરા બારીકાઇથી જોયું તો કારણ મળ્યું અને ફીડીઓ શરીર પરથી વીણવા માંડી. પણ ફીડી કાંઇ પાંચદસ ઓછી હતી કે તરત હાથ આવે! તેમ એક જગાએ સ્થિર ઓછી હતી કે બીજે ચટકાં ન ભરે!

શરીરનો એક ભાગ એવો ન રહ્યો કે જ્યાં કમળાને ફીડીએ ચટકો ન ભર્યો હોય. સારી પેઠે એ એકળાઇ ગઇ. બહુ ચટકાથી વેદના થઇ માની મદદથી ફીડીઓ ઓછી કરી, પછી શરીરે રાખ ઘસી, ત્યારે લગભગ કલાકેક બાદ એનું શરીર ફીડીમુકત થયું.

કમળા આજે ૩૧ વર્ષની છે. પરણીને સંસાર માંડયે પંદરેક વર્ષ થયાં છે. ઘરરખ્ખુ હોવાથી બધું જ સાચવી સંભાળી ચોખ્ખું રાખે છે; પણ ફીડી દેખે છે ત્યારે હજી યે ફીડીની જાતનો વિચાર કર્યા વગર એ વળગશે માટે એને દૂર રાખવાનો કે ફીડીથી દૂર રહેવાનો ઉપાય કરે છે.

ફીડી તો અનેક જાતની હોય છે. કોઇ વળગે છે, કોઇ નથી વળગતી. કોઇ ચિકાશની વાસમાત્રથી આકર્ષાઇને આવે છે અને કોઇ ચીકાશને સ્પર્શે તો જ ઉપર ચડે છે. વળી, ખેતરાઉ ફીડીનો રંગ અને કદ ઘરમાં ધીતેલ ઉપર ચડતી ફીડી કરતાં જુદાં હોવાથી તરત પરખાઇ જાય છે. આવી સામાન્ય સમજણો કમળા બીજાને આપે છે પણ પોતે ફીડીને પ્રત્યક્ષ જુએ છે ત્યારે ધૂંવાંકૂંવાં થઇ એની જાત ઓળખ્યા વગર આધી ભાગે છે.

કમળાનો આ ધ્રાસ્કો કાયમનો શી રીતે દૂર કરાવવો?

* * *

કાન્તા છએક વર્ષની હતી ત્યારે મેળામાં બધાં છોકરાઓ સાથે ગઇ હતી. જાતજાતનાં રમકડાં મેળામાં વેચાય છે. હજી સુધી કાન્તાએ જાપાની બાબલા કોઇ વાર જોયેલા નહિ, તે આ મેળામાં પહેલી જ વાર જોયા. જાપાની રમકડાં તો ઘણી જાતનાં હતાં અને તે બધાંએ કાંતાને ઘણી વાર આકર્ષી રાખી. આખરે એનું મન પેલા નાનકડા બાબલામાં જ ચોંટયું હોવાથી, એ બાબલું જ ખરીદાવીને ઘેર લાવી.

ભારે ઉમંગથી બાબલા સાથે આખો દિવસ પોતાને કલ્પના પ્રમાણે રમી, રાત પડતાં, બાની સન્નાહ મુજબ, કબાટ ઉપર મુકાવ્યું.

રાતે ઊંદરની કબાટ ઉપરની દોડાદોડીથી વજનમાં અતિ હલકો હોવાથી જાપાની બાબલો નીચે પડયો. તે દિવસે કાન્તાને અચાનક આ કબાટ પાસે જ સૂવરાવવામાં આવેલી. કાન્તા નાનકડી હતી ત્યારથી જ સુજાગ હતી ઊંઘની બાબતમાં સાવ અધેારી નહિ એટલે સફાળી જાગી અને ગભરાઇને ચીસે ચીસ પાડી. બા ઊઠી, બત્તી સળગાવીને જોયું તો બાબલો એના પગ પાસે પડયો હતો.

ગમે તેમ પણ કાન્તા ગભરાઇ ગઇ. એ બાબલાને તે વખતે ઉપડાવી લીધા છતાં સવારે તે તેને અડી જ નહિ. એને રમવા પણ ન લીધું. બાએ બહુ આગ્રહ કર્યો કે, "રમવા લે." પણ કાન્તાને રાતના બાબલો પોતાની ઉપર કેમ પડયો તે યાદ આવી ગયું.

એ દિવસ સુધી કાન્તાએ એને ન લીધો. આખરે ત્રીજે દિવસે ઘરનાં બીજાં છોકરાંઓએ બાબલાને ઉપાડી એના ખોળામાં મૂકયો ત્યારે તો કાન્તાએ કાળી ચીસ પાડીને બધાંને ગભરાવી માર્યા. તે દિવસથી આજ સુધી, કાન્તા બાબલાને બહુ દૂરથી જોતાં સાથે જ આઘી ખસી જાય છે.

આજકાલ કૉલેજના પહેલા વર્ષમાં કાન્તા છે. બાબલાની વાત, ગઇ કાલ જેવી જ, એને તાજી છે. આ ગ્રંથીમાંથી પોતે છૂટવા પ્રામાણિકપણે મહેનત કરે છે પણ છૂટી નથી. એની હમણાં ફરી એક વાર મેં ખાતરી કરી.

કાન્તાને આ બાબલાના ધ્રાસ્કામાંથી શી રીતે છોડાવવી?

* * *

દિવાળીબેનના નાના ટીખળીખોર ભાઇને હમેશાં કાંઇ ને કાંઇ ટીખળ વગર ચેન પડતું નહિ. દિવાળીબેન

પાંચેક વર્ષના અને ભાઇ લગભગ તેજ ઉંમરનો.

એક વાર ઘરમાંથી મરેલો ઊંદર બા પકડી બહાર નાખવા જતી બંને ભાઇબેને જોઇ. કુતૂહલભાવે દિવાળીબેન આગળ જઇ જોવા માંડ્યા. ભાઇએ બા પાસેથી ઊંદર હિંમતથી લઇ હાથમાં પૂંછડી-પકડી બેનને બતાવ્યો. બેને જીવતા ઊંદર પણ બહુ ઓછા જોયેલ અને આ શું છે એના વિચારમાં એ કાંઇ સૂઝાડે તે પહેલાં એ બીએ એ રીતે ભાઇએ એને ફેરવવા માંડ્યો.

એ ગભરાઇ ગઇ; અને આ ઊંદર શું છે એ બાની સમજણ પછી સ્વસ્થ થઇ! પછી પણ દોડતા ઊંદરને આઘેથી જોઇને પણ બીતી. ભાઇ બુદ્ધિથી સમજી ગયો કે ટીખળ માટે આ ઠીક લાગ છે. કપડાંને ઊંદર બનાવી રાત્રે બેન ન જાણે એ રીતે પથારીમાં મૂકયો અને ઊંધમાં પડખું ફેરવતાં ઊંદર છે એમ સમજી ગભરાઇને કાળી ચીસ પાડી.

૩૨ વર્ષની ઉંમરે એક શાળાના મુખ્ય શિક્ષક તરીકે દિવસો પસાર કરતા દિવાળીબેન ખુલ્લા મનથી એકરાર કરે છે કે ઊંદર વિષેનો મારો ખ્યાલ હજી એ જ સ્થિતિમાં કાયમ છે.

'એક બાલશિક્ષક'

* માનસપૃથક્કરણશાસ્ત્રના આવા ઘણા પ્રશ્નો બાળ-શિક્ષકોને નજરે પડે તેમ છે. ખાસ કરી નાની ઉંમરનાં બાળકોને કાયમી નુકસાન થાય એવું કાંઇ ન બનવા દેવાનો તેમ જ બને તો તેની ઊંડી અસર ન પડે ને પડેલો ઘા રુઝાઇ જાય તેમ કરવાનો પ્રયત્ન બાલશિક્ષકે માબાપોના સહકારથી કરવો રહ્યો. ઉપરના લેખથી, આ એક ગંભીર ફરજ તરફ, બાલશિક્ષકોનું તેમ જ માબાપોનું અમે ધ્યાન ખેંચીએ છીએ.

તંત્રી

'અમને ભણાવો ને'

વેડછીમાં અમે હમણાં નયી તાલીમ ચાલુ કરી છે. ગામના લોકો કાન ઊંચા કરીને જોતા થયા છે. કોઇ કોઇને શંકા જાય છેઃ આશ્રમવાળા તો સરકાર સાથે લડનારા અને સરકારી નિશાળો ઉઠાડી મૂકનારા. એ લોકો નિશાળ ઉઠાડી તો નહિ મૂકે? આશ્રમની નિશાળમાં છોકરાઓ દર વર્ષે ઉપલાં ધોરણોમાં ચડશે? તેઓને આગળ જતાં વ૦ ફા૦ કરાવશે? સરકારી પદ્ધતિએ આ શાળામાં પણ ધોરણો ચડશે અને અહીનાં સર્ટિફિકેટ બધે ચાલશે એમ ખાતરી થઇ ત્યારે તેમના જીવ કંઇક હેઠા બેઠા છે.

બાળકોને સ્વતંત્રતા અને પ્રેમાદરનું વાતાવરણ મળ્યું તેથી થોડા દિવસમાં પણ તેમની આંખમાં મસ્તી દેખાવા માંડી છે અને વાચા પણ જરા જરા ફૂટવા મંડી છે.

તેમનાં નાનકડાં મગજનેમાં પણ જૂની તાલીમમાંથી નવી તાલીમમાં પ્રવેશ કરતાં કઇક ગડમથલો ચાલતી જણાઇ છે. વખતોવખત શિક્ષકો સાથે તેમના સંવાદો થાય છે તેમાં તેનું પ્રતિબિમ્બ દેખાય છે :

"બાબુભાઇ, તમે અમને ભણાવતા તો નથી."

શિક્ષકઃ ત્યારે આપણે આખો દિવસ શું કરીએ છીએ? હું તો તમને ખૂબ ભણાવું છું.

વિદ્યાર્થીઃ એવું ભણવાનું ન હોય. તમે આંક તો બોલાવતા નથી.

શિક્ષક : આંક તો હું નથી બોલાવતો, પણ આપણે હમણાં કપાસ જોખ્યો, તે પીલ્યો, રૂ અને બિયાં જોખ્યાં, તૂણીને પૂણી બનાવી; તે જોખી, ગણી, નોંધી. આમાં તો તમે કેટલા યે આંક ગણી ગયા.

વિદ્યાર્થીઃ તમે તો એક પછી એક ઊભા કરી પાઠ પણ વંચાવતા નથી.

શિક્ષકઃ તેથી શું થઇ ગયું? જુઓ, મેં તમને ગિજુભાઇની ચોપડીઓ વાંચી સંભળાવી હતી ને? પછી તમને પુસ્તકાલયમાંથી ચોપડીઓ આપી. તમે તે શાળામાં યે વાંચી અને મજા પડી એટલે ઘેર પણ વાંચવા લઇ ગયા. તમને એમાં મજા નથી પડતી?

વિદ્યાર્થીઃ બાબુભાઇ, મજા તો પડે છે; પણ એ કાંઇ ભણ્યું કહેવાય? તમે અમને ડિકટેશન તો લખાવતા જ નથી!

શિક્ષકઃ તમને આજે તો ઠીક ઠીક લખવાનું મળ્યું છે. તમે તમારી રોજનિશિ લખી છે. તમને ક અક્ષરનો અને ઙ અક્ષરનો ઘાટ કેવો લખવો તે પણ આજે મેં શિખવ્યું હતું અને પ્રશ્નચિહ્ન આવે ત્યારે કેમ વાંચવું

એ પણ લખ્યું હતું ને? વળી આજે તો તમે પાટિયામાં મોટા-અક્ષરે શબ્દો લખ્યા હતા અને પીંછીથી ઝાડ અને ફૂલનાં ચિત્રો પણ ચીતર્યાં હતાં.

વિદ્યાર્થી: પણ એ બધું કંઈ ભણ્યા-ગણ્યા કહેવાતું હશે? એ તો તમે અમને રમાડ્યા કહેવાય. તમે તો કવિતા પણ ગોખાવતા નથી.

શિક્ષક: કેમ, તમને હવે કૂચ કરતાં કરતાં 'જન ગણમન' ગાતાં આવડી ગયું ખરું કે નહિ? અને 'પોપટભાઇ પાંખ ખંખેરે'વાળું નાટક પણ તૈયાર કરવા બેઠી માંડ્યું શું?

વિદ્યાર્થી: બાપુભાઇ, તમે ખરા છો હો! મને કેવા પટાવો છો? પણ આ કંઈ કવિતા ભણાવી ન કહેવાય. ભૂલ પડે તેને નીચે ઉતારે અને વઢે ત્યારે ભણાવ્યું કહેવાય.

શિક્ષક: વઢીએ અને નીચે ઉતારીએ તો તમને દુઃખ થાય. એવું તે મારાથી થાય? પણ તમને મજા તો પડે છે ને? અને તમને વઢ્યા વગર પણ આવડી તો જાય છે ને?

વિદ્યાર્થી: મજા તો બહુ જ પડે છે અને આવડી પણ જાય છે.

શિક્ષક: બસ ત્યારે. બીજું શું જોઇએ? ભણાવ્યા વિના જ બધું આવડે તો પછી ભણાવીને તમને દુઃખ શા સારું દઉં?

જુગતરામ દવે

બાલ ક્રીડાંગણ

[ભાવનગર રાજ્યની મ્યુનિસિપાલિટિમાં શ્રી. નર્મદાબેન રાવળે બાલક્રીડાંગણો અંગે દરેક સુધરાઇ સમિતિઓને માર્ગદર્શક થઇ પડે તેવું મનનીય વ્યાખ્યાન આપ્યું હતું તે અહીં આપવામાં આવ્યું છે. સં૦]

પ્રમુખશ્રી અને સભ્યો,

આપણી સામે આજે લાખો બાળકોનો પ્રશ્ન છે અને તે મોટા પાયા ઉપર ઉકેલાવો જોઇએ. તેને એકલું નિશાળનું શિક્ષણ પૂરતું નથી. પાંચ કલાક નિશાળનું ભણતર ભણ્યા પછી તેને માનસિક તાજગીની, શારીરિક વિકાસની જરૂર છે અને તે વિકસાવવા બાળક શેરીના ગંદા લત્તામાં રમતો રમે એ કોઇ રીતે ઇચ્છવા જેવું નથી. નાની વયથી જ બાળકના શરીરને ઘડવા માટે જેટલી કાળજી લઇએ તેટલી ઓછી છે. શરીર એ પાયો છે. તેની ઉપર આખી ઇમારતનો આધાર છે. એ જ ખરું અને પહેલું ભણતર છે. બાળકો શાળામાં જઇને ભણતર ભણે તે પહેલાં તેમનાં શરીરો બળવાન થઇ જવાં જોઇએ. આ માટે રાજ્ય તરફથી ઠેકાણે ઠેકાણે રમવા માટે સ્વચ્છ ક્રીડાંગણો ખુલ્લાં રાખવાની જરૂર છે.

પ્રત્યેક ક્રીડાંગણોમાં બાળકો વ્યવસ્થિત રમતો રમે, ખુલ્લી જગ્યામાં હરણની જેમ એકલા અથવા સાથમાં કૂદે, રમે અને રેતીમાં આળોટે, હિંચકે હિંચે, લપસણે લપસે, શેરીમાં અને ઘરમાં રમાતી રમતો રમે ને ગમ્મત સાથે શરીરને વિકસાવે. આ પ્રશ્ન ખાનગી માણસનો નથી; માત્ર એક શ્રીમંતનો નથી, એકાદ શિક્ષકનો નથી, એકલાં કેળવણીખાતાનો પણ નથી. આ પ્રશ્ન એક બાજુથી રાજ્યનો અને બીજી બાજુથી પ્રજાનો છે; અને બન્નેએ મળીને આ પ્રશ્નનો ઉકેલ સારી રીતે લાવવો જોઇએ. આવા ક્રીડાંગણો માટે મ્યુનિસિપાલિટિ જેમ સ્થળે સ્થળે બત્તીઓ મૂકે છે તેમ લત્તે લત્તે એકાદ સ્વચ્છ ચોગાન કરવાની જરૂર છે. બાળકો એ આપણું અમૂલ્ય ધન છે. તેમને માટે જેટલું ખર્ચીશું તેટલું ઊગી નીકળવાનું છે. આપણી આજની અપાતી શાળાઓની કે કૉલેજોની કેળવણીની એક બાજુ અણવિકસી રહી જાય છે, તેમાં આવાં ક્રીડાંગણો સર્વાંગી વિકાસ સાધી શકશે.

શહેરની અંદર લત્તે લત્તે ક્રીડાંગણો હોય એટલું જ બસ નથી; પણ શહેર બહાર પીલગાર્ડન જેવા બગીચામાં રેડીઓ મૂકી બાળકોનો પ્રોગ્રામ પણ રાખી શકાય. સમૂહમાં કવાયત પણ રાખી શકાય. આ કામ રાજ્ય અને પ્રજા બન્નેનું છે. ભાવિ પેઢી અને પ્રજા સુધારવી હોય તેમનું આ કામ છે.

આવાં ક્રીડાંગણો માટે તાલીમ પામેલા અને સંસ્કારી શિક્ષકોની પણ એટલી જ આવશ્યકતા છે. આખા રાજ્યમાં ગામડે ગામડે આવાં ક્રીડાંગણો ઊભાં એવું આપણે

પડ્યીએ, અને તેમાં બહુ મુસ્કેલી આવે તેવું પણ નથી. બધાં ક્રીડાંગણો પર દેખરેખ રાખનાર એક કમિટિ રહે અને તેમાં રાજ્યના કોઇ અધિકારી પણ હોય; એટલે રાજ્ય અને પ્રજા સંચાલિત કામ થઇ શકે તેવું છે.

જેમ સ્ત્રીઓ માટે બજટમા અલગ રકમની જરૂર આ સમાને લાગી છે, તેટલી જ જરૂર બાળકોના કામ માટે છે; અને તે બાબત નામદાર દરબારશ્રી અને સ્ત્રીઓના ફંડની વ્યવસ્થા કરનાર ગઇ કાલે જે કમિટિ નિમાઇ છે તે વિચાર કરશે એવી આશા રાખવામાં આવે છે.

પ્રમુખશ્રીએ જ કહ્યું છે કે પ્રજાની તંદુરસ્તી એ જ મુખ્ય વસ્તુ છે અને તે તેમનું કહેવું સાવ સાચું છે. આવાં ક્રીડાંગણોથી આપણી ભાવિ પ્રજાનાં શરીર ચોકકસ રીતે ઘડાશે અને તેથી તંદુરસ્તી વધશે તેમાં જરા ય શંકા નથી. **નર્મદાબહેન રાવળ**

શિક્ષકની પ્રતિષ્ઠા

આજકાલ શિક્ષકોનું સમાજમાં જે સ્થાન હોવું જોઇએ તે નથી રહ્યું એવો મોટો પોકાર ઠેર ઠેર સાંભળીએ છીએ. શિક્ષક એટલે સમાજનો ગુરુ ગુરુનું આસન રાજાની પાસે પણ ઊંચું રહેતું દશરથના દરબારમાં વિશ્વામિત્રનું આગમન થતાં રાજા સમેત સભા ઊભી થતી અને ગુરુ ઉચ્ચાસને વિરાજે પછી સૌ કોઇ નીચે બેસતા. છેક આધુનિકકાળના સીમાડા સુધી આપણે ગુરુની જેવી શિક્ષકની પ્રતિષ્ઠા સાંભળતા આવ્યા છીએ; પણ આજે એનો સર્વથા લોપ થયો દેખાય છે અને તેનાં કારણોમાં સૌથી મોટું કારણ 'માસ્તરો'ના 'પગાર' ઓછા છે એ ગણાય છે.

પરંતુ, ધીમે ધીમે, શિક્ષકસમાજને એક સત્ય હકીકત સમજવા લાગે છે કે શિક્ષકની પ્રતિષ્ઠાનો આધાર બહાર નથી પણ અંદર છે. કેટલીક વાર તો શિક્ષકને પોતાને જ પોતાની પ્રતિષ્ઠા સાચા અર્થમાં સમજાતી નથી. કોઇ માનપાન આપે તો જ પ્રતિષ્ઠા સચવાય એમ માનનાર શિક્ષક પ્રતિષ્ઠાનું મૂલ્યાંકન આંકવામાં જ ભૂલ ખાય છે. વશિષ્ઠ ગુરુને આશ્રમની ભૂમિ કે અયોધ્યાનું સિંહાસન સરખાં જ હતાં, બલ્કે, આશ્રમભૂમિ વિશિષ્ટ ગૌરવવાળી લાગતી હતી. શિક્ષક પૈસાથી પ્રતિષ્ઠાની આંકણી કરવા લાગશે તો સમાજમાં એનો પડઘો પડયા વિના રહેવાનો નથી, અથવા સમાજ તો એ રીતે આંકી જ રહ્યો છે. શ્રીમંતો પોતાના ઘરમાં વસાવેલા રાચ-રચીલાની કાળજી એની કિંમત પ્રમાણે લે છે. ઘરનાં બાળકો પણ ઓછીવત્તી કિંમતની સાચવણી નાણાકીય દૃષ્ટિએ કરે છે ટયૂશન કરવા આવતો માસ્તર પણ પૈસાથી ખરીદેલી વસ્તુ જ છે એમ શ્રીમંતો અને એમનાં બાળકો સમજે છે. ભારે ફી ભરીને બાલમંદિરોમાં જતાં બાળકો એને તેનાં મા-બાપો એ બાલમંદિરના શિક્ષકોની કિંમત એ દૃષ્ટિએ જ આંકે છે. પૈસા આપીને ખરીદેલા આવા શિક્ષકો પ્રત્યે માબાપો તથા બાળકોની દૃષ્ટિ કેવળ એક વસ્તુ કે સારા પુસ્તક કરતાં જરા ય વધારે નથી. આ સ્થિતિ માબાપો, બાળકો કે શિક્ષકો કોઇને ય માટે સારી નથી. પણ એ દૃષ્ટિમાં સુધારો કરાવવાની શકિત અને ફરજ માબાપો કે સમાજ ઉપર છે તે કરતાં અનેકગણી વધારે શિક્ષકની પોતાની ઉપર છે. આવા કઠણ કાળમાં પણ એવા કોઇ કોઇ સાચા શિક્ષકો નજરે પડે છે, જેમણે પોતાના અંદરના તેજથી સમાજમાં પોતાની સુપ્રતિષ્ઠાની સ્થાપના કરી હતી.

હમણા કાઠિયાવાડનાં બાલમંદિરોના નિરીક્ષણ માટે ફરતાં અમને જે અનુભવ થયો એ ઉપરના વિચારને પુષ્ટિ આપે છે. રાજુલામાં એક બહેન, જેમણે એક બાલમંદિરમાં માત્ર એકાદ મહિનો અનુભવ લીધો છે તે પોતામાં રહેલા બાલપ્રેમથી કામ કરી રહ્યાં છે. તેઓ રીતસરની તાલીમ

લેવા બોરડી અધ્યાપનમંદિરમાં જવા ઇચ્છે છે અને પોતાની દૃષ્ટિ શાસ્ત્રશુદ્ધ થાય તેવા પ્રયાસ કરે છે; પરંતુ અત્યારે તેમની પાસે જે કાંઇ મૂડી છે તેટલી બધી જ ખર્ચીને તેઓ બાલમંદિર ચલાવી રહ્યાં છે. ત્યાં અમે માબાપોની એક સભા યોજી હતી. ઠરાવેલા સમય કરતાં સહેજ મોડી કેટલીક બહેનો આવી. એકબે એકબે કરતાંચૌદપંદર માતાઓ એકઠી થઇ ગઇ. તેમાં લગભગ બધી જ આમવર્ગની બહેનો હતી. બ્રાહ્મણ, વાણિયા, કણબી, કુંભાર, દરજી એમ ઘણી કોમોની કામગરી બહેનો આવી હતી. એમણે પોતાની સાદી સરળ ભાષામાં વાત કરતાં કહેલું : 'અમારો દીકરો તો પંદર દિવસથી આવે છે પણ એનામાં ઘણો ફેર પડયો છે. પહેલાં હું બોલું તો સામો બોલે, મારું તો સામો મારે. હવે કહે છે : 'જો બા, એમ ઉતાવળે હુંકારે તુંકારે નો બોલાય, સામું નો મરાય.'...'મારી દીકરી....બાલમંદિરે આવે છે ત્યારથી ઘરમાં કોઇ દિ' હેઠી ન બેસે. જમતી વખતે હાથપગ ધુએ. એના બાપ કોઇ વાર કામેથી આવીને ઉતાવળાં એમ ને એમ બેસી જાય તો એને ય કોથળો પાથરી દે, હાથપગ ધોવરાવે. અમારે તો પ્રમીલાબહેન આવ્યાં છે ત્યારથી છોકરાં બહુ 'લેન'માં આવી ગયાં છે. 'હસતાં હસતાં અમે કહેલું : 'છોકરાં 'લેન'માં આવ્યાં છે અને તમને ય 'લેન'માં લાવે છે.'

'હા ઇયે ખરું' કહી ને સૌ હસી પડયાં.

લગભગ દરેક માતાઓના મનમાં પ્રમીલાબેન પ્રત્યે ખૂબ જ માન હતું, પ્રેમ હતો. પોતાનું કામ, અતિ મહત્ત્વનું કામ પ્રમીલાબેન કરે છે એવી લાગણી હતી અને પરિણામે બાળકો પણ પ્રમીલાબેનને એક 'બહેનજી' નહિ પણ પોતાની માતા અગર મોટી બહેન પ્રમાણે માન અને પ્રેમથી ચાહતાં હતાં.

આવાં ઉદાહરણ એકઠાં કરવા બેસીએ તો ઘણાં મેળવી શકાય. તેમાથી દરેક શિક્ષકે ઘડો લેવાનો છે. સૌને પૂરતો બોરાક, કપડાં અને વ્યવસ્થિત ઘર હોવું જોઇએ. તેટલા પૂરતું બેટલો જ પગાર પણ હોવો જોઇએ. પરંતુ આપણી પ્રતિષ્ઠાનો આધાર કેવળ બાલપ્રેમ, બાલમાનસના વિકાસ માટેની શાસ્ત્રીય દૃષ્ટિ અને તેના વ્યવહારુ જ્ઞાન ઉપર જ છે. તેમાં સ્થળકાળ અને સ્થિતિ-સંયોગાનુસાર પાછળની બે બાબતો ઓછીવત્તી હોય, પણ જો બાલપ્રેમ એકની માત્રા સંપૂર્ણ હોય તો બે બાળકો જ જીતશે અને પછી માબાપો તો જિતાયેલાં જ છે. પછી માબાપોની ઘણીબરી ફરિયાદો આપમેળે શમી જશે. શિક્ષક પ્રત્યેના અનન્ય વિશ્વાસમાં બાળકોનું—ભાવિ પ્રજાનું—હિત અને શિક્ષકની સાચી પ્રતિષ્ઠા રહેલાં છે અને એવો અનન્ય વિશ્વાસ મેળવવાનું સૌથી વધારે અમોઘ સાધન બાળક પ્રત્યેનો પ્રેમ જ છે એ પ્રેમની પાછળ પદ્ધતિ, ભક્તિની પાછળ જ્ઞાન આવે છે એમ ચાલી આવશે; અને એવા બાલપ્રેમીને જગતની પ્રતિષ્ઠાની પરવા નહિ રહે. છતાં, કૃતજ્ઞ માનવસમાજ એની સંપૂર્ણ કદર બૂઝશે.

૨૧૦

આપણું બાલસંદિરોનું નિરીક્ષણ

નૂતન બાલશિક્ષણ સંઘ તરફથી તારાબેનનું ફરમાન થતાં અમે કાઠિયાવાડના ખૂણેખાંચરે પડેલાં બાલમંદિરોનું નિરીક્ષણ કરવાનું શરૂ કર્યું.

પહેલી નજરે જોતાં તો બાલમંદિર, શિક્ષક અને માબાપોના સહકારમાં જરા નિરાશા જેવું લાગ્યું. છતાં, આટલે દૂર નાની રેલવેલાઇનના છેક ખૂણે નૂતન શિક્ષણનો સંદેશો પહોંચ્યો છે એ જોઇને મનને કંઇ જુદી જ જાતનો ઉલ્લાસ આવ્યો.

સ્વ૦ ગિજુભાઇએ ભાવનગરમાં નૂતન બાલશિક્ષણ માટે પચ્ચીસ વર્ષ સુધી તપશ્ચર્યા કરીને જે પાયો નાખ્યો તેનાં ફળો કાઠિયાવાડનાં અને ખાસ કરીને ગામડાંનાં બાળકોને ખૂબ જ ઓછાં મળ્યાં છે છતાં, તેમની પાસેથી નાની એવી ચિનગારી લઇ જઇને જે શિક્ષક ભાઇબહેનોએ કોઇ ખૂણાનાં ગામોમાં અગ્નિહોત્રી બની ધૂણી ધીખતી રાખી છે તે બદલ તેમને ધન્યવાદ ઘટે છે. ગમે તેટલી શાસ્ત્રીય દૃષ્ટિનો અને સાધનોનો અભાવ હોવા છતાં

અનન્ય શ્રધ્ધાથી તેઓ પોતાનું કામકાજ ચલાવી રહ્યા છે અને નૂ૰ બા૰ શિ૰ સંઘ ત રફથી સૂચના, સલાહ, પ્રેરણા મેળવવા ખૂબ જ ઉત્સુક છે.

એ જ રીતે માબાપોનો સરકાર નથી એવી એમની ફરિયાદ હોવા છતાં થોડાં પણ માબાપોને બાલમંદિરનું કામ ખૂબ જ ગમે છે અને પોતાના બાળકના વિકાસ માટે બધું કરવાની તૈયારીવાળાં હોય છે.

અમને નિરીક્ષણ પછી લાગ્યું કે એકલું નિરીક્ષણ કરવાથી જ આ કામ પૂરું નહિ થાય. એને માટે એવું એક મંડળ જોઇએ, કે જે દર વર્ષે આવાં બાલમંદિરોમાં જઇ નિરીક્ષણ કરીને થોડા દિવસ વ્યવહારુ રીતે તેના સ્થળ, પરિસ્થિતિ અને સાધનોની મર્યાદા પ્રમાણે, સારામાં સારી રીતે બાલમંદિરો કેમ ચલાવાય તેનો પાઠ આપે. ગામડાંમાં માબાપોની સભામાં પણ પૂરતી હાજરી થતી નથી, તો તેને બદલે પાંચદશ માબાપોની તેમને ઘરે મુલાકાત લઇ, તેમને બાળઉછેરની વ્યવહારુ વાતો સમજાવવી જોઇએ; અને જે ગામમાં બાલમંદિર હોય ત્યાં ત્યાં વધુ નહિ તો પાંચ "શિક્ષણપત્રિકા"ના ગ્રાહકો બનાવવા જોઇએ, જેથી બાલશિક્ષણ વિષે થોડી જાગૃતિ રહે.

અમે જે ગામોમાં ગયાં ત્યાં વખત થોડો હતો છતાં બેપાંચ માબાપો, ગામના પ્રતિષ્ઠિત ગૃહસ્થો અને એક મુખ્ય અમલદાર મળી બાલશિક્ષણ વિષે વાતો કરતા હતાં. સૌને બાળકો માટે કાંઇક કરવું જોઇએ એમ તો લાગે જ છે; પરંતુ યોગ્ય માર્ગદર્શન અને સદ્ભાવ નથી. નૂ૰ બા૰ શિ૰ સંઘ આ અંગે એક યોજના કરી તેની પાછળ સતત પ્રયત્ન કરે તો બાળકોની વાતો ગ્રામજનોને પહોંચાડી શકાય.

બીજું, આજે ગામડાંમાં થોડું ભણેલી એવી બહેનો પડેલી છે અને તેમને કાંઇ કામ જોઇએ છે એવી બહેનો માટે નૂ૰ બા૰ શિ૰ સંઘ તરફથી બબ્બે ત્રણત્રણ મહિનાના બાલક્રીડાંગણોના વર્ગો તે જ સ્થળમાં જઇને યોજવામાં આવે તો મોટા પાયા ઉપર બાળકોનું કામ થાય આજે બોરડીમાં એવો વર્ગ ચાલે છે. પણ ત્યાં સુધી જઇને ખર્ચ વેઠવા કોઇ તૈયાર થાય નહિ. પરંતુ વારંવાર જો બેત્રણ મહિનાના વર્ગો આવા ખૂણે યોજાય તો સ્થાનિક ઘણા શિક્ષકશિક્ષિકા મળી રહેવા સંભવ છે. એટલે મારું તો એ નમ્ર સૂચન છે, કે નૂ૰ બા૰ શિ૰ સંઘે આવા ફરતા વર્ગો ચલાવવાની યોજના હાથ ધરવી જોઇએ.

નર્મદાબેન રાવળ

'આ મારી અધ્ધર દેવી છે'

કેટલાંક વર્ષો પહેલાંની વાત છે. ત્યારે અમે માઉન્ટ આબુ ફરવા ગયેલાં. અમે સવારસાંજ ફરવા જતાં. એક દિવસ અધ્ધર દેવીનાં દર્શને ગયાં. ત્યાં એક ગુજરાતી કુટુંબ આવેલું. સાથે ચારેક વર્ષનું બાળક હતું. અમે બધાંએ દર્શન કર્યાં અને પાછા વળ્યાં. સાંજે એ જ કુટુંબ પોતાના બાળક અને આયા સાથે સનસેટ પૉઇન્ટ પર મળી ગયું. મેં એ બાળકને જોયું અને ઓળખ્યું, એટલામાં તો એ બાળકે જમીન પર પડેલી પાંદડાં સાથેની દોઢબે હાથ લાંબી ઝાડની ડાળી પોતાના હાથમાં લીધી, અને બધાં ચાલતાં હતાં તેની જોડે એ બાળક એ ડાળીને ઢસડતું ઢસડતું ચાલવા માંડ્યું અને બોલવા લાગ્યું કે, "આ મારી અધ્ધર દેવી છે! આ મારી અધ્ધર દેવી છે!"

સવારે જ એ બાળક અધ્ધર દેવીનાં દર્શને ગયું હતું એટલે એ નામ યાદ રહી ગયું હતું અને એને ગમી ગયેલી ઝાડની ડાળને અધ્ધર દેવીનું ઉપનામ આપી એ બાળક ખૂબ આનંદથી નાચતું નાચતું અમારી ટોળી સાથે ચાલ્યું. બધાં પોતાની વાતોમાં લીન હતાં, પણ મારી નજર એ બાળક પર જ હતી. એ કેટલું આનંદમાં હતું? એના સુંદર મુખના હાસ્ય સાથે જાણે એનું આખું જગત હસતું હોય એવું દેખાતું હતું. બધાં કંઇક આગળ નીકળી ગયાં, પાછળ રહ્યાં હું, તે બાળક અને તેની આયા. ગાઢ ઊંઘમાંથી ઊઠી હોય એવો તો આયાનો દેખાવ હતો. બાળકના હાથમાં ઝાડની લાંબી ડાંખળી જોઇ અને "આ મારી અધ્ધર દેવી છે" એ વચનો બાળકના મોઢામાંથી સાંભળતાં જ એના કદરુપા ચહેરા

પર ક્રોધની રેખાઓ પ્રગટી એણે હુકમ કરતા સાદે ત્રાડ પાડી બાળકને કહ્યું કે, "એકદમ ઝાડની ડાંખળી મૂકી દે!" એ રાડ બાળકે સાંભળી અને ઝાડની ડાળીને પકડીને આગળ દોડ્યું. હું પણ એની પાછળ ગઇ. મારી પાછળ ખૂબ ચિડાયેલા મિજાજ સાથે આયા આવી. એણે ફરી બાળકને ધમકાવ્યું. બાળકે મારી સામે જોયું. એનાં અમી-ભર્યાં નયનો જાણે મારી સહાયતાની માગણી કરતાં હતા. મેં તરત એ આયાને કહ્યું : "ભલે એ બાળક આ ડાંખળી લઇને ચાલતું. એને કેટલી મઝા પડે છે? વળી, આંમાં કાંઇ વાગી જાય એવું પણ નથી" પણ મારી વાતનો આયાએ કશો ઉત્તર ન આપ્યો, એટલે બાળક ડાંખળી લઇને આગળ દોડ્યુ, તેની પાછળ આયા દોડી જ્યાં એ બાળકના માતાપિતા હતા ત્યાં એ બાળક પહોંચ્યું. બાળકે ધાર્યું હતું કે એને એની માતાની સહાયતા મળશે, અને એણે માની લીધેલી 'અધ્ધર દેવી" સાથે રમવાનું એને મળશે. પણ એ બાળક પોતાની નાનકડી વાણીમાં બધી વાત ગોઠવીને પોતાની માને કહે તે અગાઉ તો આયાએ ફરિયાદ કરી કે બાબો માનતો નથી અને તોફાન કરે છે. બસ, માતાનો હુકમ થયો કે ઝાડની ડાંખળી ફેંકી દે. બીચારા બાળકે દયામણો ચહેરો કરી મારી સામે જોયું અને ડાંખળી ત્યાં જ ફેંકી દેવી પડી. મને થયું કે, હુ માતાને કશુંક કહું, પણ તે અગાઉ તો તેમનો રસ્તો કપાયો અને બાળકનો હાથ જોરથી પકડી આયા ચાલતી થઇ.

હજી પણ જ્યારે હું માઉન્ટ આબુના પ્રવાસને સંભારું છું ત્યારે એ બાળક મારી નજર સામે આવી ઊભું રહે છે અને મને વિચાર આવે છે કે આપણી કેટલી માતાઓ પોતાનાં બાળકોનાં દિલ આ રીતે ભાંગતી હશે?

બાબીબહેન મૂળજી

અમારું શિક્ષણસાહિત્ય

નૂતન કેળવણીના સિધ્ધાંતોને અનુસરતી શાળાઓને ઉપયોગી શિક્ષણ–સાહિત્ય
બાલમંદિર અને નર્સરી સ્કૂલનું પ્રબોધક સાહિત્ય
જ્ઞાન આપતી ઇતર પ્રવૃત્તિ માટેનાં સાધનો, નકશા અને ચિત્રપટો

લખો: જે. એમ. તલકશી એન્ડ સન્સ

એમ્પાયર બિલ્ડીંગ, હોર્નબી રોડ, મુંબઇ.

શિક્ષણપત્રિકાનો

બાલવિભાગ

વર્ષ પહેલું : અંક નવમો : સપ્ટેમ્બર, ૧૯૪૭

વાડીની મોજ

રામા પટેલની ગાડીમાં
ફરવા ગ્યા'તાં વાડીમાં
ણા ણાપુ ને ણચુભાઇ
રમા નીલા ને ણાબૂભાઇ

વીણા મામી ને મોંઘી ણા
પડોશના એક ડોસીમા
સરખેસરખાં ભેરુ સાથ
ડાઘિયાને પણ લીધો સાથ

સાથે કામાઠણ માલી
જાન આ વાડીએ ચાલી.
ભાતાંનો એક મો....ટો
સાથે લીધો ડબ્બો.
ખાતાં....ય ખૂટે નહિ એટલું
સૌને ભાવે એવું
બંધું....ય લીધું.

ચે....વડો ને પૂરી લીધાં
ણટાકાનું શાક લીધું
રીંગણાનું રાયતું લીધું
કેરીનું અથાણું લીધું

કચુંબર મૂળા મોગરીની
થેાડી લીધી કુંગળીની
સેવ ગાંઠિયા નેં સુખડી
કેળાં, કેરી ને કાકડી.

મોટાં બધાં લંગર સાથ
ચાલ્યા સહુ વાડીની વાટ
ગાડે બળદો બે જોડયાં
ડચકારે તો એવા દોડયા
જાણે પવનવેગી ઘોડા!

બળદો દોડે ધમધમ
ઘૂઘરા વાગે ઘમઘમ
ધરતી ધ્રૂજે ધમધમ
છોકરાં પોડે ધૂમાધૂમ

સંધ પહોંચ્યો વાડીએ
બળદો બાંધ્યા ગાડીએ
ફર્યાં જંગલ ઝાડીએ
રમવા ગ્યા'તાં બડીએ

વળતાં આવ્યાં વાડીએ
ભાણું પીરસ્યાં માડીએ
(ત્યાં) ધૂમ પાડી પાડીએ
હસા..... હસ હસા..... હસ

ઘારી ને જલેબી ખાધી
સકકરપારા સુખડી ખાધી
ચેવડા સાથે ચટણી ખાધી
પોંક સાથે પાપડી ખાધી

કંઇ..... કંઇ..... ખાધું
ખૂબ..... ખૂ....બ ખાધું
ઘણું..... ઘણું..... ખાધું

રહ્યાં થેાડા દહાડા
પાછાં જોડયાં ગાડાં
જાણે નીકળ્યાં ઘાડાં
આવ્યા ટેકરા ખાડા
બળદો જાડા જાડા
જાણે મોટા પાડા
આંખે જુએ બાડા
સાંજે ઘેર આવ્યા

એવા..... થાકી 'ગ્યા
એવા..... થાકી 'ગ્યા
રાતે સૂઇ..... ગયા
ઘસઘસા.....ટ
ઘસઘસા.....ટ

પ્રભાવતી પજવાણી

હોલાભાઈનો તરફકડો

કોયલ અને હોલાને ભાઇબંધી થઇ.

કોયલ કહેઃ "હોલાભાઇ, ચાલોને મારા વનમાં. સરસ મજાનું મારું વન છે. કાચી પાકી કેરી છે. આંબાની શીતળ છાયા છે."

હોલો કહેઃ "ચાલોને ત્યારે."

બન્ને આંબાના વનમાં આવ્યાં.


કોયલ તો પોતાને વહાલું એવું આંબાનું વન જોઇ ગાંડીતૂર બની ગઇ. આંબાની ડાળ પર આમ બેસે ને તેમ બેસે. ઘડીક કાચી કેરી ખાય ને ઘડીક પાકી કેરી ખાય. ચડતાં ઊતરતાં ટહૂકા કરે ને હોંશે હોંશે હોલા ભાઇબંધને આંબાનું વન બતાવે.

પણ હોલાભાઇને કાંઇ મજા ન આવે. એ બીચારો તો વનની શીળી છાયા જોઇ ગભરાઇ ગયો. મોઢું વીલું પડી ગયું. કોયલે તે જોયું.

કોયલ કહેઃ "કેમ, હોલાભાઇ, મોઢું કેમ પડી ગયું?"

હોલાભાઇ કહેઃ "કોયલબેન, મને તો મારો તરફકડો (માળો) સાંભર્યો. તમારું વન ભલે પણ મારો તરફકડો ક્યાંય થવો છે?"

કોયલ વિચારવા લાગીઃ આવું મજાનું વન




જોઇ હોલાભાઇ રાજી ન થયા. એનો તરફકડો તો કેવો ય રૂપાળો હશે. ચાલને હું જોવા જાઉં.

કોયલ કહેઃ "ત્યારે મને તમારો તરફકડો દેખાડો ને?"

હોલાભાઇ કહેઃ "ચાલોને, ના કોણ પાડે છે."

બંને ઊડ્યાં. ઝાડ, પાન અને જંગલ છોડી બન્ને ઊડ્યે જાય છે. કોયલ વાટ જુએ છે, કે





કયારે હોલાભઈનો તરફડો આવે! ત્યાં તો વેરાન પ્રદેશ આવ્યો. તેમાં એક કેરડાનું ઝાડ ઊભું હતું; અને એક ડાળ ઉપર બે સાંઠીકા આમ ને બે સાંઠીકા તેમ ગોઠવ્યાં હતાં.

હોલાભાઇ તો પટ કરતાકને ત્યાં બેસી ગયા અને આનંદમાં આવી ડોક ફૂલાવી માંડ્યા બોલવા "ઘૂ ઘૂ ઘૂ, ઘૂ ઘૂ ઘૂ."

કોયલ મૂંઝાવા લાગી. ધોમ ધખતો હતો, કયાંઇ છાંયાનું નામ નહોતું.

કોયલે હોલાને કહ્યું: "હોલાભાઇ, ભાઇશાબ ચાલોને તમારા તરફડે અહીં તો તડકો બહુ લાગે છે."

હોલો કહે: "આ જ મારો તરફડો, કોયલબેન, આ જ મારો તરફડો! તમારા વન કરતાં તો સુંદર છે ને?"

કોયલ મૂંગી મૂંગી પાછી ફરી.

ક મ ળ વા ડી

એક હતું તળાવ
તેમાં હતાં કમળ
ધોળાં ધોળાં સફેદ
પવનમાં હલે
પવનમાં ઝૂલે
ઘણું સુંદર લાગતાં.


કાંઠે દસબાર ઝૂંપડાં હતાં
નાનકડાં ચોરસ ઘર
ખજૂરીનાં પાનની ભીંતો
ખજૂરીનાં પાનનાં છાપરાં
ભીંતમાં નાનકડું એક જ કાણું
એ થઇ બારી
એવાં આ ઝૂંપડામાં કોણ રહેતું હશે?

કૂબળા લોક રહે છે.
મા સવારમાં ઊઠીને કામે જાય
બાપ સવારમાં ઊઠીને કામે જાય
મોટો ભાઇ સવારમાં ઊઠીને ઢોરમાં જાય
મોટી બહેન સવારમાં ઊઠીને
વાસણ ઊટકવા જાય
બીચારાં નાનાં છોકરાં ઘેર એકલાં જ રમે
એમને કોઇ દાંત ઘસવાનું શિખવે નહિ.

તેમને કોઇ નહાવાનું શીખવે નહિ
તેમનાં શરીર ઉપર કપડાં પણ બહુ થોડાં.
તે પણ ફાટલાં તૂટલાં, મેલાં-ઘેલાં.

તેમનાં માબાપને પૈસા બહુ થોડા મળે
એટલે એ છોકરાંને પૂરતું ખાવા ય ન મળે.

એથી એ બાળકોને દૂધ ન મળે
એથી એ બાળકોને કપડાં ન મળે
એવાં એ નાનાં બાળકો.



દિવસ આખો ધૂળમાં રમે
કમળકાકડી ખાય
જંગલનાં ઝાડ પરનાં કાચાં પાકાં ફળ ખાય
પક્ષીઓ મારે
માછલાં પકડે
જીવજંતની પાછળ પડે
એમ આખો દિવસ કાંઇ ને કાંઇ ઉદ્યોગ કર્યા કરે.

અમે એક દિવસ ત્યાં ગયાં.
અમને એ નાનાં બાળકો ગમ્યાં
અમે ત્યાં જ બાલવાડી શરૂ કરી
તેનું નામ કમલવાડી.

એક નાનકડા આંગણાંમાં અમે બેસતાં
આંગણું એકદમ ચોખ્ખું હતું
અમે આંગણું વાળીએ
બાળકો પણ વાળે
અમે આંગણું લીંપીએ
બાળકો પણ લીંપે
અમે પાણી લાવીએ
બાળકો પણ પાણી લાવે
બધું કામ બાળકો ને અમે મળીને કરીએ.

પછી બાળકો વાળ ઓળે
હાથપગ ધૂએ
કોઇ કોઇ વાર નહાય પણ ખરાં
કેવાં ચોખ્ખાં ચણક થાય!
પછી સૌ મળીને સારાં સારાં ગીત ગાઇએ
સારી સારી વાતો કરીએ.

મજાની રમત રમીએ
સુંદર રંગોળી પૂરીએ
માટીનાં રમકડાં બનાવીએ
એમ બાળકો ખૂબ જ મજા કરે
પછી થોડો નાસ્તો કરે
'જય જય' કરીને ઘેર જાય



આવી છે અમારી કમલવાડી
ગમી ને તમને?
તો આવજો કોઇ વાર
કમલવાડી જોવા.

મરાઠી પરથી

અનસૂયાબેન વાઘ

શિશુ-રટણ

(મંગળાચરણનો રાગ)

દેવ સ્વરૂપ છો સાક્ષાત બાળ!
મન નિર્મળ શીત છાંય અંતર,
નંદનવન સમ સોહે જીવન;
દેવ સ્વરૂપ છો સાક્ષાત બાળ!

* *

સંસાર-વાડી, શિશુ-ઝાડી,
છાંયડી તારી મીઠી મીઠી;
દેવસ્વરૂપ છો સાક્ષાત બાળ!

*

કલરવ કરતાં, હસતાં હસતાં,
કૂદતાં, નાચતાં, રડતાં નાચતાં;
દેવસ્વરૂપ છો સાક્ષાત બાળ!

* *

આનંદ છોડો, ચેતન ફુવારો,
નિશદિન ખૂણે ખૂણે ઉઘાડો;
દેવસ્વરૂપ છો સાક્ષાત બાળ!

ભૂળદેવ પંડ્યા

Regd. No. B. 2241

સ્વરાજનો સાચો અર્થ

કદાચ આપણે આઝાદ તો આઠમી ઑગસ્ટની મધરાતે જ્યારે મહાત્માજીએ સર્વને પોતાની જાતને આઝાદ ગણવાનું કહ્યું હતું તે સમયથી બન્યાં હતાં. આજે તેની માત્ર વ્યવસ્થિત સ્વીકૃતિ થઇ એમ ગણીએ. પણ આ સ્વતંત્રતા એ સાચી સ્વતંત્રતા છે? સ્વરાજનો અર્થ અંગ્રેજો જાય અને તેને સ્થાને હિંદીઓ પોતાના હાથમાં સત્તા ગ્રહણ કરે એટલો જ હતો? ગાંધીજીએ કહ્યું છે કે સ્વરાજનો અર્થ મારે મન એ ન હતો.

પ્રાપ્ત થયેલી સ્વાધીનતા માત્ર મુઠ્ઠીભર માનવીઓને લાભ આપનારી નહિ પણ પ્રજા સમસ્તને લાભ આપનારી હોવી જોઇએ. સાચું સ્વરાજ તો ત્યારે જ પ્રાપ્ત થયેલું ગણાશે, જ્યારે ગામડાંનો એક એક ખેડૂત અને કારખાનાંનો એક એક કામદાર સમૃદ્ધ અને સંતોષી જીવન નિશ્ચિંત રીતે ગુજારી શકશે.


હિ.

મુદ્રક અને પ્રકાશક: ગો. રા. કુલકર્ણી, ૧૧૭, હિંદુ કોલોની, દાદર. મુંબઇ ૧૪ : મુદ્રણ સ્થાન: સ્ટેટસ પીપલ પ્રેસ, ૧૩૮, મેડોઝ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ

નૂતન બાલશિક્ષણ સંઘ પ્રકાશિત

શિક્ષણપત્રિકા

વર્ષ ૨૨ : અંક ૧૦ : ઓક્ટોબર, ૧૯૪૭



આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા :: સંપાદક : તારાબેન મોડક :: સહસંપાદક : રમણલાલ પાઠક

શિક્ષણપત્રિકા

ઑક્ટોબર ૧૯૪૭

વર્ષ : ૨૨ અંક : ૧૦

અનુક્રમણિકા

બાલઘરનું કામકાજ ...	તારાબેન મોડક	૧૨૫
નહોતું ગમતું	રમેશ મહેતા	૧૩૦
એક સુંદર પ્રસંગ ...	રમેશ મહેતા	૧૩૧
બાલકેળવણી નિરીક્ષણ પ્રવાસ	નર્મદાબેન રાવળ	૧૩૨
પ્રેમશંકર ભટ્ટ, રામનારાયણ ના૦ પાઠક		
સંપાદકીય નોંધ		
નિરાશ્રિતોનાં બાળકો ...		૧૩૬
બૉલવાડી હજિરા ...		
નૂતન કેળવણી મંડળ : કચ્છ	કવર પેજ	૩
બાલવિભાગ		
આટલું રૂ કોણ પીંજશે?	મોંઘીબેન	૩૭
વર્ષા આવી	મોંઘીબેન	૩૮
પટેલ અને ચોર ...	મોંઘીબેન	૩૯
બે જોડકણાં	મોંઘીબેન, ચંદુલાલ પાઠક	૪૦
ગ્રામ બાલઅધ્યાપનમંદિર, બોરડી	કવરપેજ	૪

સૂચના

પત્રવ્યવહાર કરતી વખતે પોતાનો સભ્ય નંબર અવશ્ય લખવો. જે સભ્યો પોતાનું સરનામું બદલવા ઇચ્છતા હોય તેમણે દરેક મહિનાની પહેલી તારીખ સુધીમાં પોતાના સભ્ય નંબર સાથે જૂનું તથા નવું બદલાયેલું સરનામું વ્યવસ્થાપકને જણાવવું.

સામટા સભ્યોના લવાજમનો ચેક 'સેક્રેટરી, નૂતન બાલશિક્ષણસંઘ,' એ નામનો લખવો, અને તે વ્યવસ્થાપક ઉપર મોકલી આપવો. દરેક સભ્યે લવાજમની રકમ ચેકથી, મનીઑર્ડરથી અગર હાથોહાથ વ્યવસ્થાપકને સરનામે પહોંચાડવી.

સંપાદન તથા નિરીક્ષણકાર્ય અંગેનો તમામ પત્રવ્યવહાર બાલવાડી, બોરડી, ધોલવડ થઈને B. B. C. I. Rly. એ સરનામે કરવો. પત્રિકા માટેના લેખો વગેરે પણ ત્યાં જ મોકલવા.

પત્રિકાની વ્યવસ્થા અંગેનો તમામ પત્રવ્યવહાર નીચેને સરનામે કરવા વિનતિ છે.

શ્રી૦ પ્રાણીબેન મૂળજી

વ્યવસ્થાપક: 'શિક્ષણપત્રિકા' કાર્યાલય,
શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ ૬.

અમારું શિક્ષણસાહિત્ય

નૂતન કેળવણીના સિદ્ધાંતોને અનુસરતી શાળાઓને ઉપયોગી શિક્ષણ–સાહિત્ય
બાલમંદિર અને નર્સરી સ્કૂલનું પ્રબોધક સાહિત્ય
જ્ઞાન આપતી ઇતર પ્રવૃત્તિ માટેનાં સાધનો, નકશા અને ચિત્રપટો

લખો: જે. ચંદ્ર તલકશી એન્ડ સન્સ

એમ્પાયર બિલ્ડીંગ, હોર્નબી રોડ, મુંબઇ.

બાળમંદિરો માટે સાધનો

બાળમંદિર માટે સાધનો ખરીદતાં પહેલાં અમારું સૂચિપત્ર મગાવો.
દરેક સાધનો શાસ્ત્રીય પદ્ધતિથી બનાવવામાં આવે છે અને તે
બધાં નિષ્ણાતોની દેખરેખ નીચે તૈયાર કરવામાં આવે છે.
સૂચિપત્રમાં જણાવેલ ભાવ ઉપર બાળમંદિરોને જ ૬ ૧/૪ ટકા કમિશન આપવામાં આવે છે.

તમારી જરૂરિયાત માટે લખો:
બનાવનાર: નૂતન શિક્ષણ સાધનાલય એન્ડ આર્ટ વર્કર્સ લિમિટેડ
વઢવાણ કેમ્પ (કાઠિયાવાડ).

નૂતન બાલશિક્ષણ સંઘની

શિક્ષણપત્રિકા

વર્ષ ૨૨ : અંક ૧૦] મુંબઈ [ઑક્ટોબર, ૧૯૪૭

બાલઘરનું કામકાજ

[દિલ્લી પ્રાન્તના લાડોસરાઇ ગામમાં આઠ માસથી ચાલતા બાલઘરનો અહેવાલ, કસ્તૂરબા ટ્રસ્ટના પ્રધાન કાર્યાલય તરફથી શ્રી. તારાબેન મોડક ઉપર મોકલવામાં આવ્યો છે, અને તેને અંગે માર્ગદર્શન માગવામાં આવ્યું છે. શ્રી. તારાબેને ગામડાની બાલવાડી અગર બાલઘર ચલાવવા માટેની દૃષ્ટિ, તેનું શાસ્ત્ર અને વ્યવહાર વિગતવાર તૈયાર કરેલ છે, જે દરેકને ઉપયોગી હોઇ અહીં નીચે આપવામાં આવે છે. લાડોસરાઇમાં ત્યાંના સંચાલકોને બાળકોની અનિયમિત હાજરી, માબાપોની ઉદાસીનતા, અક્ષરજ્ઞાનનો લોભ અને ખાસ કરીને ત્રણથી પાંચ વર્ષનાં બાળકો આવતાં નથી વગેરે મુશ્કેલીઓ નડે છે. તે દરેક પ્રશ્નના મુદ્દાસર અને વ્યવહારુ ઉકેલ બતાવતા જવાબો આ લેખમાં આપેલા છે. આજે ગ્રામબાલશિક્ષણ તરફ પ્રજાનું લક્ષ ગયું છે, તેવે સમયે આ લેખ સૌ કોઇને વિશિષ્ટ ઉપયોગી થઇ પડશે. સં૦]

બાળકોની સંખ્યા : ત્યાં બાળકો પૂરતાં પ્રમાણમાં આવતાં નથી. ઘણે ઠેકાણે આમ જ બને છે અને એનાં કારણો પણ સરખાં જ હોય છે.

શહેરના લોકો પણ બાલઘરમાં અપાતી કેળવણીનું મહત્ત્વ સમજતાં નથી. જ્યાં લખતાં-વાંચતાં શીખવાનું નથી એ તે કાંઇ નિશાળ છે? બધા આમ જ માને છે, તો ગામડાના લોકોને પણ એમ જ લાગે તો એમાં નવાઇ શી?

તો પણ આપણા પ્રયત્નો ચાલુ રાખવા જોઇએ અને એમાં આ પ્રમાણે થવું જોઇએ:

(૧) શરૂઆતમાં પાંચ વરસનાં બાળકો હોય તો લેવાં પણ એમને પોતાનાં નાનાં ભાંડુઓને સાથે લાવવા માટે કહેવું; અને એ રીતે, અઢી-ત્રણ વરસનાં બાળકો આવતાં થાય એવી સતત મહેનત કરવી.

(૨) નાનાં બાળકોને લાવવા માટે ખાલી પ્રોત્સાહન આપ્યે ન ચાલે. જે વસતિમાંથી બાળકો આવતાં હોય તેની નજીકમાં બાલઘર હોવું જોઇએ.

(૩) એવી રીતે નજીકમાં બાલઘર થઇ શકે એમ ન હોય તો બાલવાડી કરવી કોઇ ઝૂંપડી પાસે, ઝાડ નીચે, કોઇના ઓટલા પર, કોઇની ઓસરીમાં, અથવા ખુલ્લા ચોગાનમાં, કાંઇ નહિ તો આંખરે રસ્તા પર પણ બાલવાડી ચાલી શકે.

અહેવાલમાં માબાપોને કેળવવા માટે બે માસનો વર્ગ ચલાવવાની સૂચના છે; પણ મારા અનુભવ પરથી એમ લાગે છે કે, ગામડાંનાં લોકો માટે આવો વર્ગ નકામો છે. કારણ, એકાદ ભાષણ કરીએ તો પણ એમાં એ લોકો કાંઇ સમજશે નહિ. પણ એમનાં ઘરની સામે એમની શેરીમાં આપણે કામ કરતા હોઇએ તો એ જોઇને એમને ઘણો બોધ થાય છે અને એની સાથે સાથે થોડું થોડું કહેતા રહીએ તો એ લોકો સમજે છે. છતાં, એમ લાગે કે સમજ્યા છે એનું ખાસ પ્રમાણ કાંઇ દેખાતું નથી; એમની ટેવો અને બાળકો સાથેના વર્તનમાં ખાસ ફેર પડતો નથી, તોય પણ આપણે તો પ્રયત્ન કરવાનો રહ્યો. આ બાબતમાં તો ભણેલા લોકો અને અભણ સરખા જ હોય છે.

આ રીતે, જુદા જુદા લત્તાઓમાં બબ્બે કલાક ચાલે એવાં ક્રીડાંગણો અથવા બાલવાડીઓ ચલાવવામાં આવે તો જ પાંચ વર્ષની નીચેનાં બાળકો આવતાં થાય.

(૪) પાંચ વરસથી મોટાં છોકરાં-ખાસ કરીને છોકરીઓ આવતી હોય છે-એમને લેવાં. એમની મદદ લેવી. જગ્યા સાફ કરવી, હાથ-પગ-મોઢું ધોવાની તૈયારી કરવી અને ધોવડાવવા પાણી ભરવું, વાળ ઓળવા વગેરે ઘણાં કામોમાં એમની મદદ લેવી. એ રીતે બેચાર વરસમાં તો તેઓ બાલવાડી ચલાવવા માટે તૈયાર થશે.

એ સિવાય એમને અક્ષરજ્ઞાન અને સિલાઇ (સાદી) શીખવવી. વાંચતાં આવડ્યા પછી એમને માટે બાળકો માટેની ચોપડીઓ ખરીદી એક પુસ્તકાલય બનાવવું. થોડાં છાપાં પણ રાખવાં, ભલે ને જૂનાં હોય. કારણ, અક્ષર-

જ્ઞાન મળ્યા પછી એને ટકાવી રાખવું બહુ અઘરું પડે છે. એ જો ભુલાઇ જવા ય તો લીધી મહેનત નકામી જાય.

(૫) વડીલો માટે બાલઉછેરના વર્ગો ચલાવવા નકામા છે એ ઉપર કહેવામાં આવ્યું છે. છતાં ય એમની સાથે સંપર્ક વધારવાની જરૂર તો છે જ; અને એ માટે ભજન, કથા, વાર્તા, પુરાણ, કીર્તન આદિનો ઉપયોગ કરવો. ગુજરાતમાં ગરબા ગાવાનો રિવાજ છે. એ માટે સ્ત્રીઓને ભેગી કરવી. તહેવારોનો લાભ લઇ આવા પ્રસંગ ગોઠવવા. કોક વાર એમને આંગણે તો કોક વાર આપણી સંસ્થામાં એમને બોલાવવા. કોક દી ઊજાણી પણ ગોઠવવી. અસ્પૃશ્યતાનિવારણ ઉપર એક લાંબું ભાષણ કરવું એના કરતાં આની વધારે સારી અસર થશે. એમના સામાજિક પ્રસંગોમાં, લગ્નમાં, મરણ કે એવા જ બીજા પ્રસંગોમાં આપણે ભાગ લેવો. દાખલા તરીકે અમારી વિદ્યાર્થિનીઓ પાછળના હરિજનવાસમાં લગ્નનાં ગીત ગાવા જતી હતી. ગુજરાતમાં એવો ગાવાનો રિવાજ છે; તેમ જ માંદા હોય ત્યારે દવા આપવા ને સુખદુઃખની વાતો કરવા એમને ઘરે જઇને બેસવું. આ રીતે એમની સાથે હળીભળી જવું એ બહુ જરૂરનું છે. વર્ગો કે વ્યાખ્યાનોથી આ સાધી શકાશે નહિ.

બાલવાડીમાં કામણાં થોડી બાબતો પર ભાર દેવો :

(અ) સૌથી પહેલી અને સતત ભાર દઇને કહેવાની વાત છે સ્વચ્છતા વિષે. એ સાધવી અઘરી છે પણ આવશ્યક છે.

(૧) બાલવાડીમાં નહાવાની સગવડ થવી જોઇએ. નિશાળ બંધ હોય તો પણ છોકરાઓનું નહાવાનું બંધ ન થાય. સાબુ અથવા શિકાકાઇ વાપરવી જોઇએ.

(૨) કપડાં રોજ ધોવાય અને તે પણ ઉકાળીને એ જરૂરી છે; કારણ એ સિવાય ચામડીના રોગ ઓછા થાય નહિ. ધીરે ધીરે આ કામ બાળકોને ઘેર જ થવું જોઇએ. કપડાં ધોવામાં બાળકોની માતાઓનો સહકાર લેવો. શરૂઆતમાં એ મળશે નહિ, પણ ત્યાં સુધી એની વ્યવસ્થા આપણા તરફથી થવી જોઇએ. બાળકો પણ આ કામમાં મદદ કરે છે. કપડાંને ધોકા મારવા, પાણીમાં હલાવવાં વગેરે ક્રિયાઓ આપણે શીખવીએ તો એમને આવડી જાય છે. આવાં કામમાં બે કલાક જાય તો પણ કંઇ વાંધો નથી.

(આ) વ્યવસ્થાનું ભાન કરાવવા માટે બાલવાડીમાં દરેક વસ્તુ માટે નિયોજિત સ્થાન હોવું જોઇએ; અને દરેક ચીજ એ જ જગ્યાએ મુકાય એવો નિયમ જ હોવો જોઇએ. દાખલા તરીકે કોઇ ચીજ ઊંધી મૂકવી કે ચત્તી, કપડા સંકેલીને મૂકવાનાં કે એમ જ વગેરે જેવી બાબતો પણ નક્કી કરેલી હોવી જોઇએ. અને એ પ્રમાણે હંમેશાં કરતા રહેવું જોઇએ. સાધારણ રીતે ઘણાઓને એવી જ ટેવ હોય છે, કે કામ પૂરું થાય ત્યારે ચીજો જ્યાં ત્યાં નાખીને ઊઠી જવું. આ બાબતમાં શિક્ષકોએ પોતે જાગૃત રહેવું જોઇએ.

(ઇ) રોજના જીવનનાં કામો : અનાજ વીણવું, ઝાટકવું, ચાળવું, દળવું, શાક સમારવું, છોલવું, વાટવું, અનાજ માપવું, તોળવું, પાણી રેડવું, કપડાં સંકેલવાં, ડબ્બા ઢાંકવા, જોડા વગેરે સામાન લૂછવા, લાઇનમાં ગોઠવવા, બાવાની-જમવાની તૈયારી કરવી, પીરસવું, એઠું ઉપાડવું, વાટકા માંજવા, ધોવા, લૂછવા, મૂકવા, બટન બીડવાં, નાડી બાંધવી, છોડવી, વગેરે રોજના જીવનનાં કામ બાળકોને શીખવવાનાં હોય છે. એની સગવડ હોવી જોઇએ. નિશાળમાં થોડી રસોઇ રાખીએ તો એની મેળે આ બધાં કામ શીખવવાની તક મળે છે, તેથી એકાદ વખતનો નાસ્તો નિશાળમાં રાખવો.

(ઈ) બોલવું, બેસવું, ઊઠવું, ચાલવું, ફૂંકો મારવા, લસરવું, ટિંગાવું, આળોટવું વગેરે ક્રિયાઓ સિફતથી શરીરનો તોલ સરખો રાખી બાળકોને શીખવવી. ગામડાંમાં આ બધી ક્રિયાઓમાં સૌષ્ઠવ દેખાતું નથી, એ લાવવાનો પ્રયત્ન થવો જોઇએ.

(ઉ) સામાજિક વ્યવહાર: આ પણ શીખવવાનું ઘણું આવશ્યક છે. એક પછી એક એમ હારબંધ જવું, બીજાના હાથમાથી ખેંચી ન લેવું, બીજું બાળક ચીજ નીચે મૂકે ત્યાં સુધી રાહ જોવી, એકબીજાની સાથે સભ્ય અને વિનયી ભાષામાં વાત કરવી, એક-બીજાના કામમાં મદદ કરવી, કોઇ સાજું ન હોય તેનું કામ ઉપાડી લેવું, માંદાની ખબર કાઢવી,

ઉત્સવોમાં ભાગ લેવો, પોતાની ચીજ બીજાને દેવી, વગેરે બાબતોની કેળવણી બાળકોને બાલવાડીમાં મળવી જોઇએ. આમાં કૃત્રિમતા કે દંભ ન આવી જાય એની કાળજી રાખવી. બીજાની ચીજ ન લેવી અને સાચું બોલવું એ વિષેની સમજણ એ બહુ જ સાવચેતીથી ઉપદેશ કે શિક્ષા કરીને અથવા વઢીને નહિ પણ વિચારપૂર્વક અને સંભાળીને આપવી જોઇએ.

(૭) ઉદ્યોગ: શ્રમ લાગે એવાં કામો. બાગ કામને આમાં પ્રથમ સ્થાન છે. આ વિષે અહેવાલમાં જે જે લખ્યું છે તે બધું બરાબર છે. માત્ર એમાં પાંચ વરસથી ઉપરનાં બાળકો માટે જે છે તે વધારે છે, પણ દૃષ્ટિ બરાબર છે. નાનાંઓ માટે એમનાથી થઇ શકે એવાં કામો શોધી કાઢવાં જોઇએ. બાળકો બાલવાડીમાં આવે કે તુરત આંગણું અને ઘર સાફસૂફ કરવું અને બાગકામ એ બે કામ પહેલાં રાખવાં. પછી એમનું નહાવાનું, કપડાં ધોવાં, સૂકવવાં, વાળ ઓળવા વગેરે અને એ થયા પછી બાલઘરમાં જવું અને ત્યાંના કામની શરૂઆત કરવી. આવો રિવાજ રાખવાથી શ્રમ લાગે એવું કામ મળે છે; સફાઇ થાય છે ને કુદરત સાથે સંબંધ બંધાય છે.

પશુપાલન: બને તો આ પણ રાખવું. એક ટુકડી આ કામ કરે, અને થોડાં બાળકો હોય તો પહેલાં આ કામ કરી લઇ પછી બાગકામ કરવું. પાંચ વરસથી નીચેનાં જ બાળકો બાલવાડીમાં હોઇ તેથી બાગ પણ નાનો અને પ્રાણી પણ થોડાં રાખવાં. ગાય અને વાછરડી રાખી શકાય તો તો બહુ જ સારું શિક્ષક પોતે એની સંભાળ લઇ શકે છે. છોકરાં સાફસૂરીમાં કે ઘાસચારો લાવવામાં મદદ કરી શકે છે. ગાય રાખી શકાય એમ ન હોય તો બકરી, મરઘી, બતક, માછલી કંઇ નહિ તો આખરે પક્ષીઓ માટે એક ચબૂતરો તો રાખવો જ. એકાદ કૂતરાનું, બિલાડીનું કે ઘેટાનું બચ્ચું રાખવું. સાથે સાથે કીડા, પતંગિયાં વગેરેનું અવલોકન અને પાલન પણ કરાવવું. બીજા બધા ઉદ્યોગો અથવા રમતો કરતાં બાગકામ અને પાલન વધારે મહત્ત્વનાં છે એમ જ માનવું. કારણ, એમાં વનસ્પતિજીવન અને પ્રાણીજીવન સાથે સંબંધ આવે છે અને જીવનમાં કયાં તત્ત્વોની જરૂર છે તેનું ભાન થાય છે.

કપડાં ધોવાં અને વાસણ માંજવાં: આ કામ જેટલું આવડે તેટલું બાળકોને કરવા દેવું. એ ધોઇ રહે પછી મોટાઓ જરૂર લાગે તો કરીયું ધોઇ લે. બાળકો ત્રણ વરસનાં હોય ત્યારથી આ કામ કરે તો પાંચ વરસનાં થાય ત્યારે પોતાની ચડ્ડી અને બમીસ ધોતાં શીખી જાય એમ લાગે છે. બાળકોની માતાઓ બારાફરતી કપડાં ધોવા માટે આવે એવી પ્રથા પાડવી. કપડાં સુકાઇ જાય પછી એને સંકેલવાનું કામ બાળકો અને શિક્ષકે મળીને કરવાનું ન ભૂલે.

ગામડાંઓમાં ચોખ્ખાઇ ન હોવાને લીધે ચામડીના રોગ, ખંજ આવવી અથવા એવા જ બીજા આંખના રોગ બાળકોમાં બહુ જ દેખાય છે. એનો એક જ ઉપાય છે. આપણે ત્યાંથી બાળકો માટે બે જોડ કપડાં (નાની ચડ્ડી અને બંડિયુ) સિવડાવવા. એનો પૈસા માબાપોએ થોડા થોડા આપી ભરવા. બહુ જ ગરીબ હોય એમના અડધા પૈસા આપણે અને અડધા માબાપે ભરવા. અને નહાયા પછી ઉતારેલાં કપડાં રોજ સાબૂના પાણીમાં ઊકાળવાં અને ધોવાં. ધોયેલાં કપડાં પહેરાવી એમને ઘરે મોકલવાં. ખોટી ટેવોને લીધે બાળકો કપડાં બગાડતાં હોય એ તરફ એમનું ધ્યાન ખેંચવું. પણ એમના ઘરે બેસવા માટે કાંઇ રખાતું ન હોવાથી કપડાં અબોલા જેવાં ચોખ્ખાં ન રહે એ સ્વાભાવિક છે. તેથી કપડાં મેલાં થાય એ માટે એમને ઠપકો આપવો નહિ. કપડાં રોજ ઊકાળવામાં આવે તો ચામડીના રોગ મટે છે. બાલી ફોડકી ઉપર દવા લગાડવાથી કાંઇ ન વળે.

બાલઘરમાં એક વખતનો નાસ્તો બનાવવો અને પછીની સાફસૂરી વગેરે બાળકોની મદદથી કરવું. વાસણ માંજવાનું કામ પદ્ધતિસર અને ચોખ્ખાઇથી કરવું.

બાળકોનું શરીર વધવાની દૃષ્ટિએ પણ શ્રમનાં અને હરીફરીને કરવાનાં કામ મહત્ત્વનાં છે, એ ધ્યાનમાં રાખવું. તેથી નોકર રાખીને અથવા શિક્ષકે એ પોતે જ બધું કામ ન કરવું. બાળકોની અને તેમના માબાપોની પણ મદદ લેવી.

બીજા ઉદ્યોગ: (૧) તુનાઇ, ધુનાઇ, અને કંતાઇ. (૨) માટીકામ: ઇંટો બનાવવી, ચણવું, ઓટલો, પાયો વગેરે, (૩) ચિમકા: જમીન પર, માટીના વાસણો પર, રાંગોળી, સાથિયા વગેરે (૪) કાતરકામ: કાગળ મળે તો ઠીક: પરતીમાંથી ચિત્રો કાપવાં. (૫) સિલાઇકામ: મોટાં પૂઠાં પરનું અને અને કાર્ડ પરનું (પાંચ વરસથી મોટાં બાળકો માટે).

ભાષાશિક્ષણ : આ ઉંમરમાં ભાષાશિક્ષણ બોલીને થવું જોઇએ.

(૧) ઉચ્ચારશુદ્ધિ : જુદા જુદા અક્ષરોના ઉચ્ચાર શિક્ષકે બાળકોને કરી બતાવવા અને એમની પાસેથી કરાવવા, પછી શબ્દો બોલવા. આગળ જતાં સંસ્કૃત, ઉર્દૂ, રુઢ થયેલા અંગ્રેજી શબ્દોના ઉચ્ચાર કરાવવા. એના અર્થ ન આવડે તો કાંઇ વાંધો નથી. જુદા જુદા દેશનાં, ગામનાં, નદીઓનાં, પર્વતોનાં, સમુદ્રોનાં, મહાસાગરોનાં નામ લઇ શકાય. દાખલા તરીકે એટલાંટિક, કિલીમાંઝરો, સ્ટેલિનગ્રાડ, યુક્રેટિસ આપણે ત્યાંનાં સંગમનેર, પંઢરપુર, સિંહગઢ, અજનાભા વગેરે. નામો ભૂગોળ શિખવવાનો હેતુ નથી, માત્ર ઉચ્ચાર માટે જ આવા મોટા શબ્દો લેવાનાં. પૌરાણિક નામ પણ લઇ શકાય—ધૃતરાષ્ટ્ર, દુર્યોધન, વશિષ્ઠ વગેરે.

(૨) વાર્તા કહેવી : લોકવાર્તાઓ : આપણા જીવનસિદ્ધાંતોને પોષક થાય તેવી

(૩) ગીત ગાવાં : લોકગીતો, રમતગમતનાં ગીતો, જોડકણાં, હાલરડાં વગેરે. દાખલા તરીકે પંખી, માછલી વરસાદ, કાપણી વગેરેએ વખતના વાતાવરણમાં કુદતી રીતે જે ગવાય તે.

(૪) વાતચીત : એકાદ વિષય લઇને, ચિત્ર પરથી, આજુબાજુની ચીજો, અનાજ, ફૂલ, ફળ, શાકભાજી, બજારમાં મળતી ચીજો, કામધંધાનાં સાધનો વગેરે.

(૫) વાર્તાઓને નાટકરૂપે ભજવવી. તેથી ભાષા અને શબ્દોના યોગ્ય ભાવ સમજવામાં મદદ થાય છે.

બાલપ્રવાસ : બાળકોની દુનિયા નાની હોય છે. ઘર અને આસપાસ જે હોય તેની જ એમને ખબર હોય છે. શિક્ષક સાથે ફરવાથી એમને બહારની દુનિયા જોવા મળે છે. એમની જિજ્ઞાસા જાગ્રત થાય છે. બાલપ્રવાસ કરાવતી વખતે આટલા બતાવેલા મુદ્દા ધ્યાનમાં રાખવા :

(૧) શરીર કસાયેલું થાય તે માટે દૂર દૂર અને બાડા, ટેકરાં, ખેત વગેરેમાં ચાલવાની ટેવ, તડકો, ઠંડી, વરસાદ, કાદવ વગેરેની પરવા કર્યા વગર ચાલવાની પગની ટેવ અને શરીરને એ બધું સહન કરવાની ટેવ.

(૨) સાહસ: બાળકો ઘરમાં હમેશાં સુરક્ષિત હોય છે, એમને બહાર લઇ જઇ એમના સાહસને ઉત્તેજન દેવું.

(૩) ભૌગોલિક કલ્પનાદેવી: પ્રાકૃતિક ભૂગોળ નરી આંખે જોઇએ. દા૦ ત૦ ડુંગર, નદી, એનો ઊગમ, એનું મુખ, સંગમ, સયોગભૂમિ, સામુદ્રધુનિ, બેટ, સરોવર, ભૂશીર, બેતર, વાડીઓ, જંગલ, વેરાન મેદાન વગેરે:

(૪) વૈજ્ઞાનિક : વનસ્પતિજીવન, પશુપક્ષી અને કીડાનું જીવન, હવાપાણી, પથ્થર, માટી, ચૂનો.

(૫) ઐતિહાસિક : નાનામોટા કાંઇક સ્થળો બધે હોય જ છે.

(૬) કુદરતની શોભાની દૃષ્ટિએ સૂર્યોદય, સૂર્યાસ્ત, ચાંદરણું, ઉપવન, વન, બેતર, ડુંગર, નદીકાંઠે, મંદિરોમાં વગેરે વખતે અને સ્થળે જઇ એનો આસ્વાદ લેવો.

(૭) માણસના જીવનનો પરિચય : જુદી જુદી જાતના માણસો; ગરીબ, તવંગર, ધંધાદારી, વ્યપારી, દુકાનદાર, મજૂર; એમનાં ઘરો, રહેણીકરણી, પહેરવાસ, ઘરેણાં. માણસના જીવન માટે ઉપયોગી એવી ચીજોની વખારો. દા૦ ત૦ લાકડાની, નાળિયેરની, કાંદા, મરચાં, અનાજ, ઘાસની ગંજીઓ, કોલસાની વખારો વગેરે.

પ્રવાસ : ચાલતાં, મોટરમાં, ગાડામાં, આગગાડીમાં હોડીમાં, બધી રીતે કરવો.

ભોજન : બાલઘર હશે ત્યાં બપોરનું પૂરતું જમવાનું હશે જ, પણ થોડા કલાક માટે બાલવાડી હોય તો પણ કાંઇક નાસ્તાની વ્યવસ્થા જરૂર રાખવી. હેતુ : (૧) ખાવાની, જમવાની બાબતમાં રાખવાની ચોખ્ખાઇ (૨) સાથે બેસીને ખાવું એ સામાજિક સબંધો અને ઐકય વધારવાનું સાધન છે. (૩) જમવાની સાથે આવતા સંસ્કાર કેળવવા. (૪) નાસ્તો કે રસોઇ બનાવવી, બગીચામાં શાકભાજી વાવવી, સમારવી, રાંધવી વગેરેમાં ઘણી ઉપયુકત ક્રિયાઓ છે અને એમાં બાળકોને બહુ જ રસ પડે છે. (૫) સ્વાવલંબનની દૃષ્ટિએ ભોજનમાં નીચે આપેલી વસ્તુનો સમાવેશ હોવો જોઇએ : (૧) ભોજન બનાવવું, રાંધવું, અથવા બાલી સમારવું, વીણવું, ચૂંટવું ધોવું. (૨) ભોજનની તૈયારી કરવી, રંગોળી, (૩) પીરસવું. (૪) જમનારાઓએ હાથ પગ ધોઇ, વાળ ઓળી, જમવાનું હોય ત્યાં નહાઇધોઇ તૈયાર રહેવું. (૫) બાતી વખતે બધા ભેગા થાય ત્યારનો કાર્યક્રમ (ગીતો, જોડકણાં, વાર્તા અથવા વાતચીત—બધું વ્યવસ્થિત રીતે) કાંઇ પણ જાહેર કરવાનું હોય તો તે. (૬) જમ્યા પછીની સાફસૂફી, (૧) રસોડાની, પોતે બેઠાં હોય તે આસન—જગ્યાએ જગા, થાળી, વાટકા માંજી લૂછી એની જગ્યાએ રાખવા (૨) રસોઇના વ્યવસ્થાપકે વધેલું, પીરસવાના વાસણ વગેરેની વ્યવસ્થા કરી લેવી.

પાલકો સાથે સમ્બંધ : બાલ શાળાઓમાં આ વસ્તુ બહુજ મહત્ત્વની છે. બાસ કરીને ગામડાઓમાં, પછાત લોકોમાં અને અભણ લોકોમાં કામ કરતી વખતે એ બહુ જરૂરી છે. એ વિષેની સૂચનાઓ શરૂઆતમાં આપી છે: શહેરમાં વ્યાખ્યાન, ચર્ચા વગેરે ગોઠવીને એ સાધી શકાય છે. ગામડાઓમાં અથવા પછાત લોકોમાં આપણે એમના મિત્રો બનીને, એમની સાથે સંબંધો વધારીને; એમની માંદગી વખતે અથવા એમની અડચણને સમયે મદદ કરીને, મિત્રાચારી વધારીને; પછી કોઈક વાર થોડું સમજાવીએ તો બની શકે. એ માટે પ્રાર્થના, રમતો, ભજનો, વાર્તાઓ, કથાકીર્તનો, ઊજાણી વગેરેનો ઉપયોગ કરી એમનામાં ભળવાના પ્રયત્નો થવા જોઈએ. જ્યાં બની શકે ત્યાં મેજિક લેન્ટર્નનાં ચિત્રો બતાવી એના પર થોડું ભાષણ કરી પ્રૌઢ-દીક્ષા પણ દેવી. આની સાથે સાથે સાક્ષરતા-પ્રચાર અને હવાપાણીની મદદ પણ ચાલુ રાખવી. પણ બાલવાડીના શિક્ષકે ગામના ઝગડામાં, પક્ષાપક્ષીમાં કે.ઇ દિ' પડવું નહિ. ગામના વડાઓની નારાજીની બીકે અસ્પૃશ્યતા વગેરે જેવી બાબતો ચલાવી ન લેવી. નાતજાત, ધર્મ આદિના ભેદો પાળવા નહિ. પણ ઐક્ય સાધવાની મહેનત કરવી અને તે પણ બાળકો દ્વારા. ગામના બીજા માણસો સાથે પણ સંબંધ સાધવો. ગ્રામસફાઇ અને ગામનો રોગચાળો અટકાવવાના કામમાં મદદ કરવી. ગ્રામપંચાયતમાં ન્યાય દેતી વખતે ન્યાયની બાજુએ રહેવું.

આ રીતે પક્ષાપક્ષીથી પર રહેનાર સેવક તરીકે ગામમાં પ્રતિષ્ઠા મેળવવી, ગામના ઉત્સવોમાં, રાષ્ટ્રીય તહેવારો પાળવામાં—ગામના એક રહેવાસી તરીકે—ભાગ લેવો, પણ કેવળ એવા જ કામમાં તણાઇ ન જવું. નહિ તો બાળકેળવણી બાજુએ રહી જશે અને સામાન્ય ગ્રામસેવક થઇ જવાશે.

તા૦


સ્વ૦ શ્રી૦ ગિજુભાઇ—જયંતી

આપણા સંઘના આદ્ય સ્થાપક અને ગુજરાતના બાલશિક્ષણના જ્યોતિર્ધર સ્વ૦ ગિજુભાઇ બધેકાની જન્મજયંતી તા૦ ૧૫મી નવેમ્બર ૧૯૪૭ના રોજ આવે છે. તે દિવસોમાં દિપોત્સવીના તહેવારો પણ છે. આ દિ સો એટલે કે તા૦ ૧૫ નવેમ્બરથી તા૦ ૨૨મી નવેમ્બર સુધી જન્મજયંતી નિમિત્તે બાલશિક્ષણ સપ્તાહ ઊજવવાનું નકકી કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે સપ્તાહના કાર્યક્રમમાં બાલઊજણી, બાલમેળા, સ્વ૦ ગિજુભાઇનાં બાલસાહિત્યનું વાચન બાલસરઘસ અને સભા વગેરે કાર્યક્રમ બાળકો માટે યોજવા. માબાપો, શિક્ષકો, બાલશિક્ષણપ્રેમીઓ તથા સ્વ૦ ગિજુભાઇના મિત્રો આ સપ્તાહ દરમ્યાન ઘેરઘેર ફરીને **સંઘના સભ્યો નોંધે, 'શિક્ષણપત્રિકા'ઓના ગ્રાહકો નોંધે, બાલશિક્ષણનો પ્રચાર કરે; બાલક્રીડાંગણો, બાલવાડી અને બાલમંદિરો શરૂ કરે.**

—

હિન્દને સ્વરાજ્ય મળ્યા પછી આ પ્રથમ જ જયંતી આપણે ઊજવીએ છીએ. એટલે સ્વતંત્રતાની હવામાં બાલશિક્ષણને આગળ ધપાવવાની જે અનુકૂળતા આપણને પ્રાપ્ત થઇ છે તેનો પૂરેપૂરો લાભ આ પ્રસંગે ઉઠાવીએ. મ્યુનિસિપાલિટિઓ, લોકલ બોર્ડો, કેળવણીખાતાઓ, પ્રજામંડળો અને શિક્ષણસંસ્થાઓ દ્વારા ઉપરોકત પ્રવૃત્તિઓને વેગ આપવા આ સપ્તાહ દરમ્યાન આપણી શકિત અનુસાર બધું જ કરી છૂટીએ અને સદ્‌ગત ગિજુભાઇએ રોપેલું બાલશિક્ષણનુ બીજ સ્વાતંત્ર્યની ભૂમિમાં ખૂબ ફાલેફૂલે અને ભારતભરમાં ફેલાય તેવા પ્રયત્નો કરીએ.



સ્વ૦ શ્રી૦ ગિજુભાઈ

આશા છે કે, આખા દેશભરમાં ગામેગામ અને શહેરેશહેર જન્મજયંતીનો કાર્યક્રમ યોજાશે અને સફળતાથી પાર પડશે.

મંત્રીઓ : નૂ૦ બા૦ શિ૦ સંઘ

નહોતું ગમતું

એમનાં મા, બાપ, ભાઇ પણ સાથે જ હતાં. બાલવાડીમાં દાખલ થયા કે તરત જ તેમની આંખો આમ તેમ ફરવા લાગી. રમવાની અનેક સુંદર વસ્તુઓ તેમની નજરમાં પડી. અને તેમાં યે વળી 'શું મને ગમશે?' એમ એમનું મન વિચારતું હતું. સૌથી પહેલાં જ તાનાં નાનાં કાળાં પાટિયા અને સાથે જ રંગબેરંગી ચાક જોયા અને ત્યાં જ બેસી પડવાનું તેને મન થયું અને ત્યાં બેસી પડ્યાં. થોડી વાર આમતેમ ઘણી જાતના ઊભા ને આડા લીટા દોર્યા. ગોળા પણ વાળ્યા. ઝાડની માફક પણ કાંઇક ચીતરવા પ્રયત્ન કર્યો. વળી સુંદર સુંદર આકૃતિઓ મારી નજરે તો તેમણે બનાવી જ. પણ આ વખત તેમનાં બા અને બાપુ બીજી અનેક વસ્તુઓ જોવામાં પડ્યાં હતાં તેવામાં તેમનું મન સુંદર રંગબેરંગી મોતી પર પડ્યું અને તરત જ ત્યાં ગયાં અને તે વાસણ લીધું ને તરત જ એક બાજુ બેસી દોરામાં મોતી પરોવવા બેસી ગયા. થોડી વાર થઇને તેમનાં બાએ આ જોયું, અને તેમાં ડહાપણ કરવા ગયાં અને કેમ પરોવવું તે બતાવવા લાગ્યાં. જો કે, તે પહેલાં તો તેમણે ઘણાં બધાં મોતી પરોવ્યાં જ હતાં. આ એમની બાનું ડહાપણ એમને ન ગમ્યું, પણ શું કરે? એ ના કહેતા હોય અને તે એમને ગમતું ન હોય તેવા ચોખ્ખા ભાવ તેમના મોં ઉપર તરવરી આવતા હતા, છતાં શુ કરે? આખરે મને લાગ્યું કે લાવ હુ જ તેમનાં બાને ત્યાંથી ઊઠવા કહું. પણ તે જ વખતે તે ઊઠી ગયાં અને તેમને આનંદ થયો. પાછાં પરોવવા લાગી ગયાં. મેં તેમને કહ્યું કે બેન, આસન લ્યો ને?

તરત ઊઠયાં. મે બતાવ્યુ : આસન અહી છે, તેમણે આસન લીધું ને કામ શરૂ કર્યું. મોતી ઘણાં હતાં. જુદા જુદા રંગ ખોળી ખોળીને તે પરોવતાં હતાં. પછી પાછાં પંદરેક મિનિટ પછી તે તો ઊઠયાં અને **શીશીમાં નાખવાની રેતી** તરફ તેમણે જોયું આ કામ શ્રી. અનુતાઇ તેમનાં બાબાપુને બતાવતાં હતાં, અને વચ્ચે જ તેમણે તે જોઇ લીધું. બાળકોને રેતી તો ગમતી જ હોય છે. તરત ઊઠયાં. મોતી ને તેનું વાસણ તેની જગ્યાએ મૂકી દીધું અને ત્યાં રેતી નાખવા બેઠાં. શરૂમાં ગમે તેમ ઝપાટાબંધ રેતી ચમચા વડે નાખવા લાગ્યાં. પણ પછી મેં તેમને બતાવ્યું. : 'આમ ધીરે રહીને જરાય વેરાય નહિ તેમ નાખો.' પછી તો શરૂઆત કરી. તેમને એમ પણ ન લાગ્યું કે મારાં બા અને બાપુ ક્યાં છે? થોડી વાર પછી તેમનાં બા અને બાપુ બાલવાડી, બોર્ડિંગ, રસોડુ બધું જોઇ બીજે રસ્તે બહાર નીકળ્યાં અને તેમને કદાચ એમ લાગતું હશે કે બેબી સાથે જ છે. પણ તેને ન જોઇ. તે તો એકદમ સંપૂર્ણ સ્થિરતાથી રેતી નાખવાના કાર્યમાં રત હતી. પછી બા ઘણામાં જ રહ્યે રહ્યે તેમના બાપુએ કહ્યું : "ચાલો," પણ તેમણે ના સાંભળ્યું. ફરી મોટેથી કહ્યું છતાં જાણે નથી જ સાંભળ્યું. તેમ કામ ચાલુ જ રાખ્યુ અને તેમના સામું જોવાની દરકાર સુદ્ધાં ન કરી. છેવટે તેમનાં બા આવ્યાં અને કહ્યું : 'બેબી, ચાલને, વખત થઇ ગયો છે." ત્યારે તે કહે : "પાંચ મિનિટ ઊભી રહે ને." તેમના મનમાં એમ હતું કે આટલી રેતી નાખીને આવું છું. બાને આ હોહ જોવી ન ગમી અને તેમનુ બાવડું ઝાલીને તેમને ઉઠાડ્યાં. તેમને આ જરાય ન ગમ્યું. પણ શું કરે? છેવટે તેમને જવુ ગમતુ ન હતું છતાં ય જવુ પડ્યું.

બાબાપો બાલવાડી જેવા સ્થળે પોતાના કરતાં, બાળકોની અનુકૂળતા અને માનસ જોઇને કાર્યક્રમ ગોઠવે તો કેવુ સારુ?

બાલવાડી, બોરડી
તા૦ ૯–૯–૪૭

રમેશ મહેતા

બાલગીતસંગ્રહસમિતિ

આજે અનેક બાલગીતસંગ્રહો બહાર પડેલા છે અને જુદાં જુદાં બાલમંદિરોમાં તેમાંથી ગીતો ગવાય છે. પરંતુ બાળકો રસથી સાંભળે, ઝીલે અને વારંવાર ગાય એવાં બાળકોનાં પ્રિય ગીતોનો એક સંગ્રહ તૈયાર કરવાનું કાર્ય શ્રી૦ નૂતન બાલાશિક્ષણસંઘ તરફથી શ્રી૦ પ્રેમશંકર ભટ્ટ તથા શ્રી૦ નરેન્દ્ર બધેકાને સોંપવામાં આવ્યું હતું. એ સમિતિમાં રહેવા બાળકોના પ્રિય કવિ શ્રી૦ ત્રિભુવનભાઇ ગૌરીશંકર વ્યાસને વિ-તિ કરતાં તેમણે એનો સ્વીકાર કર્યો છે. એટલે પોતપોતાનાં બાલમંદિરોમાં પ્રિય થઇ પડેલાં ગીતો દરેક બાલશિક્ષક ઉપરના ત્રણ પૈકી કોઇ પણ એક ભાઇને મોકલી આપે એવી વિનંતિ છે.

સં૦

એક સુંદર પ્રસંગ

જ્યારથી ચોમાસું શરૂ થયું, હવામાન વધારે ભેજવાળું થયું, ત્યારથી, એટલે લગભગ ત્રણ માસથી પીંજણકામ અને પૂણી બનાવવાનું કામ બિલકુલ બંધ હતું. કોઈકોઈ વખતે બાળકો સંભારતાં પણ હતાં કે 'રમેશભાઈ, રૂ આપોને, અમારે પૂણી બનાવવી છે.'

આજે બે દિવસથી તાપ સારો પડતો હતો એટલે મેં રૂ (કપાસીઆ સાથેનું) તડકામાં બાગમાં જરા હવા ઉડાડવા મૂકયું હતું બાળકો ૧૧॥ વાગે આવ્યાં. બાગમાં રૂ જોયું. મને બધાં જ પૂછવા લાગ્યાં: 'હેં રમેશભાઈ, આજે પૂણી બનાવવાની?' મેં કહ્યું: 'હા; જરા રૂ ભીના જેવું થઈ ગયું છે તેને જરા સુકાઈ જવા દો. પછી આપણે લાવીશું; તમે પૂણી બનાવજો'

પાછી થોડી વાર થઈ. એક ભાઈ આવ્યા: 'રમેશભાઈ, બહારથી રૂ લાવોને. પૂણી બનાવવી છે.' પહેલાં તો મેં કહ્યું કે, 'લાવું છું, હજી ભીનું છે.' બેત્રણ વાર તો તે બાળકને મેં આમ કહી પાછું મોકલ્યું. પાછું આવ્યું અને કહે: 'ચાલો રમેશભાઈ, હવે તો સુકાઈ ગયું હશે.' હું અને તે બાગમાં ગયા અને ત્યાંથી રૂ લાવ્યા. રૂ જોયું અને બધાં દોડી આવ્યાં. બધાં કહે: 'અમે સૂરજ બનાવીશું. પીજીશું, પૂણી બનાવશું' બધાંને જ મેં કહ્યું: 'સારૂ જેમને જેમ કરવું હોય તેમ કરજો.'

પછી તો બધાં બેઠાં. ઘણાં બાળકો સૂરજ બનાવવા લાગ્યાં. પણ પેલું બાળક, જે સૌથી પહેલું આવ્યું હતું, તેણે તો ઝપાટાબંધ ઘણા બધા સૂરજ બનાવી દીધા. અને તેમાંથી બધો કચરો પણ આસ્તે રહીને કાઢી નાખ્યો. કાગળ પર સરસ ધીરે રહીને પીંજવા બેઠું. પીંજતાં પીંજતાં તેણે કયાંય જોયું પણ ન હતું. તેનું બધું જ ધ્યાન પીંજવામાં જ હતું. તે જરાય ઊંચું સુદ્ધાં જોતું નહોતું. આખરે પીંજી રહ્યા પછી પૂણી બનાવવા બેઠું. આ વખતે આશરે આ કામમાં તેને દોઢ કલાક થયો હતો એટલે અઢી વાગ્યા હતા. પછી રમત અને કવાયત માટે મેં મંજીરાં વગાડ્યાં. તેને આવવાનું જરાય મન ન હતું. કામ પૂરું કરવાની ઇચ્છા હતી, અને એટલું જ મન રમવામાં પણ હતું જ; છતાં જરાય ઉતાવળ કર્યા સિવાય ધીરે રહી બધા જ રૂની સુંદર નાની નાની પૂણીઓ બનાવી અને તેને સુવ્યવસ્થિત બાંધી ઓટલા પર મૂકી દીધી. જે કે શરૂમાં કયાં મૂકવી તેનો વિચાર તેને આવ્યો હતો હું સમજ્યો કે તેને કાંઈ સાધન પૂણી મૂકવા જોઈએ છે. મેં તરત જ કહ્યું: "ગણુભા, આ રહી તકલી-પેટી. તેમાં તમારી પૂણીઓ મૂકો." પછી તે ત્યાં આવ્યા અને પૂણીઓનું બંડલ મૂકયું અને રમતમાં જોડાયા.

આખરે બધું પૂરું થયું એટલે રમત, કવાયત ને નાસ્તો કર્યો. બાલવાડી બંધ થઈ. થોડી વારે તે બાળક ઘેર જઈને પાછું આવ્યું. મને મારા રૂમ ઉપર આવીને કહે: 'રમેશભાઈ, મને મારી પૂણીઓ આપોને. મારે કાંતવું છે.' મેં બાલવાડી ઉઘાડીને પૂણીઓ આપી અને તે પૂણીઓ લઈ બૂનિયાદી શાળામાં તકલી ઉપર કાંતવા ગયા.

તે સુંદર કાંતે છે તે હું જાણું છું. એની ઉંમર ૭ વર્ષની છે.

બાલવાડી; ભોરડી — રમેશ અહેતા

નૂ. બા. શિ. સંઘ: સામાન્ય સભાની બેઠક

સંઘના સર્વે સભ્યો જોગ,

શ્રી નૂતન બાલશિક્ષણ સંઘના સભ્યોને આથી ખબર આપવામાં આવે છે કે, સંઘની સામાન્ય સભાની બેઠક શનિવાર તા૦ ૧૮ ઑકટોબર ૧૯૪૭ના રોજ ટી. એમ. માળવી ભાગની સમાજ બલમંદિર મેથ્યૂ રોડ ચોપાટી, મુંબઇ મધ્યે સાંજના ચાર વાગે નીચેના કામકાજ માટે મળશે. તે પ્રસંગે સભ્યોને પધારવા વિનતિ કરવામાં આવે છે. સભામાં નીચે મુજબનું કામકાજ થશે:

૧. વ્યવસ્થાપકમંડળે મંજૂર કરેલા સને ૧૯૪૬ની સાલના સંઘના અહેવાલ તથા હિસાબને મંજૂર કરવો.

૨. વ્યવસ્થાપકમંડળે સૂચવેલા નીચેના બંધારણના ફેરફારને મંજૂર કરવો.

The Vyavasthapak Mandal may, if necessary create the additional post of another Vice Chairman and a treasurer.

૩. પ્રમુખશ્રીની મંજૂરીથી જે રજૂ થાય તે.

મંત્રીઓ
નૂ. બા. શિ. સંઘ

મુંબઇ, તા. ૨૬-૯-'૪૭

બાલકેળવણી

નિરીક્ષણપ્રવાસ

નૂતન બાલશિક્ષણ સંઘ તરફથી કાઠિયાવાડનાં બાલ-મંદિરોનું નિરીક્ષણ કરવા સારુ નીચેના ત્રણ સભ્યોની એક સમિતિ નીમવામાં આવી હતી :

(૧) શ્રી૦ નર્મદાબેન રાવળ
(૨) શ્રી૦ પ્રેમશંકર ભટ્ટ
(૩) શ્રી૦ રામભાઇ પાઠક

બાલમંદિરોનાં નિરીક્ષણ ઉપરાંત, બાળકેળવણીના કામને વેગ મળે તે માટે જે કંઇ થઇ શકે તે કરવાની કામગીરી પણ આ સમિતિને સોંપાઇ હતી. સમિતિના સભ્યો કાઠિયાવાડમાં ત્રણ અઠવાડિયાની મુસાફરી કરી લગભગ પંદર ગામ ફર્યા. વીસ જેટલાં બાલમંદિરોનું નિરીક્ષણ કર્યું. દરેક સ્થળે બાલમંદિરના સંચાલકો, સ્થાનિક આગેવાનો તથા અધિકારીઓની મુલાકાત લીધી. સ્થાનિક કાર્યકર્તાઓના સહકારથી જ્યાં શક્ય બન્યું ત્યાં માબાપોની સભા કરી, તથા બાલકેળવણીનું કામ કરતાં શિક્ષક ભાઇ-બહેનો સાથે મળીને, સ્થાનિક સંજોગો ધ્યાનમાં રાખી, કામ આગળ ધપાવવા અંગે વિચારોની આપલે કરી. કેટલીક જગ્યાએ હાઇસ્કૂલમાં ભણતાં વિદ્યાર્થીઓના ખાસ આમંત્રણથી અમે તેમની સભામાં પણ ગયાં હતાં અને આવતી કાલના એ નાગરિકોને અમારા પ્રવાસનો હેતુ સમજાવ્યો હતો. જુવાન વિદ્યાર્થીઓ પાસે ૧૫ ઑગસ્ટ પહેલાની કેળવણી કેવી હતી અને ૧૫ ઑગસ્ટ પછીની કેવી હશે તેનો વિચાર સમિતિના સભ્યોએ રજૂ કર્યો હતો.

કાઠિયાવાડમાં અત્યારે જે રીતે બાલકેળવણીનું કામ ચાલી રહ્યું છે, તેનો સંપૂર્ણ ખ્યાલ આપતો એક વિગતવાર અહેવાલ તૈયાર થાય છે. અમે જે બાલમંદિરો જોયાં તેની માહિતી એકઠી કરી છે. ત્યાંનું ચાલુ કામ ઝીણવટથી જોયું છે; ત્યાર બાદ કામને અંગે જે અભિપ્રાય તથા સૂચનાઓ આપવાં ઘટે તે પણ આપ્યાં છે. સ્થળ, સંજોગો અને સ્થાનિક કાર્યકર્તાઓની વિશિષ્ટતાને કારણે એક ગામ કરતાં બીજા ગામનું કામ જુદું પડે છે; એટલું જ નહિ પણ એક જ ગામમાં ચાલતાં બે બાલમંદિરોના કામમાં પણ ઘણો તફાવત દેખાયો છે. આથી, અમારા અહેવાલનો સાચો ઉઠાવ ત્યારે જ આવે, કે જ્યારે અમે ગામવાર અને બાલમંદિરવાર જે જોયું, જાણ્યું તે લખીએ. આવો સંપૂર્ણ અહેવાલ તૈયાર થતાં હજી થોડો સમય લાગશે. દરમિયાન, તે અહેવાલની પ્રસ્તાવના—પૂર્વભૂમિકા જેવા થોડાએક મુદ્દાઓ અમે સૌ પાસે રજૂ કરીએ છીએ.

સાચી દૃષ્ટિ

બાલકેળવણી મનુષ્યજીવનનો પાયો છે. જે આદર્શ સમાજ આપણે રચવો છે, તેના સિદ્ધાન્તોની સાચી સમજણથી આ કામ થવું જોઇએ. ભાવિ સમાજમાં જો સ્વચ્છતા, શાંતિ, આરોગ્ય, સમાનતા, બંધુભાવ, કર્તવ્ય-પરાયણતા, નિસર્ગપરિચય, પ્રેમ, સત્ય, જ્ઞાન, પુરુષાર્થ, ઉદ્યમપરાયણતા વગેરે સદ્‌ગુણોનો વિકાસ થવો જરૂરી છે, તો તે કામ પાયામાંથી જ થવું જોઇએ. ઉપર જણાવેલા સદ્‌ગુણોથી ભરેલા વાતાવરણમાં ઘરમાં, સમાજમાં તથા બાલમંદિરમાં જીવન જીવવાનું મળે તેનું નામ જ સાચી બાળકેળવણી છે.

રાજ્ય તરફથી, પ્રજા તરફથી અથવા રાજ્ય તથા પ્રજાના સહકારથી કે ખાનગી સંસ્થાઓ મારફતે આજે કાઠિયાવાડમાં જ્યાં જ્યાં બાળકેળવણીનું કામ ચાલે છે, ત્યા ત્યાં, તેના સંચાલકોને ઉપરની દૃષ્ટિ નજર સામે રાખીને આગળ ધપવા અમારી વિનતિ છે. આમ થશે ત્યારે, બાલમંદિરની પ્રવૃત્તિ માત્ર નાના છોકરાંની નિશાળની, માત્ર શોભાની અને માત્ર ધંધાની પ્રવૃત્તિ મટીને ધર્મની એટલે કે દરેકને નાગરિક બનાવવાની ફરજની પ્રવૃત્તિ બની જશે; બાળકેળવણી સામાજિક પ્રવૃત્તિ થશે.

તાલીમ પામેલા શિક્ષકો

એકાદબે રડ્યાંખડ્યાં બાલમંદિરોને બાદ કરતાં તાલીમ પામેલા શિક્ષક ભાઇબહેનોની બધાં જ બાલમંદિરોમાં ખોટ છે. કેટલીક જગ્યાએ એક પણ તાલીમ પામેલ શિક્ષક ન હોય, તો કેટલીક જગ્યાએ વળી એકાદ નામનો તાલીમ પામેલ શિક્ષક હોય અને બાકીના મોટા ભાગના મદદનીશો વડે નાનાં બાળકોની નિશાળ ચલાવતા હોય. કેટલીક જગ્યાએ બાલમંદિર માટે મોટાં આલીશાન મકાનો ઊભા થયાં છે, ને તેમાં બાળકેળવણીનાં સંપૂર્ણ સાધનો ભરેલાં છે, ચાલુ ખર્ચ ઉપાડવા માટે મોટું કાયમી ભંડોળ અથવા માસિક ગ્રાન્ટની સગવડ હોય છે; છતાં, જોઇતા પ્રમાણમાં તાલીમ લીધેલા શિક્ષકોના અભાવે

સર્વોત્તમ સગવડનો પૂરતો લાભ બાળકોના વિકાસમાં નથી ઉઠાવાતો. આવાં બાલમંદિરો પાછળ જે ખર્ચ થયો છે અને થતો રહે છે તેનું વળતર તાલીમ પામેલા શિક્ષકોથી કામ લેવાય તો જ મળે. આપણા ગરીબ દેશમાં અને બાળકેળવણી જેવી ગરીબ સ્થિતિમાં ચાલતી પ્રવૃત્તિમાં એક પણ પાઇ તેનું પૂરેપૂરું વળતર મેળવ્યા વિના ખર્ચાય તે વાજબી નથી. કોઇ મોટું અને સારી સારી દવાઓથી ભરેલું દવાખાનું હોય પણ ત્યાં સારા ડૉક્ટરો ન હોય તો એ દવાખાનું કંઇ સેવા આપી શકતું નથી. એ કરતાં તો નાનું અને ઓછી દવાઓવાળું પણ તાલીમ પામેલ અને સેવાભાવી ડૉક્ટરનું દવાખાનું વધારે ઉપયોગી થાય. બાલમંદિરોનું પણ એમ જ સમજવું. તાલીમ પામેલા શિક્ષકો બાલમંદિરની પહેલી જરૂરીઆત ગણાવી જોઇએ.

સાથે સાથે શિક્ષકોની બાબતમાં એક બીજી વાત પણ વિચારવા જેવી છે. બાળકેળવણીનું કામ મોટે ભાગે સ્ત્રીશિક્ષિકાઓ ઉપાડી લે તે વધારે ઇચ્છવા જેવું છે. આજે અડધાથી વધારે પ્રમાણ બાળકેળવણીમાં પુરુષ શિક્ષકોનું છે. બાળકેળવણીનું કામ સ્ત્રીઓ વધારે સ્વાભાવિક રીતે અને સહેલાઇથી ઉપાડી શકે તેવું છે. કસ્તૂરબા સ્મારક અંગે પણ બાળકેળવણીનું કામ સ્ત્રીઓ મારફતે જ થાય તેવો આગ્રહ રાખવામાં આવ્યો છે. બાલકેળવણીની દરેક સંસ્થાઓમાં આવો આગ્રહ અનુકરણીય ગણાય. તેમ કરવાથી બાળકેળવણી અને સ્ત્રીકેળવણીનું કામ એકબીજાને પૂરક તેમજ પોષક બનશે. તેથી રાજ્ય અને પ્રજાના આગેવાનોને અમારી ખાસ વિનતિ છે કે, તેમણે બહેનોને બાલશિક્ષણની તાલીમ આપવાનો અને તેઓ દ્વારા બાલકેળવણીનું કામ ચલાવવાનો પ્રબંધ કરવો.

કેટલીક જગ્યાએ પુરુષશિક્ષકો અને સ્ત્રીશિક્ષિકો ભેગાં કામ કરે તે સામે સંચાલકોને વાંધો હોય છે. આવી દૃષ્ટિ આજે સંકુચિત ગણાય. પણ જો આવી સંકુચિત દૃષ્ટ તુરતમાં કાઢી શકાય તેમ ન હોય તો આ બાલમંદિરમાં પુરુષશિક્ષકોને બદલે તાલીમ પામેલી સ્ત્રીશિક્ષિકાઓને રાખી લેવામાં આવે તે સારુ છે.

માબાપોનો સહકાર

બાલકેળવણીના કામમાં માબાપોના સહકાર વિષે અમે દરેક બાલમંદિરમાં પૂછતા. મોટા ભાગના બધા જ કાર્યકર્તાઓએ આના જવાબમાં નિરાશાથી માથું ધુણાવ્યું છે. તેઓનો જવાબ એક જ હોય છે કે, માબાપો તો ચારપાંચ કલાક ઘેરથી છોકરાં "ઘોળા" મૂકવાના સ્થાન તરીકે જ બાલમંદિરની ઉપયોગિતા સમજે છે. બાલકેળવણીની સાચી દૃષ્ટિથી માબાપો બાલમંદિરના અને બાલવિકાસના કામમાં મદદ કરે તે ઘણું જરૂરી છે. માબાપના સહકાર વિના બાલમંદિરની પ્રવૃત્તિ ઘોડા વિનાની ગાડી જેવી પાંગળી રહી છે અને રહેશે. એમ છતાં, અમને લાગે છે કે, આવા સહકારના અધિકારી થવા માટે બાળકેળવણીના કાર્યકર્તાઓએ સાથે મળીને જે ઝુંબેશ ઉઠાવવી જોઇએ, અને માબાપનો વિશ્વાસ દેળવવો જોઇએ, તે હજી નથી મેળવ્યો. આજે કાર્યકર્તાઓની શક્તિ એટલી બધી ઓછી છે કે, બાલમંદિરના ચાલુ કામને પણ વેઠિયા વેઠની જેમ પહોંચાય છે; તો પછી ઘરઘરમાં બાલકેળવણીની સાચી દૃષ્ટિ ફેલાવવાનું ભગીરથ કામ તો ઘણી મોટી શક્તિ અને કર્તવ્યનિષ્ઠા માગી લે છે. કેટલાંક બાલમંદિરોએ આ દિશામાં પ્રયત્નો કર્યા જ નથી; કેટલાંકે એકાદબે વાર પ્રયત્નો કરી કાયમી નિરાશા સ્વીકારી લીધી છે; તો, એકાદબે જગ્યાએ તો વળી માબાપને અને નિશાળના કામને શું સંબંધ હોઇ શકે, તેવો અમને સામો પ્રશ્ન પણ પૂછવામાં આવેલ! આ બધું અજ્ઞાન અને નિરાશા પડેલાં છે એમ માની લઇને પણ તેમાંથી માર્ગ કરવાનો છે અને માબાપનો સહકાર મેળવવાનો છે; તો જ બાળકેળવણી સમાજજીવનની ઇમારતનો મજબૂત પાયો બની શકશે. અમે દરેક બાલમંદિરના કાર્યવાહકોને માબાપની સભા ગોઠવવા કહેતા. તેઓ આ બાબતમાં નિરુત્સાહ જેવા જણાતા. એમ છતાં અમને જે અનુભવ થયો તે આશાસ્પદ છે. જ્યાં થોડાં જ માબાપો આવશે એમ અનુમાન થતું ત્યાં સારી સંખ્યામાં માબાપો આવતાં. જ્યાં કે ઇ જ નહિ આવે એમ કહેવાતું ત્યાં પણ થોડાઘણા તો આવતા જ. આખરે તો માબાપને પોતાનાં બાળક કરતાં દુનિયામાં શું પ્રિય હોઇ શકે? બાળકોને કેન્દ્રમાં રાખીને આપણા સમાજજીવનમાં અનેક સુધારાઓ દાખલ કરવાની શક્યતાઓ છે. આ હકીકતનો, બાળકેળવણીમાં પડેલાઓએ સ્વીકારેલી સેવાના કાર્યમાં પૂરતો લાભ ઉઠાવવો જોઇએ.

માબાપો પણ વહેલી તકે બાળકો તરફ બેદરકાર મટે, બાળકના વિકાસને જરૂરી સગવડ સાધન વસાવે; સારા સંસ્કાર અને સારી ટેવોથી બાળકનું મન અને શરીર

તંદુરસ્ત બને તેવું વાતાવરણ ઘરમાં ઊભું કરવા માટે કાળજી રાખે; બાળકો સાથેના વર્તનમાં મનની શાંતિ અને સ્વસ્થતા કદી ન ગુમાવે તે બધું અત્યંત જરૂરનું છે. પોતાનાં બાળકો દિવસના ચારપાંચ કલાક જે બાલમંદિરમાં ગાળે છે તે બાલમંદિરની અને તેના કાર્યકર્તાઓની અવારનવાર મુલાકાત લે અને ઘરમાં તથા બાલમંદિરમાં બાળકનો વિકાસ એકધારો થતો રહે તેની કાળજી રાખે. રાષ્ટ્રઘડતરની રચનાત્મક પ્રવૃત્તિઓમાં જે બાલકેળવણીએ પોતાનું માનભર્યું સ્થાન મેળવવું હોય, તો માબાપ સાથે નિકટનો સહકાર સાધીને જ મેળવી શકાશે. આજની કેળવણી "પોપટ પટ્ટી" પાંજરાની કેળવણી બની ગઇ છે. તેને ઘરમૂળમાંથી બદલી નાખવા માટે બાલમંદિરોએ સતત જાગૃત રહેવું પડશે, માબાપોને પણ જાગતા રાખવા પડશે.

રાજાપ્રજાનો સહકાર

પરદેશી સત્તાએ છેલ્લાં ૧૫૦ વર્ષથી આપણી અંદર ફાટફૂટ પાડીને કામ લેવાની જે પદ્ધતિ અખત્યાર કરી હતી તેનું ઝેર આપણા શરીરમાં રગેરગ વ્યાપેલું છે. ભારત એવો દેશ હતો, કે જે આખી દુનિયાને રાજાપ્રજાના મીઠા સંબંધોનો આદર્શ આપી શકે. વિદેશીઓએ ફાટફૂટનું ઝેર આપી આ મીઠા સંબંધોને મોત ભેગા કરી દીધા છે, તે એટલે સુધી, કે નાની મોટી દરેક પ્રવૃત્તિમાં રાજાનું હિત પ્રજામાં ન રહ્યું. પરદેશી સત્તા ગઇ પણ આ ઝેર પાછળ મૂકતી ગઇ છે. હવે જ્યારે રાજ્યો સ્વતંત્ર બન્યાં છે અને ભારતની સ્વતંત્રતા સાથે તેમણે સુમેળ સાધ્યો છે, ત્યારે, આ ઝેરીલા મંદવાડમાંથી વહેલી તકે મુકત થઇને પ્રજા વચ્ચે તંદુરસ્ત અને સહકારવાળા સંબંધો બંધાય તે જરૂરી છે. અમને લાગે છે કે, આ શુભ કામની શરૂઆત પણ બાળકેળવણી જેવા ધર્મકાર્યથી થાય તો સારું. રાજાપ્રજા સંપૂર્ણ સહકારથી અને જાગૃતિથી આ કામ ઉપાડી લે તો અત્યારે એકપક્ષી કામ કરવાની પદ્ધતિથી જે શિથિલતા જણાય છે અને શકિત તથા દ્રવ્યનો વ્યય થતો રહે છે તે અટકે કેળવણીના કામમાં આ સહકાર વહેલી તકે ઊભો થાય, તો આજે બન્ને પક્ષે, કાણા વાસણમાં પાણી ભરવાની જે મહેનત ફોકટ થઇ રહી છે તે સાર્થક બને.

બાળકના સંસ્કારી અને તંદુરસ્ત ઉછેરની વ્યકિતગત જવાબદારી જેમ માબાપ ઉપર અને કુટુંબ ઉપર છે તેમ જ આખી પ્રજાની વડીલ તરીકે બધાં જ બાળકોની જવાબદારી રાજ્યની પણ ગણાય—રાજ્યની જવાબદારીની વાત અમે કરીએ છીએ ત્યારે, પ્રજાથી જુદા પડેલ રાજ્યની વાત નથી થતી; પરંતુ રાજ્યપ્રજાની સંપૂર્ણ એકતાવાળા સ્વતંત્ર રાજ્યની વાત થાય છે. આવી એકતા ઊભી કરવાના કામમાં બાળકેળવણી જેવું નિર્દોષ અને ધર્મભાવનાથી ભરેલું અમને બીજું એક પણ કામ નથી દેખાતું. રાજાપ્રજા બાળકેળવણીને સહકારથી અપનાવી લે. તે મારફતે જે સ્વતંત્રતા આપણને મળી છે તેને સાચી રીતે લાયક બનવાના માર્ગમાં રાજાપ્રજા આગેકૂચ કરે.

તરત કરવા જેવું મહત્ત્વનું કામ

કાઠિયાવાડમાં બાળકેળવણીનું કામ જ્યાં કસ વગરનું અથવા ઓછા કસવાળું અમને દેખાયું છે, ત્યાં તેનું મૂળ કારણ તાલીમ પામેલા શિક્ષક ભાઇબહેનોનો અભાવ છે. પહેલાં તો આ ખામી દૂર કરવા માટે સમગ્ર કાઠિયાવાડની સમજુ પ્રજા અને રાજ્ય હાથ મિલાવીને બાળકેળવણીનું એક આદર્શ અધ્યાપનમંદિર ઊભું કરે તે પહેલી જરૂરીઆત છે. કાઠિયાવાડમાં રાજા તથા પ્રજાના સહકારવાળી આ પ્રવૃત્તિ જો, સ્વ૦ ગિજુભાઇએ સ્થાપેલ નૂતન બાલશિક્ષણ સંઘ જેવી બાળકેળવણીની સદ્ધર સંસ્થાને સોંપવામાં આવે, તો અમને આશા છે કે, તેમાંથી ઘણાં સારાં પરિણામો નીપજે. આવી સંસ્થાનો લાભ કચ્છ અને ગુજરાતનાં ભાઇબહેનો પણ સારી સંખ્યામાં લઇ શકે આ અતિ મહત્ત્વના તાત્કાલિક કરવા જેવા કામ અંગે અમારી સમિતિ કરતાં વધુ વગ અને શકિત ધરાવતાં સંઘનાં કાયમી પ્રમુખ શ્રીમતી સરલાદેવી સારાભાઇ તથા મંત્રી શ્રીમતી તારાબેન મોડક આ અધ્યાપનમંદિરની પ્રવૃત્તિ તરફ લાગતાવળગતાનું ધ્યાન દોરે અને તેમના અભિપ્રાયની તથા મદદની માગણી કરે તે વધુ વ્યવહારુ ગણાય.

આભાર

પરંતુ, આ તો અમે જે અહેવાલ વિગતમાં તૈયાર કરવાના છીએ તેની માત્ર પ્રસ્તાવના છે. પ્રસ્તાવના મૂળ અહેવાલ કરતાં મોટી થઇ જાય તેના ભયથી કટલું ક કહેવા જેવું રહી જાય છે, છતાં અહીં પૂરું કરીએ છીએ. વળી,

કહેવાથી કંઈ ઓછું જ બધું કામ થઈ જવાનું છે?

કાઠિયાવાડમાં જ્યાં જ્યાં બાળકેળવણીના નિરીક્ષણપ્રવાસે ગયાં, ત્યાં ત્યાં, જેની સાથે અમારે કામ પડયું છે તે સૌએ અમને પ્રેમથી આવકાર્યા છે રાંજ્યના તથા પ્રજાના મોંઘામૂલા આતિથ્યસત્કારનો અણમૂલો લાભ મળ્યો છે. અમલદારો તથા પ્રજાના આગેવાનોએ અમને શાંતિથી સાંભળ્યા છે અને તન, મન અને ધનથી સહાયરૂપ થવાની ઇચ્છા બતાવી. અમારે મન આ બધું બાળકેળવણી માટે આવતા દિસવની ઊજળી નિશાની છે. જ્યાં જ્યાં બાલમંદિરની કમિટિઓ છે, ત્યાં ત્યાં, તેના સભ્યોએ અમારી મારફતે નૂતન બાલશિક્ષણ સંઘનું સન્માન કર્યું છે; દરેક બાલમંદિરના કાર્યકર્તાઓએ તો અમને પોતાનાં ભાઈબહેન જેવાં સ્વજન સમજી લીધાં હતાં આ સૌનો અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

નર્મદાબેન રાવળ
પ્રેમશંકર ભટ્ટ
રામનારાયણ ના૦ પાઠક

ભાવનગર:
૨૦-૯-'૪૭

બાલમંદિરના શિક્ષકબહેનો જોગ

ડૉ૦ મૉન્ટેસોરી, સદ્‌ગત્ ગિજુભાઈ તથા શ્રી૦ તારાબેન મોડક પાસે બાલશિક્ષણની તાલીમ પામી ગુજરાત અને બૃહદ્ ગુજરાતમાં બાલમંદિરો ચલાવી રહેલા ભાઈબહેનો બાલશિક્ષણના અભ્યાસ અને અનુભવમાં આગળ વધી રહ્યા હશે. આવા ભાઈબહેનો પોતાના રોજિન્દા પ્રશ્નો, મુશ્કેલીઓ, મૂંઝવણો અને બાળકો સાથેના પ્રસંગો લેખરૂપે અવારનવાર "શિક્ષણપત્રિકા"માં મોકલતા રહેવાથી એકબીજાના જ્ઞાન અને અનુભવમાં ઉમેરો થશે અને પત્રિકામાં વિવિધતા આવશે. આને માટે દર મહિને પત્રિકામાં ખાસ એક પાનું રાખવામાં આવશે. આશા છે કે શિક્ષક ભાઈબહેનો તેનો સંપૂર્ણ લાભ ઉઠાવશે.

પત્રિકાનાં લવાજમ બાબત

આજના અસહ્ય મોંઘવારીના સમયમાં ગયે વર્ષે 'શિક્ષણપત્રિકા'ના કદમાં વધારો કર્યો હતો; અને પૂંઠું તથા ચિત્રો આપવાનું અમે શરૂ કરેલું. લવાજમમાં ફકત એક રૂપિયાનો વધારો આ વર્ષે પ્રયોગ દાખલ કરેલો, પણ અનુભવે અમને લાગ્યું કે, આથી પત્રિકાને ભારે ખોટ સહન કરવી પડે છે. છતાં અમે ગ્રાહકો ઉપર લવાજમનો ભાર વધારવા ઇચ્છતા નહોતા. પરંતુ ચાલુ માસથી, છપાઈના દર લગભગ બમણા થયા હોવાથી, હવે ન છૂટકે, લવાજમ વધારવું પડશે એમ અમને લાગે છે. ડિસેમ્બર આખર સુધી તો ચાલુ દરે જ પત્રિકા મળ્યા કરશે. બનતા સુધી આવતા જાન્યુઆરી ૧૯૪૮થી પત્રિકાનું લવાજમ રૂ. ત્રણને બદલે રૂ. ચાર કરવાની ફરજ પડશે. આશા છે કે, વાચકવર્ગ આજની અસહ્ય મોંઘવારીના કારણે છાપકામ વગેરેના વધેલા અસાધારણ ભાવો જોતાં અમારી મુશ્કેલી સમજી શકશે.

જાહેરખબર સંબંધે

દેશહિત તથા સંઘના સિદ્ધાંતોને બાધક ન હોય તેવી જાહેરખબરો પત્રિકામાં લેવાનું ચાલુ સાલથી નક્કી કર્યું છે. શિક્ષણસાહિત્યનાં પુસ્તકો, શિક્ષણસાધનો, બાળકોનાં દેશી રમકડાં, ઘરવપરાશની દેશી બનાવટની ચીજો વગેરેની જાહેરાત લેવાનું ઠરાવવામાં આવ્યું છે. આશા છે કે, પત્રિકાને પગભર કરવા આ જાતની જાહેરાતો મોકલવા અને મેળવી આપવામાં બાલશિક્ષણપ્રેમીઓ અમને મદદ કરશે. પત્રવ્યવહારનું સરનામું :

બાબુભાઈ મૂળજી, વ્ય૦ 'શિક્ષણપત્રિકા'
શાન્તારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઈ.

પત્રિકાના વાચકોને

"શિક્ષણપત્રિકા" નિયમિત રીતે વાંચનાર વાચકવર્ગને પત્રિકાનું વસ્તુ, રૂપરંગ, ભાષા વગેરે બાબત જે કંઈ સૂચન કરવાનાં હોય તે અમને અવારનવાર કરતા રહેશે તો પત્રિકાને સર્વાંગસંપૂર્ણ કરવામાં માર્ગદર્શક થઈ પડશે.

સંપાદકીય નોંધ

નિરાશ્રિતોનાં બાળકો

આજે આપણા દેશની સમક્ષ સૌથી મોટો પ્રશ્ન નિરાશ્રિતોને સહાય કરવાનો છે. એ કામમાં રાષ્ટ્રના શ્રેષ્ઠ પુરુષોનું લક્ષ આજે કેંદ્રિત થયેલું છે. હિંદના જુદા જુદા ભાગોમાં અનેક છાવણીઓ ખોલવામાં આવી છે અને હજી ખોલાઇ રહી છે. તેમની પ્રાથમિક જરૂરિયાત તરીકે અન્નવસ્ત્રની સુવિધા તાત્કાલિક અપાઇ રહી છે. સરકાર અને પ્રજાકીય આગેવાનો એને માટે પોતાથી બનતું કરી રહ્યા છે. પરંતુ એ લાખો હિજરતીઓના બાળકોનો પ્રશ્ન શિક્ષકસમાજે ઉકેલવો ઘટે છે. જે બાળકો થોડા મહિના પહેલાં, થોડા દિવસો પહેલાં પોતાના પ્યારા વતનમાં, પોતાનાં વહાલાં સ્વજનની ગોદમાં, પોતાના સહાધ્યાયી ભાઇબંધોની જોડે લહેરથી ખેલતાં–કૂદતાં હતાં, તે, આજે વતનથી સેંકડો માઇલ દૂર, સ્વજનવિહોણાં, દોસ્તમિત્રવિહોણાં, એક અપરિચિત અને મર્યાદિત સ્થળે, આમ, એકાએક આવી પડ્યાં છે. તેમની મનોદશાનો વિચાર કરતાં હરકોઇ સહૃદયી માણસનું હૈયું કંપી ઊઠે તેમ છે.

એ બાળકોને સહાય કરવાની સૌથી વિશેષ જવાબદારી શિક્ષકોની અને સુશિક્ષિત માબાપોની છે. એ બાળકોને માટે છાવણીની સાથે જ એક નાનકડી બાલવાડી કરીને ત્યાં એમને નવડાવવાં, ધોવડાવવાં, રમાડવાં, ગીત વાર્તાઓ કહેવાં, શકય હોય ત્યાં થોડું અક્ષરજ્ઞાન, વાચન વગેરે રાખવું જોઇએ. મોટેરાનો દિવસ મોટી મોટી વાતોમાં ચાલ્યો જાય છે, પણ બાળકોના દિવસ આવા સમયમાં, આવી પરિસ્થિતિમાં, ફોગટ કરતાં જતા નથી. એમને માટે કાંઇ પણ યોજના થવી જ જોઇએ. એને માટે સ્વેચ્છાએ કલાક–બે કલાક શિક્ષકોએ અને સુશિક્ષિત સહૃદયી પડોશીઓએ આપવા ઘટે છે. આમ થવાથી હતાશ જેવા થયેલાં માબાપોને પણ ઉત્સાહ ચેદા થશે અને નવા લાગતા પ્રદેશમાં નવું જીવન શરૂ કરવામાં તેમને પ્રેરણા મળશે.

એક વાર નિરાશ્રિતોનાં બાળકો તરફ દૃષ્ટિ રાખીને કામ શરૂ થશે એટલે તેને માટે આપણને અનેક માર્ગ સૂઝી રહેશે.

બાલવાડી : હજિરા

હજિરા એ સુરતથી વીસ માઇલ દૂર તાપી નદીના મુખ પાસે આવેલું નાનુ ગામડું છે. ત્યાંની વસતિ ૧૩૦૦ માણસની છે. મુખ્યત્વે માછી અને કોળી પટેલોની છે. ખેતી અને વહાણવટું એ તેમના મુખ્ય ધંધા છે. ઘણાખરા જુવાનો દરિયો ખેડનારા છે.

૧૯૪૨ના સ્વાતંત્ર્યસંગ્રામે હજિરાના કેટલાક યુવાનોને રાષ્ટ્રભક્તિનો નવો રંગ ચડાવ્યો અને તેમાં રંગાયેલા જુવાનોએ લડતનાં વળતાં પૂર થતાં રચનાત્મક કાર્યો તરફ ધ્યાન આપ્યું. ત્યાંના બે યુવાનો શ્રી૦ શાંતિભાઇ તથા શ્રી૦ ગોવિંદભાઇ શિશુવિહાર દાદરના અધ્યાપનમંદિરમાં શ્રી૦ તારાબેન મોડક પાસે એક વર્ષ રહી બાલશિક્ષણની તાલીમ લઇ ગયા. શ્રી૦ બાબૂભાઇ તથા અન્ય સ્થાનિક યુવાનોના સહકારથી તેમણે એક ઝૂંપડી હાથોહાથ ઊભી કરી અને તેમાં તા૦ ૧૦–૬–૪૫ના રોજ શ્રી. જુગતરામભાઇ દવેના શુભ હસ્તે બાલવાડી શરૂ કરી.

આ બાલવાડીને બે વર્ષ પૂરાં થયાં, તેનો અહેવાલ અમને મળ્યો છે. એકસો પચ્ચીસ જેટલાં બાળકો એનો લાભ લે છે. બાલવાડી દ્વારા અનેક યુવાનો અને કિશોરોને જીવનવિકાસની ઉપયુકત પ્રવૃત્તિ મળી રહે છે. સ્વચ્છતા, ઉદ્યોગ, સંગીત, ચિત્રકળા વગેરે વસ્તુઓ બાળકો અને કિશોરોમાં સિંચાઇ રહી છે.

બોરડીના ગ્રામબાલ–અધ્યાપનમંદિર સાથે હજિરાને પ્રવાસે ગયેલાં ત્યારે ગામલોકોની સભા આગળ શ્રી૦ તારાબેન મોડકે પોતાના વિદ્યાર્થીઓના આ કાર્યને આશીર્વાદ આપતાં ઉચ્ચારેલા શબ્દો એ બાલવાડીનો પરિચય આપવા માટે પૂરતા છે:

"આ રીતે, ગામડે ગામડે, બાલવાડીઓ ઊભી કરવા યુવકો અને યુવતીઓ તૈયાર થશે, ત્યારે આપણા આ વિશાળ દેશના બાલશિક્ષણનો મહાન પ્રશ્ન ઉકેલાશે. પોતાના જ ગામમાં, નામનું વેતન લઇને; ભાવનાપૂર્વક લોકોનો પ્રેમ સંપાદન કરીને આ ત્રણ નવજુવાનોએ જે દાખલો બેસાડ્યો છે તેમને હું અભિનંદન આપું છું અને તેમનું અનુકરણ કરવાનો બીજાઓને અનુરોધ કરું છું; એટલું જ

(અનુસંધાન પૂંઠાને ત્રીજે પાને)

'શિક્ષણપત્રિકા'નો

બાલવિભાગ

વર્ષ પહેલું : અંક દસમો : ઓકટોબર, ૧૯૪૭

આટલું બધું ? કોણ પીંજશે??

અરે બાપા! આટલું બધું ? કોણ પીંજશે?

એક દિવસ સવારે એક પીંજરો કયાંક જતો હતો. રસ્તામાં રૂથી ભરેલી કેટલીક ગાડીઓ મળી. પીંજરો આટલું બધું રૂ જોઇ ગભરાઇ ગયો. 'હાય, આટલું બધું રૂ હું કેમ કરીને પીંજીશ? આટલું રૂ તો કેટલાંય વરસ લાગે તો યે ન પીંજાય.' આમ વિચાર કરતો કરતો પીંજરો પોતાને ઘેર આવ્યો. તેને આખી રાત ઊંઘ ન આવી. ચિંતામાં ને ચિંતામાં એને આખી રાત બરબર સ્વપ્નાં આવ્યાં. સવાર થતાં તો તે ગાંડો થઇ ગયો. જેમતેમ બકવા લાગ્યો. ઘરનાં માણસો ગભરાઇ ગયાં. પાડોશીનાં નાનાંમોટાં બધાં એની ચાકરી ને દવાદારૂ કરવા લાગ્યાં.

આમ તેના હાલહવાલ બહુ બરાબ થઇ ગયા. ઘરનાં માણસોને બહુ ચિંતા થવા લાગી. એક પ્રખ્યાત વૈદને બોલાવવામાં આવ્યો. વૈદે માંદગીની બધી બબર લીધી. વૈદ હતા હોશિયાર એટલે માંદગી જાણી લીધી. બધાંને શાંતિ આપીને કહ્યું: "હમણાં હું એને સાજો કરી દઇશ."



વૈદે માંદા પીંજરાના કાનમાં કહ્યું કે, "પેલા રૂની બધી ગાડીઓ બળી ગઇ છે, માટે તમે ચિંતા કરશો નહિ. તમારે હવે જરા યે પીંજવું નહિ પડે."

આ સાંભળતાં તો પીંજરાના જીવમાં જીવ આવ્યો ને થોડા દહાડામાં સારો થઇ ગયો.

મોંઘીબેન



વર્ષા આવી

વર્ષા આવી વર્ષા આવી !
કહેા ભાઇ ઇ શું શું લાવી ?
વાદળીઓની ઘટા લાવી
મેઘના ગગડાટ લાવી
વીજળીના ચમકારા લાવી
ઝરમર ઝરમર મેહૂલા લાવી !
વર્ષા આવી વર્ષા આવી
કહેા ભાઇ ઇ શું શું લાવી ?

મખમલિયા મેદાન લાવી
જાતજાતની વેલેા લાવી
જાતજાતના છેાડેા લાવી
ભાતભાતનાં ફૂલેા લાવી
રંગબેરંગી રંગેા લાવી !
વર્ષા આવી વર્ષા આવી
કહેા ભાઇ ઇ શું શું લાવી ?

ફૂલ–પાંદડિયે રંગેા ભરિયા
બાળક સૈા જોવા નીસરિયા
હૈયામાં કંઇ હરખ ન માય
ફૂલડાં જોઇ જોઇને મલકાય !
વર્ષા આવી વર્ષા આવી
કહેા ભાઇ ઇ શું શું લાવી ?

કેાઇક લીલા કેાઇક પીળા
કેાઇક કાળા કેાઇક ધેાળા
કેાઇક જાંબલી કેાઇક લાલ
કેાઇક નારંગી કેાઇક બદામ !
વર્ષા આવી વર્ષા આવી
કહેા ભાઇ ઇ શું શું લાવી ?

કેાઇ ગુલાબી કેાઇ વાદળી
કેાઇ સેાનેરી કેાઇ રૂપેરી
ફૂલે ફૂલે સુંદર રંગ
કેવા સુંદર શેાભે રંગ !
વર્ષા આવી વર્ષા આવી
કહેા ભાઇ ઇ શું શું લાવી ?

લીલાં લીલાં ઘાસ લાવી
લીલા લીલા ચાસ લાવી
ટીડાંઓનેા નહિ કાંઇ પાર
પતંગિયા પણ અપરંપાર !
વર્ષા આવી વર્ષા આવી
કહેા ભાઇ ઇ શું શું લાવી ?

મેાંઘીબેન



પટેલ અને ચોર

એક હતો પટેલ.

એને એક દીકરો હતો ને દીકરાની વહુ હતી. વહુ બહુ ડાહી અને શાણી હતી. સારા ભાવતરની છોરુ હતી. ધર્મધ્યાનમાં એનું મન વધારે હતું.

પણ સાસરામાં આખી ખેડ એટલે કોઇ ધર્મ-ધ્યાનમાં કાંઈ જાણે નહિ. પટેલ ઘરડા થયેલા પણ પ્રભુનું નામ લેવામાં સમજતા નહિ.

એક વાર વહુ કૂવે પાણી ભરવા ગઇ. કૂવે એણે પોતાના પિયરના ગામના બ્રાહ્મણને જોયો. તેણે કહ્યું:

"ઓહો, મહારાજ! તમે અહીં કયાંથી?"

બ્રાહ્મણ કહે: "જુઓને બહેન, હવે તો ચોમાસું બેસશે એટલે ગામડાંમાં ફરવા જઉં છું. કોઇ કથા કરાવે તો વળી પાંચ પૈસા મળે."

બાઇ કહે: "ત્યારે તો મહારાજ, અહીં જ કથા વાંચો ને! કૂલ નહિ ને કૂલની પાંખડી જે મળશે તે હું તમને આપીશ. તમારે ચોરે કથા વાંચવી."

"ભલે બા." એમ કહી બ્રાહ્મણ ગામમાં ગયો ને બાઇએ ઘેર આવી સસરાને કહ્યું: "દાદાજી, ગામમાં એક બ્રાહ્મણ આવ્યો છે, તે રોજ ચોરે કથા વાંચશે. તમે રોજ સાંભળવા જજો."

પટેલ કહે: "વહુ બેટા, હું તો કથામાં કાંઇ સમજું નહિ, પણ તમે કહો છો તો જઇશ."

પટેલ રોજ કથા સાંભળવા જાય. વહુ રોજ રાતે પૂછે: "દાદાજી, આજ શું સાંભળ્યું?"

પટેલ કહે: "દીકરા, મને કાંઇ સાંભરતું નથી."

વહુ કહે: "દાદાજી, વધારે નહિ પણ તમારે એક વેણ હમેશાં યાદ રાખવું."

બીજે દિ' પટેલ કથામાં ગયા. પોતે રહ્યા પટેલ એટલે બધાં માનપાન આપે ને પટેલ આવે ત્યારે કહે: "આવો આવો", "બેસો બેસો". પટેલ ઊઠે ત્યારે વળી બધાં કહે: "ઊઠશો, ઊઠશો?" "આવજો, આવજો!"

પટેલે આજે આ બધું યાદ રાખી લીધું.

પટેલ ઘેર આવ્યા. રાતે વહુએ પૂછ્યું: "કાં દાદાજી, આજે શું સાંભળ્યું? કાંઇ યાદ રહ્યું કે?"

પટેલ કહે: "હા, બેટા; આજ ઘણું યાદ રાખ્યું છે. ને તમને કહેવા માટે કથામાંથી આખ્યો છું ત્યારનો ગોખ્યા જ કરું છું."

"એટલું બધું શું યાદ રાખ્યું, દાદાજી?"

પટેલ કહે: "આવો, આવો," "બેસો બેસો" "ઊઠશો? ઊઠશો?" "આવજો, આવજો!"

વહુ સમજી ગઇ કે દાદાજીએ કથામાંથી કાંઇ યાદ રાખ્યું નથી.

વહુ એને કામે લાગી. દાદાજી તો એકતાર થઇ ગોખ્યા જ કરે છે: 'આવો, આવો' 'બેસો, બેસો' 'ઊઠશો? ઊઠશો?' 'આવજો, આવજો!'

મધરાતે પટેલને ઘેર ચોર ખાતર પાડવા આવ્યા. પાછલી પછીતે ખાતર પાડયું. ત્યાં તો પટેલ બોલ્યા: 'આવો, આવો!'

ચોર તો ગભરાયા. કહે: "માળું, પટેલ તો હજી જાગતા લાગે છે." ત્યાં તો પટેલ બોલ્યા: 'બેસો, બેસો' એટલે ચોરે જાણ્યું કે પટેલ આપણને જ કહે છે: "એલા ભાગો, નહિતર પકડાઇ જઇશું."

ચોર તો જાય નાઠા. પટેલ કહે: 'ઊઠશો? ઊઠશો? 'આવજો આવજો.'

મોટે મળસ્કે વહુ દળવા ઊઠી. પટેલના ઓરડા પાસેથી નીકળી, જુએ તો દાદાજી તો કથામાંથી સાંભળેલું ગોખવામાં એકતાર થઇ ગયા છે. પછીતે ખાતર પાડેલું દીઠું પણ કાંઇ ચોરાયું લાગતું નથી.

વહુ કહે: "દાદાજી, ચોર આવ્યા'તા? પછીતે ખાતર કોણે પાડયું? આ તમે "આવો આવો" "બેસો બેસો" એમ બોલો છો એટલે નાસી ગયા લાગે છે."

દાદાજી કહે: "મને તો ખબરેય નથી. મેં તો કોઇને 'આવો, આવો' કહ્યું નથી. હું તો મારે કથામાંથી સાંભળેલું ગોખ્યા કરું છું."

ત્યારથી પટેલ ધ્યાન દઇને કથા સાંભળવા લાગ્યા.

મોંઘીબેન

બે જોડકણાં

સાંજ પડી ને મંદિર ગયાં.
મંદિર ગયાં ને દર્શન કર્યાં.
દર્શન કર્યાં ને ઘંટ વગાડયો.
ઘંટ વગાડયો ને પ્રદક્ષિણા ફર્યા.
પ્રદક્ષિણા ફર્યા ને ઓટલે બેઠાં.
ઓટલે બેઠાં ને મુખથી ઉચ્ચર્યા:
પગ વાળીએ.
પાપ ટાળીએ.
મુખ ન્યાળીએ.
જાતાની જાત્રા ને વળતાનો વિસામો.
હૈડે શ્વાસ ને વૈકુંઠે વાસ.
બેઠાં ઓટલે ને જવાં કાશીએ.

મોંઘીબેન

પાંચ વરસની ગાવડી
રાત્રે પાડી પાવલી
લીંબડે પાકી લીંબોળી
કીકીબહેનને ખૂબ ગમી,
ગમતી તેથી ખાધી ખૂબ
ખૂબ ખાઇને પાડે બૂમ
એ બૂમોથી પક્ષી લડે,
લડતાં લડતાં પીંછાં ખરે.
એક પીંછી લીધી
એની કલગી કીધી
કલગી દેખી આવ્યો મોર
ગાતો ને કરતો કલશોર!

ચંદુલાલ પાઠક

સંઘ સમાચાર

નિરીક્ષણ : ચાલુ સાલે મુંબઇના બાલમંદિરનું નિરીક્ષણ શ્રી સરલા તાઇ દેવધરે કર્યું હતું. તેઓએ મુંબઇ તથા પરાઓનાં આઠેક બાલમંદિરો જોયાં હતાઃ શ્રી૦ સ૦ આ૦ ફેલકરે શ્રી૦ કમળાશંકર પંડિતની સાથે મધ્ય ગુજરાતના ૨૫ જેટલાં બાલમંદિરોનું નિરીક્ષણ કર્યું હતું.

શ્રી૦ નર્મદાબેન રાવળ, શ્રી૦ પ્રેમશંકર ભટ્ટ તથા શ્રી૦ રામભાઇ પ ઠકે કાઠિયાવાડમાં ૨૨ જેટલાં બાલમંદિરોનું નિરીક્ષણ કર્યું હતું.

નિરીક્ષકોએ બાલમંદિરના શિક્ષકો, માબાપો, સ્થાનિક આગેવાન તથા અધિકારીઓની મુલાકાત લઇ બાલશિક્ષણને વેગ આપવા પ્રયત્ન કર્યો હતો.

વ્ય૦ મંડળની બેઠક

તા૦ ૨૫-૯-૪૭ ને ગુરુવારના રોજ મુંબઇ મુકામે સંઘના વ્ય૦ મંડળની બેઠક શ્રી૦ સરલાબેન સારાભાઇના પ્રમુખપણા હેઠળ એકઠી મળી હતી; તેમાં હિન્દી વિભાગને વિકસાવવાના હેતુથી આવતા જાન્યુઆરી ૧૯૪૮થી હિન્દી "શિક્ષણપત્રિકા" હિન્દી વિભાગના ભાષામંત્રી શ્રી૦ કાશીનાથજી ત્રિવેદીના સંપાદન અને સંચાલન હેરતક મૂકવાનું ઠરાવવામાં આવ્યું હતું.

શ્રી૦ રામભાઇ પાઠક તેમના મોટા ભાઇના દુઃખદ અવસાનના કારણે છાયા હરિજન આશ્રમ સંભાળવા જતા હોઇ તેમની જગાએ સંઘની કચ્છ શાખાના મંત્રી શ્રી૦ દેવરાભાઇ વરુને નૂતન બાલશિક્ષણ સંઘના વ્યવસ્થાપક તથા "શિક્ષણપત્રિકા"ના સહસંપાદક તરીકે નીમવામાં આવ્યા હતા. નૂ૦ બા૦ શિ૦ સંઘના નિરીક્ષણમંડળમાં શ્રી૦ નર્મદાબેન રાવળને લેવામાં આવ્યા હતા.

સંપાદકીય નોંધ : : પૃષ્ઠ ૧૩૬થી ચાલુ

નહિ પણ આવા જુવાનો જે ભાવનાથી કામ કરતા હોય તે ભાવના ટકાવી રાખવા બાળકોનાં માબાપોએ તેમજ ગામના અને નજીકના શહેરના શ્રીમંતોએ તેમને સહાય કરવી જોઇએ."

નૂતન કેળવણી મંડળ : કચ્છ

પરદેશ ખેડીને સ્વપુરુષાર્થથી વસાહતો જમાવનાર તરીકે કચ્છી લોકો મશહૂર છે. તેઓ ધન પેદા કરી જાણે છે તેમ ખર્ચી પણ જાણે છે. કચ્છના કોડ્યા ક્ષત્રિય ભાઇઓ કોન્ટ્રાકટર તરીકે અને વ્યાપારી તરીકે-પરદેશમાં સારી નામના અને ધન કમાય છે. એમાંના કેટલાક સરકારી ભાઇઓએ પોતાની કોમ અને પછાત ગણાતી પોતાની જન્મભૂમિ માટે કચ્છ નૂતન કેળવણી મંડળ નામની સંસ્થા છ વરસ પહેલાં સ્થાપી હતી. આજે એનો છઠ્ઠો વાર્ષિક અહેવાલ અમને મળ્યો છે.

આ સંસ્થા મારફત અત્યારે પાંચ કન્યાશાળા, બે પ્રાથમિક શાળા અને બે બાલવાડીઓ ચાલી રહી છે. તેમાં આશરે સાડા ત્રણસો બાળકો શિક્ષણ લઇ રહ્યાં છે. તેની પાછળ સંસ્થા લગભગ બાવીસ હજાર કોરી દર વરસે ખર્ચે છે.

વહાલા વતન અને સ્વજનોથી વિખૂટાં પડીને પરદેશમાં ધન કમાનાર ગૃહસ્થો, જેના હાથમાં એ ધન મૂકવાનું છે એ પોતાનાં બાળકોના શિક્ષણની ચિંતા કરે એ આવશ્યક છે; એટલું જ નહિ પણ પછાત ગણાતા કચ્છના ભાવિ પ્રજાજનોને પાયાની કેળવણી આપવા પાછળ ધન ખર્ચે અને કેટલાક સંસ્કારી ભાઇઓ તન મનથી મંડ્યા રહે એ ખરેખર અભિનંદનીય છે. આમ થશે ત્યારે જ આપણો આ વિશાળ મુલક જગતમાં સન્માન પામશે અને ફરી પાછો સુખી અને સમૃદ્ધ બનશે.

નૂતન કેળવણી મંડળ પોતાની બાલવાડીઓ માટે તાલીમ લેવા નૂતન બાલશિક્ષણ સંઘના ગ્રામબાલશિક્ષણ કેન્દ્રમાં બહેનોને મોકલે છે. નાગલપુર બાલવાડીનું ઉદ્‌ઘાટન આપણા સંઘનાં મુખ્ય મંત્રી શ્રી૦ તારાબેનને હાથે કરાવેલું અને તેના નિરીક્ષણ માટે સંઘને જ તેમણે આમંત્રણ આપેલ છે. આ રીતે એ સંસ્થા નૂતન બાલશિક્ષણ સંઘ સાથે ઓતપ્રોત બની ગઇ છે.

સં૦

નૂતન બાલશિક્ષણ સંમેલન : સુરત

નૂતન બાલશિક્ષણ સંઘની દક્ષિણ ગુજરાત શાખા તરફથી તા૦ ૧૯ ઑક્ટોબર ૧૯૪૭ ને રવિવારના રોજ સુરત મધ્યે નૂતન બાલશિક્ષણ સંમેલન યોજવામાં આવ્યું છે.

આ પ્રસંગે બાલશિક્ષણ અને બાળકોના હાથઉદ્યોગનું એક શિક્ષણપ્રદર્શન યોજવામાં આવનાર છે. આ પ્રદર્શનમાં નમૂનાઓ મોકલવા વિનતિ કરવામાં આવે છે.

સંઘના કાર્યકર્તાઓ તથા બાલશિક્ષણમાં કામ કરતા ભાઇબહેનો આ સંમેલનમાં હાજરી આપશે. દ૦ ગુજરાત શાખાની સંસ્થાઓને પોતા તરફથી પ્રતિનિધિ મોકલવા વિનતિ છે.

સંમેલન સંબંધે પત્રવ્યવહાર શાખામંત્રી શ્રી૦ કુસુમબેન શાહ, 'જીવનભારતી', દેસાઇ પોળ, સુરત એ સરનામે કરવો.

Regd. No. B. 2241

ગ્રામ બાલ અધ્યાપન મંદિર : ઓરડી

નૂતન બાલશિક્ષણ સંઘ તરફથી ઓરડી ખાતે છેલ્લાં બે વરસથી ગ્રામબાલ શિક્ષકકેન્દ્ર દ્વારા અધ્યાપન-મંદિર ચાલી રહ્યું છે. તેનો પ્રથમ વર્ગ ૧૯૪૬ના માર્ચથી જૂન સુધી ચાલ્યો હતો. તેમાં હિન્દભરનાં ૩૫ ભાઈબહેનો તાલીમ લઈ ગયાં હતાં. બીજો વર્ગ ૧૯૪૬ના ઑકટોબરથી ૧૯૪૭ના મે સુધી આઠ માસનો ચાલ્યો હતો, જેમાં ૩૫ જેટલાં ભાઈબહેનો જુદા જુદા પ્રાન્તમાંથી આવી તાલીમ લઈ ગયાં હતાં. ત્રીજો તા૦ ૨૧-૯-'૪૭ના રોજથી આઠ માસ માટે શરૂ થયો છે, જેમાં પ્રથમ વર્ગોની માફક કસ્તૂરબા સ્મારકનિધિ તરફથી જુદા જુદા પ્રાન્તોમાંથી બહેનો આવેલી છે. ઉપરાંત, જુદી જુદી સંસ્થાઓ તરફથી તથા સ્વતંત્ર રીતે મળીને પાંત્રીસ જેટલાં ભાઈબહેનો વર્ગમાં અભ્યાસઅર્થે આવેલાં છે. આ વર્ષે ઓરીસા, બંગાલ વગેરે દૂરના પ્રાંતોમાંથી પ્રથમ વાર જ બહેનો આવી છે.

વર્ગના ઉદ્ઘાટન માટે એક નાનકડો સમારંભ યોજવામાં આવ્યો હતો. શાન્ત, સુગંધિત વાતાવરણ વચ્ચે પ્રાર્થના થયા બાદ શ્રી૦ તારાબેન મોડકે વર્ગનો હેતુ સમજાવતાં નીચે પ્રમાણે સુંદર માંગલિક પ્રવચન કર્યું હતું:

"આપણે જે અહીં અધ્યાપનમંદિરનો ક્રમ ચાલે છે તે નિસર્ગ જેવો છે. ચોમાસાના ચાર માસ લોકો પોતપોતાને ઘેર રહેતાં ને ખેતીવાડીનું કામ કરતાં અને દશેરાએ નવા ઉદ્યમ માટે બહાર પડતા. તે જ રીતે આપણે ત્યાં બને છે. ચોમાસામાં થોડી વિશ્રાંતિ ને થોડાં કામો થાય છે. ને આ સમયમાં આપણો નવો વર્ગ શરૂ થાય છે. વૃક્ષને જેમ દર વર્ષે નવાં પાન આવે, ફૂલ આવે, તેમ આપણે ત્યાં પણ નવા વર્ગમાં નવા વિદ્યાર્થીઓ આવે છે. પહેલાં વિદ્યાર્થીઓ અહીંથી બાલશિક્ષણના વૃક્ષનું બીજ લઈને જાય છે અને પોતપોતાના પ્રાન્તમાં બાલવાડીઓ ઊભી કરી વૃક્ષનું જીવનકાર્ય આગળ વધારે છે. તમે પણ બાલાશક્ષણનું બીજ લેવા આવ્યા છો. આઠ માસ પછી તમે એ બીજને તમારે ગામ લઈ જશો અને ત્યાં એને રોપી વિસ્તાર વધારશો. નવા વર્ષે પાછો નવો ફાલ આવશે. આ રીતે નિસર્ગના ક્રમ પ્રમાણે સંસ્થાનો ક્રમ ચાલ્યા કરે છે. તે મનમાં લાવતાં આનંદ ને ઉત્સાહ વધે છે.

"તમે સૌ અહીં આ બાલશિક્ષણનો અભ્યાસ કરવા આવ્યા છો; તેમાં યે નૂતન બાલશિક્ષણ એથી પાંચ વર્ષનાં બાળકોનું શિક્ષણ એ નવી વાત છે. માત્ર આપણા માટે નહિ પણ ઘણા સુશિક્ષિત લોકો માટે પણ નવી વાત છે. આની શી જરૂર છે એમ વારંવાર પૂછવામાં આવે છે. તમે જે અહીં શીખશો તેમાં અડગ શ્રદ્ધા મેળવવાની વાત સૌથી મહત્ત્વની છે. અહીં જે જે ભણશો, તાત્ત્વિક ચર્ચા સાંભળશો, શિક્ષણપદ્ધતિનું વિવેચન સાંભળશો—એ બધામાંથી તમારે શ્રદ્ધા પ્રાપ્ત કરી લેવાની છે. નવાં તત્ત્વો, નવા સિદ્ધાંતો, નવી પદ્ધતિ એ કાંઈ એકાએક કોઈ સ્વીકારતું નથી. હમેશ શંકાઓ ઉત્પન્ન કરવામાં આવશે; વિરોધ કરવામાં આવશે; હાંસી પણ કરવામાં આવશે. આ બધાંની સામે તમારો વિશ્વાસ અડગ રહે તે જરૂરનું છે. તમારે તે પ્રકારનો વિશ્વાસ મેળવવાનો છે, જે પૂ૦ ગાંધીજીને તેમની ખાદી ઉપર છે. ઘણાંઓ ખાદી વાપરે છે. પણ મનનાં ઊંડાણમાં એ તત્ત્વ માન્ય થાય ને અફર વિશ્વાસ આવે એવું તો થોડાંઓમાં જ ઉત્પન્ન થાય છે. ગેલેલિયો નામનો સંશોધક હતો, તેણે પોતાના વિચારથી ને ગણિતથી શોધ્યું ને તેની ખાતરી થઈ કે, સૂરજ ફરતો નથી પણ પૃથ્વી જ સૂરજની ફરતી ફરે છે. મૃત્યુની બીક પણ તેની આ શ્રદ્ધા ચલિત કરી શકી નહિ.

"આવો અડગ વિશ્વાસ શામાંથી પેદા થાય છે? આ પ્રત્યક્ષ દર્શન સાક્ષાત્કારમાંથી જન્મે છે નૂતન બાલ-શિક્ષણ પરત્વે આ પ્રકારની શ્રદ્ધા તમે પ્રત્યક્ષ દર્શનમાંથી મેળવજો. તમારી આંખે જુઓ તમારે કાને સાંભળો. આ જીવતાં બાળકો એટલે જીવતાં પુસ્તકો છે. તેમને વાંચો—અમે કહીએ છીએ માટે નહિ, ચોપડીમાં છાપ્યું છે માટે નહિ, પણ તમને જે સત્ય તમારી આંખે દેખાશે તે પ્રત્યે જ તમારી શ્રદ્ધા અચલ રહેશે.

"આજના નવા સમાજઘડતરમાં બાલશિક્ષણનું સ્થાન શું છે તે પણ વિચારીએ. પંદરમી ઑગસ્ટે આપણો દેશ સ્વતંત્ર થયો. ઘણા આત્મભોગ અને કુરબાની પછી આપણને સ્વતંત્રતા મળી તેથી દેશમાં સર્વત્ર આનંદ ફેલાયો. પરંતુ સમાજની નવરચનાનું કામ તો હવે જ શરૂ થાય છે. આજે હિન્દુમુસ્લિમ એકતા, અસ્પૃશ્યતાનિવારણ અને અન્નસંકટનિવારણ વગેરે રચનાત્મક કાર્યોમાં દેશ રોકાયેલો છે. આપણું કામ પાયાની કેળવણીનું છે. ઉપરના રચનાત્મક કામથી આપણું આ કામ જરા જુદું પડે છે તેથી તેનાં પરિણામો જરા મોડાં દેખાશે. છતાં એ જ ખરું કામ છે. શરૂઆતથી જ શરૂઆત કરવી જોઈએ. નવો માનવસમાજ રચવા બેથી પાંચ વર્ષનો કાળ એ અતિ મહત્ત્વની વસ્તુ છે. ખેડૂત જેમ રોપણીનો સમય જોઈને એ જ વખતે રોપણી કરે છે, તેમ મનુષ્યજીવનમાં બેથી પાંચ વર્ષનો કાળ એ જ સંસ્કારરોપણીનું ખરું કામ છે. ખેડૂત જેમ રોપણીસમય સાચવી લે છે, તેમ આપણે પણ માનવ-જીવનની રોપણીનો સમય સાચવી લેવો જોઈએ. મનુષ્યના સંસ્કારગ્રહણ માટેના યોગ્યમાં યોગ્ય સમયે વખતસર બીજ રોપી દઈએ, એ જ આપણું ખરું કામ છે. માનવ-સમાજના ઘડતરમાં એ જ આપણો ખરો ફાળો છે.


"આજે હું તમને આવકારું છું. આ મહાન કાર્યમાં શ્રદ્ધાપૂર્વક આગળ વધવાનું પરમાત્મા તમને બળ આપે!"

મુદ્રક-પ્રકાશક: ગો. રા. કુલકર્ણી, ૧૧૭, હિંદુ કોલોની, દાદર. મુંબઈ ૧૪: મુદ્રણસ્થાન: સ્ટેટસ પીપલ પ્રેસ, ૧૩૮, મેડોઝ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ

નૂતન બાલશિક્ષણ સંઘ પ્રકાશિત

શિક્ષણપત્રિકા

વર્ષ ૬૯ : અંક ૧૧ : નવેમ્બર, ૧૯૭૭



આજીવન્ શ્રી : રવજી ગિજુભાઈ બધેકા :: સંપાદક : તારાબેન બોડક

શિક્ષણપત્રિકા

વર્ષ : ૨૨ નવેમ્બર ૧૯૪૭ અંક : ૧૧

અનુક્રમણિકા

શિક્ષણના વિષયો	... ...	તારાબેન ૧૩૭
ભણવાનો અતિરેક	... ...	પૂનમચંદ શાહ ૧૩૯
નિર્દોષ અને નિરાધાર	... ...	પ્રેમશંકર ભટ્ટ ૧૪૦
બાળઉછેર	... ...	નર્મદાબહેન રાવળ ૧૪૧
મારે કેમ ચૂપ જ રહેવાનું ?	...	જસુમતીબેન જ. મહેતા ૧૪૨
સ્વરાજ્યરક્ષા	... ...	રામનારાયણ ના. પાઠક ૧૪૨
શ્રીમંત કોણ ?	.. ...	તારાબેન ૧૪૩
અમારાં બાળકો સ્વચ્છ થયાં	...	ઇંદુમતીબેન ભાઠણ ચૌહાણ ૧૪૫
હું ન સમજ્યો	.. ...	રમેશભાઇ ૧૪૫
સંપાદકીય નોંધ		
સુરત સમેલન		૧૪૭
પત્રિકાનું લવાજમ		૧૪૭
સંઘનો પૂર્વ આફ્રિકા વિભાગ		૧૪૮
મહિલા પરિષદમાં બાળશિક્ષણ		કવરપેજ ૩
સ્વ૦ ગિજુભાઇ જયંતિસપ્તાહ		કવરપેજ ૩
અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓને		કવરપેજ ૩
સમાચાર		૧૪૮
બાલવિભાગ		૪૧–૪
ગિજુભાઇ	તારાબેન	૪૧
ગધેડું	મૂળદેવ પંડ્યા	૪૨
સોનેરી સલાહ	મૂળદેવ પંડ્યા	૪૨
રેશમનો કીડો	મોદીબેન	૪૩
બોધ	ચંદુલાલ પાઠક	૪૪
ચીબડો	ચંદુલાલ પાઠક	૪૪

સૂચના

પત્રવ્યવહાર કરતી વખતે પોતાનો સભ્ય નંબર અવશ્ય લખવો. જે સભ્યો પોતાનું સરનામું બદલવા ઇચ્છતા હોય તેમણે દરેક મહિનાની પહેલી તારીખ સુધીમાં પોતાના સભ્ય નંબર સાથે જૂનું તથા નવું બદલાયેલું સરનામું વ્યવસ્થાપકને જણાવવું.

સામટા સભ્યોના લવાજમનો ચેક 'સેક્રેટરી, નૂતન બાલશિક્ષણસંઘ,' એ નામનો લખવો, અને તે વ્યવસ્થાપક ઉપર મોકલી આપવો. દરેક સભ્યે લવાજમની રકમ ચેકથી, મનીઑર્ડરથી અગર હાથોહાથ વ્યવસ્થાપકને સરનામે પહોંચાડવી.

સંપાદન તથા નિરીક્ષણકાર્ય અંગેનો તમામ પત્રવ્યવહાર બાલવાડી, બોરડી, ઘોલવડ થઇને B. B C I. Rly. એ સરનામે કરવો. પત્રિકા મહિના લેખો વગેરે પણ ત્યાં જ મોકલવા.

પત્રિકાની વ્યવસ્થા અંગેનો તમામ પત્રવ્યવહાર નીચેને સરનામે કરવા વિનતિ છે.

શ્રી૦ બાબુભાઇ મૂળજી
વ્યવસ્થાપક: 'શિક્ષણપત્રિકા' કાર્યાલય,
શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ ૬

અમારું શિક્ષણસાહિત્ય

નૂતન કેળવણીના સિદ્ધાંતોને અનુસરતી શાળાઓને ઉપયોગી શિક્ષણ–સાહિત્ય
બાલમંદિર અને નર્સરી સ્કૂલનું પ્રમોદક સાહિત્ય
જ્ઞાન આપતી ઇતર પ્રવૃત્તિ માટેનાં સાધનો, નકશા અને ચિત્રપટો

લખો: જે ચંદ્ર તલકશી એન્ડ સન્સ
એમ્પાયર બિલ્ડીંગ, હોર્નબી રોડ, મુંબઇ.

બાળમંદિરો માટે સાધનો

બાળમંદિર માટે સાધનો ખરીદતાં પહેલાં અમારું સૂચિપત્ર મગાવો.

દરેક સાધનો શાસ્ત્રીય પદ્ધતિથી બનાવવામાં આવે છે અને તે બધાં નિષ્ણાતોની દેખરેખ નીચે તૈયાર કરવામાં આવે છે.

સૂચિપત્રમાં જણાવેલ ભાવ ઉપર બાળમંદિરોને જ ૬ ૧/૪ ટકા કમિશન આપવામાં આવે છે.

તમારી જરૂરિયાત માટે લખો :
બનાવનાર: નૂતન શિક્ષણ સાધનાલય એન્ડ આર્ટ વર્કર્સ લિમિટેડ
વઢવાણ કેમ્પ (કાઠિયાવાડ).

નૂતન બાલશિક્ષણ સંઘની

શિક્ષણપત્રિકા

વર્ષ ૨૨ : અંક ૧૧] મુંબઈ [નવેમ્બર, ૧૯૪૭

શિક્ષણના વિષયો

અત્યાર સુધી આપણે શિક્ષણવિષયક સુધારાની ઘણી વાતો કરતાં આવ્યાં છીએ. બાલમંદિરો નવાં જ થયાં એટલે ત્યાંનાં કામકાજ નવા સિદ્ધાંતો ઉપર પહેલેથી જ રચાયાં. તેથી ગમે તેવું બાલમંદિર હોય તો પણ તેમાં અમુક નવાં તત્ત્વો તો દેખાય જ છે. પણ પ્રાથમિક શાળાઓ, કુમારમંદિરો અને વિનયમંદિરોમાં છેલ્લાં ૨૫ વર્ષમાં બહુ જ થોડા કે ફારો થયેલા દેખાય છે. કોઈ થોડી બેઠિક શાળાઓ દેખાય છે. થોડાક ઉદ્યોગ કોઈ કોઈ શાળામાં દાખલ થયેલા દેખાય છે. આમ થોડુંએક કાંઈક ને થોડુંએક કાંઈક એમ કયાંક કયાંક દેખાય છે. એ સિવાય કશું જ થયેલું દેખાતું નથી.

હવે સ્વરાજ્યના વાયરા વાય છે. સંપૂર્ણ નહિ, અખંડ નહિ, તો પણ ઘણે અંશે આપણે રાજ્ય મી ઓગસ્ટથી સ્વતંત્ર થયાં છીએ, એટલે કે આપણું ભાવિ આપણે પોતે ઘડી શકવા સમર્થ બન્યાં છીએ, તો, બધાંની જેમ કેળવણીકારો ઉપર પણ 'આપણે શું કરીશું? કયાંથી શરૂઆત કરીશું? પહેલાં શું કરીશું? તાત્કાલિક શું થવું જોઈએ?' વગેરે મુદ્દાઓ વિચારી અમલમાં મૂકવાની ફરજ હવે આવે છે. કહી બતાવવાથી કશું વળતું નથી, કરી બતાવવાથી કાંઈક વળવાનો સંભવ છે. માટે જેમના જેમનામાં સાચી કેળવણીની દિશા બતાવવાની શક્તિ છે એવા બધાએ પોતે સુધારા સૂચવી પોતાની સંસ્થામાં તેનો અમલ કરી દેખાડવાની જરૂર છે. હવે બોલવાનો વખત નથી, લખવાનો પણ નથી; તરત ઊઠીને અમલ કરવાનો વખત આવ્યો છે. નાના કે મોટા જે સુધારા કરી બતાવવામાં આવશે તેટલા જ સાચા ઉપયોગી નીવડશે.

ઉપર દર્શાવેલ વિચારમાં હું સજ્જડ રીતે માનતી હોવા છતાં આજે 'ઘરશાળા'ના તંત્રીના આગ્રહથી હું પોતે જ કહી બતાવવાનો દોષ કરું છું, તે માટે વાચક મને ક્ષમા કરે. કદાચ એ વાંચી કોઈને તેમ કરવાની સ્ફુર્તિ થઈ આવે તો દોષ ઓછો થઈ જશે.

મારા વિચાર પ્રમાણે સાચી કેળવણી એટલે તો મનુષ્યનાં બાળકોને માનવસમાજ બનાવીને રહેવાની કેળવણી. બાળકોનો શારીરિક વિકાસ સરસ થવો જોઈએ; બૌદ્ધિક વિકાસ થવો જોઈને; ભાવનાનું સંસ્કારિકરણ થવું જોઈએ; એ બધું સાચું, પણ આ બધો વ્યક્તિનો પોતા પૂરતો જ વિકાસ કામનો નથી; સમાજના ઘટક તરીકે બાળકે વિકસવાનું છે. તેથી, મારા મત પ્રમાણે, સામાજિક જીવનની તાલીમને જ કેળવણીમાં પ્રથમ તો સૌથી અગત્યનું સ્થાન મળવું જોઈએ.

આજ સુધી માનવે જે કેળવણીનો પ્રયોગ કર્યો તેમાં મનુષ્ય બૌદ્ધિક, શારીરિક ને બીજી આવડતો ખૂબ વિકસાવી શકયો. પણ તે બધી નિશાળોમાં માણસે માણસ સાથે કેમ વર્તવું એનું શિક્ષણ તેને મળ્યું નથી. માણસાઈ શું? માનવધર્મ શું? કયા સિદ્ધાંત ઉપર સમાજમાં જીવવાનું છે? બીજાનું નુકસાન કરી સ્વાર્થસાધના કે સૌનાં હિત ખાતર સ્વાર્થત્યાગ? બોલાય છે એક પણ આચરવામાં આવે છે બીજું. બાળકો બોલાયેલા શબ્દો બોલતાં શીખે છે. બીજાનું આચરણ આચરતાં શીખે છે. આજ દુનિયાભરની આ સ્થિતિ છે. દુનિયાની લડાઈઓ, રાજનૈતિક વિચારો અને આચારો, પક્ષનિષ્ઠ રાજકારણ એ બધું શું બતાવે છે? મનુષ્ય જરા પણ કેળવાયેલ નથી. મનુષ્યે ઘણો ય અજબ વિકાસ સાધ્યો છે; નિસર્ગની ઊંડામાં ઊંડી ગૂઢ વાતો ને નિયમો શોધી કાઢી અનેક બૌદ્ધિક ને શક્તિના ચમત્કારો તેણે કરી દેખાડયા; પણ માનવતા ન શીખ્યો, તેથી તે આજે માનવ મટી રાક્ષસ બન્યો છે.

જે વખતે શાળાઓમાં બધું ભણાવાતું ન હતું તે વખતે આપણને ઘરોમાં તે વખતના જમાના પ્રમાણે કાંઈક સામાજિક કેળવણી મળતી હતી. આપણા જૂના લોકોને તેમના જમાનાના વિચારો પ્રમાણે સામાજિક

ફરજો સમજતી હતી. આજે કાં તો વગરવિચાર્યે જૂના રીતરિવાજો અને સામાજિક વ્યવહારોને માણસો–ભણેલાગણેલા, બુદ્ધિશાળી, બીજી રીતે વિચારકો એવા માણસો પણ–વળગી રહેલા દેખાય છે. અથવા તો જૂની સામાજિક ફરજો ફગાવી દીધેલા નવા માણસો દેખાય છે, જેમણે જૂનું છોડ્યું ને નવું કશું લીધું નથી. પરિણામે માનવસમાજમાં રહેતાં છતાં સામાજિક ફરજનું ભાન ક્યાં ય દેખાતું જ નથી.

એમ છતાં આજે મનુષ્ય વગરશીખ્યે અથવા કોઈ જગ્યાએ વિરુદ્ધ વિચારો શીખવવામાં આવે છે છતાં એક તત્ત્વ ઉપર પોતાનું જીવન ચલાવે છે. મનુષ્યની પાશવી સહજ બુદ્ધિ (Instinct)માંથી તેને પ્રેરણા મળે છે ને માનવ તેમ વર્તે છે. તે બુદ્ધિ છે અંગત સ્વાર્થની. પહેલાંની જંગલી અવસ્થામાં જે રીતે મનુષ્ય મનુષ્ય સાથે શિકાર માટે લડતો, એકબીજાને લૂંટતો કે છેતરતો, તે જ બધું આજે બદલાયેલી સ્થિતિમાં, બદલાયેલી રીતભાતથી મનુષ્ય કરે છે. આજની લડાઇઓ, આજનાં કાળાં બજાર, આજના જાતિદ્વેષ, આજના જાતિભેદ, આજના શ્રીમંતોનું ગરીબોને ચૂસવાનું વલણ, શેઠની નોકર તરફની શેઠાઇ, બુદ્ધિશાળીનો ઓછા બુદ્ધિવાળાંને છેહ, ભણેલા ને વિદ્વાનોની અભણ અને અજ્ઞાની લોકો તરફ જોવાની તુચ્છતાની દૃષ્ટિ–એ બધું શું બતાવે છે? આટઆટલા સુધારા થયા પણ મનુષ્ય કેટલો સુધર્યો? આટઆટલી વૈજ્ઞાનિક શોધો થઇ; આટઆટલા ફિલસૂફોએ અને પયગંબરોએ માનવસમાજને વિચારો આપ્યા; ધર્મગુરુઓએ આચારવિચારની દિશા આપી. બધાંમાંથી મનુષ્ય શું શીખ્યો?.....પાલીતાણા કે દ્વારકાની તીર્થયાત્રાએ જતાં જતાં પણ બીજાંને ઘસીને પોતે ગાડીમાં જગ્યા કેમ મેળવી લેવી તે જ,

સારાંશ, માનવધર્મ કે માનવતા હજી મનુષ્યસમાજમાં આવી જ નથી. અપવાદ તરીકે જ ક્યાંક ક્યાંક જવલ્લે જ માનવતાનું દર્શન આપણને થાય છે.

તો શું મનુષ્ય વિકસિત સમાજ ઉપજાવવા અસમર્થ જ રહેશે? વ્યવસ્થિત સમાજ કે જેમાં પ્રત્યેક વ્યક્તિને જીવવાનો હક્ક મળશે; અશક્ત અને અસમર્થને સશક્ત ને સમર્થો તરફથી સશક્તની ફરજ તરીકે મદદ મળશે, નહિ કે દાન તરીકે. શ્રીમંતોની ગરીબો પ્રત્યે, ઉચ્ચ વર્ણોની નીચ વર્ણ પ્રત્યે, વિદ્વાનોની નિર્બુદ્ધ ને અભણ પ્રત્યે જોવાની દૃષ્ટિમાં શું કદી ફેર પડવાનો જ નથી? મનુષ્યસ્વભાવ શું બળથી જ ચાલવાનો છે? શું ગાંધીજી જેવા દ્રષ્ટાની માનવસમાજની કલ્પના એટલે હવાઇ સ્વપ્નાં ને તરંગી વિહાર જ રહેવાનાં છે? ના; મન એમ તો કબૂલ કરતું નથી. જે રમ્ય ને વ્યવસ્થિત સુસંસ્કૃત જીવન એક મનુષ્ય દૂર દૂર પણ સ્પષ્ટ જોઇ શકે છે અને પોતાના જીવનમાં પ્રત્યક્ષ જીવી શકે છે તે બધાંને માટે શક્ય છે જ; માત્ર તે શક્ય થવાના યોગ્ય ઉપાયો લેવાવા જોઇએ.

તેનો યોગ્ય ઉપાય એક જ છે, કે તેની જ કેળવણી જન્મથી મળવી જોઇએ. ને તેમ મળે તેની યોજના પાકે પાયે કરવી જોઇએ.

શિક્ષણના અનેક વિષયો છે, તેનો અભ્યાસક્રમ છે, તેનાં પાઠયપુસ્તકો છે, તેની પરીક્ષાઓ છે, તેની ડિગ્રીઓ ને ઉપાધિઓ છે; પણ તે બધું વ્યર્થ છે.

કેળવણીનો વિષય એક જ હોવો જોઇએ. તેની કેળવણી પ્રત્યક્ષ આચારથી જ મળવી જોઇએ. ને તેની શરૂઆત નાનામાં નાની ઉંમરથી જ થવી જોઇએ.

તે વિષય: માનવધર્મ.

વિકસિત માનવતાનો ખ્યાલ માત્ર વિચારથી નહિ પણ આચારથી આવવો જોઇએ. તે માટે જે સિદ્ધાંતો ઉપર વિકસિત માનવસમાજે જીવવું જોઇએ તે સિદ્ધાંતો ઉપર રચાયેલું જીવન જીવતાં બાળકોને શીખવવું જોઇએ.

આખા જગતમાં આજે માનવતાની ઊણપ દેખાય છે. આખા જગતના માનવસમાજે પાશવી સિદ્ધાંતો છોડીને માનવધર્મ શીખવાની જરૂર છે. આપણા દેશને તેની સૌથી વધારે જરૂર છે. કારણ, આજ આપણો દેશ એક મહત્ત્વના કાળમાંથી પસાર થાય છે. આજ દિવસ સુધી આપણો દેશ પારકાની બેડીમાં જકડાયેલો હતો. આજે આપણા દેશનું ભાવિ ઘડવાનું સ્વાતંત્ર્ય આપણા હાથમાં આવ્યું છે. આપણા દેશના જવલંત પ્રશ્નો ઉકેલવાનું કામ આપણે પ્રથમ કરવાનું છે.

સ્વાતંત્ર્ય મળ્યું પણ સ્વાતંત્ર્ય ટકાવીશું કેવી રીતે એ આપણી આગળનો મોટો પ્રશ્ન છે.

આપણો જાતિદ્વેષ, આપણો વર્ગભેદ, આપણો મૂડીવાદથી પિલાઇ ગયેલો મજૂરવર્ગ,

આપણા શાહુકારના દેવામાં ડૂબી ગયેલો ખેડૂતવર્ગ, આપણો પ્રજા પર અન્યાય વર્તાવનારો સરકારી અધિકારીવર્ગ, બધી બાજુથી ઊધઈથી ખવાઈ ગયેલો આપણો સમાજ, એ બધાંનો અંત આણવા માટે રાજપુરુષો તેમનાથી બને તે પ્રયત્નો કરશે જ; ને આજથી પાકી ઉમરની પ્રજાને સાચે રસ્તે લઈ જવાનો મહાપ્રયત્ન વર્ષોથી મહાત્મા જેવી મહાન વ્યક્તિઓ કરે જ છે; પણ તેટલાથી કાંઈ બધું પતી જવાનું છે?

આજના સ્વરાજના કુમારો–વીસ વર્ષ પછી સ્વરાજ ચલાવવાળાઓ–તો આપણી નિશાળોમાં નાક લૂછવાનું યે ભાન નથી એવી સ્થિતિમાં રવડે છે.

મનુષ્યમાં એક જ જાતિ હોઈ શકે ને તે માનવ-મનુષ્યોની. તેમાં નરપશુઓ ન જ સમાઈ શકે.

શ્રીમંતોની સંપત્તિ એક જ કામ માટે છેઃ જેમની પાસે તે નથી તેમનું જીવન મનુષ્યની જેમ જીવવાની સગવડ કરી આપવા માટે.

વિદ્વાનોની વિદ્વત્તા એક જ કામ માટે છેઃ જેઓ અજ્ઞાનના ઘોર અંધકારમાં ફાંફાં મારે છે તેમની પાસે જ્ઞાનજ્યોતને લઈ જવા માટે.

આ બધું આપણા કુમારોએ શીખવાનું છે. માનવતાશિક્ષણ આપવાનો પ્રબંધ કરવો એ જ કેળવણીકારોનું કામ છે. એ જો ન થાય, તો આજના શૂરાઓએ લડીને, સ્વાર્થ હોમીને આણેલું સ્વરાજ્ય અંદરના કલેશ, કંકાસ, કાળા સ્વાર્થ ને ભેદથી આપણી આગળની પેઢી ગુમાવી બેસશે. એની લાલબત્તી આપણી આગળ ધરવાને કોઈ તત્ત્વવેત્તાની જરૂર નથી. કોઈ સામાન્ય વ્યક્તિ પણ તે સમજી શકે છે.

["ઘરશાળા"ના સૌજન્યથી] તારાબેન મોડક

ભણાવવાનો અતિરેક

"બે દૂ...?"...કડકાઈથી આવતો એક અવાજ કાને પડ્યો.

"બે દૂ? બે દૂ...ચા...ર." ધીમેથી એક બાળકનો અવાજ આવ્યો.

"ચાર દૂ?"

"ચાર દૂ...આ...ઠ."

"આઠ દૂ?"

"આઠ દૂ? આઠ દૂ...ચૌદ."

ચૌદ સાંભળતાંની સાથે જ ધડાક દઈને ધોલ પડી અને બાળક રડવા લાગ્યું. અને પછી તો જોતજોતામાં ઉપરાઉપરી પલાખાં સાથે મારપીટ પણ ચાલુ થઈ ગઈ.

"રમતમાં જીવ છે." "ભણવું જ નથી." "ઢોરાં ચારજે ઢોરાં?"...વગેરે વાક્ પ્રહારો પણ શરૂ થયા.

આ બધું ફરવા જવાના એક જાહેર રસ્તા ઉપર ચાલતું હતું. બાંકડા ઉપર બેઠા બેઠા દાદા છોકરાને શિક્ષણ આપતા હતા. થોડી વાર થઈ ને અઢિયાં, પા, અડધાં અને સાથે સાથે દૂના ઉપરાઉપરી આડાંઅવળાં મિશ્ર પલાખાં ચાલ્યાં. પાએક કલાક બાજુના બાંકડા ઉપર બેઠાં બેઠાં અમે આ બધું સાંભળ્યા કર્યું. જેમ છોકરો વધારે ગભરાતો જાય તેમ કાકા વધારે ને વધારે આડુંઅવળું પૂછી તેને ગૂંચવતા જાય. થોડી વારે કાકા ઊઠ્યા. રસ્તે પાછા ફરતાં પણ એ જ ચાલ્યું. પાનવાળાની દુકાન આવી.

"પાન ખાવું છે?"

"ના.....આ."

"નથી ખાવું?"

"ના.....આ."

"આઘો ક્યાં નાસે છે? પાસે આવ પાસે."

આમ ચાલ્યા કરતું હતું. મને થયું કે કાકા સાથે થોડી વાતો કરું તો? સાથેના મિત્રોએ ના પાડી: "કદાચ કાકા ચિડાય તો? અપમાન કરે તો?" પણ હિંમત કરી મેં તો કાકાને પૂછ્યું:

"કાકા, વાંધો ન હોય તો તમારે ઘેર આવું? થોડી વાતો કરવી છે."

"ભલે...શું વાતો કરવી છે?" કાકા મને ઓળખતા લાગ્યા એટલે શાંતિથી જવાબ આપ્યો.

"આ છોકરો શું ભણે છે?"

"ત્રીજી."

"એને કેટલાં વરસ થયાં?"

"આઠમું બેઠું."

"ક્યાં ભણે છે?"

"ચાર ઠેકાણે...આ.....અધ્યારુને ત્યાં જાય છે, ત્યાંથી આવીને સરકારીમાં જાય છે, ઘેર માસ્તર આવે

છે અને ખાધા પછી ફરવા લઇ જાઉં છું ત્યાં હું ભણાવું છું. એ તો રમતમાં જીવ છે, નહિતર અત્યારે તો કેટલો ય હુશિયાર થઇ ગયો હોત."

"કાકા, આ તમારો છોકરો છે?"

"ના ભાઇ, ના! આ તો મારા છોકરાનો છોકરો છે. એના બાપનું મગજ જરા ઠેકાણે નથી અને મારી ઉંમર થઇ છે એટલે મારા મનથી એચાર વરસમાં છોકરાને કંઇક શિખવાડી દઉં તો એનો મનખો સુધરી જાય."

"કાકા, એણે પાન કેમ ન ખાધું?"

"રિહાંણા તીમાં."

"કાકા, રોજ ફરવા લેઇ જાઓ છે?"

"હાજ્જે. આ બાંકડા ઉપર બેહુ છું. આંક બોલાવું છું અને પાછા વળતાં પાન ખવરાવું છું."

પછી તો ઘણી યે શૈક્ષણિક અને સૈદ્ધાંતિક વાતો કાકા સાથે કરી પણ હજુ યે મનમાં થાય છે, કે ચારચાર ઠેકાણે ભણાવવાનો આગ્રહ રાખ્યા પછી પણ "રમતમાં જીવ છે, નહિતર કેટલો યે હુશિયાર થઇ ગયો હોત" કહેનાર કાકાને કયા માનસશાસ્ત્રી પાસે છોકરાને "દૂ"ના પાડામાં કેમ ભૂલો પડતી હતી એના ઉકેલ માટે મોકલુ?

કિલ્લોલ, પાટણ (ઉ. ગુ.) પુનમચંદ શાહ

નિર્દોષ અને નિરાધાર

મારે જે વાત કહેવી છે તે મેં નજરે જોયેલી છે. એ દૃશ્યે મને એટલો બધો ક્ષુબ્ધ બનાવ્યો છે કે હજી મનને સ્થિર કરી નથી શકયો! તેથી, વાત કહેવા માટે યોગ્ય શબ્દો મળશે કે કેમ તેની શંકા છે. એમ છતાં પ્રયત્ન કરું છું.

મારા ઘરની પાછળ એક બાળક ફળિયે ચડ્યું હતું. લગભગ ૨॥ વરસનું બાળક હશે. તેની માએ તેને ઘરમાંથી ફંગોળીને ફળિયામાં પછાડ્યુ. બાળકને ચુપ ચુપ કહીને આંખો બતાવી. તો ય રડતું બાળક ઊભું થઇને માના ખોળામાં પડવા દોડ્યું. માએ "આઘો ખસ રોયા" કહીને સાથળ ઉપર ચોંટિયો ભર્યો. બાળકની ચીસો વધી. મા ઉઠીને આઘી ચાલી ગઇ. બાળક રોતું રોતું પાછળ દોડ્યું.

વાંચનારને લાગશે કે આમાં વળી ક્ષુબ્ધ થવાનું શું છે? અમને તો કંઇ વાત કરવા જેવું પણ નથી લાગતું. આવું તો ઘણાં ઘરોમાં કાયમ ચાલ્યા જ કરે છે. પણ એનો અર્થ તો એટલો જ, કે બાળકની સાથે જંગલીની જેમ વર્તન કરવુ તે માબાપ માટે અને મોટેરા માટે સાધારણ બિના બની ગઇ છે. તેમાં કંઇ ન કરવા જેવું કે અજુગતું કોઇને નથી લાગતું. એક મોટા માણસને કોઇ થપાટ મારે તો ૧૦૦ માણસો ભેગા થઇ જાય છે અને મોટી હો હા થાય છે. પણ એક બાળકને કોઇ મોટો માણસ થપાટ મારે તો દરેકને એમ જ લાગે છે કે ભલે મારી. ઘરમાં, શેરીમાં, નિશાળમાં અને સમાજમાં બધે જ બાળક તરફના વર્તનમાં આવું જંગલીપણું ચાલ્યા જ કરે છે, પણ આપણે જાણતા નથી, કે ઉંમરમાં નાનાં, શક્તિમાં ઓછાં અને નિરાધાર બાળકો ઉપર તેના કહેવાતા વડીલો જે જુલમો ગુજારે છે તેમાંથી કેવાં ભયંકર પરિણામો નીપજે છે.

જગતનાં જૂઠાણા, ચોરી, લડાઇઓ, જુલમો, અન્યાય, ાવર્ચસંતોષીપણું, ધર્મને નામે ચાલતાં ધતિંગો અને એવા અનેક દુર્ગુણોનાં બીજ બાળકો સાથે બાનદાનીભર્યું વર્તન નહિ દાખવનાર વડીલો જ વાવે છે.

માણસાઇનાં મૂલ જ્યારે માણસને હાથે જ ઓછાં થાય અને તે પણ બાળકના માબાપ, વડીલ કે શિક્ષકને હાથે ઓછાં થતાં દેખાય ત્યારે, એથી વધારે દુઃખદ પ્રસંગ બીજો શું હોઇ શકે?

બાળક નિર્દોષ અને નિરાધાર છે; માબાપ ગમે તેટલા મારકણા હોય તોયે બાળકને તેના વિના નથી ચાલતું. માર ખાઇને રડતુ રડતું પણ બાળક તેના જ ઘરમાં રહે છે અને ખોળામાં પડવા દોડે છે. ખરું જોતાં બાળકની નિર્દોષિતા અને નિરાધારપણું જોઇને દરેક મોટેરાએ તેને સહાય કરવી જોઇએ; તેનુ સન્માન કરવું જોઇએ. બાળક જ્યાં આપણને અનુકૂળ ન થઇ શકે ત્યાં આપણે બાળકને અનુકૂળ થઇને જીવવુ જોઇએ.

પણ તેને બદલે બાળક ઉપર કડકાઇ અને સજાનો દોર ચલાવવાનું જંગલીપણું ચાલુ છે; જો માબાપ પોતાના બાળકનું સન્માન ન સાચવવાના હોય તો સમાજમાં બીજાની તો આશા જ કયાંથી રખાય? દરેક માણસ નાનામાંથી જ મોટો થાય છે. નાનપણમાં જો એને મારીને, અપમાન કરીને, નજીવો ગણીને ઉછેરવામાં આવે, તો, મોટપણમાં તેની પાસેથી સારી આશા રાખવી તે કડવા ઝાડ વાવીને મીઠા ફળની આશા રાખવા જેવું વ્યર્થ છે.

શ્રેયશંકર લહ્લ

બાળ ઉછેર

આજે આપણે ત્યાં ઘણીખરી માતા લખતાં, વાંચતાં, શીવવાનું કે ભરવાનું જાણે છે; ઉપરાંત, લલિત-કળામાં પણ કેટલીએક માતા પારંગત હોય છે; પરન્તુ કહેતાં દિલગીરી થાય છે કે, આપણે આપણાં બાળકોને ઉછેરી જાણતાં નથી. બાળક ઉછેરવું તે જીવનનું રસમય તેમજ અગત્યનું કામ છે અને એટલુંજ મહત્વનું પણ છે. આજે આપણાં કેટલાંય બાળકો યોગ્ય ઉછેર વિના હેરાન થતાં હિજરાતાં દેખાય છે, છતાં આપણે તે નરી આંખે જોઇ શકતાં નથી. પૈસાદારોનાં બાળકો એક રીતે દુઃખી હોય છે તો ગરીબનાં બીજી રીતે હોય છે! પણ સ્થિતિ તો બધાં બાળકોની સરખી જ છે. આવાં બાળકો ! પ્રશ્ન હાથમાં લેવાની ફરજ માતા સિવાય કોની હોય?

આપણાં ઘરોમાં જુઓ તો બાળક અને મોટેરાં જેવો કોઇ ભેદ જ નથી. જે જે સગવડો, સાધનો હોય તે મોટેરાં માટે. મોટેરાંની સગવડને અનુકૂળ જીવને બાળકને બનાવવા મોટેરાંના ચોકઠામાં બાળકને ગોઠવવું પડે. પરિણામે બાળકની શક્તિઓ અમુક ચોકકસ દિશામાં વહેવાને બદલે વેરણછેરણ થઇ જાય. બાળકનો એકધારો વિકાસ ન થાય. બાળક તેજહીન, લાગણીહીન થાય–હિજરાય.

બાળકો એ આવતી કાલની પ્રજા છે. આજનાં દેખાતાં નાનાં બાળકો આવતી કાલનાં રાજપુરુષો, ચિંતકો, કવિઓ, ફિલસૂફો, કલાકારો, નાનામોટા વ્યાપારીઓ અને સાહસિકો છે. બીજમાં સમાઇને રહેલા વૃક્ષની જેમ એ બાળકની બધી શક્તિઓ અણુધિકસેલી આવિષ્કાર માગતી પડી હોય છે.

અઢીથી સાત વર્ષનો એક એવો કાળ આવે છે, કે જ્યારે બાળક પોતાનામાં રહેલી અનુપમ શક્તિઓને વિકસાવવા, પોતાનો વિકાસ સાધવા તલપાપડ થાય છે. એ ઉંમરે તે પોતાની બધી શારીરિક, માનસિક પ્રવૃત્તિઓ પર કાબૂ મેળવવા મંથન ચલાવ્યા કરે છે. અને એ ન આવે ત્યાં સુધી એને જંપ ન વળે. બાળકની ભાષા દૃઢિભૂત થવાનો પણ આ જ કાળ છે. જીવનના અનેક સારાનરસા સંસ્કારો. એના પર આ જ ઉંમરે પડે છે. અઢીથી સાત વર્ષ સુધીમાં જેટલી કેળવણી એ મેળવી લે એટલી એની જિંદગીના ભણતરમાંથી પણ ન મેળવી શકે. બાળકના ભાવિ જીવનનો પાયો આ ઉંમરે જ પુરાય. પોતાની બુદ્ધિથી, જ્ઞાનથી ભલભલાને આંજી દેનાર મોટા કહેવાતા માણસમાં પણ એકાદ નજીવી ખોડ આપણે જોઇએ–કેટલીક બેહૂદી ટેવ જોઇએ ત્યારે આપણું મન અનેક વિચારે ચડી જાય. આપણને પ્રશ્ન થાય કે આવડો મોટો માણસ પણ આવી નાની વાત નહિ સમજતો હોય!

પણ વાત દીવા જેવી ચોખ્ખી હોય છે. વાંક એનો નથી હોતો, પણ એની જીવનરચનાનો છોડ, જે બાળપણમાં વ્યવસ્થિત રીતે ખીલવો જોઇતો હતો, તે, માતાની અણસમજ કે બેદરકારીથી અથવા આયા કે નોકરના હાથમાં રહીને છૂંદાઇ ગયો હોય છે. માતાવિહોણો બાળક, પિતાના કઠોર પ્રેમમાં ભરસિમભૂત થયો હોય છે; ઘણી વાર માતા પણ કઠોરતામાં ઓછી ઊતરતી નથી.

એટલે જ, આજે એકેએક કેળવણીકાર પોકારી પોકારીને કહે છે કે, સ્વતંત્ર, પ્રાણવાન પ્રજા તૈયાર કરવી હોય તો, પહેલેથી જ બાળક ઉછેરવાનું, તેને કેળવણી આપવાનું કામ માતા જ ઉપાડી લેશે–ત્યારે જ એ છોડ સુવ્યવસ્થિતપણે પાંગરશે અને સમય આવ્યે એના પર પરાગમય પુષ્પો પમરશે.

બાળકોનાં આરોગ્ય સંબંધેનો પ્રશ્ન તો ઊભો જ છે. અને તે અંગે કોઇ સારા ડૉકટરો મારફત જ્ઞાન મેળવી બાળકની સ્વચ્છતા, ખોરાક, હવા ઉપર વહેલામાં વહેલી તકે ધ્યાન આપવું જોઇએ.

બાળકોની કેળવણીનો પ્રશ્ન એ પણ માતાએ જ ઉપાડી લેવો જોઇએ.

આજે આપણી પ્રાથમિક શાળાઓ તેના હવાપ્રકાશ, તેની આજુબાજુની સ્વચ્છતા, ચવાણાંની રેંકડીઓ–જેની ઉપર માખીઓ બણબણતી હોય, ગંદાં વાસણો અને ગંદો વેચવાવાળો–આ વસ્તુ દરેક માતાએ વિચારવા જેવી છે અને તેમાં આપણે શું કરી શકીએ અથવા શું કરવા જેવું છે એ પ્રશ્ન પણ ઊભો જ છે.

આપણાં બાળકોને સારાં રમતગમતનાં મેદાનો નજીકમાં જ મળે તે માટે પણ હિલચાલ કરવાની અગત્ય છે જ, પણ તે કયારે? દરેક માતાને આ બાબતો ખૂંચે–ખૂંચે કયારે કે તે પોતાનાં બાળકમાં ઉછેર સંબંધે સાચો વિચાર કરતી થાય ત્યારે.

નર્મદાબેન રાવળ

મારે કેમ ચુપ જ રહેવાનું ?

[બા પૂજા કરતી હોય, બાપુજી પેપર વાંચતા હોય, હું ચા પીતો હોઉં.]

બા : બચુ, ઝટ ચા પીને લેસન કરો.

બાપુજી : હા; બચુ, રમત કર્યા વગર લખવા બેસો.

વળી હજામત કરતાં કરતાં બાપુ બોલેઃ અલ્યા લખે છે કે રમત કરે છે?

[હું જમવા બેઠો હોઉં. બાપુજી પણ જમતા હોય.]

બા : બચુ, નિશાળનો વખત થયો છે; ભાન છે?

બાપુ : અલ્યા, ખાતાં આટલી વાર શી?

શાળામાં માસ્તર ગુસ્સે થઈ કહેતાં જ હોય : શાંત રહો, વાત ન કરો, વાંચો.

સાંજે શાળામાંથી ઘેર આવીએ, કે બા જાય દર્શન કરવા; કચેરીમાંથી બાપુ તેમના મિત્ર સાથે ઘેર આવે; અંગ્રેજીમાં વાતો કરતા હોય, પણ મને જુએ કે બોલી જ ઊઠે :

અલ્યા રમતીઆળ, બેસ; રખડવા ન જતો પાછો [રાત્રે વાળુ કરતાં હોઈએ :]

બા : બચુ, લેસન કરે છે કે નહિ?

બાપુ : અલ્યા, માસ્તર આંક બોલ્યાની ચિઠ્ઠી નથી મગાવતા કે શું?

આંક બોલી રહ્યો કે તરત જ બા કહેઃ બચુ, ઝટ સૂઈ રહો, વહેલાં ઉઠાય પાછું.

બાપુ કહેઃ ભાઈ, તેથી જ તું મોડો ઊઠે છેઃ સૂઈ રહે.

પથારીમાં સૂતો હોઉં ને મનમાં થાય કે આમ કેમ? બાપુજી એમના ભાઈબંધ સાથે વાત કરે. વળી, બા બાપુજી સાથે વાત કરે અને મારે કેમ ચુપ જ રહેવાનું?

શિશુભારતી : વડોદરા. **વસુમતી જ૦ મહેતા**

તા૦ ૧૨-૧૦-૪૭.

સ્વરાજ્યરક્ષા

સેંકડો વર્ષની ગુલામી પછી આપણા આ મહાન પ્રાચીન દેશ પરથી પરદેશી સત્તા હઠી ગઈ છે. પૂ૦ મહાત્મા ગાંધીજીની આગેવાની નીચે મહાસભાએ સત્ય અને અહિંસાનાં સાધનોથી સ્વરાજ પ્રાપ્ત કર્યું એ જગતના ઇતિહાસમાં અપૂર્વ બનાવ છે. ભાવિ સમાજ-રચનામાં અહિંસાનો સિદ્ધાંત લાગુ પાડવો એટલે શૈક્ષણિક પદ્ધતિથી સમાજની નવરચના કરવી એવો અર્થ થાય છે. પ્રાપ્ત થયેલા સ્વરાજને ટકાવવામાં અને જગતશાંતિમાં હિંદનો ફાળો આપવામાં આવી શૈક્ષણિક સમાજક્રાંતિ એ જ એકમાત્ર ઉપાય છે એમ જગતના સર્વ વિચારકો કહી રહ્યા છે.

ભાવિ પ્રજાના ઘડતરમાં પૂર્વપ્રાથમિક અને પ્રાથમિક કેળવણીની રચના જેટલી સર્વાંગસંપૂર્ણ થાય તેટલો પાયો મજબૂત થવાનો છે. આખા રાષ્ટ્રના નવસર્જનકાળે બાળકેળવણીકારોની જવાબદારી સૌથી વધારે ગંભીર છે, એમ અમને લાગે છે. આજે માત્ર હિંદુસ્તાન જ નહિ પણ લગભગ આખી દુનિયા, સ્વાર્થ વેર અને હિંસાથી ઘેરાયેલી છે તેવે વખતે, માનવકલ્યાણના રક્ષણનો ભાર ભવિષ્યની પેઢી તૈયાર કરનાર ઉપર જ છે અને તે સ્વાભાવિક છે. જે વિષમ સંજોગોમાં, જે રીતે સ્વરાજપ્રાપ્તિ થયેલી છે તે જોતાં, એના રક્ષણની દૃષ્ટિએ, એ જવાબદારી ઘણી ભારે છે. સ્વરાજના અપૂર્વ આનંદોત્સવ વખતે પણ એ ગંભીર જવાબદારી બાલ-શિક્ષકોએ અને શિક્ષણશાસ્ત્રીઓએ વિસરવી ન જોઈએ.

પૂર્વપ્રાથમિક અને પ્રાથમિક શાળા ચલાવતા શિક્ષકે આજે પોતાનું આત્મનિરીક્ષણ કરવું જોઈએ. એણે દીર્ઘદૃષ્ટિથી અને શાંત ચિત્તે પોતાની જવાબદારીનો વિચાર કરવો જોઈએ. ભારે બલિદાનોથી મુક્ત થયેલ રાષ્ટ્રને બચાવવા માટે અને તેને સમૃદ્ધ કરવા માટે કેવી જાતનો નાગરિક અથવા ગ્રામજન તૈયાર કરવાનો છે એનો વિચાર બાલશિક્ષકે કરવાનો છે. એ વિચાર કરે તો જ એ સાચો બાલશિક્ષક ગણાય. એની સામે ભાવિ સમાજ-રચનાનો સ્પષ્ટ ખ્યાલ હોવો જોઈએ. એમાં પોતાનું જે સ્થાન છે એનો પણ ખ્યાલ હોવો જરૂરી છે. પરાધીન દેશનો સિપાહી ભાડૂતી છે પણ સ્વતંત્ર દેશનો સ્વદેશરક્ષાનું કંકણ બાંધેલો મરણિયો લડવૈયો છે તે પ્રમાણે, પરાધીન રાષ્ટ્રનો માસ્તર પેટ માટે પળોજણ કરતો પંતુજી ભલે રહ્યો હોય, પરંતુ સ્વરાજશાળાનો

શિક્ષક ભાવિ સમાજરચનાની ઇમારતના પાયાનું ચણતર કરનાર સ્થપતિ છે એ વસ્તુ દરેક બાલશિક્ષકે સતત યાદ રાખવાની જરૂર છે. રણક્ષેત્ર ઉપર લડનારા લડવૈયા દેશ મેળવે છે કે ગુમાવે છે, એમ આપણને દેખીતી રીતે લાગે છે. પરંતુ ત્રણથી સાત વર્ષનું શિક્ષણ જેમના હાથમાં છે, એ શિક્ષકો જ, ભવિષ્યમાં થનાર એ હારજીતનો વિધાતા છે એ વસ્તુ આજે આપણે બાલ-શિક્ષકોએ વિચારવાની રહે છે. અને તે પ્રમાણે આપણી દૃષ્ટિ શુદ્ધ કરી, આપણા લક્ષને સમજી લઈ; આજીવિકા તરફ જ માત્ર લક્ષ ન રાખતાં, આપણી ફરજનો ખ્યાલ કરી, આજને સુદિવસે આગળ વધવાનું છે.

બાલશિક્ષકની પેઠે માબાપોની પણ એટલી જ ફરજ છે. પોતાનું સંતાન સુસંસ્કૃત, સ્વતંત્ર અને વિશ્વપ્રેમી કેમ બને તેનો એમણે વિચાર કરવાનો છે. માતપિતાની એ ફરજ પણ છે, કે શિક્ષકનું કામ સરળ કરવામાં તેઓ જે ફાળો આપી શકે તે આપી છૂટવું. સારાં સંતાનો આપી જવાં એ પણ એક માનવસેવા, દેશસેવા છે એ વસ્તુ, આજના તબક્કે, માબાપોએ યાદ રાખવા જેવી છે. જે સંપત્તિ આપણે મેળવીએ છીએ તે જેમના હાથમાં સોંપી જવી છે એ હાથને સંરક્ષણ કરી શકે એવા મજબૂત બનાવવા જોઈએ. શિક્ષકો, માબાપો અને પછી સમાજના આગેવાનો અને રાજ્યના અધિકારીઓની ભાવિ પ્રજા પ્રત્યેની ફરજ પણ આજને સુઅવસરે વિચારવી જોઈએ. પહેલાંની માફક ધૂળી નિશાળ જેવાં બાલમંદિરો કે પ્રાથમિક શાળાઓ ચલાવ્યે જે નવરચના કરવાની આપણે ખ્વાહેશ રાખીએ છીએ તે કદી થનાર નથી. એને માટે શિક્ષકો અને માબાપોની સહાયથી સમાજ અને રાજ્યના ધૂરીણોએ બાલશિક્ષણના કાર્યની પૂરતી ગંભીરતાથી, સાચી શાસ્ત્રીય દૃષ્ટિથી, લાંબો વિચાર કરીને યોજના કરવી જોઈએ. રાષ્ટ્રના સંરક્ષણ માટે નાણાંની, ઉઘાગોની, શસ્ત્રસરંજામની, ખડી ફોજની જરૂર હશે, તે કરતાં ઘણી વધારે જરૂર, રાષ્ટ્રના વારસ-દારોની સત્ત્વશીલ, સ્વાતંત્ર્યપ્રેમી, નિર્ભય, ઉદ્યમી અને માનવપ્રેમી બનાવવાની યોજના કરવાની છે. એ યોજના કરવા પાછળ રાષ્ટ્રવિધાયકો જેટલું લક્ષ આપશે, જેટલી વિચારશક્તિ, દ્રવ્યશક્તિ અને માનવશક્તિ રેડશે તેટલી રાષ્ટ્રની સલામતી ટકશે.

રામનારાયણ ના૦ પાઠક

શ્રીમંત કોણ ?

શેઠ છે.
શેઠનો આલિશાન બંગલો છે.
બંગલા સામે મોટો બગીચો છે.
બગીચા માટે એક માળી રાખ્યો છે.
શેઠ બંગલામાં રહે;
માળી ઝૂંપડામાં રહે.
શેઠને ઘેર ચાર છોકરાં છે;
માળીને ઘેર ચાર છોકરાં છે.
શેઠનાં છોકરાં ઘી દૂધ ખાય;
માળીનાં છોકરાં સૂકો રોટલો ખાય.
શેઠનાં છોકરાં રોજ મોસમ્બીનો રસ પીએ;
માળીનાં છોકરાં કોઈ વાર શેરડીનો રસ પીએ.
શેઠનાં છોકરાં ઝાંઝાં કપડાં પહેરે;
માળીનાં છોકરાં શિયાળામાં ટાઢે ધ્રૂજે અને ઉનાળામાં મોજ કરે.
શેઠનાં છોકરાં મોટરમાં ફરવા જાય;
માળીનાં છોકરાં આજુબાજુ રખડે.
શેઠનાં છોકરાંને આયા રાખે;
માળીનાં છોકરાં એકબીજાંને રાખે.
શેઠનાં છોકરાં શ્રીમંતનાં;
માળીનાં છોકરાં ગરીબનાં.
શેઠનાં છોકરાં સાતઆઠ વાગે ઊઠે;
માળીનાં છોકરાં માળીની સાથે જ ઊઠે.
માળી વહેલી સવારે બગીચો જાય;
છોકરાં પણ બગીચામાં આવે.
કોઈ દિ' બગીચામાં ફરે,
નવાં ખીલેલાં ફૂલો જુએ.
મધુર સુવાસ લે, સુંદર રંગો જુએ.
માળીને તેનાં નામ પૂછે.
કોઈ દિ' નીચે પડેલાં ઢગલાબંધ ફૂલો વીણે.
ખોળા ભરી ભરીને લઈ આવે ને હાર કરે.
વેણી કરે, માથામાં નાખે, ગળામાં નાખે.

કોઇ દિ' ઘાસ કાઢવા લાગે.

કયાંકથી કોઇ ટીનનું પતરું, નહિ તો લોઢાનો કટકો શોધી લાવે; તેની ખરપી બનાવે.

કોઇ દિ' બગીચો પાવા લાગે.

શેઠના રસોડાની પાછળથી તેમને ઘણું ઘણું જડે.

નાનાં ડબલાં શોધી લાવે.

પછી તેમાં પાણી ભરી ભરીને છોડને પાય.

માળી મોટી ઝારી લે ને બાળકો ડબલાં લે.

કોઇ દિ' એકાદ ખૂણામાં પોતાનો બગીચો પણ કરે.

જમીન ખોદવા માટે કાંઇ સાધન શોધી લાવે.

એનાથી જમીન ખોદે, પોચી કરે.

ફૂલના છોડ વાવે ને તેને મોટા ગાર્ડનનું નામ આપે.

—તો કોઇ દિ' શેઠની જેમ બગીચાના બાંકડા પર બેસે.

નાનાં છોકરાં મોટાં છોકરાંના ખોળામાં બેસે.

સૂર્યનાં કૂણાં સોનેરી કિરણો તેમના ગાલ પર પડે છે. તેમનાં ગાલ પણ સોનેરી દેખાય છે.

સુંદર ધીમો પવન વાય છે ને બાળકોના વાળ હલાવે છે.

છોકરાંઓ સવારના કૂણા તડકામાં આરોગ્યનું અમૃત પીએ છે.

છોકરાંઓ બપોર આખો બગીચામાં જ કાઢે છે.

દોડાદોડ કરી રમત રમે છે.

મોટા ઝાડને છાંયે ઊંઘી જાય છે.

બગીચામાં કાંઇક કાંઇક જડે તે ખાતાં જાય છે.

કોઇ વાર જમરુખડીની નીચે કાચાપાકા જમરુખ જડે છે.

કોઇ વાર કાંઇ ને કોઇ વાર કાંઇ જડ્યા જ કરે છે.

તેમને ખાટુંતુરું તો બહુ ભાવે; પણ કોઇ વાર મીઠું મધ પણ કોઇ ફૂલમાંથી જડી આવે છે.

જાતજાતનાં પાંદડાં, ફૂલ ને ઝીણામોટાં ફળ તેમને જડે છે.

બીજી બાજુ શેઠનાં છોકરાં મોડાં મોડાં ઊઠે છે.

સવારનો મધુર પવન કે કૂણો તડકો તેમને કયાંથી મળે?

સવારના તરતના ખીલેલાં ફૂલોની મધુર સુવાસ તેમને કયાંથી મળે?

ભૂમાતાનો ખોળો ખૂંદવો, તેની સેવા કરીને તેની પાસેથી સમૃદ્ધિ મેળવવી એ માળીનાં છોકરાં જાણે.

શેઠનાં છોકરાંને તો ખબરેય નથી કે બહાર જઇને જરા ખોદીએ. થોડું કે પાણી પાઇએ તો ભૂમિ થાળ ભરીને ધણું આપે છે.

ઝૂંપડાનાં છોકરાં હસતાં ઊઠે ને રમતાં ફરે.

ને બંગલાનાં છોકરાં રડતાં ઊઠે ને રડતાં જ ફરે.

ઝૂંપડાનાં છોકરાં હસતાં હસતાં ને આગી આગીને રોટલા ખાવે.

જ્યારે બંગલાનાં છોકરાંને વિનવી વિનવીને આયા દૂધ પાતી હોય.

ઝૂંપડાનાં છોકરાં પરોઢિયાની ચોખ્ખી હવા અને સૂર્યોદય વખતના કૂણા તડકામાં નહાતાં હોય ને આરોગ્ય મેળવતાં હોય.

જ્યારે બંગલાનાં છોકરાંઓ ડૉકટરની દવા પર જીવતાં હોય.

તેમને શકિત માટે કેટલીયે દવા આપવી પડે છતાં તેમના દાંત નાનપણથી સડે આ માટે દાંતના ડૉકટર આગળ લઇ જવાં પડે છે.

બાળકોનાં બાસ સ્પેશિયાલિસ્ટો પાસે તો દર મહિને એક વાર તપાસ થાય જ છે.

ઝૂંપડાનાં બાળકો ધૂળમાટીમાં રમીને ખેતીવાડીનું શિક્ષણ અજાણતાં મેળવતાં હોય છે.

જ્યારે બંગલાનાં છોકરાં ઢગલાબંધ રમકડાંથી ભરાયેલી ઓરડી તરફ જોઇને કંટાળીને રડે છે ને નવાં રમકડાં માગતાં હોય છે.

આ જે બંગલે બંગલે બાગ છે;
બાગે બાગે માળીનાં ઝૂંપડાં છે;
ઝૂંપડે ઝૂંપડે માળીનાં બચ્ચાં છે;
બંગલે બંગલે શેઠનાં છોકરાં છે.

વિચાર થાય છે કે ખરા શ્રીમંત કોણ?

બગીચામાં ફરનાર, ફૂલોની સુગંધ લેનાર, ફૂલોથી ખીલેલા કયારા પાસે બેસનાર, પ્રાતઃકાળના મધુર પવન ને તડકાની મઝા માણનાર, જમીન ખોદવાના, પાણી પીવાના, ઘાસ કાઢવાના ને અનેક પ્રકારના શ્રમ કરનાર, ને પોષણ તરીકે માના પ્રેમ સાથે મળેલો સૂકો રોટલો ચાવનાર એવાં માળીનાં બાળકો?

કે—

બગીચા સામે ભાગ્યે જ જોનાર, ફૂલોની સુગંધ કે રંગરૂપ તરફ ભાગ્યે જ ધ્યાન આપનાર, પ્રાતઃકાળ હમેશ બિછાનામાં ગાળનાર, કોઇ પણ જાતનો બાસ ઉત્પાદક શ્રમ કદી ન કરનાર ને આયાની વિનતિ કે ધમકીથી દૂધ ને મોસમ્બીનો રસ પીનાર, ને ડૉકટરની દવા પર જીવનાર એવાં શેઠનાં બાળકો?

તારાબેન

બાલમંદિરોના શિક્ષકોનો અનુભવ

'બાલમંદિરના શિક્ષકોનો અનુભવ' એ નામનો નવો વિભાગ આ અંકથી અમે શરૂ કરીએ છીએ અને એ વિભાગ માટે આવેલા બે લેખો—'અમારાં બાળકો સ્વચ્છ થયાં' અને 'હું ન સમજ્યો'—આ નીચે રજૂ કરીએ છીએ. આપણે ત્યાં આજે અનેક બાલમંદિરો હસ્તી ધરાવે છે. એમાં હરિજન જેવી પછાત વર્ગની કોમોનાં બાળકોના બાલમંદિરો પણ હશે. આ બાલમંદિરના શિક્ષકોને પોતાના હંમેશના અનુભવમાંથી ઘણું ઘણું કહેવાનું હશે. તેઓ જો એમના અનુભવો અમને લખી મોકલશે તો અમે એને સહર્ષ પ્રગટ કરીશું. અમારું એ માટેનું એમને આમંત્રણ છે.

—તંત્રી

[૧] અમારાં બાળકો સ્વચ્છ થયાં

સાત વાગ્યાનો ઘંટ થાય ને બાળકો બાલવાડીમાં આવવા લાગે. નાનાં બાળકો, કે જેમનાં ઘર દૂર હોય એવાંને કાર્યકર બેન લેવા જાય. અમારા ફળીઆનાં બે ત્રણ બાળકોને હું પણ લેતી આવું. એમાંના એક બાળકને હું જ્યારે જોઉં ત્યારે ધૂળમાં જ રમતું દેખું. કપડાં તો બૂબ જ ગંદા. મોંહું પણ કોઇ દિવસ ધોયેલું ન હોય, આંખોમાં પીયા. જ્યારે અમે તેમને બે લાવીએ: ચાલો, બાબાભાઇ બાલવાડી, તો ચાલે તો ખરું પણ એમ ને એમ જ.

બાલવાડીમાં પણ એ બાળકની ધૂળ સાથેની જ પ્રવૃત્તિ. બાલવાડીના ઓરડાની સફાઇ બાળકો સાથે સમૂહમાં થઇ જાય કે હાથપગ ધોવાનો વખત થાય ને મંજીરા વગડે, કે સર્વે બાળક લાઇનબંધ બેસી જાય; પરંતુ એ બાળક તો ત્યાંનું ત્યાં જ ધૂળ સાથે. અમે તેમને બોલાવી, ઉપર લાવીએ, પરંતુ હાથપગ ધોવાનો વારો આવે કે તે રોવા લાગે. આથી અમને લાગ્યું આમ શા માટે?

એક દિવસ હું એમને ઘેર ગઇ. થોડી વાર એમની બા પાસે બેઠી. ઘરમાં જોયું તો બધું જેમતેમ અવ્યવ્યસ્ત જોવામાં આવ્યુ, ને બાળક પણ ઘરમાં ઠીકરા ને કાંકરા લઇ રમત રમી રહ્યું હતું. તેવામાં અમને તેના રોવાનું કારણ જડી ગયુ. બાળક તરસ્યું થયું ને પાણી માગ્યું; પણ તેના બા મારી પાસે બેઠા હતા તેથી પાણી આપવામાં વિલંબ થયો ને બાળકે જઇ માટલામાંથી પાણી ભરી પીવા લાગ્યું—ત્યાં ગ્લાસ પડી ગયો ને પાણી ઢોળાઇ પગ તળે આવ્યું. બાળક ત્યાં ને ત્યાં જ ઊભુ રહી રાડો પાડવા લાગ્યું. આ બાજુથી એમની બા ઊઠ્યાં ને ગાળો દેવા લાગ્યાં: મૂવા આઘો તો બસ. શરદી થાંસે, ભીનામાં ઊભો છો તી. એમ કહી પાણી આપ્યું ને બાળક પાણી પીને બહાર ફળીઆમાં ધૂળમાં રમવા બેઠું. પછી બીજે દિવસે એમના હાથપગ ધોવરાવ્યા પહેલાં બધાં બાળકોને બેસાડી અમે કહ્યું કે, "જેને હાથપગ ધોવા હોય એ ધોવે ને નહાવું હોય એ નહાય, કોઇને હાથપગ ધોવાથી કે નહાવાથી શરદી થાય નહિ ને માંદા પડે નહિ, નહાવાથી તો સાફ થવાય."

તે દિવસે બાળકને બીક મટી ગઇ હોય એવું અમને જણાયું ને બાળકને હાથપગ ધોવાનું કહ્યું તો બોલ્યા ચાલ્યા વગર ત્યાં જ ઊભું. પછી બીજા બાળકે તેને હાથપગ ઘસીને ધોઇ દીધા.

બીજે દિવસે તો બાળક હાથપગ ધોઇને તૈયાર થઇ રહ્યું હતું. અમે બોલાવ્યુ કે તરત હાજર.

હવે તો બધાં બાળકોમાં સાફ રહેવામાં પહેલો નંબર એ બાળકનો છે. ભલે ઠંડી પડતી હોય પરંતુ એની બાને કહેશે: નવરાવો, કપડાં બદલી દો, ચડ્ડી પહેરાવી દો, માથામાં તેલ નાખી દો. કેમ કે વાળ તો પોતાના હાથે ઓળેલા ગમે છે. નાક સાફ કરવા રૂમાલ-તે પણ સાફ.

હવે તેમને ઘેર જ્યારે જઇએ છીએ ત્યારે તેમના ઘરમાં પણ બધું વ્યવસ્થિત હોય છે. અને એની બા તો કહે છે: અમારો બબલો તો બાલવાડીમાં આવીને બૂબ જ સુધરી ગયો ને મને પણ સુધરી દીધી! કચરો ઘરમાં કયાંય હોય તો કહેશે: સાવ-ણી આપો, હું સાફ કરી નાખું; અને જમે ત્યારે પણ કહે છે: મારા હાથ ખરાબ થશે માટે ચમચો આપો.

કેટલું ચોખ્ખું બાળક!

રૂપવંતીબેન માંડણ ચૌહાણ

[૨] હું ન સમજ્યો....

મૂળજીભાઇ લગભગ આઠ માસથી બાલવાડીમાં આવે છે. સામાન્ય રીતે શરૂથી જ તે શાંત સ્વભાવના એટલે ઘણું ખરું આવ્યા પછી શાક સુધારવાની કે મોતી પરોવવાની, કે જોખવાની પ્રવૃત્તિને તરત હાથમાં લેતા. ઘણી વાર બીજી પ્રવૃત્તિઓ પણ લે; પણ થોડી વાર લે અને પછી તરત મૂકી દે.

હમણાં હમણાં બાલવાડીમાં પીંજણ અને પૂણી બનાવવાની પ્રવૃત્તિ જોરશોરે ચાલે છે. છતાં ય એ તો

આવીને તેના સામું ભાગ્યે જ જોતા અને પોતાની અન્ય પ્રવૃત્તિઓ જ કરતા. પંણ આજે સંગીત પૂરું થયું, ને આસન લઇને એક કુંગળ અને થોડો કપાસ લઇને બેઠા. બીજા એક ભાઇએ પાટલી અને કપાસીઆ કાઢવાનો સણીઓ લીધેલો એટલે તેમને કહેવા આવ્યા: "રમેશભાઇ, મને પાટલી ને સણીઓ અપાવો." મેં કહ્યું: "તમને હજુ વાર છે; તમને તે હું કેમ વાપરવો તે બતાવીશ, પછી આપીશ, તમારે જોઇતો હશે તો." એટલે એ તો પાછા ગયા.

થોડી વાર થઇને પાછા આવ્યા અને કહેવા લાગ્યા: ".....એમની પાસે એમ ને એમ પડયો રહ્યો છે; મને આપવા કહો ને?" મેં કહ્યું: "તમારે જોઇતો હોય તો પહેલાં કપાસનાં સૂરજ (ફૂલ) બનાવો...હું જોવા આવું છું." એ તો તરત ગયા અને માંડયા સૂરજ બનાવવા. થોડી વારમાં તેમણે ઘણા સૂરજ બનાવી દીધા લગભગ ૬૦-૭૦. પાછા મારી પાસે આવ્યા. મને કહે: "હવે રમેશભાઇ, મને સણીઓ અને પાટલી અપાવો." મેં કહ્યું: "ચાલો આવું જોવા." હું જોવા ગયો. તેમણે સુંદર અને સરસ મઝાના મોટા મોટા રેશાઓ ખેંચીને ધીરે ધીરે જાળવીને સૂરજ બનાવેલા. પછી મેં કહ્યું: "મૂળજીભાઇ, હાથે જ બી એમાંથી કાઢી નાખો ને!" તેમણે કહ્યું: "ના; મને તો પાટલી ને સણીઓ જોઇએ છે." મેં કહ્યું: "જુઓ, જેમને હાથે બી કાઢતાં આવડી જાય તેમને જ પાટલી અને સણીઓ મળે." એટલે ઘડીભર તે મારા સામું જોઇ રહ્યા, અને પછી હું ત્યાંથી ઊઠયો એટલે તે સૂરજમાંથી ધીરે ધીરે બી કાઢવા લાગ્યા. અને આખરે લગભગ બધા સૂરજમાંથી બી કાઢી નાખ્યા, અને ધનૂષ લઇ પીંજવા બેઠા. થોડી વારમાં લગભગ ઠીક ઠીક બધું રૂ પીંજી મણું નાખ્યું અને પૂણી, પાટલો ને હાથો લઇ પૂણી બનાવવા લાગ્યા. તેમણે બે નાની નાની સુંદર પૂણીઓ બનાવી. મને બતાવવા આવ્યા: "જુઓ રમેશભાઇ, મેં પૂણી બનાવી." મેં કહ્યું: "સરસ બની છે...તમે હાથે બધાં જ બી કાઢયાં?" તેમણે કહ્યું: "હા...હવે મને પાટલી ને સણીઓ અપાવશો?" મેં કહ્યું: "હમણાં જ જોઇએ છે? હમણાં જ અપાવું?' તેમણે કહ્યું: "હા." હું પેલા ભાઇ પાસે ગયો અને તેમની પાસેથી પાટલી ને સણીઓ અપાવ્યાં. આ વખતે એ ભાઇનું કામ પણ પૂરું જ થયું હતું. વળી પાછા મૂળજીભાઇ થોડું રૂ લઇ આવ્યા અને પાછા સૂરજ બનાવવા બેઠા. તેમાંથી પાટલી અને સણીઆ વડે બી કાઢયું. પછી મને તે જોવા લઇ ગયા. તે કહે: "જુઓ રમેશભાઇ, મેં પાટલી અને સણીઆ વડે રૂ કાઢયું. હવે તેને પીંજીને હું પૂણી બનાવીશ."

હું ધારું છું કે આ મૂળજીભાઇની ભૂખને શરૂમાં હું જરાય ન સમજ્યો. મારા મનમાં એમ કે ગમેતેમ કપાસ બગાડશે અને ખોટો અવાજ કરશે કે બે ભેગાં કરી બબડાવશે અને બીજાને હેરાન કરશે. પણ ખરું જોતાં તેમની ભૂખ પૂરેપૂરી ઊઘડેલી હતી. બલકે તે તેના જ ભૂખ્યા હતા; એટલું જ નહિ, તેમને તે આવડે છે કે નહિ તે જોઇ પુનર્વાર જ કરવું હતું. મારી દૃષ્ટિએ કદાચ તેમણે આ પાટલી અને સણિયો પહેલવહેલાં જ લીધાં હશે. પણ તેમની ચકોર નજરે, બાલવાડીના આ વાતાવરણમાંથી તે કયારનુંય શીખી લીધું હશે, જેનો મને સ્વપ્નેય ખ્યાલ નહોતો.

આવી ભૂલો શિક્ષકો કયાંય ન કરે તે જોતા રહે.

તા૦ ૨૫-૯-'૪૭. **રમેશ મહેતા**
આચાર્ય: બોરડી

સ્વ૦ ગિજુભાઇજયંતી

નૂ. બા. શિ. સંઘની મુંબઇ શાખા તરફથી સ્વ૦ ગિજુભાઇ બધેકાની જયંતી પ્રસંગે તા૦ ૧૭-૧૧-૪૭ સોમવારના રોજ સાંજના ૪ વાગે, ભગિની સમાજ બાલમંદિર મેથ્યુ રોડ મુંબઇ મધ્યે, શ્રી૦ નાનાભાઇ ભટ્ટના પ્રમુખપણા હેઠળ એક જાહેર સભા યોજવામાં આવી છે.

આ પ્રસંગે સદ્‌ગતના જીવનકાર્ય વિશે બોલવામાં આવશે. ઉપરાંત રંજનકાર્યક્રમ પણ યોજવામાં આવશે. સૌ ભાઇબહેનોને આ સભામાં પધારવા વિનતિ કરવામાં આવે છે.

બાબીબેન મૂલજી, પ્રભુભાઇ ઉપાધ્યાય, સુશીલાબાઇ જોશી
માનદ મંત્રીઓ

સંપાદકીય નોંધ

સુરત સંમેલન

નૂતન બાલશિક્ષણ સંઘની દક્ષિણ ગુજરાત શાખાનું સંમેલન શ્રી૦ તારાબેન મોડકના પ્રમુખપદ હેઠળ તા૦ ૧૯–૧૦–૪૭ના રોજ સુરત મધ્યે નગીનદાસ હૉલમાં મળ્યું હતું. આ પ્રસંગે બાલશિક્ષણમાં કામ કરનારા ભાઇબહેનોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી.

સંમેલનની શરૂઆત સવારના નવ વાગે પ્રાર્થનાથી થઇ હતી. શાખાપ્રમુખ શ્રી૦ રતનલાલ ખાંડવાલાએ સ્વાગતના બે બોલ કહ્યા બાદ મંત્રી શ્રી૦ કુસુમબેન શાહે દક્ષિણ ગુજરાત શાખાની માહિતી આપતાં, એક વર્ષ પહેલાં જ સ્થપાયેલ આ શાખાએ શરૂ કરેલાં કામોની ટૂંક માહિતી આપી હતી. વર્ષ દરમ્યાન શાખાએ ૧૫૦ જેટલા સભ્યો નોંધ્યા હતા અને પોતાના આંગણે સંમેલનની આ બેઠક બોલાવી હતી. શ્રી૦ કુસુમબેને આ પ્રસંગે સફળતા ઇચ્છતા આવેલા સંદેશાઓનું વાચન કર્યું હતું.

ભાષામંત્રી શ્રી૦ કમળાશંકર પંડિતે સંઘનો ઇતિહાસ રજૂ કરતાં ૨૨ વર્ષ પહેલાં આ સંઘ સ્વ૦ શ્રી૦ ગિજુભાઇએ સ્થાપ્યો અને સંઘે અત્યાર સુધી બાલશિક્ષણ અને બાલસાહિત્યની દિશામાં જે વ્યાપક અને વિવિધ કાર્ય કર્યું છે તેની રજૂઆત કરી હતી.

પ્રમુખ શ્રી૦ તારાબેન મોડકે શાખા સ્થપાવાનું જાહેર કર્યું હતું. કાર્યકર્તા ભાઇબહેનોએ શાખાના કાર્યમાં રસ લઇ જે પ્રગતિ સાધી તે બદલ ધન્યવાદ આપ્યા હતા.

ત્યાર બાદ આ પ્રસંગે યોજવામાં આવેલ એક બાલશિક્ષણવિષયક પ્રદર્શનની શ્રી૦ તારાબેને ઉદઘાટનક્રિયા કરી હતી.

વંદે માતરમ ગવાયા બાદ સવારની બેઠક પૂરી થઇ હતી અને બપોરના સાડા ત્રણ વાગે ફરી બીજી બેઠક મળી હતી. દરમ્યાન શ્રી૦ બાંડવાલાને ત્યાં સંઘના સભ્યો, કાર્યકર્તા અને પ્રતિનિધિઓની એક બેઠક સંઘ અને શાખાને પ્રગતિમાન કરવાના વિચારોની આપલે માટે મળી હતી

આ સંમેલન તરફથી ખુલ્લી બેઠકમાં સાત ઠરાવો મુકાયા હતા અને તે સર્વાનુમતે મંજૂર રહ્યા હતા. ઠરાવોની ટૂંક વિગત નીચે આપવામાં આવે છે :

(૧) સંઘના કાર્યકર શ્રી૦ ભગવતી શૈલતના અકાળ અવસાન માટે શોક પ્રદર્શિત કરતો ઠરાવ. (૨) ઘર અને શાળાનો સુમેળ સાધવા શહેર તથા ગામડાંમાં માતૃસંઘોની સ્થાપના કરવાનો ઠરાવ. (૩) માન્ય કરેલાં બાલમંદિરો તથા બાલવાડીઓને નિયત કરેલા ધોરણે આર્થિક મદદ આપવાની નીતિ સ્વીકારવા મુંબઇ પ્રાન્તને વિનતિ કરતો ઠરાવ. (૪) પૂર્વપ્રાથમિક કેળવણીનો પાયો સંગીત અને વૈજ્ઞાનિક ધોરણે નાખવા મુંબઇ પ્રાન્તમાં બાલઅધ્યાપન મંદિરો શરૂ કરવા પ્રાંતિક સરકારને ભલામણ કરતો ઠરાવ. (૫) દક્ષિણ ગુજરાત વિભાગમાં બાલમંદિરો તેમજ બાલવાડીઓની સંખ્યા ઘણી ઓછી હોવાથી એક બાલઅધ્યાપન મંદિર સ્થાપવાનો ઠરાવ; અને એ સંબંધી એક વ્યવહારુ યોજના તૈયાર કરીને સંઘની કારોબારી સમક્ષ તા૦ ૩૧ ડિસેમ્બર પહેલાં રજૂ કરવા નીચેના સભ્યોની એક સમિતિ નિમાઇ હતી: શ્રી૦ જુગતરામ દવે, શ્રી૦ નારાયણ દેસાઇ, શ્રી૦ ચન્દ્રવદન શાહ, શ્રી૦ અભયાબેન ભટ્ટ અને શ્રી૦ કુસુમબેન શાહ. (૬) બાળકો માટે ક્રીડાંગણો રચવા માટે શહેરસુધરાઇ તેમ જ જિલ્લા લોકલ બોર્ડને સારુ જમીન કાઢી આપવા તેમ જ તેના નિભાવ માટે સંગીન મદદ કરવાનો ઠરાવ. (૭) તા૦ ૧૫ નવેમ્બરના રોજ આવતી સ્વ૦ શ્રી૦ ગિજુભાઇ જન્મજયંતી ઊજવવા દક્ષિણ ગુજરાત વિભાગના શિક્ષકોને તેમ જ અન્ય કાર્યકરોને વિનતિ કરતો ઠરાવ.

સાંજે સાડા પાંચ વાગે નગીનચંદ્ર હૉલમાં જાહેર સભા, બાળક પ્રત્યેની નૂતન દૃષ્ટિ અને વ્યવહાર વિશે, રાખવામાં આવી હતી. આખો હૉલ પ્રેક્ષકોથી ભરાઇ ગયો હતો અને શ્રી૦ જુગતરામ દવે તથા શ્રી૦ તારાબેન મોડકે આ વિષય પરત્વે ભાષણો કર્યાં હતાં.

બાળકોનો આકર્ષક રજન કાર્યક્રમ રજૂ થયા પછી આભારદર્શન બાદ સંમેલન વિસર્જિત થયું હતું.

આમ સંઘની દક્ષિણ ગુજરાત શાખાનું સંમેલન સફળતાથી પાર પડ્યું. આ શાખાની એક વર્ષ પહેલાં જ સ્થાપના થઇ હતી. તે દરમ્યાન ૧૫૦ જેટલા સભ્યો નોંધાયા અને આ સંમેલન પોતાના આંગણે બોલાવ્યું એ હકીકત કાર્યકર્તાઓની કાર્ય પ્રત્યેની તત્પરતા બતાવે છે.

સંઘે ત્રણ ભાષા વિભાગ દ્વારા પેટાશાખાઓ સ્થાપીને વ્યાપક રીતે બાલશિક્ષણના પ્રચાર માટે જે પ્રયત્નો આદર્યા છે તેને સફળતા મળી રહી છે એ ખુશી થવા જેવું છે. ગુજરાતી વિભાગમાં કચ્છ, કાઠિયાવાડ, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, અમદાવાદ અને મુંબઇ એમ સાત શાખાઓ દ્વારા કાર્યની જે શરૂઆત કરવામાં આવી છે તે આવકારદાયક છે.

અમે આશા રાખીએ છીએ કે, દરેક શાખાના કાર્યકર્તાઓ પોતાના કાર્યને વધુ ને વધુ સંગીન બનાવશે.

હજી કેટલીક શાખાઓને પોતાને વધુ વ્યવસ્થિત અને કાર્યક્ષમ બનાવવાની જરૂર છે. કાર્યકર્તા ભાઇબહેનો સવેળા આ પ્રશ્ન હાથ ધરશે એવી આશા છે.

પત્રિકાના લવાજમમાં વધારા બાબત

આજના અસહ્ય મોંઘવારીના સમયમાં ગયા વર્ષે "શિક્ષણપત્રિકા"ના કદમાં વધારો કર્યો હતો અને પૂંઠું

તથા ચિત્રો આપવાનું શરૂ કરેલું. લવાજમમાં ફક્ત એક જ રૂપિયાનો વધારો આ વર્ષે પ્રયોગ દાખલ કરેલો. પણ અનુભવે અમને લાગ્યું કે, આથી પત્રિકાને ભારે ખોટ સહન કરવી પડે છે; કારણ કે છાપકામના ભાવોમાં ભારે વધારો થયો છે અને તે દર લગભગ બમણા થયા હોવાથી, ન છૂટકે, લવાજમ આવતા વર્ષ ૧૯૪૮ના જાન્યુઆરીથી વધારવું પડશે એમ ગયા અંકે અમે જાહેર કર્યું હતું; તે બાબતમાં એવો નિર્ણય કરવામાં આવ્યો છે, કે ૧૯૪૮ના જાન્યુઆરીથી શિક્ષણપત્રિકાઓના લવાજમમાં રૂપિયા એકનો વધારો નવા વર્ષથી કરવો. એટલે અમારા સુજ્ઞ ગ્રાહકોએ નવા વર્ષ માટેનું લવાજમ ૧૯૪૮ના જાન્યુઆરીથી રૂપિયા ચાર સમજીને તે મુજબ ત્રણે ભાષાની પત્રિકાઓ માટે મોકલવું.

શિક્ષણસંસ્થા તથા શિક્ષકબંધુઓ જેઓ રૂા. ત્રણથી વધુ લવાજમ ભરી શકે એમ ન હોય તેઓ આ સંબંધી અરજી મોકલે. સંઘનું કાર્યવાહક મંડળ વિચાર કરી તેનો નિર્ણય કરશે. સંઘના સભ્યના લવાજમના દરમાં નીચે મુજબ ફેરફાર ૧૯૪૮ના જાન્યુઆરીથી કરવામાં આવ્યો છે તે પ્રત્યે સભ્ય ભાઈબહેનોનું ધ્યાન ખેંચવામાં આવે છે અને સંઘના સભ્યોને સભ્યપદ પર ચાલુ રહેવા વિનતિ કરવામાં આવે છે. હવે પછી નવા વર્ષથી નીચેના લવાજમના દરો રાખવામાં આવ્યા છે:

સામાન્ય	સભાસદ	લવાજમ	રૂા. ૪–૦–૦
સાક્રિય	,,	,,	રૂા. ૪–૦–૦
સહાયક	,,	,,	રૂા. ૭–૦–૦
સંસ્થા જોડાણ	,,	,,	રૂા. ૧૦–૦–૦
આજીવન	,,	,,	રૂા. ૧૦૦ થી રૂા. ૫૦૦૦ સુધી.

નોંધ: સંઘે માન્ય કરેલ બાલમંદિરો પ્રતિનિધિ મોકલી શકશે.

સંઘનો પૂર્વ આફ્રિકા વિભાગ:

આપણા સંઘના સભ્યોએ પૂર્વ આફ્રિકામાં મોમ્બાસા મધ્યે સંઘના પૂર્વ આફ્રિકા વિભાગની સ્થાપના કરી છે. શ્રી૦ વસંત નાયક પ્રમુખ, શ્રી૦ હેમુભાઈ રાજગોર અને શ્રી૦ સોમાભાઈ ભાવસાર મંત્રીઓ. શ્રી૦ બાબૂભાઈ પટેલ કોષાધ્યક્ષ છે. જુદા જુદા પ્રાન્તના મંત્રીઓની પણ નિમણૂક કરવામાં આવી છે અને તે આ પ્રમાણે છે:

કેનિયા: શ્રી૦ શારદાબેન રાજગોર, શ્રી૦ વનલીલાબેન ભાવસાર.

ટાંગાનિકા: શ્રી૦ કાન્તાબેન પાઠક.

યુગાન્ડા: શ્રી૦ કેશુભાઈ દોશી.

ઝંઝીબાર: શ્રી૦ રણછોડજી નાયક.

હિન્દ બહાર પરદેશ ખાતે સંઘનો આ પ્રથમ વિભાગ

(અનુસંધાન પૂંઠાને ત્રીજે પાને)

સમાચાર

કસ્તૂરબા ગાંધી રાષ્ટ્રીય સ્મારક ટ્રસ્ટ તરફથી ગાંધી સપ્તાહ દરમ્યાન ગુજરાતમાં પાંચ ગ્રામસેવાકેન્દ્રો બાલવાડીની પ્રવૃત્તિ કેન્દ્રમાં રાખી, સ્થાપવામાં આવેલ છે. દરેક કેન્દ્રમાં બબ્બે બહેનોને મોકલવામાં આવ્યાં છે. આ બહેનોએ કસ્તૂરબા ગ્રામસેવિકા તાલીમવર્ગ તથા સંઘના ગ્રામબાલશિક્ષણકેન્દ્રમાં તાલીમ મેળવી છે.

* * *

ગ્રામ બાલશિક્ષણકેન્દ્ર મોરડીમાં ગાંધીજયંતી ઊજવાઈ હતી. આ પ્રસંગે અખંડ કાંતણ, ગાંધીજીનું જીવનકથન અને બાળકોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

* * *

રાજકોટમાં સ્ટેટના દીવાનસાહેબના હાથે હરિજન બાલમંદિર ખુલ્લું મુકાયું છે.

વાડાસિનોર બાલમંદિરના શિક્ષકભાઈ એક દરખાસ્ત મોકલતાં જણાવે છે કે, "ચાલુ ટ્રેને બાલગીતો ગાઈ ગીતોનો પ્રચાર કરવો એ લોકશિક્ષણદૃષ્ટિએ કેમ છે?"

આ ભાઈનું સૂચન ખોટું નથી. જેમને ફાવે તેઓ આ દિશામાં પ્રયત્ન કરી જુએ. આ પ્રયત્ન પાછળ લોકરંજનનો ઉદ્દેશ નહિ, પણ બાળસેવાનો ઉદ્દેશ સામે રાખીને આ પ્રયોગ કરવો જોઈએ કોઈ પણ સંજોગોમાં મુસાફરો તરફથી આ કાર્યના બદલામાં કોઈ પૈસા આપવા પ્રયત્ન કરે તો તે કદી સ્વીકારી શકાય નહિ; એટલું જ નહિ, પણ સંસ્થા માટે પણ લઈ શકાય નહિ એ હકીકત ખાસ ધ્યાનમાં લેવા જેવી છે.

સામાન્ય સભાની બેઠક

તા૦ ૧૮ ઑક્ટોબર ૧૯૪૭ના રોજ જાહેર થયેલી નૂતન બાલશિક્ષણ સંઘની બેઠક સભ્યોની ઓછી સંખ્યાની હાજરીને કારણે મુલતવી રહી હતી અને જાહેર કરવામાં આવેલ કામો માટે તે ફરી તા૦ ૬ઠ્ઠી ડિસેમ્બરના રોજ ભગિની સમાજ બાલમંદિર મેથ્યૂ રોડ, ચોપાટી, મુંબઈ મધ્યે સાંજના ચાર વાગે બોલાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. સંઘના સર્વે સભ્યોને પધારવા વિનતિ કરવામાં આવે છે.

મંત્રીઓ: નૂ૦ બા૦ શિ૦ સંઘ

શિક્ષણપત્રિકા ના

બાલવિભાગ

વર્ષ પહેલું : અંક અગીયારમો : નવેમ્બર, ૧૯૪૭

ગિજુભાઈ

કોઇ કહે છે કે ગિજુભાઇ બાળકોના વકીલ હતા.

કોઇ કહે છે કે ગિજુભાઇ બાળકોના મિત્ર હતા.

કોઇ કહે છે કે ગિજુભાઇ બાળકોના રક્ષક હતા.

કોઈ કહે છે કે ગિજુભાઇ બાળકોના લેખક હતા.

કોઇ કહે છે કે ગિજુભાઇ બાળકોની મા હતા.

હા; અરેખર, ગિજુભાઇ બધું જ હતા.

કેમ વળી? ગિજુભાઇએ એવું શું કર્યું?

ગિજુભાઇએ જીવતાં સુધી બાળકો માટે જ પ્રયત્ન કર્યા.

ગિજુભાઇ માબાપો સાથે લડ્યા.

ગિજુભાઇ શિક્ષકો સાથે લડ્યા.

ગિજુભાઇ તેમને કહેતા:

"આટલા મોટા થઇને નાનાં બાળકોને કેમ મારો છો?

તે કહેતા: બાળકોને મારશો નહિ.

તેમનું કોમળ મન દુભવશો નહિ.

બાળકોને બીવરાવશો નહિ.

તેમનાં કોમળ મન ઉપર ભયની છાપ પાડશો નહિ.

બાળકોનું અપમાન કરશો નહિ.

બાળકો નાનાં છે પણ તેમને માનઅપમાનની અસર થાય છે.

બાળકોને આનંદમાં રહેવા દો.

બાળકોને ખુશીમાં રહેવા દો.

બાળકોને વાર્તા કહો.



બાળકોને ગીતો ગાઇ સંભળાવો.

બાળકોને હમેશાં કામમાં લગાવો.

બાળકોની રમતને નકામી ન સમજશો.

એકંદરે શું?

તેમણે માબાપોને ઘણું ઘણું કહ્યું.

તેમણે શિક્ષકોને પણ ઘણું ઘણું કહ્યું.

પણ તે બાળકોના વકીલ હતા કે નહિ?

તેઓ બાળકોને ખૂબ જ વાર્તા કહેતા.

તેઓ બાળકો માટે ઘણી જ વાર્તાઓ લખતા.

તેઓ બાળકો સાથે રમતા.

બાળકો તેમના શરીર પર ચઢતા અને તેમની મૂછો ખેંચતાં.

તેમણે સોબસો પુસ્તકો લખ્યાં:

બાળકો માટે વાર્તાનાં અને માબાપો માટે બાળકો સંબંધે.

પછી કહો જોઇએ, ગિજુભાઇ બાળકોના મિત્ર, અરેખર સાચા મિત્ર હતા કે નહિ?

ગિજુભાઇ કહેતા:

અરેરે! કેટલાં બાળકોને મારી નાખવામાં આવે છે?

બાળકોને કેટલાં ગંદાં રાખવામાં આવે છે?
બાળકોને કેટલાં દુઃખો ભોગવવા પડે છે?
બાળકો માટે સારું રમવાનું નહિ!
બાળકો માટે સારું વાંચવાનું નહિ!
તેઓ બોલી બોલતાં જ ન હતા,
પણ તેમના માટે બૂબ જ મહેનત કરતા.
એટલે જ લોકો કહેવા લાગ્યાઃ
ગિજુભાઇ બાળકોના રક્ષક હતા.
ગિજુભાઇએ લખ્યું;
બૂબ લખ્યું:
બાળકો માટે લખ્યું.
બીજાઓ પણ લખે છે, બાળકો માટે જ લખે છે.

પણ, તેમનામાં ઘણો ફરક છે.

ગિજુભાઇએ લખ્યું તે બાળકોને સમજાતું.
ગિજુભાઇએ લખ્યું તે બાળકોને ગમતું.
ગિજુભાઇએ લખ્યું તે બાળકોને પચતું.
ગિજુભાઇએ લખ્યું તે બાળકોને રુચતું.
તેથી જ ગિજુભાઇ બાળકોના લેખક હતા.

મા બાળકો ઉપર પ્રેમ કરે છે;
ઘણો ઘણો પ્રેમ કરે છે,
બાળકોનો જ બધો વિચાર કરે છે,
આખો વખત બાળકોમાં તેનું મન રમે છે.
ગિજુભાઇ પણ તેવા જ હતા.
મોટાઓ સાથે કડક.
પણ બાળકો સાથે? એકદમ મુલાયમ.

પરંતુ ગિજુભાઇ પુરુષ છતાં બાળકોની મા જ કહેવાતા.

હવે સમજાયું કે ગિજુભાઇએ શું કર્યું?

તારાબેન

ગા ધે ડું

ધોળું ગધેડું મેં જોયું.
ભાગોળે એ ઊભું'તું;
વિચાર કંઇ કરતું'તું,
શા શા વિચાર કરતું'તું?
બધાં પોતાને કામે ચાલ્યા
બાબા ભાઇ બાલમંદિર ચાલ્યા
બેબીબેન બાલમંદિર ચાલ્યાં
બાપજી ઑફિસે ચાલ્યા
અને મારે શું અહીં સૂવું?
હું દોડયો ગધેડું જોવા
જોસથી માંડયું તે ભૂંકવા:
હાં ઓંઓંઓંઓંઓં ચી!
હાં ઓંઓંઓંઓંઓં ચી!

ભૂળદેવ પંડયા

સોનેરી સવાર

આજ મારા આંગણામાં
સોનેરી સવાર!
પંખીડાં ગીત ગૂંજે,
મધુર મધુર નાદે;
કેવા લહાવા લૂંટે....આજ૦
ઘંટા ઘનનન્ બજે,
આનંદે હૈયું નાચે;
ભેગાં મળી રમીએ....આજ૦
હિમાલયના શિખરે,
ઝંડા તોરણ ફરકે;
દિલ્લી કેવું શોભે?
આજ મારા આંગણામાં
સોનેરી સવાર!

ભૂલદેવ પંડયા

રેશમનો કીડો

એક હતો રાજા.


તેને હતી સાત રાણી.

રાજાને કેટલાંય ગામો હતા, કેટલાંય નોકર હતા, કેટલાંય ચાકર હતા, કેટલાંય હાથી હતા, કેટલાંય ઘોડા હતા, ને કેટલીયે પાલખી ને ગાડીઓ હતી; પણ એક કુંવર ન હતો.

રાજાને બહુ દુઃખ થતું.

એમ કરતાં રાજાની નાની રાણીને એક કુંવરી જન્મી એટલે બીજી રાણીઓને અદેખાઇ આવી. બધી વિચાર કરવા લાગી કે હવે આપણું માન નહિ રહે.

બધી રાણીઓ ભેળી થઇને રાજાને કહેવા લાગી: "અરરર! નાની રાણીને તો વાંદરી જન્મી છે. આવું તે કયાંય જોયું છે? કોઇ સાંભળશે તો આપણી નિન્દા કરશે."



સિંહનું બચ્ચું કહે : હું તો આ વનના રાજાનો કુંવર છું.
કુંવરી કહે : તો હું મનુષ્યના રાજાની કુંવરી છું.

રાજાએ રાણીઓનું કહેવું સાચું માન્યું. હુકમ કર્યો કે, "વાંદરીને વનમાં મૂકી આવો ને નાની રાણીને મારી નાખો."

× × ×

કુંવરી તો વનમાં રમે છે. પક્ષીઓ તેની સંભાળ રાખે છે.

એમ કરતાં એ મોટી થઇ.

એક દિવસ એક સિંહનું બચ્ચું આવ્યું ને કુંવરીને કહે: "તને ખાઉં."

કુંવરી કહે: "બબરદાર, જો મારી પાસે આવ્યું છે તો. કોણ છો તું?"

સિંહનું બચ્ચું કહે: "હું તો આ વનના રાજાનો કુંવર છું."

કુંવરી કહે: "તો હું મનુષ્યના રાજાની કુંવરી છું."

સિંહનું બચ્ચું બી ને નાસી ગયું. કુંવરી ચાલતી ચાલતી તેના બાપના ગામમાં આવી. રાણીઓએ તેને ભાળી ને પાસે બોલાવી પૂછ્યું:

"છોકરી! તું મરી નથી ગઇ?"

છોકરી કહે: "ના; હું તો વનમાં મઝા કરતી હતી."

રાણીઓએ તેને ફરી વાર મોટા મોટા પહાડ પર્વતોમાં મોકલી દીધી.

કુંવરી તો પહાડ પર્વતમાં ફરે, ફળ ફૂલ ખાય ને મઝા કરે. પશુપક્ષીઓની સાથે રમ્યા કરે.

એક દિવસ એક ગરુડનું બચ્ચું તેને લઇ જવા આવ્યું.

કુંવરી કહે: "બબરદાર, મને અડ્યા છો તો! કોણ છો તમે?"

ગરુડનું બચ્ચું કહે: "હું પક્ષીઓના રાજાનો કુંવર છું."

કુંવરી કહે: "તો હું મનુષ્યના રાજાની કુંવરી છું. ચાલ્યા જાઓ. ફરી આવ્યા છો તો વાત છે તમારી!"

ગરુડનું બચ્ચું બી ને નાસી ગયું.

કેટલાક દિવસો પછી કુંવરી વળી પાછી

તેના બાપના ગામમાં આવી. રાણીઓએ વળી પાછી ભાળી. પાસે બોલાવી પૂછ્યું: "છોકરી! કયાંથી આવી?"

કુંવરીએ બધી વાત કરી.

રાણીઓએ આ વખતે તો તેને જીવતી પાછી ન આવે એ માટે દરિયામાં નાખવાનો વિચાર કર્યો, ને દરિયામાં નાખી દીધી.

દરિયામાં એક માછલીરાણી તેને ખાવા આવી.

કુંવરી કહેઃ "હું તો રાજાની કુંવરી છું, મને તે ખવાય?"

માછલીરાણી તેને પીઠ પર બેસાડી દરિયા-કાંઠે મૂકી ગઇ.

કુંવરી, વળી પાછી ઘેર આવી.

રાણીઓ કહેઃ આ તો બધેથી પાછી આવે છે. માટે આ વખતે એક પેટીમાં પૂરીને ઊંડા દરિયામાં નાખી દો. પાછી જ ન આવે.

કુંવરીને લાકડાની પેટીમાં પૂરી દરિયામાં નાખી દીધી.

પેટી તણાતી તણાતી જાપાનમાં ગઇ. જાપાનના દેવોએ પેટીમાંથી કુંવરીને બહાર કાઢી. કુંવરીએ પોતાની બધી વાત જાપાની દેવને કહી.



માછલી રાણી તેને પીઠ પર બેસાડીને દરિયાકાંઠે મૂકી ગઇ.

દેવને તેની દયા આવી, ને તેને સાચવવા માટે તેને નાનો સરખો કીડો બનાવી દીધી. તેને ખાવા રેશમ આપ્યું ને રેશમના કપડાં પહેરાવ્યાં.

ત્યારથી આ કીડો રેશમના તંતુઓ કાઢવા માંડયો, અને હજી યે કાઢયા કરે છે.

જે બધાં રેશમી લૂગડાં આપણે પહેરીએ છીએ તે આ રેશમના કીડાનાં.

મોહીબેન

ચેવડો

વા વાયાથી ધૂળ ઊડી
ચમનાની દુકાને પડી
દુકાનમાં એ રાખે ભાગ
ભાગ ગોઠવે બુલ્લો બહાર
બુલ્લામાં એ ચેવડો
બગલો બાધા જેવડો
બાવા જેવું બાય નહિ
બગલો સાજો થાય નહિ.

ચંદુલાલ પાઠક

ધોધ

વાંકી ચૂંકી બળબળ કરતી
ઉતાવળી તું ચાલી જાય,
આઘે જાતાં બીણ પડી છે
તેમાં મોટો ભૂસકો માર.
ઊંચેથી તું નીચે પડે
શું તેને સૌ ધોધ કહે?
"હા ભાઇ, એ વાત બરી"
બળબળ વહેતી બોલી નદી.

ચંદુલાલ પાઠક

(૧૪૮ મા પાનાનું ચાલુ)

છે તેને નૂતન બાલશિક્ષણપ્રચાર માટે આ વિભાગના બધા સતત પ્રયત્ન ચાલુ રાખશે એવી આશા છે.

વિભાગ સ્થાપીને કામની જવાબદારી ઉપાડી લેનારાઓને અમારાં અભિનંદન છે અને તેમનું કામ ખૂબ જોસભેર વધે એમ અમે ઇચ્છીએ છીએ.

મહિલાપરિષદમાં બાલશિક્ષણ

મહારાષ્ટ્ર પ્રાંતિક મહિલાપરિષદ પૂર્વ ખાનદેશમાં ચોપડા નામના એક નાના ગામમાં ઑક્ટોબર તા૦ ૨૮, ૨૯, ૩૦મીએ ડૉ૦ કમળાબાઇ દેશપાંડેના પ્રમુખપણા નીચે ભરાઇ હતી. પરિષદમાં તેમણે બાલશિક્ષણ વિષે જે ઠરાવ સર્વાનુમતે પાસ કર્યો તેમ જ તેમના પ્રદર્શનમાં અને પ્રાત્યક્ષિકમાં બાલશિક્ષણને મહત્ત્વનું સ્થાન આપ્યું તે માટે મહારાષ્ટ્ર પરિષદનું અમે અભિનંદન કરીએ છીએ અને બીજા પ્રાંતોનું—ખાસ કરી ગુજરાત મહિલા પરિષદનું તે તરફ ધ્યાન ખેંચીએ છીએ. બાલશિક્ષણમાં બરું જોતાં ગુજરાત મહિલાપરિષદે પહેલ કરવી જોઇતી હતી; કારણ, ગયા ૨૦ વર્ષથી ગુજરાતમાં આ કામ ઘણી મહિલાઓ કરી રહી છે.

આ પરિષદમાં પાસ થયેલા ઠરાવમાં બેત્રણ બાબતો બાસ ધ્યાનમાં લેવા જેવી છે.

પહેલી વાત તો માત્ર બાલાશિક્ષણ બહુ સારું છે ને શાખાઓએ તે કામ ઉપાડવું જોઇએ, એવી ભલામણ કરીને પરિષદ બેસી રહી નથી. પણ આવી રીતે કામ કરવા ઇચ્છનાર બહેનો માટે તાલીમ મળે એવી યોજના પણ તેણે હાથ ધરી; અને બીજું, પ્રાંતિક પરિષદ આ કામને માટે બાસ નિધિ ભેગો કરી આ કાર્યને અંશતઃ આર્થિક મદદ કરવા તૈયાર થઇ છે તે પરથી આ ઠરાવ માત્ર દફ્તરમાં બાંધી રાખવાનો નથી પણ તરત અમલમાં મુકાવાનો છે એ સ્પષ્ટ થાય છે.

બીજી મહત્ત્વની વાત એ કે કારખાનાંવાળા અને મિલવાળાઓએ પોતાના કામગારોનાં બે વર્ષથી પાંચ વર્ષનાં બાળકો માટે ક્રેશ—ધોડિયાંખાતાંની સાથે બાલ-શિક્ષણની યોજના કરવી જોઇએ એવી ભલામણ કરી તે ઘણી જ જરૂરની હતી. અમદાવાદમાં કેલિકો મિલમાં એક સારું એવું બાલમંદિર ચાલે છે અને મુંબઇમાં બેત્રણ મિલમાં વ્યવસ્થા છે. તે સિવાય બીજે કયાંયે આ વાત તરફ કોઇનું ધ્યાન ગયું નથી

આશા છે કે, મુંબઇ અને ગુજરાત પ્રાંતિક તથા જિલ્લા શાખાઓ પણ આ પ્રશ્ન હાથ ધરી તેને બૂબ વેગ આપશે

—તંત્રી

સ્વ૦ શ્રી૦ ગિજુભાઇજયંતીસપ્તાહ

આપણા સંઘના આદ્ય સ્થાપક અને બાળકેળવણી અને સાહિત્યના જ્યોતિર્ધર સ્વ૦ શ્રી૦ ગિજુભાઇ બધેકાની જન્મજયંતીસપ્તાહ તા૦ ૧૫ નવેમ્બરથી તા૦ ૨૨ નવેમ્બર ૧૯૪૭ દરમ્યાન ઊજવવાનું જાહેર થયું છે. આ સપ્તાહ દરમ્યાન ગુજરાત અને બૃહદ ગુજરાતમાં આ જયંતી પ્રસંગે નીચેના કાર્યક્રમો યોજવા વિનતિ કરવામાં આવે છે:

બાલઊજણી, બાલમેળા, સ્વ૦ ગિજુભાઇનાં બાલ-સાહિત્યનું વાચન, બાલસરઘસ અને સભા વગેરે.

એ સિવાય માબાપો, શિક્ષકો, બાલશિક્ષણપ્રેમીઓ તથા સ્વ૦ ગિજુભાઇના મિત્રો આ સપ્તાહ દરમ્યાન ઘેર ઘેર ફરીને સંઘના સભ્યો નોંધે, બાલશિક્ષણનો પ્રચાર કરે, બાલક્રીડાંગણો, બાલવાડીઓ અને બાલ-મંદિરો શરૂ કરે.

—મંત્રીઓ

અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓને

સ્વ૦ શ્રી૦ ગિજુભાઇ તથા શ્રી૦ તારાબેન પાસે દક્ષિણામૂર્તિ બાલઅધ્યાપનમંદિરમાં અભ્યાસ કરી ગયેલા ભાઇબહેનોની એક યાદી તૈયાર થઇ રહી છે. સૌ ભાઇબહેનોને પોતાનાં અત્યારનાં સરનામાં અને પ્રવૃત્તિના વિગતવાર બબરો નીચેના સરનામે મોકલવા વિનતિ છે.

વ્યવસ્થાપક
નૂતન બાલશિક્ષણ સંઘ
બોરડી (થાણા)
ગોલવડ થઇને (બી૦ બી૦ સી૦ આઇ૦ રેલ્વે)

"શિક્ષણપત્રિકા"નો બાસ અંક

આવતા જન્યુઆરી ૧૯૪૮ થી "શિક્ષણપત્રિકા" ૨૩ માં વર્ષમાં પ્રવેશે છે. આ પ્રસંગે નવા વર્ષનો પહેલો અંક બાસ અંક તરીકે પ્રગટ કરવામાં આવનાર છે.

આ બાસ અંક માટે **ગામડાનાં બાળકો** એ વિષય ઉપર અને બાલવિભાગ માટે તા૦ ૧૦ ડિસેમ્બર '૪૭ સુધીમાં નીચેના સરનામે લેખો મોકલી આપવા આમંત્રણ આપવામાં આવે છે.

તંત્રી, 'શિક્ષણપત્રિકા' : નૂતન બાલશિક્ષણ સંઘ,
બાલવાડી, પો૦ બોરડી. (થાણા) ગોલવડ થઇને. B. B.

Regd. No. B. 2741

અવાજનું મહત્ત્વ

અવાજનું મહત્ત્વ હું બરાબર સમજું છું. બોંબાટ કરનાર અને સાંભળનાર બન્નેના આરોગ્યને એ અવશ્ય હાનિ કરે છે. અનાવશ્યક ઊંચા સ્વરથી બોલવું એ અસભ્ય છે અને હિંસા પણ છે. ભલ તરીકેની આપણી હિંદીઓની આ એબમાં, શિક્ષકો, સુધારો કરવાનો આરંભ સહેલાઈથી કરી શકે છે. પોતાના શિષ્યોને બોંબાટ કરતા બીકાશથી રોકી શકે છે.

છાત્રાલયોના સંચાલકો પણ આ કાર્ય સહેલાઈથી કરી શકે છે.


ગાંધીજી

મુદ્રણસ્થાન: શ્રી વ. મુળજી, ૨૧૦, હિંદુ કોલોની, દાદર, મુંબઈ ૧૪ : મુદ્રણ કથાન: સેક્સ પીપલ પ્રેસ, ૧૩૮, મેડોઝ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ

નૂતન બાલશિક્ષણ સંઘ૦ પ્રકાશિત

શિક્ષણપત્રિકા

વર્ષ ૨૨ : અંક ૧૨ : ડિસેમ્બર, ૧૯૪૭



આદ્યતંત્રી : સ્વ૦ ગિજુભાઇ બધેકા :: સંપાદક : તારાબેન મોડક

શિક્ષણપત્રિકા

વર્ષ : ૨૨ ડિસેમ્બર ૧૯૪૭ અંક : ૧૨

અનુક્રમણિકા

બાલકેળવણીમાં ગિજુભાઇનો ફાળો ...	નાનાભાઇ	૧૪૯
આપણી કેળવણીના ફેરફારો ...	અબલભાઇ મહેતા	૧૫૦
વિદ્યાર્થીઓ અને ગૃહજીવનની તાલીમ ...	પૂનમચંદ્ર શાહ	૧૫૨
ગુજરાતના આદ્ય બાલકેળવણીકાર ...	કમળાશંકર પંડિત	૧૫૩
બે વ્યાખ્યાનો	તારાબેન : જુગતરામ	૧૫૭
ગોંડલની બાલવાડી	ર૦	૧૫૯
આંબે ના કેમ પાડી ?	વસંત દેસાઇ	૧૬૦
સંપાદકીય નોંધ		
કિલ્લોલ બાલમંદિર, પાટણ ...	,, ,, પૂ.હું	૩
પૂના યુનિવર્સિટી	,, ,, ,,	,,
બાલવિભાગ		
ગોવાળિયા થાવું	કાંતિલાલ પાઠક	૪૫
લોભિયો	મોંઘીબેન	૪૬
બપોરના બાર વાગે	ચંદુલાલ પાઠક	૪૬
કાકાને માથું હતું કે નહિ	મોંઘીબેન	૪૭
સંઘ-સમાચાર	પૂ.હું	૪

સૂચના

પત્રવ્યવહાર કરતી વખતે પોતાનો સભ્ય નંબર અવશ્ય લખવો. જે સભ્યો પોતાનું સરનામું બદલવા ઇચ્છતા હોય તેમણે દરેક મહિનાની પહેલી તારીખ સુધીમાં પોતાના સભ્યનંબર સાથે જૂનું તથા નવું બદલાયેલું સરનામું વ્યવસ્થાપકને જણાવવું.

સામટા સભ્યોનાં લવાજમનો ચેક 'સેક્રેટરી, નૂતન બાલશિક્ષણસંઘ,' એ નામનો લખવો, અને તે વ્યવસ્થાપક ઉપર મોકલી આપવો. દરેક સભ્યે લવાજમની રકમ ચેકથી, મનીઑર્ડરથી અગર હાથોહાથ વ્યવસ્થાપકને સરનામે પહોંચાડવી.

સંપાદન તથા નિરીક્ષણકાર્ય અંગેનો તમામ પત્રવ્યવહાર બાલવાડી, બોરડી, ઘોલવડ થઇને B. B C I. Rly. એ સરનામે કરવો પત્રિકા માટેના લેખો વગેરે પણ ત્યાં જ મોકલવા.

પત્રિકાની વ્યવસ્થા અંગેનો તમામ પત્રવ્યવહાર નીચેને સરનામે કરવા વિનતિ છે.

શ્રી૦ બાળીબેન મૂળજી
વ્યવસ્થાપક: 'શિક્ષણપત્રિકા' કાર્યાલય,
શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ ૬.
ટે. નં. ૪૪૨૦૬

'શિક્ષણપત્રિકા' અંગે આગત્યની વિનતિ

'શિક્ષણપત્રિકા' આવતા જાન્યુઆરી ૧૯૪૮ થી નવા વર્ષમાં પ્રવેશે છે. અને આજે ફરી સંઘના સભ્ય તરીકે ચાલુ રહી આપનો સહકાર ચાલુ રાખવા વિનતિ કરીએ છીએ. જાન્યુઆરી મહિનાથી શરૂ થતાં નવા વર્ષ માટે આપનું લવાજમ ડિસેમ્બરના અંત સુધીમાં મનીઑર્ડરથી મોકલી આપવા વિનતિ છે. કારણ કે જાન્યુઆરીની શરૂઆતમાં જ અમને વિ૦ પિ૦ કરવું પડશે. જાન્યુઆરીનું આપનું લવાજમ મનીઑર્ડરથી વખતસર મળી ગયું હશે તો અંક આપને વખતસર મળશે, નહિતર વિ૦ પિ૦ થશે. એથી અંક મોડો મળશે અને ખર્ચ પણ વધુ આવશે. માટે નીચેની વિગત પ્રમાણે લવાજમ મનીઑર્ડરથી મોકલવા વિનતિ છે. જે સભ્યોને ફેબ્રુઆરી મહિનાથી નોંધવામાં આવ્યા છે તેમને પોતાનું લવાજમ જાન્યુઆરીની આખર સુધીમાં મોકલી આપવા વિનતિ છે.

પત્રિકાના લવાજમમાં જાન્યુઆરી ૧૯૪૮થી નીચે પ્રમાણે વધારો કરવામાં આવ્યો છે. છાપકામના બેવડાયેલા ભાવો અને કેટલાક બીજા વધારાના ખર્ચને લઇને અમારે ન છૂટકે લવાજમમાં વધારો કરવા ફરજ પડી છે. આશા છે કે અમારે નાઇલાજે કરવા પડેલા આ ફેરફારમાં સંઘના સભ્યો, અને શાળાઓના અધિકારીઓ તથા જોડાયેલા બાલમંદિરોના સંચાલકો સહમત થશે અને પોતાનો સહકાર હમેશ મુજબ ચાલુ રાખશે. લવાજમના દરો જાન્યુઆરીથી નીચે પ્રમાણે રહેશે અને તે પ્રમાણે મનીઑર્ડરથી મોકલવા અગર વિ૦ પિ૦ સ્વીકારવા સૌને વિનતિ છે.

સામાન્ય સભાસદ રૂા. ૪	સાક્ષ્ય સભાસદ રૂા. ૪
સહાયક સભાસદ રૂા. ૭	સંસ્થાજોડાણ રૂા. ૧૦

પરદેશ શિલિંગ ૯

શાંતારામ નારાયણ લેન,
વાલકેશ્વર, મુંબઇ,૬.
ટે૦ નં૦ ૪૪૨૦૬

બાબીબહેન મૂળજી
વ્યવસ્થાપિકા : શિક્ષણપત્રિકા.

ત્રા. ક્રૂ: લવાજમ મોકલવા બાબત આપની ઇચ્છા આ સાથેના પોસ્ટકાર્ડ પર વેળાસર લખી જણાવવા આગ્રહ છે. કૃપા કરી સભ્યનંબર અવશ્ય લખશો.

નૂતન બાલશિક્ષણ સંઘની

શિક્ષણપત્રિકા

વર્ષ ૨૨ : અંક ૧૨] મુંબઈ [ડિસેમ્બર, ૧૯૪૭

બાલકેળવણીમાં ગિજુભાઈનો ફાળો

કાઠિયાવાડ–ગુજરાતનાં શિક્ષિત ભાઇબહેનોમાં ભાગ્યે જ એવું કોઇ હશે કે જે ગિજુભાઇને નામથી ન ઓળખતું હોય. સૌએ ગિજુભાઇને નજરે ન જોયા હોય પણ ગિજુભાઇનાં પુસ્તકો દ્વારા, એમના લેખો દ્વારા અને એમનાં કામ દ્વારા તો આપણે સૌ એમને ઓળખીએ જ છીએ.

દક્ષિણામૂર્તિમાં ગિજુભાઇ મારા સાથી હતા. અમે બન્નેએ દક્ષિણામૂર્તિમાં મિત્રો તરીકે સાથે કામ કર્યું છે અને તમને સૌને જણાવતાં મને હર્ષ અને અભિમાન થાય છે કે, મને ગિજુભાઇના સાથી તરીકે કામ કરવાનો જીવનમાં મોકો મળ્યો એ મારું સદ્‌ભાગ્ય સમજું છું.

ગિજુભાઇએ કાઠિયાવાડ–ગુજરાતમાં બાળકેળવણીનો મોટો શંખનાદ કર્યો. ગિજુભાઇ જન્મ્યા હશે ત્યાર પહેલાં પણ બાળકેળવણી તો ચાલતી હતી અને બાળકો ભણતાં હતાં, પણ બાળક એ શુ છે એ વાત આપણને પહેલી જ વાર ગિજુભાઇએ સમજાવી અને તે પણ પોકારી પોકારીને સમજાવી.

આપણે એક વાત સમજી લેવી જોઇએ. સમાજમાં જો કોઇ પણ બાળકને વધારેમાં વધારે સમજતું હોય તો તે મા છે. પોતાનું અંતર ધાવીને ઊછરતું બાળક તેની મા સાથે પોતાની આંખથી, પોતાના ચાળાથી, પોતાના અંતરથી જે મૂગી મૂગી વાતો કરે છે અને પોતાની કાલી ઓબડી ભાષાથી તેને જે રીતે ઝીલે છે એ આપણે કયાં નથી જોતાં?

પણ માતાનો આવો સ્વાભાવિક પ્રેમ એકલો બાળકો માટે બસ નથી. માનવીનું બાળક આવા સ્વાભાવિક પ્રેમથી કંઇક વધારે માગે છે. માનવસમાજનું બાળક પોતાના ભાવિ કલ્યાણ માટે માતા પાસેથી વધારે સમજણની અપેક્ષા રાખે છે.

આપણી માતાઓમાં સ્વાભાવિક પ્રેમની સાથે જરૂરી એવી બાળક માટેની સમજણ નથી હોતી એટલે મા બાળકની સૌથી પહેલી અને મોટી ગુરુ હોવા છતાં સાચી ગુરુ થઇ શકતી નથી. આપણાં શાસ્ત્રોએ કહ્યું: **'मातृदेवो भव'** પણ આવી મા કયાં?

ગિજુભાઇ પોતે પહેલાં આવી મા બન્યા અને કાઠિયાવાડ–ગુજરાતની માતાઓને સાચી માતા થવા માટે તેમણે માર્ગ ઉઘાડયો. ખરી રીતે બોલીએ તો તેમણે શિક્ષકોને ઘડયા એ પ્રમાણમાં તેમનો નાનો ફાળો છે; તેમણે આપણા સમાજમાં બાળકનું ગૌરવભર્યું સ્થાન ઊભું કર્યું; અને બાળકોનું આવું સ્થાન પિછાનીને તે પ્રમાણે તેમને ઉછેરવાનો માર્ગ માતાઓ માટે મોકળો કર્યો એ મારા વિચાર પ્રમાણે તેમનો મોટો ફાળો ગણાવો જોઇએ. આપણે સમાજના મોટેરાઓ એટલે પિતાઓ, માતાઓ અને શિક્ષકો, બાળક આપણું વહાલું હોવા છતાં તેને અનેક રીતે અવગણતા આવ્યા છીએ. બાળકને કેમ જાણે અકકલ નથી, બાળકને કેમ જાણે સમજણ નથી, બાળકમાં કેમ જાણે શકિત નથી–એ રીતે જ આપણે તેની સાથે વર્તતા આવ્યા છીએ. ગિજુભાઇએ આપણને પોકારી પોકારીને જણાવ્યું કે, "હે સમાજના મોટેરાઓ, હે મૂછાળા પિતાઓ, હે હાથમાં સોટી ધારણ કરનારા શિક્ષકો! બાળકને પણ તમારા જેવો જ આત્મા છે, બાળકમાં પણ પોતાનો સ્વતંત્ર રીતે વિકાસ સાધવાની શકિત છે, બાળકને પણ પોતાનું વ્યકિતત્વ છે. બાળકને ઓળખો–બાળકને પોતાના વિકાસના નિયમો પ્રમાણે વિકસવાની તક આપો, એમાં જ આખા માનવસમાજનું કલ્યાણ છે."

બાળકની આવી સાચી પરખ કરવાની વિધિ તેમણે શિક્ષકોને શીખવી અને પરિણામે આપણાં બાલમંદિરો ઊભાં થયાં; બાળકની આવી આવી પરખ એમણે પિતાઓને શીખવી અને પિતાઓ બાળકોના માલિક

મટીને તેમના મિત્ર થવામાં ગૌરવ લેતા થયા.

બાળકની આવી સાચી પરખ ગિજુભાઇએ માતાઓને શીખવી અને આપણાં ઘરોમાં આપણે નવા યુગની સંસ્કારી માતાઓ જોઇએ છીએ.

પણ ગિજુભાઇનું કામ હજી ઘણું અધૂરું છે. ઇશ્વરે તેમને થોડાએક વહેલા ખેંચી લીધા છે. હજી તો હજારો ઘરો પડ્યાં છે, જ્યાં બાળકો જાનવરોનાં બચ્ચાઓ જેવું જ જીવન ગાળે છે અને જ્યાં માતાઓ ગરીબીમાં અને અજ્ઞાનમાં સડે છે. આ ઘોર અંધકારમાંથી દેશનાં બાળકોને પ્રકાશમાં લાવવા અને દેશનાં તમામ બાળકો સર્વ રીતે સંપૂર્ણ જીવન ગાળી શકે એવી હવા ઊભી કરવી-એ કામ પૂરું કરવાનું આપણે માથે છે. એનું નામ ગિજુભાઇ-શ્રાદ્ધ. આપણે સૌ પૂરી શ્રદ્ધાથી આ કામમાં લાગી જઇએ તો જ આપણે ગિજુભાઇ-જયંતી ઊજવી ગણાય.

નાનાભાઇ

(સ્વ૦ ગિજુભાઇ-જયંતી પ્રસંગે શ્રી૦ નાનાભાઇ ભટ્ટે તા૦ ૨૧-૧૧-૪૭ ના રોજ મુંબઇના રેડિયોમથક પરથી કરેલું પ્રવચન)

આપણી કેળવણીના ફેરફારો

હિંદ સ્વતંત્ર બન્યું એની સાથે હિંદીઓની મહત્ત્વાકાંક્ષાનો પારો પણ બહુ ઊંચી કક્ષાએ પહોંચી ગયો છે અને એ પહોંચવો પણ જોઇએ. આપણા રાષ્ટ્રનું ઘડતર કરી રહેલા આપણા પ્રિય આગેવાનો, અણધારી આસમાનીસુલતાની અને રાજ્યતંત્રના ફેરબદલાથી ઊભી થતી અનેક આંટીઘૂંટીઓ અને મુશ્કેલીઓનો ઉકેલ કાઢવામાં આજે એટલો વધારે પડતો બોજો વહી રહ્યા છે, કે કેટલીક વખત આપણને એમની દયા આવે છે, પણ એ બોજો હળવો કરવાનું કામ પ્રજાનું જ છે. પ્રજા ધારે તો આજે ઉશ્કેરાટનો પવન ફૂંકાયો છે એના ભોગ ન બનતાં, આપણા રાજ્યતંત્રની શિસ્ત અને વ્યવસ્થાનું બરાબર પાલન કરે અને નવઘડતરના કાર્યમાં તથા આવી પડેલી મુશ્કેલીઓના ઉકેલમાં યથાશક્ય સાથ આપે તો પણ આપણું ગાડું આજે આવી પડેલા ખાંચમાંથી ઝટ બહાર નીકળી જાય.

જેમ દરેક ક્ષેત્રમાં પરિવર્તન થવાની જરૂર છે એમ કેળવણીના ક્ષેત્રમાં સવિશેષ પરિવર્તન થવાની જરૂર છે. કેમ કે બધાં ક્ષેત્રોનો પાયો કેળવણી છે. એના ઉપર મંડાયેલી રચના જ સ્થિર બની શકે છે. એટલે એમાં કરવાના ફેરફારો વધારે વિચારપૂર્ણ, મહત્ત્વના અને ત્વરિત હોવાની જરૂર છે. એમાં જેટલી ભૂલ થશે એટલી બીજાં ક્ષેત્રોમાં ભૂલ રહેશે; એમાં જેટલો વિલંબ થશે એટલો બીજાં ક્ષેત્રોમાં વિલંબ થશે. જેમ ઉતાવળને નામે ઝટ ઝટ ગમે તેવા ફેરફારો કરી નાખવા એ યોગ્ય નથી, એમ ઝીણી ઝીણી વિચારણાને નામે વિલંબ કર્યા કરવો એ પણ યોગ્ય નથી.

આપણી રાષ્ટ્રીય કેળવણીનો વિચાર કરનાર પુરુષોએ આપણે માટે પગદંડી તો બનાવી રાખી છે. કયાં કયાં જવું અને કયાં કયાં ન જવું એનાં સૂચક ચિહ્નો પણ ગોઠવી આપ્યાં છે. પણ હવે ખરેખર કેળવણીમાં ફેરફાર કરવા જોઇએ છીએ ત્યારે આપણા આજ સુધીના જીવનમાં અને વ્યવહારમાં પણ ધરમૂળના ફેરફાર કરવાનો આવી પડે છે. આથી આપણે એ ફેરફારો કરતાં અચકાઇએ છીએ; પરંતુ એવા ફેરફારો કરવામાં આપણે થોડી હિંમત જ કેળવવી જોઇએ.

આઝાદ હિંદનાં બાળકો આપણી સંસ્કૃતિને પોષક રહીને આપણા કંગાલ બની ગયેલા રાષ્ટ્રને આબાદ કરી શકે અને આખી દુનિયા સમક્ષ હિંદનું નામ ઉજ્જવલ કરી શકે એવા નાગરિકો પેદા કરનારી કેળવણી આપણને જોઇએ છે. ચૂસણનીતિ પર રચાયેલી આજની સમાજરચનામાં મૂળગામી ફેરફાર કરે અને સાચી લોકશાહી જન્માવે એવી કેળવણી આપણને જોઇએ છે. થોડું ભણેલાંને પણ સમાજમાં એનું યોગ્ય સ્થાન મેળવવાની અને વિકાસ કરવાની તક મળી રહે એવી સંપૂર્ણ કેળવણી આપણને જોઇએ છે. વધુ ભણેલા ભલે દેશ અને દુનિયાના વિકાસનો વિચાર કરે, પણ, એ ય એના ગ્રામસમાજને ભૂલે નહિ એવી વતનપ્રેમી કેળવણી આપણને જોઇએ છે:

૧. શ્રમની પ્રતિષ્ઠા સ્થાપવી.
૨. શ્રમ અને બુદ્ધિ વચ્ચેનો સુમેળ જમાવવો.
૩. ચારિત્ર અને સંસ્કારિતા બીલવે એવી ટેવો પાડવી.
૪. કોમ અને વર્ગથી પર થઇ રાષ્ટ્રહિતનો વિચાર

અગ્રપણે સ્થાપવો; અને તે પણ માનવતાને અવ-ગણીને તો નહિ જ.

૫. વ્યક્તિગત સ્વાર્થ સમાજહિત આગળ ગૌણ બનાવવો.

૬. આંતરરાષ્ટ્રીય બળોની ખેંચાખેંચીમાં પણ સ્વાવલંબી બનીને સ્વમાનપૂર્વક આપણો દેશ સામી છાતીએ ઊભો રહી શકે અને બીજાને પણ પદાર્થપાઠરૂપ બને એવી શક્તિ કેળવવી.

૭. દરેક વ્યક્તિ સમાજહિતની મર્યાદા સ્વીકારીને પોતપોતાનો ઉત્તરોઉત્તર વિકાસ સાધવાની આવડત કેળવે અને અંતરાયોનો સામનો કરવાની શક્તિ કેળવે.

આ બધા આપણી રાષ્ટ્રીય કેળવણીના મૂળભૂત મુદ્દાઓ છે. એને લક્ષમાં રાખીને આપણી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ કેળવણીની સળંગ યોજના ઘડાવી જોઈએ. તો જ આપણી કેળવણી જે આજે જીવન સાથેનો સંબંધ તોડીને નિષ્પ્રાણ બની ગઈ છે, એ જીવંત અને પ્રેરણાદાયી બની શકશે. એ આખી યોજના ઘડાઈને અમલમાં આવે ત્યાં સુધીમાં તાત્કાલિક કયા કયા ફેરફારો થઈ શકે એનો પણ આપણે આ સ્થળે વિચાર કરી લઈએ:

૧. માતૃભાષાને તમામ કેળવણીનું મુખ્ય વાહન બનાવવું.

૨. અંગ્રેજીને બીજી ભાષાનું સ્થાન આપી દેવું.

૩. રાષ્ટ્રભાષાને એનું યોગ્ય સ્થાન આપવું.

૪. સ્વચ્છતાનો શોખ જગાવવાનો ખાસ આગ્રહ સ્થાપવો.

૫. રમતગમત અને કસરત-કવાયતનો પ્રેમ કેળવવો.

૬. જાતમહેનત કે બીજા ઉદ્યોગોને પ્રતિષ્ઠા આપવી.

૭. પ્રજાકીય દૃષ્ટિએ અસ્વીકાર્ય ઇતિહાસના અને બીજા પાઠ્યપુસ્તકોના પાઠો રદ કરવા.

૮. સ્વરક્ષણની તાલીમ આપવી.

૯. પ્રવાસ-પર્યટન દ્વારા સાહસિકતા, મોકળાપણું અને સમાજજીવનનું જ્ઞાન ફેલાવવું.

૧૦. માત્ર જન્મને કારણે જ જામી પડેલું ઉચ્ચનીચપણું અને આભડછેટની ભાવના દૂર કરવી.

૧૧. શિક્ષક અને વિદ્યાર્થીની કક્ષા જોઈને ચાલુ અભ્યાસક્રમને હળવો બનાવવો.

૧૨. શિક્ષકની પસંદગીનું ધોરણ ઊંચું ચડાવવું.

૧૩. માર, શિક્ષા અને ભયનું રહ્યુંસહ્યું તત્ત્વ પણ કેળવણીની સંસ્થાઓમાંથી દૂર કરવું.

૧૪. વ્યસનોમાંથી મુક્તિ-મળે એ માટે યોગ્ય વાતાવરણ સર્જવું.

૧૫. વાતચીતમાંથી અપશબ્દો દૂર કરવા માટે તથા ભાષા-શુદ્ધિ માટે કડક આગ્રહ રાખવો.

૧૬. અક્ષરસુધારણા કરવી.

આમાંના કેટલાક મુદ્દાઓ તો એવા છે કે તંત્ર કે સંસ્થાએ ફેરફાર કરવાની હામ ન ભીડી હોય તો એકલો શિક્ષક પણ ધારે તો એમાં ઘણું કરી શકે એમ છે. આપણા આઝાદ હિંદના નવઘડતરમાં કોઈ પણ શિક્ષક પાછો નહિ પડે એવી આશા વધારે પડતી નહિ ગણાય.

બબલભાઈ મહેતા

અમારું શિક્ષણસાહિત્ય

નૂતન કેળવણીના સિદ્ધાંતોને અનુસરતી શાળાઓને ઉપયોગી શિક્ષણ-સાહિત્ય

બાલમંદિર અને નર્સરી સ્કૂલનું પ્રબોધક સાહિત્ય

જ્ઞાન આપતી ઇતર પ્રવૃત્તિ માટેનાં સાધનો, નકશા અને ચિત્રપટો

લખો: જે. યં. દ્વ ત લ ક શી એન્ડ સન્સ

એમ્પાયર બિલ્ડીંગ, હોર્નબી રોડ, મુંબઈ.

વિદ્યાર્થીઓ અને ગૃહજીવનની તાલીમ

બેત્રણ વર્ષના બાલમંદિરના પ્રત્યક્ષ અનુભવ પછી એ સ્પષ્ટ સમજાયું છે કે, ઘણી વાર સંસ્થામાં કોઈ પણ જાતનો ભેદ ન પાડવા છતાં છોકરાઓ અને છોકરીઓ એકસરખી રીતે દરેક પ્રવૃત્તિમાં રસ નથી જ લેતાં. કુતૂહલને ખાતર કદાચ બેચાર છોકરાઓ નૃત્ય કરવા ઊભા થાય પણ શરમાઈને પાછળથી બેસી જ જાય. સામાજિક જીવનની વાતો જેવી કે વીણવાનું, ચારવાનું, કચરો કાઢવાનું, વગેરે પ્રવૃત્તિઓ છોકરીઓ જેટલા રસથી કરે છે એટલો જ રસ છોકરાઓ ભાગ્યે જ બતાવે છે. અને આ બધાંનું કારણ જોવા જઈએ તો ઘર, શેરી અને સમાજમાં ડોકિયું કરવું જ પડશે. 'છોકરાને ભણીને કાં તો ધંધો કરવાનો રહેશે કે નોકરી કરવાની આવશે. એને વળી ઘરનાં કામ શીખવવાની શી જરૂર?' આવી માન્યતા સામાન્ય રીતે મોટા ભાગના માબાપોની હોય છે. કયારેક કોઈ છોકરો ઘરમાંથી કચરો કાઢતો હોય, વાસણ ઘસવા પ્રયત્ન કરતો હોય, કે રોટલી વણવા પ્રયત્ન કરતો હોય તો, "બેસ બેસ બાયલા, તારાથી તે આવું થતું હશે? આવા છોડીઓનાં કામ કરવાના કયાંથી સૂજે છે?" આવા શબ્દોથી ટોકી, બાળકની ઊર્મિઓ લગભગ દબાવી દેવામાં આવે છે, અને આવા પ્રસંગો એકબે નહિ પણ અસંખ્ય ઘરોની પ્રત્યક્ષ વાતો છે.

આ જ છોકરાઓ જ્યારે મોટા થાય છે ત્યારે આવી બાબતોમાં લગભગ અજ્ઞાત રહે છે અને આ પાંગળાપણાને કારણે એમને જીવનમાં ઠીક ઠીક સહન કરવું પડે છે એ જ, સમાજપ્રસંગ આવ્યે, "આવડો મોટો ગધેડા જેવડો થયો અને આટલું યે નથી આવડતું?" કહીને છોકરાઓને મહેણાંટાણાં મારતા પણ નથી અચકાતો. મોટી ઉંમરે પોતાની અણઆવડતનું ભાન વિદ્યાર્થીને થવા છતાં યે ઘણી વાર આવી પ્રાથમિક વસ્તુઓની શરૂઆત કરવા જેટલી પૂરતી તક મળતી કે નથી એમની વધી ગયેલી ઉંમર, અભ્યાસને કારણે આવેલું અહમ કે યોગ્ય માર્ગદર્શનનો અભાવ, વગેરે આ દિશામાં પ્રયત્ન કરવા દેતા; અને પરિણામે, જીવનની આ આવશ્યક તાલીમને નામે વિદ્યાર્થીઓની પાસે મોટું મીંડું હોય છે.

છાત્રાલયના વિદ્યાર્થીઓના કેટલાક હાસ્યાસ્પદ છતાં યે હકીકત છે એવા બનાવો નોંધપોથીમાંથી ટપકાવીશ તો મને લાગે છે, કે મારી વાત વધારે સ્પષ્ટ કરી શકાશે. જે વિદ્યાર્થીઓના આ પ્રસંગો છે તે લગભગ અગ્રેજી બોરણ છઠ્ઠા અને સાતમાના વિદ્યાર્થીઓ છે.

શ્રી૦ .... આસરે ૧૮ વર્ષની ઉંમરના છે. છાત્રાલયની પાણીની કૂંડી સામાન્ય રીતે દર અઠવાડિયે સાફ થાય છે. આ વખતે એ ભાઈનો વારો હતો. બધું પાણી ઊલેચી નાખ્યા પછી પાછળ રહેલી ભીનાશ લૂછી નાખવાની હતી. કંતાનનો ટુકડો લઈ તેનો ડૂચો વાળીને એ ભાઈ તો ગોળ ગોળ ફેરવ્યા કરે અને આગળ શું કરવું તે ન સમજવાથી મૂંઝાયા કરે. જે કામ બેત્રણ મિનિટમાં પતી જાય તેવું હતું એમાં એમણે લગભગ દશેક મિનિટ લીધી, છતાં બધુ એમ જ રહ્યું. ન કલ્પી શકાય તેવી આ ઘટના છે. છતાં યે કંતાન પહોળું કરી લૂછવાની ક્રિયા એ ભાઈને બતાવવી પડી.

થોડા દિવસ પછીની વાત છે. ફાનસ ઝીણું કરી, કોઈને પ્રકાશ ન આવે એ રીતે વાંચી રહ્યા પછી યોગ્ય સ્થાને મૂકવા એક બીજા ભાઈને સૂચવવામાં આવ્યું. યોગ્ય સ્થાનની પસંદગી એમણે કપડાં મૂકવાનો ઘોડો અને પલંગ પરથી લબડતી મારી ચાદર, એ બે વચ્ચે કરી. કદાચ ફાનસ ભભકયું હોત તો મારી કે મકાનની શી હાલત થાત એ જાણવાનું હજુ સુધી એ ભાઈને ફાળે નથી આવ્યું એ શિક્ષણની અને અત્યાર સુધી મળેલી ગૃહજીવનની તાલીમની બલિહારી નહિ તો બીજું શું?

ત્રીજા એક ભાઈની વાત છે. એક દિવસ એમને ફાળે ગટર સાફ કરવાનું કામ આવ્યું. પ્રેમપૂર્વક એ ભાઈ ઝાડુ અને પાણીની ડોલ લઈ આગળ તો વધ્યા પણ ગટરના મૂળને બદલે મૂખથી ધોતા ધોતા આગળ વધતા હતા અને પાણી કેમ નીકળતું નથી એ વિચારે મૂંઝાયા કરતા હતા. થોડી વારમાં આ દૃશ્ય મારી નજરે પડયું. અમારી આંખો મળી અને એ ભાઈ મુશ્કેલીનું મધ્યબિંદુ સમજી ગયા.

સામાન્ય રીતે વિદ્યાર્થીઓનું દૂધ પ્રાઈમસ પર ગરમ કરી લઈએ છીએ. એક દિવસ પ્રાઈમસ દુરસ્તી માટે ગયો હતો અને દૂધ સગડી પર ગરમ કરવાનું હતું. સગડી સળગાવવાનું કામ એક વિદ્યાર્થીને

સોંપવામાં આવ્યું. એ ભાઇએ આખી યે સગડી ખીચોખીચ ભરી એના ઉપર ગ્યાસતેલની કાકડી મૂકીને સળગાવી. થોડી જ વા માં કાકડીએ પોતાનું કામ પૂરું કર્યું અને કોલસા એમ ને એમ જ રહ્યા. ફરી એક વાર આખી યે ક્રિયાનું પુનરાવર્તન થયું; ત્રીજી વાર પણ એમ જ બન્યું. આ બધું દૂર રહ્યા હું જોયા કરતો હતો. નીચે ઊતરી મેટ્રિકના એ વિદ્યાર્થીને, એના જીવનમાં એને કદી યે જરૂર નહિ પડે એમ માનેલો અને અત્યાર સુધી નહિ મળેલો સગડી સળગાવવાનો પાઠ આપવો પડ્યો.

આવા અનેક પ્રસંગોનો અનુભવ છાત્રાલયના વિદ્યાર્થીઓના સહવાસમાં થયા જ કરે છે અને પરિણામે દરેક વિદ્યાર્થીને પણ દરેક વિદ્યાર્થિનીની માફક જ, અમુક ઉંમર સુધી ગૃહજીવનની પ્રાથમિક તાલીમ મળવી જ જોઇએ; અને તો જ, જીવનવિકાસની દૃષ્ટિએ આજની કેળવણીમાં એક આવશ્યક પૂર્તિ થાય એ માન્યતા દૃઢ થતી જાય છે. વખતોવખત વ્યાયામવર્ગો અને તાલીમવર્ગો જુદી જુદી સંસ્થાઓમાં જે દૃષ્ટિબિંદુથી શરૂ કરવામાં આવે છે એમાં ગૃહજીવનની તાલીમને પ્રાધાન્ય આપવામાં આવે, તો આજની યુવાનોની અધૂરી કેળવણીમાં કંઇક ઉપયોગી ફાળો આપી શકાય.

'કિલ્લોલ' પાટણ. (ઉ૦ ગુ૦) **પૂનમચંદ શાહ**

ગુજરાતના આદ્ય બાલકેળવણીકાર

[સ્વ૦ પૂ૦ ગિજુભાઇ–જયંતી અંગે વડોદરા રેડિયોઘરે ૧૫ નવેમ્બરે ગોઠવેલો વાયુવાર્તાલાપ]

કમળાશંકરભાઇ : ઓહો, કાનુનગોસાહેબ, ભાઇલાલભાઇ, સરસ્વતીબહેન, આપ સહુ આવી પહોંચ્યાં છો તે સારું જ થયું. આજે તો ગિજુભાઇ–જયંતી છે. આ પ્રસંગે પૂ૦ મહાત્મા ગાંધીજીએ આ વડોદરા રેડિયોઘરના સંચાલકો પર આ પ્રમાણે તાર દ્વારા પોતાનો માર્મિક સંદેશો મોકલ્યો છે, અને પોતે શ્રી૦ ગિજુભાઇને એ રીતે અંજલિ અર્પી છે :

"Gijubhai lived and died for Balmandirs.—Gandhi."

"ગિજુભાઇએ બાલમંદિરો માટે જ જીવીને બાલમંદિરોની સેવામાં પ્રાણ સમર્પ્યા.—ગાંધી."

આ પહેલાં સ્વર્ગસ્થ ગિજુભાઇની યાદમાં લખાયેલા "સ્મરણાન્જલિ" માટે સંદેશો માગતાં પૂ૦ મહાત્માજીએ સેવાગ્રામ વર્ધાથી એક પ્રેરક સંદેશો આપેલો કે :

"ગિજુભાઇ વિષે લખનાર હું કોણ? એમના ઉત્સાહ અને એમની શ્રદ્ધાએ મને હમેશાં મુગ્ધ કર્યો હતો અને એમનું કામ ઊગી નીકળશે.

— બાપુના આશીર્વાદ"

આમ આ બાપુના–એ રાષ્ટ્રપિતાના–આશીર્વાદ ગિજુભાઇનાં કાર્યને મળ્યા છે, તે જરૂર ફળશે.

આજે આપણા દેશના એ આદ્ય બાળકેળવણીકારનું આ પુણ્યપર્વ ગુજરાત–મહાગુજરાતમાં ઠેર ઠેર ઉજવાશે.

કાનુનગોસાહેબ : તો, વડોદરા તો ગૂર્જરેશ્વરની રાજધાની છે. અહીંનું "નભોવાણીમથક" આ કાર્યક્રમ ઊજવે તે આનંદની વાત છે.

ભાઇલાલભાઇ: વધારે આનંદની વાત એ છે કે સદ્‌ગત ગિજુભાઇ વિષેનો આ પહેલો જ વાયુવાર્તાલાપ છે અને વડોદરા આ રીતે પોતાની શ્રદ્ધાંજલિ અને સંસ્કૃતિ–સન્દેશ સમસ્ત ગુજરાતને સુણાવે તેથી રૂડું શું?

કમળાશંકરભાઇ: બેશક, ભાઇલાલભાઇ, પ્રતિવર્ષ આપણે સભાઓ દ્વારા સ્વ૦ને અર્ઘ્યાંજલિ અર્પતા. આ વર્ષે આપણુ આ નભોવાણી કેન્દ્ર શરૂ થયું છે ત્યારે, સમગ્ર ગુજરાત સાથે મળીને એ મહાપુરુષની જન્મજયંતી ઊજવીએ એમાં જ આનંદ ને? એ ગિજુભાઇનું ગુરુઋણ ગુજરાત કેમ કરીને ફેડે, એ આપણે જોવું રહ્યું.

કાનુનગોસાહેબ: પંડિતજી, આ સદીનું ગુજરાત સદ્‌ભાગી તો ખરું; એણે આઝાદી આણનાર-ગાંધીજી આપ્યા, અને બાલયુગ બેસાડનાર ગિજુભાઇ આપ્યા. ગાંધીજીની આત્મકથા તો મેં જોઇ. ગિજુભાઇની જીવનકથા કંઇ સંભળાવશો?

કમળાશંકરભાઇ : જરૂર. કાઠિયાવાડમાં ભાવનગર પાસે વળા કરીને એક ઠકરાતી ગામ છે. જૂના વખતનું વલ્લભિપુર તે જ એ વળા. ત્યાં ગિજુભાઇનો જન્મ ઇ૦ સ૦ ૧૮૮૫ માં થયો. ભગવાનજી બધેકા તે એમના

બાપા. તે વળામાં વકીલાત કરતા. એમનાં બાનું નામ કાશીબા, તે ભગવતીબાઇ હતાં. એમનાં પત્નીનુ નામ જડીબહેન. તેમને એક દીકરો નામે નરેન્દ્ર છે અને ત્રણ દીકરીઓ છે. તે હયાત છે. ગિજુભાઇનો અભ્યાસ કૉલેજના પહેલા વર્ષ–પ્રિવિયસ સુધીનો. કૌટુમ્બિક બોજો માથે આવી પડવાથી અભ્યાસ છોડીને કામધંધે વળગવું પડ્યું. ને મુંબઇની કોઇ વ્યાપારી પેઢીમાં જોડાયા. પણ ત્યાંથી તે આફ્રિકા ઉપડ્યા. ત્યાં અઢી વર્ષ રહીને પાછા દેશમાં આવ્યા અને મુંબઇમાં પરેલના મગનબાગમાં રહી હાઇકૉર્ટ પ્લિડરનો અભ્યાસ શરૂ કર્યો. પહેલાં ડિસ્ટ્રિક્ટ પ્લિડરની પરીક્ષા આપી ને પછી હાઇ-કૉર્ટ પ્લિડરની પરીક્ષા આપી. તે વખતે, પ્રો૦ રામ-નારાયણ પાઠક અને શ્રી૦ મહાદેવભાઇ દેસાઇ વકીલાતનો-એલએલ. બી. નો અભ્યાસ મગનબાગમાં ગિજુભાઇની સાથે રહીને જ કરી રહ્યા હતા.

શરૂઆતમાં ચારછ માસ વળામાં વકીલાત કરીને વઢવાણ કેમ્પમાં વકીલાત કરવા લાગ્યા. તે વખતે "જન્મ-ભૂમિ"વાળા શ્રી૦ અમૃતલાલ શેઠ અને બૅરિસ્ટર ચૂડગર તે એમના વકીલમિત્રો. અરે, ચૂડગર અને ગિજુભાઇ તો ભાગીદારીથી જ કામ કરતા. ગિજુભાઇની વકીલ તરીકે સારી પ્રતિષ્ઠા જામી હતી. વકીલાત ધમધોકાર ચાલતી હતી. કમાણી પણ સારી હતી. સુવાસ ફેલાઇ ચૂકી હતી. મિલનસાર અને આનંદી સ્વભાવથી સૌ કોઇ સાથે સુમેળ અને મૈત્રી જામ્યાં હતાં. પણ તેમની જીવનનેમ હતી કે વકીલાત કરવી, પણ ન્યાયથી કરવી; વ્યાજબી ફી લેવી, સત્યનો જ પક્ષ લેવો, ખોટો કેસ હાથ ન ધરવો, અસત્યથી ગમે તેટલા પૈસા મળતા હોય તો પણ જતા કરવા વગેરે ગિજુભાઇનાં દૃઢ મંતવ્યો હતાં. ગિજુભાઇની ઇશ્વર પરની આસ્થા અડગ હતી. આ આસ્થા છેવટ લગી ને એકધારી ટકી રહી ને છેવટનાં વર્ષોમાં તો તે બળવત્તર બની. વકીલાત કરતાં કરતાં ગિજુભાઇને બાલકેળવણીના વિચારો આવવા લાગ્યા. કારણ, તે વખતે પોતાના ૨૧ વર્ષના દીકરાની બાલકેળવણીનો પ્રશ્ન એમને મૂંઝવી રહ્યો હતો. પણ તેમને લાગ્યું કે અત્યારની શિક્ષણપ્રથા ખોટી છે. એનાં ડર, માર, ધમકી ને લાલચ ઉપર મંડાણ છે. બાળકો પ્રસન્ન નથી રહેતાં. હસતાંખેલતાં ભણતાં નથી. પાર વિનાના બિનજરૂરી ભણતરનો ત્રાસ બાળકોને બહુ જ વેઠવો પડે છે અને સરવાળે એ ભણતર જીવનમાં બહુ ઉપયોગી નથી થતું. આવા વિચારો રાતદિવસ ઘોળાવા લાગ્યા. તેમાં કેટલાક મિત્રોએ ટકોર કરી: "ગિજુભાઇ, તમે તો કેળવણીના જીવ છો. વકીલાત એ તમારું ક્ષેત્ર નથી." તેમાં કેટલાક સાચાખોટા કેસના એવા કિસ્સા બન્યા કે તેથી વકીલાતના ધંધા ઉપર તેમને અપાર નફરત ઊભી થઇ ને છેવટે વકીલાતને લાત લગાવવા તૈયાર થયા. એટલામાં દરબારશ્રી ગોપાળદાસ તેમને મળ્યા. તેમણે મેડમ મૉન્ટેસોરીની બાલકેળવણીની ચોપડીઓ અને વડોદરા પ્રાન્તમાં આવેલા વસોમાં આ પદ્ધતિથી નાના પાયા પર ચાલતા પ્રયોગો જોઇ જવા કહ્યું. ગિજુભાઇ વસો જઇ આ બધું જોઇ આવ્યા. ને અભ્યાસ શરૂ કરી દીધો. ડૉ૦ મૉન્ટિસોરીની ચોપડીઓ ગિજુભાઇને ખરેખર અદ્‌ભુત લાગી. ગિજુભાઇને વેદ-વાણી જેવો દિવ્ય સન્દેશ એમાંથી મળ્યો અને તેને અમલી બનાવવા ખૂબ ચિંતન–મનન કર્યું. અને સને ૧૯૧૬માં શ્રી૦ ગિજુભાઇ ભાવનગરની શ્રીદક્ષિણામૂર્તિ સંસ્થામાં જોડાયા. તેમને લાગ્યું કે હૃદયના વિકાસની કેળવણી મૂળથી એટલે બાળકોથી જ શરૂ કરવી જોઇએ. સાચો રસ્તો બાલકેળવણી જ છે. પાયા વગરનું ભણતરનું ચણતર તદ્દન નકામું છે. દક્ષિણામૂર્તિના તેમના મુખ્ય સાથી શ્રી૦ નાનાભાઇ ભટ્ટે આ વિચારને પુષ્ટિ આપી અને ગિજુભાઇએ બાલમંદિર શરૂ કર્યું. પછી તો મૉન્ટિ–પદ્ધતિને અનુસરી બાલશિક્ષણ આપવાને સુગમતા સારુ ૩૦ વીસ હજાર તેમને મળ્યા અને પૂ૦ કસ્તૂરબાના હસ્તે હિંદભરમાં પ્રથમ બાલમંદિર ભાવનગરમાં દક્ષિણામૂર્તિને આંગણે ખુલ્લુ મુકાયું. પછી ૧૯૨૫–૨૬માં રીતસરનું અધ્યાપનમંદિર શરૂ કર્યું અને નૂતન બાલશિક્ષણની તાલીમ અને દીક્ષા આપી સેંકડો શિક્ષક–શિક્ષિકાઓ તૈયાર કર્યાં. લોકોને પણ આનું મહત્ત્વ સમજાયું અને ગુજરાત–કાઠીઆવાડમાં આ પ્રથાથી અનેક બાલમંદિરો ખોલાયાં

૧૯૨૬નું વર્ષ મને યાદ આવે છે ૧૯૨૬માં શ્રીમતી સરલાદેવી સારાભાઇના પ્રમુખપદે મૉન્ટી–સંમેલન ભરાયેલું. શ્રીમતી સરલાદેવી વર્ષોથી બાલકેળવણીમાં રસ લેતાં આવ્યાં છે. મૉન્ટી-શિક્ષણપદ્ધતિનો પ્રથમ પ્રયોગ ગુજરાતમાં સરલાબહેને પોતાના ઘેરથી પ્રથમ શરૂ કર્યો. પોતાના નાનાં બાળકોની

કેળવણીનો પ્રશ્ન એક જવાબદાર માતા તરીકે તેમણે ખૂબ જ ચિવટાઇથી ને કાળજીપૂર્વક આ પદ્ધતિ દ્વારા ઉકેલ્યો હતો. નૂતન બાલશિક્ષણ સંઘના પ્રમુખ તરીકે આજ પર્યન્ત રહીને તેઓ સ્વ૦ ગિજુભાઇનું એટલે બાળકોનું કાર્ય આગળ ધપાવી રહ્યાં છે. તેઓ સંજોગોવશ ત અહીં આવી શકયાં નથી; પણ તેમણે મોકલેલો સંદેશો શ્રી૦ સરસ્વતીબહેન પંડિત હમણાં આપણને વાંચી સંભળાવશે.....

શ્રીમતી સરલાદેવી સારાભાઇનો સંદેશો: "બાલવત્સલ મિત્રો !

તા૦ ૧૫મી નવેંબર એ સ્વર્ગસ્થ ગિજુભાઇ બધેકાની જન્મજયંતીનો સ્મરણીય દિવસ છે. મૃત્યુતિથિ કરતાં જન્મતિથિ ઊજવવામાંવધારે ઔચિત્ય રહેલું છે. કારણ કે માણસનો દેહ ભલે ન હોય, છતાં તેનાં કાર્યથી તે આપણને જીવંતરૂપે જ લાગે છે.

"નૂતન બાલકેળવણીના ક્ષેત્રમાં ગિજુભાઇ એક સન્દેશવાહક હતા. મેંડમ મોન્ટેસોરીના બાલદર્શનમાં જે ભવ્ય સત્ય અને નવીનતા હતાં તે તેમનું વત્સલ હૃદય એકદમ પારખી ગયું. આ નવીન સત્ય સિદ્ધ કરવાને તેમણે પોતાની વકીલાત છોડી અને બાળકોની સેવામાં ઓતપ્રોત થઇ ગયા. આ ક્ષેત્રમાં લગભગ ૨૫ વર્ષની એકધારી નિષ્ઠાથી પશ્ચિમ હિન્દમાં, અને ખાસ કરીને ગુજરાત–કાઠીઆવાડનાં શહેરો અને મુંબઇમાં તેમણે એક નવો યુગ પ્રવર્તાવ્યો. તેમણે કરેલા પ્રયોગો અને એ દૃષ્ટિએ રચેલું બાલસાહિત્ય હવે ઘણાં જાણીતાં થયેલાં છે. વળી તેઓ ઉત્સાહી બાલશિક્ષકોનું જૂથ ઊભું કરી શકયા હતા. નૂતન બાલશિક્ષણ સંઘ તેમના પ્રયાસથી શરૂ થયેલો અને ગામડાંમાં બાલક્રીડાંગણો શરૂ કરવાની પ્રથમ કલ્પના પણ તેમને આવેલી.

"આજે આપણા દેશને રાજકીય સ્વતંત્રતા મળી છે છતાં એ સ્વતંત્રતાને જીરવવી બાકી રહે છે. એ જીરવવા માટે વ્યકિતએ અને રાષ્ટ્રે પોતાના સુમેળવાળું જીવન નિર્માણ કરવું જોઇએ. પરંતુ એકંદર જોતાં હજી એમ લાગે છે કે, સમાજના ઘડતરમાં પૂર્વપ્રાથમિક કક્ષાનું મહત્ત્વ કેટલું બધું છે તે આપણા ધ્યાનમાં પૂરું ઊતર્યું નથી. બાલકેળવણીના પૂર્વપ્રાથમિક કક્ષાના પાયા પર જ સમાજની સંગીન પુનરર્ચના થઇ શકશે.

"આ કક્ષા દરમિયાન નવીન માનસ નહિ ઘડાયું હોય તો ગમે તેવી શુભનિષ્ઠાથી કરેલા રાજકીય અને આર્થિક સુધારાઓ કામ નહિ આવી શકે. બાલમાનસની સાચી અને પૂરી સમજણને અભાવે આપણું કેટલું બધું બાલધન અત્યારે વેડફાઇ જાય છે? ૨ાથી ૬ વર્ષની વયે નાનાં બાળકોની જિજ્ઞાસા ઘણી તીવ્ર હોય છે. નવું નવું જાણીને જ્ઞાન સંગ્રહી લેવા માટેના ખાસ ગુણો તેમની ઇન્દ્રિયોમાં ઘણા સતેજ થયેલા હોય છે. આવા તીવ્ર સંવેદનકાળ દરમિયાન જે કાંઇ જ્ઞાન બાળકો પાસે યોગ્ય સાધનો દ્વારા અને પદ્ધતિસર મૂકવામાં આવે છે તે, તે આત્મસાત કરી શકે છે. બધું જ જ્ઞાન વ્યાપક સંસ્કારરૂપે તે ગ્રહણ કરી શકે છે. આ સંવેદનકાળ જો નકામો વહી જવા દેવામાં આવે તો બાળકને ઘણું ગુમાવવાનું રહે છે. કેળવણીની દૃષ્ટિએ આ કેટલું બધું નુકસાન છે તેની કલ્પના સામાન્ય માણસને આવવી મુશ્કેલ છે. આ સંવેદનકાળની યોગ્ય કદર કરતાં આપણા સમાજે શીખવું જોઇએ. એ કદર કરીને જ આપણે નિર્માણ કરવા ધારેલા નવા સમાજનો પાયો નાખી શકાશે. પૂ૦ ગાંધીજીએ તો પૂર્વપ્રાથમિક કક્ષાથી પણ આગળ જઇને, ગર્ભાધાનથી બાળકની કેળવણી શરૂ થાય છે એમ સ્વીકારીને, કસ્તૂરબા સ્મારક ટ્રસ્ટની કેળવણીવિષયક પ્રવૃત્તિઓ વિકસાવવાની યોજના કરી છે. આપણી પ્રાંતિક સરકારો પણ આ સિદ્ધાંતો સ્વીકારી પૂર્વપ્રાથમિક કક્ષાને દેશભરમાં સંગીન પાયા પર મૂકવા પ્રયત્નો કરે તો નવીન સમાજનું ઘડતર વધારે સ્થાયી અને પ્રમાણમાં સત્વર કરી શકાશે. આ કામમાં માબાપોનો સહકાર ઘણો આવશ્યક છે. એકેકેએક માતપિતાને આ બાલકેળવણીની સાચી સમજ હોવી જરૂરી છે. માતપિતા તેમનાં પ્રિય બાળકો પ્રત્યે આ નવી દૃષ્ટિ કેળવશે તો તેમના કુટુમ્બજીવનમાં અનોખો આનંદ અને ઉલ્લાસ આવશે.

"બાલકેળવણીના ક્ષેત્રમાં ગિજુભાઇએ જે તપ કર્યું તેટલું કદાચ આપણે બધાં ન કરી શકીએ; છતાં, પોતાના નાના ક્ષેત્રમાં આપણે દરેકે ગિજુભાઇએ પ્રકટાવેલી જ્યોતમાંથી આપણે માટે એક નાની પણ જ્યોત પ્રકટાવીને મૂળની જ્યોત અખંડ રાખીએ તો જ ગિજુભાઇની જયંતી યથાર્થ રીતે ઊજવી ગણાય."

કમળાશંકરભાઇ: ૧૯૨૬માં શ્રીમતી સરલાદેવી સારાભાઇના પ્રમુખપદે પહેલું "મોન્ટે–સંમેલન ભરાયું અને નૂતન બાલશિક્ષણ સંઘની સ્થાપના થઇ. તે પછીથી "શિક્ષણપત્રિકા" ચાલુ કરવામાં

આવી, તે ગિજુભાઇના વખતમાં જ ફૂલીફાલી; અને ગુજરાતી, મરાઠી, હિંદી એમ ત્રણ ભાષામાં તેમના જ તંત્રીપદે તે નીકળવા લાગી. આજે પણ તે ચાલે છે.

એટલામાં ૧૯૩૦ની સાલ આવી ને દેશભરમાં સત્યાગ્રહની રણહાક વાગી. તેમાં ગિજુભાઇ પણ ભળ્યા ને તારાબહેન સાથે ઠેરઠેર ઘૂમ્યા. ત્યાં વાનરજૂથો ઊભાં કર્યાં. વાનરપરિષદો ભરીને બાળજગતમાં જબરદસ્ત આંદોલનો ઊભાં કરી સત્યાગ્રહની લડાઇમાં પોતાના વિશાળ શિક્ષણવિષયક ધ્યેયને આગળ ધપાવ્યું.

૧૯૩૧માં ગિજુભાઇએ અક્ષરજ્ઞાન યોજના તૈયાર કરી અને નિરક્ષરતાના નિવારણની એકલે હાથે મોટી ચળવળ ઉપાડી. પ્રૌઢ શિક્ષણમાં આજે પણ તે ભારે ઉપયોગી થઇ પડેલી છે.

આમ, ૧૯૩૮ સુધી દક્ષિણામૂર્તિમાં રહી પોતે હાથ ધરેલા નૂતન બાલશિક્ષણના ધ્યેયને પૂરા વેગથી અને ફત્તેહથી તેમણે પાર પાડ્યું. અને સંસ્થામાં પોતાના ૨૦ વર્ષ પૂરાં થયાં એટલે તેઓ આજીવન કાયમ તરીકે છૂટા થયા. પણ બાલશિક્ષણપ્રવૃત્તિ તો ચલાવ્યે જ રાખી.

૧૯૩૮માં તેઓ શિક્ષણપ્રવાસ કરી રહ્યા હતા અને ગુજરાત, કચ્છ, કાઠીઆવાડમાં તેમનાં સન્માન-સમારંભ યોજાયા હતા ત્યારે તેઓ વડોદરામાં એવા સમારંભ અંગે આવેલા.

કાનુનગોસાહેબ: હા; તે વખતે જ મારે તેમની ઓળખાણ થયેલી.

ભાઇલાલભાઇ: હા; તે વખતે તમે સુધરાઇ કામદાર હતા.

કમળાશંકરભાઇ: તો તો કહો ને! એમના વિષે આપની શું છાપ છે?

કાનુનગોસાહેબ: અરે મોટાભાઇ, શું કહું! ગિજુભાઇ તો અજબ ભાષાસ્વામી! ભાષા પર તેમનો જબરદસ્ત કાબૂ હો! અને છતાં કોઇ જાતનો આડંબર નહિ. ભાષા એમની એટલી સરળ, સીધી ને છટાવાળી, ને શિક્ષણશાસ્ત્રના શુષ્ક વિષયને એટલો લોકભોગ્ય બનાવી રજૂ કરે, કે એકદમ માણસ રસના ઘૂંટડા ભરતો ગટક દઇને ગળે જ ઉતારી દે અને સાંભળનારના મનમાં સઘળું ઠસીવસી જ જાય. નૂતન બાલશિક્ષણનું તે જાદૂ જ પસારતા. માફ કરજો, ગુજરાતના ઘણા સાક્ષરને મેં સાંભળ્યા છે, પણ ગિજુભાઇની હેઠ. મને ગિજુભાઇના ગુણ અને કાર્ય માટે બહુ માન અને પ્રેમ છે.

કમળાશંકરભાઇ: ભાઇલાલભાઇ, તમે તો દક્ષિણામૂર્તિના વિદ્યાર્થી છો, તમે પણ ગિજુભાઇના સમ્પર્કમાં તો આવ્યા હશો.

ભાઇલાલભાઇ: કેમ નહિ! દક્ષિણામૂર્તિ જતાં પહેલાં તેમનો સમ્પર્ક તો મેં સાધેલો—અલબત્ત, તેમના સાહિત્ય દ્વારા. પહેલેથી જ પંડિતજી, હું તો વ્યકિતના સ્થૂળ દર્શન કરતાં સૂક્ષ્મ વિચારદર્શનમાં માનનારો છું. સિદ્ધાંત-દર્શન મારે મન મહત્ત્વનું દર્શન છે, અને હું સ્વ૦ ગિજુભાઇના બાલશિક્ષણના નૂતન સિદ્ધાંતદર્શનથી જ આકર્ષાયેલો. મેડમ મોન્ટેસોરીનું અંગ્રેજી સાહિત્ય મેં તે પછી વાંચ્યું, અને સ્વ૦ ગિજુભાઇએ તેનું આંધળું અનુકરણ નહિ પણ આપણી સંસ્કૃતિને અનુકૂળ અનુભવસિદ્ધ, સ્પષ્ટ અને સુરેખ અવતરણ કર્યું. દક્ષિણામૂર્તિ બાલમંદિરના ઓરડામાં અસરકારક વાતાવરણ બાલદેવોમાં ઊતરતું મેં જોયું, ત્યારે તો તેમના કાર્ય પર હું ઓવારી ગયો. અને એ અનુભવસિદ્ધ લેખિનીએ છાપેલું શિક્ષણસાહિત્ય અને બાલસાહિત્ય એમના અસ્ત થયા પછી, હજી આજે યે વધુ અસરકારક રીતે લખતાં મને તો કોઇ માલૂમ પડ્યા નથી. બલકે એવું સાહિત્ય સર્જનું અટકી પડ્યું છે તેની ખોટ મને સાલે છે.

કમળાશંકરભાઇ: ખરી વાત છે ભાઇલાલભાઇ. ખોટ તો ખૂબ પડી છે દેશને. આજે આઝાદ હિન્દમાં તેઓ હોત તો પૂર્વપ્રાથમિક શિક્ષણની—પાયાની કેળવણીની ઝુંબેશ તેમણે જોરશોરથી ઉપાડી હોત. ગુજરાત—કાઠીઆવાડમાં આજે એવા એક અદ્યતન અધ્યાપનમંદિર વિના એમણે ઉપાડેલું બાલયુગનું કામ વણસે છે, બગડે છે. જનતાને બાલમંદિરોની ભૂખ જાગી છે ત્યારે તાલીમ પામેલા શિક્ષકો મળતા જ નથી. અરે, ગિજુભાઇના સમયમાં ઊઘડેલાં કેટલાંક બાલમંદિરો તો શિક્ષકોના અભાવે બંધ થયાં છે. આખા ગુજરાતના હિસાબે વડોદરા રાજ્યમાં બાલમંદિરોની સંખ્યા વિશેષ છે. હજુ કેટલાં યે નવાં ઊઘડે તેમ છે. પણ ગુજરાતમાં એવું તાલીમકેન્દ્ર કયાં છે? આવી સંસ્થાઓને રાજ્યાશ્રયની જરૂર હોય છે. આપણું પ્રગતિશીલ વડોદરા રાજ્ય ધારે તો આ દિશામાં, અહીં રાજધાનીમાં, એક આદર્શ અધ્યાપનમંદિરની પ્રવૃત્તિ ચલાવી શકે. આ એક મોટી

ખોટ છે. એ પૂરાય તો સદ્‌ગતનું બાલયુગનું કાર્ય આગળ ધપે.

ભાઇલાલભાઇ: સમય સમયનું કામ કરશે જ! અને એ સમય પણ આવશે જ, જ્યારે લોકશાસનની કોઇ પણ સરકાર પૂર્વપ્રાથમિક કે પાયાની કેળવણીને ઓવેખી શકશે નહિ. પૂ૦ ગાંધીજીની કલ્પના મુજબ, "ગ્રામ-સ્વરાજ" ના ધ્યેયને પહોંચીને આપણે ગામડે ગામડે એ કેળવણીને પહોંચતી કરવી છે. ગામડાનાં બાળકોની કેળવણીના પાયા મજબૂત થશે તો જ રાષ્ટ્રનો ઉદ્ધાર થશે. ગામ અને નગર–બાળકોની નૂતન કેળવણીનું વિધાન વહેલી તકે કરવું જ પડશે.

કમળાશંકરભાઇ: ભાઇલાલભાઇ, ગિજુભાઇના પણ એજ કોડ હતા. એ સ્વપ્ન સિદ્ધ કરવા તેઓ એમની રીતે અધ્યાપનમંદિર દ્વારા ગ્રામસ્વરાજ અને ગ્રામોન્નતિનાં વ્યાખ્યાનો આપીને શિક્ષકસેનાનીઓ તૈયાર કરતા. દક્ષિણામૂર્તિથી છૂટીને છેક મરતાં સુધી ગિજુભાઇએ એ હેતુથી જ રાજકોટમાં પણ એક વિશાળ અધ્યાપનમંદિર ચલાવેલું. તેમાં બીમાર પડયા અને દેવલાલી ને પંચગની ગયા. પણ પક્ષઘાત જણાતાં તા૦ ૧૫મી જૂને એમને હરકિસનદાસ હોસ્પિટલમાં લાવ્યા. ત્યાં ૧૯૩૯ની ૨૩ મી જૂને સાંજે સાડા ચાર વાગે, ક્ષણભંગુર શરીર છોડી, એ આત્મહંસ ઊડી નીકળ્યો...પણ આજે યે એમનો આત્મા બાલયુગની બાગ પૂકારી, બાલદેવ માટે બનતું બધુ જ કરી છૂટવા પ્રેરણા આપે છે. સૌના સહકારથી જરૂર સફળતા પ્રાપ્ત થશે.

કમળાશંકર પંડિત

બે વ્યા ખ્યા નો

[નૂ૦ બા૦ શિ૦ સંઘની ઉત્તર ગુજરાત શાખા તરફથી યોજાયેલા સંમેલન પ્રસંગે પ્રમુખપદેથી શ્રી૦ તારાબેન મોડકે કરેલાં પ્રવચનનો સાર અને એ સંમેલનમાં શ્રી૦ જુગતરામ દવેએ કરેલા ઉપયોગી વ્યાખ્યાનનો સાર અહીં આપવામાં આવે છે.]

શ્રી૦ તારાબેનનું પ્રવચન:

સુરતની બે લાખ માણસોની વસતિના પ્રમાણમાં ફકત ત્રણ જ બાલમંદિરો હોવાથી આપણને, સુરત બાલકેળવણીમાં પાછળ છે એમ સ્વાભાવિક રીતે લાગે; પરંતુ બાલપ્રવૃત્તિમાં સુરતનું સ્થાન ઘણું આગળ છે. ઇ૦ સ૦ ૧૯૩૦માં સ્વ૦ ગિજુભાઇના પ્રમુખપદે વાનરસેનાનું સંમેલન યોજવામાં આવ્યું હતું, પરંતુ તેને તે વખતની સરકારે ભરાતું અટકાવ્યુ હતું. ત્યાર પછી એ સંમેલન બીજે વર્ષે શ્રી૦ હંસાબહેન મહેતાના પ્રમુખસ્થાને ભરાયું હતું. સુરતના પ્રથમ બાલમંદિરનુ ઉદ્‌ઘાટન પણ ઘણાં વર્ષ પહેલાં શ્રી૦ ગિજુભાઇએ કર્યું હતું. આમ સુરતમાં બાલકેળવણી ને બાળકોની ઉન્નતિનાં બી તો વર્ષો પૂર્વે જ વવાઇ ગયાં છે.

કેટલાક માણસો તરફથી એવી ફરિયાદ કરવામાં આવે છે, કે મૉન્ટેસોરીપદ્ધતિ સ્વીકારીને આપણે પશ્ચિમને સાથ આપીએ છીએ, તેમજ બાલમંદિર એ શ્રીમંતોનાં બાળકો માટે વિલાસનું સાધન બની ગયું છે. પરંતુ તેમ નથી. આપણે મૉન્ટેસોરીપદ્ધતિ ન સ્વીકારીએ તો પણ મેડમ મૉન્ટેસોરીએ આપણને કરાવેલું બાલકળવણીનું ભાન આપણે વિસારે મૂકવું જોઇએ નહિ; તેમજ બાલમંદિરોને આમજનતા ભોગ્ય બનાવવાના પ્રયોગો પરાવલંબી બનાવીએ છીએ, જે બાળકના વિકાસ માટે આંબલા, વેડછી ને મુંબઇના ગરીબ વિસ્તારમાં થઇ રહ્યા છે. અત્યારે બોરડીમાં એક બાલમંદિર તથા બાલ અધ્યાપનમંદિર પણ ચાલે છે. આ અધ્યાપનમંદિર તાલીમી બાઇબહેનોને શહેરનું આકર્ષણ ન રહે એ માટે ગામડામાં રાખવામાં આવ્યું છે.

ઘણાં માબાપો એમ માને છે કે, બાળકોને બાલમંદિરમાં મૂકયાં એટલે તેઓ તેમની ફરજમાંથી મુકત થઇ ગયાં, પરંતુ એ સાચું નથી. બાળકો બાલમંદિરમાં તો ચાર પાંચ કલાક જ રહે છે, ને બાકીનો સમય તેઓ ઘરે પસાર કરે છે; તેથી, માબાપોએ તેમને સારી ટેવો પડે એ રીતે વર્તવું જોઇએ. કારણ કે બાળકો તો નાનામાં નાની વસ્તુનું અનુકરણ કરે છે; અને કુટુંબના વાતાવરણ તેમજ ટેવોની છાપ ને અસર તેમના જીવનમાં દૃઢ થાય છે.

બાલમંદિર ને ઘરમાં બાળક સ્વાવલંબી કેવી રીતે બની શકે એ આપણે જોવું જોઇએ. બાળક ક્રિયાશીલ છે, એને પરાવલંબી રહેવું ગમતું નથી. ક્રિયાઓ દ્વારા એ આત્મવિશ્વાસ ને વિકાસ સાધી સતત સ્વાવલંબી બનવાનો પ્રયત્ન કરે છે. આપણે બાળકને, પોતે જે જે કાર્યો કરી શકે છે, તે કરવા દેવાને બદલે, કંઇ બગાડશે ઢોળશે, ફોડશે એના ભય ને ખોટા લાડ, પ્રેમ ને અશ્રદ્ધાથી એને પરાવલંબી બનાવીએ છીએ, જે બાળકના વિકાસ માટે એક મોટો અંતરાય જ છે. બાળક પોતે ન બોલેલો કાર્યપ્રદેશ નીડરતાથી પસાર કરે ને નિર્ભય બને એવી સર્વ ગોઠવણો આપણે કરવી જોઇએ.

બાળકને સ્વાનુભવ દ્વારા જ શીખવા દેવું જોઇએ. કડવું, મીઠું, ગરમ ઠંડુ જાણવા માટે બાળકને પોતાને જ એવાં કાર્યો કરવાની તકો આપવી જોઇએ; અને એના શિક્ષણ માટે શિક્ષકોએ ઉતાવળા થવું ન જોઇએ.

બાળકને ઉદ્યમી રહેવું ગમે છે. હાથ, પગ વાપરવાનું ગમે છે; ને સંશોધન કરવાનું પણ ગમે છે. નાનાં બાળકો હોય ત્યાં અવ્યવસ્થા હોય જ એ આપણી માન્યતા કેવળ

ભૂત ભરેલી જ છે. બાળકને વ્યવસ્થા પણ ગમે છે. એ એની વસ્તુઓ વ્યવસ્થિત મૂકવાના સતત પ્રયત્નો કરતું હોય છે. પરંતુ આ બધા આપણે સાચી રીતે સમજીને તેને મદદરૂપ થવાનો પ્રયત્ન કરતા હોતા નથી. બાળક કામ માગે છે. બાસ સાધનો વિનાનું બાલમંદિર ચલાવવાનો અમે પ્રયત્ન કર્યો છે. અમારા બાલમંદિરમાં અમે ચાળણી, સૂપડું, ઝાડું, ધોકો ને ઘંટી મૂકયાં અને બાળકો એ સાધનોનો ઉપયોગ શીખવા લાગ્યાં. આપણી દૃષ્ટિએ રમત ને કામ વચ્ચે ભેદ છે, બાળકોની નજરમાં એ ભેદ નથી.

બાળક ૨॥ થી ૫ વર્ષની વય દરમિયાન ભાષા શીખવાનો પ્રયત્ન કરતું હોય છે. આ જ ઉંમરે એનું સાચું શિક્ષણ શરૂ થાય છે. જે જગત ને સમાજમાં બાળકને જીવવાનું છે, તેના પરિચય માટે ભાષા શીખવી એ બાલ્યાવસ્થાનું મુખ્ય કાર્ય છે અને એ માટે આપણે બાળકને સર્વ વ્યવસ્થા ને અનુકૂળતા કરી આપવી જોઈએ.

બાળક સુરક્ષિતપણું માગે છે અને એ સુરક્ષિતપણું હોય તો જ એનો યોગ્ય ક્રમમાં વિકાસ થવાનો સંભવ છે. એટલે વડીલોએ એ સુરક્ષિત છે એવું ભાન કરાવવું જોઈએ. એને વડીલની છાયા ને રક્ષણની જરૂર છે. પરંતુ એ બંને વસ્તુઓ એને સશકત બનાવવા માટે છે, અશકત બનાવવા માટે નહિ,—એનું બાસ ધ્યાન ને ભાન આપણે રાખવું આવશ્યક છે.

શ્રી૦ જુગતરામભાઈનું વ્યાખ્યાન

બાલાશિક્ષણની કલા ને શાસ્ત્ર આપણે પુસ્તકોને બદલે માતાઓ પાસેથી શીખવાં જોઈએ, પરંતુ આજે આપણું વર્તન એથી ઊલટું છે. બાળક રમતું કૂદતું મોટું થાય, ને તેને ખવડાવી, પીવડાવી શાળામાં ધકેલવું એટલેથી જ બાળક પ્રત્યેની માતાની કે વાલીની ફરજ પૂરી થતી નથી. માતાએ તો બાળકના વિષયમાં ખૂબ ઊંડા ઊતરવાની જરૂર છે. બાળકને અપાતા ખોરાકની બાબતમાં પણ એણે કાળજી રાખવી જોઈએ; અને એ બાબતમાં આહાર ને આરોગ્યશાસ્ત્ર તેમજ કરકસરની દૃષ્ટિએ વિચાર થવો જોઈએ. બાળકો અંગેના સર્વ પ્રશ્નોના ઉકેલ માટે માતાઓ અને બહેનોએ ભેગાં મળીને તેનો નિકાલ પાડવો જોઈએ. તેમણે બાળકો કુદરતી રીતે કેવી રીતે વિકાસ સાધી શકે તેની શોધખોળ કરવી જોઈએ.

બાળક જગાની મોકળાશ ચાહે છે. શહેરમાં વસતાં બાળકોનો વિચાર હું કરું છું ત્યારે કંપી ઊઠું છું. એમને ખોબા જેટલા ઘરમાં વસવું પડે છે. શહેરી ઘરો બાળઉછેરને લાયક નથી. બાળકને હરવા ફરવા માટે જે વિશાળ જગા જરૂરી છે તેને શહેરમાં સ્થાન નથી અને તેમને ઘરમાંથી નીકળી ગટરમાં રમવું પડે છે. અને આ વાતાવરણની અસર તેમના જીવન ઉપર થાય એ સ્વાભાવિક છે. એના કુદરતી વિકાસ માટે પૂરતી હવા, પ્રકાશ, સાત્ત્વિક ખોરાક ને જગાની મોકળાશ બસૂસ આવશ્યક છે એ દૃષ્ટિએ માબાપોએ વિચાર કરવો જોઈએ.

શહેરી બાળક કૃત્રિમ બંધનમાં ઉછરે છે. બહીં બાળકને બિનજરૂરી કપડાં ને ઘરેણાંથી શણગારવામાં આવે છે; તેમજ સભ્યતા કે સુધારાને નામે અનેક બંધનો લાદવામાં આવે છે અને પરિણામે બાળકનો કુદરતી વિકાસ અવરોધાય છે.

બાળક રમકડાં નહિ પણ કામ ઇચ્છે છે. એને રમકડાંની જરૂર નથી, પરંતુ કામની જરૂર છે. આપણે રમકડાંના ગુણધર્મની પરવા કર્યા વિના તે બાળકના હાથમાં મૂકીએ છીએ, ને ક્રિયાશીલ તેમજ સ્વયંપ્રયોગો ને સ્વાનુભવ દ્વારા નવી નવી શોધો કરવાની નૈસર્ગિકવૃત્તિવાળા બાળક પાસે એ રમકડું ભાંગી ન જાય, તૂટી ન જાય કે બગડી ન જાય એ માટે સતત ધ્યાન રાખતાં રહીએ છીએ, ને રમકડાંને સુરક્ષિત રાખવાનો પ્રયત્ન કરતાં બાળકના વિકાસને થંભાવી દઈએ છીએ. રમકડાંને બદલે બાળકને ઘરમાં ઝાડું કાઢવું, પાણી ભરવું, કપડાં ધોવાં, તેની ઘડી વાળવી, વાસણ માંજવાં, તેને ગોઠવવાં—જેવાં કામો આપવાં જોઈએ; અને એવી વ્યવસ્થા ઘરમાં ને શાળામાં થાય તો જ બાળકને સાચી કેળવણી સાંપડી શકે એમ છે.

બાળમંદિરો માટે સાધનો

બાળમંદિર માટે સાધનો ખરીદતાં પહેલાં અમારું સૂચિપત્ર મગાવો.

દરેક સાધનો શાસ્ત્રીય પદ્ધતિથી બનાવવામાં આવે છે અને તે બધાં નિષ્ણાતોની દેખરેખ નીચે તૈયાર કરવામાં આવે છે.

સૂચિપત્રમાં જણાવેલ ભાવ ઉપર બાળમંદિરોને જ ૬ ૧/૪ ટકા કમિશન આપવામાં આવે છે.

તમારી જરૂરિયાત માટે લખો :

બનાવનાર : **નૂતન શિક્ષણ સાધનાલય** એન્ડ **આર્ટ વર્કર્સ લિમિટેડ**

વઢવાણ કેમ્પ (કાઠિયાવાડ).

ગોંડળની બાલવાડી

ત્રણથી છ વર્ષનો કાળ માનવજીવનનો પાયાનો કાળ છે. માનવીના ઘડતર માટે એ સમય સર્વોત્તમ છે. માણસ આખી જીંદગીમાં જેટલું નથી મેળવી શકતો તેટલું, સંસ્કારદૃષ્ટિએ, આ બાલ્યકાળ દરમિયાન માનવજીવ પ્રાપ્ત કરે છે એ સિદ્ધાંત ડૉ૦ મૉન્ટેસોરીએ પ્રસ્થાપિત કર્યો ત્યાર પછી એ ઉંમરનાં બાળકો તરફ શિક્ષણશાસ્ત્રીઓની નજર ગઇ. ધીમે ધીમે સમાજના ઘડવૈયા પણ એ વય તરફ જોતા થયા.

ગુજરાતમાં બાળકોના બેલી સ્વ૦ ગિજુભાઇએ બાલ-શિક્ષણની ગુલબાંગ પોકારી અને તેને માટે એક સારી એવી ફોજ ઊભી કરી. ત્યાર પછી એ વસ્તુને ઠીક ઠીક વેગ મળ્યો. પરંતુ મૉન્ટેસોરી સાધનોથી સમૃદ્ધ, એ સાધ-નોનો શાસ્ત્રીય ઉપયોગ જાણનારાં શિક્ષક ભાઇ બહેનોની તાણ જણાવા લાગી. જેમ જેમ બાલ્યકાળની તાલી-મની આવશ્યકતા સમાજ સમજતો ગયો તેમ તેમ એ તાણ વધારે ને વધારે પડવા લાગી.

લગભગ બે વર્ષ પહેલાં આ તાણને પહોંચી વળવા નૂતન બાલશિક્ષણ સંઘનાં પ્રધાનમંત્રી શ્રી૦ તારાબેન મોડકે બાલવાડીની એક વિસ્તૃત યોજના પ્રગટ કરી અને તેની તાલીમ માટે અખિલ ભારતીય શિક્ષાકેન્દ્ર બોરડીમાં શરૂ કર્યું. શાસ્ત્રીય પદ્ધતિથી ચાલતાં બાલમંદિરો ઠેર ઠેર જલદી ન થઇ શકે પણ બાલવાડીઓ તો ગામે ગામ, મોટાં શહેરોમાં લત્તે લત્તે શરૂ કરી શકાય અને એમ કરીને ભાવિ પેઢીને તૈયાર કરવાની એક મોટી જરૂરિયાત પૂરી પાડી શકાય.

બાલવાડીનો પવન આ બે વર્ષમાં હિંદભરમાં પસરી ગયો છે. હજી જે કે છૂટક છૂટક પ્રયાસો શરૂ થયા છે છતાં, એને માટેની હવા ઊભી થઇ છે અને એ તરફ સમાજના અગ્રણીઓનું, રાજકર્તાઓનું અને શિક્ષકોનું લક્ષ ગયું છે. માબાપો પણ એની જરૂરિયાત સમ-જતાં થયાં છે.

અમારાં કાઠિયાવાડના નિરીક્ષણપ્રવાસમાં અમે ગોંડળમાં એવી જ એક બાલવાડી જોઇ. ગામથી દૂર, એક બેઠા ઘાટના નાના મકાનમાં બાલવાડી ચાલે છે. મકાનની બહાર ફરતું ચોગાન છે તેમાં નાના હીંચકા છે. એક તરફ પાણીનું પીપ અને હાથપગ ધોવાની ચોકડી કરી છે. બાળકોને લાવવામૂકવા માટે એક બળદનો એકો આપ્યો છે. બાલવાડીના સંચાલક અને સ્થાપક શ્રી૦ બચુભાઇ આચાર્ય ગોંડળના રાજ્યગુરુ માંહેના એક છે. રાષ્ટ્રીય વિચારના શુદ્ધ ખાદીધારી યુવાન છે. ખાદીભંડાર, પુસ્તકાલય વગેરે પ્રવૃત્તિ તેઓ કરે છે. તેમનાં પત્ની અને બાળકો બાલવાડી ચલાવે છે. સોળ વર્ષનો તેમનો પુત્ર ક્રાંતિ અને ચૌદ વર્ષની પુત્રી ભારતી ભાવનગરના સંસ્કારવર્ગમાં ગયા મે માસમાં શ્રી૦ તારાબેન પાસે આવેલા ત્યારે એ બન્ને સુકુમાર બાળકોનો બાલપ્રેમ, ઉત્સાહ અને રાષ્ટ્રભાવ જોઇ તેમને આનંદ થયેલો. શ્રી૦ બચુભાઇ, ક્રાંતિ અથવા નાની ભારતી ત્રણમાંથી ગમે તે એક એકો જોડીને બાળકોને તેડવા જાય છે. ટોકરાનો મીઠો રણકાર સાંભળતાં જ બાળકો ઘરમાંથી બહાર દોડી આવે છે. લત્તે લત્તે ફરીને સાઠેક જેટલાં બાળકો બે ફેરા કરીને તેઓ લઇ આવે છે. હાથપગ ધોવા, વાળ, નખ, દાંત, આંખ અને કપડાંની સ્વચ્છતા તપાસવી ને સંભાળવી, ગીત ગાવાં, વાર્તા કહેવી, બંગલા વગેરેની-રૂમતો રમવી, હીંચકવું આટલી પ્રવૃત્તિ એ નાનકડા મકાનમાં થાય છે. પણ તેમની બાલવાડીનું સૌથી મોટું આકર્ષણ તો બાજુમાં આવેલો કૈલાસબાગ છે. શ્રી૦ બચુભાઇએ અમને કહ્યું કે આ મકાન નાનું પડે છે, અગવડભરેલું છે, છતાં ખુલ્લાં હવાપાણી ઉપરાંત મુખ્ય આકર્ષણ આ કૈલાસબાગ છે. અમારી બાલવાડી ત્યાં જ ચાલે છે. શિયાળામાં સહેજ તડકો આવે તેવી જગ્યાએ અમે બેસીએ છીએ; ઉનાળામાં ઘટાદાર વૃક્ષો નીચે બેસીએ છીએ. કૈલાસબાગ એ સદ્‌ગત મહારાજા ભગવતસિંહજીની કલાપ્રિયતાનો નમૂનો છે. મકાનો, રસ્તા અને બાગના શોખીન એ મહારાજાએ કૈલાસબાગને ખૂબ સમૃદ્ધ કરેલો છે. બાળકો સાથે અમે બગીચામાં ગયા ત્યારે જોયું કે એ બાગમાં પક્ષીઓ; પશુઓ, જંતુઓ અને વનસ્પતિ દરેકનો પ્રત્યક્ષ પરિચય બાળકોને કુદરતી વાતાવરણ વચ્ચે મળે છે. શહેરના બાંધયાર વાતાવરણમાં નાનાં કુમળાં બાળકોને પાંચછ કલાક માટે આવે સ્થળે લાવીને આ જાતની વિકાસની તક ઊભી કરવાનું દરેક શહેરમાં ને ગામડાંમાં શકય છે. આજે આ બાલવાડીને રાજ્ય સંપૂર્ણ આર્થિક મદદ કરે છે. પરંતુ બાલવાડીને ખીલવનાર મૂળ વસ્તુ તો શ્રી૦ બચુભાઇનુ આખું કુટુંબ એકસરખી ભાવ-નાથી એની પાછળ રોકાયું છે તે છે. ફકત એક જ માણસની સદ્‌ભાવના કેટલું સુંદર કામ કરી શકે છે તેનો આ નમૂનો છે.

ગોંડળની બાલવાડી, તેના માળી અને માળીના બાલપ્રેમી મદદનીશો જોઇ અમને ખરેખર આનંદ થયો, અને આવી બાલવાડીઓ ઠેર ઠેર થાય તો બાલશિક્ષણના કાર્યને ઘણો વેગ મળે એમ લાગ્યું.

પૈસો નહિ પણ સદ્‌ભાવના જ સત્કાર્યનું બીજ છે એ વસ્તુ અમે ત્યાં નજરે જોઇ.

૨૧૦

બાએ ના કેમ પાડી?

કિશોર અને અરુણા જ્યારે ત્યારે સાથે જ જોવામાં આવે. કિશોર હશે ૧૦ વર્ષનો જ્યારે અરુણા લગભગ નવની. બને પાડોશી. સાથે રમતાં હોય. ક્યાં યે બેઠા હોય તો ય સાથે. જાણે એક જ માબાપના છોકરાં ન હોય! કિશોરને અરુણા વિના ને ચાલે અને અરુણાને કિશોર વિના. આમ દિવસો મઝેથી પસાર કરે.

ગમ્મતમાં ને ગમ્મતમાં સમય નીકળતો ગયો અને દિવસ થયો; દિવસ નીકળતા મહિનો થયો. મહિનો જતાં વર્ષ આમ કિશોર થયો બારનો અને અરુણા થઇ દશની.

એક દિવસ અરુણાની અને કિશોરની બા વાતે વળગ્યાં. વાતમાં ને વાતમાં અરુણાની બાએ પ્રશ્ન કર્યો કિશોરની બાને: "તમને હવે આ બાળકો સાથે રમે છે તે ઠીક લાગે છે?" જવાબ મળ્યો: "કેમ ઠીક ન લાગે. ભાઇબહેન જેવા કેટલા આનંદથી રમે છે! કજીઓ નહિ, કંકાસ નહિ, કોઇ દિવસ ફરિયાદ નહિ."

"અરે એ તો ઠીક પણ એઓની ઉંમર વધતી જાય છે તેનું શું?" અરુણાના બાએ પ્રશ્ન કર્યો અને વધુમાં ઉમેર્યું: "મને તો ઠીક નથી લાગતું. આટલાં મોટાં બાળકો એક-બીજા જોડે રમે એ ઠીક ન કહેવાય. હવે એમને રમતાં બંધ કરી દેવાં જોઇએ."

"રમતા શાને બંધ કરો? મોટી ઉંમરના ભાઇબહેન એક ઘરમાં બેસી ને વાતો નથી કરતા? એકસાથે બેસીને નથી રમતાં?" કિશોરની બા આવું આવું બોલતા હતા ત્યાં તો અરુણાના બા કહેવા લાગ્યા:

"એ તો એક જ માબાપના છોકરા. જ્યારે આ તો મારા અને તમારાં."

"મારાતમારાં તેથી શું થઇ ગયું? એ બીચારાને હજી ભાન પણ નથી કોઇ જાતનું. મને તો રમતાં, વાત કરતાં બંધ થાય એ ન ગમે અને તમે જો ના પાડશો તો બાળકની જાત.—ના કહીએ તે પહેલું કરે. સામા પ્રશ્ન પૂછશે: "શેને ના પાડો છો? સાથે રમીએબેસીએ તેથી શું થઇ ગયું!" આમ જે વસ્તુ તેઓ નથી જાણતા, જે વસ્તુનો તેઓનાં ભેજાંમાં ખ્યાલ નથી, તેનો ખ્યાલ આવશે."

હવે અરુણાની બાથી ન રહેવાયું. સામેથી દલીલો થવા લાગી ત્યારે બીજો મુદ્દો ઉપાડ્યો. કહે: "જુઓ, તમારે તો કિશોર છોકરો છે, જ્યારે મારે તો અરુણા છોકરી છે. છોકરાના માબાપને છોકરો ગમે તેમ હરે ફરે તે પાલવે, પણ છોકરીના માબાપને ન પાલવે. હું તો આજે અરુણા ઘરમાં આવશે એટલે તરત જ કહી દઇશ કે કિશોર જોડે તારે રમવું નહિ."

કિશોરની બાએ ફરીને કહ્યું: "મનાઇ કરવાની ઇચ્છા બેવડાશે: ના કહીશું તે પહેલાં કરશે અને ન કરવાનું કરી બેસશે."

કિશોર અને અરુણા હસતાંકૂદતાં સામેથી આવતાં જણાયાં. તરત જ અરુણાના બા બોલ્યા: "આ શું સારુ લાગે છે? જોતાં ય ઠીક ન લાગે!" અને જ્યાં કિશોર અને અરુણા ઘરનો ઓટલો ચઢે ત્યાં જ અરુણાના બાએ સંભળાવ્યું: "અરુણા, આજથી તારે કિશોર જોડે રમવાનું નથી!" બીચારાં બંને બાળકો સાંભળી રહ્યાં અને એકમેકને પૂછવા લાગ્યાં: "બાએ ના કેમ પાડી?"

ત્र्यંબક વિદ્યામંદિર: નાસિક — વસંત દેસાઇ

ખાસ અંક મોકૂફ રહ્યો

પત્રિકાના પાછળના અંકમાં જાહેર કર્યા મુજબ જાન્યુઆરી ૧૯૪૮ નો અંક ખાસ અંક તરીકે પ્રગટ કરવાનું જાહેર કરવામાં આવ્યું હતું પણ અનિવાર્ય સંજોગોને લઇને જાન્યુઆરીનો આ અંક ખાસ અંક તરીકે પ્રગટ કરવાનો વિચાર હાલ મોકૂફ રાખવો પડ્યો છે.

'શિક્ષણપત્રિકા'નો

બાલવિભાગ

વર્ષ પહેલું : અંક બારમો : ડિસેમ્બર, ૧૯૪૭

ગોવાળિયા થાવું



નાના ગોવાળિયા થાવું છે,
ભાઇ મારે નાના ગોવાળિયા થાવું!
કાળી ધોળી વાછડી ને
કાળી ધોળી ગાવડી
તેને લઇને મારે ચારવા જાવું છે
ભાઇ મારે નાના ગોવાળિયા થાવું!
ઊંચા ઊંચા ટેકરા ને
નદીઓ ઓળંગતાં
દિ' બધો ધણને ચરાવું
ભાઇ મારે નાના ગોવાળિયા થાવું!
ઊંચા વડલાની
ઊંચી વડવાઇએ
બેસીને પાવો વગાડું
એ ભાઇ મારે નાના ગોવાળિયા થાવું!

રોટલાનું બટકું ને
દહીં કેરું દડબું
બપોરા થાતાં ખાવું
ભાઇ મારે નાના ગોવાળિયા થાવું!
આથમવા જાય એ
સૂરજની સાથે ગાયો લઇ ઘેર મારે જાવું
ભાઇ મારે નાના ગોવાળિયા થાવું!
બાજરાના રોટલા ને
ગાયોના દૂધનું
વાળું કરી ઊંઘી મારે જાવું
ભાઇ મારે નાના ગોવાળિયા થાવું!

કાંતિલાલ પાઠક

લોભીઓ

એક લોભીઓ હતો. તેની પાસે ઘણું બધું ધન હતું. તેને થયું: આટલું બધું ધન કયાં સાચવું? એણે સોનાનો એક દીવો ખરીદ્યો. તેને જંગલમાં એક ઝાડ નીચે સંતાડ્યો. રોજ લોભીઓ જંગલમાં જાય અને દીવો કાઢીને જુએ અને પાછો દાટી દે.

કોઇ એક માણસને વહેમ પડ્યો કે આ લોભીઓ રોજ જંગલમાં શું કામ જતો હશે? તે છાનોમાનો લોભીઆ પાછળ ગયો. તેણે દૂરથી જોયું કે લોભીઓ સંતાડેલા દીવાને કાઢીને જુએ છે ને પાછો દાટી દે છે. લોભીઓ ઘેર ગયો એટલે પેલા માણસે દટેલો દીવો કાઢ્યો અને ઘરભેગો કર્યો.

બીજે દિવસે જ્યારે લોભીઓ જંગલમાં ગયો ને જોયું ત્યારે દીવો ન મળે. લોભીઓ છાતી કૂટતો રડવા લાગ્યો. રસ્તે જતા એક માણસે પૂછ્યું કે, "ભાઇ, કેમ રડે છે?" ત્યારે તેણે કહ્યું કે, "મારો સોનાનો દીવો કોઇ લઇ ગયું." ત્યારે પેલા માણસે કહ્યું: "દીવાને બદલે અહીં એક પથ્થર દાટી મૂક. રોજ આવીને તે જોજે અને રાજી થજે; કારણ કે તું તારું ધન કાંઇ વાપરતો ન હતો. તારે માટે તો ધન કે પથ્થર બધું સરખું જ છે."


લોભીઓ સમજી ગયો ને ધન વાપર્યું નહિ પણ દાટી રાખ્યું તે માટે પસ્તાવા લાગ્યો.

ઓંધાગ્રેન

બપોરના બાર વાગે



બપોરના બાર વાગે
મારો કુત્તો મોતી નામે
ભસી ભસીને થાકી જતાં–
ઊંઘણશી આરામ લે
હોલ્લો બોલે ઘૂઘડુ ઘૂ!



બપોરના બાર વાગે
ગાયોનાં ધણ નદીએ જાય
ત્યાં બેસી આરામ લે
ગોવાળની બંસી સાંભળે,
હોલ્લો બોલે ઘૂઘડુ ઘૂ!



બપોરના બાર વાગે
હું તો મારે ઘેર રહીને
બેઠો બેઠો ગીત લખું ત્યાં–
હોલ્લો બોલે ઘૂઘડુ ઘૂ!

ચંદુલાલ ના૦ પાઠક



કાકાને માથું હતું કે નહિ?

સાંજની સહેલગાહ કરતી ગામડિયાઓની એક ટોળી નદીકિનારે આવીને બેઠી.

નદીએ ગાયો, ભેંસો અને બીજાં ઢોરો પાણી પીતાં હતાં.

અચાનક કાંઈક થયું ને બધાં ઢોર ભડકયાં અને ફાવે તેમ દોડવા લાગ્યાં.

એક ગામડિયે કહ્યું: "કેવી વાત છે! ગાય ભડકે, ભેંસ ભડકે, ઘોડા ભડકે ને આપણે જ ન ભડકીએ! આપણે શું કામ ન ભડકીએ? બસ, આપણે ય ભડકીએ."

બીજો કહે: "બરાબર છે, બરાબર છે; આપણેય ભડકવું જોઈએ. આપણે શું કામ ન ભડકીએ?"

ત્રીજો કહે: "ત્યારે કરો નકકી. એક દિવસ બધાએ મળીને ભડકવું!"

ચોથો કહે: "પૂનમની રાતે બરાબર માથે ચાંદો આવે ત્યારે આપણે સૌએ નદીએ ભડકવા આવવું. બોલો, છે કબૂલ?"

સા બોલી ઊઠયા: "કબૂલ, કબૂલ, કબૂલ!"

પૂનમનો દિવસ આવ્યો. સાંજ પડી ને ચંદ્ર ઊગ્યો. ગામડિયાઓની ટોળી ભડકવા માટે ચાલી નીકળી.

સા નદીએ આવ્યા. કપડાં ઉતારીને કચ્છ વાળ્યાં.

એક કહે: "પણ કપડાં કયાં મૂકીશું?"

બીજો કહે: "કયાં શું? આ ચાંદની નીચેજ મૂકોને—એટલે બોળવા જ ન પડે. ચાંદાનુ નિશાન! કપડાં જોઇતાં હોય ત્યારે ચાંદાની નીચે જોવું."

ત્રીજો કહે: "હા ભલ્યા, એ બહુ મજાનું!"

એમ કહી બધાએ કપડાં ભેળાં કરી ચાંદા નીચે મૂકયાં. અને પછી માંડયું સૌએ ભડકવા. જાણે માતેલા આખલા જોઇ લ્યો!

કોઇ આમ માથું કરે તો કોઇ તેમ કરે; કોઇ હાથ તરછોડે તો કોઇ પગ પછાડે; કોઇ કૂદકા મારે તો કોઇ દોટ મૂકે. જેને જેમ ફાવ્યું તેમ માંડયું સૌએ કરવા.

એમ એકાદ કલાક સુધી સૌ ભડકયા અને ભડકતાં ભડકતાં બેચાર ગાઉ નીકળી ગયા. થાકયા એટલે ભડકવું બંધ કર્યું ને માંડયા કપડાં શોધવા. પણ કપડાં કયાં? ચાંદો તો માથે જ હતો પણ કપડાં ચાંદા નીચે ન હતાં! ચારે કોર ગોતાગોત

લોભીઓ

એક લોભીઓ હતો. તેની પાસે ઘણું બધું ધન હતું. તેને થયું: આટલું બધું ધન કયાં સાચવું? એણે સોનાનો એક દીવો ખરીદ્યો. તેને જંગલમાં એક ઝાડ નીચે સંતાડ્યો. રોજ લોભીઓ જંગલમાં જાય અને દીવો કાઢીને જુએ અને પાછો દાટી દે.

કોઇ એક માણસને વહેમ પડ્યો કે આ લોભીઓ રોજ જંગલમાં શું કામ જતો હશે? તે છાનોમાનો લોભીઆ પાછળ ગયો. તેણે દૂરથી જોયું કે લોભીઓ સંતાડેલા દીવાને કાઢીને જુએ છે ને પાછો દાટી દે છે. લોભીઓ ઘેર ગયો એટલે પેલા માણસે દટેલો દીવો કાઢ્યો અને ઘરભેગો કર્યો.

બીજે દિવસે જ્યારે લોભીઓ જંગલમાં ગયો ને જોયું ત્યારે દીવો ન મળે. લોભીઓ છાતી કૂટતો રડવા લાગ્યો. રસ્તે જતા એક માણસે પૂછ્યું કે, "ભાઇ, કેમ રડે છે?" ત્યારે તેણે કહ્યું કે, "મારો સોનાનો દીવો કોઇ લઇ ગયું." ત્યારે પેલા માણસે કહ્યું: "દીવાને બદલે અહીં એક પથ્થરો દાટી મૂક. રોજ આવીને તે જોજે અને રાજી થજે; કારણ કે તું તારું ધન કાંઇ વાપરતો ન હતો. તારે માટે તો ધન કે પથ્થર બધું સરખું જ છે."


લોભીઓ સમજી ગયો ને ધન વાપર્યું નહિ પણ દાટી રાખ્યું તે માટે પસ્તાવા લાગ્યો.

ગાંધીયન

બપોરના બાર વાગે



બપોરના બાર વાગે
મારો કુત્તો મોતી નામે
ભસી ભસીને થાકી જાતાં–
ઊંઘણશી આરામ લે
હોલો બોલે ઘૂઘડુ ઘૂ!



બપોરના બાર વાગે
ગાયોનાં ધણ નદીએ જાય
ત્યાં બેસી આરામ લે
ગોવાળની બંસી સાંભળે,
હોલો બોલે ઘૂઘડુ ઘૂ!



બપોરના બાર વાગે
હું તો મારે ઘેર રહીને
બેઠો બેઠો ગીત લખું ત્યાં–
હોલો બોલે ઘૂઘડુ ઘૂ!

ચંદુલાલ ના૦ પાઠક



કાકાને આથું હતું કે નહિ?

સાંજની સહેલગાહ કરતી ગામડિયાઓની એક ટોળી નદીકિનારે આવીને બેઠી.

નદીએ ગાયો, ભેંસો અને બીજાં ઢોરો પાણી પીતાં હતાં.

અચાનક કાંઈક થયું ને બધાં ઢોર ભડકયાં અને ફાવે તેમ દોડવા લાગ્યાં.

એક ગામડિયે કહ્યું: "કેવી વાત છે! ગાય ભડકે, ભેંસ ભડકે, ઘોડા ભડકે ને આપણે જ ન ભડકીએ! આપણે શું કામ ન ભડકીએ? બસ, આપણે ય ભડકીએ."

બીજો કહે: "બરાબર છે, બરાબર છે; આપણેય ભડકવું જોઈએ. આપણે શું કામ ન ભડકીએ?"

ત્રીજો કહે: "ત્યારે કરો નક્કી. એક દિવસ બધાએ મળીને ભડકવું!"

ચોથો કહે: "પૂનમની રાતે બરાબર માથે ચાંદો આવે ત્યારે આપણે સૌએ નદીએ ભડકવા આવવું. બોલો, છે કબૂલ?"

સૌ બોલી ઊઠયા: "કબૂલ, કબૂલ, કબૂલ!"

પૂનમનો દિવસ આવ્યો. સાંજ પડી ને ચંદ્ર ઊગ્યો. ગામડિયાઓની ટોળી ભડકવા માટે ચાલી નીકળી.

સૌ નદીએ આવ્યા. કપડાં ઉતારીને કચ્છ વાળ્યાં.

એક કહે: "પણ કપડાં ક્યાં મૂકીશું?"

બીજો કહે: "ક્યાં શું? આ ચાંદની નીચેજ મૂકોને—એટલે બોળવા જ ન પડે. ચાંદાનું નિશાન! કપડાં જોઈતાં હોય ત્યારે ચાંદાની નીચે જોવું."

ત્રીજો કહે: "હા ભલ્યા, એ બહુ મજાનું!"

એમ કહી બધાએ કપડાં ભેળાં કરી ચાંદા નીચે મૂકયાં. અને પછી માંડયું સૌએ ભડકવા. જાણે માતેલા આખલા જોઈ લ્યો!

કોઈ આમ માથું કરે તો કોઈ તેમ કરે; કોઈ હાથ તરછોડે તો કોઈ પગ પછાડે; કોઈ કૂદકા મારે તો કોઈ દોટ મૂકે. જેને જેમ ફાવ્યું તેમ માંડયું સૌએ કરવા.

એમ એકાદ કલાક સુધી સૌ ભડકયા અને ભડકતાં ભડકતાં બેચાર ગાઉ નીકળી ગયા. થાકયા એટલે ભડકવું બંધ કર્યું ને માંડયા કપડાં શોધવા. પણ કપડાં ક્યાં? ચાંદો તો માથે જ હતો પણ કપડાં ચાંદા નીચે ન હતાં! ચારે કોર ગોતાગોત

થઇ રહી. ગોતતા ગોતતા એક કૂવો આવ્યો.

એકે કૂવામાં જોયું. કૂવામાં ચંદ્રનું પ્રતિબિમ્બ દેખાયું. તે બોલી ઊઠયો: "જોયું, આ ચાંદો કપડાં લઇ કૂવામાં ભરાયો છે!"

બધા કહે: "વાત તો સાચી. ચાંદા સાથે હવે આપણે લડાઇ કરવી પડશે. પણ કૂવામાં લડાઇ કરવા કોણ જશે?"

ટોળીમાં એક વૃદ્ધ કાકા હતા. સૌએ એમને મોકલવાનું નક્કી કર્યું. કાકાને પગે દોરડું બાંધી ઊંધે માથે નાખ્યા કૂવામાં અને પછી માંડયા ડબોળવા!

કૂવાનું પાણી ઉપરતળે થવા લાગ્યું અને સાથોસાથ ચંદ્રનું પ્રતિબિમ્બ પણ હાલકડોલક થવા લાગ્યું.

એકે કહ્યું: "જોયું ને, કાકાને ચાંદા સાથે બરાબર લડાઇ જામી છે. હમણાં જ કાકા કપડાં લઇને પાછા આવ્યા દેખો!"

થોડી વાર કૂવાનું પાણી ડબોળ્યા પછી દોરડું ખેંચ્યું, પણ કાકાનું માથું લેબડમાં ભરાઇ ગયેલું એટલે દોરડું ખેંચાય નહિ.

બધા કહે: "એલા, આ તો ચાંદાએ કાકાને પકડી રાખ્યા છે, પણ આપણે કાંઇ એમ કાકાને પકડાવા દઇશું? ખેંચો,—મારો બાપો કરુ. બધા જોર કરો એટલે હમણાં કાકા બહાર આવશે. એકલા ચાંદાનું તે બીચારાનું કેટલું ગજું?"

હતું એટલું બધું જોર કરી બધાએ માંડયું દોરડાને ખેંચવા.

કેટલીયે મહેનત પછી કાકાનું માથા વિનાનું ધડ ઉપર આવ્યું, માથું લેબડમાં ભરાઇ રહ્યું.

સૌ એક બીજા સામે અજાયબ બની જોઇ રહ્યા.

એક કહે: "એલા, કાકાને માથું હતું કે નહિ?"

બીજો કહે: "કોણ જાણે ભાઇ, આપણને કાંઇ બબર નથી! કદાચ ન યે હોય!"


ત્રીજો કહે: "એમ શંકામાં રહેવા કરતાં ચાલો ને કાકીને જ પૂછી જોઇએ, કે અમારા કાકાને માથું હતું કે નહિ?"

ચોથો કહે: "હા માળું હો, એ બરાબર છે, ચાલો કાકી પાસે!"

બધા કાકી પાસે આવ્યા ને પૂછ્યું: "હેં કાકી, અમારા કાકાને માથું હતું કે નહિ?"

કાકીએ થોડી વાર ગંભીર વિચાર કરી માથું ખંજવાળતાં કહ્યું: "કોણ જાણે, માથું હતું કે નહિ એની મને બબર નથી, પણ તમારા કાકા બાતા ત્યારે કંઇક બચક બચક બોલતું તો ખરું!"

ગાંધીબેન



સંપાદકીય નોંધ

કિલ્લોલ બાળકમંદિર પાટણ

દેશની રાજકીય ક્રાંતિ-સત્તાની ફેરબદલી માટેનો એક તબક્કો પૂરો થયો છે. અને આઝાદીને સાચા અર્થમાં શોભાવવી હોય તો સામાજિક અને આર્થિક ક્રાંતિ આવશ્યક છે અને એ માટેનો સાચો માર્ગ એટલે પૂ૦ બાપુજીનાં રચનાત્મક કાર્યોને જીવનમાં અપનાવવા અને યોગ્ય રીતે વેગ આપવો એ સ્પષ્ટ સમજણ સાથે કિલ્લોલ બાળકમંદિર તરફથી ગાંધીજયન્તી ઊજવવા જાગૃત પ્રયત્ન થાય છે.

ગયા વર્ષે ગાંધીજયન્તી પ્રસંગે મોતીશા દરવાજે આવેલ હરિજનવાસમાં એક બાલવાડી પ્રાયોગિક દૃષ્ટિએ શરૂ કરવામાં આવી હતી, જેને ત્યાર પછી કાયમ ચાલુ રાખવાનું નક્કી થતાં એનું ઉદ્‌ઘાટન મુનિ શ્રી૦ સંતબાલજીના શુભ હસ્તે ગયા ફેબ્રુઆરીમાં કરવામાં આવ્યું હતું. બાલવાડી નામ પરથી તો સામાન્ય ખ્યાલ એ આવે કે એની પ્રવૃત્તિ ફક્ત બાળકો પૂરતી મર્યાદિત હશે. પણ સાચી રીતે તો એ વિભાગના હરિજન ભાઈઓના સર્વાંગી વિકાસ માટે બાલવાડી પ્રવૃત્તિ કરે છે અને એની વિવિધ પ્રવૃત્તિઓમાં હાલ નીચે પ્રમાણે કામ ચાલે છે:

(૧) સંસ્કારપ્રવૃત્તિ: સંગીત અને વાર્તા તથા વાતચિત દ્વારા, (૨) સ્વચ્છતાપ્રવૃત્તિ: ઘર અને લત્તાની સફાઇ, (૩) ઉદ્યોગપ્રવૃત્તિ : કાંતણ અને માટીકામ, (૪) નાગરિકત્વના વિકાસ માટે સેવાદળપ્રવૃત્તિ, (૫) પ્રૌઢ શિક્ષણ, (૬) આષધાલય દ્વારા વૈદકીય રાહત, (૭) જાહેર તહેવારોની ઊજવણી, (૮) આંતરિક અને સામાજિક પ્રશ્નોમાં દોરવણી, (૯) ધંધામાં પડતી મુશ્કેલીઓમાં મદદ, (૧૦) જાણીતી વ્યકિતનાં વ્યાખ્યાનો ગોઠવવા, (૧૧) નાગરિક તરીકેના હકકો માટે તથા જીવનની જરૂરીઆતો માટે પડતી મુશ્કેલીઓ દૂર કરવામાં મદદ.

આ અને આવા પ્રકારનાં કાર્યો દ્વારા બાલવાડી એ લત્તાના હરિજન ભાઇબહેનોમાં સર્વાંગી વિકાસ માટે પ્રયત્ન કરે છે. એક વર્ષમાં એણે સારી પ્રગતિ સાધી જનતાની અભિમુખતા જગાવી છે.

પૂના યુનિવર્સિટી

મુંબઇ ધારાસભાની આ બેઠકમાં બીજું શિક્ષણ વિષયક મહત્ત્વનું બિલ આવ્યું તે પૂના યુનિવર્સિટીનું હતું.

આપણાં પછાત દેશને આગળ લાવવા માટે જેમ નિરક્ષરતા દૂર કરવી, પ્રૌઢ શિક્ષણનો પ્રચાર કરવો અને પ્રાથમિક શિક્ષણ સાર્વત્રિક કરવું આવશ્યક છે, તેટલું જ આવશ્યક આપણું ઉચ્ચ શિક્ષણ સુધારવું તે છે એ કોઇ પણ વિચારક કબૂલ કરશે જ. ઉચ્ચ શિક્ષણ બહુ જ થોડા માણસો લેતા હોય છે એ વાત સાચી. તો પણ તેટલા થોડા લોકો પણ જગતના જ્ઞાનનાં ઝરણાંને છેડે પહોંચી જાય કે જ્ઞાનના ઊંચામાં ઊંચા શિખરે પહોંચે એ જરૂરનું છે. કારણ, બધાં નહિ તો થોડાઓ તો જ્ઞાનના પ્રકાશમાં રહીને સામાન્ય જનતાને માર્ગદર્શક બને તે જરૂરનું છે. આપણા શ્રી૦ રાધાકૃષ્ણન્ ને શ્રી૦ રમણ, આપણા શ્રી૦ રવીન્દ્રનાથ ને શ્રી૦ જગદીશચંદ્રને લીધે જ, આપણો મોટો ભાગ અજ્ઞાનમાં છતાં યે, આપણે દુનિયાના વિદ્વાનોની હારમાં બેસી શકયાં છીએ. આપણા વિદ્વાનો ને જ્ઞાનસંપન્ન એવા હજારો ભણેલા લોકોને લીધે જ દુનિયાની અને આપણી પોતાની પ્રગતિની વાતો આપણે વિચારી શકીએ છીએ, યોજના ઘડી શકીએ છીએ. એટલે વિદ્યાપીઠો સ્થાપવાની વાત આપણી એકંદર પ્રગતિની દૃષ્ટિએ અત્યંત મહત્ત્વની અને અગત્યની છે. આ વખતે પૂના વિદ્યાપીઠની સાથે એમ પણ જાહેર કરવામાં આવ્યું કે, આની પછી ગુજરાત વિદ્યાપીઠ અને કર્નાટક વિદ્યાપીઠ સ્થાપવાના તેમજ સ્ત્રીઓની વિદ્યાપીઠને સરકારી માન્યતા આપવા સંબંધેનાં બિલો પણ આવવાનાં છે.

આપણા પ્રાંતની આ પ્રગતિ ઘણી જ સંતોષકારક ગણાય. આ બિલમાં જેમ શહેરી વિદ્યાપીઠોનો વિચાર કર્યો છે તેમજ ગ્રામવિદ્યાપીઠોનો વિચાર સરકાર નજીકના જ ભવિષ્યમાં કરવા લાગશે એવી આશા છે. ગ્રામપુનર્ઘટના અને સુધારાનો પ્રશ્ન તો સરકારે પહેલા મહત્ત્વના પ્રશ્ન તરીકે હાથ ધર્યો જ છે; તેની સાથે જ, ગ્રામવિદ્યાપીઠો સ્થાપી ખેતીવાડીની કોલેજો અને શાળાઓ તેમજ આરોગ્યવર્ધન અને વૈદકની કોલેજો ને શાળાઓ બધા દેહાતી વિભાગોમાં ફેલાઇ જાય એની જરૂર છે. શહેરના લોકો જ નાહ પણ ગામડાંના લોકો પણ શહેરમાં જઇને શહેરની વિદ્યાપીઠોમાં ભણે છે અને પરિણામે ગામડામાં રહેવાનું નાપસંદ કરી શહેરોમાં રહેવા જાય છે. એ પ્રવાહને બદલીને શહેરના લોકો ગામડામાં રહેવા પ્રેરાય, ને કાંઇ નહિ તો ઓછામાં ઓછા ગામડામાં જન્મેલા ને ઉછરેલા લોકો તો ગામડામાં જ રહેવાનું પસંદ કરે એટલું તો થવું જ જોઇએ. અને દિવસે દિવસે ગામડામાં ભણેલા લોકો વધારે પ્રમાણમાં રહે એ થવાની જરૂર છે. તે માટે ગ્રામ વિદ્યાપીઠોની ખાસ જરૂર દેખાય છે.

ભાષાવાર વિદ્યાપીઠો સ્થપાય છે એટલે હવે જૂની રાષ્ટ્રિય વિદ્યાપીઠોએ—ગુજરાત વિદ્યાપીઠ અને ટિળક મહારાષ્ટ્ર વિદ્યાપીઠ—તો એ દિશામાં આપણી પ્રવૃત્તિને વાળવી આવશ્યક છે. હમેશ નવા પ્રયોગો, નવા ચીલાઓ, નવી બેડ એ વિચારક ને સાહસી એવા બાનગી પ્રયત્નોથી થઇ શકે છે. સરકારનું કામ તો સિદ્ધ થયેલી વસ્તુઓ સાર્વત્રિક કરવાનું હોય એ દૃષ્ટિએ આપણી રાષ્ટ્રીય વિદ્યાપીઠો એ દિશામાં વિચાર કરે તે ઇચ્છનીય છે.

Regd. No. B. 2241

સંઘ સમાચાર

સ્વ૦ ગિજુભાઇ–જયંતી : શિશુવિહાર દાદરમાં તા૦ ૨૨મી ને શનિવારે સવારે સ્વ૦ ગિજુભાઇ–જયંતી નિમિત્તે દાદર અને માટુંગાના બાલમંદિરનાં બાળકોનું એક સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું. તે જ દિવસે સાંજના શિશુવિહારમાં માતાઓની સભા રાખવામાં આવી હતી. શ્રી૦ તારાબેન મોડક અને શ્રી૦ શેષ નામલેએ સ્વર્ગસ્થને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

બાપુજીનો સંદેશો : મદ્રાસ ગુજરાતી બાલમંદિરમાં હાલમાં શ્રી૦ ભગવાનજી શાહ અને શ્રી૦ વિનોદિનીબેન કામ કરે છે. આ બાલમંદિરે તા૦ ૧૬મીએ સ્વ૦ ગિજુભાઇ–જયંતી પ્રસંગે બાલનાટકો, નૃત્યો વગેરેનો કાર્યક્રમ યોજ્યો હતો. પૂ૦ બાપુજીએ આ પ્રસંગે ન્યૂ દિલ્હીથી એક સંદેશો પાઠવ્યો હતો.

શાખા સ્થપાઇ : અમદાવાદનાં તમામ બાલમંદિરો તથા સ્વ૦ ગિજુભાઇના વિદ્યાર્થી ભાઇબહેનો તરફથી તા૦ ૨૦-૨૧-૨૨ નવેમ્બરના રોજ સ્વ૦ ગિજુભાઇ–જયંતીસપ્તાહ ઉત્સાહથી ઉજવાયું હતું.

તા૦ ૨૦મીના રોજ દરેક બાલમંદિરોએ પોતાને ત્યાં કાર્યક્રમ ઊજવ્યો હતો. સ્વ૦ ગિજુભાઇનો પરિચય આપ્યો હતો અને તેમનાં પ્રિય બાલગીતો ને નાટકો વગેરેનો કાર્યક્રમ યોજ્યો હતો.

તા૦ ૨૧મીના રોજ ડૉ. શ્રી૦ હરિપ્રસાદ દેસાઇના પ્રમુખપદે હંસરાજ પ્રાગજી હૉલમાં શિક્ષણપ્રેમીઓની એક જાહેર સભા મળી હતી. શ્રી૦ વજુભાઇ દવે અને શ્રી૦ કમળાશંકર પંડિતે સ્વર્ગસ્થના જીવનપ્રસંગો કહ્યા હતા. શ્રી૦ બાલુભાઇ ભટ્ટ અને શ્રી૦ જટાશંકર બાલપ્રેમીઓએ બાલમંદિરોનાં સંગઠન તથા સહકાર માટે વિવેચનો કર્યાં હતાં. અમદાવાદમાં સંઘની શાખા સ્થાપવા ઠરાવ થયો હતો.

તા૦ ૨૨મીના રોજ સ્નેહસંમેલન અને ઉજાણી શારદામંદિરમાં યોજાયા હતા, તેમાં ૭૦ જેટલા ભાઇબહેનોએ ભાગ લીધો હતો. તે દહાડે શ્રી૦ વજુભાઇ દવેના પ્રમુખપદે મળેલી સભાએ અમદાવાદમાં સંઘની શાખાની સ્થાપના કરી હતી અને ત્રણ મંત્રીઓ આ પ્રમાણે નીમ્યા હતા: શ્રી૦ બાલુભાઇ છ. ભટ્ટ, શ્રી૦ જટુભાઇ બાલપ્રેમી, શ્રી૦ છોટુભાઇ પટેલ. તેમને કાર્યવાહક મંડળ નકકી કરી લેવા સત્તા આપવામાં આવી હતી. સાંજના ઊંધિયું જમી સૌ આનંદથી વિખરાયા હતા.

બાલમેળો : ગિજુભાઇ–જયંતીસપ્તાહ પ્રસંગે બારમાં આદર્શ બાલમંદિર અને બાર બાલકન–જી–બારીના આશ્રય હેઠળ બાલમેળો મુંબઇ સરકારના પાર્લામેન્ટરી સેક્રેટરી શ્રી૦ ઇન્દુમતી ચીમનલાલ શેઠના પ્રમુખપણે ભરાયો હતો. આ પ્રસંગે પ્રદર્શન, રંજનાત્મક કાર્યક્રમ અને આનંદખબર યોજાયું હતું. આદર્શ બાલમંદિરના સંચાલકો શ્રી૦ પ્રભુભાઇ તથા બાલકન–જી–બારીના મંત્રીઓના પ્રયત્નથી આ કાર્યક્રમ સફળતાથી પાર પડ્યો હતો.

બાળકોના હકકનામાની પ્રવૃત્તિ : બાર મધ્યે લક્ષ્મીનગર હૉલમાં તા૦ ૧૬મીએ ગિજુભાઇ જયંતી સપ્તાહ અંગે સભા મળી હતી. આદર્શ બાલમંદિરના આચાર્ય શ્રી૦ ઉપાધ્યાયે સ્વ૦ ગિજુભાઇને અંજલિ આપી હતી. શ્રી૦ હમીદાબેન અને કુ૦ જેલભારતીએ ગીતો ગાયાં હતાં. પ્રમુખશ્રી દાદા સેવક ભોજરાજે સ્વ૦ ગિજુભાઇનાં સ્મરણો વર્ણવ્યાં હતાં. બાલકન–જી–બારીએ મંજૂર કરેલા બાળકોના હકકનામા મુજબ બાળકોને હકકો અપાવવા જોરસભેર પ્રવૃત્તિ આદરવાનો ઠરાવ પસાર થયો હતો.

બહેનોની સભા : જામનગરમાં બાલક્રીડામંદિરના આસરા હેઠળ સ્વ૦ ગિજુભાઇજયંતી અંગે બહેનોની એક સભા શ્રી૦ ચન્દ્રકાન્તાબેન પટેલના પ્રમુખપદે મળી હતી. આ પ્રસંગે એક પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું. બાલવિકાસને લગતી ચર્ચા બહેનોએ સભામાં કરી હતી.

નૂતન બાલશિક્ષણ સંમેલન, પૂના

નૂ૦ બા૦ શિ૦ સંઘના મરાઠી વિભાગના મંત્રી સૌ૦ કમલિનીબેન દામલેની પ્રેરણાથી પૂનામાં નૂતન બાલશિક્ષણનું એક સંમેલન થવાનું છે. તેમાં પૂર્વપ્રાથમિક ને પ્રાથમિક શિક્ષણની સંસ્થા તથા મહિલામંડળો ભાગ લેવાનાં છે. આ અખિલ મહારાષ્ટ્રનું સંમેલન ડિસેમ્બરની તા૦ ૨૭, ૨૮, ૨૯ ૧૯૪૭ ના રોજ શ્રી૦ તારાબેન મોડકના પ્રમુખપદે ભરાશે. સંમેલનનું ઉદ્ઘાટન સવારે ૯ વાગે એસ૦ પી૦ કૉલેજના હૉલમાં થશે. આ સંમેલનમાં બાલશિક્ષણના અંતરભૂત પ્રશ્નોની સપ્રયોગ વિચારણા થશે. આ પ્રસંગે બાલશિક્ષણવિષયક પ્રદર્શન અને રંજન કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. સ્વાગતમંડળમાં નીચેના હોદ્દેદારો ચૂંટવામાં આવ્યા છે :

સૌ૦ માલિનીબાઇ પરાંજપે: સ્વાગતપ્રમુખ

સૌ૦ ઇન્દિરાબાઇ ભાજેકર: શ્રી૦ વિ૦ દિ૦ જોગળેકર: સંયુકત મંત્રીઓ


સૌ૦ મંગળાબાઇ કરંદીકર: શ્રી૦ પૂ૦ વિ૦ સાને: ખજાનચીઓ

શ્રી૦ કમલિનીબાઇ દામલે : ભાષામંત્રી

સંમેલનકચેરી : બાલઅધ્યાપનમંદિર, ૬૮૯/૩, સદાશિવ પેઠ, પૂના ૨.

મુદ્રકપ્રકાશક: ગો. રા૦ કુલકર્ણી, ૧૧૭, હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪ : મુદ્રણસ્થાન: સ્ટેટસ પીપલ પ્રેસ, ૧૩૮, મેડોઝ સ્ટ્રીટ, મુંબઇ કોટ,


23000
23000


23000
शिक्षा पत्रिका
वर्ष-२८ : ४८-४७
24 MAY 1987
23000